ચોથી શ્રેણી

પુસ્તક–૬૩

તા. ૧૧મી જુલાઇ, ૨૦૧૯
આષાઢ ૨૦, ૧૯૪૧ શાકે
થી
તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯
આષાઢ ૨૪, ૧૯૪૧ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

| પુસ્તક-૬૩ | અ નુ ક્ર મ ણિ કા | ચોથી શ્રેણી |
|---|---|---|
| | **વિષય** | **પાના નંબર** |


**તા. ૧૧મી જુલાઈ, ૨૦૧૯, આષાઢ ૨૦, ૧૯૪૧ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | 1 | ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ | ૧૩૦ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૧૩૧ | ૧૩૧ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૩૧ | ૧૪૨ |
| ગુજરાત અશક્ત વ્યક્તિ (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયક -૧૭ (બિન સરકારી) | ૧૪૩ | ૧૪૮ |
| ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક-૧૮ (બિન સરકારી) | ૧૪૯ | ૧૫૩ |
| ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક-૭ (બિન સરકારી) | ૧૫૪ | ૧૫૯ |

**તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯, આષાઢ ૨૧, ૧૯૪૧ શાકે**

| | | |
|---|---|---|
| ટૂંકી મુદતનો પ્રશ્ન | ૧૬૦ | ૧૬૧ |
| તારાંકિત પ્રશ્નો | ૧૬૨ | ૧૬૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૭૦ | ૩૦૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૦૬ | ૩૦૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પ્રથમ દિવસ) | ૩૦૭ | ૩૩૮ |

**તા. ૧૫મી જુલાઈ, ૨૦૧૯, આષાઢ ૨૪, ૧૯૪૧ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૩૯ | ૩૪૬ |
| સાધુ-સંતો અંગે ટિપ્પણી (પોઈન્ટ ઓફ ઓર્ડર) | ૩૪૬ | ૩૪૮ |
| તારાંકિત પ્રશ્નો (ક્રમશઃ) | ૩૪૮ | ૩૫૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૫૧ | ૪૯૭ |
| નર્મદાના પાણીથી સિંચાઇ અંગે (પોઈન્ટ ઓફ ક્લેરીફિકેશન) | ૪૯૮ | ૫૦૧ |
| તાકીદની જાહેર અગત્યની બાબત-૧૧૬(બનાસકાંઠામાં તીડના ટોળાં) | ૫૦૨ | ૫૦૫ |
| સમિતિના અહેવાલની રજૂઆત | ૫૦૬ | ૫૦૬ |
| માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૦૬ | ૫૩૫ |

**ગુજરાત વિધાનસભા**

**ગુરુવાર, તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯**

**આષાઢ ૨૦, ૧૯૪૧ શાકે,**

**સભાગૃહ સવારના ૧૧–૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

*૧૩૬૨૩ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૩ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) ૧૦ એકમોને રૂ. ૧૫.૫૭ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

શ્રી કનુભાઈ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જ્યારે ગુજરાત સરકાર ઉધોગોના પ્રોત્સાહન માટે અનેકવિધ પ્રયત્નો કરે છે અને ગુજરાત ઉધોગોના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે ત્યારે મોટા ઉધોગની સાથે નાના ઉધોગોને પણ અનેકવિધ સહાય માર્કેટમાં હિસ્સો વધારી શકે એટલા માટે આપીએ છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એમ.એસ.એમ.ઇ. એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઇ, કેટલી નામંજૂર થઇ અને, કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો સવાલ એ છે કે, વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષ એમ. એસ. એમ. ઇ. એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ તાલુકાવાર કેટલી સહાય કરવામાં આવી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર અરજીઓની વિગતો માનનીય સભ્યશ્રીએ માગી છે તો બે વર્ષના આંકડા ૨૦૧૭–૧૮ અને અને ૨૦૧૮–૧૯ના હું આપુ છું. માઇક્રો, સ્મોલ અને મિડિયમ આ સેક્ટરો છે કે જેની અંદર આ લાભ મળતો હોય છે. વલસાડમાં માઇક્રોમાં ૧ છે, વાપીમાં સ્મોલમાં ૪ અને મિડિયમમાં ૧ એમ કરીને કુલ ૫ છે, ઉમરગામમાં સ્મોલમાં ૨ છે, પારડીમાં માઇક્રોમાં ૧, સ્મોલમાં ૨ છે, ધરમપુરમાં એકેય અરજી નથી, કપરાડામાં એકેય નથી. આમ માઇક્રોમાં કુલ ૨, સ્મોલમાં ૮ અને મિડિયમમાં ૧ મળીને કુલ ૧૧ અરજીઓ તાલુકાવાર ૨૦૧૭–૧૮માં આવી છે. ૨૦૧૮–૧૯ની વાત કરીએ તો વલસાડમાં ૧ અરજી આવી છે, વાપીમાં કુલ ૩ અરજીઓ આવી છે, ઉમરગામમાં સ્મોલ અને મિડિયમ થઇને કુલ ૪ અરજીઓ આવી છે, પારડીમાં ૧ અરજી આવી છે અને કુલ ૮ અરજીઓ ૨૦૧૮–૧૯માં માઇક્રો, સ્મોલ અને મિડિયમ ત્રણે ભેગુ થઇને આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, સેંકશન કરવાની વાત કરી છે એ અરજીઓ આવ્યા પછી ૨૦૧૭–૧૮માં વલસાડ આખા જિલ્લામાં કુલ ૧ માઇક્રોમાં સેંકશન કરી છે, ૩ સ્મોલમાં કરી છે અને ૧ મિડિયમમાં કરી છે એમ કુલ ૫ સેંકશન કરી છે. એવી જ રીતે ૨૦૧૮–૧૯માં સ્મોલમાં ૨, મિડિયમમાં ૬ એમ કુલ ૮ અરજીઓ મંજૂર કરી છે. એટલે બંને વર્ષની અરજીઓ જોવા જઇએ તો વલસાડ જિલ્લામાં કુલ ૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ગ્રાન્ટની એમણે વાત કરી કે કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે? તો ૨૦૧૭–૧૮ ના વર્ષમાં માઇક્રોમાં ૧, સ્મોલમાં ૩, મિડિયમમાં ૧ કુલ ૫ લોકોને જે પૈસા આપ્યા છે એ ૩,૨૫,૫૫૮ રૂપિયા આપ્યા છે, ૨૦૧૮–૧૯ના વર્ષમાં માઇક્રોમાં ૨, સ્મોલમાં ૬ એમ કુલ ૮ લોકોને પૈસા આપ્યા છે એ ૧૨,૩૧,૦૦૦ રૂપિયા આપ્યા છે એટલે કુલ ૧૩ યુનિટને ૧૫,૫૭,૧૮૩ રૂપિયા આપવામાં આવ્યા છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સમગ્ર દેશમાં જ્યારે એમ.એસ.એમ.ઇ. સેકટરની ચર્ચા ચાલે છે ત્યારે હું એમ માનું છું કે વધારેમાં વધારે ઔધોગિક વિકાસ જો એમ.એસ.એમ.ઇ.નો થયો હોય તો આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય શ્રી નીતિનભાઇના નેતૃત્વમાં આ ગુજરાત સરકારે કર્યો છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ ઉધોગોને ક્યા ખર્ચ માટે મદદ મળવા પાત્ર છે?

શ્રી સૌરભ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આ બેઝિકલી જે યોજના છે એ ઉધોગ કેવી રીતે કોમ્પિટિટીવ થાય અને એના માટેની એને ક્વોલિટી સર્ટિફિકેશનની અંદર આપણે લાભ આપીએ છીએ. તો દાખલા તરીકે એણે ઇન્ટરનેશનલ લેવલે વ્યવસાય કરવો હોય તો એને અમૂક ચોક્કસ સુવિધાઓ હોય તો એ ઇન્ટરનેશનલ લેવલે વધારે સારી રીતે બિઝનેશ કરી શકતો

હોય છે. એક્સપોર્ટ કરતો હોય તો ખરીદનાર કંપની હોય છે એ પૂછતી હોય છે કે તમે શું શું કામ કરી રહ્યા છો? એના માટેની આ બેઝિકલી માઇક્રો, મિડિયમ અને સ્મોલને આપણે સુવિધા આપીએ છીએ. પહેલી તો એ લોકોને જે સુવિધા આપીએ છીએ ઇ.આર.પી. સિસ્ટમની સુવિધા આપીએ છીએ અને એ ઇ.આર.પી. સિસ્ટમ જે ઇન્સ્ટોલ કરે છે એ કેપિટલ કોસ્ટના ૬૫ ટકા એટલે કે રૂ.૫૦ લાખ સુધીનું ઇન્વેસ્ટમેન્ટ પ્લાન્ટ એન્ડ મશીનરીનું હોય તો એનું ૬૫ ટકા આપીએ, મેક્સિમમ ૧ લાખ રૂપિયા સુધી અને ઇ.આર.પી.સર્વિસ પ્રોવાઇડર એટલે આ સોફ્ટવેર માટેની એસેસમેન્ટ છે. એક સોફ્ટવેરની અને એક હાર્ડવેરની એમ બે ટાઇપની હોય છે. પછી બીજું, જે રૂ.૫૦ લાખથી વધારે અને ૨ કરોડથી અંદર હોય તો તેને ૬૦ ટકા હોય તો કેપિટલ કોસ્ટ ફોર ઇઆરપી સિસ્ટમને ઇમ્પ્લીમેન્ટ કરવા માટેનું હોય છે. અને રૂ.૨ કરોડથી રૂ.૧૦ કરોડનું હોય તો ૫૦ ટકા ઓફ ધ કેપિટલ કોસ્ટ. પણ તેનું આખું ઇઆરપી જે સિસ્ટમ ઇમ્પ્લીમેન્ટ કરે અને મેકિસમમ ૧ લાખ રૂપિયા સુધીની આપણે સહાય આપીએ છીએ. બીજું, આ સોફ્ટવેરની વાત થઇ હવે assistance for hardware આપીએ ૫૦ લાખ રૂપિયા સુધીની પ્લાન્ટ એન્ડ મશીનરી હોય તો ૬૫ ટકા ઓફ ધ કેપિટલ એક્સપેન્ડીચર મેકિસમમ ૫ લાખ રૂપિયા સુધી અને રૂ.૫૦ લાખથી રૂ.૨ કરોડનું હોય તો ૬૦ ટકા અને રૂ.૨ કરોડથી રૂ.૧૦ કરોડ સુધીનું હોય તો ૫૦ ટકા પરંતુ મેકિસમમ રૂ. ૫ લાખ સુધીની એ લોકોને સહાય આપીએ છીએ. જે કોઇ પણ ઉદ્યોગકાર હોય તેને રૂ.૫ લાખ રૂપિયા સુધીનું હાર્ડવેર માટે અને રૂ.૧ લાખ રૂપિયા સુધીનું સોફ્ટવેર માટે આપણે મદદ કરીએ છીએ. આમાં કન્સલ્ટન્સી ફીની પણ એમાઉન્ટ આવી જાય છે. પછી આઇ.એસ.ઓ.સર્ટિફિકેશન લેવા માટે જે ખર્ચ થતો હોય છે તેનું પણ આવી જાય છે પરંતુ આ બધું જ જે જે એજન્સીઓ હોય તે આઇ.એસ.આઇ. સર્ટિફિકેશન હોય, WHO કે hallmark certification હોય અને Quality Council of India દ્વારા recognized હોય એવા માટે જ આપણે આ ખર્ચ આપીએ છીએ.

**ભાવનગર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ**

*૧૩૫૬૮ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલિતાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગૌણ ખનીજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવું ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં કોઈ આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ઉક્ત ખનીજની જાહેર હરાજી માટે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) ભાવનગર જિલ્લામાં ઉક્ત ગૌણ ખનીજની હરાજી માટે કુલ ૨૦ બ્લોક ઇ–ઓક્શન પોર્ટલ પર હરાજી માટે મૂકવામાં આવેલ હતા. જે પૈકી ૧૫ બ્લોક્સની સફળતાપૂર્વક હરાજી થયેલ છે અને અન્ય ૦૫ બ્લોક્સ હરાજીની પ્રક્રિયા હેઠળ છે. |

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજ્યમાં અત્યાર સુધીમાં ગૌણ ખનિજના કેટલાં બ્લૉક હરાજી માટે મૂકવામાં આવ્યા છે ? તેમજ આ બ્લોકની સફળતાપૂર્વક હરાજી થવાથી રાજયને વધારાની કેટલી આવક થઇ છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને ચોક્કસ આનંદ થશે કે વર્ષો જૂની જે પદ્ધતિ હતી તે પદ્ધતિમાં સરકાર બદલાવ લાવી છે. અને આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આમાં એટલી સ્પીડ પકડી છે કે આજની તારીખમાં પહેલાં જે પ્રમાણે બ્લોકસ આપવામાં આવતા તેમાં સંપૂર્ણપણે પારદર્શકતા લાવી અને આપણે ઇ–ઓકશન દ્વારા જ બ્લોકસ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૬૮૬ બ્લૉક ઇ–ઓકશન માટે તૈયાર કર્યા છે અને આમાં ૨૦૦ બ્લોકોનું ઓકશન કરવા માટેની તેમણે ટેન્ડરની પ્રક્રિયામાં સફળતા મેળવી લીધી છે. હવે આ સફળતા છેલ્લાં બે વર્ષમાં મેળવી છે અને જે બે ટાઇપનું હોય છે એક તો રોયલ્ટી લેતાં હોય છે એ તો નોર્મલી પહેલાં પણ લેતાં હતા અને અત્યારે પણ લે છે પણ આ રોયલ્ટી ઉપરાંત જે એડિશનલ પ્રિમિયમ આવે છે તે એડિશનલ પ્રિમિયમ સંપૂર્ણપણે તેના લાઇફ માટે તેને આપવાનું હોય અને બીજું, કે કેટલા મિનરલનો જથ્થો છે તેના ઉપર આપવામાં આવે છે. દા.ત. ૫ સેન્ડનું હોય છે તો પાંચ વર્ષની લીઝ હોય અને સેન્ડ સિવાયની ૩૦ વર્ષની લીઝ હોય. તો આ પાંચ વર્ષ અને ૩૦ વર્ષની અંદર તેનો જથ્થો માપવામાં આવે છે. તે જથ્થો માપી અને પછી તેનું ઓકશન કરવામાં આવે છે. તે જથ્થાનું ઓકશન કરે અને એ ઓકશનની ઉપર તે એડિશનલ પ્રિમિમય મૂકતો હોય. એટલે દા.ત. આપણે રોયલ્ટીનું જનરેશન ખાલી ગણીએ ૨૦૦ બ્લોકનું તો ૫ વર્ષની રોયલ્ટી રૂ.૧૧૨ કરોડ આવે અને રૂ.૮૭૮ કરોડ ૩૦ વર્ષમાં અધર ધેન સેન્ડમાં આવે. એટલે કુલ રોયલ્ટીની ઇન્કમ રાજ્ય સરકારને તેના life period માં ૧ હજાર કરોડ મળે. હવે જે એડિશનલ પ્રિમિયમ જનરેટ થયું જે પહેલાં નહોતું થતું ઓકશનમાં ન મૂકયું હોત તો તો સેન્ડની અંદર રૂ.૨૭૬ કરોડ અને રૂ.૧૦૭૩ એમ કરીને કુલ રૂ.૧૩૩૫ કરોડ એટલે આપણે ચોક્કસપણે કહી શકીએ છીએ કે ૨૦૦ બ્લોકનું તેના લાઇફ પિરિયડની અંદર રોયલ્ટીના રૂ.૧ હજાર કરોડ અને રોયલ્ટીની ઉપરાંત રૂ.૧૩૫૦ કરોડ એડિશનલ પ્રિમિયમ આ ૨૦૦ બ્લોકના

રોયલ્ટીના કારણે રાજ્ય સરકારને આવક થવાની છે. આ પારદર્શકતાના કારણે જે બીજાને આવક થતી હતી એ આવક હવે રાજ્ય સરકારને આ ૨૦૦ બ્લોકની થવાની એટલે કુલ ૬૮૬ બ્લોકો જ્યારે થશે ત્યારે આપ કલ્પના કરજો કે કેટલી મોટી આવક થશે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર પહેલી સફેદ માટી જેનો ઉપરથી થર ખૂબજ નાનો હોય છે અને સિરામીકમાં તેનો ઉપયોગ થતો હોય છે. તો એ બ્લોકથી હરાજી કરવી લગભગ બહુ શકય નથી. દરેક વ્યક્તિ પોતાની માલિકીના ખેતરમાંથી પણ આવી રીતે ચોરી કરતો હોય છે તો એ લોકોને મંજૂરી માટેની કોઇ વહીવટી સરળતા ઉપલબ્ધ કરાવવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે અને આજની તારીખમાં કાયદાની અંદર આપણે કોઇ પણ મિનરલ્સ બ્લૉક ઓક્શન સિવાય આપવાની જોગવાઇ નથી અને કોઇપણ મિનરલ્સ બ્લૉક હવે ફરજિયાત ઓક્શન દ્વારા જ આપવામાં આવે છે.

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કયા-કયા પ્રકારની લીઝો આપવામાં આવેલ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની અંદર જે ઓક્શન કરવામાં આવ્યું છે. એમાં ૨૦ બ્લૉક આપણે સફળતાપૂર્વક ઓક્શન કર્યા છે. એમાં ઉમરાળાના તાલુકામાં તરપળા ગામમાં ઓર્ડિનરી સેન્ડનું ઓક્શન કરવામાં આવ્યું છે. એ ઓક્શનમાં ત્રણ બ્લૉક મૂક્યા હતા એમાં બે ઓક્શનમાં successful ગયા છીએ. પાલિતાણામાં બ્લેક સ્ટોનના પાંચ બ્લૉક મૂક્યા હતા એ પાંચે-પાંચ successful ગયા છે. શિહોરની અંદર એક મૂક્યો એ successful ગયો છે. ઘોઘામાં સાત મૂક્યા એ સાતે-સાત successful ગયા છે. વલ્લભીપુરમાં ડોલામાઇટના ચાર બ્લૉક મૂક્યા હતા એની પ્રક્રિયા ચાલુ હતી એટલે હું ચોક્કસ કહીશ કે ૨૦ બ્લૉક થયા હતા એમાં આ સવાલ પૂછ્યો એ તારીખે ૧૫ બ્લોકનું ઓક્શન સંપૂર્ણપણે સફળ થયું હતું અને આજની તારીખમાં ડોલામાઇટના ચાર બ્લૉક successful ગયા છે એટલે ૨૦ માંથી એક જ બ્લૉક રદ કર્યો છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ એક નીતિ વિષયક પ્રશ્ન છે. રાજ્યના આદિવાસી વિસ્તારમાં ખાસ કરીને પંચમહાલ, છોટા ઉદેપુર, વડોદરા, નર્મદામાં રેતીની લીઝો આવેલ છે અને જ્યાં આદિવાસી વિસ્તાર હોય ત્યાં પેસા એક્ટ મુજબ સ્થાનિક આદિવાસીઓને જ આ લીઝ આપવી એવો સરકારનો અભિગમ હોવા છતાં અરજી કરવાનો જે પિરિયડ હોય છે એમાં ઇ-ટેન્ડરીંગ કરવાનું હોય છે. એમાં એક જગ્યા માટે ત્રણ થી વધુ અરજીઓ ન આવે તો એને રદ કરવાની આપણે વાત કરીએ છીએ. આદિવાસીઓ આ હકીકતથી અજાણ હોવાને કારણે ત્રણ ટેન્ડર ભરી શકતા નથી અને એના કારણે બીજી વખત ઓક્શન થાય ત્યારે એને ઓપન કેટેગરીમાં ગણવામાં આવે છે એમાં એવું થાય છે કે જે જગ્યા માટે ઇ-ટેન્ડરીંગ કરવાનું છે એ જગ્યા ઓક્શનમાં મૂકાયા પહેલાં ભૂ-માફિયાઓ ત્યાંથી રેતી કાઢીને જતા રહે છે.

અધ્યક્ષશ્રી : હવે આપનો મૂળ પ્રશ્ન કહો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : તો રેતીની ચોરી અટકાવવા માટે અને આ પેશા એક્ટ મુજબ રાજ્ય સરકાર કામ કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓને પહેલો પ્રેફરન્સ આપીએ છીએ. જ્યારે પણ ઓક્શન કરીએ છીએ ત્યારે પહેલાં ફરજિયાત આદિવાસી ભાઇઓને જ ઓક્શનમાં ભાગ લેવા દેવામાં આવે છે. પરંતુ કદાચ પહેલાં ઓક્શનમાં ભાગ ન લીધો હોય તો બીજા ઓક્શનની અંદર આપણે એનો ઓપન કેટેગરીમાં સમાવેશ કરીએ છીએ. આપનો પ્રશ્ન એવો છે કે લોકોને ખબર નથી હોતી એટલે લોકો ત્રણ ટેન્ડર ભરતા નથી તો હવે ચોક્કસપણે વિભાગને કહીશ કે જાહેર ખબરમાં આની જાણકારી વધારે વિસ્તારમાં આપે કે આ પ્રમાણેની પ્રક્રિયા છે એટલે લોકોને ખબર પડે કે કેવી રીતે સફળતાપૂર્વક ઓક્શનમાં ભાગ લઇ શકાય.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માનનીય શ્રી સુખરામભાઇ રાઠવા સાહેબે વાત કરી કે ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં જ્યારે લીઝોનું ઇ-ટેન્ડરીંગ થાય છે ત્યારે જાહેરાત આપવામાં આવે છે ત્યારે એમાં ખાસ કરીને છોટા ઉદેપુરમાં પણ જાહેરાત થતી હતી ત્યારે મેં પણ કમિશ્નરશ્રીને અને બધાને જાણ કરી હતી કે તમે જે ઇ-ટેન્ડરીંગની જાહેરાત આપો છો એમાં લખવામાં આવતું નથી કે આદિવાસી વિસ્તાર છે તો એના માટે રીઝર્વ રાખવામાં આવે છે. તો એ લખવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ટેન્ડરમાં શું લખાય છે અને શું નથી લખાતું એની મારી પાસે માહિતી નથી પણ સભ્યશ્રીની લાગણી છે તો હું ચોક્કસ એ બાબતમાં વાત કરીશ અને જેમ મેં કીધું કે આદિવાસી ભાઇઓને જાણકારી મળે એ રીતે આપણે પ્રોસેસ આગળ વધારીશું.

તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

તારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં લિગ્નાઈટની ખાણો**

*૧૫૮૫૪ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં લિગ્નાઈટની કેટલી ખાણો કયા સ્થળે ચાલુ છે અને કયા સ્થળે કેટલી ખાણો બંધ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં લિગ્નાઈટની કુલ–૩(ત્રણ) ખાણો ચાલુ છે અને કુલ–૨(બે) ખાણો બંધ છે.

| | ક્રમ | લખપત તાલુકો | | |
|---|---|---|---|---|
| | | **ગામ** | **સર્વે નંબર** | **વિસ્તાર(હેક્ટરમાં)** |
| ચાલુ ખાણ | ૧. | પાનન્ધ્રો, કુલરા, ખાણોટ | વિવિધ | ૧૧૫૧.૦૦.૦૦ |
| | ૨. | ઉમરસર, પ્રાણપર, ગુનેરી, છુગેર | વિવિધ | ૨૧૭૬.૭૬.૦૦ |
| | ૩. | માતાના મઢ, ડેડરાણી, ડેણમા | વિવિધ | ૧૭૫૨.૬૧.૫૬ |
| બંધ ખાણ | ૧. | જુલરાઈ, વાઘા, પધ્ધર | ૮૦ | ૩૨૧.૦૦.૦૦ |
| | ૨. | પાનન્ધ્રો | ૨૨૧ તથા | ૫૬૮.૦૦.૦૦ |

(૨) ઉક્ત ખાણો બંધ રહેવાના કારણો શું છે, અને

(૨)
- ૧(એક) ખાણ નારાયણ સરોવર ચિંકારા અભયારણ્ય ઈકો સેન્સીટીવ ઝોનના કારણે બંધ છે.
- ૧(એક) ખાણમાં લિગ્નાઈટનો જથ્થો પૂર્ણ થયેલ હોઈ, ખાણ બંધ કરવાની કાર્યવાહી ચાલુમાં હોવાથી બંધ છે.

(૩) આ બંધ ખાણો ચાલુ કરવા સરકારનું શું આયોજન છે?

(૩)
- ૧(એક) ખાણ અન્વયે પટેદાર દ્વારા જુલરાઈ, વાઘા પધ્ધર વિસ્તારનું ઈકો સેન્સીટીવ ઝોનનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ થયેથી ખાણકામ ચાલુ કરવામાં આવશે.
- ૧(એક) ખાણમાં લિગ્નાઈટનો જથ્થો પૂર્ણ થયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં સૌ પ્રથમ લિગ્નાઇટની ખાણ ૧૯૬૯માં ચાલુ થઇ અને એ ૧૯૭૧માં બંધ થઇ. ત્યાર પછી ૧૯૭૪માં પાનન્ધ્રો ખાતે ચાલુ થઇ હતી. આજની તારીખે કુલરા અને ખાણોટ, ગેનેરીમાં માલ છે. પાનન્ધ્રો ખાતે રોજની ૧૮૦૦ ગાડી માલ ભરાતો હતો અને એની આજે પણ ખૂબ માંગ છે. પરંતુ કોન્ટ્રાકટર આ માંગ પૂરી કરવાને બદલે બીજી જગ્યાએ ભરવાનું ચાલુ કરી દે છે. જ્યારે ૨૦૦૨માં માતાના મઢ, ડેડરાણી, ડેણમા વગેરેમાં માંગ છે. પાનન્ધ્રો ખાણમાં માલ છે પરંતુ અધિકારીઓની ટોળકી બતાવતી નથી અને અત્યારે આ ખાણ ખૂબ જ મોટી અને ઊંડી છે ત્યાં મોટો ડેમ બની શકે તેમ છે. આપણે ૨૫ કરોડ રૂપિયા ખર્ચ કરતાં પણ એ થઇ ન શકે એવડો મોટો ડેમ થાય તેમ છે. જ્યારે ઉમરસર, પ્રાણપર, ગુનેરી, છુગેર વગેરે જગ્યાએ ખાણો આવેલી છે. પાનન્ધ્રો બંધ થયા પછી આ ઉમરસર ૨૦૧૫માં ચાલુ થયેલ એ એક માત્ર ખાણ હતી. માતાના મઢમાં આપે કહેલું કે એક હજાર ગાડી રોજની ભરાશે અને એ ભરાતી હતી એ અત્યારે ૨૫૦ ગાડીઓ જ ભરાય છે એના લીધે ટ્રકના ધંધાવાળાને ખૂબ જ તકલીફ પડે છે. આ ટ્રકનો ધંધો એ સરકારનો કમાઉ દીકરો છે તો ત્યાંથી રોજની હજાર ગાડી ભરાય તેવી વિનંતી છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીના પ્રશ્નમાં જેટલી સમજણ પડી એટલો જવાબ આપું છું.

અધ્યક્ષશ્રી :માનનીય મંત્રીશ્રી, માનનીય પદ્યુમનસિંહજી જાડેજા ખૂબ જ મહેનત કરીને પછી પ્રશ્ન પૂછે છે તો એમનો શું પ્રશ્ન હતો એ એમને બોલાવીને પૂછી લેજો.

શ્રી સૌરભ પટેલ :કચ્છમાં જી.એમ.ડી.સી.ની પાંચ ખાણો આવેલી છે એ પાંચેય લખપત તાલુકામાં છે. એમાંથી ત્રણ ખાણો આજની તારીખમાં ચાલુ છે. જ્યારે બે ખાણો બંધ છે એમાં પાનન્ધ્રો અને જુલરાઇ, વાઘા પધ્ધર બંધ છે. ચાલુ ખાણોમાં પાનન્ધ્રો કુલરા, ઉમરસર અને માતાનો મઢ છે. જ્યારે પાનન્ધ્રોમાં લિગ્નાઇટ ખલાસ થઇ ગયો છે એટલે એ બંધ છે. જ્યારે એક ખાણ નારાયણ સરોવર ચિંકારા અભયારણ્ય ઇકો સેન્સેટીવ ઝોનના કારણે બંધ છે. આજની તારીખમાં ઉત્પાદન જોઇએ તો ચોકકસ કહીશ કે ગાડીઓ ઓછી ભરાય છે એવું નથી. ૨૦૧૭માં ઉત્પાદન ૫૪૮૦ મેટ્રિક ટન હતું જ્યારે ૨૦૧૮માં ૫૭૦૪ મેટ્રિક ટન એટલે કે એમાં વધારો થયો છે. આજની તારીખમાં ૧૫૪૫ પહોંચી ગયું છે એમાં વધારો કઇ રીતે થાય એ જોશુ. આમાં તકલીફ છે ઊંડાણમાં જઇએ એટલે કોસ્ટ વધે અને માલ પણ ખલાસ થતો જાય છે એટલે આ પ્રમાણે ગણે છે. ચોક્કસપણે કચ્છના લિગ્નાઇટથી બધાને લાભ છે રોજગારી પણ આપે છે. આપની ચિંતા છે એટલે રૂબરૂ મને મળજો.

ડો. નીમાબેન ભા. આચાર્ય : કચ્છની ધીંગી ધરામાં કાચું સોનુ ધરબાયેલું છે એવું અમે કહીએ છીએ. માનનીય શ્રી પદ્યુમનસિંહજીએ વાત કરી. પહેલા કચ્છની અંદર લિગ્નાઇટનું ખોદકામ આડેધડ થતું હતું પરંતુ આ સરકાર આવ્યા પછી એને ખૂબ નિયમિત બનાવવામાં આવ્યું છે અને આ શ્રી વિજયભાઇની પારદર્શક અને પ્રગતિશીલ સરકારમાં ખાણ અને ખનીજની પોલિસી બનાવવામાં આવી છે એમાં હું જાણવા માગું છું કે કચ્છની અંદર તાલુકાવાર લિગ્નાઇટની કેટલી ખાણો આવેલી છે. આ ખાણો કેટલા વિસ્તારમાં આવેલી છે. કચ્છ જિલ્લામાં લિગ્નાઇટની ખાણોની ફાળવણી કયારે કરવામાં આવી હતી અને કઇ સિસ્ટમથી કરવામાં આવી હતી?

શ્રી સૌરભ પટેલ : એક તો પાંચે પાંચ લખપતમાં આવેલી છે અને જે હેક્ટર છે પાનન્ધ્રોની ૧૧૫૧ હેક્ટર છે, ઉમલસરની ૨૦૮૬ હેક્ટર છે, માતાના મઢની ૧૭૫૨ હેક્ટર છે, જે બંધ થયેલી માઇનની ૩૨૧ હેકટરની અને ૫૬૮ની આ બે બંધ થયેલી બે માઇનો એ વિસ્તાર હતો. આમાં જે એકઝીક્યૂશન ચાલુ થયું છે, પાનન્ધ્રોમાં ૧૯૭૩થી ચાલુ થયું હતું, ઉમલસરનું ૨૦૧૪થી ચાલુ થયું હતું, માતાના મઢનું ૨૦૦૧થી ચાલુ થયું હતું. અને પાનન્ધ્રોમાં જે માલ ખલાસ થઇ ગયો છે મટીરિયલ્સ ખલાસ થઇ ગયું છે તે ૧૯૮૮થી ચાલુ થયું હતું. આના કારણે જે જથ્થો અને પ્રોડકશન વધારે ને વધારે આવતું ગયું છે, ૨૦૧૭-૧૮માં સૌથી અગત્યની વાત એ છે કે એનાથી રાજ્ય સરકારને આવક ઘણી થઇ છે. ૨૦૧૭માં રાજ્ય સરકારને પાનન્ધ્રોની અંદર રૂ.૨૫૧ લાખ થઇ છે, ૨૦૧૮માં રૂ.૩૬૯ લાખ થઇ છે. પછી ઉમલસરમાં રૂ.૧૦૩૯ લાખ અને ૨૦૧૮માં રૂ.૮૬૫ લાખ થઇ છે. માતાના મઢમાં રૂ.૨૦૯૦ લાખ થઇ છે. ૨૦૧૮માં રૂ.૨૨૬૯ લાખ થઇ છે. એટલે રાજ્ય સરકારને પણ આવક થઇ છે, જીએમડીસીને પણ આવક થઇ છે, આના કારણે ખૂબ સારી રોજગારી આજની તારીખમાં આપી શકીએ છીએ. ઉદ્યોગો પણ મોટા થયા છે, ઘણા ઉદ્યોગો થયા છે, આપણને આનંદ થાય કે જે રીતે ઉદ્યોગો થયા છે તો આવા કેટલા ટાઇપના ઉદ્યોગોને આ લોકો મટીરિયલ્સ આપે છે, સભ્યશ્રીઓને પણ જાણીને આનંદ થશે. આજની તારીખમાં આનાથી વીજળીના મથકો પણ ચાલે છે, દરેક ટાઇપના ક્ષેત્રોને અને ઉદ્યોગોને પણ જુદા જુદા ટાઇપ ઓફ ઇન્ડસ્ટ્રીઝને આનાથી આપણે લાભ આપીએ છીએ.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત શ્રી સૌરભભાઇ પાસેથી એ માહિતી જાણવા માગું છું કે, અમારું મોરબીનું સિરામિક હબ એમની મિનરલની જે જરૂરીયાત છે એ પાનન્ધ્રોની આ ખાણ ચાલુ કરીને સંતોષવા માગો છો? કારણ કે હાલ મોરબીને જે માનનીય નીમાબેને કહ્યું એમ જે કાચું સોનું છે એ કચ્છની ધરતીમાંથી નથી મળતું પણ છેક છોટાઉદેપુરની રાજપારડી સુધી જવું પડે છે અને કાર્ટીંગ ખર્ચ ખૂબ વધારે આવતું હોય છે એ દ્રષ્ટિએ પણ કચ્છમાંથી મોરબીના સિરામિક ઉદ્યોગને આ મિનરલ મળે તેવી વ્યવસ્થા આપ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : મોરબીના સિરામિક ઇન્ડસ્ટ્રીઝને ગ્લેજ ટાઇલ્સને ...

અધ્યક્ષશ્રી : કરવા માગો છો કે કેમ? આટલું જ પૂછ્યું છે.

શ્રી સૌરભ પટેલ : આપું છું, આંકડા આપું છું.

અધ્યક્ષશ્રી : એમને આંકડા નથી જોઇતા.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમને સંતોષ થાય.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ આપો ને.

શ્રી સૌરભ પટેલ :આપીએ જ છીએ. ૨લાખ ૫૮ હજાર ટન અમે લોકોએ ૨૦૧૮-૧૯ની અંદર (અંતરાય) મારી વાત તો સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, હું ટેકનીકલી આપને સમજાવું. એ કહે છે કે રાજપારડીથી લેવું પડે છે.

અધ્યક્ષશ્રી : આપો જ છો ને.

શ્રી સૌરભ પટેલ : આપીએ જ છીએ.

અધ્યક્ષશ્રી : તો જવાબ આવી ગયો. આપે જ છે ભાઇ, જવાબ આવી ગયો, પ્લીઝ પ્રશ્ન ક્રમાંક-૪.

**મે. લાર્સન એન્ડ ટુબ્રો લિ.ને સેઝ પાર્ક સ્થાપવાની મંજૂરી**

## તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

## તારાંકિત પ્રશ્નો

*૧૫૯૮૬ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મે. લાર્સન એન્ડ ટુબ્રો લિ.ને આખોલ, જી.વડોદરા ખાતે આઇ.ટી/આઇ.ટી.ઈ.એસ સેઝ પાર્ક સ્થાપવા માટે ક્યારે મંજૂરી આપવામાં આવી, | (૧) ભારત સરકારશ્રીના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજ્ય વિભાગ દ્વારા તા.૧૯–૧૧–૨૦૦૮ના નોટીફીકેશનથી મે.લાર્સન એન્ડ ટુબ્રો લિ.ના આખોલ, જી.વડોદરા ખાતેના આ.ટી./આઇ.ટી.ઈ.એસ. સેઝને નોટિફાઇડ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત આઇ.ટી./આઇ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક કેટલા વિસ્તારમાં નિર્માણ પામનાર છે, | (૨) ૧૦ હેક્ટર વિસ્તારમાં. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ આઇ.ટી./આઇ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક કયા તબક્કે છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ આઇ.ટી.ઈ.એસ સેઝ કાર્યરત છે. |
| (૪) ઉક્ત આઇ.ટી./આઇ.ટી.ઈ.એસ. સેઝ પાર્કની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવનાર છે? | (૪) ઉક્ત આઇ.ટી./આઇ.ટી.ઈ.એસ. સેઝ કાર્યરત છે. |

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, જે સેઝ કંપનીની ત્યાં સ્થાપના કરવામાં આવી છે તે કાર્યરત કયારે થશે, સેઝ માટે કેટલી જમીન અને કયા પ્રકારની અને કયા ભાવથી ફાળવવામાં આવી, સેઝમાં કઇ વિદેશી આઇ.ટી. કંપનીઓ છે અને સેઝમાં કુલ કેટલા લોકોને રોજગારી મળે છે અને તેમાં સ્થાનિક કેટલા લોકો છે.

શ્રી સૌરભ પટેલ :માનનીય સભ્યશ્રીએ માનનીય અધ્યક્ષશ્રી એટલો સરસ મજાનો પ્રશ્ન પૂછ્યો છે આ હાઉસના બધા સભ્યશ્રીઓને આનાથી કેટલો મોટો ફાયદો રાજ્ય સરકારને થયો છે. હું કહું કે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનના કારણે આ એલ એન્ડ ટીનું વડોદરાની અંદર આટલું મોટું હબ ઉભું થયું છે. એને નોલેજ સીટી તરીકે ઓળખવામાં આવે છે. એ નોલેજ સીટી એટલે બ્રેઇન ઓફ એલ એન્ડ ટી. એલ એન્ડ ટીનું સંપૂર્ણપણે બ્રેઇન કહી શકાય એ આ એલ એન્ડ ટી નોલેજ સીટીમાંથી ઉભું થયેલું છે. આની અંદર જે ટોટલ ત્રણ કંપનીઓ છે. એક એલ એન્ડ ટીની ટેકનોલોજી સર્વિસ લિમિટેડ જે સંપૂર્ણપણે એલ એન્ડ ટીની ડિઝાઇન કરે છે, ડેવલપ કરે છે, ટેસ્ટ કરે છે, ઇન્ડસ્ટ્રીયલ પ્રોડકટનું કરે છે, મેડિકલ ડિવાઇસનું કરે છે. ટેલીફોનનું કરે છે, પ્લેનનું કરે છે, ટેલીકોમ્યુનેકશનનું કરે છે. બીજી જે કંપની એલ એન્ડ ટી સાર્જન્ટ એન્ડ લોન્ડી લીમીટિડ, એ યુ. એસ. કંપની જોડે એનું એસ્ટાબ્લીશમેન્ટ થયેલું છે. એ નોલેજ સીટીનું વર્લ્ડ કલાસનું એ લોકોએ કોમ્પ્લેકસ બનાવ્યું છે અને આ ટોટલ સંપૂર્ણપણે ડિઝાઇનિંગ કરે છે અને એને એકસપોર્ટ કરે છે, સાઉદી અરેબીયા, ઓમાન અને બધી કંપનીઓને એ આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી કંપની છે એલ.એન્ડ ટી. ચીયોડા લિમિટેડ, જાપાન જોડે કોલોબરેશન કર્યું છે અને તેના કારણે તે લોકો સંપૂર્ણ પણે એનું ડિઝાઇનિંગ બધું કરીને જોઇન્ટ વેન્ચર કરીને એકસ્પોર્ટ કરે છે. મારે આપશ્રી દ્વારા સભ્યશ્રીઓને કહેવું છે કે આ એલ. એન્ડ ટી. નોલેજ હબની અંદર કવોલીટી એમ્પ્લોયમેન્ટ છે, છ હજાર પ્લસ ડાયરેકટ એમ્પ્લોયમેન્ટ કરે છે અને ૨૦૦૦ ઇન ડાયરેક્ટ એમ્પ્લોયમેન્ટ કરે છે એટલે કુલ આઠ હજાર લોકોને એમ્પ્લોય કરે છે. હવે એમાં બે એરિયા છે, એક એસ.ઇ.ઝેડનો એરિયા છે અને એક .....

અધ્યક્ષશ્રી : વડોદરાવાળા તમારા માટે પાટલીઓ થપથપાવતા નથી, ૬ હજારને એમ્પ્લોયમેન્ટ મળે છે.

શ્રી સૌરભ પટેલ : સાહેબ, હું આપને સમજાવું, આ ૬ હજારને ડાયરેક્ટ અને બે હજારને ઇનડાયરેકટ, હવે એસ. ઇ. ઝેડ. ના બે ભાગ હોય, એક એસ.ઇ.ઝેડ.નો એરિયા છે અને બીજો ડોમેસ્ટીક પેરીફેરી એરિયા છે. એટલે અઢી હજાર લોકોને એસ. ઇ. ઝેડમાં રોજગારી આપે છે, સાડા ત્રણ હજારને ડોમેસ્ટીકમાં આપે છે. અને ૯૦ ટકા આમાં એન્જિનિયર છે. આપ સમજો, હું કવોલીટી એમ્પ્લોયમેન્ટ કેમ કહું છું કે ૯૦ ટકા એન્જિનિયર છે અને દસ ટકા બીજો સ્ટાફ છે. અને એની અંદર ૯૦ ટકા એન્જિનિયરનો સ્ટાર્ટીંગ પે રૂ.૪૦ હજાર પ્લસ છે. મારો કહેવાનો મતલબ આપ સમજયા? અને આ આખા પ્લાન્ટોમાં દુનિયાના જે પ્લાન્ટો બને છે એ લોકોનું કામ લે છે, પાવરનું લે છે, એન્જિનિયરીંગનું લે છે, એ ડિફેન્સનું લે છે. એ લોકો હાઇડ્રો કાબર્નનું લે છે, અને તેની અંદર એ લોકો એકસપોર્ટ કરે છે. એટલે જે ડિઝાઇનિંગનું કામ કરે છે એ એકસપોર્ટ પણ કરે છે અને ડોમેસ્ટીક એરીયામાં પણ કરે છે. એટલે આ દસ હેકટરની અંદર પ્રોસેસીંગ યુનિટ આપવામાં આવ્યું હતું અને એની અંદર આ લોકોએ ખર્ચ કર્યો હતો. અને એસ. ઇ. ઝેડ.નો પાંચ પોઇન્ટ અગિયાર હેકટરનો એરિયા છે અને ડોમેસ્ટીકનો બીજો પાંચ હેકટરનો એરીયા છે એટલે કુલ દસ હેકટર એ લોકોનો એરિયા છે અને બીજું, વધારે આનંદની વાત એ છે કે એ લોકો કેપેસીટી ડબલ કરે છે. કેપેસીટી ડબલ કરી અને આર્ટિફિશીયલ ઇન્ટેલીજન્સમાં જાય છે. એટલે આર્ટિફિશીયલ ઇન્ટેલીજન્સમાં જશે એટલે નોકરી, રોજગારીનું પ્રમાણ વધશે. આનંદ થાય કે બ્રહ્મોસ મિસાઇલનું ડિઝાઇનિંગ પણ કર્યું છે અને ડી.આર.ડી.ઓ.ના કોલોબરેશનમાં કર્યું છે એ આ વડોદરાના હબમાંથી કર્યું છે. બીજું, ''કે–૯'' ટેન્કો બનાવે છે એ હજીરામાં બનાવે છે અને એનું

ડિઝાઇનિંગને બધું અહીંયાથી કર્યું છે. એટલે આખા એલ. એન્ડ ટી.ની અંદર પોતાનું ડિઝાઇનિંગ અને બીજાનું ડિઝાઇનીંગ આ નોલેજ સેન્ટર વડોદરામાંથી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : એક પ્રશ્ન બાકી રહી ગયો. પ્રશ્ન પૂછનારને ખબર નથી કે શું બાકી રહી ગયું, હું નોંધું છું. સ્થાનિક રોજગારીનો પ્રશ્ન એમણે પૂછ્યો છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક રોજગારી તો નિયમ પ્રમાણે મળતી જ હશે. અને મને એમાં કોઇ ડાઉટ નથી. પરંતુ હું આપને કહું કે વડોદરાના ઘણા બધા એન્જિનિયરો આ એલ. એન્ડ ટી. માં કામ કરી રહ્યા છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સેઝની સ્થાપના માટે લઘુતમ કેટલી જમીનની આવશ્યકતા હોય છે અને વડોદરામાં કયા કયા યુનિટો કાર્યરત છે. અને વડોદરામાં સેઝમાં કેટલા લોકોને રોજગારી મળી? અને એની કામગીરી શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે મીનીમમ જગ્યાની રીકવાયરમેન્ટ હોય છે તેમાં એસ. ઇ. ઝેડ. ના જુદા જુદા નિયમો હોય છે. મલ્ટીપર્પઝ એસ.ઇ.ઝેડ. હોય તો ૫૦૦ હેકટરથી વધારે જોઇએ. પછી સેકટર સ્પેસીફાઇડ હોય, દા. ત. પોર્ટ હોય, એરપોર્ટ હોય તો ૫૦ હેકટરથી વધારે જોઇએ. પછી વેર હાઉસિંગ માટે જોઇએ તો ૪૦ હેકટરથી વધારે જોઇએ. ઇલેકટ્રોનિકસ, આઇ. ટી. માટે હોય તો ૧૦ હેક્ટર જોઇએ. એટલે નો મિનિમમ રીકવાયરમેન્ટ અને આ જે એલ. એન્ડ ટી. નું છે એમાં કોઇ મિનિમમ રીકવાયરમેન્ટ હતી નહીં. મિનિમમ બિલ્ટઅપ એરિયા ૫૦ હજાર સ્કવેર મીટરનો હોવો જોઇએ. રીમેઇનીંગ સીટીઝમાં ઓછો હોય છે. આમાં બૈઝીકલી આઇ. ટી. સર્વિસીઝમાં ડિઝાઇનિંગ અને બ્રેઇન માટે વધારે હોય છે. ઓફિસ સ્પેસની જગ્યા વધારે હોય છે. મેનયુફેકચરીંગ નથી હોતું.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ ખૂબ લાંબો, સરસ વિગતવાર જવાબ તો આપ્યો.

**પાટણ શહેરની ટી.પી. સ્કીમોની ડ્રાફ્ટ સ્કીમોને મંજૂરી આપવા બાબત**

*૧૫૯૧૪ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પાટણ શહેરની કેટલી ટાઉન પ્લાનીંગ સ્કીમોની ડ્રાફ્ટ સ્કીમો તરીકે ક્યારે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) ૧. નગર રચના યોજના નં.૧ (પાટણ) તા.૧૩–૦૨–૧૯૯૪<br>૨. નગર રચના યોજના નં.૨ પાટણ (સમાલપાટી) તા.૦૩–૦૭–૨૦૧૩ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કઇ અને કેટલી ડ્રાફ્ટ સ્કીમોને ફાઇનલ મંજૂર કરવામાં આવી, | (૨) નગર રચના યોજના નં.૧(પાટણ) |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી ડ્રાફ્ટ સ્કીમો ફાઇનલ થઇ નથી, તેના કારણો શા છે, અને | (૩) નગર રચના યોજના નં.૨ પાટણ (સમાલપાટી) નગર રચના યોજના વિસ્તારમાં સુચવાયેલ હયાત રેલ્વેની એલાઇમેન્ટમાં ફેરફાર થવાથી. |
| (૪) ઉક્ત બાકી સ્કીમોને ક્યાં સુધીમાં ફાઇનલ કરવામાં આવશે? | (૪) અનુ.(૩) માં જણાવેલ કારણોના નિરાકરણ થયેથી. |

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ શહેરના વિકાસ માટે ટી.પી. સ્કીમ એ બહુ જરૂરી છે. મેં પૂછેલા પ્રશ્નમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે અત્યાર સુધી પાટણમાં બે ટી.પી. સ્કીમ મંજૂર કરવામાં આવી તેમાંથી એક ફાઇનલ થઇ થઇ છે. બીજી ટી.પી. સ્કીમ તા. ૩–૭–૨૦૧૩થી મંજૂર થયેલ છે. છ વર્ષ થયા છતાં હજુ એ ટી.પી. સ્કીમ ફાઇનલ કરવામાં આવી નથી અને એ ફાઇનલ નહીં થયાનું કારણ માનનીય મંત્રીશ્રીએ એવું જણાવ્યું છે કે રેલ્વે એલાઇમેન્ટમાં ફેરફાર થવાથી આ ટી.પી. સ્કીમ મંજૂર થઇ નથી. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ રેલ્વે એલાઇમેન્ટમાં ફેરફાર કઇ તારીખે થયો? બીજો પ્રશ્ન કે ફેરફાર થયા બાદ વિભાગ દ્વારા રેલ્વે અને વિભાગ વચ્ચે પત્રવ્યવહાર થયો હોય એ પત્રવ્યવહારની તારીખ અને પત્ર વ્યવહારનો નંબર અને ત્રીજો પ્રશ્ન કે આ ટી.પી. સ્કીમ કેટલા સમયમાં ફાઇનલ કરવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કિરીટભાઇનો આભાર માનું છું કે એમણે કહ્યું કે કોઇ પણ શહેરનો વિકાસ એ ટી.પી.ના આધારિત થતો હોય છે. અગાઉના જમાનામાં મહોલ્લા હતા, પોળો હતી, શેરીઓ હતી. કોઇ સોસાયટી વિસ્તાર નહોતા. ફળિયા હતા. એટલે જૂનું ગામતળ હતું. જેમ જેમ રાજ્યની વસતિ વધતી ગઇ, જરૂરિયાતો વધતી ગઇ. પહેલા ફક્ત રહેવા માટે ઘર એટલે જ ગામ. એવી જે વ્યાખ્યા હતી તેના બદલે હાઇસ્કૂલો, કોલેજો, હોસ્પિટલો, યુનિવર્સિટી. અનેક પ્રકારની જાહેર અને સરકારી સંસ્થાઓ એ બધું જેમ જેમ ઉમેરાતું ગયું એમ દરેક નગરો મોટા થતાં ગયા. મૂળ જેને આપણે તળગામ કહીએ છીએ તેનો વિસ્તાર ઘણો વધતો ગયો. આ વધતા જતા વિસ્તારનો યોગ્ય રીતે વિકાસ થાય. આપણને બધાને ખબર છે કે જે જૂના શહેરો છે ત્યાં સાંકડા રસ્તા છે, ત્યાં ટ્રાફિકની સમસ્યા કેટલી બધી રહે છે. જે શહેરો નવા

બન્યા હોય, આધુનિક બન્યા હોય તેના રસ્તા પહોળા હોય તો તેનાથી આપણને કેટલી સારી સગવડ મળે છે એ પણ આપણે જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે ગોંડલના મહારાજાશ્રીને યાદ કરીએ. જૂના સૌરાષ્ટ્રના રાજવીઓને યાદ કરીએ. વડોદરાના સર સયાજીરાવ ગાયકવાડને યાદ કરીએ. આ બધા મહારાજાઓ જે પરદેશમાં ઘણું ફરતા હતા. ઇંગ્લેન્ડ જાય, યુરોપ જાય અને આખી દુનિયા જૂએ. એ બધા જોતા હતા કે રસ્તાઓ, હું આ બધી વાત કરું છું તે ૧૦૦ વર્ષ પહેલાંની વાત કરું છું. (અંતરાય) સાંભળો. ટી.પી.નું મહત્વ ખબર પડે. તમારા પ્રશ્ન પર આવું છું. બધું જાણવા મળશે. તમારા જ્ઞાનમાં વર્ધન થાય એવું કરું છું. એ મહારાજાઓના હું વખાણ કરું એ કોંગ્રેસવાળાને નથી ગમતું? ઇંદિરા ગાંધીએ મહારાજાના સાલિયાણા કાઢી નાખ્યા એટલે તમને મહારાજા નથી ગમતા? સાહેબ, આ બધા આપણાં ગૌરવરૂપ મહારાજાઓ છે. એમની દીર્ઘદ્રષ્ટિ આજે યાદ કરું છું કે એ શહેરોમાં જે રસ્તાઓ હતા, આજે પણ આપણે એમને યાદ કરીએ છીએ. એ જ રીતે આખા દેશમાં આપણું ગુજરાત પણ એક મોડેલ સ્ટેટ છે. ટાઉન પ્લાનીંગ એક્ટ ગુજરાતે સૌથી પહેલો અમલમાં મૂકયો. સૌથી વધુ સારી રીતે અમલમાં મૂક્યો. આજે બીજાં રાજયોના લોકો બીજાં શહેરોના વિકાસ માટે ગુજરાતનું મોડેલ જોવા આવે છે. એ આપણો ટી.પી. એક્ટ છે. શ્રી કિરીટભાઇએ કહ્યું, તેનો ફાયદો પાટણને પણ થયો છે. પાટણના વિકાસ માટે બે ટી.પી. સ્કીમો, પહેલાં નગરપાલિકા બનાવે. કાચો ડ્રાફ્ટ બનાવે પછી સરકારને મોકલે. સરકાર નગરપાલિકા સાથે પરામર્શ કરે. નીતિ, નિયમો, જરૂરિયાતો જે યોગ્ય રીતે નગરપાલિકાએ મોકલેલ ડ્રાફ્ટ છે તેમાં સૂચિત કરેલ છે કે કેમ તેની ચકાસણી કરે. પછી નગરપાલિકામાં એ મંજૂર થાય એટલે ટી.પી.ઓ. અધિકારી મૂકાય, આ બધી બહુ લાંબી પ્રોસેસ છે. એ પછી એ ટી.પી.ઓ અધિકારી એ ખેતરોને જે વાંકાચૂકા હોય, ગોળ હોય, લંબચોરસ હોય એને સરખો આકાર આપે. નવો વિસ્તાર હોય (અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, આ મારા જવાબનો એક ભાગ જ છે. કોઇને ના સમજણ પડે તો એમાં મારી કોઇ જવાબદારી નથી. કોઇને ના સમજણ પડે તો હું શું કરું? (અંતરાય) માનનીય કિરીટભાઇએ પૂછ્યું છે સાહેબ.

અધ્યક્ષશ્રી : માનનીય કીરીટભાઇ, આપે પૂછ્યું એનો જવાબ આપે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હું પાટણનો જ ઉલ્લેખ કરું છું.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : આપનો બહુ બહુ આભાર, અમે આભાર વ્યકત કરીએ છીએ. સાહેબ, મેં એટલા માટે પ્રશ્ન પૂછ્યો કે ગઇ કાલે તમે જે જવાબ આપ્યો એમાં એવું કીધું કે રેલવેના એલાઇમેન્ટના લીધે આ અટકયું છે. મેં રેલવેના અધિકારી સાથે વાત કરી, રેલવેના અધિકારીએ મને એવું કીધું છે કે અત્યાર સુધી અમને આ બાબતે કોઇ પત્રવ્યવહાર થયો નથી એટલે માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું જાણવા માગું છું કે જો રેલવે એલાઇમેન્ટમાં ફેરફાર થયો, તા.૩-૭-૨૦૧૩થી આપણી ટી.પી. સ્કીમ મંજૂર થઇ ..(અંતરાય) એ ફેરફાર થયો તો કયારે ફેરફાર થયો? મારો ટૂંકો પ્રશ્ન છે કે રેલવે એલાઇમેન્ટમાં ફેરફાર કયારે થયો? અને ફેરફાર થયો તો છેલ્લે ૨૦૧૩થી સરકારે રેલવે સાથે આપના વિભાગે કોઇ પત્ર વ્યવહાર કર્યો છે કે નહીં? પત્રવ્યવહાર કર્યો હોય તો તારીખ અને નંબર અને આ ટી.પી. કયારે ફાઇનલ કરવા માગો છો? ઝડપી પૂરી કરો આપનો આભાર પણ આ માહિતી છે આપણને ઘણી વખત એમ થાય છે કે અધિકારી ઘણી વખત ગેરમાર્ગે દોરતા હોય...

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ પાસેથી સાંભળીએ તો ઘણી માહિતી મળે છે પણ એમને હવે ટૂંકો જવાબ આપી દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ શ્રી કિરીટભાઇ ખબર કાઢવા રેલવે સુધી પહોંચી ગયા, તો એમને એ પણ ખબર હોવી જોઇએ, એ બહુ વિદ્વાન ધારાસભ્ય છે, (અંતરાય) એ જ જવાબ આપું છું.

શ્રી પરેશ ધાનાણી : શ્રી નીતિનભાઇએ આખું ભારત સુધાર્યું છે પણ આ પાટણ સુધારવાનો પ્રશ્ન છે. એ સુધારી દો તો ઘણું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, પાટણ સુધરેલું જ છે. પાટણ તો ગુજરાતનું ઐતિહાસિક શહેર છે. પાટણની ધાક, પાટણનો વહીવટ મેં જેમ કીધું સિદ્ધરાજ જયસિંહ એમના નામથી આખા ગુજરાતમાં રાજય કરતા હતા એટલે એમને પણ યાદ કરવા પડે, તમે ત્યાંના નાગરિક છો, ઐતિહાસિક શહેર છે. પાટણના પટોળા આખી દુનિયામાં વખણાય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે જેટલું વધારે બોલશો કોઇ એટલું વધારે આવશે અહીંથી, માનનીય મંત્રીશ્રી, હવે શ્રી કિરીટભાઇનો જવાબ આપી દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ રેલવેની એલાઇમેન્ટ એટલા માટે બદલવી પડી, એનો પણ આનંદ છે.

અધ્યક્ષશ્રી : શ્રી બળદેવભાઇ, બેઠા બેઠા કોમેન્ટ ના કરો પ્લીઝ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં આપણા હેરીટેજ સ્થાનો જે ઐતિહાસિક સ્થાનો છે એ ઐતિહાસિક જગ્યાઓ છે એની આખી દુનિયામાં ઓળખ ઉભી કરવી, આ કચ્છનું સફેદ રણ કોઇ ઓળખતું પણ નહોતું. આજે લાખો પ્રવાસીઓ નરેન્દ્રભાઇએ જે એનો પ્રચાર, પ્રસાર કર્યો તો એને જોવા આવે છે. એવી જ રીતે આ પાટણની રાણકીવાવ ઐતિહાસિક વાવ છે. જે કોંગ્રેસના અને ભા.જ.પ.ના મિત્રોએ ના જોઇ હોય તો મારું આમંત્રણ છે. ચોકકસ જોવા આવજો. અમે તમને બધી વ્યવસ્થા કરી આપીશું. એને હેરીટેજ.. (અંતરાય)

શ્રી નૌશાદ ભ. સોલંકી : સાહેબ, આવું ના ચાલે..

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના ચાલે નહીં, ચલાવવું પડે અને તમે નહીં કહી શકો કે આવું ના ચાલે. (અંતરાય) આ રાણકી વાવ.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપની જગ્યાએ જાવ, પ્લીઝ, પહેલા આપની જગ્યાએ જાવ ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના ચલાવવું હોય તો ચલાવવું પડે ભાઇ, તમે મને ના કહી શકો કે આ રીતે જવાબ આપો. મારી મુનસફીની વાત છે. હું પ્રશ્નથી બહાર જતો હોવ તો તમે મને કહો. સાહેબ, હું પ્રશ્નથી બહાર જતો હોવ તો તમે મને કહો. સાહેબ, એલાઇમેન્ટ કેમ બદલવી પડી એ મારે ગૃહને કહેવું પડે. સાહેબ, સન્માનનીય સભ્યોનો અધિકાર છે. (અંતરાય) તમારે નથી જાણવું પણ અમારા બધા સભ્યોને રસ છે કે આ એલાઇમેન્ટ કેમ બદલવી પડી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ બાજુ વિરોધમાં ઉભા થયા છે તમે કેમ ઉભા થયા છો? પણ તમે કેમ ઉભા થયા છો? બેસી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હું ટૂંકમાં કહું, (અંતરાય) પણ સાહેબ રેલવેની એલાઇમેન્ટ કેમ બદલવી પડી મારે એ નહીં કહેવાનું? ખાલી કહું કે એલાઇમેન્ટ બદલી નાખી તો પાછા ફરી ઉભા થશે કે રેલવેની એલાઇમેન્ટ કેમ બદલી? એના કરતાં પહેલા હું કહી દઉં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, રેલ્વે એલાયમેન્ટ બાબતે સાંભળી લો.

શ્રી શૈલેષ મ. પરમાર : એમનો પ્રશ્ન બહુ સરળ છે કે ૨૦૧૩માં રેલ્વે એલાયમેન્ટની જે વાત થઇ હતી એ ૨૦૧૩ પછી આજે ૨૦૧૯ છે. આ છ વર્ષના ગાળા દરમિયાન સરકારશ્રીએ રેલ્વે સાથે કોઇ પત્રવ્યવહાર કર્યો છે કે કેમ એ જાણવા માગ્યું છે. આપ જે રાજા મહારાજાની વાતો કરી રહ્યા છો એના માટે સ્પેશિયલ સત્ર રાખો, આપણે ચર્ચા કરીશું, મજા આવશે. શું શું જોવા જેવું છે, શું શું જોવા જેવું નથી એ આપ પણ ડેપ્યુટી રાજા છો એટલે અમે સાંભળીશું, ચિંતા નથી. સવાલ એ છે કે છ વર્ષમાં કેટલા પત્રવ્યવહારો કર્યા છે એટલી માહિતી આપ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રેલ્વેની એલાયમેન્ટ ભાગ્યે જ બદલાતી હોય છે. અંગ્રેજોએ નાખેલી રેલ્વે અને પછી પાટણ ભીલડી નવી રેલ્વે લાઇન મંજૂર થઇ. વર્ષોથી ખોરંભે પડી હતી એ શ્રી નરેન્દ્રભાઇ આવ્યા પછી એના કામો અમે આગળ વધાર્યા. એ રેલ્વે લાઇન જ્યાંથી નીકળતી હતી એની બાજુમાં જે હેરિટેજ સ્થળ તરીકે આખી દુનિયામાં પ્રસ્થાપિત થયું એ રાણકી વાવ નજીક આવતી હતી એટલે હેરિટેજના નિયમો પ્રમાણે, અમદાવાદની એક મસ્જિદ હોય એની બાજુમાં અમે મંજૂરી આપી શકતા નથી. કેમ કે હેરિટેજ છે. આનું મહત્વ તમારે સમજવું પડે. તૂટી ફૂટી ઇમારત હોય એ હેરિટેજ....

અધ્યક્ષશ્રી : હેરિટેજના કારણે બદલવી પડી. પત્ર વ્યવહારનું કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમારા સભ્યોને રસ છે સાહેબ. રેલ્વે એલાયમેન્ટ એના કારણે બદલવી પડી અને રેલ્વે સાથે જે પત્ર વ્યવહારનું કહો છો શ્રી કિરીટભાઇ, તો સાંભળી લો, તા. ૯–૨–૨૦૧૬ના રોજ ડેપ્યુટી કલેક્ટર પાટણ દ્વારા રેલ્વેને પત્ર લખવામાં આવ્યો કે આ તમારી જૂની રેલ્વે એલાયમેન્ટ બદલાય છે એ જમીન તમે છોડી દો અને નવી જગ્યાએ તમને સરકારે રેલ્વે લાઇન બિછાવવા માટે, નવા પાટા નાખવા માટે જે જગ્યા આપી છે ત્યાં કામગીરી કરવી જોઇએ. એના કારણે આખી ટી.પી.માં મૂળ ફાઇનલ પ્લોટોમાં મોટા પ્રમાણમાં ફેરબદલ થયો. આના કારણે હેરિટેજ જે રાણકી વાવ છે, તમારે ભારતીય જનતા પાર્ટીની સરકારનો આભાર માનવો જોઇએ કે પાટણને ભારતીય જનતા પાર્ટીની સરકારે વિશ્વના નકશા ઉપર મૂક્યું. એના બદલે રેલ્વેને કાગળ ક્યારે લખ્યો એ પૂછો છો? તા.૯–૨–૨૦૧૬ના પત્રથી રેલ્વેને લખીને કહ્યું છે. હવે એ કાર્યવાહી ચાલી રહી છે અને રેલ્વેની બધી જ પ્રક્રિયા પૂરી થશે, કબજાની અદલા–બદલી થશે અને રેલ્વેનું એન.ઓ.સી. મળશે એટલે ટી.પી. ફાઇનલ કરવા માટેની કાર્યવાહી આગળ વધારીશું.

### વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ

*૧૩૬૨૪ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૩ એકમોની અરજીઓને મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) ૧૦ એકમોને રૂ. ૧૫.૫૭ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એમ.એસ.એમ.ઇ. એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર બન્ને તરફથી મદદ મળવાપાત્ર છે કે કેમ? અને આ યોજના હેઠળ સહાય મંજૂરી માટેની શરતો શું છે? મારો બીજો પ્રશ્ન છે કે એમ.એસ.એમ.ઇ. એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ લાભ મેળવવા માટે અરજી કરવાની અને મંજૂરીની પ્રક્રિયા શું છે?

## તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

## તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર અને રાજ્ય બન્નેના લાભો એમ.એસ.એમ.ઇ. એકમો લઇ શકે છે. પરંતુ એની જે ટોટલ ટર્મ લોન હોય એનાથી વધારે એને લાભ મળી શકે નહીં. બીજું, આની અંદર જે કન્ડીશનો છે એ કન્ડીશન એ છે કે એનું પ્રોડકશન, એનું ઇન્વેન્ટરી કન્ટ્રોલ, એની સેલ્સ, એની પરચેઝ, એકાઉન્ટીંગ, હ્યુમન રિસોર્સિસ, મેનેજમેન્ટની ઇ.આર.પી. સિસ્ટમ ઇન્સ્ટોલેશન કરવા માટે મદદ કરવામાં આવે છે. આની અંદર જે મદદ કરવામાં આવે છે એની સામે એમ.એસ.એમ.ઇ. કમિશનરે ઇ.આર.પી. સર્વિસ પ્રોવાઇડરનું લિસ્ટ એપ્રુવ કરેલ હોવું જોઇએ. પરંતુ હોટલ અને સર્વિસ ચાર્જીસનો સમાવેશ કરવામાં આવતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર જે જે કન્ડીશન જોડે જે જે એપ્લીકેશન કરવાની હોય છે. એ એપ્લીકેશનો કરવા માટે એન્ટરપ્રાઇઝે ઇ.એમ.પાર્ટ–૨ ભરવું પડતું હોય છે, એની પાર્ટનરશીપ ડીડ હોય એ આપવું પડે છે, એણે જે ફિક્સ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ કર્યું હોય એના માટે સી.એ.નું સર્ટિફિકેટ આપવું પડે છે. પછી કયુ ક્વોલિટી સર્ટિફિકેશન લે છે એ આપવું પડે છે, એકસપેન્ડીચર કઇ કઇ જગ્યાએ કરેલ છે આ quality certification લેવા માટે એ આપવું પડે છે. પછી જે Software manufacturerથી લાભ લીધો છે એનું બિલ આપવું પડે. ERP Service Provider હોય એનું એન.ઓ.સી. આપવું પડે અને આખો Detailed Project Report આપવો પડે કે આ ERP ના કારણે MSME માં ERP ના કારણે આટલો આટલો લાભ થાય છે. બીજું, પાન કાર્ડ ધરાવતા હોય તો પાન કાર્ડ આપવું પડે, bank details આપવી પડે અને એણે આ બરાબર ખર્ચ કર્યો છે એનું પ્રમાણપત મળે એટલે એ રીતે પૈસા આપવામાં આવે છે.

### રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ

*૧૩૫૮૭ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૮૯ |
| (૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૫ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૩,૪૫,૯૮૬ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૩,૪૫,૯૮૬ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? | (૫) ૦ |

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કેટલા તાલુકામાં કેટલા સેવાસેતુના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ આપણે ચર્ચા કરી છે. આ સેવાસેતુ કાર્યક્રમ અમારી સરકારનો પ્રજાકીય સેવા માટેનો, વહીવટી પારદર્શકતા માટેનો, પ્રજાના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ થાય, સ્થળ ઉપર ગામડે ગામડે નિરાકરણ થાય એ માટે અમારી સરકાર કટિબદ્ધ છે. (અંતરાય) શ્રી પરેશભાઇ, બધા બધું જાણતા હોય છે છતાં પ્રશ્ન મને પૂછતા હોય છે. એટલે તમે ઘણું જાણતા હોય તોય પ્રશ્ન પૂછો છો. આપશ્રી બધા ઘણું જાણતા હોય તોય પ્રશ્ન પૂછો છો. આ પ્રશ્નોત્તરીનો સમય એ સભ્યશ્રીના અધિકાર ઉપર તમે એની ઉપર મર્યાદા ના મૂકી શકો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે વચ્ચે બોલશોમાં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એ એમ કહે છે કે બધું લખેલું છે પણ એનો જવાબ તો આપવો જ પડે. માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં ૮, કોટડા સાંગાણીમાં ૬, ગોંડલમાં ૧૧, જેતુપરમાં ૮, જસદણમાં ૧૦, જામકંડોરણામાં ૮, ધોરાજીમાં ૪, પડધરીમાં ૮, રાજકોટમાં ૧૫, લોધિકામાં ૫, વિછીંયામાં ૬ અમે કુલ ૮૯ સેવાસેતુ ક્રાર્યક્રમો યોજવામાં આવ્યા અને આ ૮૯ ગામો અંતર્ગત હવે આ ગામોનું કલસ્ટર બનાવીએ છીએ એમાં ૫૪૪ ગામોને એનો લાભ આપવામાં આવ્યો.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુના તાલુકાવાર થયેલ કાર્યક્રમો અંતર્ગત કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મે કહ્યું એ પ્રમાણે ૫૪૪ ગામોને આપણે આવરી લીધા છે. હવે નવી શરૂઆત કરીશું તો બીજા વધુ ગામો પણ ઉમેરીશું. એટલે આ સતત ચાલતો કાર્યક્રમ છે અને નાગરિકોને જ્યારે જ્યારે જરૂર પડે એ ઝડપથી મળે એ એનો અધિકાર છે જે વસ્તુનો છે એ પ્રાપ્ત કરે એ સર્ટીફિકેટ હોય, એ મા–યોજનાનું કાર્ડ હોય, ૭/૧૨ના નકશા છે એ બધું રેકર્ડ મળે એ નાગરિકોનો અધિકાર છે એટલે વધુને વધુ ગામો આપણે આમાં ઉમેરતા જઇએ છએ. આખા ગુજરાતના ૧૮૦૦૦ ગામો સહિત બધાને આનો લાભ મળે એ અમારી કટિબદ્ધતા છે.

### મની લોન્ડરિંગ સેલની કામગીરી

આષાઢ ૨૦, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

*૧૬૦૦૮ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૦૮–૨૦૦૯ના ગૃહ વિભાગના ઠરાવથી રાજ્ય કક્ષાની એન્ટી મની લોન્ડરિંગ સેલની એડીશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (સીઆઈડી ક્રાઈમ)ના અધ્યક્ષપદે રચના કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો, હા તો તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સેલ દ્વારા શી કામગીરી કરાઈ, | (૨) જુદા જુદા ૭ કેસોમાં આરોપીઓ વિરૂદ્ધ પ્રીવેન્સન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવા એનફોર્સમેન્ટ ડાયરેક્ટરને જણાવવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સમયગાળા દરમ્યાન કેટલા ઈસમો પાસેથી કેટલી રકમની મની લોન્ડરિંગ પકડવામાં આવી, અને | (૩) પ્રીવેન્સન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ મિલકતો ટાંચમાં લેવાની કાર્યવાહી એનફોર્સમેન્ટ ડાયરેક્ટર દ્વારા કરવામાં આવે છે. |
| (૪) મની લોન્ડરિંગ કરનાર કેટલા ઈસમો સામે શાં પગલાં લેવામાં આવ્યા? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે ગૃહ વિભાગના તા.૧–૮–૨૦૦૯ ના ઠરાવથી સી.આઇ.ડી. ક્રાઇમના વડાના અધ્યક્ષપણા હેઠળ આ કમિટીની રચના કરેલી. રચના કર્યા પછી છેલ્લા બે વર્ષમાં સાત આરોપીઓ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે અને કેસ દાખલ કરીને એનફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટને આપવામાં આવ્યો છે. હવે એનફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટે એની પાછળ શું કાર્યવાહી કરી? એ મારે જાણવું છે. આપણા અર્થતંત્રને નબળું કરનારા તત્વો આવું કામ કરતા હોય છે તો એને ડામવા માટે વધારાના કડક પગલા સરકાર લેવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ મની લોન્ડરીંગ એટલે પ્રીવેન્શન ઓફ મનીલોન્ડરીંગ એક્ટ ૨૦૦૨ એ કેન્દ્ર સરકારનો કાયદો અને આ કેન્દ્ર સરકારના કાયદા અન્વયે રાજ્ય સરકારની ક્રાઇમ બ્રાન્ચ આની તપાસ કરતી હોય છે અને તપાસ કરીને જરૂરી કાર્યવાહી કરીને એ એન્ફોર્સમેન્ટ ડાયરેકટરને સોંપતા હોય છે એટલે પાછળની જે બધી કાર્યવાહી છે એ પાછળની સંપૂર્ણ કાર્યવાહી એ એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટર દ્વારા કરવામાં આવે છે એટલે આપણી પાસે એ એન્ફોર્સમેન્ટ ડાયરેકટરે શું કાર્યવાહી કરી એ કાર્યવાહીથી આપણે વાકેફ હોતા નથી. પરંતુ એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટર રાજ્ય સરકાર દ્વારા જે કેસમાં ગુનાહિત પ્રવૃત્તિ કરીને કાળા નાણા ધોળા કરીને એને વ્યવસ્થિત પોતાના વ્હાઇટનું સ્વરૂપ આપવા માટેનો જે પ્રયાસ છે એ રાજ્યની ક્રાઇમ બ્રાન્ચ એની નજરમાં જેટલા આવા કેસો આવે એ ત્યાં મોકલે છે. અત્યાર સુધીમાં સાત જેટલા કેસો આપણે મોકલ્યા છે પરંતુ પાછળની તપાસ ઇ.ડી. કરતી હોવાથી એની માહિતી આપણી પાસે નથી હોતી.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે છેલ્લા ઘણા વખતથી આપણે કેન્દ્ર સરકારના માધ્યમથી મની લોન્ડરીંગનો કાયદો કડક કરવામાં આવ્યો. જેના માધ્યમથી મની લોન્ડરીંગ ઉપર રોક લગાવવા માટે સારી સફળતા સરકારે પ્રાપ્ત કરી છે ત્યારે હું જાણવા માગું છું કે મની લોન્ડરીંગ કેસોની અંદર રાજ્ય સરકાર દ્વારા કઇ રીતે કામગીરી કરવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જેમ કહ્યું તેમ હું આના મૂળમાં જવા માંગું છું કે સંયુક્ત રાષ્ટ્ર સંઘની અંદર વિશ્વમાં એક નવા પ્રકારના ગુનાઓ જે બનતા હોય છે એના સંદર્ભમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘના દેશો એની ચર્ચા કરતા હોય છે અને ચર્ચા કરીને સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં નકકી થાય છે કે આગામી દિવસોમાં વિશ્વના દેશોએ આ પ્રમાણેના કાયદા બનાવવા જોઇએ. એમાં સંયુકત રાષ્ટ્ર સંઘે મની લોન્ડરીંગના સંદર્ભમાં આ પ્રમાણેના કાયદા બનાવવા એવો નિર્ણય કર્યો અને આ પ્રમાણેના કાયદા બનાવવા એટલા માટે અગત્યના છે કે જ્યારે વિશ્વના દેશો વચ્ચે અરસપરસ વાટાઘાટો નકકી થતી હોય છે ત્યારે એની સંધિ અને પ્રત્યારોપણમાં કાયદા આ પ્રમાણેના કાયદા હોય એ અત્યારે અગત્યનું હોય છે. આ ૨૦૦૨નો કાયદો ૨૦૦૫માં અમલમાં આવ્યો અને રાજ્ય સરકારે આને ગંભીરતાથી લઇને એડિશનલ ડી.જી., સી.આઇ.ડી. ક્રાઇમની અધ્યક્ષતા હેઠળ એક કમિટી રચવામાં આવી. જેમાં જોઇન્ટ ડાયરેક્ટર સેન્ટ્રલ આઇ.જી., આઇ.જી.પી. ઇકોનોમીક ઓફેન્સ, આઇ.જી. ડીએલ.જી. એ.ટી.એસ. એડિશનલ ડાયરેક્ટર એ.સી.બી., ડાયરેક્ટર ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, ઇ.ડી.ના ડેપ્યુટી ડાયરેક્ટર એ આ સેલના કન્વીનર હોય છે અને મની લોન્ડરીંગ એક્ટ હેઠળના નોંધાયેલા કેસના સબંધમાં કાયદાની જોગવાઇ અનુસાર બાકીની કાર્યવાહી ઇ.ડી. એન્ફોર્સમેન્ટ કરતું હોય છે.

**અમરેલી અને પોરબંદર જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ દ્વારા લીઝોનું ચેકીંગ**

*૧૫૯૭૭ **શ્રી જે. વી. કાકડીયા** (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯
## તારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ફલાઇંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| સમયગાળો | જિલ્લાનું નામ | ચેકીંગ તારીખ |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | અમરેલી | તા.૫-૯-૧૭ થી તા.૭-૯-૧૭ |
| | પોરબંદર | તા.૫-૯-૧૭ થી તા.૭-૯-૧૭<br>તા.૨૫-૩-૧૮ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | અમરેલી | -- |
| | પોરબંદર | તા.૨૦-૧૦-૧૮ થી તા.૨૧-૧૦-૧૮ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમની ખનીજ ચોરી પકડાઈ,

(૨)

| જિલ્લાનું નામ | સમયગાળો | ખનીજ ચોરીની રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| અમરેલી | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૧.૦૨ |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| પોરબંદર | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૯૦૮.૦૩ |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી | ૧૨૨.૫૨ |

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) રૂ.૧૦.૯૮ લાખની વસુલાત કરવામાં આવી તથા ૪(ચાર) ઇસમને દંડની રકમ ભરપાઇ કરવા નોટીસ આપેલ છે.

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી?

(૪) પોલિસ ફરિયાદ નોંધેલ નથી.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે અમારા અમરેલી જિલ્લામાં ઇકોઝોનના નિયમો સાથે છેડછાડ કરીને અમુક કિસ્સાઓમાં ખાણ કામ થયેલ છે તો ફરીવાર સરવે કરવા ઇચ્છો છો કે કેમ? જે ખનીજ ચોરી પકડવામાં આવી છે તેણે આજ દિન સુધી દંડની રકમ ભરી નથી તેવા ઇસમો સાથે કાયદેસરની કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ફલાઇંગ સ્કવોર્ડનો પ્રશ્ન છે ઇકોસેન્સીવીટીનો પ્રશ્ન નથી એટલે સભ્યશ્રીને વિનંતી કરું કે બીજી નોટિસ આપે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા ઇચ્છું છું કે અમરેલીમાં રાજુલા અને જાફરાબાદમાં બે મોટી સિમેન્ટ કંપની આવેલી છે. વર્ષોથી ત્યાં ખાણકામ થઇ રહ્યું છે. અંદાજે બહુ ઝાઝા હેકટર જેટલી જમીનમાં ખાણકામ પૂરું થયું છે. આ ખાણકામ પૂરં થયું એ ખાણકામની અંદર જો પાણી ભરવામાં આવે તો દરિયાઇ પટ્ટી ઉપર ઘણુંબધું સારું થઇ શકે તેમ છે તો આવી બધી જે આઇડલ ખાણો પડેલી છે એની અંદર કોઇપણ યોજના દ્વારા પાણી ભરવા ઇચ્છો છો કે કેમ? અને એક સૂચન પણ કરવા ઇચ્છું છું કે જો આવું પાણી ભરવામાં આવશે તો દરિયાનું ખારું પાણી આ બાજુ આવતા અટકશે અને જમીનનું મીઠું પાણી દરિયામાં જતું અટકશે તો આ કરવા ઇચ્છો છો કે કેમ? શ્રી સૌરભ પટેલ : સભ્યશ્રીનું સૂચન છે. વિભાગને હું આપીશ.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પોરબંદર જિલ્લામાં ૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ કયા કયા ખનીજોની કેટલી ખાણો અસ્તિત્વમાં છે અને આ ખાણોમાં છેલ્લાં ૨ વર્ષમાં કેટલી આવકો થયેલી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ પોરબંદરની અંદર કુલ ૪૯૬ લીઝીસ છે. એમાં લાઇમસ્ટોનની ૧૦૩, બોક્ષાઇટની ૬ અને એમ ૧૦૯. માઇનોર મીનરલ્સમાં જોવા જઇએ તો ઓર્ડિનરી સેન્ડની ૪૫ અને બ્રેકટેક ૨૪, બ્રેકસ્ટોન

૨૦૫, ઓર્ડિનરી કલે ૩, ૧૦૮ લેટ્રેટ–૧, હાર્ડમોરમ મીનરલ્સ ટોટલ એમ ૪૯૬ લીઝો પોરબંદરની અંદર આજની તારીખમાં છે અને એમાં જે આવક થઇ એ મેજર મીનરલ્સમાં ૨૦૧૭–૧૮માં ૧૦૯માં કુલ રૂ.૯૮ કરોડ ૯૪ લાખની આવક થઇ અને માઇનોરમાં ૩૮૭ છે એના બે વર્ષનું ગણીએ તો ૨૬ કરોડ અને ૯૫ લાખની આવક થઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા માનનીય સભ્યશ્રી જે.વી.કાકડિયાએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો એનું મૂળ હાર્દ અમરેલીમાંથી પસાર થતી શેત્રુંજી નદી આ નદીમાં આપણે લીઝ આપી હતી. ખાણોમાંથી રેતી કાઢીને લગભગ આખા સૌરાષ્ટ્રમાં સસ્તા ભાવે રેતી ઉપલબ્ધ થતી હતી અને સરકારને આવક થતી હતી. આજે ઇકો સેન્સીટીવ ઝોનના કારણે શેત્રુંજી નદીની કાયદેસરની લીઝો બંધ કરી દીધી અને ખનીજ માફિયાઓ બેકાબૂ થઇને દિન–રાત શેત્રુંજીમાંથી બિનઅધિકૃત રીતે રેતી ભરે છે અને મોંઘા ભાવે જે ૩૦૦ રૂપિયાનું ટ્રેક્ટર મળતું હતું એ અત્યારે ૩,૦૦૦ રૂપિયાના ભાવે મળે છે. એટલે સામાન્ય માણસનો બાંધકામ ખર્ચ વધે. બીજો મુદો, શેત્રુંજીમાં દર વર્ષે શીલ્ટિંગ થાય છે. આપણે એને મંજૂરી નહિ આપીએ તો આવક ઘટશે અને શિલ્ટિંગ થઇ જશે. તો માનનીય મુખ્યમંત્રીશ્રી ૨૦૧૫માં જે પૂર આવ્યું હતું, જો એવું પૂર ભવિષ્યમાં આવશે તો શેત્રુંજી કાંઠાનાં ગામડાઓ નકશામાંથી ભૂંસાઇ જશે, એટલે મારી માનનીય ગૃહના નેતાશ્રીને પણ વિનંતી કે શેત્રુંજી નદીને ઇકો સેન્સીટીવ ઝોનમાં સમાવી આપણે જે લીઝો રદ કરી છે, તો કાયદેસર ઓક્શન કરીને લીઝો આપે અને કાયમી ધોરણે એનું શેલ્ટિંગ છે, તો રેતીમાંથી સરકારને આવક થશે અને નદીના પટમાં પાણીનું વહેણ મોટું થશે અને ભવિષ્યમાં પૂરની આપત્તિ આખાય શેત્રુંજી કાંઠાના કેટલાંય ગામડાઓ છે એને બચાવી શકાય. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ શેત્રુંજી નદીનો ઇકો સેન્સીટીવ ઝોનમાં સમાવિષ્ટ થવાથી આપણે રેતીની લીઝો કાયદેસર બંધ કરી દીધી છે. ખેતીનું ઉત્ખનન ચાલુ છે. સરકારની આવક બંધ થઇ, તો આ પુનઃવિચાર કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ૯માં નંબરનો પ્રશ્ન સ્પષ્ટપણે ફ્લાઇંગ સ્ક્વોડ અમરેલી અને પોરબંદરમાં કેટલું ચેકિંગ કર્યું તે અંગેનો છે. પરંતુ વિરોધપક્ષના નેતાશ્રીની લાગણી સમજી શકું છું. આ ઇકો સેન્સીટીવની કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવે છે. પછી આપણે એના નિયમો પ્રમાણે માઇનિંગની મંજૂરી આપી શકીએ. પરંતુ આપણે કહ્યું કે ઇલિગલ માઇનિંગ થાય છે, તો ફ્લાઇંગ સ્ક્વોડ વાળાને ચોક્કસ કહીશ કે આવતા દિવસમાં ફરીથી ચેકિંગ કરે અને અમરેલીના બંને સભ્યશ્રીઓને વિનતી કે આપના ધ્યાનમાં જ્યારે પણ આવે કે આ વિસ્તારમાં શેત્રુંજી નદીમાંથી ઇલિગલ માઇનિંગ થતું હોય તો તરત અમને જાણ કરજો અને એ જ દિવસે અમે ફ્લાઇંગ સ્ક્વોડ મોકલીશું, એટલે આપણે કોઇ જાતનું ખોટું કામ થવા દેવું નથી અને આદરણીય મુખ્યમંત્રીશ્રીની કડકમાં કડક સૂચના છે. ઇલિગલ માઇનિંગ કોઇપણ સંજોગોમાં બંધ થવું જોઇએ.

શ્રી પરેશ ધાનાણી : મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો. કાયદેસર હતું એને આપણે ઇકો સેન્સીટીવ ઝોનમાં સમાવવાની બિનકાયદેસર કર્યું છે. રેતીની જરૂરિયાત છે. સામાન્ય માણસને ૩૦૦ રૂપિયાનો માલ રૂ.૩૦૦૦માં મળતો થયો છે. એટલે આપણે શેત્રુંજીના આખા પટને ઇકો સેન્સીટીવ ઝોનમાં સમાવ્યું છે, તો રાજ્ય સરકાર વતી ઇનિશિયેટિવ લઇ શેત્રુંજીના પટને એમાંથી મુક્તિ આપવા મારી સરકારને વિનંતી છે.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇની વાત વ્યાજબી છે કે અત્યારે ઇકો સેન્સીટીવ ઝોનના કારણે ઇલિગલ માઇનિંગ થાય છે અને લીગલ આપણે આપી શકતા નથી. પરંતુ હાઇકોર્ટમાં પણ ઇકો સેન્સીટીવ ઝોનની આખી મેટર ચાલી રહી છે. ટૂંક સમયમાં જજમેન્ટ આવી જશે અને એરિયા ફિક્સ કરીએ છીએ. જો બાકીનો એરિયા ફ્રી થઇ જશે તો તમે કહો છો તેમ ઝડપથી ઓક્સન કરી આપણે એમાં લીગલાઇઝ કરીને રેતી આપણે કાઢી શકીશું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ.

## અતારાંકિત પ્રશ્નો

### (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ

૧૩૫૭૮ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૩૨ |
| (૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૫ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૧,૨૨,૪૬૨ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૧,૨૨,૪૬૨ |

(૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? (૫) ૦

---------

**વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૩૬૨૫ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૧૧૧૭ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૧૧૧૭ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? | (૫) ૦ |

---------

**મે. લાર્સન એન્ડ ટુબ્રો લિ.ને સેઝ પાર્ક સ્થાપવાની મંજૂરી**

૧૬૦૩૧ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મે. લાર્સન એન્ડ ટુબ્રો લિ.ને આખોલ, જી. વડોદરા ખાતે આઈ.ટી/ | (૧) ભારત સરકારશ્રીના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજ્ય વિભાગ દ્વારા તા.૧૯-૧૧- |

આઈ.ટી.ઈ.એસ સેઝ પાર્ક સ્થાપવા માટે ક્યારે મંજૂરી આપવામાં આવી,

૨૦૦૮ના નોટીફીકેશનથી મે.લાર્સન એન્ડ ટુબ્રો લિ.ના આખોલ, જી.વડોદરા ખાતેના આ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝને નોટિફાઈડ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક કેટલા વિસ્તારમાં નિર્માણ પામનાર છે,

(૨) ૧૦ હેક્ટર વિસ્તારમાં.

(૩) ઉક્ત સ્થિતિએ આ.આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આઈ.ટી.ઈ.એસ. સેઝ કાર્યરત છે.

(૪) ઉક્ત આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્કની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવનાર છે?

(૪) ઉક્ત આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ કાર્યરત છે.

---------

**જામનગર જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૩૬૧૯ **શ્રી રાઘજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ૫૪ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૨) ૫૪ એકમોને રૂ. ૨૦૦.૫૭ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ**

૧૩૫૫૬ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગૌણ ખનીજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવું ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના વર્ષમાં કોઇ આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ઉક્ત ખનીજની જાહેર હરાજી માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છોટાઉદેપુર જિલ્લામાં ઉક્ત ગૌણ ખનીજની હરાજી માટે કુલ ૧૩૯ બ્લોક ઇ–ઓકશન પોર્ટલ પર હરાજી માટે મૂકવામાં આવેલ હતા. જે પૈકી ૨૨ બ્લોકની સફળતાપૂર્વક હરાજી થયેલ છે અને અન્ય ૧૧૭ બ્લોક હરાજીની પ્રક્રિયા હેઠળ છે.

---------

**વાઈબ્રન્ટ સમિટ–૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઇલ સેક્ટરમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન**

૧૩૬૨૮ **શ્રી પુર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ અને એપરલ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા,

(૨) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો

**જવાબ**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ અને એપરલ સેક્ટરમાં ૧૫૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા,

(૨) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ૧૦૭ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા,

(૩) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ૨૪

| | |
|---|---|
| અમલીકરણ હેઠળ છે? | પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

**તાપી અને નવસારી જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ દ્વારા લીઝોનું ચેકીંગ**

૧૬૦૩૦ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| **સમયગાળો** | **જિલ્લાનું નામ** | **ચેકીંગ તારીખ** |
|---|---|---|
| તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | તાપી | ૧૬–૦૩–૨૦૧૮ તથા ૧૭–૦૩–૨૦૧૮ |
| | નવસારી | --- |
| તા.૦૧–૦૬–૨૦૧૮ થી | તાપી | --- |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમની ખનીજ ચોરી પકડાઈ,

(૨)

| **જિલ્લાનું નામ** | **સમયગાળો** | **ખનીજ ચોરીની રકમ રૂ. લાખમાં** |
|---|---|---|
| તાપી | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | શૂન્ય |
| | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| નવસારી | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગાંધીનગર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ**

૧૩૫૬૧ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં ગૌણ ખનીજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવું ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં કોઈ આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ઉક્ત ખનીજની જાહેર હરાજી માટે શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) ગાંધીનગર જિલ્લામાં ઉક્ત ગૌણ ખનીજની હરાજી માટે કુલ ૨૭ બ્લોક ઈ–ઓક્શન પોર્ટલ પર હરાજી માટે મૂકવામાં આવેલ હતા. જે પૈકી ૦૭ બ્લોક્સની સફળતાપુર્વક હરાજી થયેલ છે. અને અન્ય ૨૦ બ્લોક્સ હરાજીની પ્રક્રિયા હેઠળ છે.

---------

**છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં યુવતિઓ અને સગીર બાળાઓને ભગાડવા બાબત**

૧૫૫૭૫ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં યુવતીઓ અને સગીર બાળાઓને ભગાડીને લઈ ગયા અંગેની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદો પૈકી કેટલાની એફ.આઈ.આર. નોંધવામાં આવી અને કેટલાની એફ.આઈ.આર. નોંધેલ નથી,

(૩) નોંધવામાં આવેલ એફ.આઈ.આર. પૈકી કેટલી યુવતીઓ અને સગીર બાળાઓ શોધવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કેટલી લાપતા છે?

**જવાબ**

(૧)

| **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | | |
|---|---|---|---|
| **યુવતીઓ** | **સગીર બાળાઓ** | | |
| ૧૮ વર્ષથી ઉપર | ૦ થી ૧૦ વર્ષ | ૧૦ થી ૧૪ વર્ષ | ૧૪ થી ૧૮ વર્ષ |
| ૦૮ | ૦૦ | ૧૪ | ૯૯ |
| **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | | | |
| **યુવતીઓ** | **સગીર બાળાઓ** | | |
| ૧૮ વર્ષથી ઉપર | ૦ થી ૧૦ વર્ષ | ૧૦ થી ૧૪ વર્ષ | ૧૪ થી ૧૮ વર્ષ |
| ૦૭ | ૦૧ | ૧૫ | ૧૦૫ |

(૨) મળેલ તમામ ફરિયાદો અન્વયે એફ.આઈ.આર. નોંધવામાં આવી.

(૩)

| **સગીર બાળાઓ અને યુવતીઓ શોધવામાં આવી** | **લાપતા** | | | |
|---|---|---|---|---|
| | ૦ થી ૧૦ વર્ષ | ૧૦ થી ૧૪ વર્ષ | ૧૪ થી ૧૮ વર્ષ | ૧૮ વર્ષ થી ઉપર |

---------

**વાઈબ્રન્ટ સમિટ–૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ સેક્ટરમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન**

૧૩૬૨૬ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ અને એપરલ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા,

(૨) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે ?

**જવાબ**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ અને એપરલ સેક્ટરમાં ૧૫૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેશન મંજૂર થયા.

(૨) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ૧૦૭ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા.

(૩) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ૨૪ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

---------

**દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી**

૧૩૬૮૨ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૂગર્ભ ગટર યોજના અન્વયે પ્રથમ તબક્કામાં હાથ ધરેલ સીવર કલેક્ટિંગ સિસ્ટમ તથા આનુસાંગિક કામો માટે દાહોદ નગરપાલિકા માટે રૂ.૭૨૧૪.૫૭ લાખ, ઝાલોદ નગરપાલિકા માટે રૂ.૩૧૫૯.૪૦ લાખ અને દેવગઢબારીયા નગરપાલિકા માટે રૂ.૧૬૮૩.૨૦ લાખ રકમની મંજુરી

આપવામાં આવેલ છે.

જ્યારે STP ની કામગીરી અન્વયે દાહોદ નગરપાલિકા માટે રૂ.૧૯૪૮.૮૪ લાખ, ઝાલોદ નગરપાલિકા માટે રૂ.૭૪૩.૦૬ લાખ અને દેવગઢબારીયા નગરપાલિકા માટે રૂ.૬૪૦.૫૩ લાખની મંજુરી આપવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ ઉકત મંજૂર થયેલ યોજનાના કામો ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજુર થયેલ પ્રથમ તબક્કાના કામો પૂર્ણ થયેલ છે. જ્યારે STP ની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ભૂગર્ભ ગટર યોજનાના કામો અન્વયે દાહોદ નગરપાલિકા માટે રૂ.૭૦૨૫.૮૯ લાખ, ઝાલોદ નગરપાલિકા માટે રૂ.૩૦૧૨.૫૮ લાખ અને દેવગઢબારિયા નગરપાલિકા માટે રૂ.૨૪૦૭.૦૪ લાખ ખર્ચ થયેલ છે.

દાહોદ નગરપાલિકાના STP ના કામો માટે રૂ.૪૭.૦૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) STP ના કામો દાહોદ નગરપાલિકા માટે મે-૨૦૨૦, ઝાલોદ તથા દેવગઢબારીયા નગરપાલિકા માટે જુન ૨૦૨૦ માં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

---------

## ગિફ્ટ સીટીમાં આઈએલએન્ડએફએસનો હિસ્સો

૧૫૯૭૫ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી લિ. (ગિફ્ટ)માં આઈએલએન્ડએફએસનો હિસ્સો કેટલો છે,

(૨) ઉક્ત હિસ્સો રાજ્ય સરકાર દ્વારા ખરીદવાની વિચારણા તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ચાલે છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો તે અન્વયે આઈએલએન્ડએફએસને કેટલી રકમ ચુકવવાની થશે ?

**જવાબ**

(૧) ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી લિ. (ગિફ્ટ) એ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડ (જીયુડીસીએલ) અને ઈન્ફ્રાસ્ટ્રકચર લીઝિંગ એન્ડ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ (આઈએલએન્ડએફએસ)નો સમાન હિસ્સો એટલે કે ૫૦:૫૦ ધરાવતી સંયુકત સાહસ કંપની છે.

(૨) અને (૩) બાબત વિચારણા હેઠળ હોઈ નિર્ણય થયેલ નથી.

---------

## અમદાવાદ જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ

૧૩૫૬૬ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગૌણ ખનીજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવું ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ નાં વર્ષમાં કોઈ આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ઉક્ત ખનીજની જાહેર હરાજી માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) અમદાવાદ જિલ્લામાં ઉક્ત ગૌણ ખનીજની હરાજી માટે કુલ ૧૫ બ્લોક ઈ-ઓકશન પોર્ટલ પર હરાજી માટે મૂકવામાં આવેલ હતા. જે પૈકી ૦૩ બ્લોકસની સફળતાપૂર્વક હરાજી થયેલ છે. અને અન્ય ૧૨ બ્લોકસ હરાજીની પ્રક્રિયા હેઠળ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૩૬૨૦ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) કુલ-૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) કુલ-૩ એકમોને કુલ રૂ.૨૦.૮૯ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે. |

**રાજ્યમાં કાર્યરત કેપ્ટીવ જેટીઓ**

૧૩૬૬૪ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કેટલી કેપ્ટીવ જેટીઓ કાર્યરત છે, અને તે થકી વર્ષ ૨૦૧૮માં કેટલો કાર્ગો પરિવહન થયેલ છે, | (૧) તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૩૩ કેપ્ટીવ જેટીઓ કાર્યરત છે, અને તે થકી વર્ષ ૨૦૧૮માં ૧૭૦૯.૬૮ લાખ ટન કાર્ગો પરિવહન થયેલ છે. |
| (૨) કેપ્ટીવ જેટીની ક્ષમતામાં વધારો કરવા નવી કેપ્ટીવ જેટીઓ સ્થાપવાની કોઈ દરખાસ્ત છે, કેમ, અને | (૨) હા. |
| (૩) જો હા, તો તેના થકી કેપ્ટીવ જેટીની ક્ષમતામાં કેટલો વધારો થશે ? | (૩) તેના થકી કેપ્ટીવ જેટીની ક્ષમતામાં ૪૮ મિલિયન મેટ્રિક ટન પ્રતિ વર્ષ જેટલો સંભવિત વધારો થશે. |

**રાજ્યનાં બંદરો ઉપર માહિતી સંચાર વ્યવસ્થાપન ટેકનોલોજીનું અમલીકરણ**

૧૩૬૫૮ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યનાં બંદરો ઉપર માહિતી સંચાર વ્યવસ્થાપન ટેકનોલોજીના અમલીકરણ માટે કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) તેના અમલીકરણથી શા ફાયદા થનાર છે ? | (૨) રાજ્યના બંદરો ઉપર માહિતી સંચાર વ્યવસ્થાપન ટેકનોલોજીના અમલીકરણ માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા POMS (પોર્ટ ઓપરેશન મોનીટરીંગ સિસ્ટમ) કાર્યાન્વિત કરવામાં આવેલ છે. જેનાથી બંદરીય પ્રવૃત્તિની કાર્યક્ષમતામાં વૃદ્ધિ, બોર્ડના ખર્ચમાં ઘટાડો અને બંદર વપરાશકારોની કામગીરીમાં પણ ઝડપ તથા પારદર્શિતા આવેલ છે. |

---------

**મે. નીપીઆમ ઈન્ફોટેક પ્રા.લિ. ને સેઝ પાર્ક સ્થાપવાની મંજૂરી**

૧૫૯૯૬ **શ્રી કાંતીભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મે.નીપીઆમ ઈન્ફોટેક પ્રા.લી.ને વાઘોડીયા, વડોદરા ખાતે આઈ.ટી./ આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક સ્થાપવા માટે ક્યારે | (૧) ભારત સરકારશ્રીના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજ્ય વિભાગ દ્વારા નીપીઆમ ઈન્ફોટેક પ્રા.લી. ને વાઘોડીયા, વડોદરા ખાતે |

મંજૂરી આપવામાં આવી,

આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨) ઉક્ત આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક કેટલા વિસ્તારમાં નિર્માણ પામનાર છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ આ આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ., સેઝ પાર્ક ક્યા તબક્કે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્કની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવનાર છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરત જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ

૧૩૫૭૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગૌણ ખનીજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવું ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ નાં વર્ષમાં કોઈ આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં ઉક્ત ખનીજની જાહેર હરાજી માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સુરત જિલ્લામાં ઉક્ત ગૌણ ખનીજની હરાજી માટે કુલ ૦૪ બ્લોક આઈડેન્ટીફાય કરવામાં આવેલ જે તમામ ૦૪ બ્લોક તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ હરાજીની પ્રક્રિયા હેઠળ છે.

---------

## અમદાવાદ અને સુરત શહેર અને જિલ્લામાં પકડાયેલ દારૂ

૧૬૪૭૯ **શ્રી જીજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ અને સુરત શહેર અને જિલ્લામાં કેટલો દેશી, વિદેશી દારૂ, બિયર અને ગાંજાનો જથ્થો પકડાયો, અને

(૨) ઉક્ત પકડાયેલ દેશી-વિદેશી દારૂ, બિયર અને ગાંજાની કિંમત કેટલી હતી ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

| **તા.૦૧/૦૫/૨૦૧૭ થી તા.૩૦/૦૪/૨૦૧૮** | | | | |
|---|---|---|---|---|
| **શહેર/જિલ્લો** | **દેશી દારૂ (લિટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો (કિ.ગ્રા./ ગ્રામ/મીલી. ગ્રામ)** |
| અમદાવાદ શહેર | ૯૦,૬૧૨ | ૧,૨૦,૮૩૦ | ૨૨,૨૮૬ | ૩૨ કિલો ૭૩૧ ગ્રામ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૪,૧૪૦ | ૨,૩૯,૫૦૭ | ૩૩,૭૮૭ | ૨ કિલો ૫૧૦ ગ્રામ |
| સુરત શહેર | ૭૩,૮૪૦ | ૩,૦૭,૮૭૯ | ૧૮,૬૫૭ | ૬૬૬ કિલો ૫૫૯ ગ્રામ |
| સુરત ગ્રામ્ય | ૨૫,૪૭૨ | ૩,૭૨,૨૪૩ | ૭૧,૧૪૯ | ૩૭ કિલો ૨૪૦ ગ્રામ |
| **તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૩૦/૦૪/૨૦૧૯** | | | | |
| **શહેર/જિલ્લો** | **દેશી દારૂ (લિટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો (કિ.ગ્રા./ ગ્રામ/મીલી. ગ્રામ)** |
| અમદાવાદ શહેર | ૧,૩૧,૮૭૧ | ૧,૧૯,૬૧૯ | ૧૭,૩૦૭ | ૪૮ કિલો ૪૮૮ ગ્રામ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૩,૬૦૫ | ૨,૨૫,૧૦૮ | ૧૦,૮૫૯ | ૩૯૬ ગ્રામ |
| સુરત શહેર | ૮૨,૯૦૧ | ૧,૯૬,૦૯૮ | ૧૫,૩૯૬ | ૧૭૫ કિલો ૧૪૪ ગ્રામ |
| સુરત ગ્રામ્ય | ૫૫,૩૫૬ | ૪,૧૨,૩૩૮ | ૫૪,૬૪૮ | ૯૮૯ કિલો ૮૬૨ ગ્રામ |

(૨)

| | **તા.૦૧/૦૫/૨૦૧૭ થી તા.૩૦/૦૪/૨૦૧૮** | **તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૩૦/૦૪/૨૦૧૯** |
|---|---|---|

| | | |
|---|---|---|
| દેશી દારૂ (રૂપિયા) | ૫૫,૪૮,૬૪૦ | ૧,૨૨,૨૯,૪૨૯ |
| વિદેશી દારૂ (રૂપિયા) | ૧૫,૭૩,૦૪,૩૪૯ | ૧૫,૨૧,૬૨,૭૯૮ |
| બિયર (રૂપિયા) | ૧,૩૯,૯૧,૫૨૦ | ૧,૨૦,૬૨,૪૨૭ |
| ગાંજો (રૂપિયા) | ૪૩,૧૫,૨૭૪ | ૮૫,૦૭,૩૮૭ |

---------

**કલોલ નગરપાલિકા તરફથી થતી ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

૧૬૨૪૫ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ-૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે એક વખત કલેકટર દ્વારા કલોલ નગરપાલિકા તરફથી થતી ઘન કચરા તથા વ્યવસ્થાપનની કામગીરીનું પુનરવલોકન થતું નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પુનરવલોકન ક્યારે થયું, અને તે પરથી શા સુધારા પગલાં લેવાયા, અને | (૨) ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન નિયમ-૨૦૧૬ અંતર્ગત કલેકટર દ્વારા તા.૧૩-૦૩-૧૯, તા.૧૨-૦૪-૧૯, તા.૦૧-૦૫-૧૯, તા.૧૬-૦૫-૧૯ અને તા.૧૦-૦૬-૧૯ ના રોજ મિટિંગમાં ઘન કચરા વ્યવસ્થાપનની સમીક્ષા કરેલ છે, જે અન્વયે નગરપાલિકા દ્વારા ૫૦ માઇક્રોનથી નીચેની પ્લાસ્ટીક થેલીઓ જપ્ત કરી વહીવટી ચાર્જ રૂ.૨૭૪૫૦/- વસૂલ કરેલ છે. અને પબ્લિક હેલ્થ બાયલોઝ હેઠળ રૂ.૫૦૫૦/- વહીવટી ચાર્જ/દંડ વસૂલ કરેલ છે. |
| (૩) જો હા, તો આવું પુનરવલોકન નહીં કરવા બદલ ઉક્ત ઉક્ત સ્થિતિએ જવાબદાર અમલદાર સામે શું પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બારેજા શહેરની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી**

૧૩૬૭૪ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બારેજા શહેરની ભૂગર્ભ ગટર યોજના માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૂગર્ભ ગટર યોજના અન્વયે પ્રથમ તબક્કામાં હાથ ધરેલ સીવર કલેક્ટિંગ સિસ્ટમ તથા આનુષાગિંક કામો માટે રૂ.૩૩૧૯.૨૩ લાખની મંજૂરી આપવામાં આવેલ છે.<br><br>જ્યારે STP ની કામગીરી માટે રૂ.૫૫૦.૪૬ લાખની મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ યોજનાના કામો ક્યા તબક્કે છે, | (૨) ઉક્ત સ્થિતિ ઉક્ત મંજૂર થયેલ પ્રથમ તબક્કાના કામો સપ્ટેમ્બર-૨૦૧૫ માં પૂર્ણ થયેલ છે. જ્યારે STPની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ રૂ.૨૮૭૭.૧૧ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટે શી | (૪) STPના કામો માટે તા.૨૬-૦૯-૨૦૧૮ના રોજ |

| | |
|---|---|
| કાર્યવાહી કરવામાં આવી ? | વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૩૬૧૪ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૮૭૨ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૮૭૨ એકમોને રૂ.૫૪૧૧.૯૫ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**શેલા ગામ પાસે રસ્તાનું કામ અટકી જવા બાબત**

૧૫૮૭૮ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરની ટી.પી. ૧, ૨ અને ૩ પૈકી ધુમા-શેલા તરફથી ૪૫ મી. પહોળા રસ્તાનું કામ શેલા ગામ પાસે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અટકી ગયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત રસ્તાનું કામ સમયસર પૂર્ણ થાય તે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ માટે શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) સત્તા મંડળ દ્વારા અધિનિયમની કલમ-૬૭ અને ૬૮ની નોટીસો જમીન માલિકશ્રીઓને પાઠવેલ છે, વધુમાં ઉક્ત નોટીસ સંદર્ભે મળેલ અરજદારશ્રીની રજૂઆતો નગર રચના અધિકારીશ્રીને પાઠવી, અધિનિયમની કલમ-૬૯નો હુકમ જે-તે જમીન માલિકશ્રીઓને પાઠવેલ છે. |
| (૩) ઉક્ત રસ્તાનું કામ ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે? | (૩) તા.૧૦-૦૩-૨૦૨૦ સુધી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ**

૧૩૫૮૧ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૧૩૧ |
| (૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૫ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૧,૮૮,૮૮૦ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૧,૮૮,૮૮૦ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? | (૫) ૦૦ |

---------

**વર્ગ-૪ના કર્મચારીઓ માટે કાયમી સરકારી ભરતી**

૧૫૭૯૮ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ વિભાગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વર્ગ-૪નાં કર્મચારીઓ માટે કાયમી સરકારી ભરતી કરવામાં આવે છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો ના, તો તેના કારણો શું છે?

(૨) આઉટસોર્સિંગ મુદ્દા સંબંધે વખતોવખતના ઠરાવથી રાજ્ય સરકારની, ખાતાના વડાની અને તેના તાબા હેઠળની કચેરીઓમાં કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટેની નીતિ નિયત કરવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં એમએસએમઇ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૩૬૨૧ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) કુલ-૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) કુલ-૩ એકમોને કુલ રૂ.૨૦.૮૯ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં મેન્યુફેક્ચરીંગ પોલિસી અંતર્ગત અરજીઓ**

૧૩૬૪૨ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેન્યુફેક્ચરીંગ પોલિસી અંતર્ગત વલસાડ જિલ્લામાં કેટલાં એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેન્યુફેક્ચરીંગ પોલિસી અંતર્ગત વલસાડ જિલ્લામાં ૧ (એક) એકમની અરજી મંજૂર કરવામાં આવી.

(૨) આ એકમો થકી કેટલું મૂડી રોકાણ ઊભું થયું, અને

(૨) આ એકમ થકી રૂ.૬૯૫૩.૬ લાખનું મુડીરોકાણ ઊભું થયું.

(૩) આ એકમો થકી કેટલી રોજગારી ઊભી થયેલ છે?

(૩) આ એકમ થકી ૬૯ રોજગારી ઊભી થયેલ છે.

---------

**અટલ મિશન અમૃત યોજના માટે કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી**

૧૫૯૫૬ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અટલ મિશન ફોર રીજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફર મિશન(અટલ મિશન અમૃત યોજના) માટે કેન્દ્ર સરકાર સમક્ષ કટેલી રકમની માંગણી કરવામાં આવી,

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમૃત યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની રકમની માંગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી.

(રૂ. કરોડમાં)

| વર્ષ | માંગેલ રકમ | રીમાર્કસ |
|---|---|---|
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | - | - |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | ૪૩૫ | તા.૧૯-૧૧-૨૦૧૮ થી પ્રોજેક્ટ ફંડ માટે |

| | | |
|---|---|---|
| | ૨૫.૮૪ | તા.૦૩-૦૮-૨૦૧૮ થી મરામત અને નિભાવણી ખર્ચ માટે |
| **કુલ** | **૪૬૦.૮૪** | |

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) કેન્દ્ર સરકાર દ્વારા વર્ષવાર નીચે મુજબની રકમની ફાળવણી કરવામાં આવી.

(રૂ. કરોડમાં)

| વર્ષ | ફાળવેલ રકમ | રીમાર્કસ |
|---|---|---|
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | - | - |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | ૧૦૪.૭૮ | તા.૩૧-૧૨-૨૦૧૮ થી પ્રોજેક્ટ ફંડ માટે |
| | ૧૩.૭૯ | તા.૨૯-૦૮-૨૦૧૮ થી મરામત અને નિભાવણી ખર્ચ માટે |
| **કુલ** | **૧૧૮.૫૭** | |

(૩) કેન્દ્ર સરકાર દ્વારા રકમ ફાળવવામાં ન આવી હોય તો રકમ મેળવવા શા પ્રયાસો કરવામાં આવ્યા ?

(૩) કેન્દ્ર સરકાર દ્વારા ઉપરોક્ત દર્શાવ્યા મુજબ તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૧૧૮.૫૭ કરોડ ફાળવવામાં આવેલ છે. બાકીની રકમ મેળવવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા અનુક્રમે તા.૨૫-૦૩-૨૦૧૯ અને તા.૧૮-૦૫-૨૦૧૯ના પત્રોથી માંગણી કરવામાં આવેલ છે, જેના પરિણામે ભારત સરકાર દ્વારા તા.૨૧-૦૬-૨૦૧૯ના પત્રથી રૂ.૩૦૯.૮૬ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં પાણીની સમસ્યા

૧૫૬૯૮ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ શહેરમાં પીવાના પાણીની સમસ્યા નિવારવા માટે વિશેષ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે તે હકીકત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત પ્રોજેક્ટ ક્યારથી અમલમાં આવનાર છે, અને

(૨) અટલ મીશન ફોર રીજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મ (અમૃત) યોજના અંતર્ગત જૂનાગઢ શહેરના કુલ-૧૫ ઝોન પૈકી ૧૩ ઝોનના રૂ.૫૨.૪૨ કરોડના ડીપીઆર મંજૂર કરવામાં આવેલ છે જે અન્વયે ૮ ઝોનના ટેન્ડરના વર્ક ઓર્ડર આપવાની કામગીરી પ્રગતિમાં છે,
૧ ઝોનના ભાવો મંજુરી અર્થે તથા ૪ ઝોનના ટેન્ડરની રી-ટેન્ડરીંગ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ માટે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) છેલ્લા બે વર્ષમાં કોઈ ખર્ચ થયેલ નથી.

---------

## મહેસાણા અને પાટણ જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા લીઝોનું ચેકીંગ

૧૫૯૨૧ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| સમયગાળો | જિલ્લાનું નામ | ચેકીંગ તારીખ |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | મહેસાણા | -- |
| | પાટણ | -- |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી | મહેસાણા | ૨૦-૦૬-૨૦૧૮ |

| | | |
|---|---|---|
| તા.૩૧-૦૫-૨૦૧૯ | | ૨૧-૦૬-૨૦૧૮<br>૧૩-૦૨-૨૦૧૯ |
| | પાટણ | ૧૧-૦૬-૨૦૧૮<br>૦૨-૦૮-૨૦૧૮ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમની ખનીજ ચોરી પકડાઈ,

(૨)

| જિલ્લાનું નામ | સમયગાળો | ખનીજ ચોરીની રકમ |
|---|---|---|
| મહેસાણા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | રૂ.૫૫.૬૦ લાખ |
| પાટણ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | રૂ.૩૮.૨૩ લાખ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| કાર્યવાહીની વિગત/સંખ્યા | | |
|---|---|---|
| દંડકીય નોટીસ | દંડકીય વસૂલાત | દંડકીય હુકમ |
| ૦૬ | ૦૬ | ૦૨ |

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી?

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે કોઇ ઇસમ સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવેલ નથી.

**રાજ્યમાં કોસ્ટલ કાર્ગોને ઉત્તેજન આપવા માટે યોજના**

૧૩૬૭૧ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કોસ્ટલ કાર્ગોને ઉત્તેજન આપવા માટેની કોઇ યોજના છે, અને

(૧) જી, હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨)

૧. ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા બંદરીય વપરાશકારો દ્વારા કોસ્ટલ કાર્ગોના વહનમાં વધારો થાય તે માટે શિડ્યુલ ઓફ પોર્ટ ચાર્જીસના કાર્ગો રીલેટેડ ચાર્જમાં જેમ કે વાર્ફેજ દરોમાં ૨૦% ની છૂટ આપેલ હતી. જે ૨૦૧૯ માં વધારીને ૪૦% કરવામાં આવેલ છે. જ્યારે વેસલ રીલેટેડ ચાર્જમાં ફોરેન વેસલની સરખામણીમાં ૫૦% ઉપર છૂટ આપવામાં આવે છે.

૨. ભારત સરકાર દ્વારા ખાદ્ય અનાજ, ખાતર, ફીશરીઝ અને પશુપાલન જેવા કાર્ગોને ફોરેન વેસલ મારફતે કોસ્ટલ વહન કરવા માટે મંજૂરીની પ્રક્રિયાને સરળ બનાવવામાં આવેલ છે. જેમનું ગુજરાત સરકાર દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે. આ યોજનાનો લાભ લેવા માટે બોર્ડ હસ્તકના તમામ બંદરોને બોર્ડ દ્વારા સૂચવેલ છે. તેમજ કોસ્ટલ કાર્ગોને વેગ મળે તે માટે વેપારી એસોશિએશન સાથે એક સંયુક્ત બેઠકનું આયોજન કરેલ હતું. તેમાં થયેલ સૂચન/અભિપ્રાયો મુજબ એક રોડ મેપ તૈયાર કરી જેના આયોજન માટે નીતિ નક્કી કરવાનું વિચારણા હેઠળ છે.

૩. પોરબંદર તથા નવલખી ખાતે કોસ્ટલ કાર્ગોની હેર-ફેર માટે જેટીની સુવિધાઓ વિકસાવવા પર્યાવરણીય અભ્યાસો હાથ ધરવામાં આવેલ છે. આ અભ્યાસો અંતર્ગત પર્યાવરણ અને કોસ્ટલ રેગ્યુલેટરી ઝોનની મંજૂરીની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. આ કામો હાથ ધરવા સારૂ ભાવપત્રકો માંગવામાં આવેલ છે.

૪. વાહન–મુસાફરોના કોસ્ટલ પરિવહન માટે રાજ્ય સરકાર દ્વારા ખંભાતના અખાતમાં દહેજ અને ઘોઘા વચ્ચે રો–પેક્સ ફેરી સર્વિસ ચાલુ કરવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ**

૧૩૫૬૨ **ડૉ.આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં ગૌણ ખનીજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવું ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ નાં વર્ષમાં કોઈ આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ઉક્ત ખનીજની જાહેર હરાજી માટે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) મહેસાણા જિલ્લામાં ઉક્ત ગૌણ ખનીજની હરાજી માટે કુલ ૪૯ બ્લોક ઈ–ઓક્શન પોર્ટલ પર હરાજી માટે મૂકવામાં આવેલ હતા. જે પૈકી ૨૫ બ્લોક્સની સફળતાપૂર્વક હરાજી થયેલ છે. અને અન્ય ૨૪ બ્લોક્સ હરાજીની પ્રક્રિયા હેઠળ છે. |

**અમદાવાદ શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે કામો**

૧૫૯૪૧ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ શહેરમાં કયા કામો કરવાના થાય છે, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ શહેરમાં એરીયા બેઝડ ડેવલપમેન્ટ માટેના ૨૬ અને પાન સીટીના ૪૦ એમ કુલ ૬૬ કામો કરવાના થાય છે. |
| (૨) તે અંતર્ગત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલા કામો કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો બાકી છે, અને | (૨) તે અંતર્ગત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ૨૪ કામો રૂ. ૯૯૩.૭૫ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૪૨ કામો પ્રગતિના વિવિધ તબક્કા હેઠળ છે. |
| (૩) બાકી રહેલા કામો કયાં સુધી પૂર્ણ કરવામાં આવશે? | (૩) બાકી રહેતા કામો સક્ષમ સત્તાની મંજુરી તથા પ્રોજેક્ટની નિયત સમય મર્યાદા અનુસાર તાકિદે પૂર્ણ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. |

---------

**મની લોન્ડરિંગ સેલની કામગીરી**

૧૬૦૧૧ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૦૧–૦૮–૨૦૦૯ના ગૃહ વિભાગના ઠરાવથી રાજ્ય કક્ષાની એન્ટી મની લોન્ડરિંગ સેલની એડીશનલ ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (સીઆઈડી ક્રાઈમ)ના અધ્યક્ષપદે રચના કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સેલ દ્વારા શી કામગીરી કરાઈ, | (૨) જુદા જુદા ૭ કેસોમાં આરોપીઓ વિરૂદ્ધ પ્રિવેન્સન ઓફ મની લોન્ડરીંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવા એનફોર્સમેન્ટ ડાયરેક્ટરને જણાવવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સમયગાળા દરમ્યાન કેટલા ઇસમો પાસેથી કેટલી રકમની મની લોન્ડરીંગ પકડવામાં આવી, અને | (૩) પ્રિવેન્સન ઓફ મની લોન્ડરીંગ એક્ટ હેઠળ મિલકતો ટાંચમાં લેવાની કાર્યવાહી એનફોર્સમેન્ટ ડાયરેક્ટર દ્વારા કરવામાં આવે છે. |
| (૪) મની લોન્ડરીંગ કરનાર કેટલા ઈસમો સામે શું પગલાં લેવામાં આવ્યા? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી અને ડાંગ જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો**

તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

૧૫૯૯૪ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો કુલ કેટલો જથ્થો પકડાયો, અને

(૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની જિલ્લાવાર કિંમત શું છે?

**જવાબ**

(૧)

| જિલ્લા | વિદેશી દારૂનો જથ્થો (બોટલ) | બિયરનો જથ્થો (બોટલ) | દેશી દારૂનો જથ્થો (લિટર) |
|---|---|---|---|
| નવસારી | ૮૩૯૭૫૩ | ૧૩૫૪૮૪ | ૨૬૯૦૫ |
| ડાંગ | ૩૭૯૨૭ | ૫૬૫ | ૧૬૮૯ |

(૨)

| જિલ્લા | વિદેશી દારૂની કિંમત | બિયરની કિંમત | દેશી દારૂની કિંમત |
|---|---|---|---|
| નવસારી | ૭૮૩૯૩૦૧૮ | ૧૩૬૮૫૬૫૬ | ૫૩૮૧૦૦ |
| ડાંગ | ૫૭૫૪૫૬૨ | ૫૬૫૦૦ | ૩૩૭૮૦ |

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ**

૧૫૯૨૪ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખનીજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી કેટલી દંડની રકમ વસૂલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત બાકી રકમ પૈકી, ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ છેલ્લા બે વર્ષથી વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ખનીજ ચોરીના ઈસમો સમયસર રકમ ન ચુકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ |
|---|---|
| સાબરકાંઠા | રૂ. ૭૬૯.૯૨ લાખ |
| અરવલ્લી | રૂ. ૭૭.૭૬ લાખ |

(૨)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ |
|---|---|
| સાબરકાંઠા | રૂ. ૨૬૭.૨૫ લાખ |
| અરવલ્લી | રૂ. ૩૪.૩૪ લાખ |

(૩) અપીલ/રિવિઝન/કોર્ટ કેસ સહિતની તમામ ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસૂલવાની કાર્યવાહી થતી હોય છે.

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ**

૧૩૫૮૨ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડિસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૧૩૧ |
| (૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૫ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૧,૮૮,૮૮૦ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૧,૮૮,૮૮૦ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? | (૫) ૦૦ |

**નર્મદા અને અમદાવાદ જિલ્લામાં નકલી પોલીસ બનીને લાંચ ઉઘરાવતા ઈસમો**

૧૬૦૧૭ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને અમદાવાદ જિલ્લામાં નકલી પોલીસ બનીને ગેરકાયદેસર વાહન ચાલકો પાસેથી પૈસા ઉઘરાવતા, લાંચ ઉઘરાવતા કે પોલીસ કર્મચારીઓને ડરાવતા કેટલા ઈસમોને પકડવામાં આવ્યા, અને

(૧)

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ |
|---|---|
| ૧૭ | ૨૦ |

(૨) આવા નકલી ઈસમો સામાન્ય નાગરિકોને કનડગત ન કરે તે માટે શું પગલાં લેવામાં આવ્યા?

(૨) ફરિયાદ મળ્યેથી તાત્કાલિક ગુનો દાખલ કરવામાં આવે છે તેમજ અધિકારીઓને આ બાબતે સતર્ક રહેવા સૂચના આપવામાં આવેલ છે. તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓને યુનિફોર્મમાં ફરજ બજાવવા સૂચના આપવામાં આવેલ છે.

**સાબરકાંઠા જિલ્લામાં ખનીજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ**

૧૩૫૭૪ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં ખનીજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી અંગે સરકારે ૨૦૧૮-૧૯ના વર્ષમાં કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૮૪.૯૧ લાખ

**અમરેલી જિલ્લામાં ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા જમીન ભાડે આપવા બાબત**

૧૫૮૮૬ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં દરિયા કાંઠે ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા ખાનગી કઈ કંપનીઓ કયા સ્થળે કેટલી જમીન કેટલા સમયથી ભાડા પેટે આપેલ છે, અને

(૧) ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડને સમપરા-૨ ખાતે હે.૪૨૩-૦૦-૬૯ ચો.મી. જમીન ભાડા કરાર અન્વયે તા.૩૦-૦૯-૧૯૯૮ થી તેમજ મે. સ્વાન એલએનજી પ્રા.લી. ને ભાંકોદર ખાતે હે.૪૭-૧૧-૨૧ ચો.મી. જમીન તા.૦૩-૦૧-૨૦૧૭થી ભાડા પેટે આપેલ છે.

(૨) ઉક્ત ખાનગી કંપનીઓ સમય મર્યાદામાં પ્રોજેક્ટ સ્થાપિત ન કરેલ હોય તેવી કઈ કંપની સામે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લીધા?

(૨) ગુજરાત પીપાવાવ પોર્ટ લી. દ્વારા પીપાવાવ બંદરના પ્રથમ તબક્કા અને પ્રથમ તબક્કાના વિસ્તરણ હેઠળની બંદરીય સુવિધાઓ કાર્યાન્વિત કરેલ. પરંતુ, પ્રથમ તબક્કાના બીજા વિસ્તરણ હેઠળની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં વિલંબ કરેલ હોય, કન્સેશન એગ્રીમેન્ટ (કરારનામા) અને બાંધકામ પરવાનગીની જોગવાઈઓ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો**

૧૫૯૬૬ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સીઆરપીસી એક્ટની કલમ ૧૭૪ હેઠળ કેટલા બનાવો નોંધાયા,

(૧)

| જિલ્લા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ |
|---|---|---|
| જામનગર | ૯૧૦ | ૮૫૩ |
| દેવભૂમિ દ્વારકા | ૪૨૮ | ૩૫૭ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા બનાવોની તપાસ પૂર્ણ કરવામાં આવી અને કેટલાની તપાસ ચાલુ છે, અને

(૨)

| જિલ્લા | તપાસ પૂર્ણ | તપાસ ચાલુ |
|---|---|---|
| જામનગર | ૧૫૫૧ | ૨૧૨ |

| | | |
|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૬૬૦ | ૧૨૫ |

(૩) તપાસ પૂર્ણ થઈ હોય તેવા કેટલા બનાવોમાં મેજીસ્ટ્રેટશ્રીની મંજૂરી મેળવવામાં આવેલ?

(૩) ૧૬૯૮

---------

**એલ.એન.જી. કાર્ગો માટે એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજના**

૧૩૬૭૦ **શ્રી વી.ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં લીકવીડીફાય નેચરલ ગેસ કાર્ગો માટે એફ.એસ.આર.યુ. સ્થાપવાની કોઈ યોજના અમલીકરણ હેઠળ છે કે કેમ, અને

(૨) તેનાં અમલીકરણ થી શા ફાયદા થનાર છે?

**જવાબ**

(૧) હા, જી.
અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ભાંકોદર ખાતે લીકવીડીફાય નેચરલ ગેસ (એલ.એન.જી) કાર્ગો માટે ફલોટીંગ સ્ટોરેજ રિગેસીફિકેશન યુનિટ (એફ.એસ.આર.યુ.) સ્થાપવાની યોજના માટે મે. સ્વાન એનર્જી લિમિટેડને પરવાનગી આપવામાં આવેલ છે. આ યોજનાનાં અમલીકરણ માટે તેઓ ધ્વારા મે. સ્વાન એલએનજી પ્રા.લી. નામની કંપનીની રચના કરેલ છે અને હાલ આ યોજનાનું બાંધકામ પ્રગતિમાં છે.

(૨) આ યોજનાના અમલીકરણથી વાર્ષિક ૫+૫ મીલીયન મેટ્રીકટન એલએનજી કાર્ગોની ક્ષમતા ધરાવતું ટર્મિનલ સ્થાપનાર છે, જ્યા એલએનજીને સ્ટોર અને રિગેસીફિકેશન કરી કુદરતી ગેસમાં પરિવર્તિત કરી પાઇપ લાઇન દ્વારા ગેસ ગ્રીડ નેટવર્ક મારફત રાજ્યમાં ઘરેલું વપરાશ તેમજ પરિવહન અને ઔદ્યોગિક એકમોને ગ્રીન ફ્યુઅલ તરીકે સ્વચ્છ અને સસ્તી ઉર્જા પ્રદાન કરી શકાશે તેમજ દેશના અન્ય ૮ રાજ્યો જેમાંના મોટા ભાગનાએ કુદરતી ગેસ બજારમાં પ્રવેશ મેળવ્યો નથી, તેઓને પાઇપ લાઇન દ્વારા કુદરતી ગેસ પૂરો પાડવામાં પણ મદદરૂપ થશે. આ યોજના કુદરતી ગેસના સ્વરૂપમાં સ્વચ્છ ઉર્જાને પ્રોત્સાહન આપશે અને ભારતની આર્થિક વૃદ્ધિની સાથે વધતી ઊર્જાની માંગને પહોંચી વળવામાં મદદરૂપ થશે. સાથોસાથ સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડી તેઓનું સામાજિક સ્તર ઊચું લાવવામાં પણ મદદરૂપ થશે. આમ, આ યોજનાના અમલીકરણથી પર્યાવરણ, ઔદ્યોગિક એકમો, રોજગારી તેમજ આર્થિક અને સામાજિક વિકાસને લગતા ફાયદા થનાર છે.

**વડોદરા અને અમદાવાદ જિલ્લામાં નકલી પોલીસ બનીને લાંચ ઉઘરાવતા ઇસમો**

૧૬૦૧૪ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને અમદાવાદ જિલ્લામાં નકલી પોલીસ બનીને ગેરકાયદેસર વાહન ચાલકો પાસેથી પૈસા ઉઘરાવતા, લાંચ ઉઘરાવતા કે પોલીસ કમર્ચારીઓને ડરાવતા કેટલા ઇસમોને પકડવામાં આવ્યા, અને

(૨) આવા નકલી ઇસમો સામાન્ય નાગરિકોને કનડગત ન કરે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| **તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮** | **તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** |
|---|---|
| ૧૭ | ૨૦ |

(૨) ફરિયાદ મળ્યેથી તાત્કાલિક ગુનો દાખલ કરવામાં આવે છે તેમજ અધિકારીઓને આ બાબતે સતર્ક રહેવા સૂચના આપવામાં આવેલ છે. તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓને યુનિફોર્મમાં ફરજ બજાવવા સૂચના આપવામાં આવેલ છે.

**નર્મદા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ**

૧૩૫૮૪ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન નર્મદા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો

**જવાબ**

(૧) ૪૫

યોજવામાં આવેલ છે,

(૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, (૨) ૫૫

(૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, (૩) ૨,૮૧,૫૫૯

(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને (૪) ૨,૮૧,૫૫૩

(૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે ? (૫) ૬

---------

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા લીઝોનું ચેકીંગ**

૧૬૦૦૨ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| સમયગાળો | જિલ્લો | ચેકીંગ તારીખ |
|---|---|---|
| તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | દાહોદ | ૧૭–૦૧–૨૦૧૮ |
| | છોટાઉદેપુર | ૦૬–૦૬–૨૦૧૭<br>૧૦–૦૫–૨૦૧૮ |
| તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | દાહોદ | --- |
| | છોટાઉદેપુર | ૦૧–૦૬–૨૦૧૮<br>૧૯–૦૧–૨૦૧૯<br>૩૧–૦૧–૨૦૧૯<br>૦૧–૦૨–૨૦૧૯<br>૧૩–૦૨–૨૦૧૯ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમની ખનીજ ચોરી પકડાઈ,

(૨)

| જિલ્લાનું નામ | સમયગાળો | ખનીજ ચોરીની રકમ |
|---|---|---|
| દાહોદ | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | રૂ.૮.૮૪ લાખ |
| | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| છોટાઉદેપુર | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | રૂ.૭૩.૭૬ લાખ |
| | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | રૂ.૭૨૫.૭૩ લાખ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| કાર્યવાહીની વિગત/સંખ્યા | | |
|---|---|---|
| દંડકીય નોટીસ | દંડકીય વસૂલાત | દંડકીય હુકમ |
| ૧૦ | ૪૬ | ૧૪ |

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી?

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે કોઈ ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી નથી.

તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**અમદાવાદ શહેરમાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૬૪૬૧ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે? | (૨) ૫૩૨૧ |

---------

**બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં દારૂ વેચાણના કેસો**

૧૫૯૦૮ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ વેચાણના કેટલા કેસો નોંધાવામાં આવ્યા,

(૧)

| જિલ્લા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | દેશી દારૂ | વિદેશી દારૂ | દેશી દારૂ | વિદેશી દારૂ |
| બનાસકાંઠા | ૧૭૮૩ | ૩૨૩ | ૧૯૭૬ | ૩૪૬ |
| મહેસાણા | ૧૯૦૩ | ૩૮૬ | ૨૦૪૪ | ૫૨૦ |

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૨)

| જિલ્લા | પકડાયેલ આરોપીઓ | પકડવાના બાકી |
|---|---|---|
| બનાસકાંઠા | ૪૪૯૬ | ૧૯૯ |
| મહેસાણા | ૪૯૩૧ | ૧૬ |

(૩) બાકી આરોપીઓ પૈકી છ માસ કરતાં વધુ અને એક વર્ષ કરતાં વધુ સમયથી પકડવાના આરોપીઓ કેટલા છે, અને

(૩) છ માસ કરતા વધુ ૫૪ અને એક વર્ષ કરતા વધુ સમયથી ૪૨ આરોપીઓ પકડવાના બાકી છે.

(૪) રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે?

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઇ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઇ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલો દંડની જોગવાઇ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઇ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાલતમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત

જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઇવનું આયોજન કરી, આવા ઇસમો વિરુદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરુદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન-૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

---------

**વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૯માં થયેલ એમ.ઓ.યુ.**

૧૫૯૧૮ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૯ માં કેટલી રકમના એમઓયુ થયા, અને | (૧) વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૯માં સુચિત મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૯માં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૯માં કુલ રૂ.૭૭,૯૦,૫૦,૬૭૧.૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે. (અન્વેષણને આધિન) |

---------

**અમદાવાદ અને મહિસાગર જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો**

૧૫૯૩૬ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો કુલ કેટલો જથ્થો પકડાયો, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | વિદેશી દારૂ (બોટલ) | બિયર (બોટલ) | દેશી દારૂ (લિટર) |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૨,૩૮,૩૬૪ | ૩૭,૮૨૪ | ૧,૯૩,૦૪૭ |
| અમદાવાદ ગ્રામ્ય | ૪,૭૨,૮૨૩ | ૪૪,૩૯૫ | ૩૧,૭૪૧ |
| મહિસાગર | ૧,૪૮,૫૭૯ | ૨૬,૮૬૭ | ૮,૧૦૨ |

**પ્રશ્ન**

(૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની જિલ્લાવાર કિંમત શું છે?

**જવાબ**

(૨)

| જિલ્લો | વિદેશી દારૂ (રૂપિયા) | બિયર (રૂપિયા) | દેશી દારૂ (રૂપિયા) |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૮,૩૫,૮૫,૩૯૧ | ૪૧,૮૪,૩૦૪ | ૩૮,૬૦,૯૪૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૮,૦૯,૬૫,૪૫૮ | ૧,૩૦,૧૨,૯૦૯ | ૬,૩૪,૮૨૦ |
| મહિસાગર | ૧,૩૨,૯૯,૬૫૯ | ૨૯,૬૦,૮૯૦ | ૧,૬૨,૦૪૦ |

---------

**ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ**

૧૩૫૭૯ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન ગાંધીનગર | (૧) ૩૨ |

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે,

(૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, — (૨) ૫૫

(૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, — (૩) ૧,૨૨,૪૬૨

(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને — (૪) ૧,૨૨,૪૬૨

(૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે ? — (૫) ૦

---------

## ભાવનગર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ

૧૩૫૭૦ **શ્રી આર. સી. મકવાણા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યમાં ગૌણ ખનીજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવું ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ નાં વર્ષમાં કોઈ આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ઉક્ત ખનીજની જાહેર હરાજી માટે શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) ભાવનગર જિલ્લામાં ઉક્ત ગૌણ ખનીજની હરાજી માટે કુલ ૨૦ બ્લોક ઈ-ઓક્શન પોર્ટલ પર હરાજી માટે મૂકવામાં આવેલ હતા. જે પૈકી ૧૫ બ્લોક્સની સફળતાપૂર્વક હરાજી થયેલ છે અને અન્ય ૦૫ બ્લોક્સ હરાજીની પ્રક્રિયા હેઠળ છે.

---------

## જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો

૧૫૯૭૦ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લામાં સીઆરપીસી એક્ટની કલમ ૧૭૪ હેઠળ કેટલા બનાવો નોંધાયા,

(૧)

| જિલ્લા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ |
|---|---|---|
| જૂનાગઢ | ૮૨૬ | ૬૯૮ |
| ગીર-સોમનાથ | ૩૫૧ | ૩૭૭ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા બનાવોની તપાસ પૂર્ણ કરવામાં આવી અને કેટલાની તપાસ ચાલુ છે, અને

(૨)

| જિલ્લા | તપાસ પૂર્ણ | તપાસ ચાલુ |
|---|---|---|
| જૂનાગઢ | ૧૦૧૪ | ૫૧૦ |
| ગીર-સોમનાથ | ૪૩૧ | ૨૯૭ |

(૩) તપાસ પૂર્ણ થઈ હોય તેવા કેટલા બનાવોમાં મેજીસ્ટ્રેટશ્રીની મંજૂરી મેળવવામાં આવેલ ? — (૩) ૮૩૮

---------

## બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્યો

૧૬૪૮૯ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : સભાગૃહમાં તા.૨૭-૦૨-૨૦૧૮ના રોજ રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૧૮૯૨ (અગ્રતા-૧૪૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સન ૨૦૧૭માં ખૂન, લૂંટ, ચોરી, ધાડ, અપહરણ અને બળાત્કારના બનેલા ગુન્હાઓ પૈકી ૭૨ ગુન્હાના આરોપીઓ પકડવાના બાકી છે અને ૧૫ આરોપીઓ ભાગેડુ જાહેર થયા છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી

(૨) જો હા, તો તા.૧૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ ઉપરોક્ત પૈકી પકડવાના બાકી અને ભાગેડુ જાહેર થયેલા કેટલા આરોપીઓ પકડવાના બાકી છે, અને

(૨) ૨૬ ગુન્હામાં આરોપીઓને પકડવાના બાકી છે અને ૧૦ આરોપીઓ ભાગેડુ જાહેર થયા છે.

(૩) બાકી રહેલા તમામ આરોપીઓને ક્યાં સુધીમાં પકડવામાં આવનાર છે?

(૩) બાકી રહેલ આરોપીઓને પકડવા સારૂં જિલ્લાના થાણા ઈન્ચાર્જ, પોલીસ ઈન્સ્પેક્ટર લોકલ ક્રાઈમ બ્રાન્ચે નાસતા–ફરતા આરોપીઓ બાબતે હકીકત મેળવી પકડી પાડવા તથા નાઈટ રાઉન્ડ દરમ્યાન આરોપીઓ મળી આવવાના સંભવિત સ્થળોએ ચેક કરી મળી આવ્યેથી પકડી પાડવા સૂચના કરવામાં આવેલ છે.

---------

**વાઈબ્રન્ટ સમિટ–૨૦૧૯માં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા બાબત**

૧૫૯૧૧ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વાઈબ્રન્ટ સમિટ–૨૦૧૯ પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા રાજ્ય સરકારે ક્યા દેશોને ઓફર મોકલેલ, અને

(૨) તે અન્વયે ક્યા દેશોએ ઓફર સ્વીકારેલ અને ક્યા દેશોએ ઓફરનો અસ્વીકાર કરેલ ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૯ પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા રાજ્ય સરકારે નીચે મુજબના ૨૫ દેશોને ઓફર મોકલેલ.

| | | | |
|---|---|---|---|
| ૧. | ઓસ્ટ્રેલીયા | ૨. | બ્રાઝીલ |
| ૩. | કેનેડા | ૪. | ડેનમાર્ક |
| ૫. | ફ્રાન્સ | ૬. | જર્મની |
| ૭. | જાપાન | ૮. | કોરિયા |
| ૯. | ઓમાન | ૧૦. | મલેશિયા |
| ૧૧. | નેધરલેન્ડ | ૧૨. | પોલેન્ડ |
| ૧૩. | રશિયા | ૧૪. | સિંગાપુર |
| ૧૫. | સાઉથ આફ્રિકા | ૧૬. | સ્વિડન |
| ૧૭. | થાઈલેન્ડ | ૧૮. | યુ.એ.ઈ. (દુબઈ) |
| ૧૯. | યુ.એસ.એ. (અમેરિકા) | ૨૦. | યુ.કે. (બ્રિટન) |
| ૨૧. | ચેક રિપબ્લિક | ૨૨. | નોર્વે |
| ૨૩. | ઈથોપિયા | ૨૪. | ઉઝબેકિસ્તાન |
| ૨૫. | મોરક્કો | | |

(૨) તે અન્વયે નીચે મુજબના ૧૫ દેશોએ ઓફર સ્વીકારેલ અને ૧૦ દેશોએ ઓફરનો અસ્વીકાર કરેલ.

| **ઓફરનો સ્વીકાર કરેલ દેશો** | | **ઓફરનો અસ્વીકાર કરેલ દેશો** | |
|---|---|---|---|
| ૧. | ઓસ્ટ્રેલીયા | ૧. | યુ.કે. (બ્રિટન) બ્રાઝીલ |
| ૨. | કેનેડા | ૨. | સિંગાપુર |
| ૩. | ચેક રિપબ્લિક | ૩. | મલેશિયા |
| ૪. | ડેનમાર્ક | ૪. | ઓમાન |
| ૫. | ફ્રાન્સ | ૫. | યુ.એસ.એ. (અમેરિકા) |
| ૬. | જાપાન | ૬. | સ્વિડન |
| ૭. | મોરક્કો | ૭. | રશિયા |
| ૮. | નોર્વે | ૮. | ઈથોપિયા |
| ૯. | પોલેન્ડ | ૯. | બ્રાઝિલ |
| ૧૦. | સાઉથ આફ્રિકા | ૧૦. | જર્મની |
| ૧૧. | કોરિયા | | |
| ૧૨. | થાઈલેન્ડ | | |
| ૧૩. | નેધરલેન્ડ | | |
| ૧૪. | યુ.એ.ઈ. (દુબઈ) | | |
| ૧૫. | ઉઝબેકિસ્તાન | | |

---------

**રાજ્યમાં કાર્યરત કેપ્ટીવ જેટીઓ**

૧૩૬૫૯ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલી કેપ્ટીવ જેટીઓ કાર્યરત છે, અને તે થકી વર્ષ ૨૦૧૮માં કેટલો કાર્ગો પરિવહન થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નવા એલ.પી.જી. ટર્મિનલ વિકસાવવાનું કોઈ આયોજન છે ?

(૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કુલ ૩૩ કેપ્ટીવ જેટીઓ કાર્યરત છે, અને તે થકી વર્ષ ૨૦૧૮માં ૧૭૦૯.૬૮ લાખ ટન કાર્ગો પરિવહન થયેલ છે.

(૨) હા.

---------

**રાજ્યની મહાનગરપાલિકાઓમાં કોમન જીડીસીઆર લાગુ પાડવા બાબત**

૧૫૮૮૭ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની આઠ મહાનગરપાલિકાઓ કોમન જનરલ ડેવલોપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન એક સરખો લાગુ પાડવામાં આવેલ છે કે દરેક મહાનગરપાલિકાઓમાં જીડીસીઆરના નિયમો અલગ અલગ છે,

(૨) જો દરેક મહાનગરપાલિકાઓમાં જીડીસીઆરના નિયમો અલગ અલગ હોય તો તેના કારણો શા છે, અને

(૩) રાજ્યની તમામ મહાનગરપાલિકાઓમાં કોમન જીડીસીઆર ક્યાં સુધીમાં લાગુ પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૧૨-૧૦-૨૦૧૭ થી એકસરખા નિયમો લાગુ પાડવામાં આવેલ છે.

(૨) કેટલીક જોગવાઈઓ જે તે શહેરના પરંપરાગત વિકાસને કારણે અલગ છે.

(૩) તા.૧૨-૧૦-૨૦૧૭ થી લાગુ પાડવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં કાર્યરત કેપ્ટીવ જેટીઓ**

૧૩૬૬૧ **શ્રી અરવિંદ રાણા** (સુરત-પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલી કેપ્ટીવ જેટીઓ કાર્યરત છે અને તે થકી વર્ષ ૨૦૧૮માં કેટલો કાર્ગો પરિવહન થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નવા એલ.પી.જી. ટર્મિનલ વિકસાવવાનું કોઈ આયોજન છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કુલ ૩૩ કેપ્ટીવ જેટીઓ કાર્યરત છે અને તે થકી વર્ષ ૨૦૧૮માં ૧૭૦૯.૬૮ લાખ ટન કાર્ગો પરિવહન થયેલ છે.

(૨) હા.

---------

**ગાંધીનગર અને પંચમહાલ જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો**

૧૫૯૩૨ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો કુલ કેટલો જથ્થો પકડાયો, અને

(૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની જિલ્લાવાર કિંમત શું છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | વિદેશી દારૂ (બોટલ) | બિયર (બોટલ) | દેશી દારૂ (લિટર) |
|---|---|---|---|
| ગાંધીનગર | ૩,૨૦,૦૪૭ | ૪૪,૯૭૫ | ૩૨,૩૧૨ |
| પંચમહાલ | ૩,૯૫,૧૭૮ | ૭૫,૮૧૬ | ૨૫,૬૨૩ |

(૨)

| જિલ્લો | વિદેશી દારૂ (રૂપિયા) | બિયર (રૂપિયા) | દેશી દારૂ (રૂપિયા) |
|---|---|---|---|
| ગાંધીનગર | ૯,૯૯,૪૧,૬૭૮ | ૪૫,૦૭,૫૪૨ | ૬,૪૬,૨૪૦ |
| પંચમહાલ | ૫,૧૪,૯૯,૭૩૫ | ૭૫,૮૧,૬૦૦ | ૫,૧૨,૪૬૦ |

---------

**કે. જી. બેઝીનમાં કરેલ ખર્ચ**

૧૫૮૬૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જીએસપીસી સંચાલિત કે. જી. બેઝીનમાં રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) કેજી બ્લોકમાં રાજ્ય સરકાર દ્વારા પ્રત્યક્ષ રીતે કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી. કેજી બ્લોક ને લગતો તમામ ખર્ચ જીએસપીસી અને તેના ભાગીદારો દ્વારા જ કરવામાં આવ્યો છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ જીએસપીસી કંપનીએ અન્ય કોઈ કંપનીઓ સાથે ભાગીદારીના કરાર કર્યા છે કે કેમ, (૩) જો હા, તો કઈ કંપની સાથે ભાગીદારીના કરાર કર્યા છે અને ભાગીદારીમાં શું હિસ્સો આપવામાં આવ્યો છે, | (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ કોઈ ભાગીદારી ના કરાર કરવામાં આવેલ નથી. કેજી બ્લોકના સંચાલન અર્થે હાલમાં લાગુ પડતા જોઈન્ટ ઓપરેટીંગ એગ્રીમેન્ટ પ્રમાણે કેજી બ્લોકમાં હાલ ઓએનજીસી (સંચાલક) નો ૮૦% હિસ્સો, જીએસપીસી નો ૧૦% હિસ્સો અને જ્યુબીલાન્ટ નો ૧૦ % હિસ્સો છે. |
| (૪) જે કંપનીઓને જેટલા ટકા હિસ્સો આપવામાં આવ્યો તેની સામે જીએસપીસી દ્વારા પ્રોજેક્ટમાં થયેલ કુલ ખર્ચ સામે કેટલી રકમ કઈ રીતે ભાગીદારો પાસેથી લેવાની નક્કી કરેલ છે, અને | (૪) ઉપર જણાવ્યા મુજબ કેજી બ્લોકના સંચાલન અર્થે હાલમાં લાગુ પડતા જોઈન્ટ ઓપરેટીંગ એગ્રીમેંન્ટ પ્રમાણે કેજી બ્લોકમાં હાલ ઓએનજીસી (સંચાલક) નો ૮૦% હિસ્સો, જીએસપીસી નો ૧૦% હિસ્સો અને જ્યુબીલાન્ટ નો ૧૦ % હિસ્સો છે. ઓએનજીસી દ્વારા દરેક હિસ્સેદાર પર તેમના હિસ્સો નો કેશ કોલ રજુ કરવામાં આવે છે. |
| (૫) જો ના, તો ભાગીદારો પાસેથી આવી રકમ ન લેવાના કારણો શું છે ? | (૫) ઉપર જણાવ્યા મુજબ ઓએનજીસી દ્વારા દરેક હિસ્સેદાર પર તેમના હિસ્સાનો કેશ કોલ રજૂ કરવામાં આવે છે. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ**

૧૩૫૫૮ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગૌણ ખનીજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવું ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં કોઈ આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ઉક્ત ખનીજની જાહેર હરાજી માટે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) છોટાઉદેપુર જિલ્લામાં ઉક્ત ગૌણ ખનીજની હરાજી માટે કુલ ૧૩૯ બ્લોક ઈ-ઓક્શન પોર્ટલ પર હરાજી માટે મૂકવામાં આવેલ હતા. જે પૈકી ૨૨ બ્લોકની સફળતાપૂર્વક હરાજી થયેલ છે અને અન્ય ૧૧૭ બ્લોક હરાજીની પ્રક્રિયા હેઠળ છે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ખનીજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ**

૧૩૫૭૫ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખનીજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી અંગે સરકારે ૨૦૧૮-૧૯ ના વર્ષમાં કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૮૪.૯૧ લાખ |

---------

**રાજ્ય બંદરો પર માહિતી સંચાર વ્યવસ્થાપન ટેક્નોલોજીનું અમલીકરણ**

તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

૧૩૬૫૬ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યનાં બંદરો ઉપર માહિતી સંચાર વ્યવસ્થાપન ટેક્નોલોજીના અમલીકરણ માટે કોઈ આયોજન છે, કે કેમ અને | (૧) હા. જી. |
| (૨) તેના અમલીકરણ ના શા ફાયદા થનાર છે ? | (૨) રાજ્યના બંદરો ઉપર માહિતી સંચાર વ્યવસ્થાપન ટેક્નોલોજીના અમલીકરણ માટે ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા POMS (પોર્ટ ઓપરેશન મેનેજમેન્ટ સિસ્ટમ) કાર્યાન્વિત કરવામાં આવેલ છે. જેનાથી બંદરીય પ્રવૃત્તિની કાર્યક્ષમતામાં વૃદ્ધિ, બોર્ડના ખર્ચમાં ઘટાડો અને બંદર વપરાશકારોની કામગીરીમાં પણ ઝડપ તથા પારદર્શિતા આવેલ છે. |

---------

**વાઈબ્રન્ટ સમિટ–૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ સેક્ટરમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન**

૧૩૬૨૭ **શ્રી કનુભાઇ દેસાઇ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ અને એપરલ સેક્ટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા, | (૧) વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ અને એપરલ સેક્ટરમાં ૧૫૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા. |
| (૨) તે પૈકી તા. ૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા, અને | (૨) તે પૈકી તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ૧૦૭ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા. |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રોજક્ટો અમલીકરણ હેઠળ છે? | (૩) તે પૈકી તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ૨૪ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં એમએસએમઇ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૩૬૧૭ **શ્રી ભીખાભાઇ બારૈયા** (પાલિતાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૧૭ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) ૨૧૭ એકમોને રૂ.૧૧૨૦.૮૦ લાખ રકમનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**કચ્છ જિલ્લામાં દાણચોરીના બનાવો**

૧૫૮૫૫ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં દાણ ચોરીના કેટલા બનાવો નોંધાયા, | (૧) શૂન્ય માહિતી |
| (૨) ઉક્ત વર્ષવાર કેટલી રકમની કયા પ્રકારની દાણચોરી પકડવામાં આવી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) તે પૈકી કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ ઇસમોની ધરપકડ કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**છોટાઉદેપુર અને આણંદ જિલ્લામાં બાળ તસ્કરી**

૧૫૯૮૭ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર બાળ તસ્કરીના ગુના હેઠળ કેટલા ઇસમોની ધરપકડ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી,

(૨) આવા તસ્કરી કરાયેલ કેટલા બાળકોને છોડાવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પકડવામાં આવેલ ઇસમોએ કેટલા બાળકોની તસ્કરી કરી હોવાનું કબુલ્યુ?

**જવાબ**

(૧), (૨) અને (૩) આ પ્રકારના ગુના નોંધાયેલ ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો**

૧૫૯૧૫ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો કુલ કેટલો જથ્થો પકડાયો, અને

(૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની જિલ્લાવાર કિંમત શું છે?

**જવાબ**

(૧)

| **જિલ્લા** | **વિદેશી દારૂ(બોટલ)** | **બિયર (બોટલ)** | **દેશી દારૂ (લિટર)** |
|---|---|---|---|
| પાટણ | ૧,૬૭,૩૧૬ | ૧૦,૪૯૩ | ૫૦,૭૮૦ |
| મહેસાણા | ૩,૭૭,૦૩૯ | ૨૧,૦૧૦ | ૨૨,૪૨૩ |

(૨)

| **જિલ્લા** | **વિદેશી દારૂની કિંમત (રૂપિયા)** | **બિયરની કિંમત (રૂપિયા)** | **દેશી દારૂની કિંમત (રૂપિયા)** |
|---|---|---|---|
| પાટણ | ૨,૫૧,૯૩,૦૪૪ | ૧૦,૨૮,૩૦૦ | ૪,૧૫,૬૦૦ |
| મહેસાણા | ૬,૯૯,૪૧,૯૭૯ | ૨૬,૧૫,૨૮૦ | ૪,૪૮,૪૬૦ |

---------

**રાજ્ય બહારની રીફાઇનરીઓને બંદરીય સુવિધા માટે મંજૂરી**

૧૩૬૬૭ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય બહારની કેટલી રીફાઇનરીઓને બંદરીય સુવિધા માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી રીફાઇનરીઓએ બંદરીય સુવિધાઓ વિકસાવેલ છે, અને

(૩) નવી બંદરીય સુવિધાઓ વિકસાવવા કેટલી રીફાઇનરીઓની દરખાસ્ત મળેલ છે ?

**જવાબ**

(૧) ૪ (ચાર)

(૨) ૪ (ચાર)

(૩) ૨ (બે)

---------

**રાજકોટ જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૧૩૬૦૫ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

## તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નો

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન રાજકોટ જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે,

(૧) ૧૪

(૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી,

(૨) ૫૩

(૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી,

(૩) ૨૫,૬૯૧

(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૪) ૨૫,૬૯૧

(૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે ?

(૫) ૦

---------

### છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો

૧૬૦૦૯ **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં સીઆરપીસી એક્ટની કલમ ૧૭૪ હેઠળ કેટલા બનાવો નોંધાયા,

(૧)

| **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** |
|---|---|
| ૨૯૧ | ૩૩૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા બનાવોની તપાસ પૂર્ણ કરવામાં આવી અને કેટલાની તપાસ ચાલુ છે, અને

(૨)

| **જિલ્લા** | **તપાસ પૂર્ણ કરી** | **તપાસ ચાલુ** |
|---|---|---|
| છોટાઉદેપુર | ૨૭૭ | ૬૮ |
| નર્મદા | ૨૨૯ | ૫૦ |

(૩) તપાસ પૂર્ણ થઈ હોય તેવા કેટલા બનાવોમાં મેજીસ્ટ્રેટશ્રીની મંજૂરી મેળવવામાં આવેલ ?

(૩) ૨૧૫

---------

### અમરેલી અને ભાવનગર જિલ્લામાં દારૂ વેચાણના કેસો

૧૫૯૭૮ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ વેચાણના કેટલા કેસો નોંધવામાં આવ્યા,

(૧)

| **જિલ્લા** | **તા. ૦૧–૦૬–૨૦૧૭ થી તા. ૩૧–૦૫–૨૦૧૮** | | **તા. ૦૧–૦૬–૨૦૧૮ થી તા. ૩૧–૦૫–૨૦૧૯** | |
|---|---|---|---|---|
| | **દેશી દારૂ** | **વિદેશી દારૂ** | **દેશી દારૂ** | **વિદેશી દારૂ** |
| અમરેલી | ૯૨૬ | ૧૫૦ | ૧૧૦૧ | ૨૪૧ |

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૨)

| **જિલ્લા** | **પકડાયેલ આરોપી** | **પકડવાના બાકી આરોપી** |
|---|---|---|
| અમરેલી | ૨૯૧૩ | ૩૦ |
| ભાવનગર | ૧૦૭૫ | ૧૪ |

(૩) બાકી આરોપીઓ પૈકી છ માસ કરતાં વધુ અને એક વર્ષ કરતાં વધુ સમયથી પકડવાના આરોપીઓ કેટલા છે, અને

(૩) છ માસ કરતા વધુ ૯ અને એક વર્ષ કરતાં વધુ સમયથી ૬ આરોપી છે.

(૪) રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે?

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ–વેચાણ અને હેર–ફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ. ૫ લાખ સુધીનો દંડની જોગવાઇ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઇ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ. ૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઇ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઇ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ આવા પોલીસ દ્ધારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાલતમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઇ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્ધામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્ત અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા–ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશિયલ ડ્રાઇવનું આયોજન કરી, આવા ઇસમો વિરૂધ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂધ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન – ૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

## ગાંધીનગર જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ

૧૩૫૯૯ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૦૬ |
| (૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૩ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૧૯,૨૩૬ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૧૯,૨૩૬ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે ? | (૫) ૦ |

## વલસાડ જિલ્લામાં મેન્યુફેકચરીંગ પોલિસી અંતર્ગત અરજીઓ

૧૩૬૪૧ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેન્યુફેકચરીંગ પોલિસી અંતર્ગત વલસાડ જિલ્લામાં કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેન્યુફેકચરીંગ પોલિસી અંતર્ગત વલસાડ જિલ્લામાં ૧ (એક) એકમની અરજી મંજૂર કરવામાં આવી. |
| (૨) આ એકમો થકી કેટલું મૂડી રોકાણ ઊભું થયું, અને | (૨) આ એકમ થકી રૂ.૬૯૫૩.૬ લાખનું મૂડીરોકાણ ઊભું થયું. |
| (૩) આ એકમઓ થકી કેટલી રોજગારી ઊભી થયેલ છે? | (૩) આ એકમ થકી ૬૯ રોજગારી ઊભી થયેલ છે. |

---------

## દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી

૧૩૬૮૧ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૂગર્ભ ગટર યોજના અન્વયે પ્રથમ તબક્કામાં હાથ ધરેલ સીવર કલેક્ટિંગ સિસ્ટમ તથા આનુસાંગિક કામો માટે દાહોદ નગરપાલિકા માટે રૂ.૭૨૧૪.૫૭ લાખ, ઝાલોદ નગરપાલિકા માટે રૂ.૩૧૫૯.૪૦ લાખ અને દેવગઢબારીયા નગરપાલિકા માટે રૂ.૧૬૮૩.૨૦ લાખ રકમની મંજૂરી આપવામાં આવેલ છે.<br>જ્યારે STPની કામગીરી અન્વયે દાહોદ નગરપાલિકા માટે રૂ.૧૯૪૮.૮૪ લાખ, ઝાલોદ નગરપાલિકા માટે રૂ.૭૪૩.૦૬ લાખ અને દેવગઢબારીયા નગરપાલિકા માટે રૂ.૬૪૦.૫૩ લાખ મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત મંજૂર થયેલ યોજનાના કામો ક્યા તબક્કે છે, | (૨) ઉક્ત સ્થિતિ ઉક્ત મંજૂર થયેલ પ્રથમ તબક્કાના કામો પૂર્ણ થયેલ છે. જ્યારે STPની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ ભૂગર્ભ ગટર યોજનાના કામો અન્વયે દાહોદ નગરપાલિકા માટે રૂ.૭૦૨૫.૮૯ લાખ, ઝાલોદ નગરપાલિકા માટે રૂ.૩૦૧૨.૫૮ લાખ અને દેવગઢબારીયા નગરપાલિકા માટે રૂ.૨૪૦૭.૦૪ લાખ ખર્ચ થયેલ છે.<br>દાહોદ નગરપાલિકાના STPના કામો માટે રૂ.૪૭.૦૧ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) STPના કામો માટે દાહોદ નગરપાલિકા માટે મે-૨૦૨૦, ઝાલોદ તથા દેવગઢબારીયા નગરપાલિકા માટે જૂન-૨૦૨૦ માં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં નવીન પોલીસ ચોકીની માંગણીઓ**

૧૫૩૦૩ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં કેટલી નવી પોલીસ ચોકી અને કેટલા નવા આઉટ પો.સ્ટેશનોની માંગણી મળી, અને | (૧) ઉક્ત સ્થિતિએ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા ૧ (એક) નવી પોલીસ ચોકી, ૧ (એક) નવીન આઉટ પોસ્ટ શરૂ કરવા તથા એક પોલીસ સબ ઈન્સ્પેકટર કક્ષાના પોલીસ સ્ટેશનને પોલીસ ઈન્સ્પેકટર કક્ષામાં અપગ્રેડ કરવાની દરખાસ્ત મળેલ છે. |
| (૨) તે પૈકી કઈ કઈ જગ્યાએ કેટલી માંગણીઓ મંજૂર કરી ? | (૨) તે પૈકી શહેરા પોલીસ સબ ઈન્સ્પેકટર કક્ષાના પોલીસ સ્ટેશનને પોલીસ ઈન્સ્પેકટર કક્ષામાં અપગ્રેડ કરવાની માંગણી મંજૂર કરેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ**

૧૩૬૦૬ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન રાજકોટ જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૧૪ |
| (૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૩ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૨૫,૬૯૧ |

(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને — (૪) ૨૫,૬૯૧

(૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે ? — (૫) ૦

---------

**કચ્છ અને ભાવનગર જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો**

૧૫૯૦૪ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો કુલ કેટલો જથ્થો પકડાયો, અને

(૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની જિલ્લાવાર કિંમત શું છે ?

**જવાબ**

(૧)

| **જિલ્લા** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **દેશી દારૂ (લિટર)** |
|---|---|---|---|
| કચ્છ | ૩,૫૨,૦૯૬ | ૫૬,૦૨૩ | ૭૧,૪૭૦ |
| ભાવનગર | ૧,૭૦,૮૫૬ | ૨૦,૯૭૯ | ૭૪,૮૪૯ |

(૨)

| **જિલ્લા** | **વિદેશી દારૂની કિંમત (રૂપિયા)** | **બિયરની કિંમત (રૂપિયા)** | **દેશી દારૂની કિંમત (રૂપિયા)** |
|---|---|---|---|
| કચ્છ | ૯,૧૬,૫૫,૩૬૯ | ૮૪,૩૧,૬૦૦ | ૧૩,૨૦,૨૦૦ |
| ભાવનગર | ૪,૧૫,૯૦,૮૭૬ | ૧૭,૧૦,૫૧૦ | ૧૪,૯૭,૧૦૦ |

---------

**વાઈબ્રન્ટ સમિટ–૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ સેકટરમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન**

૧૩૬૩૮ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ અંતર્ગત ટુરીઝમ એન્ડ સિવિલ એવીએશન સેકટરમાં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા,

(૨) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલા પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે ?

**જવાબ**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ– ૨૦૧૭ અંતર્ગત ટુરીઝમ એન્ડ સિવિલ એવીએશન સેકટરમાં ૧૬૨ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયા,

(૨) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ૨૬ પ્રોજેકટો ઉત્પાદનમાં ગયા.

(૩) તે પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ૭૭ પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે.

---------

**તાપી અને સુરત જિલ્લામાં દારૂ વેચાણના કેસો**

૧૬૦૨૮ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ વેચાણના કેટલા કેસો નોંધવામાં આવ્યા,

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૩) બાકી આરોપીઓ પૈકી છ માસ કરતાં વધુ અને એક વર્ષ કરતાં વધુ સમયથી પકડવાના આરોપીઓ

**જવાબ**

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮** | | **તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯** | |
|---|---|---|---|---|
| | **દેશી દારૂ** | **વિદેશી દારૂ** | **દેશી દારૂ** | **વિદેશી દારૂ** |
| તાપી | ૬૭૨ | ૩૦૮ | ૯૧૮ | ૨૫૨ |
| સુરત શહેર | ૭૯૩૯ | ૨૩૧૮ | ૮૬૦૭ | ૨૦૦૧ |

(૨)

| **જિલ્લા** | **પકડાયેલ આરોપી** | **પકડવાના બાકી** |
|---|---|---|
| તાપી | ૨૩૦૦ | ૪૬ |
| સુરત શહેર | ૨૧૯૪૪ | ૩૮ |
| સુરત ગ્રામ્ય | ૬૪૭૬ | ૨૪૮ |

(૩) છ માસ કરતા વધુ ૧૪૪ અને એક વર્ષ કરતા વધુ ૫૬ આરોપીઓ છે.

કેટલા છે, અને

(૪) રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે ?

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ–વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઈ જતાં વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાલતમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા–ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરૂદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન–૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દારૂ વેચાણના કેસો**

૧૫૯૬૩ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ વેચાણના કેટલા કેસો નોંધવામાં આવ્યા,

(૧)

| **જિલ્લા** | **તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮** | | **તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯** | |
|---|---|---|---|---|
| | **દેશી દારૂ** | **વિદેશી દારૂ** | **દેશી દારૂ** | **વિદેશી દારૂ** |
| જામનગર | ૧૯૪૫ | ૨૮૩ | ૧૯૨૪ | ૩૦૬ |
| દેવભૂમિ | ૫૫૮ | ૧૨૫ | ૪૨૨ | ૯૨ |

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૨)

| **જિલ્લા** | **પકડાયેલ આરોપી** | **પકડવાના બાકી આરોપી** |
|---|---|---|
| જામનગર | ૫૬૧૦ | ૮૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૪૪૪ | ૧૩ |

(૩) બાકી આરોપીઓ પૈકી છ માસ કરતાં વધુ

(૩) છ માસ કરતા વધુ ૩૪ અને એક વર્ષ કરતા વધુ ૩૩

અને એક વર્ષ કરતાં વધુ સમયથી પકડવાના આરોપીઓ કેટલા છે, અને

આરોપીઓ છે.

(૪) રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે ?

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઈ જતાં વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ આવા પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાલતમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્ત અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરૂદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન-૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

---------

## વલસાડ જિલ્લામાંથી પકડાયેલ બૂટલેગરો

૧૫૮૭૬ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાંથી દારૂબંધી અંગે કેટલા ઈસમોને પકડવામાં આવેલ છે,

(૧) ૭૯૯૩

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાંથી કેટલી રકમનો અને કેટલો વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂ પકડવામાં આવેલ છે, અને

(૨)

| વિદેશી દારૂ (બોટલ) | વિદેશી દારૂની કિંમત (રૂપિયા) | બિયર (બોટલ) | બિયરની કિંમત (રૂપિયા) | દેશી દારૂ (લિટરમાં) | દેશી દારૂની કિંમત (રૂપિયા) |
|---|---|---|---|---|---|
| ૧૮,૮૬,૩૫૨ | ૨૨,૯૯,૭૦,૯૪૫ | ૧,૭૦,૫૧૪ | ૧,૭૦,૫૧,૪૦૦ | ૬,૬૫૪ | ૧,૩૦,૩૮૦ |

(૩) જિલ્લામાં દારૂની હેરાફેરી બંધ કરવા સરકારે શાં પગલા ભર્યા છે ?

(૩) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી

કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઈ જતાં વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાલતમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરૂદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન-૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

વલસાડ જિલ્લાને અડીને આવેલ સંઘ પ્રદેશ દમણ, સેલવાસ તથા મહારાષ્ટ્રને જોડતા રસ્તાઓ ઉપર સતત મોબાઈલ પેટ્રોલીંગ, વાહન ચેકીંગ/નાકાબંધી રાખવામાં આવે છે.

**અનાજ અને અન્ય ખાદ્યસામગ્રીની ગુણવત્તાની ચકાસણી માટે સવલત**

૧૬૪૨૨ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ દ્વારા વિતરણ કરાતા અનાજ તથા અન્ય ખાદ્યસામગ્રીની ગુણવત્તાની ચકાસણી માટે તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં કોઈ સવલત ઊભી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેવી કલ્યાણકારી યોજના માટે સવલતો ઊભી કરવામાં આવેલ છે ? | (૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત રાજ્ય સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, મધ્યાહન ભોજન યોજના, સંકલિત બાળવિકાસ યોજના તથા અન્ન ત્રિવેણી યોજનાઓ અંતર્ગત ખરીદ કરવામાં આવતી અનાજ અને અન્ય ખાદ્ય સામગ્રીની ગુણવત્તાની ચકાસણી માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ''ફૂડ રિસર્ચ લેબોરેટરી'' ની સવલત ઊભી કરવામાં આવેલ છે. |

**અમરેલી જિલ્લામાં મંજૂર પોલીસ મહેકમ**

૧૫૮૬૫ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પોલીસ સ્ટેશનવાર સંવર્ગવાર કેટલી પોલીસ મહેકમ મંજૂર થયેલ છે, | (૧) અને (૨) સામેલ પત્રક-અ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ છ માસ કરતાં વધુ સમયથી અને કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી | |

ખાલી છે, અને

| | |
|---|---|
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**મોરબી નગરપાલિકામાં ચીફ ઓફિસરની ભરતી**

૧૫૮૬૭ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મોરબી નગરપાલિકામાં ચીફ ઓફીસરની જગ્યા કાયમી ધોરણે ભરવા માટે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓ, રાજકોટના તા.૦૭–૦૩–૨૦૧૯ ના હુકમથી મોરબી નગરપાલિકામાં કરાર આધારિત ચીફ ઓફીસરની નિમણૂક કરવામાં આવેલ હતી. |
| (૨) ક્યાં સુધીમાં આ જગ્યા કાયમી ધોરણે ભરવામાં આવશે ? | (૨) ગુજરાત જાહેર સેવા આયોગમાં ચીફ ઓફીસર વર્ગ–૨ ની ૩૧ જગ્યા અને ચીફ ઓફીસર વર્ગ–૩ ની ૩૭ જગ્યાના માંગણા પત્રક અન્વયે સ્પર્ધાત્મક પરીક્ષા હાલ અંતિમ તબક્કામાં છે. ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી સફળ ઉમેદવારોની ભલામણ થયેથી આ જગ્યા ભરવાની વિચારણા કરવામાં આવશે. |

**માંગરોળ અને માળીયા તાલુકામાં બિલ્ડીંગ સ્ટોન માટેની લીઝ**

૧૫૮૭૧ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકામાં સ્ટોન માટેની લીઝ માટે વર્ષવાર કેટલી અરજીઓ આવી, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકામાં બિલ્ડીંગ લાઇમસ્ટોન માટેની કોઇ અરજીઓ મળેલ નથી. |
| (૨) તે પૈકી કેટલી લીઝની માંગણી સામે વાંધા અરજીઓ આવેલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ વાંધા અરજીના નિકાલ માટે શા પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં હોટલોને દારૂ વેચાણના પરવાના**

૧૫૮૫૮ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં કેટલી હોટલોને દારૂ વેચાણના પરવાનાઓ આપવામાં આવેલ છે, | (૧) ૨૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેરની | (૨) ૦૦ |

કેટલી હોટલના દારૂ વેચાણના પરવાના ક્યા કારણોસર રદ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દારૂ વેચાણ અન્વયે વેરા પેટે કેટલી આવક થઇ ?

(૩)

| સમયગાળો | આવક (કરોડમાં) |
|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૨.૬૦ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૧૦.૮૬ |

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં દારૂ વેચાણના કેસો**

૧૫૯૭૨ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ વેચાણના કેટલા કેસો નોંધવામાં આવ્યા,

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૩) બાકી આરોપીઓ પૈકી છ માસ કરતાં વધુ અને એક વર્ષ કરતાં વધુ સમયથી પકડવાના આરોપીઓ કેટલા છે, અને

(૪) રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે?

**જવાબ**

(૧)

| જિલ્લા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | દેશી દારૂ | વિદેશી દારૂ | દેશી દારૂ | વિદેશી દારૂ |
| ગીર સોમનાથ | ૩૩૩ | ૩૨૦ | ૫૫૮ | ૫૨૪ |
| જૂનાગઢ | ૮૪૯ | ૨૮૬ | ૧૧૬૮ | ૩૯૧ |

(૨)

| જિલ્લા | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપી |
|---|---|---|
| ગીર સોમનાથ | ૨૨૯૮ | ૪૩ |
| જૂનાગઢ | ૩૬૮૧ | ૯૩ |

(૩) છ માસ કરતાં વધુ ૩૦ અને એક વર્ષ કરતાં વધુ સમયના ૧૫ આરોપી છે.

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારુના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેર-ફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઇ કરી છે.

દારુ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઈ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાતલમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્ત અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરુદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરુદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન-૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

---------

**બારેજા શહેરની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી**

૧૩૬૭૬ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બારેજા શહેરની ભૂગર્ભ ગટર યોજના માટે કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ યોજનાના કામો ક્યા તબક્કે છે,

(૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૂગર્ભ ગટર યોજના અન્વયે પ્રથમ તબક્કામાં હાથ ધરેલ સીવર કલેક્ટિંગ સિસ્ટમ તથા આનુષાંગિક કામો માટે રૂ.૩૩૧૯.૨૩ લાખની મંજુરી આપવામાં આવેલ છે.

જ્યારે STPની કામગીરી માટે રૂ.૫૫૦.૪૬ લાખની મંજુરી આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ પ્રથમ તબક્કાના કામો સપ્ટેમ્બર ૨૦૧૫માં પૂર્ણ થયેલ છે.

જ્યારે STPની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ રૂ.૨૮૭૭.૧૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૪) STPના કામો માટે તા.૨૬-૦૯-૨૦૧૮ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

---------

**ખેડા અને મહિસાગર જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો**

૧૬૦૦૦ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ખેડા અને મહિસાગર જિલ્લામાં સીઆરપીસી એક્ટની કલમ ૧૭૪ હેઠળ કેટલા બનાવો નોંધાયા,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા બનાવોની તપાસ પૂર્ણ કરવામાં આવી અને કેટલાની તપાસ ચાલુ છે, અને

(૩) તપાસ પૂર્ણ થઈ હોય તેવા કેટલા બનાવોમાં મેજીસ્ટ્રેટશ્રીની મંજૂરી મેળવવામાં આવેલ ?

**જવાબ**

(૧)

| જિલ્લો | તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૮ | તા.૦૧-૦૬-૧૮ થી તા.૩૧-૦૫-૧૯ |
|---|---|---|
| ખેડા | ૧૯૩ | ૧૮૪ |
| મહિસાગર | ૧૪૨ | ૧૨૮ |

(૨)

| જિલ્લો | તપાસ પૂર્ણ | તપાસ ચાલુ |
|---|---|---|
| ખેડા | ૩૦૬ | ૭૧ |
| મહિસાગર | ૧૭૩ | ૯૭ |

(૩) ૪૩૯

તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**સીસીટીવી ફૂટેજમાં વ્યક્તિના ધૂંધળા ચહેરા અને વાહનના નંબર પ્લેટને સુસ્પષ્ટ કરવા બાબત**

૧૬૪૨૮ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ઓછી ગુણવત્તાવાળા સીસીટીવી ફૂટેજમાંથી વ્યક્તિના ધૂંધળા ચહેરા અને વાહનના નંબર-પ્લેટને સુસ્પષ્ટ કરવા માટેની સવલત છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં આ માટેની કેવા પ્રકારની ટેક્નોલોજી ઉપલબ્ધ છે? | (૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ઓછી ગુણવત્તાવાળા સીસીટીવી ફૂટેજમાંથી વ્યક્તિના ધૂંધળા ચહેરા અને વાહનના નંબર પ્લેટને સુસ્પષ્ટ કરવા માટે MIDAS-DBX, Photoshop with clear ID, Avid, AMPed 5 જેવા અતિઆધુનિક સોફ્ટવેર તથા હાર્ડવેર ધરાવતી વિડીયો ફૂટેજ એન્હેસમેન્ટ ટેક્નોલોજી ઉપલબ્ધ છે. |

---------

**દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી**

૧૩૬૮૦ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૂગર્ભ ગટર યોજના અન્વયે પ્રથમ તબક્કામાં હાથ ધરેલ સીવર ક્લેક્ટિંગ સિસ્ટમ તથા આનુસાંગિક કામો માટે દાહોદ નગરપાલિકા માટે રૂ.૭૨૧૪.૫૭ લાખ, ઝાલોદ નગરપાલિકા માટે રૂ.૩૧૫૯.૪૦ લાખ દેવગઢબારીયા નગરપાલિકા માટે રૂ.૧૬૮૩.૨૦ લાખ રકમની મંજુરી આપવામાં આવેલ છે.<br>જ્યારે STPની કામગીરી અન્વયે દાહોદ નગરપાલિકા માટે રૂ.૧૯૪૮.૮૪ લાખ, ઝાલોદ નગરપાલિકા માટે રૂ.૭૪૩.૦૬ લાખ અને દેવગઢબારીયા નગરપાલિકા માટે રૂ.૬૪૦.૫૩ લાખ મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ યોજનાના કામો ક્યા તબક્કે છે, | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ પ્રથમ તબક્કાના કામો પૂર્ણ થયેલ છે. જ્યારે STPની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ ભૂગર્ભ ગટર યોજનાના કામો અન્વયે દાહોદ નગરપાલિકા માટે રૂ.૭૦૨૫.૮૯ લાખ, ઝાલોદ નગરપાલિકા માટે રૂ.૩૦૧૨.૫૮ લાખ અને દેવગઢબારિયા નગરપાલિકા માટે રૂ.૨૪૦૭.૦૪ લાખ ખર્ચ થયેલ છે.<br>દાહોદ નગરપાલિકાના STPના કામો માટે રૂ.૪૭.૦૧ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) STPના કામો દાહોદ નગરપાલિકા માટે મે-૨૦૨૦, ઝાલોદ તથા દેવગઢબારીયા નગરપાલિકા માટે જુન ૨૦૨૦ માં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. |

અતારાંકિત પ્રશ્નો

---------

**આણંદ અને સુરત જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ**

૧૫૯૯૧ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને સુરત જિલ્લામાં ખનીજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી કેટલી દંડની રકમ વસુલ કરવાની બાકી છે, | (૧) |
| (૨) ઉક્ત બાકી રકમ પૈકી, ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ છેલ્લા બે વર્ષથી વસુલ કરવાની બાકી છે, અને | (૨) |
| (૩) ખનીજ ચોરીના ઈસમો સમયસર રકમ ન ચૂકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) અપીલ/રીવીઝન/કોર્ટ કેસ સહિતની તમામ ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસૂલવાની કાર્યવાહી થતી હોય છે. |

(૧)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ રૂ.લાખમાં |
|---|---|
| આણંદ | ૩૦૦.૨૧ |
| સુરત | ૬૬૨૬.૫૬ |

(૨)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ રૂ.લાખમાં |
|---|---|
| આણંદ | ૧૭૭.૧૦ |
| સુરત | ૩૩૨૩.૫૯ |

---------

**વડોદરા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ**

૧૩૫૯૭ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન વડોદરા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૧૮ |
| (૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૩ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૨૬૩૯૪ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૨૬૩૯૪ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે ? | (૫) ૦ |

---------

**રાજ્યની એફ.એસ.એલ દ્વારા નાર્કોટીક્સ ડ્રગ્સને લગતા કેસોનું પૃથક્કરણ**

૧૬૪૧૩ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ દ્વારા નાર્કોટીક્સ ડ્રગ્સને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા જી |
| (૨) જો હા, તો તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા આ પ્રકારના કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ? | (૨) રાજ્યની એફ.એસ.એલ. દ્વારા તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાર્કોટીક્સ ડ્રગ્સને લગતા કુલ-૨૭૪ કેસોના ૨૪૫૫ નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે. |

---------

**આણંદ અને વલસાડ જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો**

૧૫૯૯૩ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે | (૧) |

વર્ષમાં આણંદ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો કુલ કેટલો જથ્થો પકડાયો, અને

| જિલ્લો | વિદેશી દારૂ (બોટલ) | બિયર (બોટલ) | દેશી દારૂ (લિટર) |
|---|---|---|---|
| આણંદ | ૨,૦૮,૭૯૨ | ૧,૦૧,૩૩૨ | ૨૩,૪૭૯ |
| વલસાડ | ૧૮,૮૬,૩૫૨ | ૧,૭૦,૫૧૪ | ૬,૬૫૪ |

(૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની જિલ્લાવાર કિંમત શું છે ?

(૨)

| જિલ્લો | વિદેશી દારૂ (રૂપિયા) | બિયર (રૂપિયા) | દેશી દારૂ (રૂપિયા) |
|---|---|---|---|
| આણંદ | ૫,૧૨,૪૫,૪૩૯ | ૨૯,૪૫,૩૦૩ | ૪,૮૯,૫૮૦ |
| વલસાડ | ૨૨,૯૯,૭૦,૬૪૫ | ૧,૭૦,૫૧,૪૦૦ | ૧,૩૦,૩૮૦ |

---------

**રાજ્ય બહારની રીફાઈનરીઓને બંદરીય સુવિધા માટે મંજૂરી**

૧૩૬૬૫ **શ્રી વિનોદભાઇ મોરડીયા** (કતારગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય બહારની કેટલી રીફાઈનરીઓને બંદરીય સુવિધા માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) ૪ (ચાર) |
| (૨) તે પૈકી કેટલી રીફાઈનરીઓએ બંદરીય સુવિધાઓ વિકસાવેલ છે, અને | (૨) ૪ (ચાર) |
| (૩) નવી બંદરીય સુવિધાઓ વિકસાવવા કેટલી રીફાઈનરીઓની દરખાસ્ત મળેલ છે ? | (૩) ૨ (બે) |

---------

**મોરબી અને વડોદરા જિલ્લામાં દારૂ વેચાણના કેસો**

૧૫૯૫૪ **શ્રી લલીતભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મોરબી અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ વેચાણના કેટલા કેસો નોંધવામાં આવ્યા,

(૧)

| જિલ્લા | તા. ૦૧–૦૬–૨૦૧૭ થી તા. ૩૧–૦૫–૨૦૧૮ | તા. ૦૧–૦૬–૨૦૧૮ થી તા. ૩૧–૦૫–૨૦૧૯ |
|---|---|---|
| મોરબી | ૧૦૦૯ | ૧૧૯૯ |
| વડોદરા શહેર | ૬૧૭૭ | ૪૪૫૪ |
| વડોદરા ગ્રામ્ય | ૩૯૦૫ | ૪૧૮૧ |

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૨)

| જિલ્લા | પકડાયેલ | પકડવાના બાકી |
|---|---|---|
| મોરબી | ૨૭૭૭ | ૪૧ |
| વડોદરા શહેર | ૧૧૧૨૪ | ૩૧ |
| વડોદરા ગ્રામ્ય | ૮૩૨૦ | ૧૯ |

(૩) બાકી આરોપીઓ પૈકી છ માસ કરતાં વધુ અને એક વર્ષ કરતાં વધુ સમયથી પકડવાના આરોપીઓ કેટલા છે, અને

(૩) છ માસ કરતાં વધુ ૩૩ અને એક વર્ષ કરતાં વધુ સમયના ૨૭ આરોપી છે.

(૪) રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે?

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ–વેચાણ અને હેર–ફેર કરનાર ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ. ૫ લાખ સુધીનો દંડની જોગવાઇ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઇ અને નશાબંધીની

અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ. ૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઇ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઇ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાલતમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઇ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટસઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશિયલ ડ્રાઇવનું આયોજન કરી, આવા ઇસમો વિરૂધ્ધ સી.આર.પી.સી હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન-૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

---------

## સસ્પેક્ટ ડિટેક્શન સિસ્ટમ પદ્ધતિથી કેસોનું પૃથક્કરણ

૧૬૪૧૮ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ફોરેન્સિક સાયકોલોજી વિભાગમાં સસ્પેક્ટ ડિટેક્શન સિસ્ટમ પદ્ધતિથી કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા જી |
| (૨) જો હા, તો તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા આ પ્રકારના કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ? | (૨) રાજ્યની એફ.એસ.એલ. દ્વારા તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્પેક્ટ ડિટેક્શન સિસ્ટમ પદ્ધતિથી કુલ-૨૧૭ કેસોના ૬૦૨ નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે. |

---------

## મહિસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી

૧૩૬૮૫ **શ્રી કુબેરભાઇ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહિસાગર જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહિસાગર જિલ્લાની ત્રણ નગરપાલિકાઓને ભૂગર્ભ ગટર યોજના અન્વયે લુણાવાડા નગરપાલિકા માટે રૂ.૧૬૩૧.૧૨ લાખ, બાલાસિનોર નગરપાલિકા માટે રૂ.૧૩૭૬.૧૯ લાખ અને |

સંતરામપુર નગરપાલિકા માટે રૂ.૧૬૪૬.૬૩ લાખ રકમની મંજુરી આપવામાં આવેલ છે.

STPના કામો અન્વયે લુણાવાડા નગરપાલિકા માટે રૂ.૧૩૩૭.૪૭ લાખ, બાલાસિનોર નગરપાલિકા માટે રૂ.૧૦૧૬.૬૦ લાખ અને સંતરામપુર નગરપાલિકા માટે રૂ.૮૩૯.૯૯ લાખ રકમની મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ યોજનાના કામો ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ પ્રથમ તબક્કામાં હાથ ધરેલ સીવર કલેક્ટીંગ સિસ્ટમ અને આનુષાંગિક કામો પૂર્ણ થયેલ છે.

STPના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

(૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) લુણાવાડા નગરપાલિકા માટે રૂ.૩૮૦૭.૫૩ લાખ, બાલાસિનોર નગરપાલિકા માટે રૂ.૧૯૬૯.૦૦ લાખ અને સંતરામપુર નગરપાલિકા માટે રૂ.૧૬૧૦.૭૪ લાખ રકમનો ખર્ચ થયેલ છે.

(૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) પ્રથમ તબક્કામાં મંજૂર થયેલ કામો પૂર્ણ થયેલ છે અને STPના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

## સુરત અને વલસાડ જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો

૧૬૦૨૫ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને વલસાડ જિલ્લામાં સીઆરપીસી એક્ટની કલમ ૧૭૪ હેઠળ કેટલા બનાવો નોંધાયા,

**જવાબ**

(૧)

| તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ |
|---|---|
| ૪૦૪૭ | ૪૨૨૬ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા બનાવોની તપાસ પૂર્ણ કરવામાં આવી અને કેટલાની તપાસ ચાલુ છે, અને

(૨)

| જિલ્લા | તપાસ પૂર્ણ કરી | તપાસ ચાલુ |
|---|---|---|
| સુરત શહેર | ૪૯૩૨ | ૬૮૪ |
| સુરત ગ્રામ્ય | ૧૨૩૮ | ૪૧ |
| વલસાડ | ૧૦૯૮ | ૨૮૦ |

(૩) તપાસ પૂર્ણ થઈ હોય તેવા કેટલા બનાવોમાં મેજીસ્ટ્રેટશ્રીની મંજૂરી મેળવવામાં આવેલ ?

(૩) ૧૪૯૩

---------

## ટાટા મોટર્સ લી.એ નેનો મોટર્સનું ઉત્પાદન બંધ કરવા બાબત

૧૫૯૩૦ **ડૉ.સી.જે.ચાવડા** (ગાંધીનગર–ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ટાટા મોટર્સ લી.એ તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નેનો મોટર્સનું ઉત્પાદન બંધ કરેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

**જવાબ**

(૧) આવી કોઇ માહિતી અત્રે ઉપલબ્ધ નથી.

(૨) નેનોનું ઉત્પાદન બંધ કરવા બદલ ટાટા મોટર્સ લિ. સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે

(૨) લાગુ પડતું નથી.

શરતભંગ બદલ શી કાર્યવાહી કરી ?

---------

**અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૩૬૧૫ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૮૭૨ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) ૮૭૨ એકમોને રૂ.૫૪૧૧.૯૫ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**સાયબર ક્રાઇમના ઉકેલ માટે ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં અદ્યતન ટેકનોલોજી**

૧૬૪૨૬ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૦–૦૪–૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યમાં સાયબર ક્રાઇમના ઉકેલ માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં અદ્યતન ટેકનોલોજીઓ વસાવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા. ૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાયબર ક્રાઇમના ઉકેલ માટે આ લેબૉરેટરીમાં કયા પ્રકારની અદ્યતન ટેકનોલોજીઓ વસાવવામાં આવેલ છે? | (૨) તા. ૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ સાયબર ક્રાઇમના ઉકેલ માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં નીચે મુજબની અદ્યતન પ્રકારની ટેકનોલોજીઓ વસાવવામાં આવેલ છે.<br>(૧) ડેમેજ થયેલ મોબાઇલ ફોનમાંથી ડેટા મેળવવા માટેની આધુનિક ટેકનોલોજી<br>(૨) ઇન્ટરનેટનાં માધ્યમથી આચરેલ ગુન્હાના ઉકેલ માટેની ટેકનોલોજી<br>(૩) ક્રીપ્ટોકરન્સીને લગતાં ગુન્હાના ઉકેલ માટેની ટેકનોલોજી<br>(૪) મોબાઇલ ફોનના પૃથક્કરણ માટેની સિસ્ટમ<br>(૫) સી.ડી., ડીવીડી ના પૃથક્કરણ માટેની સિસ્ટમ<br>(૬) વિવિધ પ્રકારના કોમ્પ્યુટર સ્ટૉરેજ ઉપકરણનું પૃથક્કરણ કરવા માટેની ટેકનોલોજી<br>(૭) વિડિઓ ફૂટેજ એન્હેસ કરવા માટેની સિસ્ટમ |

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો**

૧૫૯૪૫ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો કુલ કેટલો જથ્થો | (૧) |

| **જિલ્લા** | **વિદેશી દારૂ(બોટલ)** | **બિયર (બોટલ)** | **દેશી દારૂ (લિટર)** |
| --- | --- | --- | --- |

પકડાયો, અને

| | | | |
|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૪,૫૫,૯૬૫ | ૬૪,૫૦૨ | ૩૧,૪૭૨ |
| બોટાદ | ૩૪,૫૪૮ | ૪,૨૫૬ | ૧૦,૧૬૮ |

(૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની જિલ્લાવાર કિંમત શું છે?

(૨)

| જિલ્લા | વિદેશી દારૂની કિંમત (રૂપિયા) | બિયરની કિંમત (રૂપિયા) | દેશી દારૂની કિંમત (રૂપિયા) |
|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૧૧,૨૯,૧૦,૧૨૦ | ૭૦,૦૭,૨૨૦ | ૬,૧૯,૫૪૦ |
| બોટાદ | ૭૩,૩૪,૩૨૬ | ૨,૮૩,૪૫૦ | ૨,૦૩,૩૬૦ |

**આણંદ અને પંચમહાલ જિલ્લામાં ફ્લાઇંગ સ્ક્વોડ દ્વારા લીઝોનું ચેકીંગ**

૧૫૯૮૫ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઇંગ સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમની ખનીજ ચોરી પકડાઇ,

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને પંચમહાલ જિલ્લામાં ફ્લાઇંગ સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા કોઈ પણ ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ધોલેરા સરમાં સંપાદન કરેલ જમીન**

૧૫૮૮૨ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ ધોલેરા સરમાં છેલ્લા બે વર્ષમાં કયા પ્રકારની કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સંપાદન કરવામાં આવેલ જમીન પૈકી ખેતીની જમીનમાં શા ભાવે ખેડૂતોને વળતર આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) ધોલેરા એસ.આઇ.આર.(સર) માં જમીન સંપાદનની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. પરંતુ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ તથા ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ -૨૦૦૯ની જોગવાઇઓ ધ્યાને લઇ નગર યોજનાઓ અંતર્ગત કામગીરી કરવામાં આવે છે.

(૨) ધોલેરા સર ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવતી નથી તેમજ સંપાદન કરવામાં આવેલ નથી. પરંતુ, ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઇઓ ધ્યાને લઇ મંજૂર થયેલ વિકાસ યોજનાના અમલીકરણ કરવા માટે મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરેલ જેને એપેક્ષ ઓથોરીટી (જી.આઇ.ડી.બી) દ્વારા મંજૂર કરેલ છે. ઉક્ત જોગવાઇઓ અંતર્ગત ઓથોરીટી દ્વારા યોજના વિસ્તારમાં આવેલ સંબંધિત તમામ જમીનધારકોને રસ્તા, પીવાનું પાણી, ગટર, વીજળી જેવી તમામ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં આવશે અને આ સુવિધાઓ માટે કોઇ પણ પ્રકારનો બેટરમેંટ ચાર્જ વસૂલ કરવામાં આવશે નહીં. આમ, જમીનધારકોને પોતાની જમીન સુધી આ તમામ માળખાકીય સુવિધાઓ બેટરમેંટ ચાર્જ વગર મળશે. અન્ય અર્બન

| | |
|---|---|
| | ઓથોરિટીમાં ફાળા (ઇંક્રિમેંટલ કોંટ્રિબ્યુશન)માં માફી આપવામાં આવતી નથી, જ્યારે ધોલેરા સર ઓથોરીટીમાં ફાળા (ઇંક્રિમેંટલ કોંટ્રિબ્યુશન)ની રકમમાં માફી આપેલ છે. તદુપરાંત તેમની આ સુવિધાઓ ઊભી કરવા માટે જે જમીન કપાત થાય છે તેનું ખાસ કિસ્સા તરીકે ધોલેરા સર ઓથોરીટી દ્વારા વળતર ચૂકવવામાં આવે છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ તથા ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ ૨૦૦૯ની જોગવાઇઓ ધ્યાને લઇ મુસદ્દારૂપ નગર રચના યોજનામાં ૫૦ % જમીન કપાત કરવામાં આવે છે. તેમજ કપાત થયેલ જમીન માટે વર્ષ-૨૦૧૧ ના જંત્રી ભાવ મુજબ ખેડૂતોને અત્રેથી વળતર ચુકવવામાં આવે છે. |
| (૩) ઉક્ત આપવામાં આવતું વળતર ઓછું હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી ? | (૩) એક લેખિત રજૂઆત મળેલ છે. |

---------

**સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો**

૧૫૯૪૮ **શ્રી સોમાભાઇ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લામાં સીઆરપીસી એક્ટની કલમ ૧૭૪ હેઠળ કેટલા બનાવો નોંધાયા,

(૧)

| જિલ્લા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૩૬૩ | ૩૧૬ |
| અમરેલી | ૪૬૭ | ૩૭૯ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા બનાવોની તપાસ પૂર્ણ કરવામાં આવી અને કેટલાની તપાસ ચાલુ છે, અને

(૨)

| જિલ્લા | તપાસ પૂર્ણ | તપાસ ચાલુ |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૪૬૭ | ૨૧૨ |
| અમરેલી | ૬૬૫ | ૧૮૧ |

(૩) તપાસ પૂર્ણ થઇ હોય તેવા કેટલા બનાવોમાં મેજીસ્ટ્રેટશ્રીની મંજૂરી મેળવવામાં આવેલ ?

(૩) ૭૦૦

---------

**દાહોદ અને તાપી જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો**

૧૬૦૦૬ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ અને તાપી જિલ્લામાં જિલ્લાવાર વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો કુલ કેટલો જથ્થો પકડાયો, અને

(૧)

| જિલ્લા | વિદેશી દારૂ (બોટલ) | બિયર (બોટલ) | દેશી દારૂનો જથ્થો (લિટર) |
|---|---|---|---|
| દાહોદ | ૮,૧૨,૪૭૮ | ૨૭,૦૭૯ | ૧૦,૬૪૦ |
| તાપી | ૧,૩૮,૬૧૯ | ૧૩,૮૬૭ | ૮,૪૬૧ |

(૨) પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની જિલ્લાવાર કિંમત શું છે ?

(૨)

| જિલ્લા | વિદેશી દારૂની કિંમત (રૂપિયા) | બિયરની કિંમત (રૂપિયા) | દેશી દારૂની કિંમત (રૂપિયા) |
|---|---|---|---|
| દાહોદ | ૭,૭૨,૫૨,૦૭૭ | ૨૭,૮૧,૯૧૦ | ૨,૧૨,૮૦૦ |
| તાપી | ૧,૪૨,૪૦,૨૪૭ | ૧૬,૫૫,૧૩૬ | ૧,૬૯,૨૨૦ |

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો**

તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

૧૫૯૮૧ **શ્રી પ્રવિણભાઇ મારૂ** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને બોટાદ જિલ્લામાં સીઆરપીસી એક્ટની કલમ ૧૭૪ હેઠળ કેટલા બનાવો નોંધાયા,

(૧)

| જિલ્લા | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ |
|---|---|---|
| ભાવનગર | ૪૪૫ | ૪૫૦ |
| બોટાદ | ૧૭૩ | ૧૮૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા બનાવોની તપાસ પૂર્ણ કરવામાં આવી અને કેટલાની તપાસ ચાલુ છે, અને

(૨)

| જિલ્લા | તપાસ પૂર્ણ | તપાસ બાકી |
|---|---|---|
| ભાવનગર | ૪૪૯ | ૪૪૬ |
| બોટાદ | ૩૧૪ | ૪૨ |

(૩) તપાસ પૂર્ણ થઈ હોય તેવા કેટલા બનાવોમાં મેજીસ્ટ્રેટશ્રીની મંજૂરી મેળવવામાં આવેલ ?

(૩) ૫૭૪

---------

**ભાવનગર જિલ્લામાં એમએસએમઇ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૩૬૧૮ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારીયાધર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૨૧૭ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) ૨૧૭ એકમોને રૂ.૧૧૨૦.૮૦ લાખ રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**વાઇબ્રન્ટ સમિટ–૨૦૧૯માં થયેલ એમ.ઓ.યુ.**

૧૫૯૫૨ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહિસાગર જિલ્લામાં ફ્લાઈંગ સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા કોઈ પણ દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમની ખનીજ ચોરી પકડાઈ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ અને વડોદરા શહેર અને જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

૧૬૪૮૧ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ અને વડોદરા શહેર અને જિલ્લામાં, તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હત્યા, હત્યાનો પ્રયાસ, બળાત્કાર, લૂંટ, ચોરી, ધાડ, અપહરણ, ચેઈન સ્નેચીંગ, રાયોટીંગ અને આત્મહત્યાના પ્રયાસના કેટલા બનાવો બન્યા, | (૧) પત્રક–૧ મુજબ |
| (૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને | (૨) પત્રક–૨ મુજબ |
| (૩) આ ગુનાઓ અંગે તાલુકાવાર કેટલી વ્યક્તિઓની ધરપકડો કરવામાં આવી અને કેટલાની બાકી છે ? | (૩) પત્રક–૩ મુજબ |

અતારાંકિત પ્રશ્નો

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં હથિયાર પરવાના**

૧૬૨૪૭ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં હથિયાર પરવાના મેળવવા માટેની કુલ કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં હથિયાર પરવાનગીની મંજૂરી આપવામાં આવી અને કેટલી મંજૂરીઓ આપવાની બાકી છે,

(૩) ઉક્ત અરજીઓને મંજૂરી નહી આપવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ હથિયાર પરવાના રીન્યૂ કરવા માટે કેટલી અરજીઓ મળી, તે પૈકી કેટલા પરવાના રીન્યૂ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| **ગાંધીનગર જિલ્લો** | | **મહેસાણા જિલ્લો** | |
|---|---|---|---|
| **તાલુકો** | **મળેલ અરજીઓ** | **તાલુકો** | **મળેલ અરજીઓ** |
| ગાંધીનગર | ૬૭ | મહેસાણા | ૫૨ |
| દહેગામ | ૮ | ઊંઝા | ૩ |
| કલોલ | ૧૧ | વિસનગર | ૧૩ |
| માણસા | ૫ | વિજાપુર | ૬ |
| – | – | વડનગર | ૫ |
| – | – | સતલાસણા | ૪ |
| – | – | ખેરાલુ | ૨ |
| – | – | કડી | ૨૦ |
| – | – | બેચરાજી | ૧૫ |
| – | – | જોટાણા | ૨ |
| **કુલ: ૯૧** | | **કુલ: ૧૨૨** | |
| **બંને જિલ્લાની કુલ–૯૧ + ૧૨૨ = ૨૧૩** | | | |

(૨) તે પૈકી ૬૮ અરજીઓ મંજૂર કરવામાં આવી, જ્યારે ૭૦ અરજીઓ પડતર છે.

(૩) તપાસ અધિકારીઓના નકારાત્મક અભિપ્રાય તથા હથિયારની માંગણીના કારણો નિયમોને સુસંગત અને ઉચિત ન જણાતા હોવાના કારણે અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ હથિયાર પરવાના રીન્યૂ કરવા માટેની ૧૧૪૪ અરજીઓ મળી, જે પૈકી ૧૧૨૨ પરવાના રીન્યૂ કરવામાં આવ્યા.

**અમરેલી જિલ્લામાં ખનીજ ચોરી**

૧૫૮૮૦ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ખનીજ ચોરી થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લે બે વર્ષમાં વર્ષવાર અમરેલી, જિલ્લામાં તાલુકાવાર ક્યા પ્રકારની કેટલી ખનીજ ચોરી પકડવામાં આવી,

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર તથા તાલુકાવાર ખનન, વહન અને સંગ્રહની ખનીજ ચોરીની વિગત દર્શાવતું પત્રક(રકમ રૂ. લાખમાં) આ સાથે સામેલ છે.

(૩)

| **વર્ષ** | **નોટીસ આપેલ કેસોની સંખ્યા** | **દંડકીય વસુલાતના હુકમની સંખ્યા** | **વસુલાત કરેલ કેસોની સંખ્યા** | **એફ.આઈ. આર. ના કેસોની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૦૫–૨૦૧૮ | ૦૧ | શૂન્ય | ૧૯૫ | ૦૨ |
| ૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૦૫–૨૦૧૯ | ૧૩ | શૂન્ય | ૨૪૧ | ૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | ૧૪ | શૂન્ય | ૪૩૬ | ૦૩ |

(૪) ખનીજ ચોરી રોકવા સરકારે શા પ્રયાસો કર્યા?

ખનીજ ચોરી રોકવા અવાર નવાર આકસ્મિક દિવસ/રાત્રી દરમ્યાન ચેકીંગ કરવામાં આવે છે. તેમજ ડ્રોન દ્વારા સર્વે કરી ખનીજ ચોરી કરતાં ઈસમો સામે નિયમાનુસાર દંડકીય કાર્યવાહી કરવામાં આવે છે. અને જરૂર જણાય તો પોલીસ ફરિયાદ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

| સમયગાળો | તાલુકો | ખનન પ્રકારના કેસ | ખનીજ ચોરીની રકમ | વહન પ્રકારના કેસ | ખનીજ ચોરીની રકમ | સંગ્રહ પ્રકારના કેસ | ખનીજ ચોરીની રકમ | કુલ કેસો | ખનીજ ચોરીની રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | અમરેલી | | ૦ | ૮૩ | ૩૬.૮૮ | ૧ | ૧.૦૨ | ૮૪ | ૩૭.૯ |
| | સાવરકુંડલા | ૦ | ૦ | ૩૦ | ૬.૮ | ૦ | ૦ | ૩૦ | ૬.૮ |
| | રાજુલા | ૦ | ૦ | ૨૯ | ૨૨.૪૪ | ૦ | ૦ | ૨૯ | ૨૨.૪૪ |
| | જાફરાબાદ | ૦ | ૦ | ૮ | ૫.૧૯ | ૦ | ૦ | ૮ | ૫.૧૯ |
| | લીલીયા | ૦ | ૦ | ૧૧ | ૩.૧૫ | ૦ | ૦ | ૧૧ | ૩.૧૫ |
| | બાબરા | ૧ | ૫૧.૭૬ | ૨ | ૧.૬૨ | ૦ | ૦ | ૩ | ૫૩.૩૮ |
| | બગસરા | ૦ | ૦ | ૧૩ | ૪.૯૫ | ૦ | ૦ | ૧૩ | ૪.૯૫ |
| | ખાંભા | ૦ | ૦ | ૩ | ૧.૮૫ | ૦ | ૦ | ૩ | ૧.૮૫ |
| | ધારી | ૦ | ૦ | ૧૨ | ૩.૨૯ | ૦ | ૦ | ૧૨ | ૩.૨૯ |
| | લાઠી | ૦ | ૦ | ૩ | ૦.૧૧ | ૦ | ૦ | ૩ | ૦.૧૧ |
| | વડીયા-કુંકાવાવ | ૦ | ૦ | ૨ | ૨.૮ | ૦ | ૦ | ૨ | ૨.૮ |
| | **કુલ** | **૧** | **૫૧.૭૬** | **૧૯૬** | **૮૯.૦૮** | **૧** | **૧.૦૨** | **૧૯૮** | **૧૪૧.૮૬** |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | અમરેલી | ૭ | ૩.૨૫ | ૮૫ | ૧૬૭.૦૫ | ૧ | ૦.૯ | ૯૩ | ૧૭૧.૨ |
| | સાવરકુંડલા | ૦ | ૦ | ૨૬ | ૧૪.૩૮ | ૦ | ૦ | ૨૬ | ૧૪.૩૮ |
| | રાજુલા | ૨ | ૫૧૯૮.૮૨ | ૩૯ | ૪૭.૦૩ | ૦ | ૦ | ૪૧ | ૫૨૪૫.૮૫ |
| | જાફરાબાદ | ૦ | ૦ | ૭ | ૪.૦૮ | ૦ | ૦ | ૭ | ૪.૦૮ |
| | લીલીયા | ૦ | ૦ | ૧૦ | ૫.૯૭ | ૦ | ૦ | ૧૦ | ૫.૯૭ |
| | બાબરા | ૦ | ૦ | ૯ | ૭.૨૧ | ૦ | ૦ | ૯ | ૭.૨૧ |
| | બગસરા | ૦ | ૦ | ૨૦ | ૧૪.૯ | ૧ | ૦.૧૧ | ૨૧ | ૧૫.૦૧ |
| | ખાંભા | ૦ | ૦ | ૩ | ૧.૭૫ | ૦ | ૦ | ૩ | ૧.૭૫ |
| | ધારી | ૦ | ૦ | ૧૨ | ૩.૩૮ | ૦ | ૦ | ૧૨ | ૩.૩૮ |
| | લાઠી | ૦ | ૦ | ૧૯ | ૧૯.૪ | ૦ | ૦ | ૧૯ | ૧૯.૪ |
| | વડીયા-કુંકાવાવ | ૦ | ૦ | ૧૪ | ૧૧.૦૭ | ૦ | ૦ | ૧૪ | ૧૧.૦૭ |
| | **કુલ** | **૯** | **૫૨૦૨.૦૭** | **૨૪૪** | **૨૯૬.૨૨** | **૨** | **૧.૦૧** | **૨૫૫** | **૫૪૯૯.૩** |

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગનું મંજૂર મહેકમ

૧૫૮૦૦ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પોલિસ વિભાગમાં વર્ગ-૧ થી વર્ગ-૪નું સંવર્ગ મુજબ મંજુર મહેકમ કેટલું છે

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી ખાલી જગ્યાઓ છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) **પત્રક** મુજબ

(૩) વહીવટી અનુકૂળતા મુજબ જગ્યાઓ ભરવામાં આવશે.

**પત્રક**

| ક્રમ | સંવર્ગ | વર્ગ | જિલ્લાનું નામ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | અરવલ્લી | | | સાબરકાંઠા | | |
| | | | મંજૂર મહેકમ | ભરેલી | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |

| | | | જગ્યા | જગ્યા | | જગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પોલીસ અધિક્ષક | વર્ગ–૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૨ | નાયબ પોલીસ અધિક્ષક (બિનહથિયારી) | વર્ગ–૧ | ૩ | ૩ | ૦ | ૪ | ૪ | ૦ |
| ૩ | બિ.હ. પો. ઇન્સ. | વર્ગ–૨ | ૧૦ | ૫ | ૫ | ૧૧ | ૮ | ૩ |
| ૪ | બિ.હ.પોસઇ | વર્ગ–૩ | ૧૬ | ૧૬ | ૦ | ૩૭ | ૩૭ | ૦ |
| ૫ | હથિયારી પોસઇ | વર્ગ–૩ | ૮ | ૩ | ૫ | ૮ | ૮ | ૦ |
| ૬ | બિ.હ.એએસઆઇ | વર્ગ–૩ | ૭૩ | ૭૩ | ૦ | ૯૯ | ૮૬ | ૧૩ |
| ૭ | હથિ.એએસઆઇ | વર્ગ–૩ | ૪૨ | ૪૨ | ૦ | ૫૩ | ૪૭ | ૬ |
| ૮ | બિ.હ.હે.કો. | વર્ગ–૩ | ૧૩૯ | ૧૩૩ | ૬ | ૧૯૦ | ૧૮૮ | ૨ |
| ૯ | હથિ.હે.કો. | વર્ગ–૩ | ૫૭ | ૩૪ | ૨૩ | ૮૫ | ૭૮ | ૭ |
| ૧૦ | બિ.હ.પો.કો. | વર્ગ–૩ | ૩૨૮ | ૩૨૮ | ૦ | ૪૬૯ | ૪૧૮ | ૫૧ |
| ૧૧ | હથિ.પો.કો. | વર્ગ–૩ | ૨૯૪ | ૨૨૪ | ૭૦ | ૫૧૬ | ૩૭૧ | ૧૪૫ |
| ૧૨ | કચેરી અધિક્ષક | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૩ | મુખ્ય ક્લાર્ક | વર્ગ–૩ | ૩ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ |
| ૧૪ | સિનિયર ક્લાર્ક | વર્ગ–૩ | ૬ | ૨ | ૪ | ૭ | ૫ | ૨ |
| ૧૫ | જુનિયર ક્લાર્ક | વર્ગ–૩ | ૨૩ | ૨૦ | ૩ | ૨૧ | ૨૦ | ૧ |
| ૧૬ | પટાવાળા | વર્ગ–૪ | ૬ | ૬ | ૦ | ૨૫ | ૨૪ | ૧ |
| | કુલ | | ૧૦૧૦ | ૮૯૨ | ૧૧૮ | ૧૫૩૦ | ૧૨૯૭ | ૨૩૩ |

**પોરબંદર જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૬૪૫૮ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૭૩૦૦

**મોરબી અને અમરેલી જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ**

૧૫૯૫૮ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મોરબી અને અમરેલી જિલ્લામાં ખનીજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી કેટલી દંડની રકમ વસૂલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત બાકી રકમ પૈકી, ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ છેલ્લા બે વર્ષથી વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ખનીજ ચોરીના ઈસમો સમયસર રકમ ન ચૂકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ |
|---|---|
| મોરબી | રૂ.૧૧૬૯.૧૪ લાખ |
| અમરેલી | રૂ.૫૮૮૯.૯૭ લાખ |

(૨)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ |
|---|---|
| મોરબી | રૂ.૭૫૭.૦૨ લાખ |
| અમરેલી | રૂ.૫૨૫૨.૧૧ લાખ |

(૩) અપીલ/રિવિઝન/કોર્ટ કેસ સહિતની તમામ ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસૂલવાની કાર્યવાહી થતી હોય છે.

**જૂનાગઢ ખાતે પોલીસ મહાવિદ્યાલયના વિકાસ માટે ફાળવેલ રકમ**

૧૫૮૯૨ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ ખાતે આવેલ પોલીસ મહાવિદ્યાલયના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષની વિગતો નીચે મુજબ છે.

| સમયગાળો | ફાળવણી (રૂ.લાખ) | ખર્ચ (રૂ.લાખ) | વણવપરાયેલ (રૂ.લાખ) |
|---|---|---|---|
| ૩૧–૦૫–૨૦૧૭ થી | ૫૭.૩૭ | ૪૩.૧૪ | ૧૪.૨૩ |

| | | | |
|---|---|---|---|
| ૩૧-૦૫-૨૦૧૮ | | | |
| ૩૧-૦૫-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | ૨૯.૨૩ | ૬.૪૪ | ૨૨.૭૯ |

(૩) રકમ પૂરી ન વપરાઇ હોય તો તેના કારણો શા છે ?

(૩) અંદાજિત મરામત કરતા ખરેખર મરામતની ઓછી જરૂરિયાત, ફર્નિચર વિગેરેની ખરીદીમાં ટેન્ડરીંગ બાદ સ્પર્ધાત્મક ભાવો મેળવી અને કરકસર યુક્ત ખરીદી, તેમજ રહેણાંક/બિન રહેણાંક મકાનોના મરામતની કામગીરી ચાલુ હોવાથી વગેરે કારણોસર ઉપલબ્ધ રકમ પૂરી વપરાયેલ નથી.

**અમદાવાદ શહેરમાં ગુનાહિત કૃત્યો**

૧૫૯૪૩ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનવાર લૂંટ, ખૂન, ધાડ, ચોરી, જુગાર, બળાત્કાર, અપહરણ, આત્મહત્યા, ઘરફોડ ચોરી, રાયોટીંગ, આકસ્મિક મૃત્યુ, અપમૃત્યુ, ખૂનની કોશિશ, ચેન સ્નેચીંગ, મંદિરોમાં લૂંટ-ચોરી-ધાડના કુલ કેટલા બનાવો બન્યા,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૩) કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) **પત્રક**-મુજબ

(૨)

| | |
|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૭૯૪૭ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૮૨૯૦ |

(૩)

| ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|
| ૨૪૭૫૮ | ૯૩ |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**વડોદરા અને નર્મદા જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ**

૧૬૦૧૩ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં ખનીજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી કેટલી દંડની રકમ વસૂલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત બાકી રકમ પૈકી, ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ છેલ્લા બે વર્ષથી વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ખનીજ ચોરીના ઇસમો સમયસર રકમ ન ચૂકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ રૂ.લાખમાં |
|---|---|
| વડોદરા | ૧૨૭૮.૭૦ |
| નર્મદા | ૧૧૨૦.૮૬ |

(૨)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ રૂ.લાખમાં |
|---|---|
| વડોદરા | ૭૩૦.૨૭ |
| નર્મદા | ૩૨૮.૪૨ |

(૩) અપીલ/રિવિઝન/કોર્ટ કેસ સહિતની તમામ ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસૂલવાની કાર્યવાહી થતી હોય છે.

**નવસારી અને ભરૂચ જિલ્લામાં દારૂ વેચાણના કેસો**

૧૬૦૩૫ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ વેચાણના કેટલા કેટલા કેસો નોંધવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| **જિલ્લા** | **તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮** | | **તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | |
|---|---|---|---|---|
| | **દેશી દારૂ** | **વિદેશી** | **દેશી દારૂ** | **વિદેશી** |

| | | દારૂ | | દારૂ |
|---|---|---|---|---|
| નવસારી | ૨૮૫૪ | ૧૧૩૧ | ૩૬૮૭ | ૧૧૦૦ |
| ભરૂચ | ૩૭૩૮ | ૩૫૮ | ૬૯૩૮ | ૪૭૩ |

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૨)

| જિલ્લા | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપી |
|---|---|---|
| નવસારી | ૯૧૭૭ | ૧૨૩ |
| ભરૂચ | ૧૧૮૧૪ | ૧૯૩ |

(૩) બાકી આરોપીઓ પૈકી છ માસ કરતાં વધુ અને એક વર્ષ કરતાં વધુ સમયથી પકડવાના આરોપીઓ કેટલા છે, અને

(૩) છ માસ કરતાં વધુ ૧૬૩ અને એક વર્ષ કરતાં વધુ ૮૯ આરોપીઓ છે.

(૪) રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે?

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઈ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાતલમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા-ફરતા આરોપીઓ પકડવા માટે સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરુદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરુદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન-૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

## નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા લીઝોનું ચેકીંગ

૧૬૦૧૯ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| સમયગાળો | જિલ્લો | ચેકીંગ તારીખ |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | નર્મદા | ૧૮-૦૪-૨૦૧૮ |
| | છોટાઉદેપુર | ૦૬-૦૬-૨૦૧૭<br>૧૦-૦૫-૨૦૧૮ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | નર્મદા | --- |
| | છોટાઉદેપુર | ૦૧-૦૬-૨૦૧૮<br>૧૯-૦૧-૨૦૧૯<br>૩૧-૦૧-૨૦૧૯<br>૦૧-૦૨-૨૦૧૯<br>૧૩-૦૨-૨૦૧૯ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમની ખનીજ ચોરી પકડાઈ,

(૨)

| જિલ્લો | સમયગાળો | ખનીજ ચોરીની રકમ રૂ.લાખમાં |
|---|---|---|

| | | |
|---|---|---|
| નર્મદા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૨૮૬.૨૭ |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| છોટાઉદેપુર | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૭૩.૭૬ |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૭૨૫.૭૩ |

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| કાર્યવાહીની વિગત/સંખ્યા | | |
|---|---|---|
| દંડકીય નોટીસ | દંડકીય વસૂલાત | દંડકીય હુકમ |
| ૧૦ | ૪૧ | ૧૬ |

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી?

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે કોઇ ઇસમ સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવેલ નથી.

## વડોદરા અને અમદાવાદ જિલ્લામાં ફ્લાઇંગ સ્ક્વોડ દ્વારા લીઝોનું ચેકીંગ

૧૬૦૧૬ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઇંગ સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| સમયગાળો | જિલ્લો | ચેકીંગ તારીખ |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | વડોદરા | --- |
| | અમદાવાદ | --- |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી | વડોદરા | --- |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમની ખનીજ ચોરી પકડાઇ,

(૨)

| જિલ્લો | સમયગાળો | ખનીજ ચોરીની રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| વડોદરા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| અમદાવાદ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી | ૫.૪૮ |

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૧ (એક) ઇસમ પાસેથી વસુલાત કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી?

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે કોઇ ઇસમ સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવેલ નથી.

## વડોદરા ગ્રામ્ય અને છોટાઉદેપુર જિલ્લામાં સીસીટીવી લગાવવાનું આયોજન

૧૬૪૪૨ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૪-૨૦૧૯ની સ્થિતિએ વડોદરા ગ્રામ્ય અને છોટાઉદેપુર જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી લગાવવા અંગેનું રાજ્ય સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં ઉક્ત સ્થિતિએ કેટલા કેમેરા લગાવવામાં આવેલ છે?

(૨) સેઇફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત તા.૩૦-૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા

ગ્રામ્ય જિલ્લામાં કુલ ૩૯ કેમેરાઓ સહિત તા.૨૫–૦૬–૨૦૧૯ સ્થિતિએ કુલ ૧૧૦ કેમેરાઓ અને તે જ રીતે તા.૩૦–૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કુલ ૨૮ કેમેરાઓ સહિત તા.૨૫–૦૬–૨૦૧૯ સ્થિતિએ કુલ ૫૬ કેમેરાઓ લગાવવામાં આવેલ છે.

## દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં દારૂ વેચાણના કેસો

૧૬૦૦૪ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ વેચાણના કેટલા કેસો નોંધવામાં આવ્યા,

(૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૩) બાકી આરોપીઓ પૈકી છ માસ કરતાં વધુ અને એક વર્ષ કરતાં વધુ સમયથી પકડવાના આરોપીઓ કેટલા છે, અને

(૪) રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે?

**જવાબ**

(૧)

| **જિલ્લા** | **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | |
|---|---|---|---|---|
| | **દેશી દારૂ** | **વિદેશી દારૂ** | **દેશી દારૂ** | **વિદેશી દારૂ** |
| દાહોદ | ૧૭૪૧ | ૧૧૮૫ | ૧૮૮૮ | ૯૪૦ |
| છોટાઉદેપુર | ૯૧૩ | ૩૬૬ | ૨૦૧૯ | ૩૫૫ |

(૨)

| **જિલ્લા** | **પકડાયેલ આરોપીઓ** | **પકડવાના બાકી આરોપીઓ** |
|---|---|---|
| દાહોદ | ૫૯૫૯ | ૩૦૦ |
| છોટાઉદેપુર | ૩૭૨૧ | ૫૭ |

(૩) છ માસ કરતા વધુ ૧૧૩ અને એક વર્ષ કરતા વધુ ૭૨ આરોપીઓ છે.

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ–વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઇ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાલતમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સએપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્ તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા–ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશિયલ ડ્રાઇવનું આયોજન કરી, આવા ઇસમો વિરુદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરુદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન–૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

## બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા લીઝોનું ચેકીંગ

૧૫૯૧૦ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ

**જવાબ**

(૧)

| **સમયગાળો** | **જિલ્લાનું નામ** | **ચેકીંગ તારીખ** |
|---|---|---|

સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | બનાસકાંઠા | ૧૩-૦૩-૨૦૧૮ |
| | કચ્છ | --- |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | બનાસકાંઠા | ૦૫-૦૬-૨૦૧૮<br>૦૬-૦૬-૨૦૧૮<br>૨૦-૦૬-૨૦૧૮<br>થી<br>૨૨-૦૬-૨૦૧૮ |
| | કચ્છ | --- |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમની ખનીજ ચોરી પકડાઈ,

(૨)

| જિલ્લાનું નામ | સમયગાળો | ખનીજ ચોરીની રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| બનાસકાંઠા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૩૦.૮૨ |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૪૭.૪૦ |
| કચ્છ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

| કાર્યવાહીની વિગત/સંખ્યા | | |
|---|---|---|
| દંડકીય નોટીસ | દંડકીય વસૂલાત | દંડકીય હુકમ |
| ૦૭ | ૦૧ | ૦૩ |

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી?

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે કોઇ ઇસમ સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી નથી.

## ગાંધીનગર ખાતે હાઈટેક અદ્યતન જેલ બનાવવાની કામગીરી

૧૫૯૧૩ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર ખાતે હાઈટેક અદ્યતન જેલ બનાવવાની કામગીરી કયા તબક્કે છે,

(૧) જમીન મેળવવા અંગેની બાબત વિચારણા હેઠળ છે.

(૨) ઉક્ત જેલના બાંધકામની કામગીરી માટે કેટલો ખર્ચ થનાર છે?

(૨) (૩) અને (૪)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત કામગીરી કઈ એજન્સીને આપવામાં આવેલ છે, અને

(૪) ક્યાં સુધીમાં ઉક્ત જેલની કામગીરી પૂર્ણ કરવામાં આવશે?

## ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં દસ્તાવેજોની ચકાસણીને લગતા કેસોનું પૃથક્કરણ

૧૬૪૧૯ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત-ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં દસ્તાવેજોની ચકાસણીને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ?

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૧,૦૫૧ કેસોના ૨,૨૯,૯૦૮ નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે.

## દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં આવેલી લીઝો

૧૫૮૮૯ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા

(૧)

અને પોરબંદર જિલ્લામાં લાઇમ સ્ટોન, બોક્સાઈટ, લિગ્નાઈટ, લેટેરાઈટ, સીલીકા, ચુનાની કેટલી લીઝો આવેલી છે, અને

| ખનીજ | લીઝની સંખ્યા | |
|---|---|---|
| | દેવભૂમિ દ્વારકા | પોરબંદર |
| લાઈમસ્ટોન | ૩૩ | ૧૦૩ |
| બોક્સાઈટ | ૧૧૩ | ૦૬ |
| લિગ્નાઈટ | શૂન્ય | શૂન્ય |
| લેટેરાઈટ | શૂન્ય | ૦૧ |
| સીલીકા | શૂન્ય | શૂન્ય |
| ચુનો | શૂન્ય | શૂન્ય |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર રોયલ્ટી પેટે સરકારને કેટલી આવક થઈ ?

(૨)

| સમયગાળો | આવક રૂ.લાખમાં | |
|---|---|---|
| | દેવભૂમિ દ્વારકા | પોરબંદર |
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | ૨૪૬૪.૪૭ | ૪૧૨૪.૯૩ |
| ૦૧-૦૬-૨૦૧૮ થી | ૨૮૫૮.૭૨ | ૩૯૮૭.૨૩ |

### ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં દસ્તાવેજોની ચકાસણીને લગતા કેસોનું પૃથક્કરણ

૧૬૪૨૦ **શ્રી અરવિંદ રાણા** (સુરત-પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં દસ્તાવેજોની ચકાસણીને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૧,૦૫૧ કેસોના ૨,૨૯,૯૦૮ નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે.

### ગાંધીનગર અને ખેડા જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ

૧૫૯૩૪ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને ખેડા જિલ્લામાં ખનીજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી કેટલી દંડની રકમ વસૂલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત બાકી રકમ પૈકી, ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ છેલ્લા બે વર્ષથી વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ખનીજ ચોરીના ઈસમો સમયસર રકમ ન ચૂકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ |
|---|---|
| ગાંધીનગર | રૂ. ૭૩૨.૩૩ લાખ |
| ખેડા | રૂ. ૮૧૪.૦૫ લાખ |

(૨)

| જિલ્લાનું નામ | દંડની બાકી રકમ |
|---|---|
| ગાંધીનગર | રૂ. ૪૩૨.૫૧ લાખ |
| ખેડા | રૂ. ૬૬૬.૫૦ લાખ |

(૩) અપીલ/રિવિઝન/કોર્ટ કેસ સહિતની તમામ ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વસૂલવાની કાર્યવાહી થતી હોય છે.

### થાનગઢ ખાતે પોલીસ ફાયરીંગ કેસની તપાસ

૧૫૮૬૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢ ખાતે પોલીસ દ્વારા

**જવાબ**

(૧) ના. જી,

દલિતો ઉપર થયેલ ફાયરીંગ કેસની તપાસ કરવા માટે રાજય સરકાર દ્વારા રચાયેલ તપાસ પંચ કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ –૧૯૫૨ હેઠળ નીમવામાં આવ્યું હતું, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજય સરકારને રિપોર્ટ મળી ગયા બાદ છ માસમાં સભાગૃહ સમક્ષ મૂકવા સેક્શન–૩(૪)ની જોગવાઈ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો તા.૧–૫–૨૦૧૩ના રોજ તપાસ પંચનો અહેવાલ ગૃહ વિભાગને સુપ્રત થયા બાદ છ વર્ષ થયા છતાં પણ કયા કારણોસર ગૃહમાં રજૂ કરવામાં આવેલ નથી, અને

(૪) સરકારશ્રી દ્વારા આ રિપોર્ટ ગૃહમાં ક્યારે રજૂ કરવામાં આવશે?

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો**

૧૬૪૫૬ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/ કર્મચારીઓ માટે કુલ કેટલા રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) અને (૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/ કર્મચારીઓ માટે કુલ ૧૦૦ રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને |
| (૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | ઉક્ત કુલ ૧૦૦ રહેણાંકના મકાનોના રૂ. ૮૧૦.૮૫ લાખના પ્રોજેક્ટ પૈકી તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રૂ.૧૯૨.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**પંચાયતી રાજ સમિતિનો પહેલો, બીજો, ત્રીજો અને ચોથો અહેવાલ**

શ્રી રમણભાઇ ધુ. પટેલ(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો પહેલો, બીજો, ત્રીજો અને ચોથો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**પહેલો, બીજો, ત્રીજો અને ચોથો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાયબ મુખ્ય મંત્રીશ્રી સન્માનીય નીતિનભાઇ પટેલ ૨૦૧૯–૨૦નું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય નીતિનભાઇ સાહેબને અભિનંદન આપુ છું કે, તેઓ ખૂબ જ મોટા મનના છે અને અમારા જેવા સભ્યોની ક્યાંક નાની મોટી ભૂલ થાય તો પણ તેઓ લેઇટગો કરીને નાના મોટા કામો કરવા માટે કાયમ પ્રયત્નો કરે છે એ માટે એમનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં તમામ વિભાગો મારફત અલગ અલગ જે જોગવાઈ કરવામાં આવી છે એ તમામ જોગવાઇના નાણા સમય મર્યાદામાં વપરાય અને ગુજરાતનો વિકાસ આ તમામ યોજના મારફત પારદર્શક રીતે થાય એવી અપેક્ષા પણ રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, પાણીનો પ્રશ્ન ખૂબ જ વિકટ છે ત્યારે આ બજેટમાં રૂ.૪૫૦૦ કરોડની જોગવાઈ પાણી માટે કરવામાં આવી છે. "નલ સે જલ તક" આ યોજનાનું નામ છે એ યોજના મારફત રાજ્યના તમામ છેવાડાના લોકોને શુદ્ધ પીવાનું પાણી મળે અને યોજનાકીય જે કાંઇ કામો ટેન્ડરથી કરવામાં આવે એ કામો સમય મર્યાદામાં પૂરાં કરવામાં આવે એવી અપેક્ષા રાખું છું. જે પંચાયતો વ્યક્તિગત પોતાના બોર મારફત લોકોને પાણી પૂરું પાડે છે એવા બોરો જે જિલ્લામાં ફેલ થઇ ગયા હોય એ બોર તુરત આ યોજનામાં ચાલુ કરવામાં આવે એવી પણ અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું ત્યાં સુધી પહેલી કહેવત હતી કે, "જળ, જમીનને જોરુ ત્રણેય કજિયાના છોરું" આવનારા દિવસોમાં આપણે પાણીની બચત નહીં કરીએ, પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ નહીં કરીએ તો "જળ, જમીનને જોરુ ત્રણેય કજિયાના છોરું" આ પરિસ્થિતિનું નિર્માણ થશે. ત્યારે મારો પોતાનો વ્યક્તિગત અનુભવ છે કે, ગામડાના લોકો કરતા શહેરના લોકો પાણીનો બગાડ વધારે કરે છે. ગામડાના લોકો દિવસમાં એક વખત કદાચ ન્હાય શહેરના લોકો દિવસમાં ત્રણ વખત ન્હાય અને ગાડીઓ ધોવે, એમના ચોક સાફ કરે અને એમને પોતાને એ વાતની ખબર પણ નહીં હોય કે આજે ભારતના અને ગુજરાતના છેવાડાના ગામોમાં પીવાનું પાણી પણ પૂરતું મળતું નથી ત્યારે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પાણીના મુદ્દે આ બે ત્રણ બાબતો હતી.

માનનીય અધ્યક્ષશ્રી, એનર્જીની વાત કરીએ છીએ ત્યારે ગુજરાત એ સૌથી વધારે એનર્જી ઉત્પન્ન કરતું રાજ્ય છે એમ રાજ્યના ઊર્જા મંત્રીશ્રીનું કહેવાનું થાય છે. ત્યારે ગુજરાતમાં એનર્જી ઉત્પન્ન થાય એ ખૂબ સારી બાબત છે. હું મારા મત વિસ્તારની વાત કરું તો મારા મત વિસ્તારના લોકોએ સોલાર મારફત પોતાના ઘર વપરાશ માટેની વીજળી માટે ૪૫૦૦ રૂપિયા ભરીને લગભગ ત્રણ હજાર પરિવારોએ સોલાર માટેની ડીસો માગેલી છે અને એને દોઢ બે વર્ષ થવા છતાં આ લોકોને સોલારની ડીસો મળી નથી, તો આ માટે ઉત્તર ગુજરાત વીજ કંપની મારફત આ પરિવારોને સોલારની ડીસો ઝડપથી મળે એવી અપેક્ષા રાખું છું. સાથે સાથે ઊર્જા મંત્રી અને નર્મદાના મંત્રીશ્રી માનનીય નીતિનભાઇ સાહેબ અને શ્રી સૌરભભાઇ સાહેબને વિનંતી કરું છું કે સૌરઊર્જા માટે ધોલેરા અને રાધા નેસડાનો આ વખતના બજેટમાં જોગવાઈ કરી છે. ખૂબ સારી બાબત છે પણ રાધા નેસડાની અંદર ગૌચર જ આવેલુ છે અને જે તે વખતે આ સોલાર પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યો તે વખતે આ ગૌચરની જગ્યા બાદ કરીને તેની માપણી સીટ કરવામાં આવી હતી. પણ કોઇ કારણોસર આ જમીન માફિયા કે જે કંઇ તેના લાગતા વળગતા અધિકારીઓ છે મેં પોતે રેકર્ડથી જોયું અને તેની તપાસ કરી ત્યારે અમારા જિલ્લાના જે કંઇ અધિકારીઓ કહેવાય તે પણ આમાં સંડોવાયેલા મેં માનનીય નીતિનભાઇ સાહેબને અને ઊર્જા મંત્રીશ્રીને વાત કરી. અમારા કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યનું ડેલીગેશન બનાવવામાં આવ્યું અને તેણે છેક રાધા નેસડાની મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન અમારે જે કંઇ પુરાવા આપવાના હતા તે

પણ લાગતા વળગતા અધિકારીઓ અને ડિપાર્ટમેન્ટને આપેલા છે ત્યારે અપેક્ષા રાખું કે ભલે સોલાર થાય તેનો અમને વાંધો નથી પણ આ ગૌચરની જગ્યામાં સોલાર ન કરવામાં આવે અને રેકર્ડ સાથે જે ચેડાં કર્યા છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અહીંયાં આવ્યો ત્યારે માનનીય નીતિનભાઇ જવાબ આપી રહ્યાં હતા. શ્રી નીતિનભાઇ અમારા એટલા સજ્જન છે કે જનતાએ એ લોકોની એલાયમેન્ટ વીંખી નાંખી છે અને એલાયમેન્ટોની ચર્ચા કરે છે. અમે તો એલાયમેન્ટો સીધી કરી તો પણ હજુ એલાયમેન્ટો, એલાયમેન્ટો કરો છો. મહેરબાની કરીને સમજો નહીંતર વિપક્ષની ભૂમિકામાં પણ આવતા વખતે આવશો કે કેમ તે સવાલો ઊભા થશે. સાહેબ, પત્રોની વાત કરતા હતા કે રેલ્વેમાં પત્રો લખ્યાં, કયારે લખ્યાં ફરી વખત મને કહેવાનું મન થાય કે શ્રી નીતિનભાઇ તમે બહુ સજ્જન છો અને જવાબો બધાને સરળ રીતે આપવાનો પ્રયાસ કરે છે. અરે, નર્મદા બંધ વખતે પત્રો લખ્યાં એવું નહીં ડેલીગેશનો ગયા અને તે વખતના મુખ્યમંત્રીશ્રી અને આજના દેશના ગૌરવવંતા વડાપ્રધાન એક ગુજરાતનું સરદાર સરોવર, સરદાર સાહેબના નામથી જોડાયેલું સરોવર તેમાં ઊંચાઇ, તેના દરવાજા બંધ કરવાની વાત તે પત્રો અને ડેલીગેશનોનો તમે હિસાબ કાઢજો તો ખબર પડશે કે તમારે પત્રોનું પૂછવાની કોઇ જરૂરિયાત નથી. તમારી સરકારો હતી અને આ પ્રકારે ગુજરાતનો વિકાસ થાય તો ભારતીય જનતા પાર્ટીની સરકારને જશ મળે. આ પ્રકારની નીતિના કારણે મને એવું લાગે છે શ્રી નીતિનભાઇ, એલાયમેન્ટો વીંખાઇ ગઇ છે અને હવે તો પૂરેપૂરી વીંખાઇ ગઇ છે રાજીનામાઓ પડી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતનું બજેટ સત્ર જે મળી રહ્યું છે તે વિશેષ હું એટલા માટે ગણું છું કે આ સન્માનીય ગૃહના એક એવા સદસ્ય તે ૧૩ વર્ષ સુધી ગૃહના નેતા રહ્યાં દેશની જનતાએ, રાજ્યની જનતાએ ૨૦૧૪માં વડાપ્રધાન બનાવ્યાં. તે ગૌરવવંતી ઘડીમાં એક વધારે ઉમેરો થયો. સાહેબ, ફરી વખત આ ગુજરાતની ધરતીમાં ૨૦૧૭ની ચૂંટણી આવી આખા દેશમાં કયારેય નથી જીતી કોંગ્રેસ એમ છઠ્ઠી વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાત રાજ્યની જનતાએ બનાવડાવી. કેટલાય ગપગોળાઓ,વર્ગ-વિગ્રહ કરાવવાની વાતો, જ્ઞાતિ-જાતિને ભડકાવવાની વાતો વચ્ચે ફરી એક વખત દેશની ૨૦૧૯માં ચૂંટણી આવી. કિન્તુ-પરંતુ શ્રી નરેન્દ્રભાઇ એ શું કર્યું, આ કર્યું, નથી કર્યું, દેશ કયાં જશે. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાત માટે એક ગૌરવની ઘડી છે બેમાંથી બીજી વાર અને બેમાંથી ૩૦૩. આ ગુજરાતના સન્માનીય સભ્ય અને પૂર્વ આપણા મુખ્યપ્રધાન હાલના વડાપ્રધાનના નેતૃત્વની અંદર, અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમીતભાઇ શાહના નેતૃત્વની અંદર બેમાંથી બીજીવાર ૨૬માંથી ૨૬. સાહેબ નવો ઇતિહાસ આ રાજ્યની જનતાએ, દેશની જનતાએ સર્જયો છે ત્યારે સ્વાભાવિક છે ૫૦ વર્ષ પછી આવો ઇતિહાસ સર્જાય છે. મારો પણ એ વખતે જન્મ નહોતો થયો, ઘણાંનો જન્મ નહિ થયો હોય. આજે આનંદની ઘડી છે. જનતા નેતૃત્ત્વ ઉપર કેવો વિશ્વાસ મૂકે છે. ભરોસો કોને કહેવાય એ મને લાગે છે કે ભારતની જનતાએ અને ગુજરાતની જનતાએ દુનિયાને બતાવી દીધું છે. આજે આનંદની ઘડી છે ત્યારે હું ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે આ રાજ્યની જનતાને આ સન્માનનીય ગૃહમાંથી શત-શત વંદન કરુ છું. દેશની જનતાને અભિનંદન આપું છું. આભારની લાગણી પણ અનુભવું છું કારણ કે, ૨૩ વર્ષ પછી ફરી વખત ૨૬માંથી ૨૬ સીટો જનતા આપે એનો અર્થ જ એવો છે કે કેવા પ્રકારનું કામ ૧૯૯૫થી આજ સુધી શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્ત્વમાં શ્રી વિજયભાઇ, શ્રી નીતિનભાઇ અને ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું હશે. comparisonની વાતો થાય તો કેમ comparison ન થાય. ઘણા વર્ષોથી તમે જનતાનો પ્રેમ અને વિશ્વાસ કેમ જીતી નથી શકતા. માત્રને માત્ર ટી.વી., મીડિયામાં રહેવા માટે અપપ્રચારના ગપગોળા ફેંકો છો ત્યારે આ આનંદની ઘડીમાં હું તમને પણ આમંત્રણ આપું છું કે તમે પણ જોડાવ તો કદાચ જેટલા બચ્ચાં-કૂચ્ચાં છો એ રહી શકો. સરસ મજાનું ફૂલ-ગુલાબી વાતાવરણ દેશની અંદર છે ત્યારે વગર ચોમાસે પણ ટાઢક થાય એ પ્રકારનું બજેટ શ્રી વિજયભાઇના નેતૃત્ત્વમાં આદરણીય શ્રી નીતિનભાઇ લઇને આવ્યા છે. મને એવું લાગે છે કે બજેટની વાત કરતાં પહેલાં માનનીય સભાગૃહ સમક્ષ મારે થોડી વાત એ પૂર્વાર્ધમાં કરવી છે જ્યારે કોંગ્રેસનું શાસન હતું. આમાંથી કેટલાક લોકો નવા ચૂંટાઇને આવ્યા છે એમને ખબર નથી પણ જૂના લોકો એમને કહેતા નથી કે આપણી વખતે આવું ચાલતું હતું. ૧૯૯૫માં છેલ્લે કોંગ્રેસે બજેટ મૂક્યું હતું એ પણ જનતાદળ ભળી ગયું ત્યારે બાકી તો ૧૯૯૦થી જનતાએ કોંગ્રેસને ચૂંટી નથી પણ ૧૯૯૫માં માત્ર ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ મૂક્યું હતું. ભારતીય જનતા પાર્ટીને જનતાની સુખાકારીની વાત અને સૂફિયાણી સલાહ આપવા નીકળ્યા છો ત્યારે મને કહેતા આનંદ થાય છે કે શ્રી વિજયભાઇના નેતૃત્ત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શ્રી નીતિનભાઇ નાણામંત્રી તરીકે આ ગૃહમાં બજેટ રજૂ કરે છે ત્યારે ૨૦૧૯-૨૦માં ૨,૦૪,૮૧૫ કરોડ રૂપિયાનું બજેટ લાવ્યા છે. આ જનતાની સુખાકારી માટેના બજેટને હું આવકારું છું, વધાવું છે અને વિપક્ષને પણ કહું છું કે આપ પણ સર્વાનુમતે આ બજેટને વધાવજો. બજેટ કેટલા ગણું થઇ શકે? શ્રી સૌરભભાઇને વધારે આંકડા ગણતા આવડે. ધંધો કરીએ તો પણ આટલા સમયમાં આટલા બધા ગણો વધી ન શકે. એવું ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯૯૫ પછી બતાવ્યું છે અને એના કારણે જનતા અનુભૂતિ કરી રહી છે કે અમારા જીવનમાં બદલાવ થઇ રહ્યો છે. ભલે વિપક્ષના સભ્યો સ્વીકારે કે ન સ્વીકારે મારે એમને કહેવું છે કે તમારા ઘરથી શરૂ કરો, આપણા ઘરથી શરૂ કરીએ, શેરીમાં જઇએ, મહોલ્લામાં જઇએ, શહેરમાં જઇએ, મહાનગરમાં જઇએ, ગુજરાતમાં જઇએ તો સ્વીકારવું પડે કે મારી પાસે પહેલાં શું હતું, કેટલા કપડાં હતા, આજે શું વ્યવસ્થા છે, શું રસ્તાઓ છે, શું પીવાના પાણીની વ્યવસ્થા છે. શ્રીમતી ગેનીબેન નલ સે જલની વાત કરે છે. ૫૦-૫૦ વર્ષનું શાસન કર્યા પછી નલ સે જલ તમે આપી ન શક્યા એ અમારે પૂરું કરવું

પડે છે. હું રાજયની જનતાને ભરોસો આપવા માગું છે કે અમારી સરકાર કમિટમેન્ટ સાથે માત્રને માત્ર રાજયની સુખાકારી અને પ્રામાણિકતા અને નિષ્ઠાથી સેવા સિવાય અમારી સરકારમાં કાંઇ આવ્યું, આવવાનું નથી અને આવશે પણ નહિ. ઓ.ડી. લીધા વગર ૧૧.૨ ટકા વિકાસ વૃદ્ધિ ધરાવનારું, ધરાવનારું, ફાઇનાન્સિયલ ડિસિપ્લીન વાળુ, માત્ર જાહેરાત વાળુ નહિ તળ ધરતી ઉપર જે દ્રષ્ટિએ જોગવાઈ કરવામાં આવી છે એને જનતાની સુખાકારી માટે ઉતારવા માટે અમારા મંત્રીશ્રીઓ અને ગુજરાતના વહીવટી તંત્રના સૌ અધિકારીઓ મહેનત કરે છે ત્યારે પરિણામ મળે છે. આંકડાની માયાજાળ નહિ, હકીકતો છે ત્યારે હું કેટલાક ઉલ્લેખ કરવા માગું છું. ખેડૂતોની વાત કરું તો અહીંયા તમારા સંસદીય શબ્દોમાં ઉલ્લેખ નહિ થાય પણ શિયાળની વૃતિથી ખેડૂતોનું ભલુ નહિ થાય. એનું ભલું કરવા માટે દેવા માફીની વાતો કરીને ખેડૂતોને છેતરવા નીકળ્યા છે. જાવ મધ્યપ્રદેશમાં દેવા માફીની વાત કરી છે ત્યારે કેટલાને એનો લાભ મળ્યો છે એ જોઇ આવો. થીગડ થાગડ નહિ, સર્વગ્રાહી રીતે રાજયનો વિકાસ કેવી રીતે થાય! ખેડૂતોનું ભલુ એમનું વર્ષ બે વર્ષ પૂરતું નહિ. એમની પેઢીઓની પેઢીઓ સુધી એ ખેડૂત સમૃદ્ધ બને, ખેડૂત સ્વનિર્ભર બને, ખેડૂતોની આમદાનીમાં વધારો થાય એ પ્રકારની નીતિ એ રાજ્યની સરકારે અને કેન્દ્રના શ્રી નરેન્દ્રભાઈની નેતૃત્વવાળી સરકારે અપનાવી છે. મને આનંદ છે કે એ કિસાન સન્માન નિધિ એકવાર નહિ પરંતુ દર વર્ષે ૭૫ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ અને એમણે જાહેરાતો કરી હતી. માનનીય મનમોહનસિંહ વાત કરતા હતા અમારી સરકારે દેવા માફ કર્યા હતા એ ફકત રૂ.૫૭-૫૮ હજાર કરોડના દેવા માફ કર્યા હતા એ રેકર્ડ બોલે છે. અમે દર વર્ષે ૭૫ હજાર કરોડ રૂપિયા આપવાના છીએ. પહેલા એક સીલીંગ હતી એને પણ પાર કરીને જેની પાસે જમીન છે એ તમામ ખેડૂતોને સમૃદ્ધિની સોળમાં ઉડે એના માટે વરસાદ આવે કે ન આવે, પાણી પડે કે ન પડે પણ ખેડૂતનું જીવન સારી રીતે પસાર થાય એના માટે આ કિસાન સન્માન નિધિ યોજના કરી છે. અનેક ખેડૂતલક્ષી બાબતો લઇને માનનીય નીતિનભાઇ આવ્યા છે એમણે ઉલ્લેખ કર્યો છે એટલે વિશેષ ઉંડાણમાં જતો નથી. પણ ઝીરો ટકા વ્યાજ એ માત્ર વ્યાજ ભરવાનું છે એના માટેની જોગવાઇ બજેટમાં ૯૧૨ કરોડ રૂપિયાની કરીને ગયા વર્ષે આપ્યા હતા. અને ૫૦૦ કરોડ રૂપિયા રીવોલ્વીંગ ફંડ આપ્યું છે. શર્ટ કાઢી નાખીને ખેડૂતો માટે નીકળવાથી એ સંવેદના ઉભી થતી નથી. એ પ્રકારનો વિરોધ કરવાથી કે ખેત પેદાશોનો હાર પહેરવાથી ખેડૂતો માટેની લાગણી આવી જતી નથી. લાગણી હૃદયમાં હોય ત્યારે કલમમાં આવે છે અને એ કલમમાં શ્રી નીતિનભાઇ અહીંયા લાવ્યા છે એ માટે વિશેષ અભિનંદન આપું છું. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, શ્રી વિજયભાઇની સરકાર, અમારા નાણામંત્રી શ્રી નીતિનભાઇની સરકાર, એમણે બધી સમસ્યાઓ પૂરી કરીને કોંગ્રેસે ઉભા કરેલા જે પ્રશ્નો હતા એ ધીરે ધીરે કરીને લઇ લીધા છે. અહીંયાં ઊર્જા મંત્રીશ્રી બેઠા છે. જય જગન્નાથ, આ જગન્નાથથી આવતા જગન્નાથ. કોઇ ખેડૂતની કૃષિ જોડાણની માગણી ન ઊભી રહે એટલે બધા જ કૃષિ વીજ જોડાણો આપી દેવાના છે. જય જગન્નાથ બોલો જય જગન્નાથ. હવે ખેડૂતોને શું આપવાનું કહેશે. માનનીય પ્રદિપસિંહજી, એમને નવું કંઇક ગોતીને આપજો. કારણ કે તમે સારું બોલો છો, ક્યારેક ક્યારેક પાઠ લેવા જવું. પીવાના પાણી માટે ૨૦ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ.

યુવાનોની વાત કરો છો એના માટે અલગ પ્રકારની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય શિક્ષણમંત્રીશ્રી અહીંયાં બેઠા છે. યુવાનો શિક્ષિત બને એને રોજગારી મળે એ પ્રકારની વ્યવસ્થા માનનીય ભૂપેન્દ્રસિંહભાઇ કરી રહ્યા છે. યુવાનોને ટેકનોલોજી સાથે જોડીને નેશનલ અને ઇન્ટરનેશનલ કક્ષાએ યુવાનો સજ્જ બને એ ગુજરાતનો યુવાન છે એ ગુજરાતી છે એ પ્રકારે એ જયાં પણ નીકળે ત્યારે ખબર પડી જાય કે એ ગુજરાતનો યુવાન છે એ બનાવવા માટે સફળતાપૂર્વકના પ્રયાસો રાજ્યની ભાજપની સરકારે કર્યા છે ત્યારે અભિનંદન આપું છું. યુવાન વતી આપું છું. યુવાન છું એટલે આપું છું. એમના સ્વપ્નો પૂરા કરવાનો પ્રયાસ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે. સ્ટાર્ટઅપ અને સ્ટેન્ડઅપ નવું નવું કરવાની પ્રેરણાઓ, મુદ્રા બેંક, યોજનાઓ માટે ધિરાણો, પાંચ હજાર જેટલી સરકારી ભરતીઓ અને ૧૧ લાખ યુવાનોને તમને વિચાર પણ નહોતો આવતો કે ખાનગી કંપનીઓમાં નોકરી અપાવી શકાય. હાથો હાથ ઓર્ડર આપવાનું કામ પહેલી વખત રાજ્ય સરકારે કરીને ઇતિહાસ રચ્યો છે. અને ભરતી એટલે કેવી, કાકા-મામા, મામા- માસીના નહીં, સાહેબ, મારે તો શ્રી નીતિનભાઇ, તમને કહેવું છે કે, ૧૯૯૫નું કાઢજો. ભરતી થતી તો આમાં કોઇકના કોઇકના નીકળશે. આજે યુવાન જે નોકરી કરી રહ્યો છે તે કોમ્પિટન્ટ છે તેજ કરે છે, એને ખબર છે કે મને નોકરી ન મળી હોય તો મારાથી બીજો યુવાન વધારો સવાયો હશે, કોઇ મુખ્યમંત્રી, શ્રી નીતિનભાઇ કે અમારા ધારાસભ્યશ્રીના કે ભાજપના ઓળખીતાનો નહીં હોય, એનો એને વિશ્વાસ હશે, આવો વિશ્વાસ અને ભરોસો આ યુવાનોમાં પહેલી વખત પેદા થયો છે. એ રીતે નોકરી કરી રહ્યા છે. આ વહીવટી સુધારણા, આ વ્યવસ્થાઓ એ સરકારની કટિબદ્ધતા છે. (અંતરાય) એટલા માટે વિશેષ અભિનંદન આપું છું. કૌભાંડ-કૌભાંડ કરશો નહીં મેં કહ્યું શ્રી નીતિનભાઇને કે કાઢીને આપજો કુળ નીકળશે, તલાટી અને પટાવાળામાં પણ કુળ નીકળશે. કોઇ કૌભાંડ થયા હોય તો તમને પણ કહું છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર જે કોઇએ ખોટું કર્યું હોય તો તેને છોડવાના નથી. એટલા અમે એમાં અમારી વ્યવસ્થાઓ બદલવા માગતા હોઇએ તો તેમાંથી અટકી જઇએ એમ નથી. અમે તો કરવાના છીએ. વ્યવસ્થાની સુધારણા કરવાના છીએ.

માર્ગ અને મકાન વિભાગ, ગામડું કેવી રીતે જીવંત બને, ગામડામાં કેવી રીતે પ્રાણ આવે, શહેર, નગર અને મહાનગરમાં પણ માળખાકીય સુવિધાઓ કઇ રીતે વધે ૪૫-૪૫ ટકા જેટલા લોકો મહાનગરોમાં વસતા હોય તેની માળખાકીય સુવિધાઓ શહેરી વિકાસ વિભાગે, કે પછી માર્ગ અને મકાન વિભાગ હોય હું અભિનંદન આપવા માગું છું માનનીય

નીતિનભાઇને કે કોઇને પણ વિચાર પણ ન આવે તેવી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના રૂ.૧૦ હજાર કરોડની જોગવાઈ. ત્યારે આ લોકો કહેતા હતા માનનીય નીતિનભાઇ કે આ તો વાતો છે એ ત્રણ વર્ષમાં પૂરા કર્યા અને ફરી વખત ત્રણ વર્ષ માટે આપ લાવ્યા છો એટલે અભિનંદન આપું છું. ફરી એકવાર આ યોજનાને આગળ વધારવાનું કામ કર્યું છે, ગામડું ત્યારે વિકસિત બનવાનું છે. જનતા જનાર્દન ગામડાંઓમાં રહે છે તે શહેર અને મહાનગર સાથે ઇન્ફ્રાસ્ટ્રકચરથી જોડાય એ પાયાની જરૂરીયાત છે. એમને ધ્યાનમાં લઇને શિક્ષણની પણ જરૂરીયાત છે એને ધ્યાનમાં લઇને બજેટમાં જે જોગવાઇઓ લાવ્યો છે એના માટે વિશેષ અભિનંદન આપું છું. એના માટે રાજ્યની જનતા તમારી કાયમ આભારી રહેવાની છે.

એસ.ટી.ની વાત અલગ અલગ વ્યવસ્થાઓ , સોલર, ઉદ્યોગ આ બધાની વ્યવસ્થાઓ પ્રવાસન, ટૂંકમાં બધી જે સેવાઓ છે એ સેવાઓને જે પ્રકારે લઇને આવ્યા છે તેના માટે અભિનંદન આપું છું. સાહેબ, નાનો હતો ત્યારે વરસાદ ચીનમાં પડે અને છત્રી અહીં કચ્છના કેટલા લોકો લઇને ફરતા હતા. એમ એમ.પી., રાજસ્થાન અને છત્તીસગઢની અંદર થયું. તેના કારણે કોંગ્રેસના લોકો છત્રી લઇને અહીં આવ્યા. છત્રી લઇને નિકળ્યા જાણે જીતી ગયા હોય એમ. સર, આ છત્રી પહેલી ચૂંટણીમાં જસદણમાં પહેલાં ઉડી ગઇ, પછીની ચૂંટણીઓ આવી એમાં કાગડો થઇ ગઇ છે. જડતી નથી તમારી છત્રીઓ જનતાએ એને ખોઇ નાંખી છે ત્યારે હું આમંત્રણ આપું છું આવો સકારાત્મક કામ કરો, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અમારી ભૂલ હશે તો અમારો કાન પકડો, અમે તૈયાર છીએ પણ જનતાના હિત અને ભલા માટે સાથે મળીને સકારાત્મક રાજનીતિ કરો, હું આ બજેટ માટે અને તેમાં કરેલ જોગવાઇઓ માટે શ્રી નીતિનભાઇને અને શ્રી વિજયભાઇને વિશેષ અભિનંદન આપું છું. મને ભરોસો છે કે આ રાજ્યની ઊંચાઇ એક અલગ વિકાસ, અલગ ક્ષિતિજો આદરણીય નરેન્દ્રભાઇ અને આદરણીય અમીતભાઇના નેતૃત્વમાં થવાની છે. શ્રી નીતિનભાઇને અભિનંદન. કોંગ્રેસની છત્રી કાગડો ન થાય તેની ચિંતા કરજો. બાકી રહેલા ભયના ડર નીચે જીવે છે પ્રજા હવે સ્વીકારશે કે કેમ? તેવો ભયનો ઓથાર છે. આ સરકારમાં જોડાજો નહીંતર આવતા વખતે તમને વિપક્ષની ભૂમિકામાં પણ ગુજરાતની જનતા નહીં રહેવા દે. શ્રી નીતિનભાઇને, સરકારને અને વહીવટી તંત્રના અધિકારીઓને પણ અભિનંદન.

અધ્યક્ષશ્રી : શ્રી રાજેશભાઇ ગોહિલ વચ્ચે ખૂબ બોલે છે, આપે એમને બોલવા માટે સમય આપ્યો છે. (અંતરાય) એટલે વચ્ચે ન બોલશો, પ્લીઝ.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિદ્વાન નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો અને વેદનાને રજૂ કરું છું. હમણાં મારા ખાસ મિત્ર અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી જીતુભાઇ વાત કરતા હતા. હું આપના માધ્યમથી એમને વિનંતી કરીશ કે મારા મત વિસ્તાર તળાજામાં હમણાં વીમા બાબતે રૂ.૬ કરોડની આસપાસનું પ્રિમિયમ ભરવામાં આવ્યું અને ફક્ત અઢી કરોડ રૂપિયા જેટલી જ રકમ ખેડૂતોને વીમો ચૂકવવામાં આવ્યો છે. ત્યારે આ બાબતમાં ખૂબ ગંભીરતાપૂર્વક વિચારીને ખેડૂતોના હિતમાં ખેડૂતોને વીમામાંથી, ફરજિયાત જે વીમો કરવામાં આવે છે એમાંથી મુક્તિ આપવી જોઇએ. વીમાનું પ્રિમિયમ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ભોગવી રહી છે. એ પ્રિમિયમ ડાયરેક્ટ ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવે તેવી હું વિનંતી કરું છું.

બંદરોની વાત કરવામાં આવી, ૧૩૦૭૭ કરોડ રૂપિયાનો બજેટમાં ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. એશિયાનું મોટામાં મોટું શીપ બ્રેકીંગ યાર્ડ મારા મત વિસ્તારમાં અલંગ ખાતે આવેલું છે. ૧૯૮૨માં આ અલંગ ખાતે શીપ બ્રેકીંગ યાર્ડની સ્થાપના કરવામાં આવી ત્યારે આજે ત્યાં ૧૬૫ જેટલા પ્લોટ આવેલા છે. એક જહાજ રૂ.૨૦ કરોડનું આવે છે. ત્યારે અહીં ફકત આ બજેટમાં રૂ.૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે એ ખૂબ ઓછી છે. ઓલ અવર વર્લ્ડમાં શીપ બ્રેકીંગ યાર્ડમાં આપણે દુનિયા સામે ટકવું હોય ત્યારે, બાંગલાદેશ, ચીન હોય ત્યારે આપણા દેશની નીતિને કારણે અલગંમાં આવેલ ૧૬૫ પ્લોટમાંથી આજે માત્ર ૬૦ પ્લોટમાં જ શીપ બ્રેકીગ ચાલી રહ્યું છે. તેથી આ નીતિમાં ફેરફાર કરીને અલંગને ફરીથી ધબકતું કરવામાં આવે તેવી વિનંતી છે.

સરતાનપર બંદર મારા મત વિસ્તારમાં વર્ષો પહેલા ધબકતું બંદર હતું અને ૧૫૦ જેટલા વહાણો ત્યાં ચાલતા હતા. આજે એ બિલકૂલ બંધ થઇ ગયું છે. તેને ધબકતું કરવા માટે આ સરકાર પૂરતા પ્રયત્નો કરે તેવી વિનંતી કરું છું. ઉદ્યોગો માટે રૂ.૬૩૦૧ કરોડની જોગવાઇની વાત કરવામાં આવે છે. વિધાનસભાના પહેલા સત્રમાં પણ માનનીય નીતિનભાઇ સાહેબ પાસે મારા મત વિસ્તારમાં જી.આઇ.ડી.સી. માટેની મેં માગણી કરી હતી અને મારા મત વિસ્તારમાં અલંગ પણ આવેલું છે. ત્યારે ત્યાં જી. આઇ.ડી.સી.ની ખૂબ જરૂરિયાત છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે એમણે મને પ્રોમિસ પણ આપેલું કે આવતા વર્ષમાં તમારા તળાજા ખાતે જી. આઇ. ડી. સી. માટે વિચારવામાં આવશે. તો મારા વિસ્તારમાં તળાજા ખાતે જી. આઇ. ડી. સી. આપવામાં આવે તેવી વિનંતી કરું છું. રાજ્ય સરકાર સાથે જોડાયેલ ભાવનગરનો આલ્કોક એશડાઉન, શીપ બિલ્ડિંગ માટે દેશની સારામાં સારી કંપની છે. ત્યારે આલ્કોક એશડાઉનના કર્મચારીઓને છૂટા કરવાને બદલે તેને ચાલુ કરવામાં આવે તેવી વિનંતી કરું છું.

એક હજાર નવી બસો શરૂ કરવાની વાત કરવામાં આવી છે ત્યારે આજે મારા વિસ્તારમાં ૫૦ ટકા ગામોમાં બસ જોવા મળતી નથી. અને વિદ્યાર્થીઓને શાળા-કોલેજમાં જવા માટે લોડીંગ અને ત્રણ વ્હીલના વાહનોમાં જવું પડે છે ત્યારે એમના માટે પણ વ્યવસ્થા થાય તેવી વિનંતી કરું છું. માત્ર મારા વિસ્તારના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે જે મગફળી અને કપાસ

ખરીદીએ છીએ. આપણે ત્યાં ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ લાગે, ગોડાઉનના ભાડાનો ખર્ચ લાગે છે ત્યારે સરકારશ્રીને વિનંતી કરું છું કે ટેકાના ભાવ આપવાના હોય તે સબસિડી સીધી ડાયરેક્ટ ખેડૂતના ખાતામાં જમા કરવામાં આવે. જેથી કરીને ભ્રષ્ટાચાર અટકે અને ખેડૂતોને સીધો ફાયદો થાય.

ભાવનગરની સર ટી. હોસ્પિટલ ત્રણ જિલ્લાને લાગુ પડે છે. આવડી મોટી જબરજસ્ત હોસ્પિટલમાં ન્યૂરો સર્જન નથી, કાર્ડિયાક સર્જન નથી, નેફ્રોલોજીસ નથી, ઓર્થોપેડીક સ્પાઇન સર્જન પણ નથી અને કેન્સર વોર્ડ જે રૂ.અઢી કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે તે આજે કાર્યરત નથી. તો એ તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

આજે વિશ્વ વસતિ દિવસ છે અને આપણી સૌની ચિંતા, દેશ હોય, દુનિયા હોય, ગુજરાત હોય, આપણો જિલ્લો હોય અને શ્રી નીતિનભાઇનું બજેટ હોય પણ તેને ખોરવવાનું કામ જે વસતિ વધારો થાય છે એ હંમેશા કરતું રહ્યું છે. આપણે પક્ષાપક્ષી, આરોપ-પ્રત્યારોપ, પોતાના પ્રશ્નોની ચર્ચા હંમેશા કરતા હોઇએ છીએ અને ગૃહમાં પણ કરતા હોઇએ. કાલે બેઠો બેઠો વિચાર કરતો હતો કે આ જે આપણું તંત્ર છે, આપણું જે વહીવટી તંત્ર, સરકાર હોય, વ્યવસ્થાપક હોય. પણ સમાજ જીવન જે રીતે ચાલે છે એ આપણા સૌના રાજકીય જીવનમાં છે, સમાજ જીવનમાં છે એના માટે ખૂબ ચિંતાનો વિષય આજે થઇ રહ્યો છે ત્યારે હંમેશા માનવસહજ વૃત્તિ વિકાસને ઝંખે અને થવું જોઇએ કે ૨૧મી સદીમાં જે વિકાસ થયો છે એ આદિમાનવ અને ડાર્વિનના ઉત્ક્રાંતિવાદથી સતત વિકાસ થતો થતો આજે આપણે જે કંઇ ૨૧મી સદીમાં લાભ લઇ રહ્યા છીએ એ તેનું મૂળ હાર્દ હતું. વિકાસની વાતો, ચર્ચાઓ, આયોજન કરીએ, બીજી બાજુ હજારો દવાખાના દરરોજ ખૂલે છે. નવા પોલીસ સ્ટેશનો સ્થપાય, નવી નવી સુવિધાઓ ઉપલબ્ધ થાય પરંતુ મૂળમાં જે પ્રશ્ન છે, દવાખાના એટલા માટે ખુલે છે કે આપણી જે જીવન પદ્ધતિ અને સમાજનું આરોગ્ય ખોરવાયું છે એ ચિંતાનો વિષય છે. દરરોજ કોર્ટો ખૂલે, પોલીસ સ્ટેશનોમાં નવી ભરતી કરીએ પરંતુ લોકોમાં જે માનસિક વિકૃતિ આવી છે અને લાલસા. જેના લીધે દરરોજ જે ગુનાઓ થાય છે. બાળકીઓ ઉપર બળાત્કાર થાય તો પણ આપણને અરેરાટી આવતી નથી. સમાજ જાગતો નથી. બહેન ઉપર બળાત્કાર થાય, હત્યાઓ થાય. બે દિવસ પહેલાં વરમોરા ગામમાં હત્યા થઇ, ખૂબ દુઃખદ ઘટના. આપણે કઇ દિશામાં સમાજનો વિકાસ ઇચ્છીએ છીએ. જે ભૌતિક સુવિધાઓ છે એ તો બધી મળશે. પરંતુ જે સમાજ જીવનનું હાર્દ છે, જે સંવેદના એક-બીજાં માટે છે એ ખોરવાઇ જશે તો આ બધી અસ્કયામતો, સુવિધાઓ એમને એમ પડી રહેવાની છે. આજે આપણે વિધાનસભામાં હોઇએ, સંસદમાં હોઇએ, જાહેર જીવનમાં હોઇએ. આપણા ઘરમાં બધી સુવિધાઓ હોય પણ જે ભૂખ્યો માણસ છે તેને આપણે સંતોષ નહીં આપીએ તો આપણે પણ શાંતિથી જીવી શકવાના નથી. સામાજિક મૂલ્યો, સમાજ પ્રત્યેની જવાબદારી, સમાજની સંવેદના દરરોજ તેનું હનન થતું જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી ચિંતાનું મૂળ શિક્ષણ. શિક્ષણમાં જે મૂલ્યો હતા. માત્રને માત્ર હરિફાઇ. બાળ મંદિરમાં છોકરું મૂકીએ ત્યારથી હરિફાઇ, હરિફાઇ, હરિફાઇ. એ માત્રને માત્ર હરિફાઇની દિશામાં જાય છે એટલે એની પણ આપણે ચિંતા કરવાની છે. મારો એક મુખ્ય મુદ્દો છે કે મેં તાપી બચાવો અભિયાનના નેજા હેઠળ ખૂબ પ્રદૂષિત પાણી અને સુરતના આપણાં ધારાસભ્યો છે. આખું સુરત પાણી પીવે છે. એ લગભગ ઝેર જેવું પાણી એમને મળે છે. ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન હોય, જે.કે. પેપર મિલ હોય, એટોમિક પાવર સ્ટેશન હોય અને મોટા ઉદ્યોગો. આજે પાણી દુર્ગંધ મારતું થયું છે અને શ્રી સૌરભભાઇને પણ વિનંતી છે કે જે ખાણની લીઝ બેરોકટોક ચાલે છે. બિન અધિકૃત રીતે આખી તાપી બાંધી દીધી છે. આજે કદાચ પૂર આવે તો અડધા ગામડા ડૂબી જાય એવી પરિસ્થિતિ છે. આપણા અધિકારીઓ ઉપર બે-બે વખત હુમલા થયા છે છતાં આપણે જાગતા નથી. જી.પી.સી.બી. બોર્ડને વારંવાર રજૂઆત કરીએ છીએ પણ એ પણ કોઇ જાગતું નથી. આમાં ગંભીર તપાસ થાય એવી મારી વિનંતી છે. બીજું, '' બેટી બચાવો, બેટી પઢાવો''નું દરરોજ સૂત્ર ચાલે છે. આપણે જન્મદર હંમેશા ધ્યાનમાં રાખતા હોઇએ છીએ. કાલે શ્રી સી. જે. ચાવડા સાહેબ કહે છે કે એવરેજ ૮૯૦ દીકરી જન્મે છે તો ૧૦૦૦ દીકરા જન્મે છે. પણ અમૂક વસ્તુઓ કુદરતી નિયમન કરતું હોય છે. જે દીકરીઓમાં રેજીસ્ટંસ પાવર છે એટલે સંઘર્ષ કરવાની ક્ષમતા એ પુરુષો કરતા પાંચ ગણી વધારે હોય છે. તો ૧૫-૨૦નો જે આકડો રહે છે એ જયાં સુધી દીકરીઓ પુખ્ત વયની થાય ત્યાં સુધીમાં દીકરાઓ મૃત્યુ પામતા હોય છે. આ દર ઘટી ગયો છે, આપણી આની પાછળ ઘણા ખર્ચાઓ કરીએ છીએ, શ્રી સી.જે.ચાવડા સાહેબ કહેતા હતા કે આ દર ઘટી ગયો છે પણ કુદરતનો નિયમ છે. એક બીજાને સરભર કરતા હોય, કોઇ પુરુષો, સ્ત્રીઓ એના પાત્ર વગર રહેતા નથી. મારી વિનંતી છે સાહેબ કે, બુધવાડા મારા મતવિસ્તારનું ગામ છે, આ વખતે સંસદની ચૂંટણીમાં બહિષ્કાર કર્યો અને એ રસ્તો સાત કિલોમિટરનો છે, માનનીય વનપર્યાવરણ મંત્રીશ્રી સાહેબ પણ છે તો સંકલન કરીને રસ્તો થાય અને પ્રાયોરીટીમાં જે રૂ.દસ કરોડના કામો છે એમાં પણ લખ્યું છે છતાં હજુ થયું નથી. હમણાં વન વિભાગ તરફથી સિંહોનું સ્થળાંતર કરવાની વાત ચાલે છે અને થઇ રહ્યા છે. પણ એક જંગલમાંથી બીજા જંગલમાં જાય તો એને મજા આવતી નથી એટલે એક દિવસ બધા ભેગા થયા... અધ્યક્ષશ્રી : આ તમને કેવી રીતે ખબર?

## તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : ભેગા થાય અને કીધું કે બધાને ખાવા-પીવાનું સરસ મળે છે, વાતાવરણ પણ સરસ છે, જંગલ સરસ છે છતાં ચહેરા પર લાલી દેખાતી નથી. એક વૃદ્ધ સિંહે કીધું કે મૂળ જંગલમાં જે ગર્જના કરવાની મજા આવતી હતી હતી એ મજા આવતી નથી.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણીસાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના નેજા હેઠળ ચાલતી ભા.જ.પ.ની સરકારના નાણામંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ ૨૦૧૯-૨૦નું જે સર્વગ્રાહી બજેટ લઇને આવ્યા છે એને હું આવકારું છું. એની સાથે સાથે મને કહેતા આનંદ થશે કે માનનીય મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો હું અતિ હૃદયપૂર્વક આભાર એટલા માટે માનું છું કે અમારા પંચમહાલ જિલ્લામાં ગોધરા અને શહેરા મતવિસ્તારમાં છેલ્લા કેટલાય વર્ષોથી વરસાદી પાણીથી ખેતી કરતા ખેડૂતોને આ બજેટની અંદર પાનમ આધારિત ઉદ્વહન સિંચાઇ યોજનામાં લગભગ રૂ.૨૫૦ કરોડ અને હાઇ લેવલ કેનાલની મરામત કરી અને પાઇપ લાઇન દ્વારા ખેડૂતોને જમીનની સિંચાઇ માટે રૂ.૨૧૫ કરોડ અને ગોધરા શહેરમાં વસ્તીના વિસ્તારને ધ્યાનમાં રાખીને ટ્રાફિકની અડચણ ઊભી ન થાય એટલા માટે સ્ટેટ હાઇવે ઉપર ગોધરા શહેરની ઉપર ચાર લાઇનનો રૂ.૩૦ કરોડનો રસ્તો, રૂ.૧૪૦ કરોડનો ઓવરફલાય, રેલવે ફાટક ઉપર જે વર્ષોથી પ્રશ્ન હતો, સોસાયટીમાં વસ્તીનો વધારો થવાને કારણે ટ્રાફીકની બહુ મુશ્કેલી પડતી હતી એના માટે દસ કરોડ રૂપિયાના અંડરબ્રીજ એમ કુલ લગભગ રૂ.૬૪૫ કરોડની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે એ માટે માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ અને આપણા મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મહેસૂલ વિભાગમાં આ વર્ષના બજેટમાં કુલ રૂ.૩૩૮૩ કરોડની જોગવાઈ કરાવી છે એ પણ ખૂબ આવકારદાયક છે. મહેસૂલ વિભાગ રાજયમાં અછત, અર્ધઅછત, પુનઃ વસવાટ, જમીન સંપાદન કરવાની કામગીરી કરી છે. હાલમાં ગુજરાત ખાતે માં ''વાયુ'' નામનું વાવાઝોડું આવ્યું. આ પ્રસંગે માનવ બચાવની કામગીરી કરવા માટે આપણા ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, સરકારી તંત્ર, પ્રકૃતિ સામે પડકાર બની કામ કરવા માટે વાવાઝોડાની સામે માનવ બચાવ કામગીરી કરવામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સતર્કતા દાખવી અને કેન્દ્ર સરકારના ત્રણ વિભાગો સાથે સતત સંપર્કમાં રહી અને આ બાબતમાં પણ આપણા વડાપ્રધાન મોદી સાહેબ પણ આ વાવાઝોડા અંગે ગુજરાતની ચિંતા કરતા હતા. આ કામગીરીમાં બચાવ પક્ષે એન. ડી.આર. એફ.ની ૪૭ ટીમો, એસ.ડી.આર.એફ.ની ૧૧ ટીમો, એસ.આર.પી.ની ૧૩ ટીમો, આર્મીની ૧૪ ટીમો, બી.એસ.એફ.ની ૨ ટીમો, ૩૦૦ મરીન કમાન્ડો, ૮૩ જેટલા પંપ સેટો, રસ્તા ઉપરથી અવરોધ કરતા ઝાડો હટાવવા માટે ૯૦ ટીમ અને ૧૦ લાખ ફૂડ પેકેટો અને ૧૫૦ પશુ ચિકિત્સકો અને ઉર્જા વિભાગની ૬૩૦ ટીમો અને સલામતિના ભાગરૂપે ૧૦ જિલ્લામાં ૭૫ તાલુકાના ૭૯૧ ગામોમાંથી ૨ લાખ ૭૮ હજાર ૪૫૬ લોકોનું ૨૩૦૭ આશ્રયસ્થાનોમાં અભૂતપૂર્વ રીતે સ્થળાંતર કર્યું એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. અગમચેતીના ભાગરૂપે ૮૬૨ માછીમારોની ૩૦૩ બોટ દરિયામાંથી સલામત રીતે પરત લાવ્યા હતા. ૧૫૩ અગરમાંથી ૨૬૩૫ અગરિયાઓને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ગુજરાતની પ્રજાને દહેશતમાંથી મુક્ત કરીને બચાવવાની કામગીરી જે કરી છે, પ્રકૃતિ સામે પડકાર રૂપ કામગીરી કરી છે. આપણા યશસ્વી મુખ્યમંત્રી અને તેમની ટીમને ઝીરો કેજ્યુલિટી મિશન સંપૂર્ણ સફળ રહ્યું તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મહેસૂલ વિભાગ મારફતે પુનઃવસનની કામગીરીમાં વર્ષો સુધી આ જ વિધાનસભામાં લગભગ ૧૦ વર્ષથી આ પ્રશ્ન એવો હતો કે પાનમ, હડફ અને કબૂતરી ડેમના અસરગ્રસ્ત ૮૦૦ કુટુંબોનો પ્રશ્નો ૧૯૮૦થી એટલે કે ૩૯ વર્ષથી જેનો ઉકેલ આવતો ન હતો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ કામ માટે છેક સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરી યુ.ડી.સી.ને સ્પેશિયલ નોમિનેટેડ કરી અને આ કામગીરી શરૂ કરી છે. ટૂંક સમયમાં તેની કામગીરી પણ પૂર્ણ થશે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ફેરફાર કરેલ અંદાજપત્ર લઇને આવ્યા છે ત્યારે હું એમાં મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ જે આરોગ્યલક્ષી સુરક્ષા કવચ પાંચ લાખનું બનાવ્યું છે અને લોકપ્રિય યોજના છે અને અનેક લોકો એનો લાભ લે છે એ ખૂબ આવકાર્ય છે. પરંતુ એનું ઇમ્પ્લિમેન્ટ સારી રીતે થાય એ ખૂબ જ જરૂરી છે. કારણ કે જ્યારે ગામડાંનો દર્દી દવાખાને જાય ત્યારે ત્યાંના સંચાલક અને ડોક્ટર એમ કહે છે કે અમને આ યોજનાના પૈસા સમયસર મળતા નથી. એટલે યેન કેન પ્રકારે દર્દીઓને એમાંથી આનાકાની કરવામાં આવે છે. દર્દીઓ નાસીપાસ પણ થાય છે. માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે, ભારતના પ્રખર અર્થશાસ્ત્રી અને નોબલ પુરસ્કૃત ડો. અમર્ત્યસેન, એમણે કહ્યું કે જે કૌટિલ્યનું જે અર્થશાસ્ત્ર છે એ જ નીતિ શાસ્ત્ર છે. એમાં મહદંશે સમાનતા સમાયેલી છે. મારો કહેવાનો હેતુ એ છે કે ભૌતિકવાદ અને ભૌતિક સુવિધા માત્રથી માનવ જીવનને સુઘડ બનાવવાની વાત જે છે એ વાતમાં આપણે ક્યાંક ભૂલ પણ કરીએ છીએ. આ ભારતની અંદર એક સમયે સમ્રાટ અશોકનું રાજ હતું અને આ દેશ સોનાની ચિડિયા કહેવાતો. ચીનના હ્યુ એન ત્સાંગ અને ફહિયાન ત્સાંગ ચીનના મુસાફરો, એમને એમ થયું કે ભારત સોનાની ચિડિયા છે અને ચોરી છૂપીથી ભારતમાં આવી ભારતની સંસ્કૃતિ અને ભારતની અર્થ વ્યવસ્થાને જાણવાનો પ્રયાસ કર્યો ત્યારે એમના પુસ્તકોમાં નોંધે છે કે ભારત સમૃદ્ધ ભારત છે, સોનાની ચીડિયા છે. લોકો ઘરના દરવાજા ખૂલ્લાં રાખીને રાત્રે સૂવે છે. સ્ત્રીઓ રાત્રે સેર-વિહાર કરવા

નીકળે છે. કોઇ ભયનું શાસન નથી. આ તબક્કે મારે માનનીય નાણામંત્રીશ્રીને એટલું યાદ કરાવવું છે કે આજે (સમય સૂચક ઘંટડી) સાહેબ, મને વધારે સમય આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : હજુ બે મિનિટ છે. આ તો તમને એલર્ટ કર્યા કે મહત્વની વાત રહી ના જાય.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષરી, આજે દીકરીઓની વાત કરવામાં આવે છે તો ખાસ કરીને આપણે જે શાળા–કોલેજની વ્યવસ્થાઓ ઊભી કરી છે એ ખૂબ શહેરોથી દૂર હોય છે અને જ્યારે આપણે જોઇએ છીએ કે શિયાળામાં ૫–૦૦ વાગ્યે છૂટે છે એવા સમયે દીકરીઓને શહેર સુધી કે પોતાના રહેઠાણ સુધી જવામાં ઉચાટનો અનુભવ થાય છે એનાથી આપણને ખૂબ ચિંતા થાય છે. આ પ્રકારની વ્યવસ્થામાં સંવેદના નથી હોતી એ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે એમાં ભૌતિકવાદને લઇને આપણે ક્યાંક ભૂલી ગયા હોય એવું મને લાગે છે. હું માર વિસ્તારની વાત કરું તો આ બજેટમાં કૃષિ ક્ષેત્રે રૂ.૭૧૧૧ કરોડની જોગવાઈ કરી છે એ ખૂબ ખૂબ આવકાર્ય છે પણ મારા ધ્રોલ અને જોડિયા વિસ્તારને આપે એક બાજુ અછતગ્રસ્ત જાહેર કરીને બીજી બાજુ વીમા ફસલ યોજનાનો લાભ નથી આપ્યો એ બાબતે હું ખૂબ વ્યથિત અને ચિંતિત થયો છું. આ તબક્કે મારે એમ પણ કહેવું છે કે, ખરેખર જોડિયા વિસ્તાર છે એ દરિયા કાંઠાનો વિસ્તાર છે ત્યાં જે ખેડૂતોના ખેતરમાં ક્ષારયુક્ત દરિયાના પાણીના કારણે તકલીફ પડે છે તો એને રોકવા માટે પ્રોટેક્શન દીવાલ ઊભી કરવામાં આવી હોત તો મને વધારે ગમત. માનનીય અધ્યક્ષશ્રી, આ સદનની અંદર વુમન અને મહિલાઓની વાત છે ત્યારે મારે ફરીથી એ પણ કહેવું છે કે આ ગુજરાતની અંદર સમાજ વ્યવસ્થાની અંદર ફેરફાર લાવવો જોઇએ.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય અનંતભાઇ પટેલ

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેના પર હું મારા વિચારો રજૂ કરું છું.

સર્વ પ્રથમ તો ગયા વર્ષે જે બજેટ ઉપર ચર્ચા કરી હતી ત્યારે અમારે ત્યાં કૉટેજ હોસ્પિટલ બનાવવા માટે વિનંતી કરેલી એ કૉટેજ હોસ્પિટલની કામગીરી ચાલુ થઇ ગઇ છે એ બદલ હું સૌ પ્રથમ અભિનંદન આપું છું. બીજું મારો વિસ્તાર એ આદિવાસી વિસ્તાર છે. એ વિસ્તારમાં ઉજ્જવલા ગેસ યોજનાની અંદર ઘણી બધી બહેનોને ઉજ્જવલા ગેસના બાટલા આપ્યા છે. પરંતુ એની સાથે સાથે બીજી તરફ એ સિલિન્ડર આપ્યાનો સિક્કો રેશન કાર્ડમાં છે એટલે હવે તેમને કેરોસીન મળતું નથી. મારા વિસ્તારમાં વરસાદનું ઘણું બધું પ્રમાણ હોવાથી વીજળી વારંવાર જાય છે ત્યારે એમને ઘરમાં ચૂલો સળગાવવો હોય તો એમાં કેરોસીનની અત્યંત જરૂર છે. બીજું અમારા વિસ્તારના આદિવાસી સમાજના લોકો પાસે પુરતા પૈસા નથી કે જેથી વારંવાર સિલિન્ડર ભરાવે અને સિલિન્ડર ભરાવવા માટે તાલુકા મથકે જવું પડે છે ત્યારે મારી આ તબક્કે વિનંતી છે કે અમારા આદિવાસી વિસ્તારના લોકો માટે કેરોસીન પુરતા પ્રમાણમાં આપે. હાલમાં એકદમ ગંભીર વાત કરું તો અમારા વિસ્તારમાં ચૂલો સળગાવવા માટે લાકડા મૂકે છે અને પ્લાસ્ટિકની કોથળીઓ વીણી લાવીને ચૂલો સળગાવે છે. મારા ખ્યાલથી લાકડાથી કેન્સર નહીં થવાનું હોય પણ પ્લાસ્ટિકની કોથળીઓ સળગાવવાથી કેન્સર થઇ શકે એવું છે. તો અમારા વિસ્તારમાં કેરોસીન આપો તો એમના છોકરા વાંચી અને ભણી શકે અને એ લોકો ચૂલો સળગાવી શકે.

બીજું અમારા વિસ્તારની વાત કરું તો શિક્ષણમાં અને આદિજાતિમાં સારું બજેટ આપ્યું છે. પરંતુ અમારા વિસ્તારની શાળાઓની વાત કરીએ તો વાંસદામાં ૯૬ શાળામાંથી ૩૦ ગામની શાળામાં ૧૩૭ ઓરડાઓ જર્જરિત છે સાથે સાથે વાસદામાં ૨૫ ગામોમાં ૭૫ ઓરડાઓની ઘટ છે, ચીખલીમાં ૨૮ શાળામાં ૯૩ ઓરડાઓની ઘટ છે. ખેરગામ તાલુકામાં ૧૨ શાળાઓમાં ૪૧ ઓરડાઓની ઘટ છે તો આ ઓરડાઓ બનાવો તો અમારા વિસ્તારના બાળકોને જે શિક્ષણની ભૂખ છે એ શિક્ષણની ભૂખ પૂરી કરો એવી હું વિનંતી કરું છું. સાથે સાથે અમારા વિસ્તારમાં બે ડેમો આવેલા છે. બે ડેમની અંદર એક ડેમ છે કેલીયા અને બીજો ડેમ છે જુજ. કેલીયા ડેમમાંથી પીવાના પાણીની યોજના ચાલે છે અને કેલીયા ડેમમાં હજુ પણ પીવાનું પાણી ત્યાં હોય છે એટલા માટે વરસાદ પડે છે ત્યાં સુધી હોય છે તો કેલીયા ડેમમાંથી વીસેક ગામો બીજા એમાં પાણીની યોજનામાં સમાવેશ કરવામાં આવે એવી વિનંતી કરું છું. સાથેસાથે જે જુજ ડેમ આવેલો છે એ જુજ ડેમમાં પણ ઘણાબધા ગામોને પીવાના પાણીની યોજનામાં આવરી લઇ શકાય એવું છે અને જુજ ડેમમાંથી પીવાના પાણીની નવી યોજના બનાવો જેથી ૨૦થી ૨૨ ગામોને પીવાનું પાણી મળે છે. હાલમાં અમે ૨૧ ગામોમાં પ્રવાસ કર્યો ૨૧ ગામમાં પીવાના પાણીની કોઇ યોજના નથી અને પીવાના પાણી માટે ડુંગર ઉપરથી ઉતરીને વેરીમાં જવું પડે અને વેરીમાં ખાડો ખોદેલો હોય ત્યાં નિશાનીથી બહેનો પાણી ભરવા જાય છે અને પાણી ભરીને લગભગ બે કિલોમીટર ડુંગર ઉપર ચઢવું પડે છે. એની વ્યવસ્થામાં મારી નાણામંત્રીને, અમારા આદિજાતિ મંત્રીને વિનંતી છે કે ત્યાં પાણીની યોજના પહોંચાડો અને જે પાણી વહી જતું હોય એ પીવાનું પાણી મળી રહે. સાથેસાથે અમારા વિસ્તારમાં મા અમૃતમ કાર્ડ માટે જે ઓપરેટરો નથી, તો ઓપરેટરોની નિમણૂક કરો. ઓપરેટરો સાથે જ્યારે વાત કરીએ ત્યારે એમ કહે છે કે અમને એક કાર્ડના માત્ર ૧૨ રૂપિયા મળે છે એટલે અમારાથી પૂરેપૂરો દિવસ ત્યાં બેસી શકાય તેમ નથી. અમે એમને સમજાવીએ છીએ અથવા એમને કહીએ છીએ કે અમે તમને પગાર આપીશું તો પ્રિન્ટર ખરાબ થઇ જાય છે અને પ્રિન્ટરની એજન્સી અમદાવાદમાં આવેલી છે. એટલે અમદાવાદની એજન્સીવાળા એમ કહે કે જ્યારે ઘણા બધા પ્રિન્ટર બગડશે તો રીપેર કરવા આવીશું તો અમારા વિસ્તારના લોકોને પણ મા અમૃતમ કાર્ડનો ફાયદો થાય એના માટે કંઇક એવી યોજના બનાવે કે જેના કારણે અમારે ત્યાં વધારેમાં વધારે મા અમૃતમ કાર્ડ થઇ શકે. બીજી એક વાત, નોટબંધીને કારણે અમારા વિસ્તારની અંદર જે

પશુપાલક અને ડેરીમાં જે દૂધ ભરવા જતા હતા એવા આદિવાસી સમાજના પશુપાલકોને હવે નોટબંધીને કારણે પૈસા લેવા માટે બેંકમાં જવું પડે છે. અમારા વાંસદા તાલુકામાં બહુ ઓછી બેંકો હોવાને કારણે ઘરના એક વ્યક્તિને લાઇનમાં ઊભા રહેવું પડે છે તો મારી આ તબક્કે વિનંતી છે. અમારા વિસ્તારમાં ડેરીઓ છે તો ડેરીઓ ઉપર એક એ.ટી.એમ.નું મશીન મૂકો જેથી એ.ટી.એમ.માંથી પૈસા કઢાવી શકે અને એમનો દિવસ બગડે નહીં. બીજી વાત, અમારા વિસ્તારના આદિવાસી સમાજના ખેડૂતોની જમીન ઓછી છે. એમાંથી બધા ભાઇઓમાં ટુકડે ટુકડે વહેંચાઇ જાય છે. ત્યારે ભારતમાલા જેવો પ્રોજેક્ટ હોય અથવા તો મુંબઇ-દિલ્હી કોરીડોર જેવો પ્રોજેક્ટ હોય કે તાપી-નર્મદા રીવોલ્વીંગ જેવો પ્રોજેક્ટ હોય તો એ પ્રોજેકટમાં અમારા વિસ્તારના લોકોની જમીન ન જાય એ રીતે તમે મૂકો અથવા તો એવા પ્રોજેકટની અમારા વિસ્તારમાં કોઇ જરૂર નથી. તો હું આ તબક્કે કહેવા માગું છું કે ભારતમાલા જેવા પ્રોજેકટના લીધે અમારો આદિવાસી વિસ્તાર પોતાની સંસ્કૃતિથી દૂર જશે તો આવા પ્રોજેકટને હાલ પૂરતો પડતો મૂકવામાં આવે અથવા તો એને કાયમ માટે પડતો મૂકવામાં આવે એવી મારી આ તબક્કે તમને નમ્ર વિનંતી છે.

શ્રી નથાભાઇ હે. પટેલ**(**ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું છે એ આવકારદાયક છે અને એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. મારા વિસ્તારમાં બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમના જે તાલુકાઓ છે વાવ, થરાદ, ભાભર, શિવગઢ તાલુકામાં નર્મદાના પાણીથી ખેડૂતોને ખુશહાલી છે અને સરકારને હું અભિનંદન આપું છું કે પાણી મળી રહે છે પરંતુ સાથેસાથે ફરિયાદ પણ એવી છે કે એ વિસ્તારમાં જે કેનાલો બનાવવામાં આવી છે એ કેનાલોમાં છાશવારે ભંગાણો પડે છે અને ભંગાણ પડવાના કારણે ખેડૂતોના ખેતરમાં પાણી ફરી વળે છે. એ આપણી બેદરકારી છતી કરે છે. બીજી વાત એ છે કે માજી મુખ્યમંત્રીશ્રી આનંદીબેનના વખતમાં પાઇપ લાઇન મારફત નર્મદાનું પાણી નાંખવામાં આવ્યું હતું પણ જ્યારે ઉદઘાટન થયું અને જે પાણી આપવામાં આવ્યું એના પછી દાંતીવાડા ડેમમાં પાણી નાંખવામાં આવ્યું છે. આ નહેરનો શું ઉપયોગ કરવામાં આવે છે એ ખબર જ પડતી નથી. બીજી વાત એ છે કે આ વર્ષે બજેટની જોગવાઈ કરી અને કાલે જ શ્રી શિવાભાઇએ વાત કરી હતી કે થરાદથી શિરોહી ડેમમાં પાણી નાંખવામાં આવશે અને એ પાઇપ લાઇનની યોજના મંજૂર કરી અને રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરી છે. એ જોગવાઇ કરી એ સારી બાબત છે. સરકારની પ્રશંસા કરવાની બાબત છે પણ સાથેસાથે મારે એ ધ્યાન દોરવું છે કે એક પાઇપ લાઇન નાખી છે અને બીજી પાઇપ લાઇન નાખીને લાભ થશે કે કેમ એ વિચારવા જેવી બાબત છે. તેના માટે મનોમંથન કરીને પૈસા સરકારના ખર્ચાય છે તેવી મારી વિનંતી છે. બનાસકાંઠા જિલ્લામાં પશ્ચિમ તાલુકામાં પાણીના લીધે કંઇ પણ ફાયદો થયો છે, પણ પૂર્વ તરફના પાલનપુર, વડગામ, દાંતીવાડા, ધાનેરામાં પહેલા પાણી હતા એ આજે રહ્યા નથી. એના કારણે પશ્ચિમના તાલુકા કરતા પણ આ તાલુકાની પરિસ્થિતિ ગંભીર બની છે. ખેતી ઠીક છે, પણ પીવાનું પાણી આજે પણ નથી. એવા સમયે જ્યારે વચ્ચે ગઇ સરકારમાં આંદોલન કરવામાં આવ્યું, એના ભાગરૂપે સરકારે ખાતરી આપી હતી અને ખાતરીના ભાગરૂપે રૂ.૫ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી અને કહ્યું હતું કે સરવે કરીને પાણી આપવામાં આવશે. તો ૫ કરોડ રૂપિયા સરવે કરીને તેના પૈસા બે વર્ષથી બજેટમાં આવ્યા? સરવે થયો છે કે કેમ? આ માટે સરકારને વિનંતી છે. સરકારશ્રીમાં કાગળ લખ્યો તો મને જણાવવામાં આવ્યું હતું કે તમારો વિસ્તાર નર્મદાના કમાન્ડ એરિયામાં આવતા નથી, એટલે આને નર્મદાના કમાન્ડ એરિયામાં લેવામાં આવે અને આ પ્રજાને પાણી આપવામાં આવે એવી મારી વિનંતી છે. બીજું, જૂના જમાનામાં આ વિસ્તારને પૂર્વના ભાગને પાણી આપવા માટે કડાણા અપર કેનાલમાંથી કરમાવત તળાવમાંથી મુક્તિશ્વર ડેમ મારફત દાંતીવાડા, વડગામ અને ધાનેરાને પાણી આપી શકાય તેવી યોજના હતી. એ યોજનાને જીવંત કરવામાં આવે અને ફરીથી તેના ઉપર ધ્યાન આપવામાં આવે તો આ વિસ્તારને પાણી મળી શકે તેમ છે. બીજી વાત, દાંતીવાડા તાલુકામાં શીપુ અને દાંતીવાડા બધે ડેમો બનાવવામાં આવેલ છે, છતા એનું એક ટીપું પાણી આ વિસ્તારને મળતું નથી, તો આ વિસ્તારને આ ડેમમાંથી પાણી આપીને આ પાણીનો પ્રશ્ન વિચારવામાં આવે તો એમને પણ હળવાશ થઇ શકે તેમ છે. દાંતીવાડા તાલુકો એ ડુંગરાળ એરિયા છે. એમાં નાના નાના ચેકડેમ બનાવવામાં આવે અને એ ચેકડેમ પાછળ માત્ર ૨-૫ કરોડ રૂપિયાનો ખર્ચ જ થશે. તો તે વિસ્તારના ચેકડેમ મારફતે સાસન છે, રાણીખેત છે હળવતિયા ડેમને ઉંચો લેવામાં આવે તો એ પાણી ભૂગર્ભમાં રહી ડુંગરાળને પાણી આપી મદદરૂપ થઇ શકીએ તેમ છીએ. ખેતરમાં ભૂગર્ભ જળ યોજના મારફતે ૨૦૧૬-૧૭ અને ૨૦૧૮માં સરકારશ્રી મારફતે ખેત તલાવડી બનાવવામાં આવી હતી, પણ એ ખેત તલાવડી ફકત કાગળ ઉપર જ બની છે. ખેડૂતો જાણતા નથી. પૈસા ઉઘરી ગચેલ છે. આની તપાસ થાય તેવી સરકારશ્રીને આપના માધ્યમ મારફતે વિનંતી છે. જેના પૈસા ઉઘારાઇ ગયા છે તે એક ગામમાં ૩-૩ કરોડ થયા છે તેના ઉપર ધ્યાન આપે. સરકાર સક્ષમ છે અને આટલા ઊંચા અવાજે બોલી શકતી હોય તો આવાં કામમાં પૂરું ધ્યાન આપે તેવી વિનંતી છે. રાયડો અને મગફળીની ખરીદીની વાત કરીએ તો મગફળીની ખરીદીની ઘણી ચર્ચા થઇ છે એમાં પડવાની જરૂર નથી. રાયડાની ખરીદી થઇ. ખેડૂતોની નોંધણી થઇ. જે ખેડૂતોની નોંધણી થઇ એના ૫૦ ટકા રાયડો ખરીદાયો છે અને બાકીનો રાયડો ખરીદ્યા વગરનો છે. નોંધણી થયેલા ખેડૂતોનો રાયડો ખરીદાયેલ નથી. અને અઠવાડિયાથી બંધ કરવામાં આવેલ છે. કાલે રેલી નીકળી હતી. એટલે સરકાર ઉંચે અવાજે બોલતી હોય તો બોલેલું તો વર્તે તેવી મારી વિનંતી છે. અગાઉના વર્ષે માજી મંત્રી, મુખ્યમંત્રીશ્રી ડીસામાં આવીને જાહેર સભામાં બોલેલ કે બટાકા સોનાના થઇ જશે. એમનો વિચાર સારો હતો.(અંતરાય) બટાકા સોનાના થઇ પણ શકે. સાંભળો ભાઇ, તેજી હોય તો થાય પણ ખરું. કુદરતનો સાથ નથી મળ્યો. બટાકા સોનાના થયા નથી. બટાકા સોનાના ન થવાના કારણે ખેડૂતો આત્મહત્યા કરે છે. કાલે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ચોથો અને છેલ્લો દિવસ)

મારા મિત્રો બોલતા હતા કે ખેડૂતો મારૂતીમાં ફરે છે. જે મર્યા છે તેની યાદી જોઇતી હોય તો મળશે અને આત્મહત્યાની યાદી જોઇતી હશે તો મળશે. આવા બટાકા પકવતા ખેડૂતોને રાહતરૂપ થવા માટે સરકારશ્રીને વિનંતી છે. બીજી વાત સભામાં વાત થઇ ઝીરો ટકાથી લોન આપવામાં આવે છે. વાત સાચી છે એ વાત વ્યાજબી પણ છે. સાથે સાથે બીજી દ્રષ્ટીએ પણ જોવાની જરૂર છે. ટૂંકી મુદતની લોનો ઝીરો ટકાથી આપવામાં આવે છે અને મધ્યમ મુદતનું ધિરાણ એ જ ખેડૂતને આપવામાં આવે છે તે ૧૨-૧૩-૧૪ ટકાએ આપવામાં આવે છે. તો એના ઉપર ધ્યાન આપવું જોઇએ. એમને મદદરૂપ થવા માટે પ્રયત્ન કરશું તો વ્યાજબી છે. પાક વીમાની વાત થઇ. પાક વીમામાં કાઠિયાવાડવાળા જાગૃત છે, તો ૫-૧૦ ટકા વીમો લઇ જાય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો સામાન્ય બજેટ ઉપરની આ ચર્ચામાં આ સન્માનીય સભાગૃહના લગભગ બધા જ સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. સરકારને ઉપયોગી, પોતાના વિસ્તારોની જરૂરિયાતોને વાચા આપે એવા સુંદર સૂચનો કર્યા, ક્યાંક જરૂર પડે ટીકા પણ કરી અને ગુજરાતનો વિકાસ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ એ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇનું જે સૂત્ર છે એને સાર્થક કરવા માટે આપણી ગુજરાત વિધાનસભાના સર્વ માનનીય સભ્યશ્રીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક એમની વિગતો રજૂ કરી છે એ માટે બધાનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સિનિયર નેતા અમારા પક્ષના પ્રમુખ માનનીય જીતુભાઇ વાઘાણી, અમારા સિનિયર મંત્રી માનનીયશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અમારા સિનિયર મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા અને એવા જ સિનિયર અને અનુભવી મંત્રી જેમણે નાણા વિભાગની કામગીરી પણ સંભાળેલી છે એવા શ્રી સૌરભભાઇ પટેલ અને વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી દ્વારા અનેકવિધ બાબતોને સાંકળી લઇ સરકાર પક્ષે, વિરોધ પક્ષે બધાએ પોતાની વાણી અહીંયાં વ્યક્ત કરી છે, વિચારો વ્યક્ત કર્યા છે અને આપણે બધા સાથે મળી આવનારા સમયમાં ગુજરાતને કેવું ઘડવું છે, આવનારા સમયમાં ગુજરાતને ક્યા રસ્તે લઇ જવું છે અને નાની મોટી સરકારની અનેક યોજનાઓ એવી છે કે, જેનો વ્યાપ પોતાના વિસ્તારના નાગરિકોને કદાચ ન મળતો હોય, મોડો મળતો હોય ઓછો મળતો હોય, કચાશ રહી ગઇ હોય તો એવા પ્રશ્નો પણ માનનીય સભ્યશ્રીઓએ રજૂ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે થોડો સમય બાદ કરતા બાકીનો બધો જ સમય મેં આ અંદાજપત્રની ચર્ચામાં બધા જ માનનીય સભ્યશ્રીઓએ જે સૂચનો કર્યા છે એ મેં મારી નોંધમાં નોંધી લીધા છે અને અધ્યક્ષશ્રીની પરવાનગીથી જુદા જુદા વિભાગના જે અધિકારીઓ અહીંયાં બેસે છે એ અધિકારીશ્રીઓએ પણ પોતાના વિભાગને લગતા લગભગ દરેક માનનીય સભ્યશ્રીઓએ જે સૂચનો કર્યા છે, ટીકાઓ કરી છે અને જે માગણીઓ કરી છે એ બધું નોંધી લીધું છે અને બધા જ અમારા સન્માનીય મંત્રીશ્રીઓની જે અમારી ટીમ છે, મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇના નેતૃત્વમાં એ તમારા બધાના મનની લાગણી જે પ્રજાને ઉપયોગી છે એને વધુને વધુ કાર્યક્ષમતાથી આ બજેટમાં અને આવનારા સમયમાં પૂર્ણ કરવા માટે અમે ચોક્કસ પૂરેપૂરી મહેનત અને કટિબદ્ધતાથી કામ કરીશું એવી અમારી સરકાર વતી પણ સર્વે ધારાસભ્યશ્રીઓને હું ખાતરી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં વર્ષોથી આ ગૃહમાં બેઠો છું અને આપ સૌ પણ બેઠા છો. માનનીય મોહનસિંહભાઇ જેવા સિનિયર સભ્ય, ડો.જોષીયારા હોય બીજા અનેક સિનિયર ધારાસભ્યશ્રીઓ અહીંયાં બેઠા છે એમાં માનનીય શૈલેષભાઇ તરવરીયા યુવાન વર્ષોથી અહીંયાં બેઠા છે. એ સિવાય અન્ય સભ્યશ્રીઓના સમયની મર્યાદાના કારણે બધાના નામ લઇ શકતો નથી, કોઇ પાંચ ટર્મથી, કોઇ ચાર ટર્મથી એમ વર્ષોથી બધા અહીંયાં ચૂંટાઇને આવે છે એવા સભ્યશ્રીઓ છે એમાં બહેનો પણ છે, ઘણાં નવા બહેનો છે, અમારા બહેનો તો બધા સક્રિય જ છે અને એજ રીતે સામા પક્ષે શ્રીમતી ચંદ્રિકાબેન પણ એમના પ્રશ્નો રજૂ કરે છે. હું તો તમામને સક્રિય માનું છું અને પ્રજાને આપણે બધાએ હિસાબ આપવાનો છે, અહીંયાં ભલે હું કે તમે જે વાત કરીએ તે પણ છેવટે તો પ્રજા દરેક વખતે હિસાબ માગતી હોય છે. સાહેબ, કંપનીમાં કોઇએ શેર લીધા હોય તો પોતાના શેરનું ડિવિડન્ડ મળે છે કે નહીં તે બધા જોતાં હોય છે. અને પ્રજા પણ પોતે જે સરકાર ચૂંટી છે, જે પ્રતિનિધિઓ ચૂંટ્યા છે તેણે શું કામ કર્યું તે જુએ છે. અને જોયા પછી ગુજરાતની શાણી પ્રજા એ અમારી ભારતીય જનતા પક્ષની સરકારને ૨૨ વર્ષથી ગુજરાતની વિધાનસભાની જવાબદારી સોંપી છે અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇને ગયા વખત કરતા પણ વધુ સમર્થનથી દેશની જનતાએ થ્રી નોટ થ્રી ૩૦૩ સભ્યોની જંગી બહુમતિ આપીને જ્યારે જવાબદારી સોંપી છે ત્યારે હું ચોક્કસ કહીશ અમારા મુખ્યમંત્રીશ્રીએ પણ કહ્યું, અમારા સિનિયર મંત્રીશ્રીઓએ બધાએ કહ્યું છે, અમારા ધારાસભ્યોએ પણ કહ્યું છે કે આ વિજય અમારા માટે આનંદદાયક છે, પ્રોત્સાહનરૂપ છે પણ તેનાથી અમે અભિમાની થવાના નથી, તેનાથી અમે હવામાં નથી ચાલવાના અમે પણ વર્ષોથી રાજકારણમાં છીએ, જાહેર જીવનમાં છીએ ભારતીય જનતા પક્ષ વિશ્વની મોટામાં મોટી પાર્ટી એના અમે સભ્ય છીએ અમને ખબર છે અમારા નેતા માનનીય નરેન્દ્રભાઇ ફરીથી વડાપ્રધાન બન્યાં પછી જે પ્રજા જોગ અને સંસદ સભ્ય જોગ અને માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે હું એ મિટિંગમાં ગયો હતો આખા દેશમાં તેનુ લાઇવ ટેલિકાસ્ટ હતું બધાએ જોયુ છે કે વડાપ્રધાનશ્રીએ ત્યાં અમને બધાને જે શબ્દોથી પ્રેરણા આપી કે પ્રજાએ આપણા ઉપર વિશેષ જવાબદારી મૂકી છે એને આપણે વધુ મહેનતથી, વધુ સારું કામ કરી, વધુ પ્રમાણિકતાથી, વધુ પારદર્શકતાથી ગરીબમાં ગરીબ માણસ સુધી આપણી સરકારનો લાભ પહોંચે અને અમારા પંડિત દીનદયાળજી અને ડો.શ્યામાપ્રસાદ મુખરજી અમારા નેતાઓએ જે લક્ષ્ય રાખ્યું હતું કે ગરીબમાં ગરીબ માણસના ઘર સુધી દીપ જલાવવો વિકાસનો, સુખનો, આનંદનો, શિક્ષણનો, આરોગ્યનો, સુવિધાઓનો તે દીપ જલાવવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરશે એવું શ્રી નરેન્દ્રભાઇએ અમને ત્યાં માર્ગદર્શન આપ્યું હતું.

અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય અમીતભાઇ એ પણ આ ગૃહના સભ્ય સાહેબ આપણું ગૌરવ તો જુઓ આ આપણું બધાનું ગૌરવ છે કોઇ એકલુ સરકાર પક્ષનું ગૌરવ છે એવું નથી. આપણે એવા ગૃહમાં બેઠાં છીએ કે જે ગૃહમાંથી દેશના વડાપ્રધાન પણ ધારાસભ્ય રહી ચૂકયા છે અને જે ગૃહના સભ્ય રહી ચૂકયા હોય એવા અત્યારે ભારતના ગૃહમંત્રીશ્રી છે. કેટલુ મોટું ગુજરાતને ગૌરવ પ્રાપ્ત થયુ છે અને હમણાં બાકી રહી જતું હતું તો વિદેશ મંત્રી જેવુ અગત્યનું સ્થાન પણ ગુજરાતને ફાળે મળ્યું અને ત્રણ ત્રણ મોટા હોદ્દાઓ કેન્દ્ર સરકારમાં આપણે બધા જ્યારે ગુજરાત વતી મેળવી ચૂકયાં છીએ ત્યારે અમને તેનાથી વધુ જાગૃત થવાનું મન થાય છે. (અંતરાય ) શ્રી પરસોત્તમભાઇ રૂપાલા, ખરાં ચોક્કસ ખરાં એમ તો અમારા શ્રી મનસુખભાઇ માંડવીયા પણ ખરાં. હું શ્રી શૈલેષભાઇનો આભાર માનું છું કે તેમણે બેનો ઉમેરો કરાવીને વધારો કરાવ્યો. માનનીય પરસોત્તમ રૂપાલાજી કેન્દ્રના મંત્રી શ્રી પરેશભાઇના અમરેલી જિલ્લાના એ પણ કેન્દ્રમાં કૃષિમંત્રી છે, ખેડૂત નેતા છે અમારા અને શ્રી મનસુખભાઇ માંડવીયા તે પણ આપણા સભ્ય છે અને ત્યાં પણ મંત્રી તરીકે તેમને સ્વતંત્ર હવાલો મળ્યો છે અગત્યની કામગીરી મળી છે. આ બધુ ગુજરાતમાંથી છે અને આ કંઇ એકલો ભાજપને આનો લાભ નથી મળવાનો બધાને લાભ મળવાનો છે અને એનો લાભ આપણે મેળવીએ એવો અમારો સતત પ્રયત્ન છે. અમારા શ્રી આર.સી.ફળદુ સાહેબ આજે અહીંયાં ઉપસ્થિત નથી, કેમ નથી ? મુખ્યમંત્રીશ્રીની પરવાનગી લઇને ગયા છે અને મને જાણ કરી કે હું કાલે નહીં હોઉં. ગુજરાતના ખેડૂતો માટે ભારત સરકારની સંસદ ચાલે છે કેવી રીતે વધુ લાભ ત્યાંથી ગુજરાતના ખેડૂતો માટે મેળવે તે માટે વિધાનસભામાંથી રજા લઇને આજે ફળદુ સાહેબ ત્યાં ગયા છે. આ રીતે સાહેબ અમે સંકલન કરીએ છીએ. પહેલાંની જેમ નહીં કે ઉપરનું જુદું ચાલે અને નીચેનું જુદું ચાલે અને વચલાવાળાને કંઇ ખબર પણ ના હોય. પહેલાં આવુ હતું. સાહેબ, આમ આપણે કહીએ સાદી ભાષામાં કે કોઇ રણી ધણી નહોતું. મારે બહુ રાજકીય જવું નથી સૌરભભાઇ આ બધા મિત્રો જાણે જ છે કે પહેલાં મુલાકાત લેવી હોય તો ચાર ચાર દિવસ મુખ્યમંત્રીઓ આખા દેશના તે દિલ્હીમાં બિચારા તેમના ભવનોમાં ધામા નાંખીને પડયા રહેતાં હતા. એક જ દાખલો આપું. EWSની મેડિકલની સીટોમાં વધારો થયો. ગુજરાતની ગણતરીમાં થોડો ફરક પડતો હતો. ગુજરાતની સીટોમાં ઘટાડો થતો હતો. મેં માનનીય અમિતભાઇને ફોન કર્યો કે સાહેબ આરોગ્ય વિભાગમાં કેન્દ્રની એમ.સી.આઇ.એ થોડી જુદી ગણતરી કરી છે એટલે સીટોમાં થોડો ઘટાડો થાય છે. અમિતભાઇએ બીજા દિવસે સવારે કેન્દ્રના આરોગ્યમંત્રી સાથે ચર્ચા કરી અને ડૉ.હર્ષવર્ધનને કહ્યું કે તમે જોઇ લો અને ગુજરાતની EWSની સીટોમાં વધારો થયો. એનો લાભ ગુજરાતને મળ્યો. અમે ફોન ઉપર વાત કરી શકીએ છીએ. પહેલાં કોઇની ફોન કરવાની હિંમત નહોતી. ભાંગ્યુ તોય ભરૂચ એમ ભાંગ્યુ તોય કૉંગ્રેસ. વાત કરવાના આજે કોઇને હોંશ–કોંશ નથી અને મારે એમાં નથી જવું. સાહેબ આપે અનુભવ્યું હશે અને મારી વિધાનસભા, સચિવાલયને વિનંતી છે અને પત્રકાર મિત્રોને પણ વિનંતી છે. હું વર્ષોથી વિધાનસભામાં બેસું છું. મેં જોયું છે કે વિધાનસભામાં બજેટ રજૂ થાય ત્યારથી લઇને નાણામંત્રીશ્રી જવાબ આપે ત્યાં સુધી આ વખતે ચાર બેઠકમાં બધા જ માનનીય સભ્યોએ રજૂઆત કરી. એક પણ વખત કૉંગ્રેસે વોકઆઉટ કર્યું નથી. એ બદલ હું કૉંગ્રેસનો આભાર માનું છું કે તમે હવે જાગૃત થયા છો. તમે હવે શીખ્યા છો કે બહાર નીકળીને ફર્નિચર તોડવાથી, કાચ તોડવાથી, અધ્યક્ષશ્રીની ઓફિસનું બારણું તોડી નાખવાથી કશું મળતું નથી. અહીંયાં બેસશો તો જ પ્રજા વતી તમારી પાંચ વાતો રજૂ કરી શકશો. શ્રી પરેશભાઇએ બહુ સુંદર રીતે પ્રવચન કર્યું છે. આજે શ્રી વિરજીભાઇ કયાંક જતા રહ્યા છે, શ્રી પુંજાભાઇ તો સિનિયર છે એ પણ હાજર નથી. અમારી સરકાર એ પ્રજાની સરકાર છે. અમે પ્રજાથી કદી જુદા નથી. સેવાસેતુના પ્રશ્નો આવે, કૃષિ મહોત્સવના પ્રશ્નો આવે, ગરીબ કલ્યાણ મેળાના પ્રશ્નો આવે. આ પ્રશ્નો કેમ આવે છે? અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્ત્વમાં ગરીબ કલ્યાણ મેળા કરવાની શરૂઆત કરી. તો તમે પ્રશ્નો પૂછો છો કે કેટલા ગરીબ કલ્યાણ મેળા કર્યા, શું આપ્યું, કેટલું આપ્યું અને ક્યાંક પાંચ સાઇકલ પડી રહી હોય, લાભાર્થી ન આવ્યા હોય તો એ ચોરાઇ નથી જતી. એ બાજુમાં પડી રહે છે અને છાપામાં પણ એનો ફોટો આવે છે કે આ પાંચ સાઇકલ પડી રહી છે. કૉંગ્રેસની સરકારમાં તો ગરીબ કલ્યાણ મેળા જ નહોતા, કૃષિ મહોત્સવ નહોતા. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ નહોતા. કૉંગ્રેસ સરકાર સમજતી હતી કે આ ગરીબો ભણશે, પછાત આદિવાસીઓ ભણશે, દલિતો ભણશે તો પ્રશ્ન પૂછશે તો આપણે પ્રશ્નો પૂછવાવાળા ઊભા જ નથી કરવા. આપણે તો એમને ગરીબ રાખો. અભણ રાખો. પ્રશ્ન પૂછે તો આપણે જવાબ આપવો પડે પણ અમે ભણાવ્યા, ગરીબના ઘરે જ્ઞાન આવ્યું, જાગૃતિ આવી. સોશિયલ મિડિયા આવ્યું, મિડિયાએ મદદ કરી અને અમે પણ જાગૃત થયા. અમે જાગૃત નથી થયા એવું નથી. આજે અમારા મંત્રીઓ સતત ટી.વી. મારફત માહિતી મેળવે છે, છાપા મારફત માહિતી મેળવે છે. છાપામાં આવ્યું હોય કે કોઇ ગામમાં પીવાનું પાણી બે દિવસથી નથી આવ્યું તો અમારા મંત્રીઓ તરત જ તપાસ કરાવે છે. કોઇ ગામમાં લાઇટનું કનેક્શન તૂટી ગયું છે તો તરત અમારા મંત્રી ફોન કરે અને હવે તો કે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ એમના નિવાસસ્થાને સી.એમ.ડેસ્ક નામની એક આધુનિક વ્યવસ્થા ઊભી કરી છે. આખા ગુજરાતની સરકારી યોજનાઓ ક્યા તબક્કે છે, કેટલો લાભ મળ્યો, ગીતા મંદિરથી બસ ઉપડી અને એ બસ વિસાવદર શ્રી હર્ષદભાઇને ત્યાં જવાની છે તો શ્રી હર્ષદભાઇ એમાં બેઠા છે કે નહિ એ બધી મને ખબર પડી જાય. આ બધી માહિતી સી.એમ. ડેસ્કમાં મળી જાય છે. અમારી સરકાર ટેકનોલોજીનો ઉપયોગ કરે છે અને તમે પણે એનો ઉપયોગ કરો. મારી સરકાર પ્રગતિશીલ હોવી જરૂરી છે. આવનાર ૫૦ સરકારો આવશે આપણે જીવિત નહિ હોય ત્યારે પણ પ્રશ્નો પૂછાતા રહેવાના, સમાજ જો માગણી વિનાનો હશે તો એ સમાજ નહિ હોય એનો વિકાસ થવાનો નથી. આપણે એક રસ્તો બનાવ્યો એ પછી એવી માગણી આવશે કે તમે આને પહોળો કરો એ કર્યા પછી બે પાંચ વર્ષે એવી માગણી આવશે કે તમે આને ડબલ કરો. એ કર્યા

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ચોથો અને છેલ્લો દિવસ)

પછી એવી માગણી આવશે કે હવે આને ફોરલેનમાં ફેરવો. ફોરલેન કરીશું તો સીકસલેન કરવાની માગણી આવશે એના ઉપર પુલો બનાવવાની માગણી આવશે, ફલાય ઓવર બ્રિજ બનાવવાની માગણી આવશે. આપણે આંગણવાડી કરીશું એ પછી પ્રાથમિક શાળાની માગણી આવશે, એ થયા પછી હાઇસ્કૂલની માગણી આવશે એ કર્યા પછી કોલેજની માગણી આવશે. આ રીતે માગણીઓ આવતી જ જશે આ રીતે વિકાસનો અંત હોતો નથી. મારું અંગત માનવું છે કે જે સમાજ વિકાસથી સંતોષ માને છે એ સમાજ પછી નાશ પામે છે. કોઇપણ વિકાસના કામથી સંતોષ માનવો ન જોઇએ. આ દુનિયામાં અબજોપતિઓ આવેલા છે. બિલ ગેટસનો દાખલો લો કે બીજી જે મોટી મોટી કંપનીઓ આવેલી છે એનો દાખલો લો. એક દેશના બજેટ જેટલું એના એકની આવક હશે તેમ છતાં એ એમ નથી કહેતો કે હવે ધંધો બંધ કરી દઇએ. વિકાસ કરવો પડે પ્રજા માટે કરવો પડે, સમાજ માટે કરવો પડે. પ્રજા માટે આવનાર સમાજ અને પેઢીઓ માટે કરવો પડે. મને આનંદ છે કે માનનીય સભ્યશ્રી આનંદભાઇ ચૌધરીએ કહ્યું કે આપણી વસતિ વધતી જાય છે. આજે વિશ્વની વસતિની વાત કરીએ કે દેશની વાત કરીએ કે રાજ્યની વાત કરીએ. ગુજરાત અલગ થયું ત્યારે ૩ કરોડ વસતિ હતી આજે સવા છ કરોડની વસતિ થઇ ગઇ છે. એ જ રીતે દેશ આઝાદ થયો ત્યારે ૩૫ કરોડની વસતિ હતી આજે ૧૩૦ કરોડની વસતિ થઇ ગઇ છે. તો આ વધતી જતી વસતિને સુવિધા આપવી પડશે. અહીંયાં કોંગ્રેસના મિત્રો વાત કરતા હતા તેઓએ જુદી જુદી યોજનાઓના નામો ગણાવ્યા હતા. અમે જો એ યોજનાઓને એમને એમ રાખી હોત તો બાકીની વધેલી વસતિ કઇ શાળામાં ભણી હોત. એ દર્દીઓએ કઇ હોસ્પિટલમાં સારવાર લીધી હોત. તમે કર્યું છે એ સારુ કર્યું છે એ બદલ આભાર પણ અમે જે કર્યું એ તો અમને કહેવાનો અધિકાર છે. માનનીય સભ્યશ્રી નથાભાઇએ સુંદર રીતે આભાર માન્યો. તેઓશ્રી વડીલ છે પ્રમાણિકતાથી પ્રજાની સેવા કરે છે, એમણે કહ્યું કે ઊંચા અવાજે બોલે છે. ઊંચા અવાજે કોણ બોલી શકે જે પારદર્શી હોય, પ્રમાણિક હોય, પ્રજાલક્ષી સરકાર હોય એ નીડરતાથી ઊંચા અવાજે બોલી શકે, એમને મોં સંતાડવાની જરૂર નથી. માનનીય ગેનીબહેને પણ વખાણ કર્યા. વાવ તાલુકાના પ્રશ્નોની રજૂઆત કરી. નર્મદાના પાણી બનાસકાંઠા જિલ્લાને આપ્યું છે. જો આ પાણી ન આપ્યું હોત તો દસ પંદર વર્ષ પહેલા ત્યાંથી હિજરત થઇ ગઇ હોત અને ખાલી થઇ ગયું હોત. આ રીતે કચ્છ જિલ્લો ખાલી થઇ ગયો હોત, સૌરાષ્ટ્ર ખાલી થઇ ગયું હોત. એ બધાને પુનઃજીવિત કરવાનું કામ અમારી સરકારે કર્યું છે, તબક્કાવાર કર્યું છે, અમે હેફાજાળ વિકાસ નથી કરતાં. હું બજેટ ઉપર પાંચ મિનિટ પછી આવું એ પહેલા ગામડાંને વીજળી જોઇએ એ કોણે આપી? તો એ માનનીય નરેન્દ્રભાઇ મોદીએ જ્યોતિ ગ્રામ યોજના નીચે આપી છે. હું કોઇ નેતાની ટીકા નથી કરતો પરંતુ અમારા શ્રી ભૂપેન્દ્રસિંહજીએ કહ્યું હતું કે અમારી નર્મદાની પાઇપ લાઇન મહી પરીએજ યોજના કરી ત્યારે વિરોધપક્ષના નેતા તરીકે શ્રી અમરસિંહભાઇ ચૌધરી હતા એમણે કહ્યું હતું કે આ પાઇપ લાઇનમાં પાણી નહિ જાય એમાં હવા જશે. આ ઉનાળો ગયો કોઇ જગ્યાએ તકલીફ નથી પડી. સૌની યોજનાનો આભાર માનો, સુજલામ સુફલામ યોજનાનો આભાર માનો, આ ભારતીય જનતા પાર્ટીની સરકારનો આભાર માનો કે આ વરસે ઓછો વરસાદ હતો, અછત હતી તેમ છતાં ગુજરાતમાં આજની મિનિટે પૂરેપૂરું પાણી આ ભાજપની સરકારે છેક પાકિસ્તાનની બોર્ડર સુધી કે જયાં વીર સૈનિકો ભારત માતાનું રક્ષણ કરે છે, પ્રજાનું રક્ષણ કરે છે એમના સુધી પહોંચાડ્યું છે. વીજળી પહોંચાડી છે. મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજનાનો અહીંયાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હું આભાર માનું છું અમારા પ્રદેશ અધ્યક્ષનો કે પહેલા ગામડાં એટલે શું? ગામડાં પડી ભાંગે છે એ કેમ પડી ભાંગે છે, ગામડાંમાં કોણ રહે ત્યાં વીજળી ન મળે, શિક્ષણ ન મળે, આરોગ્ય ન મળે, પીવાનું પાણી ન મળે, રસ્તો ન મળે ત્યારે ગામડાંમાં કોઇપણ ન રહે. એમને રહેતા કરવા માટે, અમદાવાદમાં જે સુવિધાઓ મળે તેવી અમીરગઢના ગામડામાં સુવિધા શા માટે ન મળે, વડોદરામાં મળે તેવી સુવિધા છોટાઉદેપુરના આદિવાસી ભાઇને કેમ ન મળે, રાજકોટમાં જેવી સુવિધા મળે એવી સુવિધા વેરાવળના માછીમારભાઇને કેમ ન મળે, આ અમારી સરકારે કર્યું છે અને બહુ સફળતાપૂર્વક કર્યું છે. મને આનંદ છે સાહબે અહીંયાં એવી કોઇએ કોઇ ટીકા નથી કરી કે સરકારની યોજનાઓ નિષ્ફળ ગઇ છે. બે પાંચ ટકા સાહેબ, આપણા ઘરમાં આપણી પત્ની કે આપણી માતાએ રસોઇ કરી હોય અને ૧૦ માણસનું કુટુંબ હોય તો ૧૦–૧૦ ને બધું ભાવે તેવું ન બને, કોઇક દિવસ આજે આને ભાવતું હોય તેવું બને તો વળી કાલે બીજાને ભાવતું બને, આ સરકારે તો બધાને ભાવતું આખા ગુજરાતની ૬ કરોડની જનતાને ભાવતું એ બધું પિરસી દીધું છે. બધું બનાવીએ છીએ. શ્રી પરેશભાઇ, તેનું પરિણામ પ્રજાએ આપી દીધું છે. પ્રજા અમને દિવસે– દિવસે વધુને વધુ સમર્થન આપતી જાય છે. સાહેબ, તાવ આવ્યો હોય અને કોઇ માંદા થયા હોય તો ડોક્ટર શું કરે, મોંમાં કે બગલમાં થરમોમીટર મૂકે, કે ભાઇ કેટલો તાવ છે એ માપી લીધો. કેરોસીન કે ડિઝલ પેટ્રોલ લેવું હોય તો પેટ્રોલ પંપ વાળો આપણી ગાડીની ફ્યુઅલ ટેન્કમાં પાઇપ નાંખી અને ૧૦ લીટર, ૧૫ લીટર એ માપી લે આ બધી માપવાની વ્યવસ્થાઓ છે. પ્રજા શું ઇચ્છે છે, પ્રજાને શેમાં સંતોષ છે, પ્રજા શેમાં રાજી છે એ માપવાનું પેરામીટર છે. ડો.બાબાસાહેબ આંબડકરે, પૂજ્ય મહાત્મા ગાંધીજીએ અને સરદાર વલ્લભભાઇએ જે બંધારણીય વ્યવસ્થાઓ કરી લોકશાહી આપી એમાં એક જ સાધન છે પ્રજાનો મત જાણવાનું એ ચૂંટણી સિવાય કોઇ સાધન નથી અને ચૂંટણી થઇ ગઇ છે , વારંવાર ચૂંટણી થઇ છે અને વારંવાર ગુજરાતની અને દેશની જનતાએ અમને સતત સમર્થન આપ્યું છે. ગઇ કાલે કે પરમ દિવસે અહીં ટીકાઓનો મારો થોડો ઘણો થયો, બહુ નહીં બોલીંગ ચાલતી હતી પણ માપની ચાલતી હતી, દમ વગરની ચાલતી હતી. એ વખતે આ નગરપાલિકાઓની ચૂંટણીઓમાં ૧૫માંથી ૧૧ સીટો અમારા શ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં હમણાં પરમ દિવસે જીતી. તો હવે પ્રજા અમને આપે જ છે. આપે જ જાય છે અમારી જવાબદારી વધે જ જાય છે. સાહેબ ચૂંટણીઓ આવ્યે જ જાય છે.

તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ચોથો અને છેલ્લો દિવસ)

અમે દર વખતે અમે એક થીમ લઇએ છીએ વિષય લઇએ છીએ. આ વર્ષે આ વિષય પર સરકારનું કામ ફોકસ કરવું એ પ્રમાણે આ વર્ષે અમે પાંચ પાયાના સિદ્ધાંત નક્કી કર્યા છે એના વિશે કોઇ વિપક્ષના નેતાશ્રી સહિત કોઇએ પણ સોરી, ખોટું ન લગાડતા પહેલેથી માફી માગી લઉં. સાહેબ, કોઇએ અભ્યાસ કર્યો હોય એવું મને લાગતું નથી. સાહેબ, કોઇ વિપક્ષના ધારાસભ્યશ્રીના પ્રવચનમાં અમે સોલર નીતિ મૂકી, અમે એમ કહ્યું કે બે લાખ ઘરોને, સોલારથી આવરી લઇશું, રૂફ ટોપ સોલાર આપીશું. એ વ્યકતિ પોતાના ઘેર પોતાની વીજળી ઉત્પન્ન કરશે, લાઇટનું બિલ નહીં ભરવું પડે, વધેલી વીજળી જી.ઇ.બીને વેચશે એની આવક થશે. સાહેબ, મેં આ બધું પ્રવચન મેં કહ્યું ને કાલે થોડોક સમય નહોતો કોઇ મિત્રોએ એમ ન કહ્યું કે બે લાખ શું કરવા સવા બે લાખ કરો. આમ કેમ નહીં આમ કરો. એવું કેમ નથી કહ્યું, અભ્યાસનો અભાવ. (અંતરાય) સમય નહીં સમય બધાને ઘણો મળ્યો છે. તમારે શ્રી નિરંજનભાઇ કામ વહેંચવું જોઇએ. તમારી પાર્ટીએ સ્ટ્રેટેજી બનાવવી પડે કે શ્રી નિરંજનભાઇ આમાં બોલજો, શ્રી જોષીયારાજી આમાં બોલજો. આતો જેને જે આવ્યું તે બધું ઠોકમઠોક કર્યું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને રોકવા નહોતા પણ તમારી પાસે સરકાર છે અધિકારીઓ છે બધા લેખિત પૂરું લખાણ કરીને આપે છે અને તમે બોલો છો. સાહેબ, અમારા ધારાસભ્યો પોતે વાંચન કરે છે. અમે લખાણ કદી કોઇને આપતા નથી. દરેકનો નૈતિક અધિકાર આપીએ છીએ. આ અધિકારના ભાગરૂપે સાહેબ દરેક પોત–પોતના પ્રશ્નો ગૃહમાં રજૂ કરતા હોય છે. વાત રહી તમારી નીતિઓની જયારે પણ વિભાગની માગણી આવશે ત્યારે દરેક ધારાસભ્યશ્રી બોલશે આપની માહિતી માટે કહું. તમે ધારાસભ્યોને લખીને આપો છો અમે લખીને નથી આપતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: તો આપોને લખીને અમે કયાં ના પાડીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, થોડો સુધારો કરી લઉં, વિપક્ષના નેતાશ્રીને પણ કેબિનેટ કક્ષાનો દરજ્જો પ્રાપ્ત છે. અમને જેટલો સ્ટાફ છે એટલો જ સ્ટાફ વિપક્ષના નેતાશ્રીને પણ મળે છે, પી. એ., પી. એસ. એ બધું મળે અને અગાઉ તમે વિપક્ષમાં હતા તમે દર વખતે સુંદર પ્રવચનો કરતા હતા અમારા કાન પકડતા હતા. આ વખતે ઘા એવો લાગ્યો છે ને કે હજુ કળ વળી નથી, તમારો વાંક નથી, હજુ કળ નથી વળી, પ્રશ્ન આટલો જ છે. હોંશ કોશ ઉડી ગયા છે, હવે ધીમે ધીમે ગતિમાં આવશે. આ વર્ષે અમે એક તો પહેલું બજેટમાં લીધું ગ્રીન એન્ડ કલીન એનર્જી, પર્યાવરણની વાત વિપક્ષના મિત્રોએ ખૂબ સારી કહી છે. ગ્લોબલ વોર્મિંગ થતું જાય છે. જરૂર હોય ત્યાં વરસાદ ન પડે. ના જરુર હોય ત્યાં આવી જાય, હમણાં તીડનું ટોળું, કાલે ફળદુ સાહેબે મને માહિતી આપી, ત્રણ કરોડ ચોરસ કિલોમીટરમાં તીડનું ટોળું છેક અરબાસ્તનની પેલી બાજુ યમનથી અને આફ્રિકાથી શરૂ કરી સાઉદી અરેબિયા, પાકિસ્તાન ચીરતું ચીરતું આપણા સુધી થોડું બનાસકાંઠા સુધી આ તીડનું ટોળું પહોંચ્યું છે. ત્રણ કરોડ ચોરસ કિલોમીટરનો વિસ્તાર, તો આવું બધું જ્યારે ગ્લોબલ વોર્મિંગ અને બધું થતું હોય, પાણીની અછત થતી હોય, વરસાદ ઓછો થતો હોય, ત્યારે એનર્જી અને ગ્લોબલ વોર્મિંગ, પર્યાવરણ, ભગવાન આપણા ઉપર મહેરબાન છે જ, આપણા ઉપર કૃપા છે. સૌર્ય શકિત અને પવન શકિત, એક બાજુ સૂર્ય ભગવાન છે અને એક બાજુ પવન શક્તિ, પવનસુત હનુમાન, જે આપણે કહીએ છીએ એ હનુમાનજી આપણી પાસે છે. આપણે અત્યાર સુધી એમની સેવાઓ નહોતી લીધી. એમના આશીર્વાદ નહોતા લીધા, આ વખતે અમે નક્કી કર્યું કે સૂર્ય ભગવાનના આશીર્વાદ લેવા છે, વધારવા છે, અને ભગવાન હનુમાનજીના આશીર્વાદ લેવા છે અને સૂર્ય શક્તિનો, પવન શક્તિનો ઉપયોગ કરી, આમાં શ્રી સૌરભભાઇએ ઊર્જા વિભાગમાં જે પ્લાનિંગ કર્યું છે, આખા દેશમાં સાહેબ ૩૦૦૦૦ મેગાવટ સુધીનું ઉત્પાદન કલીન એનર્જી, એમાં કોઇ કોલસો વપરાતો નથી, કોઇ પેટ્રોલ–ડીઝલ વપરાતું નથી. કોઇ ગેસ વપરાતો નથી. કોઇ ધૂમાડો થતો નથી, ચોખ્ખી એનર્જી જ્યારે આપણને પ્રાપ્ત થવાની છે, તો એમાં અમે ફોકસ કર્યું છે. ખાલી વાતોથી નહીં પણ તેના માટે વધારે બજેટ પણ ફાળવ્યું છે. તો એક મુદ્દો એ છે, હું શ્રી શૈલેષભાઇની એ વાત સાથે સંમત છું કે આપણને બધાને હજુ વધારે તક મળવાની છે. આ તો બજેટ ઉપરની જનરલ ચર્ચા છે, હજુ વિભાગવાર માગણીઓ અમારા માનનીય મંત્રીશ્રીઓ કરશે ત્યારે તમે ચોક્કસ એમાં ઉત્સાહપૂર્વક જે કોઇ સૂચનો હોય તે આપજો. આજે શ્રીમતી ગેનીબહેને જે કહ્યું તે બરાબર કહ્યું. તરત જ મને શ્રી સૌરભભાઇએ કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં જે આપણે સોલાર બનાવીએ છીએ, ત્યાં આગળ ભૂલથી કોઇ વાત હશે એવી કે ગૌચરની જમીન એની અંદર નકશામાં બતાવી દીધી હશે. પણ ગૌચરમાં આપણે સોલાર પ્લાન્ટ બનાવવાના નથી, એના માટે કોઇને પરવાનગી પણ આપણે આપવાના નથી. ગૌચરનું રક્ષણ થાય, એ વિષય ઉપર આવું છું. બીજો વિષય સાહેબ, કૃષિ અને ખેડૂત કલ્યાણ, આ ફોકસ જ કહેવું છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ.

અધ્યક્ષશ્રી : તમે બહુ સારી વાત કીધી. હનુમાન દાદાને યાદ કર્યા પછી કંઇ બાકી રહે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ પટેલ : હનુમાન દાદા તો અમારા હૃદયમાં જ છે. બધામાં છે. અમારામાં છે અને તમારામાં પણ છે, પણ તમારી તકલીફ એ છે કે વોટ બેંક નારાજ ન થાય એટલે તમે બોલી શકતા નથી. ફકત ફરક આટલો જ છે. તમે બોલી નથી શકતા. બીજું સાહેબ રોજગાર, રોજગારનો પ્રશ્ન પણ આવનારા સમય માટે ખૂબ જરુરી છે. વસતિ વધતી જાય છે. શિક્ષણ વધતું જાય છે. યુવાનો વધતા જાય છે એમને રોજગાર આપવો એ પણ આપણું કામ છે. આમ આ પાંચ સિદ્ધાંતો પર ફોકસ કરી અમારું બજેટ મૂકયું છે. હું એમ કહીશ કે આ બજેટમાં જે આપણા બધાનું ગૌરવ છે કે બે લાખ કરોડ રૂપિયા ઉપરાંતનું આ બજેટ, રૂ.બે લાખ ચાર હજાર આઠસો પંદર કરોડનું બજેટ છે, એ શ્રી નીતિનભાઇનું એકલાનું નથી અહીં બેઠેલા આપણા એકલાનું નથી, ગુજરાતની સવા છ કરોડની જનતા કરવેરા ભરે છે, જે ટેકસ ભરે છે, જુદા જુદા પ્રકારની સરકારની તિજોરીમાં આવક આવે છે તે આવકનો આપણે બધા પ્રજાના હિતમાં હળીમળી ગુજરાત માટે ઉપયોગ કરીએ. રાજકીય વાત હોય તો

રાજકીય રીતે કહો, પણ પછી સારી વાત હોય, સાચી વાત હોય તો સમર્થન આપો એવી વિનંતી સાથે હું બધાને આ બજેટ મંજૂર કરવાની વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા પૂર્ણ થાય છે. ગૃહનો વિરામનો સમય થયો છે પણ હું તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે બે મિનિટ માટે બધા બેસજો. કોઇક વાત મારે પણ કરવી છે. પૂર્વ ધારાસભ્ય. ઉંમર વર્ષ ૮૫. શ્રી જેઠાભાઇ ઠાકોર. ખેડબ્રહ્મા. એસ.ટી.ની સીટ ઉપર ૧૯૬૭થી ૧૯૭૧ દરમિયાન સાઇકલ પ્રવાસ કરી અને સ્વતંત્ર પાર્ટીના ઉમેદવાર તરીકે જીત્યા હતા. તેમના કાર્યકાળ દરમ્યાન દુકાળ પડ્યો. તળાવ–રસ્તાના કામને એમણે પ્રાધાન્ય આપ્યું એટલે તેની નોંધ લેવાઇ છે. જર્જરિત કાચા ઝૂંપડાના મકાનમાં બી.પી.એલ. કાર્ડ સાથે રહે છે. ખૂબ જ સંવેદનશીલ વાત છે. એ અત્યંત ગરીબ અને એવી કક્ષામાં જીવે છે. હું એ અખબારને પણ ધન્યવાદ આપું છું જેણે આ વાત પ્રસિદ્ધ કરી છે. જ્યારે જ્યારે ધારાસભ્યને કંઇક લાભની વાત મૂકીએ છીએ એ ખરેખર લાભ હોતો નથી, એની જરૂરિયાત સમજીને સરકાર મૂકતી હોય છે ત્યારે ઘણી બધી ટીકાઓ કરવામાં આવતી હોય છે. આ વાત હું આપ બધાના મનમાં વિચાર માટે મૂકું છું. ધન્યવાદ.

**(વિરામ–બપોરના ૧–૩૧ થી ૨–૩૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક**

ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તા મંડળ વિધેયક, ૨૦૧૯

**સરકાર દ્વારા સંચાલિત દેવસ્થાન અને તેની આસપાસના કેટલાક વિસ્તારના યોગ્ય, વ્યવસ્થિત અને ઝડપી વિકાસની યોજના, સંકલન અને દેખરેખના હેતુ માટે જેમાં ઘણા સ્થાનિક સત્તામંડળો હાલમાં તેમના સંબંધિત અધિકારક્ષેત્રોમાં આવા મુદ્દા સાથે અલગ રીતે તજવીજ કરે છે તે માટે દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળની સ્થાપના અને ઉપરોક્ત હેતુ સાથે સંકળાયેલ બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

શ્રી પૂર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે રાજ પત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તા મંડળ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૭**

ગુજરાત અશકત વ્યકિત (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયક, ૨૦૧૮

**ગુજરાત રાજ્યમાં અશક્ત વ્યક્તિઓના પુનઃ વસવાટ અને કલ્યાણ માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૮નું ગુજરાત અશક્ત વ્યકિત (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું બિન સરકારી વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૮નું ગુજરાત અશકત વ્યકિત (પુનઃવસવાટ અને કલ્યાણ ) વિધેયક આ સભાગૃહમાં દાખલ કરવાની મંજૂરી આપવા બદલ આભાર વ્યકત કરું છું. જ્યારે મેં ખાનગી વિધેયક દાખલ કર્યું છે ત્યારે માનનીય મંત્રીશ્રીને અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને અભિનંદન આપતા આનંદ થાય છે કે આ રાજ્ય સરકાર દિવ્યાંગો માટે પૂરતી સંવેદનશીલ છે અને દિવ્યાંગો માટે પૂરતી સંવેદનશીલતાથી સારી કામગીરી કરી રહી છે. રાજ સરકાર દિવ્યાંગોના પ્રશ્નો અને અધિકારો માટે પૂરતી સંવેદનશીલ છે અને તેના માટે જુદી જુદી યોજનાઓ અમલમાં છે. દિવ્યાંગ શિષ્યવૃત્તિની યોજના, દિવ્યાંગોને એસ.ટી.માં મફત

* વિધેયક તા. ૮મી માર્ચ, ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મુસાફરી, વિકલાંગ ઓળખકાર્ડની યોજના, દિવ્યાંગ સાધન સહાય યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, દિવ્યાંગ વિધવા બહેનોને મકાન સહાય યોજના, દિવ્યાંગોને વીમા સહાય યોજના ઉપરાંત બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦નો સ્કોર હોય અને ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેવા દિવ્યાંગોને માસિક રૂ. ૬૦૦ના પેન્શન આપવાની યોજના અમલમાં છે. આમ રાજ સરકાર દિવ્યાંગોના વિકાસ માટે પૂરેપૂરી સંવેદનશીલ છે ત્યારે આ અશકત વ્યકિત એટલે પોતાના શરીરનું કોઇ અંગ ગુમાવ્યું હોય અથવા વિકલાંગ બની ગયું હોય જેના કારણે આજીવિકા મેળવવા માટે કોઇ શારીરિક કાર્ય કરવા માટે સક્ષમ ના હોય તેવી વ્યકિત એવો અર્થ થાય છે. વિધેયકની કલમ–૨ ની પેટા કલમ (ખ) મુજબ બોર્ડ એટલે સિવિલ હોસ્પિટલમાં સરકાર દ્વારા સ્થાપવામાં આવેલું મેડિકલ બોર્ડ તેવો અર્થ કરવામાં આવે છે. વિધેયકની કલમ–૩માં આ અધિનિયમની જોગવાઈ, પુનઃવસવાટ અને કલ્યાણ માટેની અરજીની તારીખથી તરત પહેલાંની પાંચ વર્ષથી ઓછી નહીં તેટલી સળંગ મુદત માટે ગુજરાત રાજ્યમાં રહેતી હોય અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળની બીજી તમામ શરતો પરિપૂર્ણ કરતી હોય તેવી વ્યકિતઓને લાગુ પડશે તેમ જણાવેલ છે. વિધેયકની કલમ–૪ની પેટા કલમ (૧)માં દરેક કેલેન્ડર વર્ષમાં, રાજ્ય સરકારના વિભાગમાંની મુખ્યત્વે શારીરિક કાર્યને લગતી ન હોય તેવી કુલ જગ્યાઓમાંની એક ટકા જગ્યા, અશક્ત વ્યકિતઓમાંથી ભરવી પડશે તેવી જોગવાઈ લઇને આવ્યો છું. વિધેયકની કલમ ૪ની પેટા કલમ–૨ મુજબ અશક્ત વ્યક્તિને તેના રહેણાંકના તાલુકામાં અથવા વ્યવહાર્ય હોય ત્યાં સુધી તેના રહેણાંકથી નજીકના તાલુકામાં જ નોકરી આપવી જોઇશે તેવી જોગવાઇ કરવાનું વિધેયક લઇને આવ્યો છું. વિધેયકની કલમ–૫માં દરેક અશક્ત વ્યકિતએ ઠરાવેલા નિયત નમૂનામાં તે માટેની અરજી કરી હોય અને તે માટેના માપદંડ પરિપૂર્ણ કરતી હોય, તો તેને તેની ઉંમરને લક્ષમાં લીધા સિવાય, રાજ્યના એકત્રિત ફંડમાંથી એક હજાર પાંચસો રૂપિયાના માસિક નિર્વાહ ભથ્થાની ચુકવણી કરવી જોઇશે. પરંતુ સરકારમાં તેમની નિમણૂંક થયેથી આવું ભથ્થું બંધ કરવામાં આવશે તેવી જોગવાઈ કરતું વિધેયક લઇને આવ્યો છું. વિધેયકની કલમ–૬ ની પેટા કલમ–૧માં નિર્વાહ ભથ્થાની ચૂકવણી માટેની તમામ અરજી સરકાર ઠરાવે તેવા નમૂનામાં અને પચાસ રૂપિયાથી વધુ નહીં તેટલી સરકાર ઠરાવે તેવી ફી સાથે ઠરાવેલા સત્તાધિકારીને અથવા તેમણે અધિકૃત કરેલા જિલ્લામાંના બીજા કોઇ અધિકારીને ઉદ્દેશીને કરવી જોઇશે તેવી જોગવાઇ કરતું વિધેયક લઇને આવ્યો છું. વિધેયકની કલમ–૬ની પેટા કલમ–૨માં અરજદારે અરજીપત્રની સાથે તે વ્યક્તિ કોઇપણ શારીરિક કાર્ય કરવા માટે સક્ષમ નથી તેમ પ્રમાણિત કરતું બોર્ડમાંથી મેળવેલું અશક્તતા અંગેનું પ્રમાણપત્ર અને પોતે જ્યાં રહેતી હોય ત્યાંના તાલુકા મામલતદાર પાસેથી મેળવેલું બીજા તમામ સ્ત્રોતમાંથી થતી તેની વાર્ષિક આવક રૂપિયા દસ હજારથી વધુ નથી તેમ દર્શાવતું પ્રમાણપત્ર પણ ઠરાવેલા સત્તાધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે તેવી જોગવાઈ કરતું બિલ લઇને આવ્યો છું. કલમ–૬ ની પેટા કલમ–૩ મુજબ પેટા કલમ–૨ હેઠળ મળેલી અરજીની ચકાસણી કર્યા પછી ઠરાવેલા સત્તાધિકારી તે અરજી મંજૂર અથવા નામંજૂર કરી શકશે. પરંતુ અરજી નામંજૂર કરવામાં આવે ત્યારે અરજદારને અરજી આવી રીતે નામંજૂર કરવાનું કારણ જણાવવું જોઇશે. વધુમાં, જરૂરી માહિતી અને દસ્તાવેજી પુરાવાઓના અભાવે અરજી નામંજૂર કરવામાં આવે તેવા અરજદાર કિસ્સામાં તે અરજદાર નિર્વાહ ભથ્થા માટે નવેસરથી અરજી કરવા માટે હક્કદાર રહેશે તે મુજબની જોગવાઈ લઇને આવ્યો છું. વિધેયકની કલમ–૬ ની પેટા કલમ–૪ માં જે અરજદારની અરજી નિર્વાહ ભથ્થા માટે મંજૂર કરવામાં આવે તેને ભથ્થાની મહિના પ્રમાણેની ચૂકવણીની વિગતો દર્શાવતી પુસ્તિકા સાથે ચૂકવણી અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે અને તેમણે તે પ્રમાણપત્ર જ્યાંથી તેઓને ચૂકવણી કરવામાં આવતી હોય ત્યાંના તિજોરી અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે તેમ જણાવેલ છે. વિધેયકની કલમ–૭માં રાજ્ય સરકાર, રાજપત્રમાં પૂર્વ પ્રસિદ્ધિની શરતને આધીન રહીને આ અધિનિયમની જોગવાઇઓ પાર પાડવા માટે નિયમો કરી શકે છે. મારું આ વિધેયક સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર**(**લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય, પૂર્વ મંત્રી અને ગૌરવ લઇ શકું કે અમારા અમરેલી જિલ્લાના અમદાવાદથી ચૂંટાયેલા શ્રી વલ્લભભાઇ કાકડિયા આ બિલ લઇને આવ્યા છે એમને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વલ્લભભાઇ તો બહુ જવાબદાર વ્યક્તિ છે. મને વિશ્વાસ છે કે સરકાર સાથે ચર્ચા વિચારણા કરીને આ બિલ મંજૂર કરવા માટેનો એમણે નિર્ણય કર્યો હશે. કોંગ્રેસ પક્ષ અને અમે ઇચ્છીએ છીએ કે શ્રી વલ્લભભાઇ, તમે જે બિલ લઇને આવ્યો છો એ બિલ આ સરકાર સ્વીકારે અને હાઉસમાં નિર્ણય થાય એ જરૂરી છે.

**સભાપતિશ્રી (ડૉ. નીમાબેન આચાર્ય) અધ્યક્ષસ્થાને**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર: કેમ કે અશક્ત લોકો છે એ મુશ્કેલીમાં જ્યાં ત્યાં ભટકતા હોય છે. કોઇકને પોતાના હાથની ખામી છે, હાથની આંગળીઓની ખામી છે. કોઇકને ચાલવાની મુશ્કેલી છે. કોઇકને નાની મોટી બીજી શરીરમાં મુશ્કેલીઓ છે. એમને કોઇ નોકરી મળતી નથી. એમને ભથ્થું આપવા માટે જોગવાઇ લઇને વલ્લભભાઇ આવ્યા છે. સરકારે પણ એમના ડેવલપીંગ માટે ઘણી બધી વાતો કરેલ છે ત્યારે આ બિલમાં કોઇ રાજકીય અવલોકન કર્યા સિવાય મારી તો સરકારને વિનંતી છે કે આ બિલ સ્વીકારવામાં આવે અને ગુજરાતમાં વસતા અશક્ત લોકો છે એમને મદદ કરવા માટે આ સરકાર આગળ આવે. માત્ર જવાબ આપવાથી કે અમે આમ કરવા માગીએ છીએ, આ યોજના ચાલુ છે, આ યોજનાનો લાભ એમને મળી શકે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી આ એક એવા પ્રકારની વ્યક્તિઓ છે કે જેને એસ.ટી.માં પાસ લેવો હોય તો એના માટેની જોગવાઇ જરૂર છે. પરંતુ ૧૫ ટકા છે એટલે તમને આ પાસ નહીં મળી શકે. ચાલવામાં તમારો એક પગ ચાલે છે અને એક પગ થોડોક લપડાક

લઇ રહ્યો છે એટલે તમને એસ.ટી.નો પાસ ના મળે આવી જોગવાઇઓ છે. તેને બદલે કોઇ પણ શરીરની કુદરતી ખામી છે અને કદાચ કુદરતી ખામી ના હોય અને કોઇ અકસ્માતના કારણે એમને આવી મુશ્કેલીઓ ઊભી થઇ છે તો તેવા વ્યક્તિઓને મદદ કરવાની આપણી પ્રાથમિકતા છે અને ગુજરાતનું તો ગૌરવ છે. ગુજરાત એ મહાત્મા ગાંધી અને સરદારની ભૂમિ છે. અન્ય લોકોને મદદ કરવામાં ગુજરાતે હંમેશા આગવું સ્થાન લીધું છે. કહેવાય છે કે ગુજરાત એક એવી મહત્વની ભૂમિ છે કે હિન્દુસ્તાનનો નહીં પણ દુનિયાનો કોઇ દેશ એવો નહીં હોય કે જ્યાં ગુજરાતી વસતો ના હોય. હું દાખલા સાથે કહુ છું કે, મારે એક વાર નોર્વે જવાનું થયું. નોર્વેના પ્રધાનમંત્રી સાથે એક મિટિંગ થઇ અને એમણે જે ઇંગ્લીશમાં વાતો કરી અને મેં ગુજરાતી ભાષા પ્રમાણે ઇંગ્લીશમાં જેમ તેમ વાત કરી. હું ઇફકોની મિટિંગમાં ગયો હતો. એના ઉપરથી એના પી.એ.ને ખ્યાલ આવ્યો કે કદાચ ગુજરાતની ભૂમિમાંથી આવતા કોઇ વ્યક્તિ હશે અને એમણે મને ઓળખી બતાવ્યો કે હું પણ રાજકોટના વાવડી ગામનો ગુરુકૂળનો વિદ્યાર્થી છું અને એમના પર્સનલ સેક્રેટરી તરીકે વડાપ્રધાન સાથે કામગીરી કરું છું. એનાથી મને ગૌરવ થયું કે ગુજરાત ક્યાં પહોંચ્યું છે? ગુજરાતના લોકોની કોઠાસૂઝના કારણે આ દેશમાં જ્યારે અમલદારશાહી ચાલતી હતી ત્યારે પણ ગૌરવવંત ગુજરાત બન્યું હતું. મને ગૌરવ લેતા આનંદ થાય છે કે, આ રાજ્ય જ્યારે મહા ગુજરાતમાંથી જુદું પડ્યું ત્યારે કોઇ મુખ્યમંત્રી બન્યા હોય તો અમારા અમરેલી જિલ્લાના ડો. જીવરાજ મહેતા આ ગૃહના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા. આવું આગવું સ્થાન લેનારું ગુજરાત છે ત્યારે આપણો નાનો ભાઇ પોતાની શારીરિક ખામીના કારણે કોઇ મુશ્કેલીમાં આવે એ જોઇ ના શકાય. એના માટે જરૂર લાગણી ઊભી થાય એ બહેન હોય કે ભાઇ હોય. શ્રી વલ્લભભાઇ જ્યારે આ બિલ લઇને આવ્યા છે ત્યારે મારે અભિનંદન સાથે કહેવું છે કે, બી.પી.એલ.માં સ્કોર માટેની જે જોગવાઇઓ છે, અશક્તો માટે જે જોગવાઇઓ છે એવી જોગવાઇઓ નહીં હોવી જોઇએ. અશક્ત એટલે અશક્ત. એને કદાચ ૧૬નો સ્કોર નથી થતો. એટલે એને ટ્રાઇસિકલ ના મળે. ગરીબ કલ્યાણ મેળા ઘણાં યોજાતા હોય છે. હું સંસદ સભ્ય અને ધારાસભ્ય પણ રહી ચૂક્યો છું. સંસદ સભ્યો હતો ત્યારે આ ગરીબ કલ્યાણ મેળાની સરકારે શરૂઆત કરી છે. ટ્રાઇસિકલ આપવા માટેની સરકારે યોજના કરી છે. પરંતુ કેટલા લોકોને ટ્રાઇસિકલ મળે છે? બે-ત્રણ ટ્રાઇસિકલ ગરીબ મેળામાં અપાતી હોય છે. એના બદલે કોઇને પગની મુશ્કેલી હોય તો પગવાળા અપંગ વ્યક્તિને અત્યારે બેટરીવાળી ટ્રાયસિકલ આવે છે એ ટ્રાયસિકલ કેન્દ્ર સરકાર ફાળવે છે એવી જ ટ્રાઇસિકલ રાજ્ય સરકારે આપવા માટે આગળ આવવું જોઇએ એવી મારી માગણી છે. આવા અપંગ વ્યક્તિઓ છે એને હાથની ખામી છે. આપણી લિફ્ટમાં કામ કરતા સશક્ત જવાનો સરકારી મોટી ઓફિસમાં કે હાઇરાઇઝ બિલ્ડિંગમાં લિફ્ટ ચલાવવા માટે આવા વ્યક્તિઓને એ જે કંપની છે એને ફરજ પણ પાડવી જોઇએ. પ્રાઇવેટ કંપની હોય તો પ્રાઇવેટ કંપનીને પણ ફરજ પાડવી જોઇએ કે તમારો લિફ્ટમેન શારીરિક ખામીવાળો જ ભરો અને એમને અગ્રતા આપો. ના મળતા હોય તો બીજા લિફ્ટ ચલાવવા માટે ભરો અથવા પેટ્રોલ પંપ પર પોશ મશીન ચાલે છે. હવે તો આપણે કેશલેશમાં જઇ રહ્યાં છીએ. એ.ટી.એમ. મશીન ચાલુ થયા છે. એ.ટી.એમ. મશીન કે પોશ મશીન ચલાવવા માટે પોતાનો હાથ કામ કરતો હોય તો પોશ મશીન જરૂર ચલાવે. એમાં લાંબી પ્રવૃત્તિ હોતી નથી. આપણું ડેબિટ કાર્ડ હોય કે ક્રેડિટ કાર્ડ હોય એ ભરાવી દઇએ પછી એમાં માત્ર નંબર ડાયલ કરવાનો હોય છે. નંબર ડાયલ કરીને જે રકમ લેવાની હોય એ રકમ લઇ શકે તેવા શારીરિક ખામીવાળા વ્યક્તિઓને પ્રથમ અગ્રતા આપવા માટેની સરકારે જોગવાઇ કરવી જોઇએ. આ બિલમાં પણ જોગવાઇ કરવા માટે હું મારું સૂચન કરું છું. સરકારને પણ વિનંતી કરવી છે કે, અરજદાર પોતાની અરજી કરે પછી બહુ ધક્કા ખાવા પડે છે. ઓન લાઇન ભરવામાં ક્યાંક ખામી થાય એટલે મુશ્કેલી પડે છે અને મોટાભાગનાને અન્યાય થતો હોય તો એસ.ટી. પાસમાં થાય છે. તમારે ૧૪ ટકા ખામી હોવાથી તમને એસ.ટી. પાસ નહીં મળે. અશક્તો હોય એમાં વળી ૧૫ ટકા અને ટકાવારી ક્યાં હોઇ શકે? માણસ ચાલી ના શકે. પોતાના હાથથી બસનું ડોર ના પકડી શકે અથવા બસમાં ચડવા માટેનો ડાડલો ના પકડી શકે એવા અશક્ત વ્યક્તિને પાસ આપવા માટે અને ત્યાં જવા માટેની નાની એવી ટ્રાઇસિકલ છે એમાં પણ સરકારે ઘણી મોટી જોગવાઇ કરવાની જરૂરિયાત છે. અનેક અપંગ વ્યક્તિઓ ફરતા હોય છે. અમે જ્યારે કાર્યાલયે બેઠા હોઇએ છીએ. કલેક્ટર ઓફિસે જઇએ, મામલતદાર ઓફિસે જઇએ, સંકલનની મિટિંગમાં જઇએ ત્યારે ઘણા બધા કહેતા હોય છે કે શ્રી વિરજીભાઇ, હું ઘણા વખતથી મારી ટ્રાઇસિકલ માટેની અરજી કરું છું પણ મારો છેલ્લા પાંચ વર્ષથી વારો નથી આવતો. આવા અશકત વ્યક્તિને પાંચ-પાંચ વર્ષ સુધી લાઇનમાં ઊભા રહેવું પડે? મને લાગે છે કે સરકારે આના માટેની જોગવાઇ બજેટમાં થોડી વધારે કરવા માટે આ વિભાગના મંત્રીશ્રીએ પણ આમાં ગંભીરપણે વિચારવાની જરૂરિયાત ઊભી થાય છે. ઠરાવેલા અધિકારીઓને સત્તા આપવાની જોગવાઇ આમાં રાખી છે ત્યારે આવકનો દાખલો હોય એમાં ભારે મુશ્કેલી ઊભી થાય છે. તાલુકા વિકાસ અધિકારી એમ કહે છે કે તમારો આવકનો દાખલો મામલતદારશ્રી આપશે, મામલતદારશ્રી એમ કહે છે કે તમારો આવકનો દાખલો તમને ફલાણા અધિકારી આપશે, તાલુકા વિકાસ અધિકારી આપશે. તાલુકા વિકાસ અધિકારી પાસે જાય એટલે કહે તલાટી મંત્રી પાસેથી લખાવવું પડશે. સરપંચનો દાખલો એમાં ચલાવવામાં આવતો નથી. મંત્રીઓ મોટાભાગે હોતા નથી. મોટાભાગની તાલુકા તલાટી મંત્રીની જગ્યા ખાલી છે. ખાલી હોવાને કારણે આવા એને જે નાના મોટા લાભો લેવા હોય એ મળી શકતા નથી. એવા સંજોગોમાં સરકારે એનો અધિકાર જે સરપંચની પાસે હોવો જોઇએ એના માટેની પણ જોગવાઇ કરવાની જરૂરિયાત છે. સરપંચ દાખલો આપી દે. સરપંચ કોઇ પદાધિકારી છે એટલે નાનો મોટો પેલો હોતો નથી. પણ જો તલાટી-મંત્રી દાખલો આપી દે અને કોઇ ફરિયાદ કરે તો એમને ભારે મોટા જવાબ આપવા પડતા હોય છે એના કારણે ભાગતા હોય છે. એવા સંજોગોમાં સરપંચ તરફથી અપાયેલો દાખલો, એમના વોર્ડના સભ્ય તરફથી

અપાયેલો દાખલો, મોટી નગરપાલિકા હોય કે કોર્પોરેટર વિસ્તારમાં આવતા કોઇ મહત્વના જવાબદાર પદાધિકારીઓ પાસેથી આપેલો દાખલો એ દાખલાને માન્ય ગણવો જોઇએ. તો આવા અશકત લોકોને મદદરૂપ થવા માટેનો પ્રયાસ થઇ શકશે. માનનીય વલ્લભભાઇ આ બિલમાં નિર્વાહભથ્થુ આપવા માટેનો જે ઉદ્ધેશ લાવ્યા છે એ બહુ જરૂરી છે. ૫૦૦ રૂપિયા એટલે કશું જ નહીં. આ જમાનામાં ૫૦૦ રૂપિયા એટલે શું? અત્યારે તો વ્યક્તિઓ પાન માવા ખાવા માટે રોજના ૨૦૦–૩૦૦ રૂપિયા ખર્ચી નાખે છે ત્યારે આ અશકત વ્યક્તિ છે એને પોતાનો જીવનનિર્વાહ કરવાનું છે. એ લોજમાં જમવા જાય, નાસ્તો કરવા જાય તો ૫૦ રૂપિયાથી ઓછો નાસ્તો મળતો જ નથી. એવા સંજોગોમાં ૫૦૦ રૂપિયા લઇ પરંતુ વિધવા સહાયમાં હમણાં અમારા શ્રીમતી વિભાવરી બહેન અત્યારે નથી પણ કહેતા હતા કે મેં ૧૦૦૦ રૂપિયાનું ધોરણ કર્યું છે. હમણાં હું એમની ઓફિસમાં પણ ગયો હતો. એમણે સ્વીકાર્યું કે અત્યાર સુધી રૂ.૭૫૦ મળતા હતા. આજેને આજે એમણે હુકમો કર્યા છે કે રૂ.૭૫૦ જેને મળતા હતા એને ૧૦૦૦ રૂપિયા આપવામાં આવે અને એનું ધોરણ જે રૂ.૧૨૫૦નું થયું છે એની બેક ઈફેકટ આપવામાં આવે. હું પ્રશ્ન ન પૂછી શકયો અને ત્યારપછી પણ પ્રશ્ન કર્યો અને મંત્રી સાહેબે પણ સ્વીકાર્યું કે સાચી વાત છે. અમે કોંગ્રેસના આગેવાનો છીએ, અમે કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યો છીએ. એમાં પણ મારે મંત્રીમંડળને કહેવું છે કે તમે ભેદભાવભરી નીતિ ન રાખો. આ સરકારે એ રીતે કામગીરી કરવી જોઇએ કે સાચી વાત કોંગ્રેસની હોય, સાચી વાત એન.સી.પી.ના કોઇ આગેવાનો કરે કે સાચી વાત ગામડેથી આવેલો કોઇ સામાન્ય વ્યકતિ પણ કરે તો એને સ્વીકારવા માટે આગળ આવવું જોઇએ અને તો જ આ લોકશાહી મહત્વની લોકશાહી બનશે અને એના માટે શ્રી વલ્લભભાઇ આવું સરસ મજાનું બિલ લાવ્યા છે. એમણે કોસ મશીનની વાત કરી. બેટરીથી સંચાલિત થ્રી વ્હીલર સાઇકલો બહુ સારી આવે છે. હવે તો મને લાગે છે આવતો જમાનો બેટરીનો જમાનો આવવાનો છે. વીજળી ઉત્પન્ન કરવા માટે અમારા શ્રી સૌરભભાઇ પણ ઘણી મહેનત કરે છે. એવી જાહેરાતો આપે છે કે સૂર્ય સંચાલિત વીજળી ઉત્પન્ન થાય એવા પ્રયત્નો કરે છે ત્યારે આવી સોલાર બેટરીથી બેટરી ચાર્જ થઇ જાય તેવી સાઇકલો આપવા માટે જેને પગની મુશ્કેલી છે, જેને કોઇ નાની મોટી હાથની મુશ્કેલી છે એને બાઇસિકલ પેડલવાળી આપવામાં આવે તો મુશ્કેલી એવી પડે કે પોતાને હાથની ખામી છે એટલે પેડલ મારી શકતા નથી એટલે સાઇકલ ઉપયોગી થતી નથી. એવા સંજોગોમાં બેટરી સંચાલિત આ સાઇકલ ગરીબ કલ્યાણ મેળામાં જે પણ મંત્રી જે જિલ્લામાં જતા હોય એમને મારે કહેવું છે કે આમાં ભા.જ.પ.ના ધારાસભ્યો પણ ખુશ થવાના છે કારણકે આ તો એમના વિસ્તારમાં પણ મળવાની. કદાચ એકાદી સાઇકલ કોંગ્રેસના હાથે વિતરણ ન કરાવો તો અમે દુઃખ નહીં લગાડીએ. તમારા ધારાસભ્યો અમારા વિસ્તારમાં આવીને વિતરણ કરે પણ અમે રજૂઆત કરીએ સાચી રજૂઆત હોય તો સ્વીકારે. આ ગુજરાતના એક માથુ ઊંચું લઇને ચાલી શકે એવા અશકત વ્યક્તિઓ માટેનું આ બિલ લઇને આવ્યા છે ત્યારે તેમને હું અનુમોદન આપું છું અને રેલવે પાસ માટે વિચારણા કરવાની હું વિનંતી કરું છું. કારણ કે એસ.ટી.નો પાસ મળે છે પણ રેલવેનો પાસ મળતો નથી. અત્યાર સુધી કદાચ એમ કહેવામાં આવે કે ઉપર સરકાર અમારી નથી. નહિ માને. અહીના તત્કાલીન મુખ્યમંત્રી બીજી વખત ત્યાં વડાપ્રધાન બન્યા છે. કોઇપણ ભાજપના ધારાસભ્ય બોલવા ઉભા થાય તો પહેલા એમ કહે છે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇની દીર્ઘદ્રષ્ટીના કારણે. તો આમાં પણ દીર્ઘ દ્રષ્ટી રાખે તેવું મારું કહેવું છે. વાતોમાં દીર્ઘ દ્રષ્ટી ન રાખે. આવા વ્યક્તિઓ માટે દીર્ઘ દ્રષ્ટી રાખીને એ દીર્ઘ દ્રષ્ટીવાળા અશકત લોકો છે જે પોતે સમાજમાં જવા માટે પોતાની સંકુચિતતા રાખતા હોય છે, કેમ કે તેમને પગની ખામી છે. લોકો વચ્ચે કેમ જઇ શકશે. એને બદલે એમને આવી સહાય મળતી થાય તો જઇ શકશે. એમનો એ અનુભવ છે. કુદરતે જ્યારે કોઇ ખામી આપી છે, ત્યારે તમે જોશો કે દિવ્યાંગ લોકો કેટલા હોંશિયાર છે. એટલા બધા હોંશિયાર છે કે કુદરતે ખામી આપી છે. એમનું મગજ સ્ટ્રોંગ આપ્યું છે. મગજમાં વધારો આપ્યો છે. તેવા સંજોગોમાં આવી જે ખામી ધરવાતા વ્યક્તિઓ છે જેનું મગજ સ્ટ્રોંગ છે. અત્યારે તો હાઇટેકનો જમાનો છે, કેસલેસ જમાનો છે. હવે તો એમ કહે છે કે ઇ–જમાના સાથે સરકાર ચાલવા માગે છે. ઇ–જમાનો તો રાજીવ ગાંધીના સમયથી હતો. છતા જશ સરકાર લે છે. વાંધો નથી સરકાર છે અને જશ લે અને લેવો જોઇએ. આ ઇ ટેકનોલોજીનો જમાનો શરૂ થયો છે, ત્યારે નાના નાના દુકાનદારો પોતાના પોસ્ટ મશીન ચલાવે છે. એમને ફરજ પાડવી જોઇએ કે આવા અશક્ત લોકોને જ નોકરીમાં રાખો. પગારનું ધોરણ થોડું વધઘટ થાય. અત્યારે પગારનું ધોરણ એવું છે કે રૂ.૮,૦૦૦ વાળો પગારનો કર્મચારી ચાલે છે. ગઇકાલે બિલ આવ્યું હતું. કોઇ ધારાસભ્ય બોલ્યા. મને એવું કહ્યું કે શ્રી વિરજીભાઇ સાહેબ, હું ૨૦ વર્ષથી નોકરી કરું છું. મને રૂ.સાડા સાત હજાર ૨૦ વર્ષથી મળે છે. મને અત્યારે શરમ થાય છે.

સભાપતિશ્રી: આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય વલ્લભભાઇ કાકડિયા જે અશક્ત વ્યક્તિઓ માટેનું બિલ લઇને આવ્યા છે, એના અંગેની કેટલીક વાતો કરવા માટે ઊભો થયો છું. અશક્ત વ્યક્તિઓનો વિચાર અને જોયા પછી એના માટેની વેદના ઊભી થાય અને એ વેદનામાંથી સંવેદના પેદા થાય અને એ સંવેદનાના કારણે ભૂતકાળમાં અનેક વ્યક્તિઓ અશક્ત જન્મ્યા છે. હમણાં જ ૨૦૧૪ પછી જ અશક્ત જન્મે છે તેવું નથી. પણ ૨૦૧૬માં આ અંગેનું વિધેયક આવે, એ ખરેખર સંવેદનશીલ સરકારનો એક નમૂનો છે. આ સરકાર અશક્ત બાળકો ન જન્મે તેની પણ ચિંતા કરે છે. આંગણવાડી મારફત કિશોરી અવસ્થામાં કોઇ બાળા જે ભવિષ્યમાં મા બનવાની છે અને એના કૂખે જન્મનાર બાળક અશક્ત ન જન્મે, સમાજ ઉપર, કુટુંબ ઉપર ભારરૂપ ન બને તેની ચિંતા સરકારે કરીને કિશોર અવસ્થાના બાળાને પોષણક્ષમ આહાર, દવા મળી રહે તેની ચિંતા આંગણવાડી બહેનો મારફતે કરવામાં આવે છે. જેના કારણે આવતીકાલનુ જન્મનારું બાળક

આવતીકાલની પેઢી, કુટુંબ માટે ભારરૂપ ન બને તેની ચિંતા સરકાર કરે છે. એ જન્મનાર બાળક કદાચ થોડું અશક્ત હોય અને આંગણવાડીમાં જાય ત્યારે બહેનો મા યશોદાના સ્વરૂપમાં બહેનો જે બાળકને પોતે જન્મ નથી આપ્યો, પણ એ બાળકને પોતાનું માનીને એ બાળકનું લાલન–પાલન, પોષણ કરીને સશક્ત થાય અને સમાજમાં વ્યવસ્થિત બને તેવા પ્રયત્નો મા યશોદા સ્વરૂપે આંગણવાડીની બહેનો કરી રહી છે. છતા પણ માનનીય વલ્લભભાઇ બિલ લઇએ આવ્યા છે. તેમાં કેટલીક જોગવાઈની વાત કરી છે. હું જણાવીશ કે આમાં ૨૦૧૬ ના અધિનિયમની અંદર કેટલીક જોગવાઇઓ કરવામાં આવી છે. કલમ–૧૯ હેઠળ સરકારે ખાસ કરીને અશક્ત વ્યક્તિને વ્યાવસાયિક તાલીમ અને આજે આપણે જોઇએ છીએ કે ગાંધીનગરની કોઇપણ લિફ્ટમાં જશો તો મોટા ભાગે આ દિવ્યાંગ વ્યક્તિઓને નોકરીએ રાખવામાં આવ્યા છે. આજે એ નોકરી કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, અશક્ત વ્યક્તિઓના અધિકારના અધિનિયમ કલમ ૨૦૧૬ની કલમ–૨૦ હેઠળ કોઇ પણ સરકારી સંસ્થાએ અશક્ત વ્યક્તિ સામે પક્ષપાત કે ભેદભાવ ન રાખવો એના માટેના પણ નિયમો બનાવ્યા છે અને જેના કારણે એ તુચ્છ ન બને એની ચિંતા પણ સરકારે કરી છે. સરકાર અને સ્થાનિક સત્તા મંડળોએ અશક્ત વ્યક્તિઓ માટે બીજી વ્યક્તિની સમકક્ષ અને સામૂહિક જીવન ભોગવી શકે, તેના આનંદ પ્રમોદની પ્રવૃત્તિઓ કરી શકે એ પ્રકારનું જીવન જીવી શકે એની ચિંતા પણ આ અધિનિયમની જોગવાઇમાં કરવામાં આવી છે. ૨૦૧૬ની કલમ–૪૧ હેઠળ દિવ્યાંગો માટે રાજ્ય સરકારે પાર્કિંગની જગ્યા, શૌચાલય, ટીકીટ કાઉન્ટર, ટીકીટ મશીન એ બધી જ જગ્યાએ દિવ્યાંગો માટેની ફ્રેન્ડ્લી વ્યવસ્થા કરી છે, એને અનુરૂપ બાસ સ્ટોપ, રેલવે સ્ટેશન, વિમાની મથક વગેરે જગ્યાએ પણ એની અલગથી સુવિધાઓ ઉપલબ્ધ કરી છે અને આપણે જોઇએ છીએ કે ઠેક ઠેકાણે એના બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે. અશક્ત વ્યક્તિઓના અધિકાર અધિનિયમ–૨૦૧૬ની કલમ ૬૦ હેઠળ રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે આ અધિનિયમ હેઠળ આવેલ કાર્યો માટે એક સલાહકાર બોર્ડની વ્યવસ્થા કરવાનું વિચાર્યું છે અને આવતા દિવસોમાં એની વ્યવસ્થા થશે ત્યારે બાકીના તમામ પ્રશ્નો જે ઉપરસ્થિત થશે એનું પણ નિરાકરણ આ બોર્ડ મારફત થવાનું છે. આ સમગ્ર વિગત જોતા મને લાગે છે કે, માનનીય સભ્યશ્રી જે ખાનગી વિધેયક લઇને આવ્યા છે એમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર આ બાબતની તમામ પ્રકારની એમની જે ચિંતા છે, એની જે લાગણી અને માગણી છે એની સાથે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પગલાં લઇ રહી છે ત્યારે મને લાગે છે કે, તેઓ પોતાનું વિધેયક પરત ખેંચી લે એ જરૂરી છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર (**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી**) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી વલ્લભભાઇ કાકડિયા ગુજરાત અશક્ત વ્યક્તિ પુનઃવસન અને કલ્યાણ વિધેયક ૨૦૧૮ લઇને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વલ્લભભાઇને હું અભિનંદન આપું છું કે તેઓએ દિવ્યાંગ અશક્ત વ્યક્તિઓની ચિંતા કરી છે. આ તબક્કે હું સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર એ હંમેશા દિવ્યાંગો અને અશક્ત વ્યક્તિઓની ચિંતા કરતી આવી છે અને તેમના વિકાસ અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે હંમેશા અગ્રેસર રહી છે ત્યારે માનનીય સભ્યશ્રી જે આ વિધેયક લઇને આવ્યા છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. હું સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, આ ચર્ચામાં શ્રી વિરજીભાઇએ ભાગ લીધો અને એમ કહ્યું કે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દીર્ઘ દ્રષ્ટા છે. તમારી વાત એકદમ સાચી છે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હૈયે હરહંમેશ દિવ્યાંગોની ચિંતા રહી છે અને એ દિશા તરફ તેઓએ ઘણું મંથન કરીને વર્ષ ૨૦૧૬માં અશક્ત વ્યક્તિઓના અધિકાર માટે અધિનિયમ ૨૦૧૬ અમલમાં મૂકેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાની જોગવાઇઓ જોવામાં આવે તો આ સભાગૃહને પ્રતિતિ થશે કે માનનીય વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખરેખર દિવ્યાંગો અને અશક્તોની ચિંતા કરી છે. આ અધિનિયમની કેટલીક જોગવાઇઓ છે એ હું સભાગૃહના ધ્યાને મૂકવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ અધિનિયમ ભારત સરકાર દ્વારા યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓન રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરીને દિવ્યાંગ માટે વિશેષ ધ્યાન આપવાની બાબત હતી. તે સ્વીકારી અશકત વ્યકતિઓના અધિકાર, અધિનિયમ ૨૦૧૬ને ૨૮ ડિસેમ્બર,૨૦૧૬ના રોજ સંસદમાં મંજૂરી આપી અને સમગ્ર ભારતમાં એપ્રિલ–૨૦૧૭થી આ અમલમાં મૂકેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તબક્કે આ સભાગૃહનું ધ્યાન દોરું છું કે ભારતની કુલ વસતિના ૨.૨૧ ટકા અને રાજયમાં કુલ વસતિના ૧.૮૦ ટકા જેટલા દિવ્યાંગો છે અને આ દિવ્યાંગો પૈકી ઘણાં બધા દિવ્યાંગો એવા છે કે જેની દિવ્યાંગતા છતાં ઘણી કામગીરી કરી શકે તેમ છે. પરંતુ દિવ્યાંગો કામ ન કરી શકે તેવી આપણી વર્ષો પૂરાણી જે માન્યાતાઓને કારણે આ અધિનયમ અમલમાં આવ્યો તે પહેલાં તેમને સમાજમાં પૂરતી તક મળતી ન હતી. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા વર્ષ–૨૦૧૬માં દિવ્યાંગોના કલ્યાણ માટે દીર્ઘ દ્રષ્ટી વાપરીને વિરજીભાઇ ઠુમ્મરે કહ્યું તે મુજબ અધિનિયમમાં જોગવાઇ કરવામાં આવી છે તે તમામ જોગવાઇ ખૂબજ પ્રશંસનીય છે. માનનીય સભ્યશ્રી વલ્લભભાઇ કાકડીયા અશકત વ્યકિતઓના કલ્યાણનું જે વિધેયક લઇને આવ્યા છે તેની મુદ્દાવાર હકીકતો સરકારશ્રી દ્વારા દિવ્યાંગોના કલ્યાણ માટે જે કામગીરી થઇ રહી છે તેની હકીકત જોતાં માનનીય સભ્યશ્રી વલ્લ્ભભાઇ કાકડીયા જે બિલ લઇને આવ્યા છે તે વિધેયકનું નામ ગુજરાત અશકત વ્યકિત પુનઃવસવાટ અને કલ્યાણ વિધેયક–૨૦૧૮ છે. આ સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી સમગ્ર ભારતમાં અશકત વ્યકિતઓનો અધિકાર, અધિનિયમ–૨૦૧૬ મેં અગાઉ જણાવ્યું તે મુજબ તારીખ–૨૮ ડિસેમ્બર–૨૦૧૬ના રોજ સંસદ દ્વારા મંજૂરી આપવામાં આવેલ અને સમગ્ર ભારતમાં એપ્રિલ–૨૦૧૭થી અમલમાં આવેલ છે. એટલે કે આ વિધેયક દ્વારા જે કાયદો અમલમાં લાવવામાં રજૂ કરેલ તે કાયદો અગાઉથી જ અમલમાં છે.

## તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત અશક્ત વ્યક્તિ (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયક–૨૦૧૮

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના વિધેયક કલમ–૨ની પેટા કલમ–ખ મુજબ અશકત વ્યકિત એટલે કે પોતાના શરીરનું કોઇ અંગ ગુમાવ્યું હોય અથવા વિકલાંગ બની ગઇ હોય જેના કારણે આજીવિકા મેળવવા માટે કોઇ શારીરિક કાર્ય કરવા સક્ષમ ના હોય તેવી વ્યકિત તેવો તેનો અર્થ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા સંસદમાં પસાર કરવામાં આવેલ અશકત વ્યકિતનો અધિકાર, અધિનિયમ–૨૦૧૬ની કલમમાં અશકત વ્યકિતઓની ચોક્કસ વ્યાખ્યા અને દિશા નિર્દેશ આપવામાં આવેલા છે અને કાયદાની વ્યાખ્યામાં નિયત કરેલા દિવ્યાંગોને જરૂરી પ્રમાણપત્રો પણ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીના વિધેયકની કલમ–૨ની પેટા કલમ–ખ મુજબ બોર્ડ એટલે કે સિવિલ હોસ્પિટલમાં સરકાર દ્વારા સ્થાપવામાં આવેલું મેડિકલ બોર્ડ તેવો અર્થ કરવામાં આવ્યો છે. અશકત વ્યકિતઓના અધિનિયમમાં દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર આપનાર અધિકારી આ કાયદાની કલમ–૨ની પેટા કલમ–ઇ અને અધિનિયમ કલમ–૫૭–(૧) અન્વયે દિવ્યાંગતાના પ્રમાણપત્ર આપવા માટે ચોક્કસ સત્તા મંડળ અને સત્તાધિકારીની જોગવાઈ પણ કરવામાં આવેલી છે. વિધેયકની કલમ–૪ની પેટા કલમ–૨ મુજબ અશકત વ્યકિતને તેના રહેણાંકના તાલુકામાં અથવા વ્યવહાર હોય ત્યાં સુધી તેના રહેઠાણથી નજીકના તાલુકામાં નોકરી આપવી જોઇશે તેવી જોગવાઈ કરવાનું વિધેયક લઇને આવ્યા છે ત્યારે આ બાબતે અશકત વ્યકિતઓના અધિકાર, અધિનિયમ–૨૦૧૬ની કલમ–૨૦ની પેટા કલમ–૫માં ચોક્કસ વ્યવસ્થાઓ અંગે દિશા નિર્દેશ કરવામાં આવેલ છે અને ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૧૨/૧૬ના ઠરાવ થી દિવ્યા કર્મચારીઓની વહીવટી જરૂરિયાતો ને આધીન જ્યાં શક્ય હોય ત્યાં સુધી તેઓના વતની નજીક તેમની માગણીને ધ્યાને લઇને તેમને નિમણૂક આપવાની જોગવાઈ પણ કરવામાં આવેલી છે. મને આ સભાગૃહ ને જણાવતાં આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રુપાણી સાહેબે તાજેતરમાં જ દિવ્યા નિગમની રચનાને મંજૂરી આપી છે અને ટૂંક સમયમાં આ નિગમની રચના પણ થનાર છે. આ નિગમના માધ્યમથી દિવ્યાંગોને સ્વરોજગારી માટે કૌશલ્યવર્ધન તાલીમ આપી શકીએ, સ્વરોજગારી પૂરી પાડી શકીએ તે માટેના તમામ પ્રયત્નો કરવામાં આવશે. આ ઉપરાંત સક્ષમ દિવ્યાંગોને છકડો, રિક્ષા, ઇલેક્ટ્રિક રીપેરીંગના સાધનોની કીટ, કમ્પ્યુટર રીપેરીંગના સાધનોની કીટ, ઝેરોક્ષ મશીન અને દિવ્યાંગો ખરેખર જેનાથી કામ કરી શકે એવા સાધનો અને લોન સહાય આ સરકાર તરફથી આપવામાં આવશે. આ ઉપરાંત વિશ્વ વિખ્યાત ભારતીય ઉત્તમશીલતા ઉદ્યોગ સંસ્થા એટલે કે ઇ.ડી.આઇ. દ્વારા આગામી પાંચ વર્ષમાં ૨૪,૦૦૦ દિવ્યાંગોને કૌશલ્યવર્ધન તાલીમ આપવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે અને જેનાથી આગામી ત્રણ વર્ષમાં ૯૬૦૦ લાભાર્થીઓને આ લાભ પણ આપણે આપવાના છીએ. બસમાં પાસ વિશેની જે વાત કરી એમાં આરોગ્ય વિભાગ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે તેવી ઓછી દિવ્યાંગતાવાળા લોકોને સક્ષમ હોવાથી બસમાં પાસ આપી શકાતો નથી. પરંતુ ૪૦ ટકા દિવ્યાંગતા રાખવામાં આવી છે અને અત્યારે શ્રી વિરજીભાઇએ જે વાત કરી તે મુજબ આ દિવ્યાંગોને સન ૨૦૧૬–૧૭ના વર્ષમાં ૨૪૮૭.૩૬ લાખ રૂપિયા અને ૪૭૦૩૮ લાભાર્થીઓ, ૨૦૧૭–૧૮માં ૩૫૭૦ લાખ રૂપિયા અને ૪૭૭૫૦ લાભાર્થી, ૨૦૧૮–૧૯માં ૩૫૭૯ લાખ રૂપિયા અને ૪૮૭૫૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને શ્રી વિરજીભાઇએ જે ઇલેક્ટ્રિકથી ચાલતા સ્કૂટરની વાત કરી એમાં આ વખતે ૬૦૦ જેટલા લાભાર્થીઓને આપણે ઇલેક્ટ્રિક સ્કૂટર આપવાની પણ જોગવાઈ કરી છે. ચાલુ વર્ષ ૨૦૧૯–૨૦માં દિવ્યાંગો માટેની યોજનાની વાત કરું તો માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રી–પુરુષો માટે પુનઃસ્થાપિત ગૃહ શરૂ કરવા માટે રૂ.૧૭૨.૯૨ લાખની જોગવાઈ, માનસિક બિમારીમાંથી સારવાર લઇ અને સાજા થયેલા સ્ત્રી–પુરુષો માટે ગૃહના બાંધકામ માટે રૂ.૩૫૦ લાખની જોગવાઈ ભારતીય ઉદ્યમિતા સંસ્થા, ગાંધીનગર ખાતે ગુજરાતના દિવ્યાંગજનોની સશક્તિ અર્થે કેન્દ્રની સ્થાપના અંગેની નવી બાબત ૭૫૫.૧૬ લાખ રૂપિયા ...

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ.

અધ્યક્ષશ્રી : બે મિનિટનો સમય વધારે આપવામાં આવે છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : આ રીતે ચાલુ વર્ષની નાણાકીય જોગવાઇમાં ૩૨૧૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે અને સભ્યશ્રી વલ્લભભાઇ જે આ બિલ લઇને આવ્યા છે ત્યારે તમામ વિગતોનો આપણે સમાવેશ કરીએ છીએ. આ જોગવાઈ ચાલુ છે ત્યારે આ વિધેયકની જરૂરિયાત રહેતી નથી તેથી માનનીય સભ્યશ્રીને આ વિધેયક પરત ખેંચવા માટે આપના દ્વારા હું અનુરોધ કરું છું.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિધેયક ઉપર ગૃહના સન્માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર, માનનીય સભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ તેમજ માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે પોતાના વિચારો રજૂ કર્યા છે. સરકાર કક્ષાએ આ વટહુકમમાં કરેલી જોગવાઇઓ પ્રત્યે મંત્રીશ્રીનું મન ખુલ્લું હોય તેમ હું માનું છું. માનનીય મંત્રીશ્રીની વિનંતીને માન આપીને આજે મેં રજૂ કરેલા વિધેયકને પાછું ખેંચવાની સભાગૃહ મને મંજૂરી આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૮નું ગુજરાત અશકત વ્યકિત (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયક પાછું ખેંચું છું.

આષાઢ ૨૦, ૧૯૪૧ શાકે

ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક, ૨૦૧૮

સભાપતિશ્રી : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૮**

ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક, ૨૦૧૮

**ગુજરાત રાજ્યમાં રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પૂરું પાડવા રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન સત્તામંડળની રચના તેમજ તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે• રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૮નું ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ હું ગુજરાત સ્પોર્ટ્સ એક્ટિવિટી એન્કરેજમેન્ટ વિધેયક, ૨૦૧૮ (ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન અધિનિયમ, ૨૦૧૮) રજૂ કરી રહ્યો છું.

મેં રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન તેમજ રાજ્યમાં રમતગમત પ્રવૃત્તિઓના વિકાસ માટે મારા આ બિન સરકારી વિધેયક દ્વારા ''ગુજરાત રાજ્ય રમતગમત પ્રોત્સાહન સત્તાતંત્ર'' નામના નવા સ્વાયત્ત સત્તા તંત્ર રચવાની જોગવાઈ સૂચવી છે.

''ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહક વિધેયક, ૨૦૧૮'' THE GUJARAT SPORTS ACTIVITY ENCOURAGEMENT BILL, ૨૦૧૮ હું આ સન્માનનીય ગૃહમાં રજૂ કરું છું. આ વિધેયકમાં ૧થી ૭ કલમોમાં નીચે મુજબ બાબતોનો સમાવેશ કરેલ છે. કલમ–૧ અધિનિયમનું નામ, વ્યાપ અને આરંભ. કલમ–૨, સત્તામંડળનું નામ ગુજરાત રાજ્ય રમતગમત પ્રોત્સાહન સત્તા મંડળ. કલમ–૩, સત્તા મંડળ (Authority)ની રચના જેમાં ચેરમેન સહિત જુદા જુદા ૧૨ સભ્યોની નિમણૂંક માટે પેટા કલમ ૩(૧)થી ૩(૫)માં જોગવાઈ. કલમ–૪, સત્તા મંડળનું કાર્ય રમતગમતનો વિકાસ, પ્રોત્સાહન માટે વિવિધ ખેલકૂદોના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ઈવેન્ટોમાં ભાગ લેવા માટે લાયક બનાવવા પ્રવૃત્તિઓ હાથ ધરવી. કલમ–૫, આ સૂચિત અધિનિયમ (બિલ/ બિન સરકારી વિધેયક) લાવવા માટેનો હેતુ– રમતગમત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા બાબત. ખેલાડીઓને તાલીમ માટે વ્યાયામશાળાઓ, કલબો, સ્વીમીંગપુલ શરૂ કરવા તથા આ હેતુ માટે કેન્દ્ર સરકાર ફંડ વાપરવા યોજનાઓ બનાવવી. કલમ–૬, ખેલાડીઓને સવલતો (૧) વિદ્યાર્થીઓને પરીક્ષાના ગુણ (૨) શૈક્ષણિક સંસ્થામાં હાજરીમાં છૂટછાટ, અન્ય સવલતો આપવી. કલમ–૭, રમતગમત સત્તા મંડળના નિયમો ઘડવા માટેની સત્તા આપવાની જોગવાઈ એમ મેં કુલ સાત વિવિધ જોગવાઇઓ દર્શાવી છે.

આમ, ગુજરાત સ્પોર્ટ્સ એક્ટિવિટી એન્કરેજમેન્ટ વિધેયક, ૨૦૧૮ અને આ વિધેયક થકી ગુજરાત રાજ્ય રમતગમત પ્રોત્સાહન મંડળ નામના અલાયદા સ્વાયત્ત સત્તા તંત્રની રચના કરવાની બાબત સૂચવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના થકી જણાવું છું કે આમ તો માનનીય મંત્રીશ્રીએ અને આ સરકારે રમતગમત પ્રવૃત્તિઓના વિકાસ માટે ઘણી જ કામગીરી કરી છે. અને દેશમાં તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આપણા ખેલાડીઓ સ્પર્ધાઓમાં ભાગ લેતા થયા છે અને ઘણી સ્પર્ધાઓમાં વિજેતા બન્યા છે. રાજ્યમાં રમતગમતનું સારું વાતાવરણ ઉભરી રહ્યું છે. તેમ છતાં, રમતગમત પ્રવૃત્તિના વિકાસ માટે એક અલાયદું સ્વાયત્ત સત્તા તંત્ર હોય, આ સત્તા તંત્રના ચેરમેન સહિત ૧૨ સભ્યો હોય અને તેઓને કેટલીક સત્તાઓ આપવામાં આવી હોય તો આ સ્વાયત્ત સત્તા તંત્ર નિર્ણયો લઇ રમતગમત પ્રવૃત્તિઓના વિકાસ માટે જરૂરી પગલાં લઇ શકે.

ટૂંકમાં, માનનીય મંત્રીશ્રી અને સરકાર સમક્ષ રમતગમત ક્ષેત્રની પ્રવૃત્તિઓના વિકાસ માટે ઘણા કામ કર્યા છે અને ભવિષ્યમાં પણ વધુ સારા કામો કરશે તેવો વિશ્વાસ હોવા છતાં પણ એક અલાયદા સ્વાયત્ત સત્તા તંત્રની જરૂરિયાત જણાતા તેની રચના કરવા અંગે અને તે માટે વિધેયક લાવવા હું આપના થકી માનનીય સભાગૃહ ને વિનંતી કરું છું.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનીનય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેનતભાઇ ઇનામદાર સન–૨૦૧૮નું ગુજરાત રમતગમત પ્રવૃતિ પ્રોત્સાહન વિધેયક ક્રમાંક–૧૮ લાવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

આમ પણ રમતગમત ક્ષેત્રે ગુજરાત અન્ય રાજ્યોની સરખામણીમાં ખૂબ પાછળ છે. ખેલાડીઓને તૈયાર કરવા તેમજ તેમને તાલીમ આપવા માટે જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સેન્ટરો ઊભાં કર્યાં છે. સ્પોર્ટ્સ અધિકારીની નિમણૂંક પણ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી આપના દ્વારા માનનીય રમતગમત મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું કે, ખેલાડીઓ રાતોરાત પેદા કે ઉત્પન્ન થતા નથી. એના માટે વાતાવરણ અને ઇન્ફ્રાસ્ટ્રકચર, શિક્ષક આ બધી પરિસ્થિતિ અને સગવડો જયાં હોય ત્યાં જ ખેલાડીઓ મળતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય રમતગમત મંત્રીશ્રીને જણાવવું છે, માનનીય ઇશ્વરભાઇ સાહેબ કે શારીરિક શિક્ષણને રમતગમત પ્રવૃતિને પ્રાથમિક વિભાગથી માંડીને ઉચ્ચતર સુધી જયાં સુધી ફરજિયાત નહીં બનાવો ત્યાં સુધી ગુજરાતમાં રમતગમતનું સ્થાન કે દરજ્જો ઊંચો આવવાનો નથી. આજે સ્કૂલોના મેદાનો (અંતરાય) એના પર પણ આવું

• વિધેયક તા. ૮મી માર્ચ, ૨૦૧૮ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

છું. આજે પ્રાથમિક શાળામાં અમારા સમયમાં સીપીએડને પણ પ્રાથમિક શિક્ષક તરીકે લેતા હતા. અત્યારે તો સીપીએડ અને ડીપીએડ એ બધી કોલેજો જ બંધ થવાના આરે આવી ગઇ છે, લગભગ આવી ગઇ છે. જો રમતગમતના ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી લઇ જવા હશે તો તો મેં આગળ કહ્યું તેમ જો બાળકનામાં જે એબીલીટી હોય કે સ્કીલ હોય એ પ્રાથમિક વિભાગથી જ ખીલવા માંડે છે. એ રાતોરાત કોઇ કોચીંગમાં કે રમતગમતમાં જવાથી મળતા નથી, દુનિયાના દેશોમાં સારા ખેલાડીઓ પેદા કરવા માટે છેલ્લા ૩-૪ વર્ષથી પૂરું પ્લાનિંગ કરતા હોય છે અને વ્યવસ્થિત નિષ્ણાત કોચ દ્વારા એને ટ્રેનિંગ આપવામાં આવે છે. પછી એને આંતરરાષ્ટ્રીય કક્ષાએ કે નેશનલ કક્ષાએ મોકલવામાં આવે છે. શ્રી કેતનભાઇ, તમે જે બિલ લઇને આવ્યા છો એ ખરેખર આવકારદાયક છે, તમે આ બિલની કલમોમાં જોગવાઇ કરી છે એ પણ આવકારદાયક છે. જો સરકાર ખરેખર રમતગમતની પ્રવૃતિને સુદ્દઢ કરવા માગતી હોય તો આ બિલ, શ્રી કેતનભાઇ, તમે પાછું ખેંચતા નહીં, એને પસાર થવા દો, સરકારનો ઇરાદો શું છે એ આ બિલ પાછું નહીં ખેંચોને તો એ સ્પષ્ટ કરશે. આટલા બધા નાણાની ફાળવણી કરતા હોઇએ ત્યારે મહાખેલ, કુંભ મહાખેલ એનું આયોજન કરતા હોઇએ ત્યારે આ તો પ્રાથમિક કક્ષાએ સીપીએડ અને ડીપીએડ શિક્ષકો લેવામાં આવે. માનનીય રમતગમત મંત્રીશ્રી, આ એટલા માટે કે અત્યારે જે શિક્ષકોને નોકરી મળતી નથી અથવા તમારો પ્રવાસી શિક્ષક લેવામાં આવે છે ત્યાં આ વ્યાયામના ટ્રેન શિક્ષકને લેશો તો રમતગમતના ક્ષેત્રે આપણે ચોક્કસ નામના કરીશું તેવી મને ખાતરી છે. મને આ વિધેયક પર બોલવાની તક આપી માનનીય અધ્યક્ષશ્રી તે બદલ આપનો આભાર.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા યુવાન મિત્ર ધારાસભ્ય શ્રી કેતનભાઇ ઇનામદાર ગુજરાત સ્પોર્ટસ એકટીવીટી એન્કરેજમેન્ટ વિધેયક ૨૦૧૮નું જે બિલ લાવ્યા છે એમને હું બિરદાવું છું. જે પ્રકારના મહત્વના મુદ્દા એમનાં બિલની અંદર રજૂ કરેલા છે અને જે પ્રકારે એમના વિસ્તારની અંદર સામાજિક ક્ષેત્રે અને યુવાઓ માટે રમતગમત ક્ષેત્રે જે પ્રકારે કામ કરી રહ્યા છે એ બદલ હું એમને બિરદાવું છું. મારા વડીલ મિત્રએ પણ અનેક વાતો રજૂ કરી. મારા વડીલ મિત્રએ એમ કહ્યું કે ગુજરાત રમતમાં પાછળ છે. ત્યારે મને દંગલ ફિલ્મનો ડાયલોગ યાદ આવે છે. એ ડાયલોગ છે કે ''મારી છોરીઓ ભી છોરે સે કમ હૈ કા?'' એને હું જરા મારા સુરતી વીઝનમાં મૂકવા માગું છું. કે મારા ''ગુજરાતના પોયરા પોયરીઓ સ્પોર્ટસ વર્ઝનમાં ભી કોઇ પાછળ નથી''. ગુજરાત એમાં ભી અવ્વલ નંબરે છે. મને લાગતું હતું કે આદિવાસી નેતા છે. જે પ્રકારે આદિવાસી વિસ્તારોમાં રમત ગમતના ક્ષેત્રે કોઇ આદિવાસી છોકરી કે આદિવાસી છોકરાનું ભૂતકાળમાં કયારેય નામ આવતું નહોતું, એ જિલ્લાથી સ્ટેટ લેવલે જાય તો પણ ખૂબ મહાન ગણાતું હતું. મારા દક્ષિણ ગુજરાતમાં ડાંગ વિસ્તાર પછાત વિસ્તાર ગણાય છે. હું સમજી શકું છું કે વિધાનસભામાં કયાંક કયાંક રાજનીતિ હોય છે, પક્ષ હોય છે, વિપક્ષ હોય છે. પરંતુ મારા વડીલ મિત્રને એક આદિવાસી દીકરી યાદ ન આવી. એને અભિનંદન આપવાનું યાદ ન આવ્યું તે દુઃખની બાબત છે. એ સરીતા ગાયકવાડ, ગોલ્ડન ગર્લ્સના નામે લોકો એને ઓળખે છે, એ ડાંગ રનરના નામે ઓળખાય છે, એ ગુજરાત રનરના નામે ઓળખાય છે. એમણે કયાંક ને કયાંક આજે ભારતનું નામ રોશન કર્યું, બે દિવસ પહેલા જ એને ખૂબ મોટો મેડલ પાછો મળ્યો. આ ક્યાંથી આવ્યું? માનનીય અધ્યક્ષશ્રી, હું એમની જોડે સંમત છું કે આ રાતોરાત નથી આવતું. આ રાતોરાત ખેલાડીઓ ઊભા નથી થતા, પણ એની પાછળ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની અથાગ મહેનત છે અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના યુવાનોમાં પડેલું ટેલેન્ટ જોઇને એને ઊભું કર્યું, ખેલ મહા કુંભ નામનો એક ખેલ આપ્યો ગુજરાતમાં, જેમાં ૪૨ લાખ થી વધારે લોકોએ આ વખતે ભાગ લીધો. માત્ર એક જ શહેર નહીં એ દાહોદથી આવે છે, ગોધરાથી આવે છે, બનાસકાંઠાથી આવે છે. આ તમામ પછાત વિસ્તારોમાંથી જે પ્રકારે પ્લેયરો ઊભા થયા છે એ માત્ર અને માત્ર ભારતીય જનતાપાર્ટીની અને આ સરકારની દૂરદર્શીતાના કારણે ઊભા થયા છે. સ્પોર્ટસ ડેવલપમેન્ટની જ્યારે એ વાત કરે છે, હું પોતે પણ જીમ્નાસ્ટીક રમતો હતો, અમે ટ્રેઇનિંગમાં જતા હતા ત્યારે અમને જમવાનું આપતા નહીં, ત્યારે કોંગ્રેસની સરકાર હતી અને અમે કઇ પરિસ્થિતિમાં રમતા હતા તે અમને યાદ છે. (અંતરાય) સ્પોર્ટસ કોમ્પ્લેકસની વાત કરે છે, કયા સ્પોર્ટસ કોમ્પ્લેકસની વાતો કરે છે? (અંતરાય) ખાલી બિલો ઉઘારતા હતા.

સભાપતિશ્રી : તમે સાંભળો, એમની વાત છે, એમને રજૂ કરવા દો ડીસ્ટર્બ ન કરો. સાંભળો તમે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ફકત વાતો કરેલી, પ્રજાને કંઇ આપ્યું નહોતું. સ્પોર્ટસ કોમ્પ્લેકસ કોને કહેવાય એ આ ગુજરાતે છેલ્લા પંદર વર્ષની અંદર જોયું છે. ગુજરાતના પ્લેયરો એની અંદરથી રમીને મોટા પ્લેયર બન્યા છે, ઇન્ટરનેશનલ લેવલના નામે ખાલી વાતો થતી હતી. જ્યારે ઇન્ટરનેશનલ મેડલોના લિસ્ટ આવતા ત્યારે ગુજરાતનું કોઇ નામ કે નિશાન દેખાતું નહોતું. કારણ કે કોઇ નીતિ જ નહોતી. ગુજરાતના યુવાનો સ્પોર્ટસમાં આગળ આવે તો આવનારા દિવસોમાં ગુજરાત સ્વસ્થ થાય, ગુજરાતને સ્વસ્થ કરવાનો કયારેય કોઇ પ્રયત્નો થયો નથી. માનનીય વિરજીભાઇ હમણાં વાત કરતા હતા, હું એમને એક સૂચન કરવા માગું છું કે યોગના માધ્યમથી આવનારા દિવસોમાં યોગ કરશે તો બોલતા બોલતા શ્વાસ નહીં ચડશે એની ગેરંટી આપું છું. ગઇ કાલે (અંતરાય) ભારતની સેમીફાઇનલ મેચ હતી (અંતરા) એ મેચ ભલે આપણે હાર્યા, આ જ દુઃખ છે માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ હારે અને આ લોકો ખુશ થાય છે આ દુઃખ છે. આપણે મેચ ભલે હાર્યા, પણ ભારતીય ટીમે કરોડો લોકોનું દિલ જીત્યું છે. એ મેચની અંદર ત્રણ ગુજરાતીઓએ ઉત્કૃષ્ટ ખેલ દેખાડેલો છે. જસપ્રીત બુમરાહ અમદાવાદનો આપણો ખેલાડી. સૌથી સારી વિકેટો વર્લ્ડકપની અંદર લીધેલી. અમારા બાપુ રવિન્દ્ર જાડેજા. કાલે વર્લ્ડકપની

પહેલી મેચ હતી. આપણે હાર્યા પણ તેમણે લોકોનું દિલ જીત્યું છે. ગુજરાતમાંથી કોઇ દિવસ ક્રિકેટ મેચની અંદર આપણાં કોઇ પ્લેયરો નહોતા. આજે હાર્દિક પંડ્યા સહિત ત્રણ–ત્રણ પ્લેયરો ભારતીય ટીમને નેતૃત્વ આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક મહત્વની વાત મારે મૂકવી છે. અનેક એવા ખેલાડીઓ(અંતરાય)

સભાપતિશ્રી : એમને બોલવા દો. એમની વાત રજૂ કરવા દો. તેમના વિચારો રજૂ કરે છે તેમાં તમારે ઇન્ટરફીયર કરવાની જરૂર નથી. પ્લીઝ. (સતત અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે અનેક વસ્તુ આપી. આજે કમસે કમ ૯થી વધારે એવા ગુજરાતના ખેલાડી છે કે જેને ઇન્ટરનેશનલ મેડલો મળ્યા છે. (સતત અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અમરીષભાઇ ડેર.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેતનભાઇ ઇનામદાર ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૮, ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક જે લાવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને તેમાં મારા થોડાં સૂચનો રજૂ કરવા ઇચ્છું છું. જો આપણે આપણા દેશને વિશ્વ ગુરુ બનાવવા ઇચ્છતા હોઇએ તો ''શરીર માધ્યમ્ ખલુ ધર્મ સાધનમ્'' આ ઉક્તિ ઉપર આપણે બધાએ કામ કરવું પડશે. પ્રાથમિક શાળાઓની અંદર ૨૦૦૯ પછી, માધ્યમિક શાળાઓની અંદર અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અંદર લગભગ ૨૦૧૧ પછી આ સરકારે વ્યાયામ શિક્ષકોની ભરતી કરી નથી. કંઇ વાંધો નહીં, પણ આઠમું ધોરણ જ્યારે માધ્યમિક શાળામાંથી પ્રાયમરી શાળામાં ગયું ત્યાર પછી સૌથી વધુ શિક્ષકો જો કોઇ ફાજલ થયા હોય તો એ વ્યાયામ શિક્ષકો થયા છે. એ વ્યાયામ શિક્ષકોને ફાજલ થયા પછી કલેરિકલ કામ આપવામાં આવ્યું છે. એટલે કે તમે તેને વ્યાયામ શિક્ષકમાંથી કલાર્ક બનાવ્યા છે જે વસ્તુ વ્યાજબી નથી. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસમાં યોગની સાથે સાથે જો કોઇ મહત્વની વાત હોય તો એ મેદાનમાં રમાતી રમતો છે. જેનું આજે પણ વિશિષ્ટ મહત્વ કયાંકને કયાંક આ રાજ્યમાં અને આ દેશમાં છે. આજના સમયે બાળકોમાં આઇ.કયુ. લેવલ ખૂબ જ ઊંચો આવ્યો છે પણ જો આ બાળકોમાં શરીર સૌષ્ઠવ જો કથળી રહ્યું હશે તો કયાંકને કયાંક તેની જવાબદારી પણ સરકારની અને આપણા બધાંની થશે. એટલે આપણે એવું ઇચ્છીએ કે કયાંકને કયાંક આવી પ્રવૃત્તિઓને વધુ વેગવંત બનાવવા માટે વ્યાયામ શિક્ષકો બાબતે જે દુર્લક્ષ્ય સેવવામાં આવે છે તે બંધ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલો અભિયાન અંતર્ગત આ રાજ્યના દરેક તાલુકાની અંદર સ્પોર્ટસ્ કોમ્પ્લેક્ષ બનાવવાની વાત જે તે વખતે આ સરકારે અને કેન્દ્ર સરકારે કરેલી પણ બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે મોટા ભાગના તાલુકાની અંદર આજે એક પણ મેદાન કે સ્પોર્ટસ્ કોમ્પ્લેક્ષ આ સરકાર દ્વારા ખોલવામાં આવ્યું નથી. મારા અમરેલી જિલ્લાની વાત કરીએ તો પણ દુઃખ સાથે કહેવું પડે છે કે ૧૧ તાલુકાઓમાંથી એક પણ તાલુકાની અંદર રમતગમતના મેદાન માટે કે સ્પોર્ટસ્ કોમ્પ્લેક્ષ માટે આ સરકારે જગ્યા ફાળવી નથી. તો હું આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમરેલી જિલ્લાને પાયલોટ પ્રોજેક્ટ તરીકે આગળ લાવી અને જો આ કરવામાં આવશે તો ચોક્કસપણે છેવાડાના તાલુકાઓમાં પણ યુવાનો માટે, વિદ્યાર્થીઓ માટે અને બાળકો માટે આપણે બધાએ કંઇક કર્યું કહેવાશે. આજના સમયમાં આપણે બધા જ ચિંતા કરીએ છીએ કે શાળાની અંદર ઓરડાઓ ઘટે છે. પણ એક બહુ સારી કહેવત છે કે, '' શાળાની અંદર કદાચ સો ઓરડા કરતાં પણ એક સારું મેદાન વધુ ગરજ સારે છે'' એટલે માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આગામી સમયમાં ઓરડા ભલે એકાદ–બે વર્ષ મોડા બને પણ મેદાનોને જો યોગ્ય પ્રાધાન્ય હું અને તમે આપીશું તો ચક્કસપણે આ રાજ્યની જનતા માટે આપણે કંઇ કર્યું કહેવાશે. આજના દિવસે બાળકોમાં પડેલી સુષુપ્ત શકિતઓ ઉજાગર કરવા માટે અને એનામાં સાહસિકવૃત્તિ વધારવા માટે એના પાયામાં જો કોઇ બાબત પડી હોય તો એ તંદુરસ્ત શરીર હશે અને આવી રમતો રમવાથી એનું શરીર તંદુરસ્ત થશે. જેથી આપણે બધાએ સાથે રહીને કંઇક કરીએ તો ઘણું બધું સારું થઇ શકે એમ છે. છેલ્લે મારે વિનંતી કરવી છે માનનીય કેતનભાઇને કે આ વિધેયક તમે લાવ્યા છો એ ખૂબ સારું છે. આને પરત ન ખેંચવા માટે હું તમને વિનંતી કરું છું. રમતગમતમાં સાહસવૃત્તિ જે કેળવવાની વાત છે એમાં પણ આપણે જો કંઇ નહી કરીએ તો વિકાસ રુંધાશે. આ ગૃહમાં મારે એ પણ કહેવું છે કે આ રમતગમતવાળી વાતનું વિધેયક પાછું ન ખેંચવામાં આ ગૃહ કેવી રમતો રમે છે એનો પણ મને અને તમને ખ્યાલ આવશે. છેલ્લી વાત, માનનીય સભ્યશ્રી, મારો નાનો ભાઇ, શ્રી હર્ષભાઇ બોલતા હતા કે ગુજરાતની અંદર ક્રિકેટનું કંઇ હતું નહીં. તો એમને મારે યાદ દેવડાવવું છે કે ગુજરાતની અંદર જામનગર હોય, વડોદરા હોય, આ બધા મહારાજાઓએ કયાંકને કયાંક આ રમતો વિદેશમાંથી અહીંયા લાવ્યા હતા અને એની સૌપ્રથમ શરૂઆત ગુજરાતમાં થઇ હતી. આજે પણ આ જે રણજીત ટ્રોફીનું જે નામ છે એ મહારાજા રણજીતસિંહ તરફથી આપવામાં આવેલું છે એટલે તમે આવી ખોટી બાબતોને ના ઉજાગર કરો અને લોકોને ગેરમાર્ગે ના દોરો. ફરી વખત આપ સૌનો આભાર.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય સભ્યશ્રી કેતનભાઇ ઇનામદારે ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક રજૂ કર્યુ છે તે બદલ સૌ પ્રથમ તો માનનીય ધારાસભ્યશ્રીનો અમારા રમતગમતના વિષયમાં અને તેના વિકાસ માટે જે રસ અને કાળજી દાખવી છે તે માટે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય ધારાસભ્યશ્રીએ રમતગમત પ્રવૃત્તિના વિકાસ પ્રત્યે તેઓશ્રીની પ્રતિબદ્ધતા દર્શાવેલ છે તેનું આ ઉદાહરણ છે. માનનીય ધારાસભ્યશ્રી કેતનભાઇ ઇનામદારે રમતગમત પ્રવૃત્તિના

વિકાસ બાબતનું આ વિધેયક રજૂ કર્યુ છે ત્યારે હું આપના થકી આ ગૃહનું ઘ્યાન દોરું છું કે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી સરકારે તમામ વય જૂથોના રમતવીરો, મહિલા રમતવીરો તેમજ દિવ્યાંગ રમતવીરો સહિત સૌ માટે પૂરતી કાળજી લઇને આ દિશામાં ઘણા અસરકારક પગલાં ભર્યા છે. આ ગૃહમાં માનનીય ધારાસભ્યશ્રી કેતનભાઇ ઇનામદારે રમતગમત પ્રત્યેની નિષ્ઠા અને કાળજી સાથે પોતાનું વિધેયક લઇને આવ્યા છે ત્યારે તેઓશ્રીના વિધેયકની વાત કરું તો માનનીય ધારાસભ્યશ્રીએ રમતગમતની પ્રવૃત્તિને પ્રોત્સાહન તેમજ વિવિધ ખેલ કૂદમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતમાં ભાગ લેવા માટે તેઓશ્રીના બિન સરકારી વિધેયક દ્વારા ગુજરાત રાજ્ય રમતગમત પ્રોત્સાહન મંડળ, ધી ગુજરાત સ્પોર્ટસ એકટીવીટી એન્કરેજમેન્ટ ઓથોરીટીના નામથી નવો અલાયદો કાયદો લાવી આ કાયદા હેઠળ ''ગુજરાત રાજ્ય રમતગમત પ્રોત્સાહન સત્તા મંડળ'' નામના નવા સ્વાયત્ત સત્તા તંત્ર રચવાની જોગવાઈ સૂચવી છે. હું આ સન્માનનીય સભાગૃહ ને જણાવું કે માનનીય સભ્યશ્રી કેતનભાઇ ઇનામદારે રમતગમતના વિકાસ માટે પોતાના વિધેયક થકી જે ભાવના વ્યકત કરી છે તે અંગે જણાવું. એ ઉપરાંત પણ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે આપણા રાજયના મુખ્યમંત્રી હતા ત્યારથી ખેલ મહા કુંભ જેવી અસરકારક યોજના મૂકી, મને કહેતા આનંદ થાય છે કે ૨૦૧૦થી આ ખેલ મહાકુંભની શરૂઆત થઇ. આપણું ગુજરાત રાજ્ય ૧લી મે, ૧૯૬૦ના રોજ અલગ થયું પરંતુ રમત ગમત વિભાગ શિક્ષણ સાથે જ્યારથી રાજ્ય અલગ થયું ત્યારથી જોઇન્ટ વિભાગ તરીકે હતો. ત્યારે કોઇ કામગીરી આ રમત ગમત ક્ષેત્રે થતી ન હતી. મને કહેતા આનંદ થાય છે કે ૧૯૯૦માં ભારતીય જનતા પાર્ટી અને જનતા દળ ભેગા હતા ત્યારે તા. ૧૭-૧૨-૧૯૯૦થી આ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો વિભાગ શિક્ષણ વિભાગથી અલગ કરીને અલાયદા વિભાગ તરીકે કામગીરી કરે છે. ત્યાર પછી રમત ગમત યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ એવું નામકરણ કરવામાં આવ્યું. ભૂતકાળમાં ક્યારેય રમત ગમત ક્ષેત્રે દીર્ઘ દ્રષ્ટિ ન હતી, કાળજી લેવાઇ ન હતી. મને કહેતા આનંદ થાય છે કે, મારા વિભાગ દ્વારા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, એસ.એ.જી.ની કચેરી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની કચેરી એમ ૩ મુખ્ય કચેરીઓ દ્વારા આ પ્રશંસનીય કામગીરી કરી રહ્યા છીએ. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરીની વાત કરું તો આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે ખેલાડીઓ વિજેતા થાય છે તેઓને ૧ લાખ રૂપિયા એકલવ્ય સિનિયર એવોર્ડ તરીકે આપે છે. ૫૦ હજાર રૂપિયા જુનિયર એવોર્ડ તરીકે સાથે મોમેન્ટો બ્લેઝર, ડ્રેસ અને પ્રમાણપત્ર એમને આપવામાં આવે છે. એ જ રીતે સરદાર પટેલ સિનિયર એવોર્ડમાં રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા ખેલાડીને ૫૦ હજાર રૂપિયા અને જુનિયર ખેલાડીઓને ૨૫ હજાર રૂપિયા અને મોમેન્ટો, બ્લેઝર, ડ્રેસ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. એવી જ રીતે જયદિપસિંહ બારિયા સિનિયર જુનિયર એવોર્ડ પણ આપવામાં આવે છે. વ્યાયામ જ્યોતિર્ધર અંબુભાઇ પુરાણી એવોર્ડ પણ આવા જે શ્રેષ્ઠ અખાડિયન હોય એમણે પ્રોત્સાહિત કરવા ૫૧ હજારનો રોકડ પુરસ્કાર પણ આપવામાં આવે છે. એ જ રીતે રાજ્ય રમતવીર એવોર્ડ પણ આપવામાં આવે છે. તેની સાથે જે રમતો છે, ધી સ્કૂલ્સ ગેમ્સ ઓફ ઇન્ડિયા અંતર્ગત રમાતી અન્ડર ૧૪, અન્ડર ૧૭, અન્ડર ૧૯ જેવી સ્પર્ધાઓ છે એમાં પણ ૧૮૦ જેટલી રમતોનું સંચાલન કરવામાં આવે છે. એ જ રીતે દિવ્યા ખેલાડીઓ માટે પણ ધ સોસાયટી ફોર ફિઝિકલ હેન્ડીકેપ્ડ માટે રાજ્ય સ્તરની સ્પર્ધા આ સંસ્થાઓના સહયોગથી યોજવામાં આવે છે. એ જ રીતે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જતા આપણા રાજયના ખેલાડીઓને પણ ૭૫ હજાર રૂપિયા અથવા તો થયેલ ખર્ચના ૫૦ ટકા એ બેમાંથી ઓછું હોય એ આપવામાં આવે છે અને શિષ્યવૃત્તિ પણ આ ખેલાડીઓને આપવામાં આવે છે. રાજ્યના નિવૃત્ત રમતવીરો કે જેમણે રાષ્ટ્ર કક્ષાએ સિદ્ધિ હાંસલ કરેલ હોય અને એમણે ભાગ લીધેલ હોય અને ૫૦ વર્ષથી વધારે ઉંમર હોય તો એમને પણ ૩ હજાર રૂપિયા પેન્શન આજીવન આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. એ જ રીતે જે માન્ય રમત-ગમત મંડળો છે એમને પણ રાજય કક્ષાએ અનુક્રમે રૂ.૨૦ હજાર, રૂ.૧૫ હજાર અને રૂ.૧૦ હજારનું અનુદાન પણ આપવામાં આવે છે. એ જ રીતે જે માન્ય વ્યાયામ શાળાઓ છે, અખાડાઓ છે એમને વાર્ષિક રૂપિયા એક લાખની મર્યાદામાં અને એમના ખર્ચના ૮૦ ટકા એ બેમાંથી જે ઓછું હોય તે તેમજ રૂ.૨ લાખની સાધન-સહાય પણ એમને આપવામાં આવે છે. એવી જ રીતે તાલુકા કક્ષાએ પણ જીમ સેન્ટરો ઉભા કરવાની રાજ્ય સરકારની યોજના છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા પણ અનેકવિધ કામગીરી કરવામાં આવે છે. ૨૦૧૧માં ગુજરાત સરકાર દ્વારા આ સ્પોર્ટસ યુનિવર્સિટી રચવામાં આવી છે. ગુજરાતમાં રમત-ગમત ક્ષેત્રના વિકાસ માટે એક પર્યાપ્ત વાતાવરણનું નિર્માણ કરવું, રમતવીરોને તૈયાર કરવા માટે જરૂરી વ્યાયામ શિક્ષકો, શારીરિક શિક્ષણના અધ્યાપકો, રમત વિજ્ઞાનીઓ, રમત વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રના તજજ્ઞો અને રાહબરો તૈયાર કરી રાજયમાં રમત ગમત પ્રવૃત્તિઓનો વિકાસ થાય એવો મુખ્ય હેતુ છે. મને કહેતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી સાહેબ તેમજ માનનીય અધ્યક્ષશ્રીના વરદ હસ્તે તા.૧૭-૩-૨૦૧૮ના રોજ આ સ્પોર્ટસ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવેલ છે અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી એ સમગ્ર ભારતમાં બીજા નંબરની ગુજરાતમાં બની રહી છે. મને કહેતા આનંદ થાય છે કે જે શ્રી કેતનભાઇ ઇનામદાર આ વિધેયક લઇને આવ્યા છે ત્યારે એમના પોતાના મત વિસ્તારમાં દેસર ખાતે વડોદરામાં ૧૩૦ એકર વિસ્તારમાં આ તૈયાર થઇ રહ્યું છે અને ૨૦૨૦ સુધીમાં આ સ્પોર્ટસ યુનિવર્સિટી કે જે અત્યારે ગાંધીનગર ચાલે છે એ કામ પૂરું થઇ જતાં દેસર ખાતે શિફ્ટ થશે. રૂ.૭૦ કરોડના કામો પ્રગતિમાં છે. ભવિષ્યમાં ૨૦ કરોડના ખર્ચે સ્પોર્ટસ યુનિવર્સિટીનું સંકુલ બનવા જઇ રહ્યું છે. જે પ્રકારે એસ.એ.જી. પણ ખૂબ સારી કામગીરી કરી રહ્યું છે. તા. ૫-૧૧-૧૯૯૩થી એસ.એ.જી.ની સ્વાયત સંસ્થા તરીકે રચના કરવામાં આવી છે. અને રમત ગમત ક્ષેત્રે

ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક, ૨૦૧૮

ગુજરાતમાં અને ભારત સરકારની ખેલકૂદ નીતિને ઉત્તેજન આપવા તેમજ ખેલકૂદ પ્રવૃત્તિનો વિકાસ કરવો. ગુજરાતમાં ખેલકૂદ પ્રવૃત્તિને પ્રોત્સાહન, સુધારણા માટેની યોજનાનો પ્રયત્ન કરવો. એવી અનેકવિધ પ્રવૃત્તિઓ રમત ગમતના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવી છે. મિત્રો, એ જ રીતે આ ખેલ મહાકૂંભ આપણે જોઇ શકીએ છીએ કે રાજ્ય સરકાર દ્વારા રમત ગમત ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સૌ પ્રથમવાર સ્પોર્ટસ પોલીસીને વર્ષ ૨૦૧૬થી અમલી બનાવવવામાં આવી છે અને એ અંતર્ગત આ ખેલ મહાકૂંભની શરૂઆત પણ કરવામાં આવી છે ત્યારે ૨૦૧૦માં આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આદરણી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબે એની શરૂઆત કરી. એ પ્રવૃત્તિઓને આગળ ધપાવવા માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રી (અંતરાય)

સભાપતિશ્રી : બે મિનિટમાં પૂરું કરો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને માત્ર એક મિનિટ વધારે આપજો. જે દિવ્યાંગોને માટે જે કામગીરી કરી. વર્ષ ૨૦૧૮-૧૯ની અંદર ૪૨ લાખ ૯ હજાર જેટલા ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું. ૩૫ લાખ ૪૪ હજાર ખેલાડીઓએ ભાગ લીધો અને ૬૭ કરોડની ચાલુ વર્ષના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. મિત્રો, એ જ રીતે દિવ્યાંગો માટે સ્પેશ્યલ માર્ગની શરૂઆત કરી છે અને આવા ખેલાડીઓ રમત ગમતમાં ભાગ લઇ શકે એના માટે પણ ૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એ જ રીતે ડી.એલ.એસ.એસ. સ્કુલ કે જે હાલમાં ૨૮ જિલ્લામાં ૪૦ જેટલા સ્પોર્ટસ સંકુલો ઊભો કરવામાં આવ્યા છે તેમાં ૬૫૦૦ વિદ્યાર્થીઓને એનો લાભ મળી ગયો છે. એ જ રીતે શક્તિદૂત યોજનામાં મને કહેતા આનંદ જાય છે કે ૪૩ જેટલા ખેલાડીઓની શક્તિદૂત તરીકે પસંદગી કરીને રૂ.૪ કરોડ ૧૫ લાખની સહાય આપવામાં આવી છે. એજ રીતે આપણે જોઇએ છીએ તે પ્રમાણે હમણાં જે વાત કરી કે, આમાં કોચીઝની નિમણૂક કરવી જોઇએ. એમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ૧૧૯ કોચીઝ અત્યારે સેવા આપી રહ્યાં છે અને ભવિષ્યની અંદર અને અત્યારે પણ બીજા ૪૫ જેટલા નવા કોચીઝની ભરતી થનાર છે. આ છેલ્લા ૯ વર્ષથી એટલે કે ૨૦૧૦થી જે પ્રકારે ખેલાડીઓને ટ્રેનિંગ આપી છે જેથી દેશમાં અને વિદેશની અંદર પણ ખેલાડીઓએ કોચીઝના કારણે સારી કામગીરી કરી એને લઇને મને કહેતા આનંદ થાય છે કે, અમારા દક્ષિણ ગુજરાતના છેવાડાના ડાંગ જિલ્લાની દીકરી સવિતા ગાયકવાડે એથેલેટીક્સમાં ૪x ૪૦૦ મિટર રેલીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. સ્પર્ધાને અંતે એને ૬૬ લાખ રૂપિયા મળવાના હતા. પરંતુ આ દીકરીને આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે આ દીકરીને એક કરોડ રૂપિયા ગુજરાત સરકાર તરફથી આપવામાં આવ્યા છે. એની સાથે સાથે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબનો ૬૮મો જન્મ દિવસ હતો અને એ નિમિતે અમારી સહકારી સંસ્થાઓ – જેમાં સુગર ફેક્ટરીઓ, દૂધ સંઘો, એ.પી.એમ.સી. વગેરે દ્વારા ૬૮ લાખ રૂપિયા દીકરીને સભ્યશ્રીઓ દ્વારા આપવામાં આવ્યા. એ જ રીતે આપણા આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી ગણપતભાઇ વસાવાએ પણ એમના પગારમાંથી એક લાખ રૂપિયા આપ્યા, મેં રમત ગમત મંત્રી તરીકે મારા પગારમાંથી એક લાખ રૂપિયાનો ચેક આપ્યો. આપણા દંડકશ્રી પંકજભાઇએ પણ એક લાખ રૂપિયાનો ચેક આપ્યો.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : મિત્રો, જે પ્રકારે આ કામગીરી થઇ રહી છે અને અનેક લોકો આ કામગીરી કરી રહ્યાં છે અને વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યાં છે ત્યારે જે પ્રકારે માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી સન્માનનીય ગૃહને જણાવવા માગું છું કે, રમત ગમત પ્રવૃત્તિના વિકાસ માટે માનનીય વડાપ્રધાનશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ વખતો વખત નવી યોજનાઓ લાવી તેમજ વધુ ને વધુ નાણાકીય જોગવાઈ કરીને આ ક્ષેત્રને ખૂબ જ ફળદાયી બનાવવા જઈ રહ્યાં છીએ ત્યારે રમત ગમતનો વિકાસને વેગવાન બનાવવા વખતો વખત નવા સુધારા, ઠરાવો બહાર પાડવા પ્રયત્નશીલ છીએ અને રાજ્યના રમતવીરોનો વિકાસ ઉત્તરોત્તર થતો રહે એ માટે પ્રયત્નશીલ છીએ જ. આથી (અંતરાય) માનનીય ધારાસભ્યશ્રીએ દર્શાવેલ કામગીરી માટે (અંતરાય)...

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી આપનું પ્રવચન પૂરું કરો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : ગુજરાત રમત-ગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક, ૨૦૧૮ (અંતરાય)

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે. આપને એક મિનિટ વધારે આપી છે. (અંતરાય) માનનીય મંત્રીશ્રી,

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : એક મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, અને તે થકી અલગ વધારાના સ્વાયત્ત સત્તા તંત્રની રચનાની જરૂરિયાત જણાતી નથી. આથી હું માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય ધારાસભ્યશ્રી કેતનભાઇ ઈનામદારને ગૃહમાં રજૂ કરેલ ગુજરાત રમત-ગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન વિધેયક ૨૦૧૮ પાછું ખેંચી લેવા માટે વિનંતી કરું છું. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી કેતનભાઇ. (અંતરાય)

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

સભાપતિશ્રી : બિન સરકારી વિધેયકમાં પોઇન્ટ ઓફ ઓર્ડર હોય નહીં. સમય ફાળવ્યા પ્રમાણે જ છે. આ લિસ્ટમાં તમારું નામ છે. (અંતરાય)

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સન ૨૦૧૮ વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૮નું ગુજરાત રમત ગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક જે લાવ્યા છીએ. એમાં આ વિધેયકની અંદર (અંતરાય)

તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯

ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક, ૨૦૧૮

સભાપતિશ્રી : બધા બોલશો તો કેમ ખબર પડશે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી રહ્યાં છે ખાલી એટલી વિનંતી છે કે તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર સાંભળી તો લો.

શ્રી વિક્રમભાઇ  અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

સભાપતિશ્રી : ના, વિધેયકમાં આપણે આપતા નથી.

શ્રી કેતનભાઇ  મ. ઇનામદાર : મારા મિત્રોએ ચર્ચામાં ભાગ લીધો અને જેમણે રજૂઆતો કરી શ્રી હર્ષભાઇએ, શ્રી અમરીષભાઇએ, શ્રી પી.ડી.વસાવાસાહેબે અને આદરણીય મંત્રીશ્રીએ મારી વાતને અનુમોદન આપ્યું અને સાથેસાથે હું પણ એક વસ્તુ કહું છું કે આ સરકારની કામગીરીથી અને  રમતગમતને પ્રોત્સાહન આપતી કામગીરીથી ખરેખર મને સંતોષ છે અને આવનારા દિવસોની અંદર આ સરકાર આવા ને આવા અને એનાથી પણ સારા કામમાં અને રમતવીરોને પ્રોત્સાહિત કરવા આમાં હું એક વાત કરીશ કે સરકારે જે રીતે આપણી રમતવીર બહેન સરિતા ગાયકવાડને પ્રોત્સાહિત કરી એ બદલ અભિનંદન આપું છું. સાથે સાથે હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સભાગૃહ  મને  વિધેયક પાછું ખેંચી લેવાની  પરવાનગી આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**.

શ્રી કેતનભાઇ  મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, હું  વિધેયક ક્રમાંક– ૧૮– સન ૨૦૧૮નું ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક પાછું ખેંચું છું.

સભાપતિશ્રી : **વિધેયક પાછું ખેંચવામાં આવે છે. સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૭**

ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક, ૨૦૧૮

**ગુજરાત રાજ્યમાં ખેડૂતોનું બાકી દેવું માફ કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક**

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા**(**વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી,  હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૮નું ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજનો આ દિવસે એ ખેડૂત પુત્ર મારા એકલા માટે જ નહિ, પણ ગુજરાતના ખેડૂત જગત માટે ઐતિહાસિક દિવસ છે. ગમે તેટલા ઔદ્યોગીકરણ છતા આજે પણ આપણા ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં વસતા ૫૪ ટકા લોકો માટે સીધી કે આડકતરી રીતે આજીવિકાનું સાધન ખેતી છે. કુલ ૫૮ લાખ ખેડૂત પરિવારો અને ૬૮ લાખ જેટલા ખેતમજૂરો અને ખેતી આનુષાંગિક વ્યવસાય ઉપર નભતા બીજા લાખો લોકો છે. આવા કુલ મળીને ૩ કરોડથી વધારે લોકો ગુજરાતના અડધાથી વધારે વસતિના જીવનને આ બિલ સીધી અસર કરે છે. જેમના પ્રત્યે આપ સૌની સામાજિક અને રાજકીય ફરજ બને છે. ગુજરાતના ખેડૂત માટે લાંબાગાળાનું અને ટૂંકાગાળાનું મળી કુલ રૂપિયા ૮૩,૧૫૭ કરોડ રૂપિયાનું દેવું છે. તા. ૩૧મી માર્ચ ૨૦૧૯ના રોજ સ્ટેટ લેવલ બેન્કિંગ કમિટીના અહેવાલ અનુસાર આપણે સમૃદ્ધ ગુજરાત કહીએ છીએ, ત્યારે આપણો અન્નદાતા દેવામાં ડુબી ગયો છે. ગરીબ કેમ છે?  સ્ટેટ લેવલ બેન્કિંગ કમિટીનો એક રિપોર્ટ કહે છે કે ગયા વર્ષનો ગુજરાતનો કૃષિ વિકાસ દર માત્ર ૪.૬ ટકા જ રહ્યો છે. સરકાર તરીકે આપણે ખેડૂતના દેવા માટે જવાબદાર છીએ. આપણે હરખભેર ખેડૂતોની આવક ડબલ કરવાની વાતો કરીએ છીએ તો ખેડૂતોની આવક બમણી કરવી છે, પરંતુ સિંચાઇના પાણી વગર ખેતી થાય ખરી? આપણા ખેડૂતોને કેટલી સિંચાઇ આપી શક્યા છીએ? આપણે ૨૦ વર્ષમાં કેટલા ડેમ બાંધ્યા છે? ડેમ ન બાંધ્યા હોય તો  કેટલી નહેરો બાંધી? આંકડાની માયાજાળમાં ન અટવાઇએ તો પણ હમણાં ગૃહની સામે જે સામાજિક, આર્થિક સર્વેક્ષણ મૂકાયું તેના આંકડા કહે છે કે ગુજરાતના મોટા અને મધ્યમ બંધોનું કુલ ૪૭.૭૯ લાખ હેક્ટરમાં સિંચાઇ આપવાની ક્ષમતા છે. એની સામે સગવડ કેટલી ઊભી કરી? ૪૫.૭૦ લાખ હેક્ટરમાં. પણ વાસ્તવિક રીતે ૩૦.૨૦ લાખ હેક્ટરમાં પાણી પહોંચાડી શક્યા નથી. ખેડૂત દેવાના ડુંગરમાં કયારે દબાયો? ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે એટલા માટે એના માલની નિકાસ કરવામાં આવે. સરકારમાં નિકાસ થતી હતી તો કયાંય આવી નિકાસ થઇ એવું કંઇ સાંભળ્યું? અગાઉની સરકાર કરતી હતી. એટલો બધો માલ આયાત કરવામાં આવે છે કે  ખેડૂતોને એનો ભાવ મળતો નથી. કઠોળ, ખાદ્ય તેલો આયાત કરવામાં આવે. એના કારણે ખેડૂતોને બહુ નુકસાની ગઇ છે. એના જવાબમાં એમ કહે છે કે અમે ટેકાના ભાવે ખરીદી કરીએ છીએ. ખેડૂતોને ટેકાના ભાવે જે ખરીદી થઇ એમાં તમામ ખેડૂતોનો માલ લેવામાં આવ્યો નથી.  ફક્ત ૨૫ ટકા ખેડૂતોનો માલ લેવાય છે. ૭૫ ટકા ખેડૂતો ખુલ્લા બજારમાં સસ્તા ભાવે પોતાનો માલ વેચીને પરત ફરે છે. તેના માથે દેવું થઇ ગયું છે. ખેતીમાં એટલા બધા ટેક્સો નાખવામાં આવ્યા. પેસ્ટીસાઇડ દેવામાં જી.એસ.ટી. ટેક્સ, ખાતરના રૂ.૭૫૦ના રૂ.૧૪૫૦ થઇ ગયા છે. પછી ખેડૂતો ઉપર દેવું ન થાય તો શું થાય? ડીઝલ મોંઘુ, ખેત ઓજારોમાં જી.એસ.ટી., ડ્રીપ ઇરિગેશનમાં જી.એસ.ટી. આમ ખેડૂતોને ખેતી કરવાનું ખૂબ મોંઘુ પડી રહ્યું છે. એની પડતર જેટલા પણ નાણાં ઉપજતા નથી એટલે ખેડૂત દેવાના ડૂંગરમાં દબાયેલ છે. બીજું, ખેડૂતોને ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટના રોઝડા અને ભૂંડનો એવડો મોટો ત્રાસ છે, ખેડૂત આખી રાત પાણી વાળે અને એક રાતમાં ઝોલું આવી જાય એના પાકનો કચ્ચરઘાણ કરી નાંખવામાં આવે, પાકનું ભેલાણ થઇ જાય અને એનો પૂરો પાક ફેલ

---

* વિધેયક તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

થઇ જાય એટલે એ એની લોન ભરી શકતો નથી. એટલે આ જગતના તાત ખેડૂત ઉપર દેવું થઇ ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોનું દેવું માફ થશે તો બીજા લોકોને પણ ફાયદો છે. નાના નાના વેપાર ધંધાઓ ચાલશે, નાના નાના મજદૂરો–ખેડૂતોને ઘણો ફાયદો થશે. આ ગૃહમાં ૭૦–૮૦ ટકા ધારાસભ્યો અમે બધા ખેડૂતોના મતથી ચૂંટાઇને અહીંયાં આવીએ છીએ. આજે ઇતિહાસમાં પહેલીવાર ખેડૂત અમારી પાસે કાંઇક માગી રહ્યો છે. અત્યાર સુધી તમામ ધારાસભ્યોને ખેડૂતોએ મત આપ્યા છે. આજે આ બિલના ફેવરમાં, એના સમર્થનમાં આ ગુજરાતનો ખેડૂત તમામ ધારાસભ્યોના મત માગે છે. કેટલાય રાજયોમાં દેવા માફ થાય, નવ નવ રાજયોમાં દેવા માફ થાય પણ આપણા ગુજરાતમાં સરકારને દેવું માફ કરવામાં વાંધો શું છે? અહીંયાં બેઠેલા તમામ ધારાસભ્યો અને આપણે બધા રાત દિવસ કાળી મજૂરી કરી ધોમધખતા તાપમાં ખેડૂતોએ પકવેલું ધાન ત્રણ ટાઇમ ખાઇએ છીએ ત્યારે મારી તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે, ઋણ ચૂકવવાનો સમય પણ આજે જ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વાતો છે પણ મારે તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરવી છે કે આપણે જગતના તાત ખેડૂતો માટે કાંઇકને કાંઇક લાવવું પડે. આ બિલ માટે હું તમામ ધારાસભ્યશ્રીઓ પાસે અપેક્ષા રાખું છું કે, રાજકારણ અને પક્ષ બધું જ ભૂલી જઇને જે ખેડૂતો આપણા માટે રાત દિવસ મહેનત કરી અને આ રાષ્ટ્રનું પેટ ભરે છે ત્યારે આ બિલમાં હું અપેક્ષા રાખું છું કે તમામ ધારાસભ્યોની ખેડૂતના દીકરાને આજે જરૂર પડી છે તો એમાં વોટિંગ કરે અને એને સમર્થન આપે એવી મારી આપ સૌને વિનંતી છે અને મારું બિલ રજૂ કરું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯–વિધેયક ક્રમાંક–૭, સન–૨૦૧૮નું ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક આ ગૃહના સભ્યશ્રી હર્ષદભાઇ જે લઇને આવ્યા છે એમાં હું મારું મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ એક આદિવાસી ખેડૂત છું અને આદિવાસીમાં હું મોટો ખેડૂત પણ છું. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે મને લાગે છે ત્યાં સુધી આ જે વિધેયક આવ્યું છે એ વિપક્ષના સભ્ય દ્વારા લાવવામાં આવ્યું છે. છેલ્લા ૨૨ વરસથી અમારી ભારતીય જનતા પાર્ટીનો વહીવટ છે અને અમારી સંવેદનશીલતા છે અને ખેડૂત પ્રત્યેની લાગણી, ખેડૂત કેવી રીતે સ્વાવલંબી બને, ખેડૂત કેવી રીતે આર્થિક રીતે સદ્ધર બને, ખેડૂત કેવી રીતે પ્રગતિ કરીને એના પરિવાર સાથે સારી રીતે જીવી શકે, એ કેવી રીતે સુખી સંપન્ન થઇ શકે એના માટે ત્રિકમથી લઇને ટ્રેક્ટર સુધીના અનેક પ્રકારના ઓજારોમાં અમે એને મદદ કરીએ છીએ. એનાથી આગળ વધીને મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે, હું બે ટર્મથી જિલ્લા અધ્યક્ષ પણ છું. હું ૨૪–૨૫ વર્ષની ઉંમરે લગભગ ત્રણથી ચાર વર્ષ સુધી મોટા કદની મંડળીનો ચેરમેન રહી ચૂક્યો છું. સહકારી માળખા સાથે જોડાયેલો પણ છું. ખેડૂત દેવાદાર કેવી રીતે બને છે?

માનનીય અધ્યક્ષશ્રી, જયારે હું ચેરમેન હતો ત્યાર પછી એક વખત કેન્દ્રની અંદર કોંગ્રેસની સરકાર હતી અને દેવું માફ થયુ. મારા સમયમાં એ જ ખેડૂત ફરી વખત પાછો દેવાદાર થઇ ગયો. મારા અનુભવના આધારે હું કહું છું કે ખેડૂતને તમને ખેડૂત પ્રત્યે લાગણી છે અને આ સભ્યને ખેડૂત પ્રત્યે લાગણી નથી, એવું તો છે નહીં. આપણે ૨૦૦૦ની ચૂંટણી લડતા હતા અને આ ચૂંટણીમાં પણ ખેડૂતોના દેવા માફ થઇ જશે એવું વચન આપ્યું. લોકસભામાં પણ વચન આપ્યું તેમ છતાં ૨૬ સીટ લાવ્યા. સરકાર ૨૦૧૭માં પણ બની ખેડૂતોએ ભારતીય જનતા પાર્ટી ઉપર પૂરેપૂરો ભરોસો મૂકયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના વડાપ્રધાન દીર્ઘદ્રષ્ટા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આઝાદી પછી કદાચ સૌથી મોટી ખેડૂતો માટેની ચિંતા કરીને, ખૂબ મોટું માનવતાનું કામ કરીને, પ્રધાનમંત્રી કિસાન નિધિ એકે એક ખેડૂતોને ફાયદો થાય એ માટે યોજના લાવીને મારે ગર્વ સાથે કહેવું પડે કે આ ગુજરાતના ૨૮ લાખ ખેડૂતોને તેનો લાભ મળી ચૂકયો છે અને આવનારા દિવસોમાં તેના કરતા વધારે ખેડૂતોને લાભ મળવાનો છે. આ જે દેવાની રકમ ભરતા હતા તે લોકોના શાસનમાં પણ મને પૂરેપૂરો ખ્યાલ છે ૧૮ ટકા વ્યાજ લેવાતું હતું. આ સરકારે ઝીરો ટકાએ ટૂંકી મુદ્દતની લોન આપવાનું કામ કર્યું છે. અમે ખાલી ટૂંકી મુદ્દતની લોન આપીને ભલું નથી કરી દેતાં તેને અનેક રીતે મદદ કરીએ છીએ. પાક ધિરાણની લોન આપવાની સાથે સાથે પાણીની પણ વ્યવસ્થા કરીએ છીએ. મારે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે આ સરકાર કોઇ ઉદ્યોગપતિને જ માનતી હોય એવું નથી. આ ખેડૂત માટેની સરકાર છે. ખેડૂત અને પીવાના પાણી માટેની ચિંતા અમે પહેલાં કરીએ છીએ અને ત્રીજા ક્રમમાં આવે છે અમારો ઉદ્યોગપતિ. શ્રી નીતિનભાઇને મારે અભિનંદન આપવા છે કે ઉકાઇ ડેમમાં ખૂબ મોટો અમારો દક્ષિણ ગુજરાતનો વિસ્તાર છે. ઉકાઇ ડેમની અંદર જે પાણી છે અમે એમાં ખેડૂતોને ૨૦ હજાર ૨૭ એમસીએમ આપીએ છીએ. ઉદ્યોગપતિઓને કેટલા આપીએ ૧૫૨ એમસીએમ. ખેડૂતોમાંથી પીયાવો કેટલો આવ્યો! ૭૪૩ લાખ અને ખાલી ૧૫૨ એમસીએમમાં ઉદ્યોગપતિએ આ સરકારને કેટલું બિલ ચૂકવ્યું ૫૦ હજાર ૮૮૮ લાખ રૂપિયા. તમને એના ઉપરથી એક ઉદાહરણ આપું છું કે ખેડૂતો માટે આ સરકાર કેટલી સંવેદનશીલ છે. ખાલી વાતો કરીને ખેડૂતોને લોભામણાં વચનો આપીને મત લેવા હતા. મારે દુઃખ સાથે કહેવું પડે છે જ્યારે પ્રધાનમંત્રી કિસાન નિધિના ફોર્મ ભરાતાં હતા. અમારા આદિવાસી પટ્ટાની અંદર વલસાડ હોય, નવસારી હોય, સુરત હોય, તાપી હોય પૂરા પટ્ટાની અંદર ભારત માલાનો રોડ જશે તમારા દોઢસો કિલોમીટર સુધી ખાલી કરશે કોઇ ફોર્મ ભરતાં નહીં એમ કરીને અમારા આદિવાસી ખેડૂતોને આ યોજનાથી વંચિત રાખવાનું કામ આ લોકોએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં હું અગાઉ પણ કહી ગયો છું કોઇ રસ્તો બને એ કોઇ સારી દ્રષ્ટિથી, સારા વિઝનથી સારો ગુજરાતનો તે આદિવાસી પટ્ટો હોય કે અન્ય પટ્ટો હોય પણ તેના વિકાસને ધ્યાનમાં રાખીને આપણે સારા રોડ બનાવતાં હોઇએ છીએ. મારે આજે શ્રી નીતિનભાઇ સાહેબને અભિનંદન આપવા છે કે જો રોડનું માળખું સારું નહીં આપીએ તો

પણ ખેડૂતોને નુકસાન થાય છે. વાત તો ઘણી કહી શકાય એવી છે પરંતુ અનેક પ્રકારની આપણે ખેડૂતોને જે સરકારની અનેક યોજનાઓ દ્વારા આપણે ખેડૂતોને પ્રોત્સાહિત કરીએ છીએ, ખેડૂતોને મદદ કરીએ છીએ અને એટલા માટે શ્રી હર્ષદભાઇ જે દેવા નાબૂદીનું બિલ લઇને આવ્યા છે. હું શ્રી હર્ષદભાઇને વિનંતી કરું તમારી લાગણી અમારી લાગણી સાચી હોઇ શકે પણ દેવું માફ કરવું એ વિકલ્પ નથી પણ ખેડૂતોને કેવી રીતે મદદ કરી શકાય, તે આર્થિક રીતે કેવી રીતે ઊભો થાય એ કેવી રીતે પ્રગતિ કરી શકે એ મહત્વનું છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી હર્ષદભાઇ ખેડૂતો માટે જે દેવા માફીનું બિલ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું ઊભો થયો છું. ખેડૂતો દેવાદાર શા માટે બન્યા? ૨૪-૨૪ વર્ષની આપની સરકાર પછી પણ ખેડૂતો દેવાદાર રહ્યા એ આપણા સૌ માટે શરમજનક વાત છે એવું નથી લાગતું! આપણી નીતિ કંઇક એવી છે. આપણી આયાત-નિકાસ નીતિ એવી હોવી જોઇએ કે જેનાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે. ૨૦૧૪ના આંકડા યાદ કરો. મગફળીના ૧૨૦૦ રૂપિયા મળતા હતા. કપાસના ૧૪૦૦ રૂપિયા મળતા હતા. કેન્દ્રની યુ.પી.એ. સરકારની આ સિદ્ધિઓ હતી. ૧૦૦-૧૦૦ ટકા મગફળી ૧૨૦૦ રૂપિયામાં જતી હતી. જ્યારે તમે ટેકાના ભાવે ખરીદી કરો છો એ ૨૦ ટકા મગફળી ૯૦૦ રૂપિયામાં અને બાકીની મગફળી ૭૦૦ રૂપિયામાં જતી હતી. એમાં ખેડૂતો દેવાદાર ન થાય તો શું થાય? મારા મિત્રએ હમણાં વાત કરી કે ખેડૂતોની ચિંતા કરતી આ સરકાર છે. એ સરકારને હું ગૃહમાં પૂછું છું કે ૨૪ વર્ષમાં આખા ગુજરાતમાં ક્યાંય એક પણ ડેમ બનાવ્યો છે? ખેડૂત કેવી રીતે સુખી થાય, સમૃદ્ધ થાય? ૭૨,૦૦૦ કરોડ રૂપિયાનું દેવું યુ.પી.એ.ની સરકારે કેન્દ્રમાં માફ કર્યું હતું. આજે એના આંકડા મેળવો, એની બજાર કિંમત નક્કી કરો તો ૩ લાખ કરોડ રૂપિયા જેવી રકમ થાય. મિત્રોએ વાત કરી કે પાછા દેવાદાર બની ગયા. એના માટે ક્યાંકને ક્યાંક આપણે જવાબદાર છીએ. ખેડૂતોને મજૂરી મળતી નથી. ખેડૂતોના ખેતરની અંદર એની દીકરી હોય, એનો દીકરો હોય કે એની પત્ની હોય એ સવારના છ વાગ્યાથી ઉઠીને રાતના ૧૨ વાગ્યા સુધી મજૂરી કરે છે ત્યારે એના ભાગમાં સવા સો રૂપિયાનું મહેનતાણું આવે છે. ખેડૂત ખાનદાન છે કે પોતાની માં, બહેન, દીકરી કોઇને ત્યાં મજૂરી કરવા ન જાય એટલે કરોડોની જમીનો રાખીને પોતાની વાડીમાં સવા સો રૂપિયામાં મજૂરી કરે છે. આ ખેડૂતોની હાલત છે. જ્યાં સુધી આપણે ખેડૂતોને પોષણક્ષમ ભાવો નહિ આપીએ, ખેડૂતોને જ્યાં સુધી આપણે સારું ખાતર નહિ આપીએ, ખાતરમાં એને સબસિડી નહિ આપીએ, ખેત પેદાશો અને ઓજારોમાં કેટલો જી.એસ.ટી. થાય છે? આ બધાંનો હિસાબ કરીને જો એમને વળતરરૂપે પાછું નહિ આપીએ તો ખેડૂત ક્યારેય પગભર નહિ થાય. ખેડૂતના ઘરમાં રૂપિયો આવશે તો જ બજારમાં રૂપિયો આવશે. વીજળીમાં એમને રાહત આપવામાં આવે છે? એમને સારું બિયારણ આપવામાં આવે છે? એમને ડુપ્લિકેટ બિયારણ આપવામાં આવે છે. એમાં હું સરકારને દોષિત નથી માનતો. ભૂમાફિયાઓ આવું ડુપ્લિકેટ બિયારણ આપે છે. એમના ઉપર સખત પગલાં લેવામાં આવે છે. મારા દેવભૂમિ-દ્વારકા અને જામનગરની હું વાત કરું તો ૮૦ ટકા વિસ્તારની અંદર આજની તારીખે વાવેતર નથી થયું. સાની ડેમ કૉંગ્રેસે ૩૦ વર્ષ પહેલાં બનાવ્યો હતો. જાન્યુઆરીમાં એ ડેમ તોડી નાખવાનો છે. પીવાના પાણીની સૌથી ખરાબ હાલત આખા ગુજરાતમાં જો કોઇની થવાની હોય તો એ દેવભૂમિ દ્વારકાની થવાની છે. કારણ કે, એક જ ડેમ આધારિત પીવાનું પાણી મળે છે અને એ પણ જાન્યુઆરીમાં તૂટી જશે. આજે આપણે જે ૧૮૨ જણા બેઠા છીએ જે શારીરિક રીતે સક્ષમ છીએ એ આ ખેડૂતોએ પકાવેલ અનાજ ખાઇને આપણે બધાં સક્ષમ થયા છીએ. આજે ખેડૂતોનું ઋણ ચૂકતે કરવાનો અવસર છે. ખેડૂતોએ જીવનમાં પહેલીવાર તમારી પાસે કંઇક માગ્યું છે અને જો એ આપણે એને નહિ આપી શકીએ તો એમાં ચોક્કસ આપણી ક્યાંકને ક્યાંક લાચારી હશે. એક વાત હું આનાથી ઉપર જઇને કહીશ કે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એટલા માટે હતો કે દેશના રમતવીરોનું ક્યાંક અપમાન થયું છે. શ્રી હર્ષભાઇ બોલ્યા. માનનીય ધારાસભ્યશ્રી બહુ અનુભવી છે. પરમ દિવસે ક્રિકેટની ટી-શર્ટ પહેરીને પણ આવ્યા હતા. જામનગરની અંદર આજે પણ સલીમ દુરાની જીવે છે. વિનુ માંકડ છે, સ્વર્ગસ્થ કરસન ઘાવડી છે. કૉંગ્રેસના રાજની અંદર આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ મળ્યા છે. આપ જેવા સારા સભ્યો એમનું અપમાન ન કરો તો સારું. ગુજરાતે નથી આપ્યું એવું ક્યારેય ન કહેતા. કૉંગ્રેસનું રાજ હોય કે ભારતીય જનતા પાર્ટીનું હોય ખેલાડી એ ખેલાડી છે. હું પણ એક સ્પોર્ટસમેન રહ્યો છું. ખેલાડી બધાના રાજની અંદર હોય છે. ખેલાડી એની ક્ષમતાથી હોય છે એટલા માટે આપણે સૌ ગુજરાતના ખેલાડીઓનું સન્માન કરીએ. રવિન્દ્ર જાડેજા મારા પોતાના ખાસ મિત્ર છે. કાલની એમની રમત પણ સારી હતી. કાલની એમની રમત પણ સારી હતી એમને બિરદાવું છું. હું ફરીથી કહું છું કે ખેડૂતોના દેવા માફ થવા જોઇએ એ થશે તો મને આનંદ થશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય પુંજાભાઇ, આ સભાગૃહ નિયમોથી ચાલે છે. આ પ્રસ્તાવ છે એને ૩૯ મિનિટ ફાળવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી પરવાનગી આપે તો તમારા બધાની પોલ ખોલી નાખીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મુખ્ય દંડકશ્રીને વિનંતી છે. માનનીય નીતિનભાઇ આપનો જવાબ પૂરો થશે ત્યાં સુધી અમે અહીંયાં બેસવાના જ છીએ. આ કૃષિ ઋષિનું રાજ્ય છે, આજે જગતનો તાત જીવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. ૨૦૦૮થી ૨૦૧૯ એમ ૧૧ વર્ષમાં કૃષિ જણશ ઉપર ૫૫ હજાર કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું નથી.

ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક, ૨૦૧૮

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ આપનો સમય પૂરો થાય છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇ, આપને બોલવાનો હક્ક હતો. તમારા પક્ષ તરફથી તમે બોલ્યા હોત અને શ્રી વિક્રમભાઇને ન બોલવા દીધા હોત તો અમને વાંધો નહોતો. આ સમય મર્યાદાવાળું બિલ છે.

માનનીય હર્ષદભાઇ, આજે ખાનગી વિધેયક ખેડૂતોના દેવા નાબૂદ કરવા માટેનું લઇને આવ્યા છે એના ઉપર અમારા સભ્યશ્રી નરેશભાઇ અને માનનીય સભ્યશ્રી વિક્રમભાઇ માડમે પોતાના વિચારો સભાગૃહ સમક્ષ વ્યકત કર્યા છે. હું સમજુ છું કે આ વિષય બધાની ચિંતાનો અને મનની લાગણીઓનો છે, ખેડૂતોવતી પડઘો પાડવાનો છે. બિલની ચર્ચા ઉપર સમય વધારવાની વાત કરી પણ આપણે નિયમોથી બંધાયેલા છીએ. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય પુંજાભાઇ, તમારે બોલવાની જરૂર નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય વિક્રમભાઇને બોલવા દીધા એના બદલે તમારે બોલવું હતુને? પરંતુ ગયા વખતે શ્રી વિક્રમભાઇ જતા રહ્યા હતા એટલે એમને તમારે સમય આપવો પડ્યો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ, ખેડૂતોને રૂ.૫૦ હજાર કરોડ દઇને એનું દેવું માફ કરી દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું આ તકે માનનીય વિક્રમભાઇ માડમનો આભાર માનું છું કારણ કે એમણે ખૂબ સુંદર વાત કરી જે આપણે બધાએ સમજવી જરૂરી છે. અહીંયાં સભ્યશ્રી નરેશભાઇએ વાત કરી કે યુપીએની સરકારે રૂ.૭૨ હજાર કરોડનું દેવું માફ કર્યું હતું એ પછી માનનીય સભ્યશ્રી વિક્રમભાઇએ વાત કરી કે તેમ છતાં કિસાન, ખેડૂત છે એ દેવાદાર છે તેવું એમનું કહેવું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા સભ્યશ્રીની વાત કરું તો એમ કહે કે અમારા સભ્યની વાત કરતા નથી. એટલે હું શ્રી નરેશભાઇની વાત કરતો નથી. એમનું માન રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે બહુ સાચું કહ્યું, ખેડૂતને શું જોઇએ. ખેડૂતને જે જોઇએ તે સમયસર પૂરતું ના મળે તો ખેડૂતની આવકમાં ઘટાડો થાય. કૃષિ ઉત્પાદનમાં ઘટાડો થાય. એનું એમણે સુંદર રીતે વર્ણન કર્યું છે એટલે રિપીટ નહીં કરું, ફરી નહીં કહું, પુનરાવર્તન નહીં કરું. એ બધું આપવાનું. યુપીએ સરકારે જે દેવું માફ કર્યું હતું તે પછી પણ યુપીએ સરકાર ચાલી. આ દેવા માફ કર્યા પછી એને આનુષાંગિક જે કાર્યવાહી કરવાની હતી અને એ ન કરી એટલે ફરીથી શ્રી નરેશભાઇ અને શ્રી વિક્રમભાઇએ કહ્યું એવા પ્રશ્નો ઊભા થયા.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં શ્રી હર્ષદભાઇ અને બધાને કહું કે જે લોકો દેવું દેવું કરે છે એ આ શબ્દ હારી ગયેલા નેતાઓ અને પક્ષ છોડવાની અને અધ્યક્ષપદ છોડવાની લત લઇને બેઠા છે એવા બધા કરે છે, એમની પેલી પીન ચોંટી ગઇ છે. પહેલાંના જમાનામાં રેકર્ડ પર જેમ પીન ચોંટી જાય અને એનું એજ બોલ બોલ કરે, એવી રીતે એવા લોકોની પીન કેમ ચોંટી ગઇ? માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી રીતે નહીં બહુ તટસ્થતાથી કહીશ. પહેલાં તો ધિરાણ શું અને દેવું શું, એનું તમે શ્રી પરેશભાઇ, અર્થઘટન સમજો. શ્રી હર્ષદભાઇએ કોઇ બ્યુરોના સરકારી સંસ્થાના આંકડા આપ્યા એ મારે સ્વીકાર્ય છે, એમાં હું પડતો નથી. આપણે બધા જ જાહેર જીવનના વ્યકિતઓ છીએ. ત્રણ ત્રણ લાખ લોકોના પ્રતિનિધિઓ છીએ. ધિરાણ અને દેવું એ બન્નેની વચ્ચેનો ફરક આપણને ખબર પડવી જોઇએ. ભારતના મોટામાં મોટા ઉદ્યોગપતિ મુકેશભાઇ અંબાણી હોય, ગોદરજ, ટાટા કે બિરલા હોય અને દુનિયાની મોટામાં મોટી મહા સત્તા અમેરિકા કે આપણો ભારત દેશ હોય કે પછી દુનિયાના દેશો હોય એ દુનિયાની આર્થિક વ્યવસ્થા પ્રમાણે એ લોન લેતા હોય છે. કોઇ વર્લ્ડ બેંકમાંથી લોન લે, કોઇ ઇન્ટરનેશનલ મોનેટરીંગ ફંડમાંથી લે, કોઇ જાપાનની જાયકા પાસેથી લોન લે, અગાઉ આપણે ફિનલેન્ડ અને ડેન્માર્ક પાસે એ વખતે કોંગ્રેસની ગુજરાત સરકાર જતી હતી અને અમારી સરકાર હતી એ વખતે શ્રી અશોકભાઇ ભટ્ટ નવા આરોગ્ય મંત્રી બન્યા ત્યારે આરોગ્યના મશીનો ખરીદવા એમ.આર.આઇ., સીટી સ્કેન એ વખતે જે હતા તે ખરીદવા માટે લોન લેવી પડતી હતી. એ વખતે લોન લીધી હતી. લોન એટલે ધિરાણ. માનનીય અધ્યક્ષશ્રી, દેવું એ જુદો શબ્દ છે. અહીં બેઠેલા ૯૯ ટકા લોકોએ મકાન માટે, મોટર માટે કે પછી ફલેટ માટે ધિરાણ– લોન લીધી હશે. નાનામાં નાના સ્કૂટર ખરીદવાથી માંડી દરેક વસ્તુ ખરીદવા માટે લોન લેવાની અત્યારે પદ્ધતિ હોય છે. એ એટલા માટે છે કે રિઝર્વ બેંક, ભારત સરકાર પણ એને પ્રોત્સાહન આપે છે અને લોન પર તમે જે વ્યાજ ભર્યું હોય એ ઇન્કમટેક્ષમાં તમને મજરે મળે છે. હમણાં જ અમારી ભારતની કેન્દ્ર સરકારનું બજેટ શ્રીમતી નિર્મલાજીએ રજૂ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇનું લક્ષ છે કે ૨૦૨૨ સુધીમાં દેશમાં કોઇ વ્યકતિ પોતાના ઘર વગરનો બાકી ન રહે. તો સરકાર મદદ કરે છે અને સબસિડી આપે, બાકીની લોન લે, બેંકોને પણ સૂચના આપી દીધી છે કે જે વ્યકતિ પોતાનું ઘર બનાવવા માગતો હોય કે ખરીદવા માગતો હોય તેને છૂટા હાથે ધિરાણ આપો. કારણ કે એ મકાન મોર્ગેજ કરે છે, તમે મોટર લેવા જાઓ તમને તરત ધિરાણ મળશે, તમે ટ્રેકટર લેવા જાઓ તમને તરત ધિરાણ મળશે. કારણ કે એ મોર્ગેજ થયેલી વસ્તુ છે એટલે એના માટે કોઇ ચિંતા નથી. આ લોન લીધા પછી કદાચ કોઇ કારણસર પાછા ન ભરી શકે અને પાછા ન ભરે અને એન.પી.એ થાય કે દેવાદાર થાય, એને દેવું કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો મારી કોંગ્રેસના મિત્રોને વિનંતી છે કે, ગુજરાતના ખેડૂતોને ભારતની અંદર દેવાદાર છે, દેવાદાર છે, દેવાદાર છે એમ કરીને બદનામ કરવાનું મહેરબાની કરીને બંધ કરે. શ્રી પુંજાભાઇ, સાંભળો, શીખવાનું કહું છું.

શીખવા મળશે. હકીકતના જ આંકડા આપું છું. હું મારા ઘરની વાત નથી કરતો. સાંભળો, હું લેટેસ્ટ આંકડા આપું છું. ગુજરાતની અંદર ૨૦૧૪-૧૫માં ખેડૂતોએ જે ધિરાણ લીધું તેના ૮૯.૬૦ ટકા એક વર્ષની અંદર એટલે કે પાકતી મુદતમાં ખેડૂતોએ બેંકોને પરત કરી દીધું. ૨૦૧૫-૧૬માં જે ધિરાણ લીધું તે ૯૫.૮૭ ટકા ખેડૂતોએ લીધેલી લોન એ પોતે શરાફી અને પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે પાછું જમા કરાવી દીધું. ૨૦૧૬-૧૭માં ૯૫.૪૬ ટકા ખેડૂતોએ ધિરાણ પાછું જમા કરાવી દીધું. ૨૦૧૭-૧૮માં ૯૪.૬૧ ટકા ખેડૂતોએ લીધેલી લોન સમયસર પરત ચૂકવી દીધી. ૨૦૧૮-૧૯માં ૯૫.૭૦ ટકા ખેડૂતોએ જે લોન લીધી હતી તે બેંકોમાં પરત જમા કરાવી દીધી. આવા પ્રમાણિક, આવા મહેનતુ, આવા સચ્ચાઇ વાળા, આવા નિષ્ઠાવાન ખેડૂતોને તમે કેવી રીતે દેવાદાર દેવાદાર કહી અને એને બદનામ કરો છો તેનો તમે ખુલાસો કરો. તમારી પાસે મારે શીખવાનું નથી, તમારી પાસે મારે શીખવાનું નથી. મારી વાત સાંભળો, અહીં તમારે ત્યાં પણ સહકારી બેંકો સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ છે. ગુજરાતમાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, શીખવું હોય તો સાંભળો, નહીંતર બહાર જાઓ, બહાર બેસીને ચા પીઓ, જાઓ, બાકી તમારી રેકર્ડ, (અંતરાય) કાકા, શાંતિ રાખો, કાકા, હવે બોલશો નહીં. હા હા નવા જૂની કરે, એ બધું નવા જૂની કરવાની પદ્ધતિ છે. પહેલા ભરવા પડે, ભર્યા પછી નવી થાય. જૂના ભરવા પડે. એ તો બધાય નવા જૂની કરે, તમેય નવા જૂની કરો છો, નવીચે કરો છો અને જૂનીચે રાખો છો. બધુંય કરો છો. આ લોન છે લોન, લોન જૂની ભરો અને નવી મળે, (અંતરાય) બધા મહેરબાની કરીને સાંભળો, ગુજરાતના ખેડૂતો લગભગ દર વર્ષે ટૂંકી મુદતનું રૂ.૪૫ થી રૂ.૪૬ હજાર કરોડનું ધિરાણ લે છે. (અંતરાય) આમેય તમે ચુંટણી પહેલાંય આ ચલાવ્યું હતું. મધ્યપ્રદેશમાં ચલાવ્યું હતું, રાજસ્થાનમાંય ચલાવ્યું હતું. રાજસ્થાનમાં ઝીરો થઇ ગયા, મધ્યપ્રદેશમાં ઝીરો થઇ ગયા, મધ્યપ્રદેશમાં વચન આપ્યું હતું કે અમે ખેડૂતોના દેવા માફ કરીશું, તમારી સરકાર ત્યાં નિષ્ફળ ગઇ, ખેડૂતોની માફી માગવી પડી, કોઇ રીતે તમે સફળ થયા નથી. નિષ્ફળ, નિષ્ફળ કોંગ્રેસ આજે પણ નિષ્ફળ જવાની છે. તમે નિષ્ફળ લોકો છો, શું કરવા આવા ખોટા મુદ્દા ઉભા કરો છો. આ તો અમારા સભ્યોને રસ છે, એટલે હું આ જવાબ આપું છું તમારા એકલા માટે જવાબ નથી આપતો. અમારા ભાજપના સભ્યશ્રીઓને કહું છું આ અમારા શ્રી અરૂણસિંહ રણા, ભરૂચ જિલ્લા બેંકના ચેરમેન છે, અમારા શ્રી શંકરભાઇ ચૌધરી બનાસકાંઠા બેંકના ચેરમેન છે, શ્રી જેઠાભાઇ અમારા એ પંચમહાલ બેંકના ચેરમેન છે. અમારી પાસે આ બધા ખેડૂત આગેવાનો છે, તમારી પાસે કશું નથી. પ્રજાએ તમને નવરા કરી દીધા છે. હવે આવું સાંભળવું છે કે ખરેખર સાચું સાંભળવું છે, નક્કી કરી લો. તમારે રાજકીય સાંભળવું છે કે હકીકત સાંભળવી છે. રાજકીય સાંભળવું હોય તોચે હું જવાબ આપવા તૈયાર છું. સાચું સાંભળવું હોય તો ધીરજથી સાંભળો. ગુજરાતમાં ખેડૂતો અંદાજે રૂ.૪૫,૦૦૦ કરોડ ધિરાણ મેળવે છે. દર વર્ષે વધ-ઘટ થયા કરે. એ પ્રમાણે ખેડૂતો સહકારી બેંકો અને રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી ધિરાણ મેળવે છે અને મોટા ભાગના ૯૦-૯૫ ટકા કરતા વધુ ખેડૂતો સમયસર ધિરાણ પાછું ભરી દે છે. શ્રી વિક્રમભાઇને હું ફરી યાદ કરું. શ્રી વિક્રમભાઇ, તમે મારી સામે જોજો જરા. ફરીથી હું શ્રી વિક્રમભાઇને યાદ કરું. ખેડૂતો લોન ભરવામાં કેમ પાછા પડતા હતા? તમારી કોંગ્રેસની ખેડૂત વિરોધી, પાપી સરકારે ૧૮-૧૮ ટકા વ્યાજ ખેડૂતો પાસે લીધું હતું. (અંતરાય) સાહેબ, ૧૮ ટકા વ્યાજ. હવે ઊભા થઇ જાવ. ઊભા થાવ બધા. (સતત અંતરાય) ૧૮ ટકા વ્યાજ લેતા હતા. સાહેબ, *(xxx)

સભાપતિશ્રી : ઓર્ડર, ઓર્ડર પ્લીઝ. પ્લીઝ, આપ બેસો. (સતત અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નિર્દોષ, ગરીબ ખેડૂતો પાસેથી આ *(xxx)૧૮ ટકા વ્યાજ લીધેલું.

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ તરફથી સભાગૃહમાં બેનર બતાવવામાં આવ્યા.)

સભાપતિશ્રી : આપ બેસો પ્લીઝ. પ્લીઝ, આપ બેસો. આ રીતે પ્રદર્શન ન કરો. પોસ્ટરોથી પ્રદર્શન ન કરો. નૌશાદભાઇ, બેસો પ્લીઝ. (સતત અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભાજપ સરકારે ૧૮ ટકાનું ઝીરો ટકા વ્યાજ કર્યું.

સભાપતિશ્રી : આપ બેસો. ગેનીબેન, આપ પોસ્ટરથી દેખાવ ન કરી શકો. વિધાનસભાના નિયમો વિરુદ્ધ આપ ન કરો. પ્લીઝ, આપ બેસો. આપ સાંભળો. પ્લીઝ, આપ બેસો. (સતત અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણો સમય લંબાવવો પડશે. હું બેસું છું. મને હાઉસ ઓર્ડરમાં કરી આપો.

સભાપતિશ્રી : પ્લીઝ, આપ બેસો. પરેશભાઇ, બોલો. આપ સૌ બેસો. આપના નેતા બોલે છે. (સતત અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ગૃહના ઉપનેતા, નાણામંત્રીશ્રી જવાબ દરમ્યાન બોલ્યા કે આ *(xxx)છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે ખેડૂતોના હત્યારા નથી. શ્રી નીતિનભાઇ, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોના..

સભાપતિશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર કહો. (અંતરાય) શ્રી પરેશભાઇ, આપ બેસો. માનનીય નીતિનભાઇ, આપનું પ્રવચન ચાલુ કરો. શ્રી પરેશભાઇ, આપને મેં તક આપી. આપ પ્લીઝ, બેસો.

શ્રી પરેશ ધાનાણી : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પૂરું થઇ ગયું. તમે કહી દીધું જે કહેવાનું હતું તે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક, ૨૦૧૮

શ્રી પરેશ ધાનાણી : માનનીય મંત્રીશ્રી પક્ષના આગેવાન હોવા છતાં તર્ક વિહોણા આરોપો કરી કોઇને *(xxx) કહેવું, *(xxx) કહેવું એ અસંસદીય છે. શ્રી નીતિનભાઇ, તમારી વિનંતી સ્વીકારીને એક કલાક સમય વધારીએ. તમે એક કલાક ગુજરાતના ખેડૂતો ઉપર ચર્ચા કરો અને અમારા સવાલોના જવાબ આપો. અમે સંમત છીએ. શ્રી નીતિનભાઇએ કહ્યું કે સમય વધારો. વિરોધપક્ષના નેતા તરીકે જગતના તાતના હિતમાં એક કલાક નહીં આખી રાત અમે બેસવા તૈયાર છીએ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પહેલા આ કાગળીયા ખિસ્સામાં મૂકી દો. (સતત અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : આખી રાત ખેડૂતોના હિતમાં અમે ચર્ચા કરવા બેઠાં છીએ.

સભાપતિશ્રી : આપ બેસો. માનનીય નીતિનભાઇ, આપનું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય) પોસ્ટરો ન બતાવો. આપ બેસો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇ યુવાન ધારાસભ્ય છે. (અંતરાય) શોષિત શબ્દ છે, પીડિત–શોષિત સરકારી શબ્દ છે. આપણે હજારવાર બોલ્યા છીએ. શોષણખોર., સરકારના રેકર્ડ ઉપર શબ્દ છે જ. (અંતરાય) નહીં નહીં.

સભાપતિશ્રી : આપ બેસો. શ્રી નીતિનભાઇ, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇ યુવાન છે. નવા ધારાસભ્ય છે. એટલે તેમને કદાચ ખબર નહીં હોય. (અંતરાય) ત્રીજી ટર્મ. (સતત અંતરાય) હું નમ્રતાથી બોલું, ચાલો. હું નમ્રતાપૂર્વક માનનીય પરેશભાઇને યાદ અપાવું કે આ કોંગ્રેસની સરકારે ખેડૂતો ઉપર ગોળીબાર કર્યા હતા અને ૧૮ ખેડૂતોને ગોળીએ માર્યા હતા એ તમારી સરકાર હતી. આટલું જ યાદ અપાવું છું. શ્રી પ્રતાપભાઇ, તમારો તો એ વખતે કદાચ જન્મ પણ થયો નહીં હોય એટલે તમને ખબર નહીં હોય. આ નવા લોકોને ખબર નહીં હોય. કોંગ્રેસની સરકારે ખેડૂતો ઉપર ગાંધીનગરમાં, સાબરકાંઠામાં, મહેસાણામાં અત્યાચાર કર્યા હતા. ગોળીબાર કર્યા હતા. ૧૮ ખેડૂતોને શહીદ કર્યા હતા. *(xxx)છે. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આપનું પ્રવચન પૂરું થાય છે. સમય પૂરો થાય છે અને માનનીય હર્ષદભાઇ, પ્રભારી સભ્યશ્રી હર્ષદભાઇ.. (અંતરાય) આપ એમને સાંભળો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં ખેડૂતોવતી આ બિલ મૂકયું હતું એમાં શ્રી નરેશભાઇએ એમના વિચારો રજૂ કર્યા. શ્રી નરેશભાઇએ એવા વિચાર રજૂ કર્યા કે અમારી સરકાર ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન..

સભાપતિશ્રી : આપ એક મિનિટમાં પૂરું કરો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : ખેડૂતો માટે ડ્રીપ ઈરીગેશન, નેટ હાઉસ, ગ્રીન હાઉસ કરીએ છીએ...

સભાપતિશ્રી : સમય પૂરો થઇ ગયો છે. (અંતરાય)

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : ખેડૂતોને જે ગ્રીન હાઉસ હોય, નેટ હાઉસ હોય કે ડ્રીપ ઈરીગેશન હોય, શ્રી નરેશભાઇ તમે મારી સાથે આવો, હું તમને ખુલ્લું બતાવું કે ખેડૂતોને જે સબસિડીયુકત તમે આપો છો એ જ ભાવે બજારમાં મળે છે. (અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પાછું ખેંચવા માગો છો કે નહીં એટલું જ હોય.

સભાપતિશ્રી : માનનીય હર્ષદભાઇ, આપ પાછું ખેંચવા માગો છો? (અંતરાય) આપ બેસો.. આપ બેસો.. આપ અંદર–અંદર ફાઇટ ના કરો. હું સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૮નું ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક મત માટે મૂકું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : હું આ બિલ પાછું ખેંચતો નથી અને ડિવિઝન માંગું છું. જે સભ્યશ્રીએ આ બિલને સમર્થન આપવું હોય તે એમનો હાથ ઊંચો કરી અને ખેડૂતના હિતમાં મત આપે.

**વિધેયક મત ઉપર મૂકવામાં આવ્યું અને નામંજૂર કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૩૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૯–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯

ટૂંકી મુદતનો પ્રશ્ન

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯**

**આષાઢ ૨૧, ૧૯૪૧ શાકે,**

**સભાગૃહ સવારના ૯–૩૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

ટૂંકી મુદતનો પ્રશ્ન

**રાજકોટ જિલ્લામાં નાના બાળકોમાં જવા મળેલ બ્રુસેલા તાવ**

૧૩ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજકોટ જિલ્લામાં પશુઓમાં થતો બ્રુસેલા તાવ નાના બાળકોમાં પણ જોવા મળેલ છે, તે હકીકત સાચી છે? | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આરોગ્ય વિભાગની ટીમે ક્યારે સ્થળ તપાસ કરી, અને | તા.૦૧.૦૭.૨૦૧૯ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ત્રાકુડા, તા., ગોંડલ, જિ.રાજકોટની ટીમ દ્વારા દર્દીના ગામ હડમતાળાની મુલાકાત લઇ તપાસ કરવામાં આવેલ.<br>તા.૦૪.૦૭.૦૨૦૧૯ના રોજ પી.ડી.યુ. મેડિકલ કોલેજ, રાજકોટના મેડિસિન, બાળરોગ નિષ્ણાત, પી.એસ.એમ. વિભાગના નિષ્ણાત અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની રેપીડ રિસ્પોન્સ ટીમે સ્થળ મુલાકાત કરી રોગની વિગતવાર તપાસ કરેલ છે. |
| (૩) નાના બાળકોમાં આ તાવની બિમારી ન ફેલાય તે માટે સરકારે શાં પગલાં લીધાં? | – મેડિકલ ઓફિસરશ્રી, પ્રા.આર.કે. ત્રાકુડા અને આરોગ્યની ટીમો દ્વારા હડમતાળા ગામની ૨૪૫૪ જેટલી વસ્તીમાં ઘરે ઘરે ફરી તાવ અને બ્રુસેલાના અન્ય લક્ષણો ધરાવતા કેસોનું સર્વેલન્સ કરવામાં આવેલ. જેમાં કોઇ નવો કેસ માલૂમ પડેલ નથી.<br>– દર્દીના કુટુંબના કુલ–૮ સભ્યોનું દરરોજ તાવ અને અન્ય લક્ષણો અંગે આગામી ૧૫ દિવસ સુધી ફોલોઅપ કરવામાં આવશે.<br>– આ રોગ પશુઓમાં થતો હોય છે. જે મોટેભાગે પશુઓના કાચા દૂધ કે આવા દૂધની બનાવટો આરોગવાથી થાય છે. આથી, ગામના પશુપાલન સાથે સંકળાયેલા લોકોની તા.૦૩.૦૭.૨૦૧૯ના રોજ શિબિર કરી આ રોગના અટકાવ માટે જરૂરી માર્ગદર્શન જેમ કે દૂધ ઉકાળીને પીવું, સ્વચ્છતા જાળવવી, પશુઓને રસી મૂકાવવી, પશુઓના માંસના સંપર્ક વખતે ગ્લોવ્ઝનો ઉપયોગ કરવો. તેમજ મોં ઉપર માસ્ક પહેરવું વગેરે જેવી સૂચનાઓ આપવામાં આવી.<br>– પશુપાલન વિભાગ દ્વારા હડમતાળા ગામમાં પશુઓમાં રસીકરણ કરી રોગ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.<br>– તા.૦૪.૦૭.૦૨૧૯ના રોજ અગ્ર સચિવશ્રી(જા.આ.) અને કમિશનરશ્રી (આ) દ્વારા આ રોગ અંગે રાજ્ય કક્ષાના અધિકારીઓ સાથે સમીક્ષા કરવામાં આવી.<br>– રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા ગામના આગેવાનો સાથે ચર્ચા કરતા તેઓને ગામમાં છેલ્લા ઘણા વર્ષથી આ પ્રકારના અન્ય કોઇ કેસ ન હોવાનું જણાવેલ.<br>– તા.૦૫.૦૭.૨૦૧૯ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી |

આષાઢ ૨૧, ૧૯૪૧ શાકે

## ટૂંકી મુદતનો પ્રશ્ન

રાજકોટ દ્વારા મિડિયાને બ્રીફ કરવામાં આવેલ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા સવાલના જવાબમાં જણાવ્યું છે કે, આ બ્રુસેલા તાવ છે એ મોટેભાગે પશુઓમાં જોવા મળતો હોય છે અને એના જુદા જુદા કારણો પણ આપ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ મારે જાણવું છે કે, આ ગામે અને આજુબાજુના વિસ્તારમાં પશુઓમાં પ્રથમ વખત આ બ્રુસેલાનો તાવ જોવા મળ્યો છે કે કેમ અને પશુઓની ચકાસણી દરમિયાન આ બનાવ બન્યા પહેલાં પશુઓની કોઇ ચકાસણી સ્થાનિક કક્ષાએ પશુપાલન વિભાગ દ્વારા કરવામાં આવી હતી કે અને જો હતી તો એવા કેટલા પશુઓની અંદર એનો ખ્યાલ આવ્યો અને આ પ્રકારની સ્થિતિ ભવિષ્યમાં નિર્માણ ન થાય એના માટે રાજ્ય સરકાર આગોતરું પ્લાન કરવા માટે શું વ્યવસ્થા કરી રહી છે અને આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર જે છે એ પરમેનન્ટ છે કે ચાર્જથી ચલાવવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અનેક જાતના રોગો એ આ પૃથ્વી ઉપર અસ્તિત્વ ધરાવે છે, ઘણા પાણીજન્ય રોગ હોય છે ઘણા હવાથી ફેલાતા રોગ હોય છે. ઘણા વ્યકિતને અડવાથી, ચેપ લાગવાથી થતાં રોગ હોય છે એ પ્રમાણે આ બ્રુસેલા રોગ પણ જવાબમાં આપ્યું છે અને માનનીય પુંજાભાઇએ પણ કહ્યું એ પ્રમાણે આ પશુઓથી ફેલાતો રોગ છે. પશુથી પણ સામાન્ય રીતે આ એવી રીતે ફેલાય છે કે કદાચ કોઇ પશુને આ બ્રુસેલા રોગની અસર થઇ હોય અને એનું દૂધ, ઉકાળ્યા વગર સીધેસીધું ઘણી જગ્યાએ એવું જોવા મળે છે કે, પશુને એટલે કે ભેંસને, બકરીને જેવી દોહે અને દોહ્યા પછી જે દૂધ મળે તે તરત જ ઘણા ગામડાઓમાં હજી ઘણી જગ્યાએ, જેને કાચું દૂધ આપણે કહી શકીએ એવું દૂધ બાળકોને પીવડાવવામાં આવે કે ઘરના લોકો પીવે છે અને જે પશુનું દૂધ પીધું હોય એ પશુ જો બ્રુસેલા રોગવાળું માલુમ પડે તો બાળકને કે વ્યકિતને આ રોગ લાગુ પડતો હોય છે. આ બનાવમાં પણ જે ત્રાકૂડા ગામ છે ગોંડલ તાલુકાનું એ ગામની હું દીકરીનું નામ નહિ આપું કારણકે દર્દીનું નામ જાહેર કરવું યોગ્ય નથી, એ દીકરીને એના ઘરે બકરીઓ, બકરા વિગેરે જે હતા એનું દૂધ તાજું પીવડાવ્યું, નાની દીકરી હતી એટલે અસર પણ તરત જ થાય, રોગ પ્રતિકારક શકિત સામાન્ય રીતે કુમળી વયના બાળકમાં મર્યાદિત હોય એટલે આ દીકરીને ઝીણો ઝીણો જેને કહીએ એવો તાવ આવવા માંડ્યો, એને ઓછો તાવ કહો, ઝીણો તાવ કહો, ગામડામાં આપણે સામાન્ય શબ્દ છે, થોડા દિવસ તાવ રહ્યો એટલે એમના પરિવારે એમના ખાનગી ડોકટરને બતાવ્યું, એણે પણ દીકરીની સારવાર કરી, દીકરીને હાથે પગે સોજા આવ્યા, દુખાવો થવા માંડ્યો સાંધાઓમાં દુખાવો થાય એવા ચિહ્નો થયાં. એટલે પેલા ડોકટરની સલાહથી ખાનગી પીડીયાટ્રીશીયનને પણ બતાવ્યું, એ ખાનગી ડોકટરે પણ આ બાળકીની સારવાર શરૂ કરી. આપણે બધા સોશિયલ મિડિયાનો ઘણો ઉપયોગ કરીએ છીએ. સારા કામમાં પણ સોશિયલ મિડિયાનો ઉપયોગ થાય, સારી માહિતીની આપ લે માટે પણ સોશિયલ મિડિયાનો ઉપયોગ થાય એમ આ ડોકટર જે હતા. તેમણે એમના સોશિયલ મિડિયાના ગ્રૃપની અંદર આખા કેસનું વર્ણન કર્યું નામ વગેરે સિવાય અને તેના લક્ષણોનું વર્ણન કર્યું એટલે સ્વાભાવિક તેમના ગ્રૃપમાં જે જોડાયેલા ડોકટરો હોય તે તેનો અભ્યાસ કરી શકે, કોઇ ચર્ચા કરી શકે, એક બીજાના મંતવ્ય આપી શકે આ સોશિયલ મિડિયાનો સદ્‌ઉપયોગ. અમારા અધિકારી ડોકટર તે પણ આ ડોકટરોના સોશિયલ મીડિયાના ગૃપમાં જોડાયેલા હતા એટલે એમના ધ્યાન ઉપર આખો કિસ્સો આવ્યો અને આ રીતનું છે તો તપાસ કરીને તરતજ સરકારી ડોકટરોને, પીએચસીના ડોકટરને તે ઘરે મુલાકાત લેવા માટે મોકલ્યા. આખા કેસની હકીકત જાણી, તેની સારવાર શરૂ કરવામાં આવી અને પછી બકરાની પણ તપાસ કરી. તો બકરામાં પણ આ રોગ ઘૂસેલો હતો એટલે આના કારણે આ ફેલાવો થયો. એટલે એ પણ સારવાર શરૂ થઇ, બાળકીની પણ સારવાર શરૂ થઇ અને આજે એ બાળકી તે તંદુરસ્ત થઇ ગઇ છે, રોગમુક્ત થઇ ગઇ છે તેનો આપણને આનંદ છે. પણ જો જાગૃતતા હોય, માહિતી સમયસર મળે તો બધાજ રોગોને શકય તેટલા આપણે નિયંત્રણમાં લઇ શકીએ છીએ અને વ્યકિતઓના જીવન આપણે બચાવી શકીએ છીએ. પશુ દ્વારા થતાં બીજા પણ રોગ છે. દા.ત. સુરત જિલ્લામાં કે અન્ય જિલ્લાઓમાં કે જયાં પશુઓને થતાં રોગ હોય અને તેના કારણે પશુપાલક કે ખેડૂત જો તેની જોડે સતત રહેતાં હોય તો એની પણ અસર થતી હોય છે. એટલે પશુઓને જયાં રાખીએ તેની ગમાણ હોય કે જે પણ આપણે કહેતાં હોઇએ તેને જો ચોખ્ખું રાખીએ, તેનું છાણ વગેરે સમયસર સાફ કરીએ અને ખાસ કરીને એનું જે મૂત્ર છે તેમાં હેરફેર થાય, પશુપાલક તેના બાળકો ત્યાં આગળથી અવર–જવર કરે તો પગે કાપા પડ્યા હોય કે પગે કોઇ રીતે ચેપ લાગ્યો હોય અને તેમાં જો આ પેશાબનો જંતુયુકત ચેપ લાગી જાય તો એ વ્યકિતને પણ બીજા રોગો થાય છે બ્રુસેલાની વાત નથી કરતો પણ બીજા કોઇ પણ પશુજન્ય રોગ થઇ શકે છે. એટલે જેટલી સ્વચ્છતા રાખીએ એટલા બિમાર ઓછા પડ્યા છે. મારે ભાર મૂકવાનું કારણ એ છે કે જેટલી પશુપાલકને ત્યાં સ્વચ્છતા હોય, દૂધ ઉત્પાદકને ત્યાં ઘરમાં, વાસણોમાં, દૂધ ભરવાના સ્થળમાં સ્છચ્છતા હોય તો તેઓ આવા રોગોથી બચી શકે છે. તે માટે આપણે જન જાગૃતિ કરવી જોઇએ. વારંવાર આપણે જાહેરાતોથી પબ્લિકમાં જન જાગૃતિ કરીએ છીએ કે દૂધ હંમેશા ઉકાળીને પીવું જોઇએ કે જેથી તેના બેકટેરીયા વગેરે હોય તો એ નાશ પામે. આ બધું આપણે બધા સાથે મળી ગામડે ગામડે જયાં વાતચીત થાય ત્યાં વધુને વધુ કરીએ તો હું માનુ છું કે આપણે ખૂબ સારી રીતે ગુજરાતને અનેક રોગોથી મુકત રાખી શકીશું.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આપ ભૂલી ગયા તેમને ખરેખર તો એ જાણવુ હતું કે આ ચાર્જથી ચલાવવામાં આવે છે કે કેમ ? બરાબરને ? પણ તમે ભૂલી ગયા, કાંઇ નહીં.

તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯

તારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

*૧૪૫૯૪ **શ્રી કાંતિભાઇ બલર** (સુરત ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપતિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૦૧ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૪૭૩.૪૫ લાખ |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે ? | (૩) ૭૧.૩૪૨ મી.ઘનફૂટ |

શ્રી કાંતિભાઇ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુજલામ સુફલામ જળસંચય યોજના હેઠળ સુરત જિલ્લામાં તાઃ૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં તાલુકાવાર તળાવો ઊંડા કરવામાં કેટલાં કામો હાથ ધરવામાં આવ્યા છે અને તેના માટે કેટલો ખર્ચ થયો છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ યોજના અંતર્ગત સુરતની અંદર છેલ્લાં એક વર્ષમાં ૨૦૧ તળાવોની કામગીરી કરવામાં આવી છે અને કુલ ખર્ચ ૪ કરોડ ૭૩ લાખ રૂપિયાનો કરવામાં આવ્યો છે. તેમાં તાલુકાવારની વિગત જોઇએ તો ઓલપાડની અંદર ૧૪ કામો ૧૬ લાખ ૬૩ હજારના ખર્ચે, ઉમરાપાડામાં ૩૯ કામો ૮૨ લાખ ૪૩ હજારના ખર્ચે, માંગરોળમાં ૩૬ કામો રૂ.૧ કરોડ ૪૨ લાખના ખર્ચે, મહુવામાં ૨૦ કામો રૂ.૨૭.૧૭ લાખના ખર્ચે. માંડવીમાં ૨૪ કામો માટે રૂ.૯૩ લાખના ખર્ચે, બારડોલીમાં ૨૧ કામો રૂ.૪૦.૬૫ લાખના ખર્ચે, ચોર્યાસીમાં ૨૪ કામો રૂ.૨૪.૬૭ લાખના ખર્ચે, પલસાણામાં ૫ કામો રૂ.૨.૩૯ લાખના ખર્ચે, કામરેજમાં ૮ કામો રૂ.૨૯.૦૧ લાખના ખર્ચે, સુરત શહેરમાં ૧૦ કામો રૂ.૧૨.૮૪ લાખના ખર્ચે એમ કુલ ૨૦૧ કામો રૂ.૪૭૩.૪૫ લાખના ખર્ચે કરવામાં આવ્યા છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પંચાયત અને સ્ટેટ એ બે સિવાયના અનેક સ્ટ્રક્ચર એવા છે કે જે અછતમાં કોઇ સંસ્થાઓ દ્વારા કે અન્ય કોઇ યોજના દ્વારા બનાવવામાં આવેલ છે. બે વર્ષ પહેલાંની અતિવૃષ્ટિમાં આવા અનેક સ્ટ્રકચરો નુકસાન પામ્યા છે અને તૂટ્યા છે. જે સ્ટેટ કે પંચાયતની એસેટ નથી. તો આવી એસેટને રિપૅર કરવા માટે કોઇ જોગવાઈ વિચારો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ–સુફલામ એક એવી યોજના છે કે જેની અંદર ઘણી બધી કામગીરી કરવામાં આવે છે અને ઘણા બધા વિભાગો દ્વારા આ કામગીરી કરવામાં આવે છે. દા.ત. જે ચેકડેમોના રીપેરીંગની કામગીરી થાય છે, વિલેજના તળાવોને ઊંડા કરવાની કામગીરી થાય છે, ફૉરેસ્ટના તળાવોનું કામ પણ થાય છે, ડિ–શિલ્ડીંગના કામ થાય છે એની અંદર જુદા–જુદા વિભાગ રીચાર્જિંગનું કામ કરે છે, વૉટર રીસોર્સિસ વિભાગ કામગીરી કરે છે, પંચાયત કામગીરી કરે છે, રૂરલ ડિપાર્ટમેન્ટ કામ કરે છે એટલે મારે સ્પષ્ટપણે આપને સમજાવવું છે કે કલેક્ટર દ્વારા એક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવે છે અને એની અંદર આ બધી કામગીરીનો સમાવેશ થતો હોય છે. સુજલામ–સુફલામ એ સતત પ્રક્રિયા છે. જો કોઇ કામગીરી બાકી રહી ગઇ હોય તો એ કામગીરી આપણે આવતા વર્ષે લઇ લઇશું.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને અભિનંદન આપવા માગું છું કે એમને પ્રથમ જળસંચય કરવાનો વિચાર આવ્યો. હું દરિયા કિનારાના વિસ્તારમાંથી આવું છું. અમારું બધું પાણી દરિયામાં વહી જતું હતું અને અમારે ત્યાં ૧૪ તળાવો ખોદાયા એના કારણે ખેડૂતો આજે ખેતી કરી શકે છે એટલા માટે અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુજલામ–સુફલામ જળ સંચય યોજના હેઠળ તા.૩૧/૩/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં હાથ ધરવામાં આવેલા કામોને કારણે સુરત જિલ્લામાં તાલુકાવાર જળસંગ્રહ શક્તિમાં કેટલો વધારો કરવામાં આવ્યો છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ – સુફલામ યોજનામાં મેં કહ્યું એમ અનેક – અનેક વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે છે. એના કારણે દરેક તાલુકાની અંદર સ્ટૉરેજની કૅપેસિટી પણ વધતી જાય છે. દા.ત. આખા સુરતમાં એક વર્ષમાં ૨૦૧ કામો કર્યા. એની અંદર ૭૧.૩૪ એમ.સી.એફ.ટી.નું સ્ટૉરેજ વધ્યું અને તાલુકાવાર વાત કરું તો ઓલપાડમાં ૪.૭૨, ઉમરાપાડામાં ૫.૧૯, માંગરોળમાં ૧૭.૯૧, મહુવામાં ૫.૪૫, માંડવીમાં ૯.૯૦, બારડોલીમાં ૧૬.૫૪, ચોર્યાસીમાં ૩.૪૦, પલસાણામાં ૧.૨૨, કામેરજમાં ૬.૮૨ અને સુરત શહેરમાં ૦.૧૪ એમ ૭૧.૨૪ એમ.સી.એફ.ટી.નું સ્ટૉરેજ વધ્યું છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૧ તળાવોના કામ ક્યારે શરૂ કરવામાં આવ્યા અને કઇ તારીખે પૂરી કરવામાં આવ્યા?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સુજલામ સુફલામના કામ એપ્રિલ, ૨૦૧૮થી ૩૧ માર્ચ, ૨૦૧૯ દરમિયાન કરવામાં આવ્યા. એમાં સુરતનો માસ્ટર પ્લાન બનાવ્યો અને સુરતનો માસ્ટર પ્લાન બનાવ્યો એમાં રૂ.૮૫૦.૫૧ લાખના ૫૫૩ કામો આપણે બે વર્ષમાં કર્યા એટલે એક વર્ષમાં ૨૪૫ અને બાકીના કામો બીજા વર્ષમાં લીધા. એમ કરીને જે

સમયગાળો છે એ પ્રમાણે આખો માસ્ટર પ્લાન કલેક્ટરશ્રી દ્વારા બનાવવામાં આવ્યો છે અને એની અંદર એન.જી.ઓ.થી માંડીને ગ્રામ પંચાયત સુધી બધાંનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂછવા પાછળનો આશય એ હતો કે મોટા ભાગે આ કામો જૂન મહિનામાં ચાલુ કરવામાં આવે છે અને ચોમાસામાં વરસાદ આવતા તળાવોમાં પાણી ભરાતા કેટલું કામ થયું એની ખબર પડતી નથી.

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે જેટલા પણ કામો ચાલુ કરીએ છીએ એ ઉનાળામાં જ પૂરા કરીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીની કડકમાં કડક સૂચના છે કે ચોમાસામાં વરસાદ આવે એ પહેલા આ બધા કામોની માપણી થઇ જવી જોઇએ. આ વર્ષે જે કોઇ કામો થયા એની માપણી થઇ ગઇ છે. અત્યારે બિલની પ્રોસેસ ચાલે છે અને માપણી પ્રમાણે બિલના પૈસા આપવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : જળ એજ જીવન છે એ સૂત્રને ચરિતાર્થ કરતી આ સુજલામ સુફલામ યોજનાને હું આવકારું છું. એમાં આપણે ૨૪૦૦થી ૩૮૦૦ ઘન મીટર માટી કાઢવા માટેની પરમીશન આપીએ છીએ. જે પાંચેક દિવસમાં જ આ કોન્ટ્રાકટર પૂરું કરી દે છે તેથી વધારે માટી કાઢવા માટે ફરીથી પરમીશન માગવી પડે છે અને એમાં ૨૦થી ૨૫ દિવસ જતાં હોય છે તો એમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીનું સૂચન છે એ અંગે વિચારવામાં આવશે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માંડવી તાલુકામાં ૨૪ તળાવોના કામો કરવામાં આવ્યા છે એમાંથી નવા કેટલા છે અને આ ૨૪ તળાવો કયા કયા ગામના છે એના નામો આપવા વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ : મારી પાસે ગામોની માહિતી નથી એટલે સભ્યશ્રીને જોઇતી હશે તો મોકલી આપીશ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ટેબલ ઉપર મૂકી દેજો ને!

**સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલોનું બાકી કામ**

*૧૬૨૫૪ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલો બનાવવાનું કામ બાકી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેટલા કિ.મિ. કેનાલનું કામ બાકી છે, | (૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની અંદાજીત લંબાઇ ૨૭૩૦.૫૮ પૈકી ૧૧૦.૯૮ કિ.મિ., વિશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૫૬૯.૪૧ પૈકી ૨૦૯.૮૨ કિ.મિ., પ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૧૫૬૬૯.૯૪ પૈકી ૧૬૯૧.૪૪ કિ.મિ., તથા પ્રપ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૮૩૧૯.૯૪ પૈકી ૮૭૮૩.૫૭ કિ.મિ. લંબાઇમાં કામ બાકી છે. અંદાજીત લંબાઇમાં વધઘટ થવાનો સંભવ છે. |
| (૩) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન, જંગલ અને અભયારણ્યમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલવે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપ લાઇન, ટેલીફોન/ઇલેક્ટ્રિક લાઇન વગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે.<br>પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે. |
| (૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ ૭૦૧૬૭.૫૫ કરોડનું ખર્ચ થયેલ છે. |

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની શાખા નહેરની કામગીરી કેટલી થઇ, વિશાખા નહેરની કામગીરી કેટલી થઇ તથા પ્રશાખા નહેરની કામગીરી કેટલી થઇ તથા જે કામગીરી બાકી છે એ કયારે પૂરી કરવામાં આવશે. મારે અમારા નાયબ મુખ્યમંત્રીને જણાવવાનું કે આપના સમયમાં જે કેનાલોના કામો થયા છે એમાં ગાબડા પડે છે

એ ફાટી જાય છે. જ્યારે અગાઉ કેનાલો બનાવવામાં આવી હતી એ કયારેય તૂટી નથી. તો આ શા માટે તૂટે છે એ જણાવવા વિનંતી છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની અંદાજીત લંબાઇ ૨૭૩૦.૫૮ પૈકી ૧૧૦.૯૮ કિલોમીટર, વિશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૫૬૯.૪૧ પૈકી ૨૦૯.૮૨ કિલોમીટર, પ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૧૫૬૬૯.૯૪ પૈકી ૧૬૯૧.૪૪ કિલોમીટર, તથા પ્રપ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૮૩૧૯.૯૪ પૈકી ૮૭૮૩.૫૭ કિલોમીટર લંબાઇમાં કામ બાકી છે.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વિવિધ કેનાલોના કેટલી લંબાઇના કામો પૂરા કરવામાં આવ્યા છે. માર્ચ–૨૦૧૯ના અંતે કુલ કેટલી લંબાઇના કામો પૂર્ણ થયા છે?

શ્રી યોગેશ પટેલ : છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન નર્મદા યોજનાના વિવિધ કેનાલોના માર્ચ, ૨૦૧૯ના અંતે કુલ કેટલી લંબાઇના કામો પૂર્ણ થયા છે તે નીચે મુજબ છે. સન ૨૦૧૬માં શાખા નહેર ૪૯ કિલોમીટર તથા ૨૦૧૭–૧૮માં ૪.૩૨ કિલોમીટર તથા ૨૦૧૮–૧૯માં ૧૨.૬૨ કિલોમીટરનું કામ પૂર્ણ થયેલ છે. વિ–શાખા નહેર ૧૯૬.૧૩ ૨૦૧૬–૧૭માં અને ૨૦૧૭–૧૮માં ૧૦૩.૧૧, ૧૮–૧૯માં ૧૨૬.૭૯, એ રીતે પ્ર–શાખા નહેર છે એ ૮૩૦.૩૧, ૨૦૧૭–૧૮માં ૭૮૮.૨૧, ૧૮–૧૯માં ૭૮૩.૪૩ એમ કુલ ૮૯૯૩.૩૫ અને ૨૦૧૭–૧૮માં ૮૭૨૯.૨૨ અને ૨૦૧૮–૧૯માં ૬૮૧૪.૫૭ કિલોમીટર કામ પૂર્ણ થયેલ છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમારું મોરબી–માળીયા આકાશી ખેતી ઉપર નિર્ભર છે એમાં ૩ સરદાર સરોવર નર્મદાની બ્રાન્ચ કેનાલો નીકળે છે તે આશીર્વાદ રૂપ છે. માનનીય નીતિનભાઇ પટેલ સાહેબે અષાઢી બીજથી પાણી છોડવાની જાહેરાત કરી હતી, પણ ટેઇલના ગામો સુધી પાણી નર્મદાની કેનાલનું પહોંચતું નથી. બીજું, કે આ જે માનનીય મંત્રીશ્રીએ વાત કરી નર્મદાની પ્ર–શાખા અને પ્ર–પ્રશાખા, તો મોરબી માળીયા અને ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલની ઘણી બધી પ્ર–શાખાઓના અને પ્ર–પ્રશાખાઓના કામ બાકી છે, ૨૦૧૭માં આપણે વોંકળામાં અને નદીઓમાં પાણી છોડ્યું હતું, લિફ્ટ ઈરિગેશનથી પાણી લેવામાં મુશ્કેલી પડે છે. તો આ પ્રશાખાઓના કામ કયારે પૂરા કરવા માગો છો અને ટેઇલના ગામોને અત્યારે ચાલુ સીઝનમાં ખેડૂતોને નર્મદાનું પાણી સમયસર મળે તેના માટે કેવું આયોજન કરવા માગો છો?

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જમીન સંપાદન કરવા માટેનો ૨૦૧૪માં યુ.પી.એ. સરકારે જે કાયદો ઘડ્યો, જમીન સંપાદન કરવી હોય તો ખેડૂતોને ૩ ગણા પૈસા અને શહેરમાં હોય તો બે ગણા પૈસા આપવાનો, આનાથી જમીન સંપાદન કરવાના કામમાં વિલંબ થાય છે અને તેના લીધે આ નહેરોનું કામ અટવાય છે. એવી જ રીતે જમીન સંપાદન માટે જો રસ્તામાં જંગલ આવે, અભયારણ્ય આવે, તેમજ યુટીલીટી ક્રોસિંગ આવે, રેલવે આવે, રસ્તાઓ આવે, ગેસ લાઇન આવે, ઓઇલ પાઇપ લાઇન, ટેલીફોન લાઇન, ઇલેક્ટ્રિક લાઇન વગેરે આવે તો સંબંધિત વિભાગોની મંજૂરી બાદ જ આ શકય થાય છે. એટલે આ કામ મોડા થાય છે. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણીજી અને અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇની ખાસ લાગણી છે કે આ કામ જલદી થાય અને લોકોને પીવાનું પાણી મળે. જમીનમાં સિંચાઇ થાય અને ખેતી સારી થાય એ માટે અમારી સરકારના પ્રયત્નો છે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમારો કચ્છ જિલ્લો હંમેશા વારંવાર દુષ્કાળનો સમાનો કરતો હોય છે અને નર્મદાના નીર એક માત્ર ઉપાય કચ્છ માટે છે. એવા સંજોગોની અંદર નર્મદાની પાઇપ લાઇનથી પીવાના પાણીનો અમારો પ્રશ્ન હલ થયો તેના માટે હું આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો કચ્છની પ્રજા વતી ખૂબ ખૂબ આભાર માનું છું. પરંતુ અત્યારે જે કેનાલના કામ છે એમાં કેટલું કેનાલનું કામ બાકી છે અને આટલો વખત નર્મદાની કેનામાં જે વિલંબ થયો તેના કારણો શું છે અને અમારી લીંક કેનાલો કયારે શરૂ કરવામાં આવશે? કારણ કે અમારી લીંક કેનાલો થાય તો જ અમારા તળાવો અને ડેમો અમે ભરી શકીએ. આ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષી, ધારાસભ્યશ્રીનો પ્રશ્ન છે કે કેટલી કેનાલના કામ બાકી છે, એક તો જે મેઇન કેનાલ છે, મુખ્ય નહેર એની લંબાઇ ૪૫૮.૩૨ કિલોમીટરની છે અને એ મેઇન કેનાલનું ૪૫૮.૩૨ કિલોમીટરનું કામ સંપૂર્ણ પૂર્ણ થયેલ છે. બીજું, શાખા નહેર છે તેની કુલ લંબાઇ ૨૭૩૦.૫૮ કિલોમીટર છે અને કામ પૂર્ણ થયેલ છે ૨૬૧૯ કિલોમીટરનું. ૧૧૦.૯૮ કિલોમીટર કામ બાકી છે. એ જ રીતે વિ–શાખા નહેર છે એ ૪૫૬૯.૪૧ કિલોમીટર લાંબી છે. તેનું કામ પૂર્ણ થયેલ છે ૪૩૫૯.૫૯ કિલોમીટર, અને બાકી કામ છે તે ૨૦૯.૮૨ કિલોમીટર. પ્ર–શાખા નહેરની લંબાઇ ૧૫૬૬૯.૯૪ કિલોમીટર છે, કામ ૧૩૯૭૮.૫૦ કિલોમીટરનું પૂર્ણ થયેલ છે અને બાકી છે ૧૬૯૧.૪૪ કિલોમીટર. એવી જ રીતે પ્રશાખા છે, પ્રશાખા ૪૮,૩૧૯.૯૪ કિલોમીટર લાંબી છે. તેમાં કામ થયું છે ૩૯,૩૩૬.૩૭ અને કામ બાકી છે ૮૭૮૩.૫૭. કામ બાકી છે તેનું કારણ ખેડૂતોની જમીન સંપાદન કરવાની છે. તેના કારણે કામ વિલંબમાં છે અને તેના માટે ઘણાં ખેડૂતો કોર્ટમાં ગયા છે. એટલે આ કામ બાકી છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે મેઇન કેનાલના કામો પૂર્ણ કર્યા છે. મારે એ જાણવું છે કે મેઇન કેનાલના કામ તો ૧૯૯૪માં પૂરા થયા છે. આ પ્રશાખાના માટે સંપાદનના પ્રશ્નો આવે છે. ૨૫-૨૫ વર્ષથી આપની સરકાર છે ત્યારે હજુ આ સંપાદનની કાર્યવાહી પૂરી કરી નથી કે ઇરાદાપૂર્વક સરકાર કામગીરી કરવા નથી માગતી તેનો સ્પષ્ટ જવાબ અમને આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો અભ્યાસ કર્યા વગર અહીં બધાને ખુશ કરવા માટે અથવા (અંતરાય) તમે બેસી જાવ, શ્રી બળદેવજી. હું કહીશ એટલે તમે કાન પકડશો કે શ્રી નીતિનભાઇ સાચું કહે છે. શ્રી વિરજીભાઇએ એમ કહ્યું કે, (અંતરાય) સાંભળો, સાંભળો. તમે નેતાગીરી ન કરશો. એમને જવાબ આપું છું. તમારો બોલવાનો કોઇ અધિકાર નથી.

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવભાઇ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : દરેક વાતમાં ઊભા ન થઇ જાવ.

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવભાઇ, તમે બોલવા ઊભા થાવ એ વખતે જવાબ આપજો.(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાંભળો ને, ખબર પડે. તમે ગપ્પા મારો અને અમારે સાંભળી લેવાનું? તમારા જુઠ્ઠાણાં અમારે ચલાવવાના? તમારા કોઇ જુઠ્ઠાણાં અમે નહીં ચલાવીએ. તમે શાના વારે વારે ઊભા થઇ જાવ છો? (સતત અંતરાય) તમારા જુઠ્ઠાણાં અમારે સાંભળવાના? માનનીય અધ્યક્ષશ્રી, ગપ્પા મારે, જુઠ્ઠાણાં બોલે એ સાંભળી લેવાના? કોઇ સંજોગોમાં નહીં ચાલે. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ આપના મિત્રોને કહો, બેસે પહેલાં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે જે બોલો એ બધું અમારે સાંભળવાનું? તમારા ગપ્પા અમારે સાંભળવાના? તમારી ખોટી વાતો અમારે સાંભળવાની? નહીં સાંભળીએ. તમારો પૂછવાનો અધિકાર છે. જુઠ્ઠું બોલવાનો અધિકાર નથી. આ વિધાનસભા છે. અહીંયાં કોઇના ઘરનું નથી. આ ચૂંટણીનો મંચ નથી.

અધ્યક્ષશ્રી : આપ બધા જ બેસી જાવ, શ્રી આનંદભાઇ, શ્રી ઋત્વિકભાઇ પ્લીઝ, બેસી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરજીભાઇએ એમ કહ્યું કે ૧૯૯૪માં મેઇન કેનાલના કામ પૂરા થયા હતા. મને બરાબર યાદ છે. ૧૯૯૦માં હું ગુજરાત વિધાનસભામાં કડીનો ધારાસભ્ય બન્યો. એ વખતે ભારતીય જનતા પક્ષની અને સ્વ. ચીમનભાઇ પટેલના જનતા દળની અમારી સંયુક્ત સરકાર હતી. હું એ દૃશ્ય જીવીશ ત્યાં સુધી યાદ રાખીશ કે એ દિવસે મુખ્યમંત્રીશ્રી ચીમનભાઇએ મને બોલાવ્યો અને મને કહ્યું કે નીતિન, એ મને નીતિન કહેતા હતા. એમનો મારા ઉપર હક્ક હતો. શ્રી ચીમનભાઇએ મને કહ્યું કે નીતિન, હવે કડીથી નર્મદાનું કામ, મેઇન કેનાલનું સૌરાષ્ટ્ર બ્રાન્ચનું અને કચ્છ શાખાનું જે મુખ્ય છે એના કામની શરૂઆત કરવાની છે. ખેડૂતોની જમીન સંપાદન કરવાની છે અને તું અને નર્મદાના અધિકારીઓ અને કલેકટર બધા ભેગા થઇ અને અમારું નરસિંહપુરા ગામ. અહીં પ્રશ્ન ઊભા કરનારને બધી ખબર છે. એમણે જોયું છે. માનનીય ભૂપેન્દ્રસિંહજી પણ હતા. શ્રી ચીમનભાઇએ મને કહ્યું કે ગામડાંના ખેડૂતોને સમજાવો કે આ જમીન અત્યારે સોંપે. આપણે કામ શરૂ કરીએ. મને સાહેબ, એ પણ યાદ છે કે એ વખતે શ્રી કમલનાથ કેન્દ્રના પર્યાવરણમંત્રી હતા. સરકારની મંજૂરીઓ મળતી નહોતી. વન વિભાગની મંજૂરી આપણે લેવાની હતી. જાપાન સરકારે આપણને સહાય આપવાની બંધ કરવાની કોશિશ કરી હતી એટલે આપણે બધું આપણાં પૈસે સ્વભંડોળથી કરવાનું હતું. એ વખતે શ્રી ચીમનભાઇએ મને કહ્યું કે નીતિન, તું આ જમીન એકત્ર કરાવ. મેં ગામડાઓમાં ફરી ફરીને ખેડૂતોની મિટિંગો કરાવી અને ત્યાર પછી ખેડૂતોને જમીન આપવા માટે, કોઇ પ્રોસેસ કર્યા વગર ખાતમુહૂર્ત કરવા માટે જમીન આપવાનું કહ્યું. શ્રી ચીમનભાઇએ કડી કરણનગર જે મેઇન જંકશન છે, જેને નર્મદામાં વાય જંકશન કહે છે. એક ફાંટો સૌરાષ્ટ્ર તરફ જાય અને એક ફાંટો મહેસાણા થઇને, પાટણ થઇને, બનાસકાંઠા થઇ અને કચ્છ તરફ જાય. એનું ખાતમુહૂર્ત શ્રી ચીમનભાઇના હાથે લગભગ ૧૯૯૧માં થયું, હું ત્યાં મહેમાન હતો. એના ફોટોગ્રાફ, એના રેકર્ડ આજે બધું જ સરકારના રેકર્ડ ઉપર છે. તમારા આર.ટી.આઇ, કે અમારા અધિકારીઓને કહીશ કે તમને રેકર્ડ બતાવે (અંતરાય) નહીં, તમે એમ કીધુંને કે ૪૫૮ કિલોમિટરના કામો ૧૯૯૪માં પૂરા થયેલા, તમારું રેકર્ડ શ્રી વિરજીભાઇ જોઇ લેજો. એટલે અમે શરૂઆત કરી, (અંતરાય) તમે મેઇન કેનાલ બોલ્યા, આ મેઇન કેનાલ જ કહેવાય. (અંતરાય) શ્રી વિરજીભાઇ, ખોટી દલીલ ના કરો. તમને હું અભ્યાસુ સમજુ છું. તમને હું વિદ્વાન સમજું છું એટલે તમે બીજા લોકોની જેમ ખાલી ખાલી ના બોલશો. આપણા શબ્દોનું વજન હોવું જોઇએ. બીજાની જેમ ખાલી ના બોલશો. મારે યાદ કરાવવું છે સાહેબ કે માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા, માનનીય યોગેશભાઇ, અમારા સાથી મંત્રીશ્રીએ કહ્યું એમ ખેડૂતો જમીનના કબજા નહોતા આપતા. ત્યારે માનનીય નરેન્દ્રભાઇએ એ વખતના મહેસૂલ મંત્રી માનનીય આનંદીબેન, મને અને શ્રી ભૂપેન્દ્રસિંહને અમને બધાને જવાબદારી સોંપી કે તમે ખેડૂતો પાસે જંત્રી ભાવે ખેડૂતોની જમીન લેવા માટેની કાર્યવાહી કરો. અમે બધાએ કેમ્પો કર્યા, ગામડે ગામડે, જિલ્લે-જિલ્લે ગયા અને ત્યાં ખેડૂતોને સમજાવી, સંપાદન નહીં પણ જંત્રીથી, અને મને આનંદ છે કે પાટણ અને બનાસકાંઠાના ખેડૂતોએ સમજાવટથી એ જમીન આપી અને એ બધું પતાવતા પતાવતા નર્મદા યોજનાની કેનાલો પૂરી કરવાની સ્થિતિમાં આપણું ગુજરાત આવી ગયું છે. માનનીય યોગેશભાઇએ કહ્યું એ સાચું છે કે ખેડૂતો જમીનના કબજા ના આપે, બે ભાઇઓને વાંધો હોય, એક ભાઇના નામે જમીન ચાલતી હોય, નર્મદા નિગમ ચેક એને

આપે,બીજા ભાઇને એનો ભાગના મળે એટલે એ કોર્ટમાં જાય, જમીનનો કબજો ના મળે, આવા સેંકડો કારણો હોય છે. આપ તો વિદ્વાન વકીલ પણ છો અને આજે તો હાઇકલાસ સુટમાં આપ શોભી રહ્યા છો. આપ વકીલ તરીકે પણ સમજી શકો છો કે જમીન મેળવવું બહું અઘરું કામ છે. અહીંયાં શ્રી સી.જે. ચાવડા પણ અધિકારી રહી ચૂકયા છે. એમણે પણ આ કામ કર્યું હશે એટલે આ બધું અઘરું કામ છે પણ ખેડૂતોને સમજાવી, પ્રેમથી, અમે કોઇ બળજબરી કરતા નથી. ખેડૂતો અમારા સાથીઓ છે. આપણા ગુજરાતના નાગરિકો છે. એમની કિંમતી જમીનનું પૂરું વળતર આપી અને આ કામ અમે આગળ વધારીએ છીએ.

અધ્યક્ષશ્રી : મારું એક સુચન છે કે શ્રી ચીમનભાઇની જેમ તમે શ્રી વિરજીભાઇ ઠુમ્મરને પણ તમારે ત્યાં બોલાવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે કીધું એટલે કહું કે પ્રશ્નો કેવા થાય છે, માનનીય વિરજીભાઇ અને માનનીય પરેશભાઇ પણ કબૂલ કરશે સાહેબ, હું સિંચાઇ મંત્રી હતો, રૂપાલાજી અમારા અહીંયા મંત્રી હતા, ત્યારે અમરેલી જીલ્લાનો સાંતલી ડેમ અમે મંજૂર કર્યો છે, બધું નકકી થઇ ગયું, ખેડૂતોએ વિરોધ કર્યો કે અમારી જ ગામની જમીનમાં નહીં પછી બીજી જમીન બતાવી, બીજા ગામની જમીનનો સરવે સિંચાઇ વિભાગે કર્યો તો એ ગામના ખેડૂતોએ વિરોધ કર્યો. અત્યારે હમણાં થોડા દિવસ પહેલા આજ ગૃહમાં માનનીય વિરજીભાઇએ એવો પ્રશ્ન પૂછયો કે સાંતલી યોજનાનું શું? સાહેબ, સાંતલી યોજના મંજૂર છે. પૈસાની કોઇ ખામી નથી. જોઇએ એટલા પૈસા ખેડૂતો માટે, સિંચાઇ માટે અમે આપીએ પણ જમીન તો જોઇએને? મારી તો શ્રી પરેશભાઇને અને તમને બધાને વિનંતી છે .. (અંતરાય)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ખેડૂતો સંમત થઇ ગયા છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, પ્લીઝ બેસી જાવ. આ સાંથળીની જમીનમાં તમે મદદ માટે જજો. સારી વાત છે. વેરી ગુડ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇને નોતરું આપું કે સાંથળીનું તાત્કાલિક ખાતમૂહુર્ત કરવા આવે. એ ખેડૂતોની જમીનની સમજૂતીમાં પણ અમે રાજકારણથી ઉપર ઉઠી અને જમીન સરકારના હવાલે કરી દીધી છે. જમીન સંપાદનના કોઇ પ્રશ્નો નથી. તમે બજેટમાં જોગવાઈ કરી પૈસા ફાળવો અને ખાતમુહૂર્ત કરવા આવો. સાંથળીમાં અમે સૌ સામૂહિક રીતે તમને આવકારશું. મારો પ્રશ્ન માનનીય નીતિનભાઇ ખૂબ જ્ઞાની માણસ છે. બાકી બધાય અમે કદાચ થોડાક અધૂરા હોઇશું. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે તમે આ ગૃહમાં ખાતરી આપી હતી કે ૨૦૧૮ સુધીમાં નર્મદાની કેનાલના કામો પૂર્ણ થઇ જશે. તેમ છતાં દુ:ખ સાથે કહેવું પડે છે કે સરકારે આજે સ્વીકાર્યુ કે ૧૦૭૯૫.૮૧ કિલોમીટર નહેરના કામ બાકી છે. અંદાજીત ૭૬હજાર કિલોમિટર પૈકી ૧૦૭૯૫.૮૧ કિલોમીટર નહેરના કામ ૨૦૧૮માં પૂરા કરવાના હતા આમ છતાં વિલંબ શું કામ થયો? બીજું, જે પ્ર–પ્રશાખા છે એની જવાબદારી ખેડૂતોના શિરે નાખી દીધી છે. સૌથી વધુ કેનાલની લંબાઇ ૪૮,૩૧૯.૯૪ કિલોમિટર એ પ્ર–પ્રશાખાની હતી અને એ જવાબદારીઓ તો ખેડૂતોના શિરે નાખી દીધી છે. એમ છતાં નર્મદાની કુલ યોજનાકીય કિંમત છે એમાં વધારો થયો છે. છતાં માનનીય નીતિનભાઇને ફરિયાદો મળતી હશે કે કેનાલમાં ગાબડાં પડે છે. મારો પ્રશ્ન છે કે નર્મદા યોજના બની, નર્મદે સર્વ દે, આપણે નર્મદામાં રાજકારણ નથી કર્યું. અમે સમજતા થયા તે દિવસથી તમે રાજ કરો છો એટલે તમારે ભાગે કામ કરવાનું આવ્યું છે. પ્રજા અમને સોંપશે ત્યારે તમને સાથે લઇને નર્મદાના પાણી ખેડૂતોના ખેતરે પહોંચે એ દરેક ગુજરાતીનો સંકલ્પ છે. અંદાજિત ૧૮.૪૫ લાખ હેકટર નર્મદા કમાન્ડથી આપણે સિંચાઇ આપવાની હતી. ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું હતું. મારે પૂછવું છે કે આજે ૧૮.૪૫ લાખ હેકટરનો જે કમાન્ડ એરિયા નક્કી કર્યો હતો જેનાથી ખેડૂતોના ખેતરમાં સિંચાઇ પહોંચાડી શકાશે તો ૧૯.૪૫ પૈકી આજના દિવસે કેટલા હેકટરમાં આપણે નર્મદાની સિંચાઇ થકી પાણી પહોંચાડવામાં સફળ થયા છીએ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇની વાત સાથે આખું ગૃહ સંમત છે કે નર્મદા યોજના એ કોઇ પક્ષની કે કોઇ એક સરકારની યોજના નથી. આખા ગુજરાતની યોજના છે અને આખું ગુજરાત જાણે છે કે જુદા જુદા અનેક પરિબળોનો સામનો કરીને આપણે નર્મદાને આજે લગભગ પૂર્ણતાને આરે પહોંચાડી ચૂક્યા છીએ. જે નર્મદા યોજનાની મૂળ યોજના હતી, શ્રી પરેશભાઇ, વિપક્ષના નેતાશ્રીએ જે કહ્યું એમ અમે સાંભળતા હતા અને તમે કામ ઉપાડ્યું. હું પણ નાનો હતો ત્યારથી સાંભળતો હતો કે નર્મદા આવશે પણ ૧૯૯૫ માં ભારતીય જનતા પાર્ટીની સરકાર ન આવી ત્યાં સુધી એ જ વાત ગુજરાતની પ્રજા સાંભળતી હતી. અમે તો ઉત્તર ગુજરાતના ધારાસભ્યો છે, કાર્યકરો છે એ અમે પ્રચાર માટે જઇએ તો અમે કહીએ કે અમે નર્મદાનું કામ આગળ વધારીશું. તો ઘરડા એમ કહેતા હતા કે આ ભવમાં અમને નર્મદા જોવા મળે એવું કરો. આભાર માનીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો કે ૪૫૮ કિલોમિટરની બધી કામગીરી પૂર્ણ કરીને લગભગ, દુ:ખ એ છે કે સમયસર ન થયું. સમયસર થઇ હોત તો ૩૦ હજાર કરોડમાં થાત. આ આંકડો આશરે છે. એ યોજના પૂરી થઇ હોત. જે વિલંબ થયો એમાં ભાવ વધારો, જમીન સંપાદનમાં વધારાની કિંમત ચૂકવવી પડી એના કારણે આજે ૭૦ હજાર કરોડ રૂપિયા કરતા વધારે રકમ આ ગુજરાતની પ્રજાની પરસેવાની કમાણીના, ખેડૂતોના, કરવેરા ભરનાર લોકોના આપણે નર્મદામાં ખર્ચવા પડ્યા છે. એમણે પ્રશ્ન પૂછ્યો એમાં ૧૬ લાખ ૫૧ હજાર ૬૩૨ હેકટર જમીન નર્મદા કમાન્ડ આપણે પૂરું કરી દીધું છે. એમાં વડોદરા જિલ્લાની ર લાખ ૧૪ હજાર ૯૩૨ હેકટર, સુરેન્દ્રનગર જિલાની ર લાખ ૫૨ હજાર ૮૦૪ હેકટર, પાટણ જિલ્લાની ૧ લાખ ૯૮ હજાર ૨૩૪ હેકટર, બનાસકાંઠા જિલ્લાની ૧ લાખ ૬૫ હજાર ૩૩૯ હેકટર, ભરુચ જિલ્લાની ૧ લાખ ૫૬ હજાર ૭૫૫ હેકટર એમ બધા જિલ્લા ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રની જે ૧૮ લાખ હેકટરમાં કમાન્ડ વિસ્તારમાં આવે છે એમાં ૧૬ લાખ

હેક્ટર કરતા વધારે આપણે ઈરીગેશન આપીએ છીએ. પૂરનું વધારાનું પાણી પ્રાપ્ત થાય તો નદીઓમાં પણ આપણે પાણી છોડી અને નદીઓને રિચાર્જ કરીએ છીએ. નર્મદાનું ૧૨૦૦ મેગાવોટ કરતા વધારે વીજળીનું ઉત્પાદન કરીએ છીએ. આ બધું ભાગીદાર રાજ્યો વચ્ચે સમજૂતિથી કરીએ છીએ. હવે લગભગ આપણે પૂર્ણતાના આરે છીએ. હું બધા માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે પોત પોતાના વિસ્તારમાં નર્મદાના કામ માટે જમીન સંપાદનનું કામ બાકી હોય, માનનીય નીમાબેન કચ્છના ધારાસભ્યશ્રી વગેરે જ્યાં મદદ કરવાની જરૂર હોય ત્યાં મદદ કરે તો ઝડપથી આપણે કામ પૂર્ણ કરી શકીશું.

શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઈએ જવાબ આપ્યો એ મુજબ ૧૬,૫૧,૬૩૨ હેક્ટરમાં સિંચાઇનું પાણી પહોંચાડવા આપણે સક્ષમ બન્યા છીએ પણ સામાજિક આર્થિક સર્વેક્ષણના આંકડા છે એ વિગત મુજબ જો મારી ભૂલ ના થતી હોય તો અંદાજીત આપણે ૬ લાખ હેક્ટરમાં જ સિંચાઇનું પાણી પહોંચાડી શકીએ છીએ. એટલે સાહેબ, મારી ભૂલ ના થતી હોય તો માનનીય નીતિનભાઇ સુધારો કરી દે. સામાજિક આર્થિક સર્વેક્ષણના આંકડાઓ અને માનનીય મંત્રીશ્રીના આંકડાઓ વચે ૧૦ લાખ હેક્ટરનો તફાવત શું કામ છે? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક – ૩, ઘણી ચર્ચા થઇ છે.

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

*૧૪૪૯૮ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બીમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. જી. |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઇ મર્યાદાઓ છે કે કેમ ? | (૨) ના. જી. |

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત કઇ કઇ ગંભીર બિમારીઓની સારવાર સરકાર દ્વારા આપવામાં આવે છે? બીજું, રાજયમાં વર્ષ ૨૦૧૮–૧૯ માં ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી?

અધ્યક્ષશ્રી : તમારે કોઇને અભિનંદન નથી આપવા? માનનીય અશોકભાઇ ભટ્ટ સાહેબ જ્યારે આરોગ્ય મંત્રી હતા ત્યારે આ યોજના શરૂ થયેલી. આજે યાદ કરીને આપણે એમને અભિનંદન આપીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે ખૂબ સારું યાદ કરાવ્યું. અમારી ભારતીય જનતા પક્ષની સરકાર હંમેશા પ્રજા માટે, ગરીબો માટે, દર્દીઓ માટે, મહિલાઓ માટે અને બાળકો માટે જે પણ, કોઇ પણ જાતનો રોગ હોય એની સારવાર શક્ય તેટલી ઓછા ખર્ચે, શક્ય તેટલી વધુમાં વધુ સારી થાય, ઝડપથી થાય એ માટે અનેક કાર્યક્રમો અમારી સરકારે અમલમાં મૂકેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મૉડેલ સ્ટેટ એમને એમ નથી કહેવાય. આખા દેશની અંદર આ પ્રમાણેની યોજનાઓ બીજા રાજ્યો કશું નહોતા કરતા ત્યારથી અમારી ભારતીય જનતા પક્ષની સરકારે આ યોજનાઓ અમલમાં મૂકી છે. સાહેબ, જ્યોતિ ગ્રામ યોજનાની કોઇ કલ્પના જ કરતું નહતું કે ૧૮૦૦૦ ગામડાઓમાં ૨૪ કલાક વીજળી મળે ત્યારે લોકો જોવા આવતા હતા. દિલ્હીમાં એ વખતે રાષ્ટ્રપતિ ભવનમાં જનરેટર રાખવા પડે, તાજમહેલ જેવી હોટલોમાં જનરેટર રાખવા પડે, આગ્રા, દિલ્હી બધે જનરેટર રાખવા પડે ત્યારે ગુજરાતના ગામડામાં, આદિવાસીના ઘરમાં ૨૪ કલાક વીજળી શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે આપી. એવી જ રીતે સાહેબ, આ આરોગ્યની બાબતમાં પણ શાળા આરોગ્ય કાર્યક્રમ અમે શરૂ કર્યો. સાહેબ, ઉંમર લાયક વ્યક્તિ, પુખ્ત વયની વ્યક્તિ, વડિલો એને કોઇ તકલીફ થાય ત્યારે આપણે ડોક્ટરને બતાવવા જઇએ. કોઇ દુ:ખતું હોય અને કોઇ બીજી સારવારની જરૂર હોય. કોઇ કુમળું બાળક હોય, પ્રથામિક શાળામાં ભણતું હોય, ગામડામાં રહેતું હોય, મા–બાપ પણ ઓછું વતું ભણેલા હોય, મજૂરી કરતા હોય બાળક પાછળ સમય ના આપી શકતા હોય તો એના બાળકના આરોગ્યની ચિંતા કોણ કરે? તો એ ચિંતા ભારતીય પક્ષની અમારી સરકારે શરૂ કરી અને આ શાળા આરોગ્ય કાર્યક્રમ ગુજરાત સરકારે અમલમાં મૂક્યો. આ કાર્યક્રમની આછેરી રૂપરેખા, સાહેબ, આમ તો બધા જાણે જ છે. દર વર્ષે જ્યારે શાળાઓમાં સત્ર શરૂ થાય અથવા એના દરમ્યાનમાં અમારા આરોગ્યના ડોક્ટરો, ખાનગી ડોક્ટરો, એન.જી.ઓ.ના ડોક્ટરો, અમારા આરોગ્યના તમામ કર્મચારીઓ, પંચાયત, શિક્ષણ વિભાગ બધા સાથે મળી સ્કૂલે સ્કૂલે જઇ એક એક બાળકનું વજન, ઉંચાઇ, આંખો, દાંત, મોં વગેરે પ્રાઇમરી તપાસ કરી એમાં કોઇ બાળકને કોઇ ઉધરસ હોય કે બીજું–ત્રીજું હોય અથવા શિક્ષક કોઇ ફરિયાદ કરે કે આ બાળક બોર્ડમાં હું લખું છું તે જોઇ શકતું નથી તો એની આંખની તપાસ કરી અને ડીટેઇલ તપાસ કરતા કરતા એને કોઇ પણ પ્રકારની બિમારી હોય, ગંભીરમાં ગંભીર બિમારી હોય એમાં આ બાળકોની ૧૦૦% રાજ્ય સરકારના ખર્ચે આપણે સારવાર કરી. આ બાબતમાં આખા દેશમાં ગુજરાત પહેલું રાજ્ય હતું. માનનીય સભ્યશ્રીએ ગંભીર રોગો અંગે પૂછ્યું. કોઇ નાના બાળકને કિડનીની બિમારી હોય, અમનેય કોઇ કલ્પના નહોતી. એ હવે ખબર પડે છે કે નાનું બાળક ૬–૭ માં ભણતું

હોય એનેય કિડનીનો પ્રશ્ન હોય, કોઇ કેન્સરનો પ્રશ્ન હોય, કોઇ બાળકને હૃદયમાં વાલ્વ લીકેજ થતો હોય. હૃદયને પૂરતું લોહી ન મળતું હોય, આવી ગંભીર પ્રકારની બિમારી નાના બાળકને થઇ હોય તો હૃદયનો વાલ્વ બદલવો પડે. લીવરનો પ્રશ્ન હોય એવી પણ કોઇને કલ્પના આવતી નહોતી. આ બધું જ સો ટકા સરકારી ખર્ચે કરવામાં આવે છે. બાળક બહેરું અને મૂંગું હોય, સાંભળતું પણ ન હોય અને બોલતું પણ ન હોય અને એના જીવનનો વિકાસ અટકી જાય તો ૯ લાખ રૂપિયા ખર્ચો છે. Cochlear implant operation કરવાથી થાય. એ પણ રાજય સરકાર, નવેનવ લાખ રૂપિયા ગુજરાતની ભા.જ.પા. સરકાર ગરીબમાં ગરીબ બાળક માટે ખર્ચે છે અને વિનામૂલ્યે એનું ઓપરેશન થાય અને પછી એને સ્પીચ થેરાપી આપવી પડે. એવું નહીં કે ઓપરેશન કરીએ એટલે બીજા દિવસથી બોલતું કે સાંભળતું થઇ જાય. એને ધીમેધીમે સ્પીચ થેરાપી આપવી પડે એ પણ આપણે કરીએ છીએ અને બીજો પ્રશ્ન એ માનનીય સભ્યશ્રીએ જે પૂછયો, હૃદયની બિમારીના ૨૦૯૮૨ દર્દીઓને સારવાર આપી, કીડનીમાં ૨૭૨૫ બાળકોને સારવાર આપી. કેન્સરની બિમારીની ૧૯૨૨ બાળકોને સારવાર આપી. કીડની ટ્રાન્સપ્લાન્ટ, નાના બાળકોની કીડની બદલવી પડે એવા ૨૪ ઓપરેશન આપણે કર્યા. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ. કોઇને બોનમેરો જરૂર પડે એવો રોગ હોય તો ૧૫ જેટલા bone marrow ટ્રાન્સપ્લાન્ટ કર્યા. આ bone marrow ટ્રાન્સપ્લાન્ટમાં પણ લગભગ ૧૦ થી ૨૦ લાખ રૂપિયા જેવો કેસ એ પ્રમાણે ખર્ચો આવે છે. એ પણ સરકાર વિનામૂલ્યે ઓપરેશન કરે છે અને ૪ બાળકોના લિવર બદલવા પડ્યા તો ૪ બાળકોને સરકારના સો ટકા ખર્ચે લિવર ટ્રાન્સપ્લાન્ટ પણ કરી આપવામાં આવે છે. હું બધા માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આપના વિસ્તારનો જ્યારે શાળા આરોગ્ય કાર્યક્રમ ચાલતો હોય ત્યાં તમે ચોકકસ આવો. કોઇજાતનો ભેદભાવ જ્ઞાતિ, જાતિ, રાજકારણ કશું જ નથી. મને ખબર છે કે શ્રીમતી આશાબેન ભા.જ.પા.માં તો અત્યારે આવ્યા પણ મહેસાણામાં કાર્યક્રમ હતો. શ્રીમતી આશાબેન ઊંઝામાં એ વખતે કોંગ્રેસના ધારાસભ્ય હતા એ પણ મહેમાન તરીકે અમારા કાર્યક્રમમાં આવેલા અને મને લાગે છે એ જ દિવસથી એમના મનમાં થઇ ગયું કે આ ભા.જ.પા.વાળા સારું કામ કરે છે. મારે ભા.જ.પા.માં જવું જોઇએ અને એટલે એ ભા.જ.પા.માં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, એટલે હવે આ લોકો પાસે આવતા બીવે છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની સરકારોએ એના બજેટ પ્રમાણે કામ કર્યા જ છે. આ સરકારનું બજેટ વધારે છે એટલે વધારે કામ કરે એ સ્વાભાવિક છે. આ યોજના ઘણીસારી છે. સરાહના કરવા જેવી છે. એની અંદર જે બાળકોની તપાસ કરવામાં આવે છે. એ બાળકોની અંદર કુપોષિત બાળકોની સંખ્યા કેટલી છે? અને કુપોષણ માટેની તપાસ કરવામાં આવે છે કે કેમ? કારણ કે કુપોષિત બાળકોમાં રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોવાથી રોગો વધારે થતા હોય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ, મહિલા અને બાળક કલ્યાણ વિભાગ બધા સાથે મળી, કુપોષણ ધરાવતા બાળકોની સંખ્યા મારી પાસે નથી અત્યારે. મેં શરૂઆતમાં કીધું કે બાળકનું વજન કરવામાં આવે છે. એની ઉંચાઇ માપવામાં આવે છે અને એની અન્ય રીતે જે તપાસ કરવામાં આવે છે. એમાં વિટામીનની ખામી હોય તો સરકારના ખર્ચે વિટામીનયુકત ટેબ્લેટ, દવાઓ, ઇન્જેકશન અને ખોરાક એ બધું જ આપવામાં આવે છે. એ સિવાય જે બિલકુલ કુમળા બાળકોને આંગણવાડી અને બધે એમને તો આપણે જિલ્લાકક્ષાની કે સામૂહિક આરોગ્ય કેન્દ્રની હોસ્પિટલોમાં અલગ વોર્ડ બનાવ્યો છે. આવા બાળકોને અને એની માતાને બંનેને ત્યાં રાખવામાં આવે. સરકાર તરફથી બંનેને પૂરેપૂરું ભોજન, પ્રોટીનયુકત આહાર, વજન વધે એવો આહાર મળે, સરકારના ખર્ચે રાખવાના. એ વોર્ડમાં ટી.વી. હોય, રમકડાં હોય. બાળક રમે, માતા ત્યાં રહે. બધી જ વ્યવસ્થા હોય એને શીરો, સુખડી, ઉપમા જે સારો ખોરાક હોય એ આપવાનો અને બાળકનું વજન વધે ત્યાં સુધી એને સરકારના ખર્ચે સરકારી હોસ્પિટલમાં રાખી, એને કુપોષણમાંથી મુક્ત કરી અને પછી એને ઘરે મોકલવાના ત્યાં સુધી એની બધી ખબર આ ભારતીય જનતા પક્ષની અમારી શ્રી વિજયભાઇની સરકાર રાખે છે.

શ્રી નિરંજન પુ. પટેલ : કુપોષણની તપાસ કરવામાં આવે છે? અને ગુજરાતમાં કુપોષિત બાળકોની સંખ્યા કેટલી છે?

અધ્યક્ષશ્રી : સંખ્યા માટે એમણે જવાબ આપી દીધો.

શ્રી નિરંજન પુ. પટેલ : મારા આણંદ જિલ્લાની અંદર જ ૬૦૦૦ છે. તો આખા ગુજરાતમાં તપાસ કરે તો ખબર પડે કે આપણે કૂપોષિતમાં કેટલા પોઝિશનમાં આગળ છીએ અને એનો ઇલાજ થાય.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદનશીલ સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને અભિનંદન આપું છું કે જે આરોગ્ય માટે પ્રજાની ચિંતા કરી રહ્યા છે. આપણે પહેલા સાંભળતા હતા કે ફોરેનની અંદર પ્રજાની ચિંતા સરકાર કરતી હોય છે. અહીંયાં ગુજરાતમાં આ બંને મુખ્યમંત્રીઓ આની ખૂબ ચિંતા કરે છે, ત્યારે નાયબ મુખ્યમંત્રીને પૂછવું છે કે અત્યાર સુધીમાં રાજ્યની અંદર બાળકોને કિડની તથા લીવરના કેટલા પ્રત્યારોપણ કરવામાં આવ્યા? જે કિડની અને લિવરના ડોનર છે એનો ખર્ચ એ સરકાર ભોગવે છે? દવાનો તમામ ખર્ચ સરકાર ભોગવે છે કે કેમ? કિડની બદલતા પહેલા ડાયાલીસીસ કરીએ છીએ, તેનો ખર્ચો સરકાર ભોગવે છે કે કેમ તેની વિગતવાર માહિતી આપશો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જગદીશભાઇએ ખૂબ અગત્યનો પ્રશ્ન પૂછ્યો છે. કોઇપણ દર્દી ડાયાલીસીસ કરીને જો એનું જીવન ચાલતું હોય, કારણ કે કિડની ટ્રાન્સ્પ્લાન્ટ એ બહુ સરળ નથી, કારણ કે ભારત સરકારના કાયદા પ્રમાણે કિડની એ જ વ્યક્તિ આપી શકે જે એના પરિવારની વ્યાખ્યામાં બ્લડ રિલેશનમાં આવતા હોય. કોઇપણ માણસની કિડની કોઇને નથી અપાતી. બીજું, ઘરના વ્યક્તિની કિડની એને એના ગુણો પ્રમાણે મેચ થવી જોઇએ તો જ શરીર

બહારનું ઓર્ગન સ્વીકારે, એટલે જયાં સુધી કોઇને કિડની બદલવા માટે યોગ્ય ફેમિલીમાંથી કિડની ન મળે, ડોનર ન મળે, ત્યાં સુધી વ્યક્તિને ડાયાલીસીસ ઉપર રાખવા પડતા હોય છે. ડાયાલીસીસ બહુ મોંઘી સારવાર છે. ખાનગીમાં ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા એક ડાયાલીસીસનો ખર્ચ થાય છે. રાજયમાં હજારો દર્દીઓ એવા છે કે જેમને અઠવાડિયે ૨ થી ૩ વખત ડાયાલીસીસ કરાવવું પડતું હોય છે. જયાં સુધી કિડની ન બદલે ત્યાં સુધી ડાયાલીસીસ ચાલુ રાખવું પડે. અનેક હોસ્પિટલમાં મુલાકાતે જાઉં છું. દર્દીઓ સાથે વાત કરી તો ઘણા ૧૦–૧૦ વર્ષથી ડાયાલીસીસ કરાવતા હોય તેવા દર્દી માલૂમ પડતા હોય છે. એક વખતના ૧૫૦૦ રૂપિયા એ રીતે અઠવાડિયે ૨ વાર તો મહિને ૮ વખત ડાયાલીસીસ કરવું હોય તો હજારો, લાખો રૂપિયાનો વર્ષે ખર્ચ થાય છે. તમે પછી એમ ન કહેતા કેમ વખાણ કરો છો. સરકારી હોસ્પિટલમાં દર્દીઓને ડાયાલીસીસ વિનામૂલ્યે, સરકારી ખર્ચે કરી આપવાનું આપણે શરૂ કર્યું. ગુજરાતમાં લગભગ ૪૮ હોસ્પિટલોમાં આપણે શરૂ કરી દીધું છે. એકલું ડાયાલીસીસ નહિ, પણ દર્દી આવે તો એને આવવા–જવાનો ખર્ચ ૩૦૦ રૂપિયા પર ડાયાલીસીસ એ અમારી સરકાર આપે છે અને લોકોના જીવન બચાવીએ છીએ. અમે નવાઇ નથી કરતા, પ્રજાના પૈસાનો સદુપયોગ કરીએ છીએ. અમે આ બધું કરી રહ્યા છીએ. શ્રી જગદીશભાઇએ જે પ્રશ્ન પૂછ્યો એમાં પણ નાનાં બાળકોને આ જ પ્રોસિજર કરીએ છીએ. શાળા આરોગ્યનો તમામ ખર્ચ પહેલા ગુજરાત સરકાર ઉપાડતી હતી. મને આનંદ છે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કિડની ડાયાલીસીસનો ગુજરાતનો સફળ પ્રયોગ આખા દેશમાં વડાપ્રધાન તરીકે અમલમાં મૂક્યો છે. ગુજરાતનો આ લાભ આખા દેશને અત્યારે મળી રહ્યો છે.

( આ તબક્કે સભ્યશ્રી અમરીષભાઇ ડેર બેઠા બેઠા બોલતા )

અધ્યક્ષશ્રી : શ્રી અમરીષભાઇ, બેઠા બેઠા નહિ પૂછીએ.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બાળકો માટે સારામાં સારી સુવિધાની વાત કરી. મારા આજના પ્રશ્નોત્તરી નં. ૨૨૨માં સરકારનો લેખિત જવાબ મળ્યો છે. દ્વારકા જિલ્લો એ ૪ તાલુકાનો જિલ્લો છે. એની અંદર ખંભાળિયાની જનરલ હોસ્પિટલમાં બે બાળરોગ તબીબની જગ્યા છે તે બંને ખાલી છે. દ્વારાકાની અંદર એક સરકારી હોસ્પિટલ છે. બાળકોના તબીબની એક જગ્યા છે તે ખાલી છે. ૧૫૦ કિ.મી.માં બાળક બીમાર થાય તો એમને જામનગર આવવું પડે છે. જામનગરમાં શું પરિસ્થિતિ છે તે આપ જાણો છો. હું વિનંતી કરું છું. કોઇ રાજકીય સમીક્ષા કરવા નથી માગતો. બાળકો માટે આપ આટલું બધું કરો છો તો દેવભૂમિનાં બાળકો તેમની શું પરિસ્થિતિ થતી હશે. એમને સારવાર માટે શું મુશ્કેલી પડતી હશે. જ્યારે પ્રશ્ન પૂછ્યો છે અને શ્રી નીતિનભાઇને રૂબરૂ પણ મળ્યો છું ત્યારે કહેવામાં આવેલ છે કે ડોક્ટરોની જગ્યા થશે, ડોક્ટર મળશે તો નિમણૂક કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, આપણને ચૂંટીને એટલે મોકલે છે કે તે બધું આપણે કરવાનું છે. ક્યાંથી લઇને કયાં મૂકવો તે આપણે વિચારવાનું છે. જો આખા જિલ્લાની અંદર એકપણ બાળરોગ ડૉક્ટર સરકારી હોસ્પિટલમાં ન હોય તો શું થતું હશે તે વિચારી યોગ્ય કરશો તો અમને આનંદ થાશે. અમે પણ વખાણ કરીશું અને અમે પણ પાટલી થપથપાવીશું પણ કમસેકમ ડૉક્ટરની નિમણૂક કરો તો સારું.

અધ્યક્ષશ્રી : આમાં જવાબ નથી માગ્યો માત્ર સૂચન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : છતાં પણ માનનીય અધ્યક્ષશ્રી, આ બધા જ માનનીય સભ્યશ્રીઓની કાયમી લાગણી હોય છે કે અમારી હોસ્પિટલોમાં કાયમ ડૉક્ટરો ભરાયેલા રહે. ડૉક્ટર વર્ગ–૨ એમબીબીએસ તે આપણને સરળતાથી મળે છે અને બને એટલા મૂકવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ જે સ્પેશિયાલિસ્ટ છે, જે પોસ્ટ ગ્રેજ્યુએટ છે અને જે સુપર સ્પેશિયાલિસ્ટ છે તે જગ્યાઓ ઘણા પ્રમાણમાં આપણે ભરી શકતા નથી. મેં અગાઉ પણ જવાબ આપ્યા છે અને આજે પણ કહું છું કે ભરવાના પ્રયત્નો ચાલે છે. ડૉક્ટર પોતે ખાનગી કલિનિક કરી દે, હોસ્પિટલ કરી છે એ કારણોથી પૂરતા પ્રમાણમાં આ સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ મળતા નથી. એકલા ગુજરાતમાં નહીં આખા દેશમાં નથી મળતા. માનનીય વિક્રમભાઇને કહું કે, હું ૧૯૯૦માં ધારાસભ્ય હતો ત્યારે મારી વિરોધપક્ષની પ્રશ્નોત્તરી કાઢીને જોઇ લેજો, બાબરી ધ્વંસ પછી અમારી સરકાર બદલાઈ તો અમે આ જ પ્રશ્નો પૂછતાં હતા કે ડૉક્ટરોની જગ્યા ભરો. ત્યારે શ્રી કરસનદાસ સોનેરી હતા, શ્રી શક્તિસિંહજી આરોગ્ય મંત્રી હતા, શ્રી મનોહરસિંહજી દાદા આરોગ્ય મંત્રી હતા, શ્રી ઠાકોરભાઇ નાયક આરોગ્ય મંત્રી હતા. આના આ જ જવાબ બધા આરોગ્ય મંત્રીએ આપ્યા છે હું પણ આપું છું. હવે તેમાં અમે ઘટાડો કરી રહ્યા છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીની શાળા આરોગ્ય તપાસણીની યોજના છે તેને હું આવકારું છું. મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, ખાસ કરીને શાળામાં આરોગ્ય માટેની તપાસ કરવામાં આવે છે. મારી પાસે જે કિસ્સા આવ્યા હતા તેમાં જે મંદબુદ્ધિના બાળકો છે તેને શાળામાં પ્રવેશ આપવામાં આવતો નથી. મારા વિસ્તારના બે કિસ્સા હતા જેમાં તે લોકોની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી એટલે તેમને બીજી સ્કૂલમાં એડમિશન અપાવીને સરકારશ્રીની યોજનાનો લાભ અપાવ્યો. કારણકે તે રોગથી પીડાતા હતા. તેનો લાભ તેમને મળ્યો. મારું સૂચન છે કે, મંદબુદ્ધિ ના બાળકોની જે શાળાઓ ચાલે છે તેમાં શાળા આરોગ્યની તપાસણી કરવામાં તો હું માનું છું કે, તેને કુદરતી ફટકો પડેલો હોય છે તો શાળા આરોગ્ય તપાસણીની જે યોજના સરકારશ્રી લાવી છે તેનો પણ તેને લાભ મળી શકે તો મારું આ બાબતે માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે આમાં અમલ કરે તો સારું છે.

અતારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઈનું સૂચન ખૂબ ઉપયોગી અને સેવાભાવી છે. અમે નિર્ણય પણ કર્યો છે કે શાળા આરોગ્ય કાર્યક્રમ નામ ખરું પણ શાળાએ ન જતા બાળકની પણ તપાસણી કરવી અને તેની પણ આ રીતે સારવાર કરવી. સાહેબ, હું સમયની મર્યાદામાં કહેતો નથી. નહીંતર પછી એમ કહે કે શ્રી નીતિનભાઈ લાંબા લાંબા જવાબો આપે છે. એકલી સારવાર નહીં...

અધ્યક્ષશ્રી : સાહેબ, આપ લાંબા જવાબ આપો છો પણ એટલી બધી વિગતો હોય છે કે હું નોંધુ છું, મને ગમે છે.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : થેન્ક યુ સાહેબ. શાળા આરોગ્યમાં હોસ્ટેલ હોય..

અધ્યક્ષશ્રી : તમારે એમને છેડવાના જ નહીં.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હોસ્ટેલ હોય, ગુરૂકુલ હોય, મદરેસા હોય, ભણતો હોય, ના ભણતો હોય કોઈપણ પ્રકારના બાળકને આપણે સારવાર આપીએ છીએ. હજું કયાંય રહી જતું હોય તો આપણે સારવાર આપીશું. મંદબુદ્ધિના બાળકોની અલગ શાળાઓ હોય છે. તેની પણ આપણે ચકાસણી કરીએ છીએ. શ્રી શૈલેષભાઈ ધ્યાન દોરશે કે આ શાળા કે આ પરિવારના બાળક રહી ગયા છે તો તેને આપણે આવરી લઈશું. તેને પણ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત આપવાપાત્ર સારવાર છે તે આપવાની થશે તો ચોક્કસ વિનામૂલ્યે આપીશું.

અધ્યક્ષશ્રી : હવે કયાં કશું બાકી રહ્યું છે? અડધી મિનિટ છે. માનનીય પુંજાભાઈ બોલી લો.

શ્રી પૂંજાભાઈ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન જે બાળકોને સાંભળવા માટેની બંને કાનમાં તકલીફ હોય તેમાં આપણે એક કાનના ઓપરેશન માટે મદદ કરીએ છીએ તો બંને કાનના ઓપરેશન માટે સંપૂર્ણ રાહત આપવા સરકાર માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક કર્મચારીના બાળક માટેનો આ પ્રશ્ન છે. મારી પાસે પણ રજૂઆત આવી હતી પણ ડૉકટરોનો અભિપ્રાય એવો છે...

અધ્યક્ષશ્રી : પ્રશ્નકાળનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**સુરત અને તાપી જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ કે જીએસટીની વસૂલાત**

૧૬૩૫૭ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ કે જીએસટીની રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૨) તે અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **અનુ** | **જિલ્લો** | **એકમ** |
|---|---|---|
| ૧ | સુરત | ૭૫૮૩ |
| ૨ | તાપી | ૨૬૬ |

(૨)

| **અનુ** | **જિલ્લો** | **એકમ** | **વસૂલવાની બાકી રકમ (રૂ.કરોડમાં)** |
|---|---|---|---|
| ૧ | સુરત | ૮૪૧ | ૪૨૫૦.૫૭ |
| ૨ | તાપી | ૨૦ | ૪૫.૮૮ |

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના, સુરત જિલ્લામાં ૮૦૦ એકમોમાં તથા તાપી જિલ્લામાં ૧૯ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા, માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**અમદાવાદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ**

૧૪૫૩૫ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| મા યોજના | : | ૩,૧૩૫ કાર્ડ |
| મા વાત્સલ્ય યોજના | : | ૧,૮૬,૦૦૮ કાર્ડ |
| **કુલ** | **:** | **૧,૮૯,૧૪૩ કાર્ડ** |

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે અમદાવાદ જિલ્લામાં કુલ ૩૪ કિઓસ્ક કાર્યરત કરેલ છે.

---------

**એસ્સાર પાવર કંપની પાસેથી દંડની બાકી વસૂલાત**

## અતારાંકિત પ્રશ્નો

૧૬૨૮૪ **શ્રી લલીતભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ્સાર પાવર કંપનીએ પાવર સપ્લાય કરવાના કરાર કર્યા પછી પાવર સપ્લાય ન કરે તો કોઇ રકમ વસૂલ કરવાની થાય છે કે કેમ, | (૧) હા,જી. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. અને એસ્સાર પાવર ગુજરાત લી સાથે થયેલ વીજ ખરીદ કરારની શરતો મુજબ પાવર સપ્લાય ન કરવા માટે એસ્સાર પાવર ગુજરાત લી. પાસેથી નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ માટે રૂ.૬૮.૧૧ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ માટે રૂ.૧૩૪.૧૭ કરોડની પેનલ્ટી વસૂલવાની થાય છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમ ચૂકવવા માટે કંપનીને હપ્તાઓ કરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૨) હા,જી. |
| (૩) જો હા, તો કેટલા હપ્તાઓમાં ક્યાં સુધીમાં ઉક્ત દંડની રકમ ચૂકવવાની થાય છે ? | (૩) દંડની કુલ રકમ લેટ પેમેન્ટ સરચાર્જ સહિત, ૩૬ હપ્તામાં, જૂન–૨૦૨૨ સુધીમાં ચૂકવવાની થાય છે. |

### પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ.ની અરજીઓ

૧૪૬૨૧ **શ્રી અરવિંદ રાણા** (સુરત–પૂર્વ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. આખરી ચૂકવણાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) ૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) તમામ અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

### અમદાવાદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ

૧૪૫૩૭ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધાંગધ્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| મા યોજના | : | ૩,૧૩૫ કાર્ડ |
| મા વાત્સલ્ય યોજના | : | ૧,૮૬,૦૦૮ કાર્ડ |
| **કુલ** | **:** | **૧,૮૯,૧૪૩ કાર્ડ** |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે અમદાવાદ જિલ્લામાં કુલ ૩૪ કિઓસ્ક કાર્યરત કરેલ છે.

### શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો

૧૪૪૯૬ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમિયાન જે બાળકો ગંભીર બિમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઇ મર્યાદાઓ છે કે કેમ ? | (૨) ના, જી. |

તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૧૪૪૯૫ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમિયાન જે બાળકો ગંભીર બિમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવાર નો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે કે કેમ ? | (૨) ના, જી. |

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો**

૧૬૨૬૬ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે?

**જવાબ**

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | મોટા ડેમ | મધ્યમ ડેમ |
|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૦૦ | ૦૪ (ચાર) |
| ૨. | અરવલ્લી | ૦૨ (બે) | ૦૨ (બે) |

**બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૬૦૪ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૧૯ તળાવો. |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૨૧૪.૧૭ લાખ.<br>• તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ–૨૦૧૯માં ઊંડા કરવામાં આવેલ તળાવોના માપો લઈ તેનું આખરીકરણ કરવાનું કામ હાલ પ્રગતિમાં છે. |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૭૩૩.૦૨૨ મિલિયન લિટર<br>• તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ–૨૦૧૯માં ઊંડા કરવામાં આવેલ તળાવોના માપો લઈ તેનું આખરીકરણ કરવાનું કામ હાલ પ્રગતિમાં છે. |

**આર.બી.આઈ. પાસેથી મેળવેલ ઓવરડ્રાફ્ટ**

૧૪૬૨૭ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવર ડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને | (૧) શૂન્ય. |
| (૨) રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓવર ડ્રાફ્ટ પર કુલ કેટલું વ્યાજ ચૂકવ્યું છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ.ની અરજીઓ**

## અતારાંકિત પ્રશ્નો

૧૪૬૩૯ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. આખરી ચૂકવણાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) ૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) તમામ અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

### બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો

૧૪૬૦૬ **શ્રી શશીકાંત પંડ્યા** (ડીસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૧૯ તળાવો. |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૨૧૪.૧૭ લાખ.<br>• તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ–૨૦૧૯માં ઊંડા કરવામાં આવેલ તળાવોના માપો લઈ તેનું આખરીકરણ કરવાનું કામ હાલ પ્રગતિમાં છે. |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૭૩૩.૦૨૨ મિલિયન લિટર<br>• તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ષ–૨૦૧૯માં ઊંડા કરવામાં આવેલ તળાવોના માપો લઈ તેનું આખરીકરણ કરવાનું કામ હાલ પ્રગતિમાં છે. |

### નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના નોંધાયેલ કેસો

૧૪૫૪૬ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૮માં નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસો નોંધાયા, અને | (૧) કુલ ૧૪ કેસ નોંધાયેલ હતા. |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.<br>• વર્ષની શરૂઆતમાં સ્ટેટ ટાસ્ક ફોર્સની બેઠક યોજવામાં આવે છે.<br>• સુરત રીજીયનના સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના સબંધિત વિભાગના અધિકારીઓ સાથે આંતર વિભાગીય બેઠક કરી ને માર્ગદર્શન આપવામાં આવે છે.<br>• તમામ મેડિકલ, પેરા મેડિકલ સ્ટાફ તથા આશાઓને જૂન માસ પહેલાં લેપ્ટોસ્પાઈરોસીસ રોગ ચાળા અટકાયત કામગીરી માટે તાલીમ આપવામાં આવે છે.<br>• સેટકોમના માધ્યમથી આરોગ્ય કર્મચારીઓ અને આશાને માર્ગદર્શન આપવામાં આવે છે.<br>• હાઈરીસ્ક ગામોની યાદી તૈયાર કરી તેના ઉપર વધુ ધ્યાન આપવામાં આવે છે.<br>• આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે–ઘરે ફરીને તાવના કેસો શોધી સારવાર આપવામાં આવે છે.<br>• ખેતીવાડી અને પશુપાલનની કામગીરી સાથે સંકળાયેલા વ્યક્તિઓને આશા મારફતે કેપ, ડોક્સીસાયકલીનની કીમોપ્રોફાઈલેક્ષીસ સારવાર આપવામાં આવે છે.<br>• જેઓના હાથ પગમાં ચીરા હોય અને તેઓ પશુપાલન અને ખેતીવાડીની કામગીરી સાથે સંકળાયેલા હોય તેવા વ્યક્તિઓને આ રોગથી બચવા આયોડિન મલમ આપવામાં આવે છે.<br>• તમામ કેન્દ્ર ખાતે આ રોગ માટે જરૂરી દવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. |

- જે દર્દીઓમાં શંકાસ્પદ લેપ્ટોસ્પાઈરોસીસના લક્ષણો જોવા મળે તેવા દર્દીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાયમરી સારવાર આપ્યા બાદ લેપ્ટોસ્પાઈરોસીસના ચોક્કસ નિદાન અને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે.
- ખેતીવાડી વિભાગ દ્વારા ઊંદર નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- પશુપાલન વિભાગ દ્વારા એનિમલ શીરો સર્વેલન્સની કામગીરી કરવામાં આવે છે.
- ગ્રામ્ય સંજીવની સમિતિની બેઠકમાં સભ્યોને લેપ્ટોસ્પાઇરોસીસ રોગ અટકાયતી પગલાં વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવે છે.
- આ રોગ વિષે જાહેર જનતામાં જાગૃતિ આવે તે માટે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે.
- જિલ્લા કક્ષાના, તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ અને તબીબી અધિકારીશ્રીઓ મારફતે સર્વેલન્સ કામગીરીનું સુપરવીઝન અને મોનીટરીંગ કરવામાં આવે છે.

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો**

૧૬૨૭૫ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે?

**જવાબ**

| ક્રમ | અમદાવાદ જીલ્લો | બોટાદ જીલ્લો |
|---|---|---|
| ૧. | મોટા ડેમ – ૦ | મોટા ડેમ – ૦ |
| ૨. | મધ્યમ ડેમ – ૧ | મધ્યમ ડેમ – ૩ |

**મોરબી–પીપરી–જેતપુર રસ્તાને ચારમાર્ગીય કરવા બાબત**

૧૬૦૬૪ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મોરબી–પીપરી–જેતપુર (મચ્છુ) રસ્તાને ચારમાર્ગીય કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)
આ રસ્તાને ૧૦ મીટર પહોળો કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે, ચાર માર્ગીયકરણ મંજૂર થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૧૪૬૦૯ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપા નગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બીમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે કે કેમ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી.

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વેન્ટીલેટર બાબત**

અતારાંકિત પ્રશ્નો

૧૬૦૫૨ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં વેન્ટીલેટર ઓછા હોવાના કારણે દર્દીઓને બે–ત્રણ દિવસ સુધી વેઈટીંગમાં રાખવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) આ સાચી હકીકત નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઘટતા વેન્ટીલેટર ઉપલબ્ધ કરાવવા છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી ઘટતા વેન્ટીલેટર ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ મેલેરીયાના કેસો**

૧૪૫૪૩ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના કેટલા કેસો નોંધાયા, અને | (૧) ૩૨૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ મેલેરીયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી? | (૨) મેલેરીયા નિયંત્રણ માટે ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ અને આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક/સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમ**

૧૫૩૦૬ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, | (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે સ્ટાફ નર્સ સંવર્ગની ૦૪ (ચાર) જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે, જ્યારે સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે કોઈ નવી જગ્યા મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી બાકી છે, અને | (૨) સ્ટાફ નર્સની ઉક્ત ૦૪ જગ્યાઓ પૈકી ૦૨ જગ્યાઓ ભરેલી તેમજ ૦૨ જગ્યાઓ ખાલી છે. |
| (૩) બાકી ખાલી જગ્યાઓ કયારે ભરવા માગે છે? | (૩) નવા કર્મચારીથી અથવા બદલીથી બાકી ખાલી જગ્યાઓ ભરી શકાશે. |

---------

**બનાસકાંઠા જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં સાધનોની ખરીદી બાબત**

તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

૧૭૧૪૮ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) :તા.૨૧-૨-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી મહેશકુમાર પટેલના તારાંકિત પ્ર. ક્ર. ૧૧૫૫ (અગ્રતા-૧૨) અન્વયે **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાની પાલનપુર સિવિલ હોસ્પિટલ સહિત વિવિધ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જે મેડિકલ સાધનો/મશીનો ઉપલબ્ધ ન હતા અને ઉપલબ્ધ મશીન બંધ હાલતમાં હતા તે પૈકી કયા ખુટતા મેડિકલ સાધનોની ખરીદી કરવામાં આવી તથા રિપેર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ઉપલબ્ધ ન હતા તેવા નીચે મુજબના મેડિકલ સાધનો/મશીનોની ખરીદી કરવામાં આવેલ છે.

| અ.નં. | હોસ્પિટલનું નામ | સાધનનું નામ |
|---|---|---|
| ૧ | જનરલ હોસ્પિટલ, પાલનપુર | ડેન્ટલ એકસ-રે મશીન |
| | | પી.એફ.ટી. મશીન |
| | | એનએસ્ટી મશીન |
| ૨ | સરકારી હોસ્પિટલ ડીસા | બ્લડ સેલ કાઉન્ટર |
| | | ડેન્ટલ ચેર |
| | | લેબોરેટરી રોટેટર |
| ૩ | સરકારી હોસ્પિટલ થરાદ | આઈએફટી મશીન |
| | | શોર્ટવેવ ડાયાથર્મી |
| તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ઉક્ત હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ મેડિકલ સાધન ચાલુ હતા આથી રિપેર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો | | |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સાધનોની ખરીદી/રીપેરીંગ થયા ન હોય તો તેના શા કારણો છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત તમામ સાધનો ખરીદી/રીપેરીંગ કરી કયાં સુધીમાં સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૧૪૫૦૩ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બીમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે, કે કેમ ?

(૨) ના, જી.

---------

**આણંદ અને વડોદરા જિલ્લામાં સુજલામ સુફલામ યોજનામાં તળાવો ઊંડા કરવા બાબત**

૧૬૩૧૯ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ કેટલા ગામના તળાવ ઊંડા

**જવાબ**

| અ.નં. | તાલુકા | તળાવ ઊંડા કરવા માટે મંજૂરી આપવામાં આવેલ ગામોની સંખ્યા |
|---|---|---|

કરવા માટે મંજૂરી આપવામાં આવી?

| જિલ્લો-આણંદ | | |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૧ |
| ૨ | ઉમરેઠ | ૨૫ |
| ૩ | બોરસદ | ૧૯ |
| ૪ | આંકલાવ | ૧૨ |
| ૫ | પેટલાદ | ૧૨ |
| ૬ | સોજીત્રા | ૦૬ |
| ૭ | તારાપુર | ૦૭ |
| ૮ | ખંભાત | ૦૮ |
| | **કુલ** | **૧૨૦** |
| **જિલ્લો-વડોદરા** | | |
| ૧ | વડોદરા | ૦૪ |
| ૨ | ડભોઈ | ૧૩ |
| ૩ | શિનોર | ૦૪ |
| ૪ | સાવલી | ૦૪ |
| ૫ | પાદરા | ૧૩ |
| ૬ | ડેસર | ૦૨ |
| ૭ | કરજણ | ૦૨ |
| ૮ | વાઘોડીયા | ૦૨ |
| | **કુલ** | **૪૪** |

**પંચમહાલ જિલ્લામાં ગોમા નદીમાંથી ચોમાસામાં વહી જતુ પાણી રોકવા બાબત**

૧૪૫૮૬ **શ્રી સી.કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ગોમા નદીમાંથી ચોમાસામાં વહી જતું પાણી રોકવા સરકારે યોજના અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના કયા તબક્કે છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ થવા સંભવ છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) ડુબાણ વિસ્તારમાં આવતા ગામોના ખેડૂતોના વિરોધના કારણે સદર યોજના હાલ બંધ હાલતમાં છે.

(૩) સદર યોજના હાલ સ્થગિત હોવાથી તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ ખર્ચ થવા સંભવ નથી.

**નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના નોંધાયેલ કેસો**

૧૪૪૯૧ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૮માં નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) કુલ ૧૪ કેસ નોંધાયેલ હતા.

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- વર્ષની શરૂઆતમાં સ્ટેટ ટાસ્ક ફોર્સની બેઠક યોજવામાં આવે છે.
- સુરત રીજીયનના સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના સબંધિત વિભાગના અધિકારીઓ સાથે આંતર વિભાગીય બેઠક કરીને માર્ગદર્શન આપવામાં આવે છે.
- તમામ મેડિકલ, પેરા મેડિકલ સ્ટાફ તથા આશાઓને જૂન માસ પહેલાં લેપ્ટોસ્પાઈરોસીસ રોગ ચાળા અટકાયત કામગીરી માટે તાલીમ આપવામાં આવે છે.

- સેટકોમના માધ્યમથી આરોગ્ય કર્મચારીઓ અને આશાને માર્ગદર્શન આપવામાં આવે છે.
- હાઈરીસ્ક ગામોની યાદી તૈયાર કરી તેના ઉપર વધુ ધ્યાન આપવામાં આવે છે.
- આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે–ઘરે ફરીને તાવના કેસો શોધી સારવાર આપવામાં આવે છે.
- ખેતીવાડી અને પશુપાલનની કામગીરી સાથે સંકળાયેલા વ્યક્તિઓને આશા મારફતે કેપ, ડોક્સીસાયકલીનની કીમોપ્રોફાઈલેક્ષીસ સારવાર આપવામાં આવે છે.
- જેઓના હાથ પગમાં ચીરા હોય અને તેઓ પશુપાલન અને ખેતીવાડીની કામગીરી સાથે સંકળાયેલા હોય તેવા વ્યક્તિઓને આ રોગથી બચવા આયોડિન મલમ આપવામાં આવે છે.
- તમામ કેન્દ્ર ખાતે આ રોગ માટે જરૂરી દવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- જે દર્દીઓમાં શંકાસ્પદ લેપ્ટોસ્પાઈરોસીસના લક્ષણો જોવા મળે તેવા દર્દીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાયમરી સારવાર આપ્યા બાદ લેપ્ટોસ્પાઈરોસીસના ચોક્કસ નિદાન અને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે.
- ખેતીવાડી વિભાગ દ્વારા ઉંદર નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- પશુપાલન વિભાગ દ્વારા એનિમલ શીરો સર્વેલન્સની કામગીરી કરવામાં આવે છે.
- ગ્રામ્ય સંજીવની સમિતિની બેઠકમાં સભ્યોને લેપ્ટોસ્પાઈરોસીસ રોગ અટકાયતી પગલાં વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવે છે.
- આ રોગ વિષે જાહેર જનતામાં જાગૃતિ આવે તે માટે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે.
- જિલ્લા કક્ષાના, તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ અને તબીબી અધિકારીશ્રીઓ મારફતે સર્વેલન્સ કામગીરીનું સુપરવીઝન અને મોનીટરીંગ કરવામાં આવે છે.

**એસ્સાર પાવર ગુજરાત સાથે થયેલ વિજ ખરીદીના કરારો**

૧૬૨૯૩ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ્સાર પાવર ગુજરાત સાથે સને ૨૦૦૭માં રૂ.૨.૪૦ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ તે હકીકત સાચી છે, | (૧) હા,જી. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૨૬–૦૨–૨૦૦૭ ના રોજ મે. એસ્સાર પાવર ગુજરાત સાથે વીજ ખરીદી માટે રૂ. ૨.૪૦/ યુનિટ લેવાલાઈઝડ દરે ૨૫ વર્ષ માટેનો કરાર થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે લેવાલાઈઝડ દર એટલે બીડ દરમ્યાન બીડર દ્વારા વર્ષવાર દર્શાવવામાં આવેલ ૨૫ વર્ષના ટેરીફની બીડ મૂલ્યાંકન સમયની નેટ પ્રેસન્ટ વેલ્યુ (Net Present Value) પ્રમાણેની ગણતરીના દર છે જે માત્ર બીડ મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવામાં આવે છે અને સૌથી ઓછો લેવાલાઈઝડ |

દર ધરાવતી કંપની પસંદગી પામે છે. જ્યારે પ્રોજેક્ટ કાર્યરત થયા પછી વીજ ખરીદી પૈકી ચૂકવવા પાત્ર થતા વીજ દરની ગણતરી કરારમાં વર્ષવાર દર્શાવેલ ટેરીફ પ્રમાણે કરવામાં આવે છે.

વધુમાં, વીજ ખરીદ કરારમાં વીજ ઉત્પાદક દ્વારા દર્શાવેલ વીજ દર ''ચેન્જ ઈન લો'' મુજબ વિવિધ પરિબળો જેવા કે ટેક્સ, કલીન એનર્જી સેસ, કસ્ટમ ડ્યુટી, GST વગેરેના ફેરફારના કારણે થતા વધારા/ઘટાડા ને આધીન હોય છે જે માનનીય વીજ નિયમન આયોગની મંજૂરી બાદ ગણતરીમાં લેવામાં આવે છે. વધુમાં પ્રોજેક્ટ ડેવલપર દ્વારા બીડમાં જે પરિબળોના ભાવ US ડોલરમાં ભર્યા છે, તે પરિબળોની ગણતરી US ડોલરના રેટમાં થતા ફેરફાર પ્રમાણે થાય છે અને તે પ્રમાણે વીજ દરની ચૂકવણી કરવામાં આવે છે. આ કારણોસર, દર વર્ષે થતી ચૂકવણીના દર અલગ હોય છે.

(૨) જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રૂ.૩.૩૬ના દરે વીજળી ખરીદવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) ના,જી. તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ (મે સુધીમાં) સરેરાશ રૂ.૩.૧૩/યુનિટના દરે (પ્રોવિઝનલ) વીજ ખરીદી કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ખરીદવામાં આવેલ વીજળીનો સરેરાશ દર રૂ. ૩.૩૬/ યુનિટ હતો.

(૩) ૨૦૦૭માં ૨૫ વર્ષ માટે થયેલા કરાર બાદ યુનિટના દર વધારવાના કારણે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એસ્સાર પાવર ગુજરાતને કેટલી રકમ વધારે ચૂકવવામાં આવી?

(૩) ઉપરોક્ત સ્થિતિએ એસ્સાર પાવર ગુજરાત લીને વીજ ઉત્પાદન દરમાં વીજ કરારની શરતો સિવાય કોઈ વધારાની ચૂકવણી કરવામાં આવેલ નથી.

## ગાંધીનગર જિલ્લામાં ખાદ્યપદાર્થોની ચકાસણી બાબત

૧૫૩૨૦ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરતાં કેટલા ઔદ્યોગિક એકમોની ઉત્પાદનની ગુણવતા ચકાસણી કરવામાં આવી,

(૧)

| વર્ષ | તપાસ કરેલ ઔદ્યોગિક એકમોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | ૯૭ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | ૮૪ |
| **કુલ** | **૧૮૧** |

(૨) ઉક્ત સ્થિતિએ કલોલ તાલુકામાં ખાદ્યપદાર્થોની ઉત્પાદન કરતાં કેટલા એકમોની તપાસ કરતાં કેટલા એકમો કસૂરવાર જણાયા, અને

(૨)

| વર્ષ | તપાસ કરેલ પેઢીની સંખ્યા | કસૂરવાર ઔદ્યોગિક એકમોની સંખ્યા |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | ૧૫ | ૦ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | ૨૮ | ૯ |
| **કુલ** | **૪૩** | **૯** |

(૩) ઉક્ત સ્થિતિએ કસૂરવાર જણાયેલ એકમો સામે શું પગલાં ભરવામાં આવ્યા?

(૩)

| વર્ષ | કસૂરવાર ઔદ્યોગિક એકમોની સંખ્યા | લીધેલ પગલાંની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | એડજ્યુડીકર્ટીંગ ઓફિસર સમક્ષ | | | | કોર્ટ સમક્ષ | | |
| | | દાખલ કરેલ અરજી | દાખલ કરવાની બાકી | આવેલ ચુકાદાની વિગત | થયેલ દંડની રકમ રૂ. | દાખલ કરેલ કેસ | દાખલ કરવાના કેસ | ચુકાદાની વિગત |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | ૦ | ૦ | ૦ | ૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | ૯ | ૪ | ૫ | ૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |

---------

**રાજકોટ મહાનગરપાલિકામાં મંજૂર કરેલ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૧૪૫૪૯ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ-દક્ષિણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકામાં કેટલા અને કઈ જગ્યાએ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા?

**જવાબ**

તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકામાં એક શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર નારાયણનગર ખાતે મંજૂર કરવામાં આવેલ છે.

---------

**એસ્સાર પાવર કંપનીએ પાવર સપ્લાય ન કરતા દંડની વસૂલાત**

૧૬૨૮૭ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ્સાર પાવર કંપનીએ પાવર સપ્લાય કરવાના કરાર કર્યા પછી પાવર સપ્લાય ન કરે તો દંડ પેટે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કોઇ રકમ વસૂલ કરવાની થાય છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત છેલ્લા બે વર્ષમાં ક્યારે કેટલી રકમ મળી,

(૩) ઉક્ત રકમ કંપની સમયસર ચુકવતી ન હોય તો તેની સામે શા પગલાં લીધાં, અને ,

(૪) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં વસૂલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા,જી. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. અને એસ્સાર પાવર ગુજરાત લી સાથે થયેલ વીજ ખરીદ કરારની શરતો મુજબ પાવર સપ્લાય ન કરવા માટે એસ્સાર પાવર ગુજરાત લી. પાસેથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ.૬૮.૧૧ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૧૩૪.૧૭ કરોડની પેનલ્ટી વસૂલવાની થાય છે.

(૨) વીજ ખરીદ કરારની શરતો મુજબ પાછલા નાણાકીય વર્ષની વસૂલ કરવાની થતી પેનલ્ટીની રકમ ત્યાર પછીના નાણાકીય વર્ષના પ્રથમ મહિનાના વીજ ખરીદી બિલની ચૂકવવા પાત્ર રકમમાથી વસૂલ કરવાની હોય છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન એસ્સાર પાવર ગુજરાત લી.નો પાવર પ્લાન્ટ બંધ હોવાથી વીજ પુરવઠો પૂરો પડ્યો ન હોઇ દંડની રકમની વસૂલાત શક્ય થઇ શકી નથી

(૩) એસ્સાર પાવર ગુજરાત લિની રજૂઆત/વિનંતીને ગ્રાહ્ય રાખી દંડની રકમ ૩૬ હપ્તામાં વસૂલ કરવાનો નિર્ણય લેવાયેલ છે. વધુમાં કંપની પાસેથી વિલંબિત ચૂકવણી ચાર્જીસ (late payment surcharge) વસૂલ કરવામાં આવશે.

(૪) જૂન-૨૦૨૨ સુધીમાં

---------

**ભરૂચ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૪૫૮૨ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૯૭

(૨) રૂ.૬૫૫.૫૨ લાખ.

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરાર**

અતારાંકિત પ્રશ્નો

૧૬૩૦૫ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અદાણી પાવર લિ. સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ–૧ માં રૂ.૨.૮૯ અને બીડ–૨ માં રૂ.૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ તે હકીકત સાચી છે, | (૧) હા,જી. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૬.૨.૨૦૦૭ના રોજ અદાણી પાવર બીડ ૧ માટે રૂ.૨.૮૯/ યુનિટના લેવાલાઇઝડ દરે અને તા.૦૨–૦૨–૨૦૦૭ના રોજ અદાણી પાવર બીડ ૨ માટે રૂ.૨.૩૫/ યુનિટના લેવાલાઈઝ દરે ૨૫ વર્ષ માટેના વીજ ખરીદ કરાર થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે લેવાલાઈઝડ દર એટલે બીડ દરમ્યાન બીડર દ્વારા વર્ષવાર દર્શાવવામાં આવેલ ૨૫ વર્ષના ટેરિફની બીડ મૂલ્યાંકન સમયની નેટ પ્રેસન્ટ વૅલ્યુ (Net Present Value) પ્રમાણેની ગણતરીના દર છે જે માત્ર બીડ મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવામાં આવે છે અને સૌથી ઓછો લેવાલાઇઝડ દર ધરાવતી કંપની પસંદગી પામે છે. જ્યારે પ્રોજેક્ટ કાર્યરત થયા પછી વીજ ખરીદી પૈકી ચૂકવવા પાત્ર થતા વીજ દરની ગણતરી કરારમાં વર્ષવાર દર્શાવેલ ટેરીફ પ્રમાણે કરવામાં આવે છે.<br><br>વધુમાં, વીજ ખરીદ કરારમાં વીજ ઉત્પાદક દ્વારા દર્શાવેલ વીજ દર ''ચેન્જ ઈન લૉ'' મુજબ વિવિધ પરિબળો જેવા કે ટેક્સ, કલીન એનર્જી સેસ, કસ્ટમ ડ્યુટી, GST વગેરેના ફેરફારના કારણે થતા વધારા/ઘટાડાને આધીન હોય છે જે માનનીય વીજ નિયમન આયોગની મંજૂરી બાદ ગણતરીમાં લેવામાં આવે છે. આ કારણોસર, દર વર્ષે થતી ચૂકવણીના દર અલગ હોય છે. |
| (૨) જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બીડ–૧ માં રૂ.૩.૩૦ અને બીડ–૨માં રૂ.૨.૬૦ના દરે વીજળી ખરીદવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૨) ના,જી. તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ એટલે કે નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ (મે સુધીમાં) અદાણી બીડ ૧ માંથી સરેરાશ રૂ.૪.૨૮/ યુનિટના દરે અને બીડ ૨માંથી સરેરાશ રૂ.૩.૮૨/ યુનિટના દરે (પ્રોવિઝનલ)વીજ ખરીદી કરવામાં આવેલ છે જ્યારે વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન ખરીદવામાં આવેલ વીજળીનો સરેરાશ વીજ દર બીડ ૧ કરારનો રૂ.૩.૩૦/ યુનિટ અને બીડ ૨ કરારનો રૂ.૨.૬૦ યુનિટ હતો. |
| (૩) ૨૦૦૭માં ૨૫ વર્ષ માટે થયેલા કરાર બાદ યુનિટના દર વધારવાના કારણે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અદાણી પાવર લિ. ને કેટલી રકમ વધારે ચૂકવવામાં આવી ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર વધારાના કારણે વર્ષ ૨૦૧૭–૧૮માં કોઇ ચૂકવણી કરવામાં આવેલ નથી અને વર્ષ ૨૦૧૮–૧૯માં રૂ.૧૦૧૯ કરોડ (પ્રોવિઝનલ)ની ચૂકવણી કરવામાં આવી. |

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૧૪૪૮૭ **શ્રી પ્રવિણભાઇ ઘોઘારી** (કરંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમિયાન જે બાળકો ગંભીર બીમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારના ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઇ મર્યાદાઓ છે, કે કેમ ? | (૨) ના, જી. |

તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના નોંધાયેલ કેસો**

૧૪૫૪૭ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૮માં નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) કુલ ૧૪ કેસ નોંધાયેલ હતા.

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- વર્ષની શરૂઆતમાં સ્ટેટ ટાસ્ક ફોર્સની બેઠક યોજવામાં આવે છે.
- સુરત રીજીયનના સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના સબંધિત વિભાગના અધિકારીઓ સાથે આંતર વિભાગીય બેઠક કરીને માર્ગદર્શન આપવામાં આવે છે.
- તમામ મેડિકલ, પેરા મેડિકલ સ્ટાફ તથા આશાઓને જૂન માસ પહેલાં લેપ્ટોસ્પાઈરોસીસ રોગ ચાળા અટકાયત કામગીરી માટે તાલીમ આપવામાં આવે છે.
- સેટકોમના માધ્યમથી આરોગ્ય કર્મચારીઓ અને આશાને માર્ગદર્શન આપવામાં આવે છે.
- હાઈરીસ્ક ગામોની યાદી તૈયાર કરી તેના ઉપર વધુ ધ્યાન આપવામાં આવે છે.
- આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે–ઘરે ફરીને તાવના કેસો શોધી સારવાર આપવામાં આવે છે.
- ખેતીવાડી અને પશુપાલનની કામગીરી સાથે સંકળાયેલા વ્યક્તિઓને આશા મારફતે કેપ, ડોક્સીસાયક્લીનની કીમોપ્રોફાઈલેક્ષીસ સારવાર આપવામાં આવે છે.
- જેઓના હાથ પગમાં ચીરા હોય અને તેઓ પશુપાલન અને ખેતીવાડીની કામગીરી સાથે સંકળાયેલા હોય તેવા વ્યક્તિઓને આ રોગથી બચવા આયોડિન મલમ આપવામાં આવે છે.
- તમામ કેન્દ્ર ખાતે આ રોગ માટે જરૂરી દવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- જે દર્દીઓમાં શંકાસ્પદ લેપ્ટોસ્પાઈરોસીસના લક્ષણો જોવા મળે તેવા દર્દીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાયમરી સારવાર આપ્યા બાદ લેપ્ટોસ્પાઈરોસીસના ચોક્કસ નિદાન અને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે.
- ખેતીવાડી વિભાગ દ્વારા ઉંદર નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- પશુપાલન વિભાગ દ્વારા એનિમલ શીરો સર્વેલન્સની કામગીરી કરવામાં આવે છે.
- ગ્રામ્ય સંજીવની સમિતિની બેઠકમાં સભ્યોને લેપ્ટોસ્પાઈરોસીસ રોગ અટકાયતી પગલાં વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવે છે.

- આ રોગ વિષે જાહેર જનતામાં જાગૃતિ આવે તે માટે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે.
- જિલ્લા કક્ષાના, તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ અને તબીબી અધિકારીશ્રીઓ મારફતે સર્વેલન્સ કામગીરીનું સુપરવીઝન અને મોનીટરીંગ કરવામાં આવે છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં જળાશયો, ડેમોને સૌની યોજનામાં સમાવેશ**

૧૬૦૬૧ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ક્યા જળાશયો, ડેમોનો સૌની યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે,

(૧)

| ક્રમ | તાલુકા | જળાશય/ડેમ |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | વઢવાણ ભોગાવો–૨ |
| ૨ | મૂળી | વઢવાણ ભોગાવો–૧ |
| ૩ | ચોટીલા | ત્રિવેણી ઠાંગા |
| ૪ | વઢવાણ | લીંબડી ભોગાવો–૨ |
| ૫ | સાયલા | લીંબડી ભોગાવો–૧ |
| ૬ | ચોટીલા | મોરસલ |

(૨) તે પૈકી ક્યા જળાશયો, ડેમોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૌની યોજના અંતર્ગત કેટલું પાણી ભરવામાં આવ્યું,

(૨)

| જળાશયો/ડેમ | પાણીનો જથ્થો (એમ.સી.એફ.ટી) |
|---|---|
| વઢવાણ ભોગાવો–૨ | ૬૮૦૧ |
| વઢવાણ ભોગાવો–૧ | ૭૫ |
| લીંબડી ભોગાવો–૨ | ૨૦૧૩ |

(૩) ઉક્ત ભરવામાં આવેલ પાણી પૈકી કેટલું પાણી સિંચાઇ માટે અને કેટલું પાણી પીવા માટે વાપરવામાં આવ્યું ?

(૩) સૌની યોજના દ્વારા આપવામાં આવેલ પાણી રો વોટર તરીકે આપવામાં આવેલ છે અને મહત્તમ પાણી પીવા માટે ઉપયોગ કરવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લામાં ચેકડેમ રીપેરીંગનો ખર્ચ**

૧૪૫૯૦ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા ચેકડેમ રીપેરીંગ કરવામાં આવ્યા, અને

(૧) ૬૨ ચેકડેમ

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂા.૧૧૩.૦૫ લાખ.

---------

**ભાવનગર જિલ્લામાં ધોળા જંકશન પાસે રેલવે આરઓબી માટેનું મંજૂર થયેલ કામ**

૧૬૦૭૬ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ધોળા જંકશન પાસે રેલવે ઓવરબ્રીજ માટેનું કામ

(૧), (૨), (૩) અને (૪) હા જી.

મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે,

(૩) ઉક્ત જંકશન પરના રસ્તાનું કામ પૂર્ણ થયેલ હોય અને આરઓબીનું કામ પૂર્ણ કરવામાં ન આવેલ હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત આરઓબીનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

ઘોળા જંકશન પાસે ઘોળા – રંઘોળા રોડ પર મંજૂર થયેલ રેલવે ઓવર બ્રિજની કામગીરી સ્થળ ફેરફાર કરી ઘોળા બાયપાસ પર રેલવે ઓવર બ્રીજ બનાવવાની બાબત વિચારણા હેઠળ છે.

---------

## દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં રસ્તાઓ મંજૂર કરવા બાબત

૧૬૦૪૦ **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા અને અમીરગઢ તાલુકામાં વર્ષવાર ૨૫૦થી ઓછી આદિવાસી વસ્તી ધરાવતા ગામ–ફળીયાના કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

૧ રસ્તાનું કામ મંજૂર થયેલ છે. જે ડી.ટી.પી બનાવવાની પ્રક્રિયા હેઠળ છે.

---------

## શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો

૧૪૫૦૧ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બીમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે, કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બાળકોને કોકલીયર ઈમ્પાલન્ટના ઓપરેશન

૧૪૫૨૫ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમમાં જન્મજાત બધિરતાંવાળા બાળકોની સારવાર માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમમાં જન્મજાત બધિરતાંવાળા બાળકોની સારવાર માટે ૮ હોસ્પિટલોમાં કોકલીયર ઈમ્પ્લાન્ટના ઓપરેશન કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કેટલા બાળકોને કોકલીયર ઈમ્પાલન્ટ ઓપરેશન કરવામાં આવ્યા?

(૨) છેલ્લા એક વર્ષમાં અમદાવાદ સિવિલમાં ૯૭ બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટના ઓપરેશન કરવામાં આવ્યા.

**અમરેલી જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૦૮ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર આવેલ સરકારી હોસ્પિટલની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક-૧ સામેલ છે.
સામૂહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક-૨ સામેલ છે.
પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક-૩ સામેલ છે.

(૨) *પત્રક- ૧,૨,૩ સામેલ છે.

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના નોંધાયેલ કેસો**

૧૪૫૪૫ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૮માં નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) કુલ ૧૪ કેસ નોંધાયેલ હતા.

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- વર્ષની શરૂઆતમાં સ્ટેટ ટાસ્ક ફોર્સની બેઠક યોજવામાં આવે છે.
- સુરત રીજીયનના સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના સબંધિત વિભાગના અધિકારીઓ સાથે આંતર વિભાગીય બેઠક કરીને માર્ગદર્શન આપવામાં આવે છે.
- તમામ મેડિકલ, પેરા મેડિકલ સ્ટાફ તથા આશાઓને જૂન માસ પહેલાં લેપ્ટોસ્પાઈરોસીસ રોગ ચાળા

અટકાયત કામગીરી માટે તાલીમ આપવામાં આવે છે.

- સેટકોમના માધ્યમથી આરોગ્ય કર્મચારીઓ અને આશાને માર્ગદર્શન આપવામાં આવે છે.
- હાઈરીસ્ક ગામોની યાદી તૈયાર કરી તેના ઉપર વધુ ધ્યાન આપવામાં આવે છે.
- આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે-ઘરે ફરીને તાવના કેસો શોધી સારવાર આપવામાં આવે છે.
- ખેતીવાડી અને પશુપાલનની કામગીરી સાથે સંકળાયેલા વ્યક્તિઓને આશા મારફતે કેપ, ડોક્સીસાયક્લીનની કીમોપ્રોફાઈલેક્ષીસ સારવાર આપવામાં આવે છે.
- જેઓ ના હાથ પગમાં ચીરા હોય અને તેઓ પશુપાલન અને ખેતીવાડીની કામગીરી સાથે સંકળાયેલા હોય તેવા વ્યક્તિઓને આ રોગથી બચવા આયોડિન મલમ આપવામાં આવે છે.
- તમામ કેન્દ્ર ખાતે આ રોગ માટે જરૂરી દવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- જે દર્દીઓમાં શંકાસ્પદ લેપ્ટોસ્પાઈરોસીસના લક્ષણો જોવા મળે તેવા દર્દીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાયમરી સારવાર આપ્યા બાદ લેપ્ટોસ્પાઈરોસીસના ચોક્કસ નિદાન અને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે.
- ખેતીવાડી વિભાગ દ્વારા ઉંદર નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- પશુપાલન વિભાગ દ્વારા એનિમલ શીરો સર્વેલન્સની કામગીરી કરવામાં આવે છે.
- ગ્રામ્ય સંજીવની સમિતિની બેઠકમાં સભ્યોને લેપ્ટોસ્પાઈરોસીસ રોગ અટકાયતી પગલાં વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવે છે.
- આ રોગ વિષે જાહેર જનતામાં જાગૃતિ આવે તે માટે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે.
- જિલ્લા કક્ષાના, તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ અને તબીબી અધિકારીશ્રીઓ મારફતે સર્વેલન્સ કામગીરીનું સુપરવીઝન અને મોનીટરીંગ કરવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો.**

૧૪૫૭૧ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૧૯ તળાવો. |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૨૧૪.૧૭ લાખ.<br>• તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ-૨૦૧૯માં |

ઊંડા કરવામાં આવેલ તળાવોના માપો લઈ તેનું આખરીકરણ કરવાનું કામ હાલ પ્રગતિમાં છે.

(૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે?

(૩) ૭૩૩.૦૨૨ મિલિયન લિટર
તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ-૨૦૧૯માં ઊંડા કરવામાં આવેલ તળાવોના માપો લઈ તેનું આખરીકરણ કરવાનું કામ હાલ પ્રગતિમાં છે.

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૬૩૧૪ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

(૧) ભાવનગર જિલ્લામાં ૪૦૫
- બોટાદ જિલ્લામાં ૧૨૩ તળાવો ઊંડા કરવામાં આવ્યા.

**ભાવનગર જિલ્લો**

| ક્રમ | તાલુકો | તળાવો ઊંડા કરવામાં આવ્યા |
|---|---|---|
| (૧) | ભાવનગર | ૪૭ |
| (૨) | મહુવા | ૬૬ |
| (૩) | પાલીતાણા | ૫૧ |
| (૪) | ગારીયાધાર | ૪૪ |
| (૫) | ઉમરાળા | ૨૭ |
| (૬) | જેસર | ૩૮ |
| (૭) | વલ્લભીપુર | ૨૧ |
| (૮) | સિંહોર | ૫૫ |
| (૯) | ઘોઘા | ૩૨ |
| (૧૦) | તળાજા | ૨૪ |
| | **કુલ** | **૪૦૫** |

**બોટાદ જિલ્લો**

| ક્રમ | તાલુકો | તળાવો ઊંડા કરવામાં આવ્યા |
|---|---|---|
| (૧) | બોટાદ | ૨૯ |
| (૨) | બરવાળા | ૧૫ |
| (૩) | ગઢડા | ૫૬ |
| (૪) | રાણપુર | ૨૩ |
| | **કુલ** | **૧૨૩** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ભાવનગર જિલ્લામાં રૂ.૮૪.૭૫ લાખ અને
- બોટાદ જિલ્લામાં રૂ.૯૭.૯૮ લાખ.

**ભાવનગર જિલ્લો**

| ક્રમ | તાલુકો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| (૧) | ભાવનગર | ૧૪.૪૧ |
| (૨) | મહુવા | ૬.૫૪ |
| (૩) | પાલીતાણા | ૨૪.૨૫ |
| (૪) | ગારીયાધાર | ૭.૩૬ |
| (૫) | ઉમરાળા | ૨.૨૫ |
| (૬) | જેસર | ૪.૯૬ |
| (૭) | વલ્લભીપુર | ૧.૯૩ |
| (૮) | સિહોર | ૩.૪૧ |
| (૯) | ઘોઘા | ૮.૧૧ |

| | | |
|---|---|---|
| (૧૦) | તળાજા | ૧૧.૫૩ |
| | **કુલ** | **૮૪.૭૫** |

**બોટાદ જિલ્લો**

| **ક્રમ** | **તાલુકો** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| (૧) | બોટાદ | ૩૪.૫૮ |
| (૨) | બરવાળા | ૯.૦૨ |
| (૩) | ગઢડા | ૬૫.૩૫ |
| (૪) | રાણપુર | ૨૩.૭૭ |
| | **કુલ** | **૧૩૨.૭૨** |

(૩) તળાવો ઊંડા થવાથી તાલુકાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો?

(૩)
- ભાવનગર જિલ્લામાં ૨૦૪૦.૬૭ મી. લિટર અને
- બોટાદ જિલ્લામાં ૬૧૬.૫૨ મી. લિટર તળાવો.

**ભાવનગર જિલ્લો**

| **ક્રમ** | **તાલુકો** | **પાણીની સંગ્રહ ક્ષમતામાં થયેલ વધારો (મિલિયન લિટર)** |
|---|---|---|
| (૧) | ભાવનગર | ૧૮૮.૮૭ |
| (૨) | મહુવા | ૩૬૯.૮૧ |
| (૩) | પાલીતાણા | ૩૮૨.૬૭ |
| (૪) | ગારીયાધાર | ૨૩૪.૮૫ |
| (૫) | ઉમરાળા | ૧૧૧.૫૬ |
| (૬) | જેસર | ૨૦૫.૫૭ |
| (૭) | વલ્લભીપુર | ૭૫.૮૮ |
| (૮) | સિહોર | ૨૯૭.૦૪ |
| (૯) | ઘોઘા | ૧૦૨.૫૦ |
| (૧૦) | તળાજા | ૭૧.૯૨ |
| | **કુલ** | **૨૦૪૦.૬૭** |

**બોટાદ જિલ્લો**

| **ક્રમ** | **તાલુકો** | **પાણીની સંગ્રહક્ષમતામાં થયેલ વધારો (મિલિયન લિટર)** |
|---|---|---|
| (૧) | બોટાદ | ૧૬૮.૭૩ |
| (૨) | બરવાળા | ૫૫.૫૬ |
| (૩) | ગઢડા | ૨૭૭.૦૫ |
| (૪) | રાણપુર | ૧૧૫.૧૮ |
| | **કુલ** | **૬૧૬.૫૨** |

## સ્ટેચ્યૂ ઓફ યૂનિટી ખાતે મુલાકાત લીધેલ પ્રવાસીઓ

૧૩૩૦૭ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં કેવડિયા ખાતે આવેલ સ્ટેચ્યૂ ઓફ યૂનિટી ખાતે તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે, અને

(૨) પ્રવાસીઓ માટે કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) નવેમ્બર-૨૦૧૮થી માર્ચ ૨૦૧૯ સુધીમાં કુલ ૧૨,૧૨,૨૮૩ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે.

(૨) શ્રેષ્ઠ ભારત ભવનથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી તથા અન્ય જોવા લાયક સ્થળોએ બસ સર્વિસ., પ્રવાસીઓને માર્ગદર્શન માટે ગાઈડ, ઓનલાઈન ટીકીટ, બધાજ પ્રકારના વાહનો માટે પૂરતી પાર્કીંગ વ્યવસ્થા, લોકરની વ્યવસ્થા, પીવાના પાણીની, જાહેર શૌચાલયની, આઈસ્ક્રિમ તથા ઠંડા પીણા માટે પાર્લર, ફુડકોર્ટના સ્ટોલ્સ, સોવીનાર શોપ, પ્રોજેક્શન મેપીંગ શો માટે બેઠક વ્યવસ્થા, ઈમરજન્સી માટે ૧૦૮ની સુવિધા, ગોલ્ફકોર્ટ, રાત્રી રોકાણ માટે ટેન્ટ સીટી, વગેરે..

---------

**કલ્પસર યોજનાની કામગીરી**

૧૬૩૧૧ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કલ્પસર યોજનાની કામગીરી કયા તબક્કે છે. | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કલ્પસર યોજના અંતર્ગત સમુદ્રશાસ્ત્ર અને પર્યાવરણીય સંબંધિત વિવિધ અભ્યાસો ઉપરાંત કલ્પસર ડેમ બનાવવા માટેના સંલગ્ન પાસાઓ તથા તેની અસરો સહિતના વિવિધ અભ્યાસો હાથ ધરવામાં આવેલ છે. કલ્પસર યોજનાના શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી પૈકી કુલ ૨૫ અભ્યાસો પૂર્ણ થયેલ છે, જ્યારે ૦૮ અભ્યાસો પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત યોજના ક્યારે શરૂ કરવામાં આવેલ, | (૨) ઉક્ત યોજના શરૂ કરવા અગાઉ તા.૨૨–૦૧–૨૦૦૩ના રોજ સરકારશ્રીએ રૂ.૮૪ કરોડની વહીવટી મંજૂરી આપેલી હતી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) ઉક્ત સ્થિતિએ, કલ્પસર યોજના માટે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે. |

| નં. | વર્ષ | રૂ. લાખમાં |
|---|---|---|
| ૧. | ૨૦૧૭–૧૮ | ૩૫૯૦.૯૫ |
| ૨. | ૨૦૧૮–૧૯ | ૨૦૩૬.૦૨ |
| ૩. | ૨૦૧૯–૨૦ (તા.૩૧–૦૫–૨૦૧૯ સુધી) | ૫૬.૦૪ |
| | **કુલ ખર્ચ રૂ.લાખમાં** | **૫૬૮૩.૦૧** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ પૂર્ણ થયા પછી સદર અહેવાલ અંતર્ગત સક્ષમકક્ષાએથી તેમજ રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાનું નિર્માણ કાર્ય શક્ય તેટલું જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**સુરત જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૬૩ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૦૧ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ. ૪૭૩.૪૫ લાખ |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૭૧.૩૪૨ મી. ઘનફૂટ |

---------

**છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૦૯૭ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર | (૧) અને (૨) પત્રક–૧, ૨ સામેલ છે. |

અને નર્મદા જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત મંજૂર મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**એસ્સાર પાવર કંપનીએ પાવર સપ્લાય ન કરેલ પાસેથી દંડની વસૂલાત**

૧૬૨૯૦ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ્સાર પાવર કંપનીએ પાવર સપ્લાય કરવાના કરાર કર્યા પછી પાવર સપ્લાય ન કરે તો દંડ પેટે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કોઇ રકમ વસૂલ કરવાની થાય છે કે કેમ, | (૧) હા,જી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. અને એસ્સાર પાવર ગુજરાત લી સાથે થયેલ વીજ ખરીદ કરારની શરતો મુજબ પાવર સપ્લાય ન કરવા માટે એસ્સાર પાવર ગુજરાત લી. પાસેથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ.૬૮.૧૧ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૧૩૪.૧૭ કરોડની પેનલ્ટી વસૂલવાની થાય છે. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત છેલ્લા બે વર્ષમાં ક્યારે કેટલી રકમ મળી, | (૨) વીજ ખરીદ કરારની શરતો મુજબ પાછલા નાણાકીય વર્ષની વસૂલ કરવાની થતી પેનલ્ટીની રકમ ત્યાર પછીના નાણાકીય વર્ષના પ્રથમ મહિનાના વીજ ખરીદી બિલની ચૂકવવા પાત્ર રકમમાથી વસૂલ કરવાની હોય છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન એસ્સાર પાવર ગુજરાત લી.નો પાવર પ્લાન્ટ બંધ હોવાથી વીજ પુરવઠો પૂરો પડ્યો ન હોઇ દંડની રકમની વસૂલાત શક્ય થઇ શકી નથી |
| (૩) ઉક્ત રકમ કંપની સમયસર ચૂકવતી ન હોય તો તેની સામે શાં પગલાં લીધાં, અને | (૩) એસ્સાર પાવર ગુજરાત લિની રજૂઆત/વિનંતીને ગ્રાહ્ય રાખી દંડની રકમ ૩૬ હપ્તામાં વસૂલ કરવાનો નિર્ણય લેવાયેલ છે. વધુમાં કંપની પાસેથી વિલંબિત ચૂકવણી ચાર્જિસ (late payment surcharge) વસૂલ કરવામાં આવશે. |
| (૪) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં વસૂલ કરવામાં આવશે ? | (૪) જૂન-૨૦૨૨ સુધીમાં |

---------

**ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૬૭ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૧૯૬ તળાવો |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૨૬૨.૫૪ લાખ. (રૂ.૯૭.૭૦ લાખ સરકારનો ફાળો રૂ.૧૬૪.૮૪ લાખ સંસ્થાઓનો ફાળો)

(૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૭.૫૯ લાખ ઘન મીટર. (૭૫૯ મિલિયન લિટર)

---------

**સાબરકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૫૨ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૩૨૪ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂપિયા ૪૭૭.૨૫ લાખ |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૩૪.૬૯ મિ.ઘન ફુટ |

---------

**દાહોદ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૩૯ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) પત્રક-૧, ૨, ૩ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૧૪૪૯૯ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા | (૧) હા, જી. |

આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બીમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે કે કેમ? — (૨) ના, જી.

---------

**વલસાડ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૭૦ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત-પશ્ચિમ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૧૨૮ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૧૭૭.૬૪ લાખ |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૧૩.૬૪ મી. ઘનફુટ. |

---------

**અરવલ્લી જિલ્લામાં નવી કેનાલ બનાવવા બાબત**

૧૬૦૪૩ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા અને ધનસુરા તાલુકાના માઝુમ ડેમમાંથી જમણા કાંઠાની નવી કેનાલ, કમાન્ડ એરીયા વધારી, બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રજુઆત/માંગણીઓ સરકારને મળી, અને | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**આણંદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ**

૧૪૫૩૯ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૧)

| | |
|---|---|
| મા યોજના | ૧,૨૪૧ કાર્ડ |
| મા વાત્સલ્ય યોજના | ૫૭,૩૫૯ કાર્ડ |
| **કુલ** | ૫૮,૬૦૦ કાર્ડ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે?

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે કુલ આઠ કિઓસ્ક કાર્યરત કરેલ છે.

---------

**સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલોનું બાકી કામ**

૧૬૨૮૧ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલો બનાવવાનું કામ | (૧) હા, જી. |

બાકી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેટલા કિ.મિ. કેનાલનું કામ બાકી છે,

(૨) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની અંદાજીત લંબાઈ ૨૭૩૦.૫૮ પૈકી ૧૧૦.૯૮ કિ.મિ. વિશાખા નહેરોની અંદાજીત લંબાઈ ૪૫૬૯.૪૧ પૈકી ૨૦૯.૮૨ કિ.મિ., પ્રશાખા નહેરોની અંદાજીત લંબાઈ ૧૫૬૬૯.૯૪ પૈકી ૧૬૯૧.૪૪ કિ.મિ. તથા પ્રપ્રશાખા નહેરોની અંદાજીત લંબાઈ ૪૮૩૧૯.૯૪ પૈકી ૮૭૮૩.૫૭ કિ.મિ. લંબાઈમાં કામ બાકી છે.
અંદાજીત લંબાઈમાં વધઘટ થવાનો સંભવ છે.

(૩) આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીનસંપાદન, જંગલ અને અભયારણ્યમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલવે, રસ્તાઓ, ગેસ/ઓઈલ પાઈપ લાઈન, ટેલિફોન/ ઈલેક્ટ્રિક લાઈન વગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે.
પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઈ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે.

(૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ ૭૦૧૬૭.૫૫ કરોડનું ખર્ચ થયેલ છે.

---------

## મહેસાણા જિલ્લામાં ચેકડેમ રીપેરીંગનો ખર્ચ

૧૪૫૯૨ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા ચેકડેમ રીપેરીંગ કરવામાં આવ્યા, અને | (૧) ૬૨ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ.૧૧૩.૦૫ લાખ |

## નવસારી જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ

૧૬૩૬૪ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) પત્રક-૧, ૨, ૩ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**વલસાડ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૭૭ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૧૨૮ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ. ૧૭૭.૬૪ લાખ. |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૧૩.૬૪ મી. ઘનફૂટ |

---------

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકો**

૧૪૪૯૪ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમિયાન જે બાળકો ગંભીર બિમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઇ મર્યાદાઓ છે, કે કેમ? | (૨) ના, જી. |

---------

**સુરત જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૬૪ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૦૧ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ. ૪૭૩.૪૫ લાખ |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૭૧.૩૪૨ મી. ઘનફૂટ |

---------

**બોરસદ તાલુકામાં ક્ષારના પ્રમાણને વધતું અટકાવવા બાબત**

૧૬૦૮૨ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં ખંભાતના અખાતને કારણે જમીનમાં ક્ષારનું પ્રમાણ વધતું જાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્ષારનું પ્રમાણ વધતું અટકાવવા માટે કેટલી રકમનો ક્યા કામ માટે ખર્ચ કરવામાં આવ્યો? | (૨) ક્ષારપ્રવેશ અટકાવવા માટેના ભરતી નિયંત્રક અંગેના નકશા અંદાજ બનાવવાની કામગીરી પ્રગતિમાં હોઈ કોઈ ખર્ચ નોંધાયેલ નથી. |

---------

**કોસ્ટલ ગુજરાત સાથે થયેલ વીજ ખરીદીના કરારો**

૧૬૩૦૨ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે સને | (૧) હાજી. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા |

૨૦૦૬માં રૂ.૨.૨૬ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ તે હકીકત સાચી છે, અને

તા.૨૨-૦૪-૨૦૦૭ ના રોજ મે. કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે વીજ ખરીદી માટે રૂ.૨.૨૬/યુનિટ લેવાલાઈઝ્ડ દરે ૨૫ વર્ષ માટે કરાર થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે લેવાલાઈઝ્ડ દર એટલે બીડ દરમ્યાન બીડર દ્વારા વર્ષવાર દર્શાવવામાં આવેલ ૨૫ વર્ષના ટેરીફની બીડ મૂલ્યાંકન સમયની નેટ પ્રેસન્ટ વેલ્યુ (Net Present Value) પ્રમાણેની ગણતરીના દર છે જે માત્ર બીડ મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવામાં આવે છે અને સૌથી ઓછો લેવાલાઈઝ્ડ દર ધરાવતી કંપની પસંદગી પામે છે. જ્યારે પ્રોજેક્ટ કાર્યરત થયા પછી વીજ ખરીદી પૈકી ચૂકવવા પાત્ર થતા વીજ દરની ગણતરી કરારમાં વર્ષવાર દર્શાવેલ ટેરીફ પ્રમાણે કરવામાં આવે છે.

વધુમાં, વીજ ખરીદ કરારમાં વીજ ઉત્પાદક દ્વારા દર્શાવેલ વીજ દર "ચેન્જ ઇન લો" મુજબ વિવિધ પરિબળો જેવા કે, ટેક્સ, ક્લીન એનર્જી સેસ, કસ્ટમ ડ્યુટી, GST વગેરેના ફેરફારના કારણે થતા વધારા/ઘટાડાને આધીન હોય છે જે માનનીય વીજ નિયમન આયોગની મંજૂરી બાદ ગણતરીમાં લેવામાં આવે છે. વધુમાં પ્રોજેક્ટ ડેવલપર દ્વારા બીડમાં જે પરિબળોના ભાવ US ડોલરમાં ભર્યા છે, તે પરિબળોની ગણતરી US ડોલરના રેટમાં થતા ફેરફાર પ્રમાણે થાય છે અને તે પ્રમાણે વીજ દરની ચૂકવણી કરવામાં આવે છે. આ કારણોસર, દર વર્ષે થતી ચૂકવણીના દર અલગ હોય છે.

(૨) જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રૂ.૨.૬૩ના દરે વીજળી ખરીદવામાં આવે છે તે હકીકત સાચી છે?

(૨) ના, જી. તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ (મે સુધીમાં) સરેરાશ રૂ.૨.૭૯/યુનિટના દરે (પ્રોવિઝનલ) વીજ ખરીદી કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ખરીદવામાં આવેલ વીજળીનો સરેરાશ દર રૂ.૨.૬૩/યુનિટ હતો.

---------

### શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકો

૧૪૫૦૨ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બિમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઇ મર્યાદાઓ છે, કે કેમ? | (૨) ના, જી. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ

૧૬૨૪૯ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય | (૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલ સરકારી હોસ્પિટલની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક-૧ |

કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

સામેલ છે.
સામૂહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૨ સામેલ છે.
પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૩ સામેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) *પત્રક–૧, ૨, ૩ સામેલ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

## દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના અન્વયે નવા રોડ બનાવવાનો ખર્ચ

૧૬૦૯૧ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના અન્વયે કેટલા નવા રોડ બનાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાના તાલુકાવાર નવા રોડ બનાવેલ.

| તાલુકા | તા.૧–૬–૧૭ થી તા.૩૧–૫–૧૮ વર્ષ દરમ્યાન બનાવેલ નવા રોડ | તા.૧–૬–૧૮ થી તા.૩૧–૫–૧૯ વર્ષ દરમ્યાન બનાવેલ નવા રોડ |
|---|---|---|
| દાહોદ | ૧૩ | ૨૩ |
| ગરબાડા | ૦ | ૩ |
| ઝાલોદ | ૨ | ૧૨ |
| ફતેપુરા | ૪ | ૧ |
| સંજેલી | ૬ | ૦ |
| લીમખેડા | ૭ | ૧૧ |
| ધાનપુર | ૧ | ૮ |
| સીંગવડ | – | – |
| દે. બારીયા | – | ૧૦ |
| **કુલઃ–** | **૩૩** | **૬૮** |

(૨) તે માટે વર્ષવાર તાલુકાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) તે માટે વર્ષવાર તાલુકાવાર ખર્ચ કરવામાં આવ્યો.

| તાલુકા | તા.૧–૬–૧૭ થી તા.૩૧–૫–૧૮ વર્ષ દરમ્યાન બનાવેલ નવા રોડ | તા.૧–૬–૧૮ થી તા.૩૧–૫–૧૯ વર્ષ દરમ્યાન બનાવેલ નવા રોડ |
|---|---|---|
| દાહોદ | ૪૨૨.૯૭ | ૫૯૫.૦૦ |
| ગરબાડા | – | ૨૭.૦૧ |
| ઝાલોદ | ૧૨૮.૬૭ | ૪૮૦.૪૧ |
| ફતેપુરા | ૨૮૭.૫૬ | ૦.૦૦ |
| સંજેલી | ૩૦૦.૬૬ | ૦.૦૦ |
| લીમખેડા | ૨૩૫.૭૩ | ૨૨૪.૯૪ |
| ધાનપુર | ૫૬.૬૭ | ૧૩૯.૮૨ |
| સીંગવડ | – | – |
| દે. બારીયા | – | ૨૨૬.૬૯ |
| **કુલઃ–** | **૧૪૩૨.૨૬** | **૧૬૯૩.૮૭** |

---------

અતારાંકિત પ્રશ્નો

**છોટા ઉદેપુર જિલ્લાના પાનવડ–ચલામલી–કોશીન્દ્રા માર્ગને પહોળો કરવા બાબત**

૧૬૩૪૫ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ તથા જેતપુર પાવી અને બોડેલી તાલુકાને સાંકળતા રાજ્ય રસ્તા પાનવડ–ચલામલી–કોશીન્દ્રા માર્ગને પહોળો કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૧) અને (૨) આ રસ્તાની રીસરફેસીંગની કામગીરી પૂર્ણ થયેલ છે, પહોળો કરવાની મંજૂરી મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરત જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૬૫ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૦૧ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ. ૪૭૩.૪૫ લાખ |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૭૧.૩૪૨ મી. ઘનફૂટ |

**કોસ્ટલ ગુજરાત સાથે થયેલ વીજ ખરીદીના કરારો**

૧૬૩૨૩ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે સને ૨૦૦૬માં રૂ.૨.૨૬ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૨૨–૦૪–૨૦૦૭ના રોજ મે.કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે વીજ ખરીદી માટે રૂ.૨.૨૬/ યુનિટ લેવાલાઈઝ્ડ દરે ૨૫ વર્ષ માટેનો કરાર થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે લેવાલાઈઝ્ડ દર એટલે બીડ દરમ્યાન બીડર દ્વારા વર્ષવાર દર્શાવવામાં આવેલ ૨૫ વર્ષના ટેરીફની બીડ મૂલ્યાંકન સમયની નેટ પ્રેસન્ટ વેલ્યુ (Net Present Value) પ્રમાણેની ગણતરીના દર છે જે માત્ર બીડ મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવામાં આવે છે અને સૌથી ઓછો લેવાલાઈઝ્ડ દર ધરાવતી કંપની પસંદગી પામે છે. જ્યારે પ્રોજેક્ટ કાર્યરત થયા પછી વીજ ખરીદી પૈકી ચૂકવવા પાત્ર થતા વીજ દરની ગણતરી કરારમાં વર્ષવાર દર્શાવેલ ટેરીફ પ્રમાણે કરવામાં આવે છે.<br>વધુમાં, વીજ ખરીદ કરારમાં વીજ ઉત્પાદક દ્વારા દર્શાવેલ વીજ દર ''ચેન્જ ઈન લો'' મુજબ વિવિધ પરિબળો જેવા કે ટેક્સ, કલીન એનર્જી સેસ, કસ્ટમ ડયુટી, GST વગેરેના ફેરફારના કારણે થતા વધારા/ઘટાડાને આધીન હોય છે જે માનનીય વીજ નિયમન આયોગની મંજૂરી બાદ ગણતરીમાં લેવામાં આવે છે. વધુમાં પ્રોજેક્ટ ડેવલપર દ્વારા બીડમાં જે પરિબળોના ભાવ US ડોલરમાં ભર્યા છે, તે પરિબળોની ગણતરી US ડોલરના રેટમાં થતા ફેરફાર પ્રમાણે થાય છે અને તે પ્રમાણે વીજ દરની ચૂકવણી કરવામાં આવે છે. આ કારણોસર, દર વર્ષે થતી ચૂકવણીના દર અલગ હોય છે. |
| (૨) જો હા, તો ઉકત કરારો બાદ તા.૩૧–૦૫– | (૨) ના, જી. તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ |

અતારાંકિત પ્રશ્નો

૨૦૧૯ ની સ્થિતિએ રૂ.૨.૬૩ના દરે વીજળી ખરીદવામાં આવે છે તે હકીકત સાચી છે ?

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ (મે સુધીમાં) સરેરાશ રૂ.૨.૭૯/- યુનિટના દરે (પ્રોવિઝનલ) વીજ ખરીદી કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ખરીદવામાં આવેલ વીજળીનો સરેરાશ દર રૂ.૨.૬૩/- યુનિટ હતો.

---------

**કચ્છ જિલ્લામાં બે ટોલટેકસ વચ્ચે અંતર જાળવવા બાબત**

૧૬૦૩૯ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાઓના ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓ પરના બે રસ્તાઓ વચ્ચે ટોલટેકસમાં ચોકકસ અંતર જાળવવામાં આવેલ નથી તેવી ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ફરિયાદ નિવારવા સરકારે શું પગલાં લીધાં, અને

(૩) નિયમો મુજબ ચોક્કસ અંતર જાળવવા નજીકના ટોલટેકસ ક્યાં સુધીમાં દૂર કરવા માટે કાર્યવાહી કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) અબડાસા અને લખપત તાલુકામાં મા.મ. વિભાગ હસ્તકના કોઈ રસ્તા પર ટોલ ટેક્સ લેવામાં આવતો નથી અને નખત્રાણા તાલુકામાં બે ટોલ ટેક્સ વચ્ચે ચોક્કસ અંતર જાળવવામાં આવેલ નથી તેવી કોઈ ફરિયાદ મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પંચમહાલ જિલ્લામાં ગોમા નદીમાંથી ચોમાસામાં વહી જતું પાણી રોકવા બાબત**

૧૪૫૮૫ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ગોમા નદીમાંથી ચોમાસામાં વહી જતું પાણી રોકવા સરકારે યોજના અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે, અને | (૨) ડુબાણ વિસ્તારમાં આવતા ગામોના ખેડૂતોના વિરોધના કારણે સદર યોજના હાલ બંધ હાલતમાં છે. |
| (૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ થવા સંભવ છે ? | (૩) સદર યોજના હાલ સ્થગિત હોવાથી તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ ખર્ચ થવા સંભવ નથી. |

---------

**ભરૂચ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૪૫૮૧ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને | (૧) ૯૭ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૬૫૫.૫૨ લાખ. |

---------

**ગાંધીધામ તાલુકાના ચિરઈથી લુણાવા ગામને જોડતો રસ્તો બનાવવાનું આયોજન**

૧૪૬૭૭ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ગાંધીધામ તાલુકાના ચિરઈ થી લુણાવા ગામને જોડતો રસ્તો બનાવવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) જો હા તો, કેટલી લંબાઈ અને કેટલી રકમનું કામ મંજૂર કરેલ છે, અને

(૨) ૬.૦૦ કિ.મિ. અને રૂ.૩૦૦.૦૦ લાખ.

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ?

(૩) ડી.ટી.પી. બનાવવાની પ્રક્રિયા હેઠળ.

---------

**વડોદરા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સેલ્સટેક્સ, વેટ કે જીએસટીની વસૂલાત**

૧૬૩૪૮ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ વડોદરા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ કે જીએસટીની રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૨) તે અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| અનુ | જિલ્લો | એકમ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૭૩૭૭ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૧૬૮ |

(૨)

| અનુ | જિલ્લો | એકમ | વસૂલવાની બાકી રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૬૯૬ | ૬૩૪૧.૨૪ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૩૩ | ૧૩૮૮.૩૫ |

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના, વડોદરા જિલ્લામાં ૫૭૧ એકમોમાં તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૭ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા, માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

**અમરેલી જિલ્લામાં દરિયાના ખાર પાણીને અટકાવવાના કામ બાબત**

૧૬૦૭૯ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૫−૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં જાફરાબાદ, રાજુલા અને ખાંભા તાલુકામાં દરિયાના ખારાપાણી આગળ વધતાં અટકાવવા ક્યા કામ માટે કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) ● રાજુલા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કરેલ કામોની વિગત.

| વર્ષ | રાજુલા | |
|---|---|---|
| | કામ | રકમ રૂ.લાખમાં |
| ૨૦૧૭−૧૮ | ઉટીયા ચેકડેમ | ૪૪.૯૯ |
| | જીંજકા ચેકડેમ | ૮૪.૩૦ |
| ૨૦૧૮−૧૯ | ખેરા દરિયાઈ ધોવાણનું કામ | ૫૮૦.૭૩ |
| | કુલ | **૭૧૦.૦૨** |

- જાફરાબાદ તાલુકામાં મુખ્યત્વે ૫ (પાંચ) ટી.આર./ બંધારાની કામગીરી કરવાની થાય છે. જે પૈકી કડીયાળી બંધારાનું કામ વર્ષ ૨૦૦૯માં પૂર્ણ કરેલ છે. જ્યારે બાકી રહેતી યોજનાઓમાં જમીન ડૂબાણના પ્રશ્નો તથા તાંત્રિક રીતે પાયાના પ્રશ્નો તેમજ સપાટ કાંઠાને કારણે કામો હાથ ધરી શકાયેલ નથી.
- ખાંભા તાલુકો દરિયા કાંઠાથી દૂર આવેલ છે. જેથી ક્ષાર નિવારણના કામો છેલ્લા બે વર્ષમાં હાથ

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો ક્યા તબક્કે

(૨) રાજુલા તાલુકાના

| | |
|---|---|
| છે, અને | • ઉટીંયા ચેકડેમનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.<br>• જીંજકા ચેકડેમનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.<br>• ખેરા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવાનું કામ હાલ મંજૂરી તબક્કે છે. |
| (૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) ઉંટીયા ચેકડેમ તથા જીંજકા ચેકડેમનું કામ માર્ચ–૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે તથા ખેરા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવાનું કામ માર્ચ–૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**સુરત જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૯૩ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૦૧ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૪૭૩.૪૫ લાખ. |
| (૩) તેનાથી જળ સંગ્રહમાં કેટલો વધારો થશે ? | (૩) ૭૧.૩૪૨ મી. ઘનફૂટ. |

**ઉમરાળા તાલુકામાં આવેલ રંઘોળા જળાશય યોજનામાં નહેર સુધારણાના કામો**

૧૪૫૫૯ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપતિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં આવેલ રંઘોળા જળાશય યોજનામાં નહેર સુધારણાના કેટલા કામોને મંજૂરી આપેલ છે, | (૧) ૧(એક) કામ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની મંજૂરી આપેલ, અને | (૨) રૂ.૮.૫૩ કરોડ. |
| (૩) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિ હેઠળ. |

**જામનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયરો**

૧૪૬૫૧ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ કેટલા કિ.મિ. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) ૭૯૮.૭૮ કિ.મિ. જર્જરિત વીજ વાયરો અને ૧૨૧૮ થાંભલા બદલવામાં આવ્યા. |
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૩૧૯.૪૩ લાખનો ખર્ચ થયેલ છે. |

**નર્મદા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૫૪ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) નર્મદા જિલ્લામાં તાલુકાવાર આવેલ સરકારી હોસ્પિટલની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું **પત્રક–૧** સામેલ છે.<br><br>સામૂહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું **પત્રક–૨** સામેલ છે. |

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું **પત્રક–૩** સામેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ– તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) *પત્રક–૧, ૨, ૩ સામેલ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તૃર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### આણંદ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ

૧૬૩૨૦ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)
- સરકારી હોસ્પિટલની મહેકમની વિગત દર્શાવતું **પત્રક–૧.**
- સામૂહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું **પત્રક–૨.**
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું **પત્રક–૩** સામેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક–૧, ૨, ૩ સામેલ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તૃર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બાળકોને કોકલીયર ઈમ્પાલન્ટના ઓપરેશન

૧૪૪૮૪ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમમાં જન્મજાત બધિરતાંવાળા બાળકોની સારવાર માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમમાં જન્મજાત બધિરતાંવાળા બાળકોની સારવાર માટે ૮ હોસ્પિટલોમાં કોકલીયર

અને — ઇમ્પ્લાન્ટના ઓપરેશન કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કેટલા બાળકોને કોકલીયર ઇમ્પાલન્ટ ઓપરેશન કરવામાં આવ્યા?

(૨) છેલ્લા એક વર્ષમાં અમદાવાદ સિવિલમાં ૯૭ બાળકોને કોકલીયર ઇમ્પ્લાન્ટના ઓપરેશન કરવામાં આવ્યા.

---------

**જૂનાગઢ અને ગીર–સોમનાથ જીલ્લામાં મોટા ડેમ, નાના ડેમ, ચેકડેમના નુકસાન થવા બાબત**

૧૬૦૭૩ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ચોમાસાની ઋતુમાં જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં થયેલ ભારે વરસાદને કારણે તાલુકાવાર કેટલા મોટા ડેમ, નાના ડેમ, ચેકડેમને નુકસાન થવા પામેલ,

(૧)

- જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં મોટા ડેમ અને નાના ડેમમાં કોઇ નુકસાન થયેલ નથી.
- તાલુકાવાર ચેકડેમમાં થયેલ નુકસાનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | નુકસાન થયેલ ચેકડેમની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | મેંદરડા | ૨ |
| ૨ | | માળીયા (હા) | ૧૧ |
| ૩ | | વંથલી | ૪ |
| ૪ | | વિસાવદર | ૧ |
| ૫ | | કેશોદ | ૧૦ |
| ૬ | | માંગરોળ | ૧ |
| ૭ | | માણાવદર | ૩ |
| | | **કુલ** | **૩૨** |
| ૧ | ગીર સોમનાથ | વેરાવળ | ૫ |
| ૨ | | તાલાલા | ૪ |
| ૩ | | સુત્રાપાડા | ૩ |
| ૪ | | ઉના | ૩ |

(૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલા ચેકડેમ રિપેર કરવામાં આવ્યા અને તે માટે ચેકડેમવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

- જૂનાગઢ જિલ્લાના ૯ (નવ) અને ગીર સોમનાથ જિલ્લાના ૩ (ત્રણ) ચેકડેમ રિપેર કરવામાં આવેલ છે.
- રિપેર કરવામાં આવેલ ચેકડેમવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | રિપેર કરેલ ચેકડેમનું નામ | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | મેંદરડા | દેવગઢ જોબ નં.૬૭૪ | ૧.૩૨ |
| ૨ | | મેંદરડા | દેવગઢ જોબ નં.૪૭૪ | ૦.૮૦ |
| ૩ | | માળીયા (હા) | ખોરાસા ગીર–૨ | ૨.૭૫ |
| ૪ | | માળીયા (હા) | ખોરાસા ગીર–૧ | ૦.૬૦ |
| ૫ | | માળીયા (હા) | નાની ધણેજ–૧ | ૨.૦૦ |
| ૬ | | માળીયા (હા) | ઇટાળી | ૧.૫૦ |
| ૭ | | માળીયા (હા) | કડાયા–૨ | ૩.૦૦ |
| ૮ | | માળીયા (હા) | ખોરાસા | ૨.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | | માળીયા (હા) | વિસણવેલ | ૧.૫૦ |
| | | | **કુલ** | **૧૫.૪૭** |
| ૧ | ગીર સોમનાથ | વેરાવળ | ખંઢેરી-૬ | ૧.૧૦ |
| ૨ | | વેરાવળ | ખંઢેરી-૧૩ | ૨.૫૦ |
| ૩ | | વેરાવળ | જેપુર-૧ | ૨.૦૦ |
| | | | **કુલ** | **૫.૬૦** |

(૩) કેટલા ચેકડેમ રિપેર કરવાના બાકી છે અને તે ક્યાં સુધીમાં રિપેર કરવામાં આવશે ?

(૩)

- જૂનાગઢ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ બાકી રહેતા ૨૩ ચેકડેમો પૈકી આજ દિન સુધીમાં ૩ (ત્રણ) કામો પૂર્ણ કરેલ છે. તેમજ ૧ (એક) કામમાં ખાતેદારોના વિરોધના કારણે રદ કરવાનું થાય છે. બાકી રહેતા ૧૯ ચેકડેમો જરૂરી મંજૂરીઓ મેળવી શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.
- ગીર સોમનાથ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ બાકી રહેતા ૧૨ ચેકડેમો પૈકી આજ દિન સુધીમાં ૧ (એક) કામ પૂર્ણ કરેલ છે. જ્યારે બાકી રહેતા ૧૧ ચેકડેમો જરૂરી મંજૂરીઓ મેળવી શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ મેલેરીયાના કેસો**

૧૪૪૯૦ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના કેટલા કેસો નોંધાયા, અને | (૧) ૩૨૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ મેલેરીયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી ? | (૨) મેલેરીયા નિયંત્રણ માટે ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં માઈનોર કેનાલના કામ બાબત**

૧૬૦૫૮ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બરવાળા તાલુકામાં લીંબડી બ્રાંચ કેનાલ નીચે આવતી કેટલી માઈનોર કેનાલોનું કામ પૂર્ણ થયેલ છે, | (૧) ૫ માઈનોર કેનાલોનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી માઈનોર કેનાલોનું કામ | (૨) ૧૫ માઇનોર કેનાલનું કામ બાકી છે. |

બાકી છે, અને

(૩) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) બાકી કામ જમીન સંપાદન, ખેડૂતોનો વિરોધ જેવા પ્રશ્નો હલ કરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**નર્મદા બંધમાં પાણીના જથ્થાનો સંગ્રહ**

૧૬૩૪૨ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા બંધમાં કેટલો પાણીનો જથ્થો સંગ્રહ કરી શકાય તેમ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર સરેરાશ કેટલો પાણીનો જથ્થો સંગ્રહિત થયેલ ?

**જવાબ**

(૧) કુલ ૯૪૬૦ મિલિયન ક્યુબીક મીટર પાણીનો જથ્થો સંગ્રહી શકાય તેમ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં ઉપરવાસમાંથી પાણીની આવક અને જાવકને આધીન માસવાર સરેરાશ સંગ્રહિત પાણીના જથ્થાની વિગત નીચે મુજબ છે.

| મહિનો | સરેરાશ પાણીનો જથ્થો (મિલિયન ક્યુબીક મીટર) | | |
|---|---|---|---|
| | વર્ષ–૨૦૧૭ | વર્ષ–૨૦૧૮ | વર્ષ–૨૦૧૯ |
| જાન્યુઆરી | -- | ૪૨૫૬.૨૬ | ૫૨૮૮.૭૦ |
| ફેબ્રુઆરી | -- | ૩૭૩૧.૯૪ | ૪૫૮૪.૦૮ |
| માર્ચ | -- | ૩૧૭૮.૬૪ | ૪૪૧૭.૫૩ |
| એપ્રિલ | -- | ૩૦૪૦.૩૮ | ૪૮૦૭.૭૩ |
| મે | ૪૭૪૭.૪૩ | ૩૦૩૯.૭૫ | -- |
| જૂન | ૪૬૭૧.૦૯ | ૩૨૦૧.૧૭ | -- |
| જુલાઈ | ૪૫૦૯.૬૧ | ૩૬૪૬.૫૭ | -- |
| ઓગસ્ટ | ૫૩૧૮.૧૪ | ૪૧૫૦.૪૬ | -- |
| સપ્ટેમ્બર | ૬૫૦૫.૧૩ | ૫૯૨૯.૦૯ | -- |
| ઓક્ટોબર | ૬૮૬૪.૩૩ | ૬૩૭૮.૦૦ | -- |
| નવેમ્બર | ૬૧૮૧.૬૨ | ૬૪૩૩.૪૭ | -- |

---------

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૧૪૪૮૫ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બીમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઇ મર્યાદાઓ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા જી.

(૨) ના જી.

---------

**રાજકોટ મહાનગરપાલિકામાં મંજૂર કરેલ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૧૪૫૪૮ **શ્રી લાખાભાઇ સાગઠિયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકામાં કેટલા અને કઈ કઈ જગ્યાએ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા ? | તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકામાં એક શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર નારાયણનગર ખાતે મંજૂર કરવામાં આવેલ છે. |

**મહેસાણા જિલ્લામાં ચેકડેમ રીપેરીંગનો ખર્ચ**

૧૪૫૯૧ **ડૉ. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા ચેકડેમ રીપેરીંગ કરવામાં આવ્યા, અને | (૧) ૬૨ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા.૧૧૩.૦૫ લાખ. |

**સરકારી કર્મચારીઓને વાર્ષિક ઈજાફો આપવા બાબત**

૧૬૨૫૧ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી કર્મચારીઓને નિયમ મુજબ એક વર્ષ સળંગ નોકરી પુરી થતાં વાર્ષિક ઈજાફો સાતમા પગાર પંચ મુજબ પહેલી જુલાઈએ આપવામાં આવે છે તે હકીકત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જૂન માસમાં નિવૃત્ત થતાં કર્મચારીઓને એક વર્ષ સળંગ નોકરી પૂરી કરવા છતાં આવા કર્મચારીઓને ઈજાફો આપવામાં આવતો નથી તો આવા કર્મચારીઓને પણ ઈજાફો મળે તે માટે સરકારે શાં પગલા લીધાં? | (૨) રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ જૂન માસમાં નિવૃત્ત થતા કર્મચારીઓને જુલાઈ માસનો ઈજાફો મળવાપાત્ર ન હોઈ સરકારે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૨૭૮ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧)<br>• સરકારી હોસ્પિટલની મહેકમની વિગત દર્શાવતું પત્રક-૧,<br>• સામૂહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક-૨,<br>• પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક-૩ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પત્રક-૧, ૨, ૩ સામેલ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) નિમણૂકનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તૃર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના નોંધાયેલ કેસો**

૧૪૪૯૨ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૮માં નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસો નોંધાયા, અને | (૧) કુલ ૧૪ કેસ નોંધાયેલ હતા. |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા માટે શાં પગલાં લેવામાં આવ્યા? | (૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા. |

- વર્ષની શરૂઆતમાં સ્ટેટ ટાસ્ક ફોર્સની બેઠક યોજવામાં આવે છે.
- સુરત રીજીયનના સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના સબંધિત વિભાગના અધિકારીઓ સાથે આંતર વિભાગીય બેઠક કરીને માર્ગદર્શન આપવામાં આવે છે.
- તમામ મેડિકલ, પેરા મેડિકલ સ્ટાફ તથા આશાઓને જૂન માસ પહેલાં લેપ્ટોસ્પાઈરોસીસ રોગ ચાળા અટકાયત કામગીરી માટે તાલીમ આપવામાં આવે છે.
- સેટકોમના માધ્યમથી આરોગ્ય કર્મચારીઓ અને આશાને માર્ગદર્શન આપવામાં આવે છે.
- હાઈરીસ્ક ગામોની યાદી તૈયાર કરી તેના ઉપર વધુ ધ્યાન આપવામાં આવે છે.
- આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે–ઘરે ફરીને તાવના કેસો શોધી સારવાર આપવામાં આવે છે.
- ખેતીવાડી અને પશુપાલનની કામગીરી સાથે સંકળાયેલા વ્યક્તિઓને આશા મારફતે કેપ, ડોક્સીસાયક્લીનની કીમોપ્રોફાઈલેક્ષીસ સારવાર આપવામાં આવે છે.
- જેઓના હાથ પગમાં ચીરા હોય અને તેઓ પશુપાલન અને ખેતીવાડીની કામગીરી સાથે સંકળાયેલા હોય તેવા વ્યક્તિઓને આ રોગથી બચવા આયોડિન મલમ આપવામાં આવે છે.
- તમામ કેન્દ્ર ખાતે આ રોગ માટે જરૂરી દવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- જે દર્દીઓમાં શંકાસ્પદ લેપ્ટોસ્પાઈરોસીસના લક્ષણો જોવા મળે તેવા દર્દીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાયમરી સારવાર આપ્યા બાદ લેપ્ટોસ્પાઈરોસીસના ચોક્કસ નિદાન અને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે.
- ખેતીવાડી વિભાગ દ્વારા ઉંદર નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- પશુપાલન વિભાગ દ્વારા એનિમલ શીરો સર્વેલન્સની કામગીરી કરવામાં આવે છે.
- ગ્રામ્ય સંજીવની સમિતિની બેઠકમાં સભ્યોને લેપ્ટોસ્પાઈરોસીસ રોગ અટકાયતી પગલાં વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવે છે.
- આ રોગ વિષે જાહેર જનતામાં જાગૃતિ આવે તે માટે

પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

- જિલ્લા કક્ષાના, તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ અને તબીબી અધિકારીશ્રીઓ મારફતે સર્વેલન્સ કામગીરીનું સુપરવિઝન અને મોનીટરીંગ કરવામાં આવે છે.

**સોલાર પાવર પોલિસી અન્વયે વીજળી ખરીદી બાબત**

૧૬૨૬૦ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સોલાર પાવર પોલીસી–૨૦૦૯ અન્વયે ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી કેટલા યુનિટ વીજળી કયા ભાવે ખરીદવામાં આવે,

(૨) ઉક્ત સ્થિતિએ આ ખરીદાયેલ સોલાર વીજના વેચાણ દ્વારા ખરીદી સામે કેટલી રકમની વર્ષવાર આવક થઈ, અને

(૩) રાજ્યમાં ૨૦૦૯ની સોલાર પાવર પોલિસી અન્વયે મુદ્દતમાં ઉત્પાદનમાં આવેલ કરારબદ્ધ એકમોની સ્થાપિત શક્તિ સામે વર્ષવાર કેટલા મેગાવોટ વીજ ઉત્પાદનનાં કેટલા યુનિટ ખરીદાયા?

**જવાબ**

(૧) સોલાર પાવર પોલિસી – ૨૦૦૯ અન્વયે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી ખરીદવામાં આવેલ વીજળી અને તેના કરારિત ભાવની વિગત નીચે મુજબ છે.

| વિગત | દર (રૂ.પ્રતિ યુનિટ) | ૨૦૧૭–૧૮ (મી.યુ.) | ૨૦૧૮–૧૯ (મી.યુ.)(પ્રોવિ.) | ૨૦૧૯–૨૦ (મી.યુ.) (મે સુધી. પ્રોવિ.) |
|---|---|---|---|---|
| ૨૮–૦૧–૨૦૧૨ સુધી કાર્યરત પ્રોજેક્ટ | ૧૫ | ૮૭૭.૫૪ | ૮૮૩.૪૯ | ૧૭૪.૦૫ |
| ૨૯–૦૧–૨૦૧૨ થી ૩૧–૦૩–૨૦૧૩ સુધી કાર્યરત પ્રોજેક્ટ | ૯.૯૮ | ૩૪૪.૧૩ | ૩૪૮.૯૬ | ૬૯.૯૯ |
| ૦૧–૦૪–૨૦૧૩ થી ૩૧–૦૩–૨૦૧૪ સુધી કાર્યરત પ્રોજેક્ટ | ૯.૧૩ | ૧.૬૯ | ૨.૦૭ | ૦.૨૯ |
| **કુલ (મી.યુ.)** | | **૧૨૨૩.૩૬** | **૧૨૩૪.૫૨** | **૨૪૪.૨૩** |

(૨) કોઈ નિશ્ચિત સ્ત્રોતમાંથી ખરીદવામાં આવેલ વીજળી સામે વેચાણ કરવામાં આવતું નથી પરંતુ, વિવિધ સ્ત્રોત એટલે કે પરંપરાગત અને બિનપરંપરાગત વીજ સ્ત્રોત દ્વારા સરકારી અને ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવતી વીજળી જે ગ્રીડમાં સપ્લાય થાય છે, તેને વીજળી પુલમાં એકત્રિત કરવામાં આવે છે. આ એકત્રિત થયેલ વીજળીને રાજ્યના વિવિધ કક્ષાના વીજ ગ્રાહકોને વેચવામાં આવે છે અને તે પૈકી નામદાર વીજ નિયમન આયોગ દ્વારા વખતો–વખત નક્કી કરવામાં આવેલ વીજ દરો મુજબ ગ્રાહકો પાસેથી વસૂલાત કરવામાં આવે છે.

(૩) રાજ્યમાં ૨૦૦૯ની સોલાર પાવર પોલિસી અન્વયે મુદ્દતમાં ઉત્પાદનમાં આવેલ કરારબદ્ધ એકમોની સ્થાપિત શક્તિ સામે GUVNL દ્વારા ખાનગી તથા સરકારી વીજ કંપનીઓ સાથેના વીજ ખરીદ કરાર અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ (પ્રોવિ.) | ૨૦૧૯–૨૦ (મે માસ સુધી–પ્રોવિ.) |
|---|---|---|---|
| મેગા વોટ | ૮૫૭ | ૮૫૭ | ૮૫૭ |
| મિલિયન યુનિટ | ૧૨૫૧ | ૧૨૬૩ | ૨૪૯ |

---------

**ખેડા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૩૦ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ખેડા

**જવાબ**

(૧) અને (૨) પત્રક–૧, ૨, ૩ સામેલ છે.

જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**કોસ્ટલ ગુજરાત સાથે થયેલ વીજ ખરીદીના કરારો**

૧૬૩૩૫ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે સને ૨૦૦૬માં રૂ.૨.૨૬ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રૂ.૨.૬૩ના દરે વીજળી ખરીદવામાં આવે છે તે હકીકત સાચી છે?

**જવાબ**

(૧) હા, જી. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૨૨–૦૪–૨૦૦૭ ના રોજ મે. કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે વીજ ખરીદી માટે રૂ.૨.૨૬/યુનિટ લેવાલાઈઝડ દરે ૨૫ વર્ષ માટેનો કરાર થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે લેવાલાઈઝડ દર એટલે બીડ દરમ્યાન બીડર દ્વારા વર્ષવાર દર્શાવવામાં આવેલ ૨૫ વર્ષના ટેરીફની બીડ મૂલ્યાંકન સમયની નેટ પ્રેસન્ટ વેલ્યુ (Net Present Value) પ્રમાણેની ગણતરીના દર છે જે માત્ર બીડ મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવામાં આવે છે અને સૌથી ઓછો લેવાલાઈઝડ દર ધરાવતી કંપની પસંદગી પામે છે. જ્યારે પ્રોજેક્ટ કાર્યરત થયા પછી વીજ ખરીદી પૈકી ચૂકવવા પાત્ર થતા વીજ દરની ગણતરી કરારમાં વર્ષવાર દર્શાવેલ ટેરીફ પ્રમાણે કરવામાં આવે છે.

વધુમાં, વીજ ખરીદ કરારમાં વીજ ઉત્પાદક દ્વારા દર્શાવેલ વીજ દર "ચેન્જ ઇન લો" મુજબ વિવિધ પરિબળો જેવા કે ટેક્સ, ક્લીન એનર્જી સેસ, કસ્ટમ ડ્યુટી, GST વગેરેના ફેરફારના કારણે થતા વધારા/ઘટાડાને આધીન હોય છે જે માનનીય વીજ નિયમન આયોગની મંજૂરી બાદ ગણતરીમાં લેવામાં આવે છે. વધુમાં પ્રોજેક્ટ ડેવલપર દ્વારા બીડમાં જે પરિબળોના ભાવ US ડોલરમાં ભર્યા છે, તે પરિબળોની ગણતરી US ડોલરના રેટમાં થતા ફેરફાર પ્રમાણે થાય છે અને તે પ્રમાણે વીજ દરની ચૂકવણી કરવામાં આવે છે. આ કારણોસર, દર વર્ષે થતી ચૂકવણીના દર અલગ હોય છે.

(૨) ના, જી. તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ (મે સુધીમાં) સરેરાશ રૂ.૨.૭૯/યુનિટના દરે (પ્રોવિઝનલ) વીજ ખરીદી કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન ખરીદવામાં આવેલ વીજળીનો સરેરાશ દર રૂ.૨.૬૩/યુનિટ હતો.

---------

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ મેલેરીયાના કેસો**

૧૪૪૮૯ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના કેટલા કેસો નોંધાયા, અને | (૧) ૩૨૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ મેલેરીયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી? | (૨) મેલેરીયા નિયંત્રણ માટે ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, જંતુનાશક દવાયુકત મચ્છરદાનીના ઉપયોગ અને આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. |

---------

**સૌની યોજના અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડેમો ભરવા બાબત**

૧૬૦૬૭ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સૌની યોજના અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કયા ડેમો ભરવાનું આયોજન છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકા | તબક્કા | ડેમો |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૨ | મહાદેવીયા |
| ૨ | ખંભાળીયા | ૨ | સિંહણ |
| ૩ | ખંભાળીયા | ૨ | ઘી |
| ૪ | ખંભાળીયા | ૨ | ગઢકી |
| ૫ | કલ્યાણપુર | ૨ | સાની |
| ૬ | ભાણવડ | ૩ | વેરાડી–૧ |
| ૭ | ભાણવડ | ૩ | વેરાડી–૨ |
| ૮ | ભાણવડ | ૩ | વર્તુ–૨ |
| ૯ | ભાણવડ | ૩ | કાબરકા |
| ૧૦ | ભાણવડ | ૩ | વર્તુ–૧ |
| ૧૧ | ભાણવડ | ૩ | સોનમતી |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા ડેમોમાં કેટલું પાણી ભરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બીજા અને ત્રીજા તબક્કાના કામો હાલ પ્રગતિ હેઠળ હોય ડેમોમાં પાણી ભરવામાં આવેલ નથી.

(૩) ઉક્ત બાકી ડેમોમાં ક્યાં સુધીમાં પાણી ભરવામાં આવશે?

(૩) બીજા તબક્કાના કામો મહદંશે પૂર્ણ થયેલ છે અને ત્રીજા તબક્કાના કામો માર્ચ–૨૦૨૧ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. પાણીની ઉપલબ્ધી અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લાના આઠ ડેમોમાં પાણી ભરવામાં આવશે. બાકીના ત્રણ ડેમોમાં નર્મદાના પાણીની ઉપલબ્ધીની ચકાસણી કરી કાર્યવાહી કરવામાં આવશે.

---------

**ડાંગ અને મોરબી જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત**

૧૬૩૬૦ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ડાંગ અને મોરબી જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ કે જીએસટીની રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

**જવાબ**

(૧)

| અનુ. | જિલ્લો | એકમ |
|---|---|---|
| ૧ | ડાંગ | ૧૮ |
| ૨ | મોરબી | ૪૧૪૫ |

(૨) તે અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ

(૨)

વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

| ક્રમ નં. | જિલ્લો | એકમ | વસૂલવાની બાકી રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ડાંગ | ૯ | ૬.૦૪ |
| ૨ | મોરબી | ૬૯૩ | ૨૭૬૬.૫૧ |

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના, ડાંગ જિલ્લામાં ૯ એકમોમાં તથા મોરબી જિલ્લામાં ૩૯૨ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા તથા માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો**

૧૬૨૭૨ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને છોટાઉદેપુર જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે?

**જવાબ**

| ક્રમ | ગાંધીનગર જિલ્લો | છોટાઉદેપુર જિલ્લો |
|---|---|---|
| ૧ | મોટા ડેમ – ૦<br>મધ્યમ ડેમ – ૨ | મોટા ડેમ – ૧<br>મધ્યમ ડેમ – ૧ |

---------

**ગાંધીનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૨૬૯ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક–૧, ૨, ૩ સામેલ છે.

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉકટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**નર્મદા બંધમાં પાણીના જથ્થાનો સંગ્રહ**

૧૬૩૨૬ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા બંધમાં કેટલો પાણીનો જથ્થો સંગ્રહ કરી શકાય તેમ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર સરેરાશ કેટલો પાણીનો જથ્થો સંગ્રહિત થયેલ ?

**જવાબ**

(૧) કુલ ૯૪૬૦ મિલિયન ક્યુબીક મીટર પાણીનો જથ્થો સંગ્રહી શકાય તેમ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં ઉપરવાસમાંથી પાણીની આવક અને જાવકને આધીન માસવાર સરેરાશ સંગ્રહિત પાણીના જથ્થાની વિગત નીચે મુજબ છે.

| મહિનો | સરેરાશ પાણીનો જથ્થો (મિલિયન ક્યુબીક મીટર) | | |
|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૭ | વર્ષ ૨૦૧૮ | વર્ષ ૨૦૧૯ |
| જાન્યુઆરી | – | ૪૨૫૬.૨૬ | ૫૨૮૮.૭૦ |
| ફેબ્રુઆરી | – | ૩૭૩૧.૯૪ | ૪૫૮૪.૦૮ |
| માર્ચ | – | ૩૧૭૮.૬૪ | ૪૪૧૭.૫૩ |
| એપ્રિલ | – | ૩૦૪૦.૩૮ | ૪૮૦૭.૭૩ |
| મે | ૪૭૪૭.૪૩ | ૩૦૩૯.૭૫ | – |
| જૂન | ૪૬૭૧.૦૯ | ૩૨૦૧.૧૭ | – |
| જુલાઈ | ૪૫૦૯.૬૧ | ૩૬૪૬.૫૭ | – |
| ઓગસ્ટ | ૫૩૧૮.૧૪ | ૪૧૫૦.૪૬ | – |
| સપ્ટેમ્બર | ૬૫૦૫.૧૩ | ૫૯૨૯.૦૯ | – |
| ઓક્ટોબર | ૬૮૬૪.૩૩ | ૬૩૭૮.૦૦ | – |
| નવેમ્બર | ૬૧૮૧.૬૨ | ૬૪૩૩.૪૭ | – |
| ડિસેમ્બર | ૫૧૬૨.૪૦ | ૫૭૦૬.૧૮ | – |

---------

## આર.બી.આઈ. પાસેથી મેળવેલ ઓવરડ્રાફ્ટ

૧૪૬૨૫ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને

(૨) રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓવર ડ્રાફ્ટ પર કુલ કેટલું વ્યાજ ચૂકવ્યું છે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ખાનગી વીજ કંપનીઓ સાથે ખરીદીના કરારો બાબત

૧૬૦૪૬ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડીયા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) એસ્સાર પાવર ગુજરાત, અદાણી પાવર લિ. અને કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે સને ૨૦૦૬ અને ૨૦૦૭ માં વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કઈ કંપની સાથે ૨૫ વર્ષ માટે ક્યા દરે વીજ ખરીદીના કરારો થયેલ,

(૩) ઉક્ત કરારો બાદ તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વીજ ખરીદીના દરોમાં છેલ્લા એક વર્ષમાં વધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૪) ઉક્ત કઈ કંપનીના કેટલા દરોનો વધારો કરવામાં આવ્યો, વીજ ખરીદીના કરાર બાદ યુનિટના દર વધારવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા એસ્સાર પાવર ગુજરાત, અદાણી પાવર લી. અને કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે સ્પર્ધાત્મક બીડીંગ પ્રક્રિયા થકી પસંદગી પામેલ હોવાથી ૨૫ વર્ષ માટે થયેલ લાંબાગાળાના વીજ ખરીદી કરારની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | પ્રોજેક્ટ | કરારની તારીખ | લેવાલાઈઝડ દર (રૂ/યુનિટ) |
|---|---|---|---|
| ૧ | કોસ્ટલ ગુજરાત પાવર લી. | ૨૨/૦૪/૨૦૦૭ | ૨.૨૬ |
| ૨ | એસ્સાર પાવર ગુજરાત લી. | ૨૬/૦૨/૨૦૦૭ | ૨.૪૦ |
| ૩ | અદાણી પાવર લી. બીડ ૧ | ૦૬/૦૨/૨૦૦૭ | ૨.૮૯ |
| ૪ | અદાણી પાવર લી. બીડ ૨ | ૦૨/૦૨/૨૦૦૭ | ૨.૩૫ |

(૩) અને (૪) ઉપરોક્ત પ્રોજેક્ટ દ્વારા કરાર હેઠળ ઉત્પાદન માટેનો જરૂરી કોલસો ઈન્ડોનેશિયામાંથી મેળવવામાં આવે છે. વર્ષ ૨૦૧૧ પછી ઈન્ડોનેશિયામાંથી મેળવવામાં આવતા કોલસાના ભાવમાં અનિર્ધારિત વધારો થવાના કારણોસર રાજ્યના આયાતી કોલસા આધારિત વીજ મથકો દ્વારા નાણાકીય મુશ્કેલીના કારણો દર્શાવીને વીજ કરાર અંતર્ગત પૂર્ણ ક્ષમતાએ વીજ પુરવઠો ઉપલબ્ધ કરવામાં આવતો ન હતો. આ સમસ્યાના નિરાકરણ માટે ગુજરાત

સરકાર દ્વારા હાઈ પાવર કમિટીની રચના કરવામાં આવેલ. હાઈપાવર કમિટીની ભલામણના આધારે અને રાજ્યને સસ્તી વીજળી ઉપલબ્ધ કરવાના હેતુથી, ગુજરાત સરકાર દ્વારા તા.૧-૧૨-૨૦૧૮ના ઠરાવથી નીતિ વિષયક નિર્ણય દ્વારા આયાતી કોલસા આધારિત વીજ મથકો જેવા કે કોસ્ટલ ગુજરાત પાવર લી. એસ્સાર પાવર ગુજરાત લી. અને અદાણી મુન્દ્રા પ્રોજેકટને તા.૧૫-૧૦-૨૦૧૮થી વીજ ખરીદ કરારના બાકીના સમયગાળા માટે હકીકતમાં થયેલ બળતણ ખર્ચની ચૂકવણી માટે કરારમાં જરૂરી સુધારો કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

ઉપરોક્ત નિર્દેશ અનુસાર, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૦૫-૧૨-૨૦૧૮ના રોજ મે.અદાણી સાથે બીડ ૧ અને બીડ ૨ કરાર માટે સપ્લીમેન્ટલ કરાર સહી કરવામાં આવેલ છે અને માનનીય કેન્દ્રીય વીજ નિયમન આયોગ દ્વારા તા.૧૨-૦૪-૨૦૧૯ના ઓર્ડરથી આ કરારને મંજૂરી આપવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે સુધારેલ વીજ ખરીદ કરારનું તા.૧૫-૧૦-૨૦૧૮થી અમલીકરણ થયેલ છે અને તા.૧૫-૧૦-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ ના સમયગાળા માટે વીજ દરમાં સુધારા અન્વયે સરેરાશ રૂ.૧.૦૩-૧.૨૨/ યુનિટનો ભાવ વધારો નોંધાયેલ છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા મે.એસ્સાર પાવર ગુજરાત લી. સાથે તા.૦૧-૦૩-૨૦૧૯ના રોજ સપ્લીમેન્ટર કરાર સહી કરવામાં આવેલ છે અને આ કરારની મંજૂરી માટે માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ સમક્ષ અરજી કરવામાં આવેલ છે, જે અન્વયે નિર્ણય હજી બાકી છે.

વધુમાં, કોસ્ટલ ગુજરાત પાવર લી. (મુન્દ્રા યુ.એમ.પી.પી.) નો વીજ ખરીદ કરાર સંયુક્ત કરાર છે જેમાં ગુજરાત ઉપરાંત અન્ય ૪ રાજ્યો, મહારાષ્ટ્ર (૭૬૦ મે.વો.), રાજસ્થાન(૩૮૦ મે.વો), પંજાબ (૪૭૫ મે.વો.) અને હરિયાણા (૩૮૦ મે.વો.) હિસ્સો ધરાવે છે. આમ, અન્ય રાજ્યોની મંજૂરી બાદ સુધારેલ વીજ ખરીદ કરાર માટે માનનીય કેન્દ્રીય વીજ નિયમન આયોગ સમક્ષ અરજી કરવામાં આવશે અને તેમની મંજૂરી બાદ અમલીકરણ થઈ શકે છે.

આમ, એસ્સાર પાવર અને કોસ્ટલ ગુજરાત પાવર લી. પ્રોજેકટને રાજ્ય સરકારના નિર્ણય મુજબ વીજ દરમાં થયેલ ફેરફાર, સુધારેલ વીજ કરાર અન્વયે વીજ નિયમન આયોગની મંજૂરી બાદ નિર્ધારિત થઈ શકે છે.

## આયુર્વેદ કોલેજના વિકાસ માટે રકમ ફાળવવા બાબત

૧૬૦૭૧ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ ખાતે આવેલ આયુર્વેદિક કોલેજ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) ફાળવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવેલ રકમ રૂ.લાખમાં |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૫૧૧.૧૮ |
| ૨૦૧૮-૧૯ | ૪૦૭.૭૭ |

| | |
|---|---|
| કુલ | ૯૧૮.૯૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૨) ખર્ચ થયેલ રકમ અને વણવપરાયેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની અંદાજીત લંબાઇ ૨૭૩૦.૫૮ પૈકી ૧૧૦.૯૮ કિ.મિ., વિશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૫૬૯.૪૧ પૈકી ૨૦૯.૮૨ કિ.મિ., પ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૧૫૬૬૯.૯૪ પૈકી ૧૬૯૧.૪૪ કિ.મિ., તથા પ્રપ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૮૩૧૯.૯૪ પૈકી ૮૭૮૩.૫૭ કિ.મિ. લંબાઇમાં કામ બાકી છે. અંદાજીત લંબાઇમાં વધઘટ થવાનો સંભવ છે.

(૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન જંગલ અને અભયારણ્યમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલવે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપ લાઇન, ટેલિફોન/ઇલેક્ટ્રિક લાઇન વગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે.

પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે.

(૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ ૭૦૧૬૭.૫૫ કરોડ નું ખર્ચ થયેલ છે.

## સુરત જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો

૧૪૫૯૫ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૦૧ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ. ૪૭૩.૪૫ લાખ |
| (૩) તેનાથી જળ સંગ્રહમાં કેટલો વધારો થશે ? | (૩) ૭૧.૩૪૨ મી. ઘનફૂટ |

## પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં પડતર જી.પી.ઓફ.ની અરજીઓ

૧૪૬૩૫ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. આખરી ચૂકવણાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) ૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) તમામ અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

## સુરેન્દ્રનગર જિલ્લામાં ફુલ ટાઈમ ટ્રેઝરી બાબત

૧૬૦૬૨ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના કયા–કયા તાલુકામાં ફુલ ટાઈમ ટ્રેઝરી કચેરી કાર્યરત છે, અને | (૧) (૧) ચોટીલા<br>(૨) દસાડા–પાટડી<br>(૩) ધ્રાંગધ્રા<br>(૪) લખતર<br>(૫) લીંબડી<br>(૬) સાયલા<br>(૭) વઢવાણ (સીટી) |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા તાલુકાઓમાં ફુલ ટાઈમ ટ્રેઝરી કચેરી ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે? | (૨) જરૂરિયાત મુજબ યથા સમયે નિર્ણય લેવામાં આવશે. |

## મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

૧૪૬૧૧ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) શાળા ઓરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતાં કેટલા બાળકોની વર્ષવાર તપાસણી કરવામાં આવી,

(૧)

| વર્ષ | તપાસણી કરવામાં આવેલ બાળકો |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૩,૭૮,૨૦૧ |
| ૨૦૧૮–૧૯ | ૩,૭૯,૪૪૩ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા બાળકોને સ્થળ પર જ

(૨)

સારવાર આપવામાં આવેલ અને કેટલા બોળકોને નજીકની હોસ્પિટલ/સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રિફર કરવામાં આવેલ છે, અને

| વર્ષ | સ્થળ પર સારવાર આપવામાં આવેલ બાળકો | નજીકની હોસ્પિટલ/સા.આ.કે. ખાતે રિફર કરવામાં આવેલ બાળકો |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૮૬,૯૧૪ | ૧,૩૪૬ |
| ૨૦૧૮-૧૯ | ૯૧,૨૮૯ | ૧,૮૬૯ |

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

(૩) કુલ રૂ. ૬૪,૩૬,૧૩૯ ખર્ચ થયો.

**લાઠી ખાતે નવા ડિવિઝન બાબત**

૧૬૦૭૭ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં વીજ ગ્રાહકોની સંખ્યા અને વપરાશના પ્રમાણમાં ડિવિઝન ઓછા છે તે ઘટ નિવારવા લાઠી ખાતે નવા ડિવિઝન ખોલવાની કાર્યવાહી કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) લાઠી ખાતે નવું ડિવિઝન ક્યારથી કાર્યરત કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં વીજ ગ્રાહકોની સંખ્યા અને વપરાશના પ્રમાણમાં હયાત ત્રણ ડિવિઝન કચેરીઓ તાંત્રિક, આર્થિક, ભૌગોલિક અને વહીવટી દ્રષ્ટિએ યોગ્ય હોઈ, નવા ડિવિઝનની જરૂર જણાતી નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નહેરોના કામ બાબત**

૧૬૦૪૧ **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નહેરોના કેટલા કામો પ્રગતિમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ કામો પૂર્ણ થતા કેટલા વિસ્તારને સિંચાઈના લાભો મળશે, અને

(૩) ઉક્ત નહેરોનાં બાકી કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત નહેરોના બાંધકામને આનુષાંગિક કામો પૈકી બનાસકાંઠા જિલ્લામાં રૂ. ૧૨૯.૪૪ કરોડનાં ૭ કામ અને પાટણ જિલ્લામાં રૂ. ૧૭૬.૯૮ કરોડનાં ૧૯ કામો પ્રગતિમાં છે.

(૨) નહેરોના બાકી કામો પૂર્ણ થતાં બનાસકાંઠાના ૧૬૭૩૮૫ હેક્ટર અને પાટણ જિલ્લાના ૨૦૪૨૫૫ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

(૩) બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વિશાખા/પ્રશાખા નહેરના બાકી કામો નવો જમીન સંપાદન ધારો, જમીન સંપાદનના પ્રશ્નો, અન્ય યુટીલીટી ક્રોસિંગ જેવા કારણોથી છે. જે હલ કરી શક્ય તેટલી વહેલી તકે બાકી કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

**ઉમરાળા તાલુકામાં આવેલ રંઘોળા જળાશય યોજનામાં નહેર સુધારણાના કામો**

૧૪૫૭૪ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં આવેલ રંઘોળા જળાશય યોજનામાં નહેર સુધારણાના કેટલા કામોને મંજૂરી આપેલ છે,

(૨) ઉકત સ્થિતિએ કેટલી રકમની મંજૂરી આપેલ છે, અને

**જવાબ**

(૧) ૧(એક) કામ.

(૨) રૂ.૮.૫૩ કરોડ.

| | |
|---|---|
| (૩) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિ હેઠળ. |

---------

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૧૪૫૫૧ **શ્રી પ્રદીપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બીમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે કે કેમ ? | (૨) ના, જી. |

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો**

૧૬૩૦૯ **શ્રી જે.વી. કાકડીયા** (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે? | • અમરેલી જિલ્લામાં ૭ (સાત) મધ્યમ ડેમ.<br>• ભાવનગર જિલ્લામાં ૧ મોટો અને ૬ મધ્યમ ડેમ. |

**વલસાડ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૬૯ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સૂફલામ જળ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૧૨૮ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ. ૧૭૭.૬૪ લાખ |
| (૩) તેનાથી જળ સંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૧૩.૬૪ મી. ઘનફૂટ |

---------

**ગાંધીધામ તાલુકાના ચિરઈથી લુણાવા ગામને જોડતો રસ્તો બનાવવાનું આયોજન**

૧૪૬૭૮ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ગાંધીધામ તાલુકાના ચિરઈથી લુણાવા ગામને જોડતો રસ્તો બનાવવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા તો, કેટલી લંબાઈ અને કેટલી રકમનું કામ મંજૂર કરેલ છે, અને | (૨) ૬.૦૦ કિ.મિ. અને રૂ. ૩૦૦.૦૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) ડી.ટી.પી બનાવવાની પ્રક્રિયા હેઠળ |

---------

**ભાવનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૧૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર | (૧) અને (૨) પત્રક–અ, બ, ક મુજબ. |

જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**આર.બી.આઇ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફ્ટ**

૧૪૬૩૧ **શ્રી જીતેન્દ્ર સુખડીયા** (સયાજીગંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવર ડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને | (૧) શૂન્ય |
| (૨) રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓવર ડ્રાફ્ટ પર કુલ કેટલું વ્યાજ ચૂકવ્યું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કોસ્ટલ ગુજરાત સાથે થયેલ વીજ ખરીદીના કરારો**

૧૬૩૧૨ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે સને ૨૦૦૬માં રૂ.૨.૨૬ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૨૨–૦૪–૨૦૦૭ ના રોજ મે. કોસ્ટલ ગુજરાત (ટાટા પાવર) સાથે વીજ ખરીદી માટે રૂ.૨.૨૬/યુનિટ લેવાલાઈઝ્ડ દરે ૨૫ વર્ષ માટેનો કરાર થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે લેવાલાઈઝ્ડ દર એટલે બીડ દરમ્યાન બીડર દ્વારા વર્ષવાર દર્શાવવામાં આવેલ ૨૫ વર્ષના ટેરીફની બીડ મૂલ્યાંકન સમયની નેટ પ્રેસન્ટ વેલ્યુ (Net Present Value) પ્રમાણેની ગણતરીના દર છે જે માત્ર બીડ મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવામાં આવે છે અને સૌથી ઓછો લેવાલાઈઝ્ડ દર ધરાવતી કંપની પસંદગી પામે છે. જ્યારે પ્રોજેક્ટ કાર્યરત થયા પછી વીજ ખરીદી પૈકી ચૂકવવા પાત્ર થતા વીજ દરની ગણતરી કરારમાં વર્ષવાર દર્શાવેલ ટેરીફ પ્રમાણે કરવામાં આવે છે.

વધુમાં, વીજ ખરીદ કરારમાં વીજ ઉત્પાદક દ્વારા દર્શાવેલ વીજ દર "ચેન્જ ઇન લો" મુજબ વિવિધ પરિબળો જેવા કે, ટેક્સ, ક્લીન એનર્જી સેસ, કસ્ટમ ડ્યુટી, GST વગેરેના ફેરફારના કારણે થતા વધારા/ઘટાડાને આધીન હોય છે જે માનનીય વીજ નિયમન આયોગની મંજૂરી બાદ ગણતરીમાં લેવામાં આવે છે. વધુમાં પ્રોજેક્ટ ડેવલપર દ્વારા

બીડમાં જે પરિબળોના ભાવ US ડોલરમાં ભર્યા છે, તે પરિબળોની ગણતરી US ડોલરના રેટમાં થતા ફેરફાર પ્રમાણે થાય છે અને તે પ્રમાણે વીજ દરની ચૂકવણી કરવામાં આવે છે. આ કારણોસર, દર વર્ષે થતી ચૂકવણીના દર અલગ હોય છે.

(૨) જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રૂ.૨.૬૩ના દરે વીજળી ખરીદવામાં આવે છે તે હકીકત સાચી છે?

(૨) ના, જી. તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ (મે સુધીમાં) સરેરાશ રૂ.૨.૭૯/યુનિટના દરે (પ્રોવિઝનલ) વીજ ખરીદી કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ખરીદવામાં આવેલ વીજળીનો સરેરાશ દર રૂ.૨.૬૩/યુનિટ હતો.

---------

## સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

૧૪૬૬૫ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૪૭૬૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) રૂ. ૭૮૧૬.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## છોટા ઉદેપુર જિલ્લામાં ચેકડેમો બનાવવા બાબત

૧૬૦૯૮ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ચેકડેમો જળ સંપત્તિ પ્રભાગ દ્વારા બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ચેકડેમવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત ચેકડેમવાર છેલ્લા બે વર્ષમાં પાણીના કેટલા જથ્થાનો સંગ્રહ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | જિલ્લો | તાલુકાનું નામ | ચેકડેમ સંખ્યા |
|---|---|---|---|
| તા. ૦૧-૦૬-૨૦૧૭ થી તા. ૩૧-૦૫-૨૦૧૮ | છોટા ઉદેપુર | છોટા ઉદેપુર | ૦૨ |
| | | કવાંટ | ૦૧ |
| તા. ૦૧-૦૬-૨૦૧૮ થી | છોટા ઉદેપુર | છોટા ઉદેપુર | ૦૩ |

(૨)

| વર્ષ | તાલુકાનું નામ | ચેકડેમ/ ગામનું નામ | થયેલ ખર્ચ રૂપિયા લાખમાં |
|---|---|---|---|
| તા. ૦૧-૦૬-૨૦૧૭ થી તા. ૩૧-૦૫-૨૦૧૮ | છોટા ઉદેપુર | કાછેલ (કાં) | ૪.૧૭ |
| | | ચંદુવાટ | ૫.૮૩ |
| | કવાંટ | કરજવાંટ | ૨.૮૫ |
| તા. ૦૧-૦૬-૨૦૧૮ થી | છોટા ઉદેપુર | લગામી | ૬.૫૦ |
| | | લગામી | ૬.૫૨ |

(૩)

| તાલુકાનું નામ | ચેકડેમ/ ગામનું નામ | ચેકડેમવાર સંગ્રહાયેલ પાણીના જથ્થાની વિગત | |
|---|---|---|---|
| | | તા. ૦૧-૦૬-૨૦૧૭ થી તા. ૩૧-૦૫-૨૦૧૮ | તા. ૦૧-૦૬-૨૦૧૮ થી તા. ૩૧-૦૫-૨૦૧૯ |
| છોટાઉદેપુર | કાછેલ (કાં) | ૦.૨૫ | ૦.૨૫ |
| | ચંદુવાટ | ૦.૩૦ | ૦.૩૦ |
| | લગામી | ૦.૦૦ | ૦.૩૦ |

| | | | |
|---|---|---|---|
| | લગામી | ૦.૦૦ | ૦.૩૦ |
| | ચોરવાણા | ૦.૦૦ | ૦.૨૫ |
| ક્વાંટ | કરજવાંટ | ૦.૦૦ | ૯.૩૯ |

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૨૯૧ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ● સરકારી હોસ્પિટલની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૧<br>● સામૂહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૨,૩<br>● પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૪,૫ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પત્રક–૧,૨,૩,૪ અને ૫ સામેલ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સાબરકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૬૦૭ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૩૨૪ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂપિયા ૪૭૭.૨૫ લાખ |
| (૩) તેનાથી જળ સંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૩૪.૬૯ મિ. ઘન ફુટ |

**સાબરકાંઠા જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો**

૧૪૬૪૫ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૨૬૨૪ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૬૧.૯૨ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૬૩૪૦ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તળાવો ઊંડા થવાથી તાલુકાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) તાલુકાવાર ઊંડા કરવામાં આવેલ તળાવોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | તાલુકો | ઊંડા કરેલ તળાવોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દાહોદ | દાહોદ | ૪૮ |
| ૨ | | ગરબાડા | ૪૬ |
| ૩ | | લીમખેડા | ૨૧ |
| ૪ | | ધાનપુર | ૨૨ |
| ૫ | | દેવગઢ બારીયા | ૩૮ |
| ૬ | | ઝાલોદ | ૬૨ |
| ૭ | | ફતેપુરા | ૩૨ |
| ૮ | | સંજેલી | ૧૩ |
| ૯ | | સીંગવડ | ૭ |
| ૧ | પંચમહાલ | મોરવા(હ) | ૨૨ |
| ૨ | | શહેરા | ૪૯ |
| ૩ | | ઘોઘંબા | ૨૦ |
| ૪ | | કાલોલ | ૪૦ |
| ૫ | | ગોધરા | ૪૪ |
| ૬ | | જાંબુઘોડા | ૧૩ |
| ૭ | | હાલોલ | ૬૦ |

(૨) તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | તાલુકો | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | દાહોદ | દાહોદ | ૯૦.૮૮ |
| ૨ | | ગરબાડા | ૧૦૪.૯ |
| ૩ | | લીમખેડા | ૯૦.૩૭ |
| ૪ | | ધાનપુર | ૭૮.૫૬ |
| ૫ | | દેવગઢ બારીયા | ૭૫.૨૧ |
| ૬ | | ઝાલોદ | ૧૩૬.૮૨ |
| ૭ | | ફતેપુરા | ૬૮.૬૧ |
| ૮ | | સંજેલી | ૨૪.૬૧ |
| ૯ | | સીંગવડ | ૩૩.૧૭ |
| ૧ | પંચમહાલ | મોરવા(હ) | ૪.૬૯ |
| ૨ | | શહેરા | ૩.૩૯ |
| ૩ | | ઘોઘંબા | ૫.૪૦ |
| ૪ | | કાલોલ | ૨૧.૮૭ |
| ૫ | | ગોધરા | ૨૦.૬૭ |
| ૬ | | જાંબુઘોડા | ૦ |
| ૭ | | હાલોલ | ૦ |

(૩) તળાવો ઊંડા કરવાથી તાલુકાવાર પાણીની સંગ્રહક્ષમતામાં થયેલ વધારા અંગેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | તાલુકો | પાણીની સંગ્રહ ક્ષમતામાં થયેલ વધારો (મી.ઘ.મી.માં) |
|---|---|---|---|
| ૧ | દાહોદ | દાહોદ | ૦.૫૮૭ |
| ૨ | | ગરબાડા | ૦.૫૨૫૧ |
| ૩ | | લીમખેડા | ૦.૩૬૩ |
| ૪ | | ધાનપુર | ૦.૩૦૫૯ |

| | | | |
|---|---|---|---|
| ૫ | | દેવગઢ બારીયા | ૦.૨૧૪૧ |
| ૬ | | ઝાલોદ | ૦.૬૦૫ |
| ૭ | | ફતેપુરા | ૦.૨૮૬ |
| ૮ | | સંજેલી | ૦.૧૨૪ |
| ૯ | | સીંગવડ | ૦.૧૭૪ |
| ૧ | પંચમહાલ | મોરવા(હ) | ૦.૦૪૧૬ |
| ૨ | | શહેરા | ૦.૧૧૯૯ |
| ૩ | | ઘોઘંબા | ૦.૦૫૩૪ |
| ૪ | | કાલોલ | ૦.૧૩૦૩ |
| ૫ | | ગોધરા | ૦.૧૩૪૯ |
| ૬ | | જાંબુઘોડા | ૦.૦૩૪૪ |
| ૭ | | હાલોલ | ૦.૧૪૧૫ |

**અમદાવાદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ**

૧૪૫૩૬ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| મા યોજના | :- | ૩,૧૩૫ કાર્ડ |
| મા વાત્સલ્ય યોજના | :- | ૧,૮૬,૦૦૮ કાર્ડ |
| **કુલ** | **:-** | **૧,૮૯,૧૪૩ કાર્ડ** |

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે અમદાવાદ જિલ્લામાં કુલ ૩૪ કિઓસ્ક કાર્યરત કરેલ છે.

---------

**અરવલ્લી જિલ્લામાં રીંગરોડ બનાવવાની કામગીરી બાબત**

૧૬૦૪૪ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં મોડાસા શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે રીંગ રોડ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

રીંગ રોડ બનાવવાની કામગીરી વિભાગ દ્વારા કરવાની થતી નથી. પરંતુ ઉક્ત સ્થિતિએ મોડાસા શહેરમાંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગના સ્થાને ચાર માર્ગીય બાયપાસની રૂ.૧૫ કરોડ અંદાજીત રકમની કામગીરી પ્રગતિમાં છે જે બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૬૬ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે,

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે ?

**જવાબ**

(૧) ૧૯૬ તળાવો.

(૨) રૂ.૨૬૨.૫૪ લાખ
(રૂ.૯૭.૭૦ લાખ સરકારનો ફાળો
રૂ.૧૬૪.૮૪ લાખ સંસ્થાઓનો ફાળો)

(૩) ૭.૫૯ લાખ ઘન મીટર
(૭૫૯ મિલિયન લિટર)

---------

તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૨૮૩ **શ્રી સોમાભાઈ કોળી પટેલ** (લીંબડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)
- સરકારી હોસ્પિટલની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૧,
- સામૂહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૨, ૩
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૪, ૫ સામેલ છે.

(૨) પત્રક–૧, ૨, ૩, ૪ અને ૫ સામેલ છે.

(૩) નિમણૂકનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**પાટણ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૬૦૧ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત પાટણ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે,

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તેનાથી જળ સંગ્રહમાં કેટલો વધારો થશે ?

**જવાબ**

(૧) ૨૯૧ તળાવો.

(૨) રૂ.૫૨૮.૨૯ લાખ
(રૂ.૩૬૩.૮૪ લાખ સરકારી ખર્ચ
રૂ.૧૬૪.૪૫ લાખ સંસ્થાઓનો ફાળો)

(૩) ૧૧.૦૮ લાખ ઘન મીટર
(૧૧૦૮ મિલિયન લિટર)

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૬૩૬૫ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઊંડા કરવામાં આવેલ તળાવોની વિગતો નીચે મુજબ છે.

**નવસારી જિલ્લોઃ**

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૦૦ |
| ૨ | જલાલપોર | ૦૫ |
| ૩ | ગણદેવી | ૧૧ |
| ૪ | ચીખલી | ૦૪ |
| ૫ | વાંસદા | ૦૨ |
| ૬ | ખેરગામ | ૦૦ |
| | **કુલ** | **૨૨** |

**વલસાડ જિલ્લોઃ**

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | કપરાડા | ૦૮ |
| ૨ | ધરમપુર | ૦૨ |
| ૩ | પારડી | ૧૩ |
| ૪ | ઉમરગામ | ૧૧ |
| ૫ | વલસાડ | ૧૮ |
| ૬ | વાપી | ૦૨ |
| | **કુલ** | **૫૪** |

(૨) ઉક્ત સ્થિતિ છેલ્લા બે વર્ષમાં તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર નીચે મુજબની વિગતે ખર્ચ થયેલ છે.

**નવસારી જિલ્લોઃ**

| અ.નં. | તાલુકો | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | નવસારી | ૦૦ |
| ૨ | જલાલપોર | ૧૧.૦૭ |
| ૩ | ગણદેવી | ૧૫.૯૩ |
| ૪ | ચીખલી | ૬.૫૧ |
| ૫ | વાંસદા | ૭.૭૧ |
| ૬ | ખેરગામ | ૦૦ |
| | **કુલ** | **૪૧.૨૨** |

**વલસાડ જિલ્લોઃ**

| અ.નં. | તાલુકો | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | કપરાડા | ૨.૪૨ |
| ૨ | ધરમપુર | ૦.૪૮ |
| ૩ | પારડી | ૩.૯૯ |
| ૪ | ઉમરગામ | ૨.૩૨ |
| ૫ | વલસાડ | ૧૫.૪૬ |
| ૬ | વાપી | ૦.૪૫ |
| | **કુલ** | **૨૫.૧૨** |

(૩) તળાવો ઊંડા થવાથી તાલુકાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ?

(૩) તળાવો ઊંડા થવાથી તાલુકાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં થયેલ વધારાની વિગતો નીચે મુજબ છે.

**નવસારી જિલ્લોઃ**

| અ.નં. | તાલુકો | પાણીની સંગ્રહ શકિતમાં થયેલ વધારો (મી. ઘનફૂટ) |
|---|---|---|
| ૧ | નવસારી | ૦૦ |
| ૨ | જલાલપોર | ૨.૧૫ |
| ૩ | ગણદેવી | ૩.૬૪ |
| ૪ | ચીખલી | ૨.૫૮ |
| ૫ | વાંસદા | ૧.૮૧ |
| ૬ | ખેરગામ | ૦૦ |
| | **કુલ** | **૧૦.૧૮** |

**વલસાડ જિલ્લોઃ**

| અ.નં. | તાલુકો | પાણીની સંગ્રહ શકિતમાં થયેલ વધારો (મી. ઘનફૂટ) |
|---|---|---|
| ૧ | કપરાડા | ૦.૭૬ |
| ૨ | ધરમપુર | ૦.૧૧ |
| ૩ | પારડી | ૧.૫૯ |
| ૪ | ઉમરગામ | ૧.૫૬ |
| ૫ | વલસાડ | ૨.૩૬ |
| ૬ | વાપી | ૦.૨૧ |
| | **કુલ** | **૬.૫૯** |

તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**આર.બી.આઇ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફ્ટ**

૧૪૬૩૦ **શ્રી કનુભાઈ દેસાઇ** (પારડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવર ડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને | (૧) શૂન્ય. |
| (૨) રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓવર ડ્રાફ્ટ પર કુલ કેટલું વ્યાજ ચૂકવ્યું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દાહોદ જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો**

૧૪૬૪૧ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૮૨૧૧ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૩૦૯.૭૭ લાખનો ખર્ચ થયેલ છે. |

**સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ**

૧૪૬૪૬ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૭૬૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૭૮૧૬.૪૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**બોરસદ–ગંભીરા રોડનું વાઈડનીંગ કરવાનું કામ**

૧૬૦૮૩ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં બોરસદ–ગંભીરા રોડ (સ્ટેટ હાઇવે ૨૨૮) ને ૧૦ મીટર વાઈડનીંગ કરવાનું કામ ક્યા તબક્કે છે, અને | (૧) ટેન્ડર તબક્કે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) રૂ.૩૦.૪૦ કરોડના ખર્ચે બનતી ત્વરાએ. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૦૩ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) પત્રક–૧, ૨, ૩ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી |

જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉકટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**જામનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયરો**

૧૪૬૫૦ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ કેટલા કિ.મિ. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) ૭૯૮.૭૮ કિ.મિ. જર્જરિત વીજ વાયરો અને ૧૨૧૮ થાંભલા બદલવામાં આવ્યા. |
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૩૧૯.૪૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો**

૧૬૨૫૦ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે ?

**જવાબ**

| **ક્રમ** | **બનાસકાંઠા જિલ્લો** | **કચ્છ જિલ્લો** |
|---|---|---|
| ૧ | મોટા ડેમ–૨ | મોટા ડેમ–– |
| ૨ | મધ્યમ ડેમ–૧ | મધ્યમ ડેમ–૨૦ |

---------

**દાહોદ જિલ્લામાં આયુર્વેદ દવાખાનાના મંજૂર મહેકમ બાબત**

૧૬૦૯૨ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા આયુર્વેદિક દવાખાના આવેલ છે,

**જવાબ**

(૧) દાહોદ જિલ્લા ખાતે કુલ–૨૨ દવાખાનાઓ આવેલા છે.

| **તાલુકાનું નામ** | **દવાખાનાઓની સંખ્યા** |
|---|---|
| દાહોદ | ૭ |
| ગરબાડા | ૨ |
| દેવગઢબારીયા | ૧ |
| ધાનપુર | ૧ |
| લીમખેડા | ૨ |
| ઝાલોદ | ૩ |
| ફતેપુરા | ૧ |
| સંજેલી | ૨ |
| સિંગવડ | ૩ |
| **કુલ** | **૨૨** |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દવાખાનાવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દવાખાનાવાર સંવર્ગવાર કુલ–૨૨ દવાખાનાઓમાં વર્ગ–૨ની ૨૨, વર્ગ–૩ ની ૦૯ અને વર્ગ–૪ ની ૧૨ જગ્યાઓ મંજૂર થયેલ છે. |
| (૩) મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૩) મંજૂર મહેકમ પૈકી વર્ગ–૨ ની ૧૪ ભરેલી અને ૮ ખાલી તથા વર્ગ–૩ ની ૪ ભરેલી અને ૫ ખાલી તેમજ વર્ગ–૪ ની ૦૩ ભરેલી અને ૯ ખાલી જગ્યાઓ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે | (૪) સરકારશ્રીના ભરતીના નિયમો મુજબ ભરતી |

? કરવામાં આવશે.

---

## છોટા ઉદેપુર જિલ્લામાં નવા પુલ બનાવવા બાબત

૧૬૩૪૬ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના કરજવાંટ–મોટી ટોકરી–બોરધા રસ્તામાં આવતા કરા–કોતર ઉપર નવા પુલ બનાવવાની માંગણીઓ તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી મળી,<br>(૨) ઉક્ત સ્થિતિએ મળેલ માંગણીઓ અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી, અને<br>(૩) ઉક્ત રસ્તા પરના કરા–કોતર ઉપર નવા પુલ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૧), (૨) અને (૩) કરા–કોતર ઉપર નવા પુલ માટે ૪ માંગણીઓ મળેલ છે. સદર રસ્તો ગ્રામ્ય માર્ગ કક્ષાનો હોઈ વર્ષમાં બે થી ત્રણ વખત ત્રણ થી ચાર કલાક માટે બંધ રહે ત્યારે વૈકલ્પિક રસ્તાની ઉપલબ્ધતાને ધ્યાને લેતા હાલમાં નવા પુલનું કોઈ આયોજન નથી. |

---

## ભરૂચ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો

૧૪૫૮૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને | (૧) ૯૭ |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૬૫૫.૫૨ લાખ. |

## સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલોનું બાકી કામ

૧૬૩૨૪ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ)) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલો બનાવવાનું કામ બાકી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેટલા કિ.મિ. કેનાલનું કામ બાકી છે, | (૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની અંદાજીત લંબાઇ ૨૭૩૦.૫૮ પૈકી ૧૧૦.૯૮ કિ.મિ., વિશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૫૬૯.૪૧ પૈકી ૨૦૯.૮૨ કિ.મિ., પ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૧૫૬૬૯.૯૪ પૈકી ૧૬૯૧.૪૪ કિ.મિ., તથા પ્રપ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૮૩૧૯.૯૪ પૈકી ૮૭૮૩.૫૭ કિ.મિ. લંબાઇમાં કામ બાકી છે. અંદાજીત લંબાઇમાં વધઘટ થવાનો સંભવ છે. |
| (૩) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન જંગલ અને અભયારણ્યમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલવે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઈપ લાઇન, ટેલીફોન/ઇલેક્ટ્રિક લાઇન વગેરેનો સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે.<br>પ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે. |
| (૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ ૭૦૧૬૭.૫૫ કરોડ નુ ખર્ચ થયેલ છે. |

અતારાંકિત પ્રશ્નો

**પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ. ની અરજીઓ**

૧૪૬૩૭ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. આખરી ચૂકવણાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) ૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) તમામ અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૪૯ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) સરકારી હોસ્પિટલની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૧<br>• સામૂહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૨<br>• પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક–૩ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પત્રક–૧, ૨, ૩ સામેલ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) નિમણૂકનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉકટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**અમરેલી જિલ્લામાં ધાતરવાડી–૧ ના સ્પીલ વે, બાબત**

૧૬૦૮૦ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવેલ ધાતરવાડી–૧ ના સ્પીલ–વે, જમીન સંપાદન કર્યા સિવાય વધારી શકાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. સ્પીલ–વેની લંબાઈ વધારી શકાય તેમ છે. |
| (૨) જો હા, તો ઉક્ત ડેમના સ્પીલ વે વધારી વધુ પાણી સંગ્રહ થાય તે માટે શું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) હયાત સ્પીલ–વે ની જમણી બાજુએ વધારાનો સ્પીલ–વે અંગે જરૂરી સર્વેક્ષણ અને તજજ્ઞનો અભિપ્રાય મેળવવા માટેની કામગીરી પ્રગતિ હેઠળ છે. પરંતુ તેનાથી પાણીનો સંગ્રહ વધવા પામશે નહીં. |

---------

**આર.બી.આઈ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફટ**

૧૪૬૨૪ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૦૩–૨૦૧૯ની | (૧) શૂન્ય. |

સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવર ડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને

(૨) રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓવર ડ્રાફ્ટ પર કુલ કેટલું વ્યાજ ચૂકવ્યું છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ**

૧૪૬૬૩ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૩૧૮૯૬ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) રૂ.૪૯૫૭૨.૭૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**નર્મદા અને ડાંગ જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો**

૧૬૩૫૫ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા અને ડાંગ જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે ?

**જવાબ**

| જિલ્લાનું નામ | મધ્યમ ડેમ | મોટા ડેમ |
|---|---|---|
| નર્મદા | ૦૨ | ૦૧ |
| ડાંગ | ૦૦ | ૦૦ |

---------

**આણંદ અને જૂનાગઢ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત**

૧૬૩૨૧ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને જૂનાગઢ જિલ્લામાં સેલ્સટેક્સ, વેટ કે જીએસટીની રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૨) તે અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | એકમ |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૫૦૦ |
| ૨ | જૂનાગઢ | ૫૭૩ |

(૨)

| ક.નં. | જિલ્લો | એકમ | વસૂલવાની બાકી રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૮૦ | ૧૨૭.૬૮ |
| ૨ | જૂનાગઢ | ૧૧૯ | ૧૬૮.૮૫ |

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના, આણંદ જિલ્લામાં ૬૪ એકમોમાં તથા જૂનાગઢ જિલ્લામાં ૯૮ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા, માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૯૮ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે,

(૧) ૧૯૬ તળાવો.

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) રૂ.૨૬૨.૫૪ લાખ.
(રૂ.૯૭.૭૦ લાખ સરકારનો ફાળો.
રૂ.૧૬૪.૮૪ લાખ સંસ્થાઓનો ફાળો)

(૩) તેનાથી જળ સંગ્રહમાં કેટલો વધારો થશે?

(૩) ૭.૫૯ લાખ ઘન મીટર.
(૭૫૯ મિલિયન લિટર)

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાબત**

૧૬૦૭૪ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે કોઈ માંગણી કે રજૂઆત મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર, તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી માંગણી/રજૂઆત પડતર છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જૂનાગઢમાં વર્ષ ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તીના ધોરણે ૩૩ પ્રા.આ. કેન્દ્રોની જરૂરિયાત સામે ૩૮ પ્રા.આ. કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. આમ ૫ પ્રા.આ. કેન્દ્રોની વધ હોવાથી એકપણ પ્રા.આ. કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ નથી.

જ્યારે ગીર સોમનાથમાં મંજૂર કરવામાં આવેલ પ્રા.આ. કેન્દ્રો નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકાનું નામ | પ્રા.આ. કેન્દ્રનું નામ |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | તલાલા | બોરવાવગીર |
| | ઉના | ભાચા |

(૩) એકપણ નહીં.

**મહિસાગર જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૪૫૭૯ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૦૪ તળાવો.

(૨) રૂ.૨૧૫.૯૯ લાખ.

**બગોદરા-ફેદરા-વલ્લભીપુર-ભાવનગર રોડને ચાર માર્ગીય કરવા બાબત**

૧૬૦૫૯ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ બગોદરા-ફેદરા-વલ્લભીપુર-ભાવનગર રોડને ચાર માર્ગીય કરવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) ઉક્ત કામગીરી કઈ એજન્સીને આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ રસ્તાના ચાર માર્ગીયકરણ કરવાની બાકી રહેતી લંબાઈ પૈકી ૧૫.૦૦ કિ.મિ. લંબાઈમાં ચાર માર્ગીયકરણનું મે. સરસ્વતી કન્સ્ટ્રકશન કંપની જોઈન્ટ રચના કન્સ્ટ્રકશન કંપની દ્વારા પ્રગતિમાં છે. બાકી રહેતી ૮૫.૪૦ કિ.મિ. લંબાઈની ચાર માર્ગીયકરણની કામગીરી વન વિભાગની મંજૂરી મળેથી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી હાથ ધરવામાં આવશે.

તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**ડાંગ અને દાહોદ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૪૩ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ડાંગ અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) પત્રક–૧, ૨, ૩ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ.ની અરજીઓ**

૧૪૬૨૨ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. આખરી ચૂકવણાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) ૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૨) તમામ અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

**રાજકોટ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ**

૧૪૬૬૯ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૧૮૯૬ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૪૯૫૭૨.૭૦ લાખનો ખર્ચ થયેલ છે. |

**પાટણ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૬૦૨ **ડૉ. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત પાટણ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૯૧ તળાવો. |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ. ૫૨૮.૨૯ લાખ.<br>(રૂ. ૩૬૩.૮૪ લાખ સરકારી ખર્ચ<br>રૂ. ૧૬૪.૪૫ લાખ સંસ્થાઓનો ફાળો) |
| (૩) તેનાથી જળ સંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૧૧.૦૮ લાખ ઘન મીટર. |

અતારાંકિત પ્રશ્નો

(૧૧૦૮ મિલિયન લિટર)

**બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૨૫૨ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલ તાલુકાવાર સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૧ સામેલ છે.

સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૩ સામેલ છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૪ સામેલ છે.

અરવલ્લી જિલ્લામાં આવેલ તાલુકાવાર સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૨ સામેલ છે.

સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૫ સામેલ છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૬ સામેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક–૧,૨,૩,૪,૫, અને ૬ સામેલ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૬૨૭૯ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

- સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૮૩
- મોરબી જિલ્લામાં ૧૭૮ તળાવો ઊંડા કરવામાં આવ્યા.

**સુરેન્દ્રનગર જિલ્લોઃ**

| ક્રમ | તાલુકો | તળાવો ઊંડા કરવામાં આવ્યા |
|---|---|---|
| (૧) | ચોટીલા | ૮૪ |
| (૨) | ચુડા | ૩૩ |
| (૩) | દસાડા | ૫૩ |
| (૪) | ધ્રાંગધ્રા | ૪૯ |
| (૫) | લખતર | ૪૩ |
| (૬) | લીંબડી | ૫૭ |
| (૭) | મુળી | ૩૨ |
| (૮) | સાયલા | ૫૭ |
| (૯) | થાનગઢ | ૩૨ |
| (૧૦) | વઢવાણ | ૪૩ |

| | | |
|---|---|---|
| | **સુરેન્દ્રનગર કુલ** | **૪૮૩** |

**મોરબી જિલ્લોઃ**

| | | |
|---|---|---|
| (૧) | મોરબી | ૫૨ |
| (૨) | ટંકારા | ૩૧ |
| (૩) | હળવદ | ૨૬ |
| (૪) | માળીયા | ૩૦ |
| (૫) | વાંકાનેર | ૩૯ |
| | **મોરબી કુલ** | **૧૭૮** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

- સુરેન્દ્રનગર જિલ્લામાં રૂ. ૪૪૨.૨૬ લાખ અને
- મોરબી જિલ્લામાં રૂ. ૫૫.૯૩ લાખ

**સુરેન્દ્રનગર જિલ્લોઃ**

| ક્રમ | તાલુકા | વર્ષ ૨૦૧૭-૧૮ નો ખર્ચ (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૧૮-૧૯ નો ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| (૧) | ચોટીલા | ૬૦.૭૬ | હાલ દરેક તાલુકા વિકાસ અધિકારીશ્રીને રૂ.૧૧૨.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે અને ચૂકવણાની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) | ચુડા | ૨૧.૦૧ | |
| (૩) | દસાડા | ૧૯.૭૪ | |
| (૪) | ધ્રાંગધ્રા | ૬૬.૨૫ | |
| (૫) | લખતર | ૫૩.૭૯ | |
| (૬) | લીંબડી | ૧૦૮.૬૨ | |
| (૭) | મુળી | ૨૧.૯૭ | |
| (૮) | સાયલા | ૪૧.૦૭ | |
| (૯) | થાનગઢ | ૯.૮૧ | |
| (૧૦) | વઢવાણ | ૩૯.૨૪ | |
| | **સુરેન્દ્રનગર કુલ** | **૪૪૨.૨૬** | |

**મોરબી જિલ્લોઃ**

| | | | |
|---|---|---|---|
| (૧) | મોરબી | ૧૭.૧૩ | ચૂકવણાની કામગીરી હાલ પ્રગતિમાં છે. |
| (૨) | ટંકારા | ૧૭.૮૨ | |
| (૩) | હળવદ | ૫.૫૨ | |
| (૪) | માળીયા | ૧.૧૨ | |
| (૫) | વાંકાનેર | ૧૪.૩૪ | |

(૩) તળાવો ઊંડા થવાથી તાલુકાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો?

(૩)

- સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૮૦ મિલિયન લિટર અને
- મોરબી જિલ્લામાં ૮ મિલિયન લિટર

**સુરેન્દ્રનગર જિલ્લોઃ**

| ક્રમ | તાલુકા | વર્ષ ૨૦૧૭-૧૮ (મિલિયન લિટર) | વર્ષ ૨૦૧૮-૧૯ |
|---|---|---|---|
| (૧) | ચોટીલા | ૨૪.૭૩ | તળાવ ઊંડા કરવાના પૂર્ણ થયેલ કામના માપો લેવાની કામગીરી હાલમાં ચાલુ છે. જે આખરી થયેથી સંગ્રહ શક્તિની વિગત આપી શકાશે. |
| (૨) | ચુડા | ૮.૫૫ | |
| (૩) | દસાડા | ૮.૦૩ | |
| (૪) | ધ્રાંગધ્રા | ૨૬.૯૬ | |
| (૫) | લખતર | ૨૧.૯૦ | |
| (૬) | લીંબડી | ૪૪.૨૦ | |
| (૭) | મુળી | ૮.૯૫ | |
| (૮) | સાયલા | ૧૬.૭૧ | |
| (૯) | થાનગઢ | ૩.૯૯ | |
| (૧૦) | વઢવાણ | ૧૫.૯૭ | |

**મોરબી જિલ્લોઃ**

| | | | |
|---|---|---|---|
| (૧) | મોરબી | ૨.૯૩ | તળાવ ઊંડા કરવાના પૂર્ણ થયેલ કામના માપો લેવાની કામગીરી હાલમાં ચાલુ છે. જે આખરી થયેથી સંગ્રહ શક્તિની વિગત આપી શકાશે. |
| (૨) | ટંકારા | ૧.૪૫ | |
| (૩) | હળવદ | ૦.૯૦ | |
| (૪) | માળીયા | ૧.૩૬ | |
| (૫) | વાંકાનેર | ૧.૩૬ | |
| | **મોરબી કુલ** | **૮.૦૦** | |

---------

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૧૪૫૦૪ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બિમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઇ મર્યાદાઓ છે કે કેમ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી.

**પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૨૬૧ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

૧. મહેસાણા જિલ્લા માટે પત્રક–૧

૨. પાટણ જિલ્લા માટે પત્રક–૨

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**ખેડા અને તાપી જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો**

૧૬૩૩૧ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ખેડા અને તાપી જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે?

**જવાબ**

| જિલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ |
|---|---|---|
| ખેડા | ૦૧ | ૦૦ |
| તાપી | ૦૧ | ૦૧ |

---------

તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ–ભાવનગર વાયા ધંધુકા હાઈવેને ફોરલેનની મંજૂરી**

૧૭૩૬૨ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ–ભાવનગર હાઈવે (વાયા–ધંધુકા) પૈકી બગોદરાથી ભાવનગરનો ફોરલેનના કામની મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,<br>(૨) જો હા, તો આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું હતું,<br>(૩) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ એ કેટલું કામ બાકી છે, અને<br>(૪) આ કામ ક્યારે પૂર્ણ થશે? | (૧), (૨), (૩) અને (૪)<br>ઉક્ત સ્થિતિએ રસ્તાના ફોરલેન કરવાની બાકી રહેતી લંબાઈ પૈકી ૧૫.૦૦ કિ.મિ. લંબાઈમાં ફોરલેનનું કામ પ્રગતિમાં છે અને ૮૫.૪૦ કિ.મિ. લંબાઈમાં વન વિભાગની મંજૂરી મળેથી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ ફોરલેનનું કામ પૂર્ણ કરવામાં આવનાર છે. |

---------

**પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ. ની અરજીઓ**

૧૪૬૨૩ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. આખરી ચૂકવણાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) ૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) તમામ અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૦૬૮ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) પત્રક–૧, ૨, ૩ સામેલ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલોનું બાકી કામ**

૧૬૨૭૩ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલો બનાવવાનું કામ બાકી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેટલા | (૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા |

કિ.મિ. કેનાલનું કામ બાકી છે,

યોજનાની શાખા નહેરની અંદાજીત લંબાઇ ૨૭૩૦.૫૮ પૈકી ૧૧૦.૯૮ કિ.મિ., વિશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૫૬૯.૪૧ પૈકી ૨૦૯.૮૨ કિ.મિ., પ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૧૫૬૬૯.૯૪ પૈકી ૧૬૯૧.૪૪ કિ.મિ., તથા પ્રપ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૮૩૧૯.૯૪ પૈકી ૮૭૮૩.૫૭ કિ.મિ. લંબાઇમાં કામ બાકી છે.

અંદાજીત લંબાઇમાં વધઘટ થવાનો સંભવ છે.

(૩) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન જંગલ અને અભયારણ્યમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલવે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપ લાઇન, ટેલીફોન/ઇલેક્ટ્રિક લાઇન વગેરેનો સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે.

પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે.

(૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના પાછળ કુલ ૭૦૧૬૭.૫૫ કરોડનું ખર્ચ થયેલ છે.

---------

**રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતા**

૧૬૨૭૦ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં સરકાર હસ્તકના વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં સરકાર હસ્તકના વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા નીચે મુજબ છે.

| નં | વીજ ઉત્પાદન કરનાર ક્ષેત્ર | વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) |
|---|---|---|
| ૧ | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની જીએસઇસીએલ | ૬૦૧૬.૬૭ |
| ૨ | રાજ્ય સરકાર હસ્તકના આઇપીપી | ૨૧૦૪.૮૬ |
| | **કુલ** | **૮૧૨૧.૫૩** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી ક્ષમતાના કયા એકમો અથવા એકમોના યુનિટો બંધ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં સરકાર હસ્તકના નીચે મુજબના એકમો અથવા એકમોના યુનિટો બંધ કરવામાં આવ્યા છે.

| રાજ્યમાં સરકાર હસ્તકના વીજ મથકોના બંધ કરવામાં આવેલ યુનિટો | વીજ ઉત્પાદન ક્ષમતા (મે. વો) |
|---|---|
| ઉકાઇ થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ–૧ | ૧૨૦ |
| ઉકાઇ થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ–૨ | ૧૨૦ |
| સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ–૧ | ૧૨૦ |
| સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ–૨ | ૧૨૦ |

(૩) ઉક્ત એકમો કે યુનિટો બંધ કરવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત એકમો કે યુનિટોની કાર્યક્ષમ ઉપયોગ માટેની સમય/ વય મર્યાદા (કાર્ય કાળ)પૂર્ણ થયેલ હોઇ.

(૪) ઉક્ત એકમો કે યુનિટો બંધ થવાથી વીજ તંગીને પહોંચી વળવા શું આયોજન કરવામાં આવેલ છે?

(૪) રાજ્ય પાસે લાંબા ગાળાની પૂરતી વીજ ક્ષમતા અને લાંબા ગાળાનું પર્યાપ્ત ટાઇ–અપ કરેલ હોવાથી, બાકી રહેલી વીજ ક્ષમતાનો ઉપયોગ કરીને ગ્રીડ–લોડની જરૂરિયાત મુજબ વીજળીની ઉપલબ્ધતા માટેનું આયોજન કરીને વીજ માંગ પૂરી કરવામાં આવેલ છે.

**પંચમહાલ અને છોટા ઉદેપુર જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૨૭ **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક–૧, ૨, ૩ સામેલ છે.

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉકટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**અમદાવાદ જિલ્લામાં ઇજાગ્રસ્તોને મફત સારવાર**

૧૬૦૪૭ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ માર્ગ અકસ્માતમાં (ગોલ્ડન અવર્સ) ઇજાગ્રસ્તને મફત ઇલાજની જાહેરાત કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા એક વર્ષમાં માસવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા ઇજાગ્રસ્તોને સારવાર આપવામાં આવી,

**જવાબ**

(૧) હા

(૨) તા. ૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં ઇજાગ્રસ્તોને સારવાર આપવામાં આવી છે તેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | માસ | ટોટલ કેસ |
|---|---|---|
| ૧ | જૂન | ૧૨ |
| ૨ | જુલાઇ | ૩૫ |
| ૩ | ઓગસ્ટ | ૦૮ |
| ૪ | સપ્ટેમ્બર | ૩૭ |
| ૫ | ઓક્ટોબર | ૬૫ |
| ૬ | નવેમ્બર | ૪૧ |
| ૭ | ડીસેમ્બર | ૪૨ |
| ૮ | જાન્યુઆરી | ૧૫ |
| ૯ | ફેબ્રુઆરી | ૪૩ |
| ૧૦ | માર્ચ | ૦૮ |
| ૧૧ | એપ્રિલ | ૫૨ |
| ૧૨ | મે | ૧૬ |
| | **કુલ** | **૩૭૪** |

(૩) ઉક્ત સારવાર અન્વયેના કેટલા ક્લેઇમ ઉક્ત સ્થિતિએ ચૂકવવાના બાકી છે, અને — (૩) ૨૧૧

(૪) ઉક્ત ક્લેઇમ ચૂકવવાના બાકી રહેવાના કારણો શું છે? — (૪) વહીવટી કારણોસર.

**જૂનાગઢ સિવિલ હોસ્પિટલનું મંજૂર મહેકમ**

૧૬૦૭૨ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ સિવિલ હોસ્પિટલનું મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, કેટલી જગ્યાઓ સંવર્ગવાર ક્યારથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

| **સંવર્ગ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **ક્યારથી ખાલી છે?** |
|---|---|---|---|---|
| વર્ગ–૧ | ૧૦૫ | ૭૭ | ૨૮ | ૧ જગ્યા ૮ વર્ષથી<br>૨૭ જગ્યા ૧ થી ૨ વર્ષથી |
| વર્ગ–૨ | ૧૪૪ | ૯૮ | ૪૬ | ૫ જગ્યા ૮ વર્ષથી<br>૪૧ જગ્યા ૧ થી ૨ વર્ષથી |
| વર્ગ–૩ | ૫૦૫ | ૨૮૩ | ૨૨૨ | ૯૩ જગ્યા ૮ વર્ષથી<br>૧૨૯ જગ્યા ૩ વર્ષથી |
| વર્ગ–૪ | ૩૬૦ | ૨૪૩ | ૧૧૭ | ૧૧ જગ્યા ૮ વર્ષથી<br>૧૩ જગ્યા ૨ વર્ષથી<br>૯૩ જગ્યા ૧ વર્ષથી |
| **કુલ** | **૧૧૧૪** | **૭૦૧** | **૪૧૩** | |

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉકટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

**ખેડા જિલ્લામાં સબમાઇનોર કેનાલના અધુરા કામ બાબત**

૧૫૬૧૨ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાની મહુધા અને નડિયાદ તાલુકાની જમીન સંપાદન થવા છતાં સબ માયનોર કેનાલનું કામ અધુરૂ છે તે હકિકત સાચી છે, | (૧) ના, જી |
| (૨) જો હા તો આ કેનાલનું કામ પૂર્ણ કરવાનું શું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કેનાલથી કેટલા હેક્ટરમાં પિયત થશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**તાપી જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૬૨ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય | (૧) અને (૨) પત્રક–૧, ૨, ૩ સામેલ છે. |

કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ–તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉકત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉકટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**છોટાઉદેપુર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ**

૧૪૬૬૮ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઇ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૫૭૬૬ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) રૂ. ૬૯૭૫.૩૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**પાટણ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૬૦૩ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત પાટણ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે,

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તેનાથી જળ સંગ્રહમાં કેટલો વધારો થશે?

**જવાબ**

(૧) ૨૯૧ તળાવો

(૨) રૂ.૫૨૮.૨૯ લાખ.
(રૂ.૩૬૩.૮૪ લાખ સરકારી ખર્ચ
(રૂ.૧૬૪.૪૫ લાખ સંસ્થાઓનો ફાળો)

(૩) ૧૧.૦૮ લાખ ઘન મીટર.
(૧૧૦૮ મિલિયન લિટર)

---------

**નર્મદા કેનાલમાં ગાબડા, ભંગાણ પડવા બાબત**

૧૬૦૫૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં નર્મદા કેનાલમાં ગાબડા/ભંગાણ પડવાના કુલ કેટલા બનાવો બન્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં નર્મદા કેનાલમાં ગાબડા/ભંગાણ પડવાના બનાવોની વિગતો નીચે મુજબ છે.

| **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ ૨૦૧૭–૨૦૧૮** | **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ ૨૦૧૮–૧૯** | **કુલ** |
|---|---|---|
| ૧૨૪ | ૮૩ | ૨૦૭ |

(૨) ઉક્ત ગાબડા/ભંગાણ રિપેર કરવા પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત ગાબડા/ભંગાણ રિપેર કરવા પાછળ વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે. (રૂપિયા લાખમાં)

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | કુલ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| રૂ. ૪૦.૨૮ | રૂ. ૩૭.૫૪ | રૂ. ૭૭.૮૨ |

(૩) આવા બનાવોમાં કેનાલનું કામ કરનાર એજન્સી સામે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લીધા?

(૩) આ ભંગાણના વિવિધ કારણો છે, જેવાં કે ખેડૂતભાઈઓ દ્વારા માંગણી પ્રમાણે રાત્રે પાણીનો ઉપાડ ન કરતાં નહેર ઓવરટોપ થવાથી, વરસાદનું પાણી જાહેરમાં ઈનલેટ થવાથી, ઉંદર કે નોળીયાના દરમાં લીકેજ થવાથી, અમુક જમીન પાછળથી મળેલ હોઈ ત્યાં જુના અને નવા કામના જોઈંટમાં નબળું બાંધકામથી પાણી લીકેજ થવાથી, જાહેરમાં આડાશ મુકવાથી, કેનાલને છેડછાડ થવાથી, સાયફનમાં કચરો કે મૃત પ્રાણી ફસાઈ જવાથી, નહેર ઉભરાવાથી, ઝમણથી વગેરે, તે પૈકી જે કિસ્સામાં ઈજારદાર નબળી કામગીરી અને અથવા ઓપરેશન અને મેઈન્ટેનન્સની ખામીને લીધે જવાબદાર હોય ત્યાં કરારની જોગવાઈ મુજબ ઈજારદાર પાસેથી તેમના ખર્ચે રીપેરીંગ કરાવવામાં આવેલ છે.

**અમદાવાદ જિલ્લા/શહેરમાં 'મા કાર્ડ' આપવા બાબત**

૧૬૦૫૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલા 'મા કાર્ડ' આપવામાં આવેલ છે, | (૧) ૩૦૩૫ કાર્ડ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં 'મા કાર્ડ' મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૨) ૩૦૩૫ અરજીઓ |
| (૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ મુખ્ય કયા કારણોસર નામંજૂર કરવામાં આવી? | (૩) તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. |

**ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૯૭ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, | (૧) ૧૯૬ તળાવો |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૨૬૨.૫૪ લાખ.<br>(રૂ.૯૭.૭૦ લાખ સરકારનો ફાળો<br>રૂ.૧૬૪.૮૪ લાખ સંસ્થાઓનો ફાળો) |
| (૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે? | (૩) ૭.૫૯ લાખ ઘન મીટર.<br>(૭૫૯ મિલિયન લિટર) |

---------

**વલસાડ અને નવસારી જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત**

૧૫૮૯૪ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો કઈ યોજના અંતર્ગત ઊંડા કરવામાં આવેલ છે, અને

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર જે તે યોજના અંતર્ગત ઊંડા કરવામાં આવેલ તળાવોની વિગતો નીચે મુજબ છે.

**નવસારી જિલ્લોઃ**

| તાલુકો | સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના | સુજલામ સુફલામ જળસંચય અભિયાન | કુલ |
|---|---|---|---|
| | માહે ૦૬/૧૭ થી ૦૫/૧૮ | માહે ૦૬/૧૮ થી ૦૫/૧૯ | |
| નવસારી | ૦૦ | ૦૦ | ૦૦ |
| જલાલપોર | ૦૧ | ૦૪ | ૦૫ |
| ગણદેવી | ૦૫ | ૦૬ | ૧૧ |
| ચીખલી | ૦૧ | ૦૩ | ૦૪ |
| વાંસદા | ૦૦ | ૦૨ | ૦૨ |
| ખેરગામ | ૦૦ | ૦૦ | ૦૦ |

**વલસાડ જિલ્લોઃ**

| તાલુકો | સુજલામ સુફલામ જળસંચય અભિયાન | સુજલામ સુફલામ જળસંચય અભિયાન | કુલ |
|---|---|---|---|
| | માહે ૦૬/૧૭ થી ૦૫/૧૮ | માહે ૦૬/૧૮ થી ૦૫/૧૯ | |
| કપરાડા | ૦૮ | ૦૦ | ૦૮ |
| ધરમપુર | ૦૨ | ૦૦ | ૦૨ |
| પારડી | ૦૮ | ૦૫ | ૧૩ |
| ઉમરગામ | ૦૪ | ૦૭ | ૧૧ |
| વલસાડ | ૦૯ | ૦૯ | ૧૮ |
| વાપી | ૦૧ | ૦૧ | ૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તળાવવાર કેટલા પાણીનો સંગ્રહ થઈ શકશે?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તળાવવાર પાણીના સંગ્રહની વિગતો નીચે મુજબ છે.

**નવસારી જિલ્લોઃ**

| અ.નં. | ગામનું નામ | તળાવની સંગ્રહશક્તિ (મી. ઘનફૂટ) |
|---|---|---|
| ૧ | ઉભરાટ | ૧.૪૮૩ |
| ૨ | બોદાલી-૧ | ૦.૨૪૭ |
| ૩ | માછડ | ૦.૯૧૮ |
| ૪ | બોદાલી-૨ | ૦.૬૩૬ |
| ૫ | મહુવર | ૦.૪૯૪ |
| ૬ | માસા-૧ | ૦.૯૫ |
| ૭ | છાપર | ૦.૯૫ |
| ૮ | ભાગડ-૧ | ૦.૩૯ |
| ૯ | મોવાસા | ૦.૪૬ |
| ૧૦ | માસા-૨ | ૦૩૯ |
| ૧૧ | માસા-૩ | ૦.૮૧ |
| ૧૨ | ભાગડ-૨ | ૦.૩૯ |
| ૧૩ | વાડી | ૦.૨૧ |
| ૧૪ | માછી વાસણ | ૦.૬૩૬ |
| ૧૫ | મેંધર | ૦.૧૪૧ |
| ૧૬ | ધકવાડા | ૦.૯૫૪ |
| ૧૭ | કુકેરી | ૧.૩૭૩ |
| ૧૮ | અલીપોર | ૧.૦૯૫ |
| ૧૯ | દોણજા | ૦.૪૯૪ |
| ૨૦ | રાનકુવા | ૧.૫૮૯ |
| ૨૧ | પ્રતાપ નગર | ૧.૯૪૨ |

| | | |
|---|---|---|
| ૨૨ | વાંદરવેલા | ૧.૦૯૫ |

**વલસાડ જિલ્લોઃ**

| અ.નં. | ગામનું નામ | તળાવની સંગ્રહશક્તિ (મી. ઘનફૂટ) |
|---|---|---|
| ૧ | વિરક્ષેત્ર | ૦.૩૧ |
| ૨ | માલઘર | ૦.૧૫ |
| ૩ | નીલોસી | ૦.૧૫ |
| ૪ | મોટી પલસાણ | ૦.૧૫ |
| ૫ | નાની પલસાણ | ૦.૧૯ |
| ૬ | કોતલગામ | ૦.૧૨ |
| ૭ | આસલોણા | ૦.૨૪ |
| ૮ | કાકડકોપર | ૦.૩૨ |
| ૯ | પાનવા | ૦.૧૦ |
| ૧૦ | આંબા તલાટ | ૦.૨૬ |
| ૧૧ | પલસાણા–૧ | ૨૪.૪૪ |
| ૧૨ | બાલદા | ૨.૪૬ |
| ૧૩ | સુખેશ | ૨.૨ |
| ૧૪ | કલસર | ૧૫.૫૪ |
| ૧૫ | ડુંગરી | ૭.૦૮ |
| ૧૬ | સરોધી | ૨૯.૨૫૧ |
| ૧૭ | ધગડમાળ | ૧.૨૭ |
| ૧૮ | અરનાલા | ૫.૧ |
| ૧૯ | પલસાણા–૨ | ૧૦.૫૭૮ |
| ૨૦ | આસમા | ૧૬.૪ |
| ૨૧ | ઉદવાડા | ૨૧.૭૬૪ |
| ૨૨ | પરીયા | ૧૨.૯૨ |
| ૨૩ | સોંઢલવાડા | ૪.૪ |
| ૨૪ | ભીલાડ–૧ | ૩.૦૦ |
| ૨૫ | ફણસા | ૧૦.૦ |
| ૨૬ | કોળીવાડ (મરોલી) | ૫.૦ |
| ૨૭ | મરોલી (પ્રા.આ.કેન્દ્ર) | ૦.૧૫ |
| ૨૮ | મરોલી | ૫.૦૦ |
| ૨૯ | સોલસુંબા | ૪.૦ |
| ૩૦ | દહેરી | ૫.૦ |
| ૩૧ | અંકલાસ | ૨.૫ |
| ૩૨ | માંડા | ૪.૦ |
| ૩૩ | અછારી | ૫.૦ |
| ૩૪ | ગુંદલાવ | ૨.૨૧૯ |
| ૩૫ | પારનેરા | ૧૪.૫૭૯ |
| ૩૬ | કેવાડા | ૨.૯૭૯ |
| ૩૭ | ગોરવાડા | ૪.૮૫૯ |
| ૩૮ | ભાગડાવડા | ૦.૨૫૯ |
| ૩૯ | ચીખલા | ૧૩.૭૯૭ |
| ૪૦ | માલવણ | ૨.૨૨૪ |
| ૪૧ | ફણસવાડા | ૧૮.૬ |
| ૪૨ | મૂળી | ૧૪.૯ |
| ૪૩ | ઉંટડી | ૨.૦૬ |
| ૪૪ | ચણવઈ | ૩૧.૨૬ |
| ૪૫ | રાબડા | ૧૫.૭૫ |
| ૪૬ | રોણવેલ | ૨.૪૭ |
| ૪૭ | કકવાડી | ૦.૩૨ |
| ૪૮ | કોચવાડા | ૨.૧૯ |
| ૪૯ | ઓવાડા | ૩.૧૮ |
| ૫૦ | ખજૂરડી | ૨૦.૮૦ |
| ૫૧ | ગોરગામ | ૯.૮૯ |
| ૫૨ | કરાયા | ૧૫.૬૦ |
| ૫૩ | નામધા | ૧૭.૬૪ |
| ૫૪ | ભીલાડ–૨ | ૩.૦૦ |

---------

**શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો**

૧૪૬૦૮ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા | (૧) હા, જી. |

આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બીમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે કે કેમ?

(૨) ના, જી.

---------

**વડોદરા અને વલસાડ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૫૨ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

૧. વડોદરા જિલ્લા માટે પત્રક–૧

૨. વલસાડ જિલ્લા માટે પત્રક–૨

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**પાટણ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૨૫૮ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

પત્રક–૧, પત્રક–૨, પત્રક–૩ મુજબ

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**સાબરકાંઠા જિલ્લામાં ઘરવપરાશના વીજ જોડાણો**

૧૪૬૪૪ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ

**જવાબ**

(૧) ૨૬૨૪ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૨) રૂ. ૧૬૧.૯૨ લાખનો ખર્ચ થયેલ છે.

કેટલો ખર્ચ થયો ?

**અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ મેલેરીયાના કેસો**

૧૪૫૪૨ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના કેટલા કેસો નોંધાયા, અને | (૧) ૩૨૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ મેલેરીયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી? | (૨) મેલેરીયા નિયંત્રણ માટે ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ અને આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. |

**બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ બાબત**

૧૬૪૯૪ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા કૃષિ વીજ જોડાણોની અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| તાલુકો | કૃષિ વીજજોડાણની મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૬૮૩ |
| ભાભર | ૧૦૭૩ |
| દાંતીવાડા | ૧૦૧૦ |
| ડીસા | ૧૧૮૦ |
| દીઓદર | ૪૪૧ |
| ધાનેરા | ૧૩૪૫ |
| કાંકેરજ | ૧૭૦૬ |
| લાખાણી | ૬૧૫ |
| પાલનપુર | ૧૧૮૧ |
| સુઇગામ | ૯૫૨ |
| થરાદ | ૫૯૩૭ |
| વડગામ | ૮૭૧ |
| વાવ | ૩૨૭૦ |
| દાંતા | ૧૩૨૮ |
| **કુલ** | **૨૧૫૯૨** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વીજ જોડાણ મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) કુલ ૬૦૭૧ કૃષિ વીજ જોડાણ મંજૂર કરવામાં આવ્યા. |
| (૩) બાકીના વીજ જોડાણ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ? | (૩) નિયમિત ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પાર પડનાર બોજો ઉપરાંત, યોજનાવાર નાણાકીય આયોજનને ધ્યાને લઇને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાકીય પરિબળ મહત્વનું હોઇ તમામ બાબતો ધ્યાને લઇ વીજ |

જોડાણ મંજૂર કરાવવામાં આવશે.

**મહિસાગર જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ**

૧૬૩૩૭ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) પત્રક–૧,૨,૩ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ–તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**નર્મદા યોજનાની કેનાલો બનાવવા બાબત**

૧૬૧૦૧ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલો બનાવવાનું કામ બાકી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યા પ્રકારની કેટલા કિ.મિ. કેનાલનું કામ બાકી છે, અને | (૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની અંદાજીત લંબાઇ ૨૭૩૦.૫૮ પૈકી ૧૧૦.૯૮ કિ.મિ., વિશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૫૬૯.૪૧ પૈકી ૨૦૯.૮૨ કિ.મિ., પ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૧૫૬૬૯.૯૪ પૈકી ૧૬૯૧.૪૪ કિ.મિ., તથા પ્રપ્રશાખા નહેરોની અંદાજીત લંબાઇ ૪૮૩૧૯.૯૪ પૈકી ૮૭૮૩.૫૭ કિ.મિ. લંબાઇમાં કામ બાકી છે.<br>અંદાજીત લંબાઇમાં વધઘટ થવાનો સંભવ છે. |
| (૩) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન જંગલ અને અભયારણ્યમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપ લાઇન, ટેલીફોન/ઇલેક્ટ્રિક લાઇન વગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે.<br>પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે. |

---------

**અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ મેલેરીયાના કેસો**

અતારાંકિત પ્રશ્નો

૧૪૪૮૮ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રિજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ મેલેરીયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી ?

**જવાબ**

(૧) ૩૨૮

(૨) મેલેરીયા નિયંત્રણ માટે ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ અને આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે.

**મહેસાણા અને પાટણ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત**

૧૬૨૬૪ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔધોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૨) તે અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔધોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **ક્રમ નં.** | **જિલ્લો** | **એકમ** |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૨૧૪૮ |
| ૨ | પાટણ | ૫૦૨ |

(૨)

| **ક્રમ નં.** | **જિલ્લો** | **એકમ** | **વસૂલવાની બાકી રકમ (રૂ.કરોડમાં)** |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૦૮ | ૧૦૦૩.૮૬ |
| ૨ | પાટણ | ૮૭ | ૨૧૫.૩૭ |

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઇ હુકમ સિવાયના, મહેસાણા જિલ્લામાં ૨૨૭ એકમોમાં તથા પાટણ જિલ્લામાં ૭૨ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા, તથા માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

**ખેડા અને જામનગર જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત**

૧૬૩૩૩ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ખેડા અને જામનગર જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔધોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૨) તે અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔધોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **અનુ** | **જિલ્લો** | **એકમ** |
|---|---|---|
| ૧ | ખેડા | ૭૦૧ |
| ૨ | જામનગર | ૧૫૦૧ |

(૨)

| **અનુ** | **જિલ્લો** | **એકમ** | **વસૂલવાની બાકી રકમ (રૂ.કરોડમાં)** |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૭૩ | ૩૬૯.૦૭ |
| ૨ | જામનગર | ૨૧૨ | ૬૬૩.૨૦ |

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઇ હુકમ સિવાયના, ખેડા જિલ્લામાં ૬૧ એકમોમાં તથા જામનગર જિલ્લામાં ૧૭૫ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા, માલ અને સેવા કર કાયદા તથા જમીન

મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૩૦૦ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) પત્રક–૧, પત્રક–૨, પત્રક–૩ મુજબ |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**ઉમરાળા તાલુકામાં આવેલ રંઘોળા જળાશય યોજનામાં નહેર સુધારણાના કામો**

૧૪૫૫૮ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલિતાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં આવેલ રંઘોળા જળાશય યોજનામાં નહેર સુધારણાના કેટલા કામોને મંજૂરી આપેલ છે, | (૧) ૧ (એક) કામ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની મંજૂરી આપેલ છે, અને | (૨) રૂ. ૮.૫૩ કરોડ |
| (૩) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિ હેઠળ. |

---------

**પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ. ની અરજીઓ**

૧૪૬૩૪ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. આખરી ચૂકવણાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) ૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) તમામ અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ**

૧૪૬૧૬ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઇ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા | (૧) મા યોજનાઃ– ૩,૧૩૫ કાર્ડ<br>મા વાત્સલ્ય યોજનાઃ– ૧,૮૬,૦૦૮ કાર્ડ |

વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

**કુલઃ–૧,૮૯,૧૪૩ કાર્ડ**

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે ?

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે અમદાવાદ જિલ્લામાં કુલ ૩૪ કિઓસ્ક કાર્યરત કરેલ છે.

**ઈડર તાલુકાના નોન પ્લાન ડામર રસ્તાઓનું રીસરફેસીંગનુ આયોજન**

૧૪૬૭૬ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના નોન પ્લાન ડામર રસ્તાઓને રીસરફેસીંગ કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તાલુકામાં કુલ કેટલા રસ્તાના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩)

ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૧૨.૭૦ લાખની અંદાજીત રકમના મંજૂર કરવામાં આવેલ ૧૫ કામો પૈકી ૮ કામો પૂર્ણ, ૩ કામો પ્રગતિમાં અને ૪ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

**વીજ ચોરીના બિલો માફ કરવા બાબત**

૧૬૮૯૯ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકારે વીજ ચોરીના કલમ ૧૨૬ અને કલમ–૧૩૫ (ઈન્ડિયન ઈલેક્ટ્રીસીટી એક્ટ) હેઠળ છેલ્લા ૧ વર્ષમાં કયા કયા હેતુ માટેના વીજચોરી બિલો માફ કર્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ટોટલ કેટલી રકમના વીજચોરીના બિલો માફ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) વીજ અધિનિયમ–૨૦૦૩ની વીજ ચોરી માટેની કલમ–૧૨૬ અને, કલમ–૧૩૫ હેઠળ પ્રથમ વખત પુરવણી બિલ આપેલ હોય તેવા, રહેણાક (શહેરી), રહેણાક (ગ્રામ્ય), કોમર્શિયલ, જનરલ લાઈટીંગ હેતુ, કૃષિ, વોટર વર્કસ, ઔદ્યોગિક હેતુ ધરાવતા ગ્રાહકો/બિનગ્રાહકોમાં વીજચોરીના બિલ માફ કરેલ છે.

(૨) રૂ.૧૭૩૦૮.૨૬ લાખની રકમનાં વીજચોરીના બિલો માફ કરવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયરો**

૧૪૬૫૨ **શ્રી બાબુભાઈ બોખરીયા** (પોરબંદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ કેટલા કિ.મિ. જર્જરિત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૭૯૮.૭૮ કિ.મિ. જર્જરીત વીજ વાયરો અને ૧૨૧૮ વીજ થાંભલા બદલવામાં આવ્યા.

(૨) રૂ.૩૧૯.૪૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૨૯૭ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) જી.જી. હોસ્પિટલ જામનગર ખાતે સંવર્ગવાર મંજૂર મહેકમની વિગતો પત્રક–૧ સામેલ છે.

જામનગર જિલ્લામાં આવેલ માનસિક આરોગ્યની હોસ્પિટલની સંવર્ગવાર મંજૂર મહેકમની વિગતો પત્રક–૩, સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું

પત્રક–૫, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૭ સામેલ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૨, સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક–૪, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સંવર્ગવાર મંજૂર મહેકમની વિગતો પત્રક–૬ સામેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક–૧,૨,૩,૪,૫,૬ ૭ સામેલ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉકટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

## સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

૧૪૬૬૪ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૧) ૪૭૬૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

(૨) રૂ.૭૮૧૬.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત

૧૬૨૫૬ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની રકમ વસૂલાતની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૧)

| અ.નં. | જિલ્લો | એકમ |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૭૬૧ |
| ૨ | કચ્છ | ૩૯૭૪ |

(૨) તે અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૨)

| અ.નં. | જિલ્લો | એકમ | વસૂલવાની બાકી રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૮૪ | ૧૦૬.૦૪ |
| ૨ | કચ્છ | ૬૪૦ | ૪૫૬૯.૬૪ |

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા?

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના, બનાસકાંઠા જિલ્લામાં ૬૩ એકમોમાં તથા કચ્છ જિલ્લામાં ૫૮૧ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત

મુલ્યવર્ધિત કાયદા, માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**સુરત અને ભરૂચ જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો**

૧૬૩૫૯ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપતિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સુરત અને ભરૂચ જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે?

**જવાબ**

| જિલ્લો | મોટા ડેમ (સંખ્યા) | મધ્યમ ડેમ (સંખ્યા) |
|---|---|---|
| સુરત | ૧ | ૨ |
| ભરૂચ | ૦ | ૧ |

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૬૨૮૬ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં ૬૭૫

પોરબંદર જિલ્લામાં ૬૧ તળાવો ઊંડા કરવામાં આવ્યા.

**રાજકોટ જિલ્લોઃ**

| ક્રમ | તાલુકો | તળાવો ઊંડા કરવામાં આવ્યા |
|---|---|---|
| (૧) | ધોરાજી | ૮૮ |
| (૨) | ગોંડલ | ૯૬ |
| (૩) | જામકંડોરણા | ૮૬ |
| (૪) | જસદણ | ૮૫ |
| (૫) | જેતપુર | ૬૪ |
| (૬) | કોટડાસાંગાણી | ૩૦ |
| (૭) | લોધીકા | ૧૯ |
| (૮) | પડધરી | ૨૩ |
| (૯) | રાજકોટ | ૮૦ |
| (૧૦) | ઉપલેટા | ૬૩ |
| (૧૧) | વિછિંયા | ૪૧ |
| | **રાજકોટ કુલ** | **૬૭૫** |

**પોરબંદર જિલ્લોઃ**

| | | |
|---|---|---|
| (૧) | પોરબંદર | ૩૮ |
| (૨) | રાણાવાવ | ૧૧ |
| (૩) | કુતિયાણા | ૧૨ |
| | **પોરબંદર કુલ** | **૬૧** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) રાજકોટ જિલ્લામાં રૂ.૩૪૯.૪૧ લાખ અને

પોરબંદર જિલ્લામાં ખેડૂતો અને એન.જી.ઓ. દ્વારા ૧૦૦ % સ્વખર્ચે તળાવો ઊંડા કરવામાં આવેલ છે.

**રાજકોટ જિલ્લોઃ**

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૭–૧૮ નો ખર્ચ | વર્ષ ૨૦૧૮–૧૯ નો ખર્ચ |
|---|---|---|---|
| | | (રૂ.લાખમાં) | |
| (૧) | ધોરાજી | ૧૬.૮૨ | ચૂકવણાની કામગીરી હાલ પ્રગતિમાં છે. |
| (૨) | ગોંડલ | ૧૫.૨૨ | |
| (૩) | જામકંડોરણા | ૪.૦૯ | |
| (૪) | જસદણ | ૨૩.૧૨ | |
| (૫) | જેતપુર | ૨.૧૯ | |
| (૬) | કોટડાસાંગાણી | ૧.૪૯ | |
| (૭) | લોધીકા | ૧.૪૯ | |
| (૮) | પડધરી | ૦.૭૨ | |

| | | | |
|---|---|---|---|
| (૯) | રાજકોટ | ૨૫૮.૭૯ | |
| (૧૦) | ઉપલેટા | ૧૭.૭૫ | |
| (૧૧) | વિછિંયા | ૭.૭૩ | |
| | **રાજકોટ કુલ** | **૩૪૯.૪૧** | |

**પોરબંદર જિલ્લોઃ**

| | | | |
|---|---|---|---|
| (૧) | પોરબંદર | ખેડૂતો અને એન.જી.ઓ. દ્વારા ૧૦૦ ટકા સ્વખર્ચે | ચૂકવણાની કામગીરી હાલ પ્રગતિમાં છે. |
| (૨) | રાણાવાવ | | |
| (૩) | કુતિયાણા | | |

(૩) તળાવો ઊંડા થવાથી તાલુકાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો?

(૩) રાજકોટ જિલ્લામાં ૩.૪૩૩૪.૯૧ મિલિયન લિટર અને

પોરબંદર જિલ્લામાં ૨૪૧૨.૦૨ મિલિયન લિટર

**રાજકોટ જિલ્લોઃ**

| **ક્રમ** | **તાલુકો** | **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|---|---|
| | | **(મિલિયન લિટર)** | |
| (૧) | ધોરાજી | ૫૬.૧૬૬ | પૂર્ણ થયેલ કામોનાં માપ લેવાની કામગીરી હાલ ચાલુ છે જે આખરી થયેથી સંગ્રહ શકિતની વિગત આપી શકાશે. |
| (૨) | ગોંડલ | ૨૭૮.૫૮૦ | |
| (૩) | જામકંડોરણા | ૨૯૩૩.૯૫૩ | |
| (૪) | જસદણ | ૯૪.૭૯૫ | |
| (૫) | જેતપુર | ૯૯.૧૧૯ | |
| (૬) | કોટડાસાંગાણી | ૭૨.૨૫૫ | |
| (૭) | લોધીકા | ૨૫.૮૮૪ | |
| (૮) | પડધરી | ૧૮.૬૨૪ | |
| (૯) | રાજકોટ | ૪૪૦.૮૭૮ | |
| (૧૦) | ઉપલેટા | ૨૮૧.૯૯૮ | |
| (૧૧) | વિછિંયા | ૩૨.૭૩૯ | |
| | **રાજકોટ કુલ** | **૪૩૩૪.૯૮** | |

**પોરબંદર જિલ્લોઃ**

| | | | |
|---|---|---|---|
| (૧) | પોરબંદર | ૧૯૯.૩૫૦ | ૧૯૯૮.૦૩૭ |
| (૨) | રાણાવાવ | ૬૦.૦૩૧ | ૫૭.૭૬૬ |
| (૩) | કુતિયાણા | ૮૯.૪૮૧ | ૭.૩૬૨ |

## સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

૧૪૬૪૭ **શ્રી અરવિંદભાઈ રાણા** (સુરત–પૂર્વ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૧) ૪૭૬૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

(૨) ૩.૭૮૧૬.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

## દાહોદ જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો

૧૪૬૫૯ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે

(૧) ૮૨૧૧ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં

વર્ષમાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | આવેલ છે.

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.૩૦૯.૭૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૧૬૨૬૮ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) પત્રક-૧, ૨, ૩ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉકટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે. |

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**ગાંધીધામ તાલુકાના ચિરઈથી લુણાવા ગામને જોડતો રસ્તો બનાવવાનું આયોજન**

૧૪૬૭૯ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ગાંધીધામ તાલુકાના ચિરઈથી લુણાવા ગામને જોડતો રસ્તો બનાવવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, કેટલી લંબાઈ અને કેટલી રકમનું કામ મંજૂર કરેલ છે, અને | (૨) ૬.૦૦ કિ.મિ. અને રૂ.૩૦૦.૦૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ડી.ટી.પી. બનાવવાની પ્રક્રિયા હેઠળ. |

**બનાસકાંઠા જિલ્લામાં ઘરવપરાશનાં વીજ જોડાણો**

૧૪૬૫૫ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડિસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૨૩૫૮ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા. |

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

(૨) રૂ.૧૨૬.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

**જામનગર અને અરવલ્લી જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ કે જીએસટીની વસૂલાત**

૧૬૨૭૭ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને અરવલ્લી જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ કે જીએસટીની રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૧)

| ક્રમ નં. | જિલ્લો | એકમ |
|---|---|---|
| ૧ | જામનગર | ૧૫૦૧ |
| ૨ | અરવલ્લી | ૨૧૬ |

(૨) તે અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૨)

| ક્રમ નં. | જિલ્લો | એકમ | વસૂલવાની બાકી રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૧૨ | ૬૬૩.૨૦ |
| ૨ | અરવલ્લી | ૧૭ | ૮.૮૯ |

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના, જામનગર જિલ્લામાં ૧૭૫ એકમોમાં તથા અરવલ્લી જિલ્લામાં ૧૩ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા, માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

**મોરબી જિલ્લામાં વિજ જોડાણની પડતર અરજીઓ**

૧૬૦૬૬ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર ખેતી માટે વીજ જોડાણ મેળવવા માટેની કુલ કેટલી અરજીઓ પડતર છે,

(૧)

| તાલુકો | વીજ જોડાણની પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| હળવદ | ૧૨૧૪ |
| માળીયા | ૩૦૧ |
| મોરબી | ૧૦૪૯ |
| ટંકારા | ૮૨૩ |
| વાંકાનેર | ૧૩૨૫ |
| **કુલ** | **૪૭૧૨** |

(૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓ પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ નિયમિત અને કેટલી અરજીઓ તત્કાલ વિજ જોડાણ માટેની છે,

(૨)

| તાલુકો | નિયમિત વીજ જોડાણ માટેની અરજીઓની સંખ્યા | તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓની સંખ્યા |
|---|---|---|
| હળવદ | ૧૨૧૪ | ૦ |
| માળીયા | ૩૦૧ | ૦ |
| મોરબી | ૧૦૪૯ | ૦ |
| ટંકારા | ૮૨૩ | ૦ |
| વાંકાનેર | ૧૩૨૫ | ૦ |
| **કુલ** | **૪૭૧૨** | **૦** |

(૩) પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર એક વર્ષ કરતાં વધુ અને કેટલી અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩)

| તાલુકો | એક વર્ષ કરતાં વધુ, પરંતુ બે વર્ષ સુધીની પડતર અરજીઓની સંખ્યા | બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| હળવદ | ૩૧૫ | ૯ |
| માળીયા | ૬૨ | ૦ |
| મોરબી | ૨૪૩ | ૨૪ |
| ટંકારા | ૩૦૭ | ૫૬ |

| | | |
|---|---|---|
| વાંકાનેર | ૪૯૨ | ૮૯ |
| **કુલ** | **૧૪૧૯** | **૧૭૮** |

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કરી ક્યાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

(૪) ખેતી વિષયક વીજ જોડાણ આપવું એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાકીય પરિબળ મહત્વનું હોઈ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

**લડબી નદી પર પુલ બનાવવા બાબત**

૧૭૧૫૦ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલનપુર થી સાંખેસણ, વેડચા, ગોબાસણ મંડાણા (ગઢ) ગ્રામ્ય માર્ગ પર મંડાણા (ગઢ)માં લડબી નદી પર કોઝવે છે તેના પર ચોમાસામાં પૂરના પાણી ફરી વળતા હોઈ કોઝવેને બદલે પુલ બનાવવાની દરખાસ્ત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ હાલ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ સમસ્યાના ઝડપી ઉકેલ માટે સરકારે શા પગલાં લીધેલ છે, અને

(૩) તે પુલનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઉક્ત રોડ પર લડબી નદી પર હયાત કોઝવે છે જે વાહન વ્યવહાર યોગ્ય છે. વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ હોઈ અને તાંત્રિક જરૂરિયાતને ધ્યાને લેતાં નવા પૂલ/કોઝવેનું હાલમાં આયોજન નથી.

**બનાસકાંઠા જિલ્લામાં ઘર વપરાશનાં વીજ જોડાણો**

૧૪૬૫૪ **શ્રી કિર્તિસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૩૫૮ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૨) રૂ.૧૨૬.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

**નર્મદા યોજના અંતર્ગત કેનાલોની કામગીરી**

૧૬૩૧૮ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગતના પ્લાનમાં સિંચાઈ માટે કેટલી લંબાઈની મુખ્ય કેનાલ, શાખા કેનાલ, સબ શાખા કેનાલ ઊભી કરવાનું આયોજન હતું,

(૨) તે અનુસંધાને ઉક્ત સ્થિતિએ કેટલી લંબાઈમાં નહેરોનું કામ પૂર્ણ થયું, કેટલું પ્રગતિમાં છે અને કેટલું બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત પ્લાનમાં સિંચાઇ માટે મુખ્ય નહેર-૪૫૮.૩૨૦ કિ.મિ. શાખા નહેરો-૨૭૩૦.૫૮ કિ.મિ. વિશાખા નહેરો-૪૫૬૯.૪૧ કિ.મિ. પ્રશાખા નહેરો-૧૫૬૬૯.૯૪ કિ.મિ. પ્રપ્રશાખા નહેરો-૪૮૩૧૯.૯૪ કિ.મિ. લંબાઈની કેનાલો બનાવવાનું આયોજન છે.

(૨) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નહેરોની ૬૦૯૫૨ કિ.મિ. નહેરોની લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે. જ્યારે અંદાજીત ૬૭૮૧ કિ.મિ. લંબાઈમાં કામ પ્રગતિ હેઠળ છે અને અંદાજીત ૪૦૧૫ કિ.મિ. લંબાઈનું કામ બાકી છે.

(૩) બાકી રહેવાના કારણો શું છે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) નહેરોના બાકી કામો મુખ્યત્વે નવો જમીન સંપાદન ધારાને કારણે જમીન સંપાદનમાં વિલંબ, જંગલ અને અભયારણ્ય માંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઈલ પાઈપ લાઈન ટેલીફોન/ઈલેક્ટ્રિક લાઈન વગેરેની સંબંધિત વિભાગોની મંજૂરીમાં વિલંબ, ખેડૂતોના વિરોધ વગેરે કારણોને લીધે છે.

નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન, જંગલ અને અભયારણ્ય માંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઈલ પાઈપ લાઈન ટેલીફોન/ઈલેક્ટ્રિક લાઈન વગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઈ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૬૨૯૫ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં ૬૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૯૯ તળાવો ઊંડા કરવામાં આવ્યા.

**જામનગર જિલ્લોઃ**

| **ક્રમ** | **તાલુકો** | **તળાવો ઊંડા કરવામાં આવ્યા** |
|---|---|---|
| (૧) | ધ્રોલ | ૧૦ |
| (૨) | જામજોધપુર | ૦૫ |
| (૩) | જામનગર | ૧૪ |
| (૪) | જોડીયા | ૧૬ |
| (૫) | કાલાવડ | ૦૪ |
| (૬) | લાલપુર | ૧૧ |
| | **જામનગર કુલ** | **૬૦** |

**દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ**

| | | |
|---|---|---|
| (૧) | ભાણવડ | ૪૫ |
| (૨) | દ્વારકા | ૬૧ |
| (૩) | કલ્યાણપુર | ૨૧૮ |
| (૪) | ખંભાળીયા | ૭૫ |
| | **દેવભૂમિ દ્વારકા કુલ** | **૩૯૯** |

(૨) જામનગર જિલ્લામાં રૂ.૨૭.૧૭ લાખ અને

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂ.૩૧૯.૦૫ લાખ.

**જામનગર જિલ્લોઃ**

| **ક્રમ** | **તાલુકો** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| (૧) | ધ્રોલ | ૪.૭૮ |
| (૨) | જામજોધપુર | ૧.૭૪ |
| (૩) | જામનગર | ૭.૬૬ |
| (૪) | જોડીયા | ૭.૩૭ |
| (૫) | કાલાવડ | ૧.૮૪ |
| (૬) | લાલપુર | ૩.૭૮ |

| | |
|---|---|
| **જામનગર કુલ** | **૨૭.૧૭** |

**દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ**

| | | |
|---|---|---|
| (૧) | ભાણવડ | ૧૯.૫૩ |
| (૨) | દ્વારકા | ૧૫.૫૨ |
| (૩) | કલ્યાણપુર | ૨૨૪.૭૬ |
| (૪) | ખંભાળીયા | ૫૯.૨૪ |
| **દેવભૂમિ દ્વારકા કુલ** | | **૩૧૯.૦૫** |

(૩) તળાવો ઊંડા થવાથી તાલુકાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ?

(૩) જામનગર જિલ્લામાં ૧૯૦.૫૯ મી.લિટર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૬૨૧.૪૪ મી.લિટર

**જામનગર જિલ્લોઃ**

| ક્રમ | તાલુકો | સંગ્રહ ક્ષમતામાં થયેલ વધારો (મી.લિટર) |
|---|---|---|
| (૧) | ધ્રોલ | ૩૧.૧૫ |
| (૨) | જામજોધપુર | ૧૧.૬૧ |
| (૩) | જામનગર | ૬૪.૮૫ |
| (૪) | જોડીયા | ૪૩.૩૨ |
| (૫) | કાલાવડ | ૧૩.૩૧ |
| (૬) | લાલપુર | ૨૬.૩૫ |
| **જામનગર કુલ** | | **૧૯૦.૫૯** |

**દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ**

| | | |
|---|---|---|
| (૧) | ભાણવડ | ૧૪૮.૬૬ |
| (૨) | દ્વારકા | ૧૪૦૫.૩૭ |
| (૩) | કલ્યાણપુર | ૧૮૨૨.૧૯ |
| (૪) | ખંભાળીયા | ૨૪૫.૨૨ |
| **દેવભૂમિ દ્વારકા કુલ** | | **૩૬૨૧.૪૪** |

---------

**ગાંધીનગર જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત**

૧૭૩૮૪ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૧)

| ક્રમ | તાલુકો | તળાવોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬૦ |
| ૨ | કલોલ | ૮૦ |
| ૩ | માણસા | ૨૮ |
| ૪ | દહેગામ | ૬૩ |
| **કુલ** | | **૨૩૧** |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૭–૧૮ નો ખર્ચ | | |
|---|---|---|---|---|
| | | સરકારશ્રીનો ફાળો (રૂ.લાખમાં) | સંસ્થાઓનો ફાળો (રૂ.લાખમાં) | કુલ (રૂ.લાખમાં) |
| ૧ | ગાંધીનગર | ૧૯.૧૪ | ૧૯.૧૪ | ૩૮.૨૮ |
| ૨ | કલોલ | ૧૬.૫૧ | ૭૨.૪૧ | ૮૮.૯૨ |
| ૩ | માણસા | ૦૭.૬૪ | ૭.૬૪ | ૧૫.૨૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | દહેગામ | ૦ | ૫૭.૦૮ | ૫૭.૦૮ |
| | **કુલ** | **૪૩.૨૯** | **૧૫૬.૨૭** | **૧૯૯.૫૬** |

વર્ષ–૨૦૧૮–૧૯માં પૂર્ણ થયેલ કામોના ચૂકવણાની કામગીરી હાલ પ્રગતિમાં છે.

## મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો

૧૬૨૮૯ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપતિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે?

**જવાબ**

- મોરબી જિલ્લામાં ૫ મધ્યમ અને ૩ મોટા ડેમો.
- સુરેન્દ્રનગર જિલ્લામાં ૫ મધ્યમ ડેમો.

## આર.બી.આઇ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફ્ટ

૧૪૬૨૯ **શ્રી પ્રવિણભાઇ ઘોઘારી** (કરંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરાકાર દ્વારા તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવર ડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને

(૨) રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓવર ડ્રાફ્ટ પર કેટલું વ્યાજ ચૂકવ્યું છે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યનું જાહેર દેવું

૧૬૦૬૩ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કુલ કેટલું છે,

(૨) ઉક્ત દેવા અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું વ્યાજ અને મુદ્દલ ચૂકવવામાં આવ્યું, અને

(૩) ઉક્ત દેવાના વ્યાજના દરો શું છે?

**જવાબ**

(૧)

| **નાણાકીય વર્ષ** | **કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ (સુ.અ) | ૨,૪૦,૬૫૨ |

(૨)

| **નાણાકીય વર્ષ** | **ચૂકવેલ વ્યાજ (રૂ.કરોડમાં)** | **ચૂકવેલ મુદ્દલ (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૭–૧૮ (સુ.અ) | ૧૭,૧૭૮ | ૧૩,૭૦૧ |
| ૨૦૧૮–૧૯ (સુ.અ) | ૧૮,૧૨૪ | ૧૫,૪૪૦ |

(૩)

| **વિગત** | **લોનના વ્યાજદર (%)** |
|---|---|
| નાણાકીય સંસ્થાઓની લોન | ૪.૭૫ % થી ૮.૭૫ % |
| બજાર લોન | ૬.૦૫% થી ૯.૭૫ % |
| એન.એસ.એસ. એફ લોન | ૯.૫૦ % થી ૧૦.૫૦ % |
| કેન્દ્રિય દેવું | ૦% થી ૧૩% |

## મહેસાણા જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો

૧૪૬૫૬ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં

**જવાબ**

(૧) ૪૦૧૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૨૧૨.૯૯ લાખનો ખર્ચ થયેલ છે.

**અમરેલી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૨ની જગ્યા બાબત**

૧૬૦૭૮ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર તબીબી અધિકારી વર્ગ-૨ની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર તબીબી અધિકારી વર્ગ-૨ની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી તે અંગેનુ પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) સીધી ભરતીથી જાહેર સેવા આયોગ મારફતે તબીબો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.

દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરેલ છે. અને તેમાં ઉપસ્થિત એમ.બી.બી.એસ. ડોક્ટરોને પસંદગી પામતા કરારના ધોરણએ નિમણૂક આપવામાં આવે છે. તથા સરકારી મેડિકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. ઉત્તીર્ણ થયેલ ડોક્ટરોને તેઓએ આપેલ બોન્ડ અન્વયે બોન્ડેડ નિમણૂક આપી ખાલી જગ્યાઓ ભરવામાં આવી રહેલ છે.

-ઉક્ત રીતે પ્રાપ્ત થતાં તબીબોઓથી અમરેલી જિલ્લાની ખાલી જગ્યાઓ ભરવાના પ્રયત્નો કરવામાં આવશે.

**પત્રક – અ**

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | તબીબી અધિકારી વર્ગ-૨ ની ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યા કયારથી ખાલી છે. તેની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | જાળિયા | ૧ | ૧૪-૫-૧૯ |
| ૨ | અમરેલી | વાંકિયા | ૧ | ૧૫-૫-૧૯ |
| ૩ | કુકાવાવ | દેવગામ | ૧ | ૧૩-૪-૧૯ |
| ૪ | કુકાવાવ | તોરી | ૧ | ૮-૪-૧૯ |
| ૫ | બગસરા | જૂની હળિયાદ | ૧ | ૩૦-૪-૧૯ |
| ૬ | લાઠી | આસોદર | ૧ | ૮-૩-૧૯ |
| ૭ | લીલીયા | ગુંદરણ | ૧ | ૧૨-૪-૧૯ |
| ૮ | ધારી | જીરા (ધારી) | ૧ | ૧૭-૫-૧૯ |
| ૯ | ધારી | ભાડેર | ૧ | ૧૦-૪-૧૯ |
| ૧૦ | ખાંભા | ખડાધાર | ૧ | ૧૫-૫-૧૯ |
| ૧૧ | સાવરકુંડલા | બાઢડા | ૧ | ૭-૫-૧૯ |
| | | **કુલ** | **૧૧** | |

**બનાસકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ પ્રાથમિક / સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૧૬૦૪૨ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યરત છે, અને

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કોઇ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ નથી, જ્યારે નીચે મુજબના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ પ્રા.આ.કેન્દ્રો | કાર્યરત પ્રા. આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | દાંતીવાડા | ૨ | ૨ |
| ૨ | ડીસા | ૧ | ૧ |
| ૩ | ધાનેરા | ૨ | ૨ |
| ૪ | કાંકરેજ | ૧ | ૧ |
| ૫ | લાખણી | ૨ | ૨ |
| ૬ | પાલનપુર | ૧ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૭ | થરાદ | ૧ | ૧ |
| ૮ | સુઇગામ | ૨ | ૨ |
| ૯ | વાવ | ૨ | ૨ |
| | **કુલ** | **૧૪** | **૧૪** |

(૩) બાકીના સામૂહિક તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ક્યાં સુધીમાં કાર્યરત થશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ભાવનગર જિલ્લાના રસ્તા સુધારણા બાબત

૧૫૫૯૦ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૦૧-૦૬-૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગારીયાધારથી પરવડી-સણોસરાનો રાજ્ય હસ્તકનો તાલુકાથી જિલ્લાને જોડતા રસ્તાની સુધારણા થયાને આઠ વર્ષથી વધુનો સમય થયો હોવા છતાં સુધારણા માટેનો જોબનંબર નહી આપવાના શું કારણો છે, અને

(૨) ગારીયાધાર-પરવડીથી સણોસરા રસ્તાને દસ મીટર પહોળો કરી સુધારણા કરવા શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) અને (૨) આ રસ્તાની ૧.૧ કિ.મિ. લંબાઇમાં તા. ૨૫-૩-૨૦૧૮ના રીસરફેસીંગની કામગીરી પૂર્ણ થયેલ છે. ૪.૩૮ કિ.મિ. લંબાઇમાં રસ્તાને ૧૦ મી. પહોળો કરવાની કામગીરી મંજૂર થયેલ છે. જેમાં વન વિભાગની મંજૂરી પ્રક્રિયા હેઠળ છે. જે મળ્યા બાદ બનતી ત્વરાથી કામ હાથ ધરવામાં આવશે. બાકી રહેતી ૨૪.૫૨ કિ.મિ. લંબાઇમાં રસ્તાની સપાટી, ટ્રાફિકનું ભારણ, ભૌગોલિક પરિસ્થિતિ જેવી તાંત્રિક જરૂરિયાત અને નાણાકીય ઉપલબ્ધતાને પણ ધ્યાને લઇ વિચારણા કરવામાં આવશે.

### અમરેલી અને રાજકોટ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત

૧૬૩૧૦ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ અમરેલી અને રાજકોટ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

|---|---|---|---|
| ૧ | વડોદરા | ૬૯૬ | ૬૩૪૧ |
| ૨ | ગીર સોમનાથ | ૪૦ | ૬૪.૫૪ |

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના, વડોદરા જિલ્લામાં ૫૭૧ એકમોમાં તથા ગીર સોમનાથ જિલ્લામાં ૩૨ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા, તથા માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

## પાટણ અને મહેસાણા જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો

૧૬૨૫૯ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે ?

**જવાબ**

| જિલ્લો | મધ્યમ ડેમ | મોટો ડેમ |
|---|---|---|
| મહેસાણા | – | ૧ |
| પાટણ | – | – |

## ઈડર તાલુકાના નોન પ્લાન ડામર રસ્તાઓનું રીસરફેસીંગનું આયોજન

૧૪૬૭૪ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના નોન પ્લાન ડામર રસ્તાઓને રીસરફેસીંગ કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તાલુકામાં કુલ કેટલા રસ્તાના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૧૨.૭૦ લાખની અંદાજીત રકમના મંજૂર કરવામાં આવેલ ૧૫ કામો પૈકી ૮ કામો પૂર્ણ, ૩ કામો પ્રગતિમાં અને ૪ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

## આર.બી.આઈ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફટ

૧૪૬૨૬ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવર ડ્રાફટ લેવામાં આવ્યો, અને

(૨) રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓવર ડ્રાફટ પર કુલ કેટલું વ્યાજ ચૂકવ્યું છે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બનાસકાંઠા જિલ્લામાં નવા ઘર વપરાશના વીજ જોડાણ બાબત

૧૬૪૯૫ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ જોડાણ આપવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| તાલુકો | છેલ્લા બે વર્ષમાં વીજ જોડાણ આપેલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૧૦૫ |
| ભાભર | ૩૫ |
| દાંતા | ૨૨૮ |
| દાંતીવાડા | ૧૦૦ |
| ડીસા | ૭૯૯ |
| દિયોદર | ૯૫ |
| ધાનેરા | ૨૨૯ |
| કાંકરેજ | ૪૬૩ |
| લાખણી | ૭૭ |
| પાલનપુર | ૫૩૯ |
| સુઈગામ | ૦ |

| | |
|---|---|
| થરાદ | ૨૨૨ |
| વડગામ | ૪૧૭ |
| વાવ | ૨૦૫ |
| કુલ | **૩૫૧૪** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી માંગણીઓ પડતર છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ૩૦૩ અરજીઓ પડતર છે.

(૩) ઉક્ત પડતર માંગણીઓ અન્વયે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી ?

(૩) ઉક્ત સ્થિતિએ પડતર રહેતી ૩૦૩ અરજીઓ પૈકી ૨૬૦ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે. બાકીના ૪૩ અરજદારોને વીજ જોડાણ આપવા માટે કુલ ૩.૬૩ કિ.મિ. નવીન વીજ લાઇનની કામગીરી કરવાની કાર્યવાહી કરી, બનતી ત્વરાએ અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

**મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત**

૧૬૩૩૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ કે જીએસટીની રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૨) તે અન્વયે રૂ.૧૦ લાખ કે તેથી વધુ રકમ વસૂલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત એકમો સમયસર વેરો ચૂકવતા ન હોય તો કેટલા એકમો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| અ.નું. | જિલ્લો | એકમ |
|---|---|---|
| ૧ | મહિસાગર | ૧૨ |
| ૨ | પંચમહાલ | ૩૧૨ |

(૨)

| અ.નું. | જિલ્લો | એકમ | વસૂલવાની બાકી રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | મહિસાગર | ૨ | ૧.૧૩ |
| ૨ | પંચમહાલ | ૮૪ | ૩૭૪.૫૨ |

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના, મહિસાગર જિલ્લામાં ૦ એકમમાં તથા પંચમહાલ જિલ્લામાં ૬૭ એકમોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત કાયદા, માલ અને સેવા કર કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો**

૧૪૫૯૬ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રીજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા છે,

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તેનાથી જળસંગ્રહમાં કેટલો વધારો થશે?

**જવાબ**

(૧) ૧૯૬ તળાવો

(૨) રૂ.૨૬૨.૫૪ લાખ.
(રૂ.૯૭.૭ લાખ સરકારનો ફાળો.
રૂ.૧૬૪.૮૪ લાખ સંસ્થાઓનો ફાળો)

(૩) ૭.૫૯ લાખ ઘન મીટર
(૭૫૯ મિલિયન લિટર)

**મહેસાણા અને દાહોદ જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો**

૧૬૨૬૫ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા અને દાહોદ જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે ?

**જવાબ**

| ક્રમ | મહેસાણા જિલ્લો | દાહોદ જિલ્લો |
|---|---|---|
| ૧ | મોટા ડેમ–૧ | મોટા ડેમ–૦ |
| ૨ | મધ્યમ ડેમ–૦ | મધ્યમ ડેમ–૪ |

**ખેડા અને મહીસાગર જિલ્લામાં ઊંડા કરેલ તળાવો**

૧૬૩૩૪ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| જિલ્લો–ખેડા | | જિલ્લો–મહીસાગર | |
|---|---|---|---|
| તાલુકા | ઊંડા કરેલ તળાવોની | તાલુકા | ઊંડા કરેલ તળાવોની |

| | સંખ્યા | | સંખ્યા |
|---|---|---|---|
| નડીયાદ | ૧૧૨ | લુણાવાડા | ૨૧ |
| ખેડા | ૩૬ | કડાણા | ૧૨ |
| મહેમદાવાદ | ૫૬ | બાલાસિનોર | ૧૦ |
| કપડવંજ | ૫૦ | સંતરામપુર | ૧૦ |
| ઠાસરા | ૩૫ | ખાનપુર | ૨૦ |
| કઠલાલ | ૩૦ | વિરપુર | ૨૦ |
| ગળતેશ્વર | ૨૪ | | |
| માતર | ૨૫ | | |
| વસો | ૧૯ | | |
| મહુધા | ૨૫ | | |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લો–ખેડા | | જિલ્લો–મહીસાગર | |
|---|---|---|---|
| તાલુકા | ઊંડા કરેલ તળાવોની તાલુકાવાર ખર્ચ (રૂ.લાખમાં) | તાલુકા | ઊંડા કરેલ તળાવોનો તાલુકાવાર ખર્ચ (રૂ.લાખમાં) |
| નડીયાદ | ૧૬.૯ | લુણાવાડા | ૧૫.૧૭૬ |
| ખેડા | ૦૦ | કડાણા | ૪.૨૩૫ |
| મહેમદાવાદ | ૦૦ | બાલાસિનોર | ૮.૫૨૨ |
| કપડવંજ | ૨૪.૦૯ | સંતરામપુર | ૮.૬૧૧ |
| ઠાસરા | ૪.૧૪ | ખાનપુર | ૪૦.૬૫૮ |
| કઠલાલ | ૦૦ | વિરપુર | ૩૩.૫૬૪ |
| ગળતેશ્વર | ૦૦ | | |
| માતર | ૦૦ | | |
| વસો | ૦૦ | | |
| મહુધા | ૦.૬૭ | | |

(૩) તળાવો ઊંડા થવાથી તાલુકાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ?

(૩)

| જિલ્લો–ખેડા | | જિલ્લો–મહીસાગર | |
|---|---|---|---|
| તાલુકા | પાણીની સંગ્રહ ક્ષમતામાં થયેલ વધારો લાખ (ઘનફૂટમાં) | તાલુકા | પાણીની સંગ્રહ ક્ષમતામાં થયેલ વધારો લાખ (ઘનફૂટમાં) |
| નડીયાદ | ૯૫.૧ | લુણાવાડા | ૧૪.૦૭ |
| ખેડા | ૩૫૦.૧ | કડાણા | ૭.૬૯ |
| મહેમદાવાદ | ૧૦૯.૧ | બાલાસિનોર | ૬.૩૮ |
| કપડવંજ | ૭૦.૨ | સંતરામપુર | ૫.૯૯ |
| ઠાસરા | ૧૪.૯૦ | ખાનપુર | ૧૨.૭૭ |
| કઠલાલ | ૨૦.૮ | વિરપુર | ૧૨.૬૩ |
| ગળતેશ્વર | ૧૩.૫૦ | | |
| માતર | ૬૭.૩ | | |
| વસો | ૩૩.૨ | | |
| મહુધા | ૨૫.૩ | | |

## જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો

૧૬૩૦૧ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં ૬૨
ગીર–સોમનાથ જિલ્લામાં ૭૦ તળાવો ઊંડા કરવામાં આવ્યા.

**(અ) જિલ્લોઃ જૂનાગઢ**

| ક્રમ | તાલુકો | તળાવો ઊંડા કરવામાં આવ્યા |
|---|---|---|
| (૧) | જૂનાગઢ | ૧૧ |
| (૨) | વંથલી | ૧૦ |
| (૩) | માણાવદર | ૧૧ |
| (૪) | કેશોદ | ૦૭ |
| (૫) | માંગરોળ | ૦૬ |
| (૬) | માળીયા | ૦૭ |
| (૭) | વિસાવદર | ૦૫ |

| | | |
|---|---|---|
| (૮) | ભેંસાણ | ૦૩ |
| (૯) | મેંદરડા | ૦૨ |
| | **જૂનાગઢ કુલ** | **૬૨** |

**(બ) જિલ્લોઃ ગીર સોમનાથ**

| ક્રમ | તાલુકો | તળાવો ઊંડા કરવામાં આવ્યા |
|---|---|---|
| (૧) | વેરાવળ | ૦૭ |
| (૨) | સુત્રાપાડા | ૦૬ |
| (૩) | તાલાળા | ૦૯ |
| (૪) | ઉના | ૧૨ |
| (૫) | કોડીનાર | ૧૯ |
| (૬) | ગીર ગઢડા | ૧૭ |
| | **ગીર સોમનાથ કુલ** | **૭૦** |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તળાવો ઊંડા કરવા માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) જૂનાગઢ જિલ્લામાં રૂ.૧૫.૬૨ લાખ અને

ગીર–સોમનાથ જિલ્લામાં રૂ.૧૫.૧૩ લાખ.

**(અ) જિલ્લોઃ જૂનાગઢ**

| ક્રમ | તાલુકો | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| (૧) | જૂનાગઢ | ૨.૫૧ |
| (૨) | વંથલી | ૧.૪૭ |
| (૩) | માણાવદર | ૪.૬૮ |
| (૪) | કેશોદ | ૦.૪૫ |
| (૫) | માંગરોળ | ૧.૭૭ |
| (૬) | માળીયા | ૧.૮૦ |
| (૭) | વિસાવદર | ૧.૬૫ |
| (૮) | ભેંસાણ | ૦.૫૦ |
| (૯) | મેંદરડા | ૦.૭૯ |
| | **જૂનાગઢ કુલ** | **૧૫.૬૨** |

**(બ) જિલ્લોઃ ગીર સોમનાથ**

| ક્રમ | તાલુકો | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| (૧) | વેરાવળ | ૧.૬૫ |
| (૨) | સુત્રાપાડા | ૨.૪૭ |
| (૩) | તાલાળા | ૨.૩૦ |
| (૪) | ઉના | ૧.૩૬ |
| (૫) | કોડીનાર | ૨.૮૦ |
| (૬) | ગીર ગઢડા | ૪.૫૫ |
| | **ગીર સોમનાથ કુલ** | **૧૫.૧૩** |

(૩) તળાવો ઊંડા થવાથી તાલુકાવાર પાણીની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ?

(૩) જૂનાગઢ જિલ્લામાં રૂ.૧૧૫.૭૩ મિલિયન લિટર અને

ગીર–સોમનાથ જિલ્લામાં રૂ.૨૭૨.૭૮ મિલિયન લિટર.

**(અ) જિલ્લોઃ જૂનાગઢ**

| ક્રમ | તાલુકો | પાણીની સંગ્રહક્ષમતામાં થયેલ વધારો (મિલિયન લિટર) |
|---|---|---|
| (૧) | જૂનાગઢ | ૧૬.૭૭ |
| (૨) | વંથલી | ૧૬.૮૨ |
| (૩) | માણાવદર | ૩૧.૧૯ |
| (૪) | કેશોદ | ૨.૯૭ |
| (૫) | માંગરોળ | ૧૩.૮૭ |
| (૬) | માળીયા | ૧૨.૦૨ |
| (૭) | વિસાવદર | ૧૧.૦૧ |
| (૮) | ભેંસાણ | ૫.૭૮ |
| (૯) | મેંદરડા | ૫.૩૦ |

| | |
|---|---|
| **જૂનાગઢ કુલ** | **૧૧૫.૭૩** |

**(બ) જિલ્લોઃ ગીર સોમનાથ**

| **ક્રમ** | **તાલુકો** | **પાણીની સંગ્રહક્ષમતામાં થયેલ વધારો (મિલિયન લિટર)** |
|---|---|---|
| (૧) | વેરાવળ | ૨૧.૫૫ |
| (૨) | સુત્રાપાડા | ૨૪.૬૦ |
| (૩) | તાલાળા | ૩૭.૨૭ |
| (૪) | ઉના | ૫૭.૨૭ |
| (૫) | કોડીનાર | ૬૯.૪૦ |
| (૬) | ગીર ગઢડા | ૬૨.૬૯ |
| | **ગીર સોમનાથ કુલ** | **૨૭૨.૭૮** |

## અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં ઘર વપરાશ માટે સોલાર પાવર બાબત

૧૬૯૦૦ **ડૉ.અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા ખેડૂતોને ઘર વપરાશ અને કૂવા માટે સોલાર પાવર માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ખેડૂતોને ઘર વપરાશ (સોલાર હોમ લાઈટ સિસ્ટમ) અને કૂવા (સોલાર વોટર પંપ) માટે સોલાર પાવર માટે આવેલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

| **સોલાર હોમ લાઈટ સીસ્ટમ માટેની મળેલ અરજીઓ** | **વર્ષ** | **અરવલ્લી** | **સાબરકાંઠા** |
|---|---|---|---|
| | ૨૦૧૭–૧૮ | ૧૨ | ૧૨૬ |
| | ૨૦૧૮–૧૯ | ૦ | ૦ |
| | ૨૦૧૯–૨૦ (૩૧–૦૫–૧૯ સુધી) | ૦ | ૦ |
| | **કુલ** | **૧૨** | **૧૨૬** |
| **સોલાર વોટર પંપ માટેની મળેલ અરજીઓ** | ૨૦૧૭–૧૮ | ૦ | ૦ |
| | ૨૦૧૮–૧૯ | ૦ | ૦ |
| | ૨૦૧૯–૨૦ (૩૧–૦૫–૧૯ સુધી) | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** |

જેની વર્ષવાર તથા તાલુકાવાર વિગતવાર માહિતી પત્રક–૧ મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર ઘર અને કૂવા માટે સોલાર–પાવરની વ્યવસ્થા કરી આપવામાં આવી, અને

(૨) એક પણ નહીં.

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા આદિજાતિના ખેડૂતોને સોલાર–પાવરનો લાભ આપવામાં આવ્યો?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક–૧**

| **વીજ વિતરણ કંપની** | **જીલ્લો** | **તાલુકો** | **વર્ષવાર નોંધાયેલ અરજીઓની સંખ્યા** | | | | | | | | | | | | **રદ થયેલ અરજીઓની સંખ્યા** | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **૨૦૧૭–૧૮** | | | **૨૦૧૮–૧૯** | | | **૨૦૧૯–૨૦** | | | **કુલ** | | | **૨૦૧૭–૧૮** | | | **૨૦૧૮–૧૯** | | | **૨૦૧૯–૨૦** | | | **કુલ** | | |
| | | | **એસ. સી.** | **એસ. ટી.** | **અન્ય** | **એસ. સી.** | **એસ. ટી.** | **અન્ય** | **એસ. સી.** | **એસ. ટી.** | **અન્ય** | **એસ. સી.** | **એસ. ટી.** | **અન્ય** | **એસ. સી.** | **એસ. ટી.** | **અન્ય** | **એસ. સી.** | **એસ. ટી.** | **અન્ય** | **એસ. સી.** | **એસ. ટી.** | **અન્ય** | **એસ. સી.** | **એસ. ટી.** | **અન્ય** |
| **યૂજીવીસીએલ** | **સાબરકાંઠા** | હિંમતનગર | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | ખેડબ્રહ્મા | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | પોશીના | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | ઈડર | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | વડાલી | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | વિજયનગર | ૧ | ૧૧૯ | ૬ | | | | | | | ૧ | ૧૧૯ | ૬ | | ૬ | | | | | | | | | ૬ | |
| | | પ્રાંતિજ | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | તલોદ | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **સાબરકાંઠા કુલ** | | | **૧** | **૧૧૯** | **૬** | | | | | | | **૧** | **૧૧૯** | **૬** | | **૬** | | | | | | | | | **૬** | |
| **યૂજીવીસીએલ** | **અરવલ્લી** | મોડાસા | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | માલપુર | | | ૪ | | | | | | | | | ૪ | | | ૪ | | | ૪ | | | | | | ૪ |
| | | મેઘરજ | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | ભિલોડા | ૧ | ૭ | | | | | | | | ૧ | ૭ | | ૧ | ૭ | | | | | | | | ૧ | ૭ | |
| | | ધનસુરા | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | બાયડ | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **અરવલ્લી કુલ** | | | **૧** | **૭** | **૪** | | | | | | | **૧** | **૭** | **૪** | **૧** | **૭** | **૪** | | | **૪** | | | | **૧** | **૭** | **૪** |

ભાગ-૨

| વીજ વિતરણ કંપની | જીલ્લો | તાલુકો | વર્ષવાર આપવામાં આવેલ સોલર હોમ લાઇટની સંખ્યા | | | | | | | | | | | | બાકી રહેતી સોલર હોમ લાઇટની સંખ્યા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૭-૧૮ | | | ૨૦૧૮-૧૯ | | | ૨૦૧૯-૨૦ | | | કુલ | | | ૨૦૧૭-૧૮ | | | ૨૦૧૮-૧૯ | | | ૨૦૧૯-૨૦ | | | કુલ | | |
| | | | એસ. સી. | એસ. ટી. | અન્ય | એસ. સી. | એસ. ટી. | અન્ય | એસ. સી. | એસ. ટી. | અન્ય | એસ. સી. | એસ. ટી. | અન્ય | એસ. સી. | એસ. ટી. | અન્ય | એસ. સી. | એસ. ટી. | અન્ય | એસ. સી. | એસ. ટી. | અન્ય | એસ. સી. | એસ. ટી. | અન્ય |
| **યૂજીવીસીએલ** | **સાબરકાંઠા** | હિંમતનગર | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | ખેડબ્રહ્મા | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | પોશીના | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | ઈડર | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | વડાલી | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | વિજયનગર | | | | | | | | | | | | | ૧ | ૧૧૩ | ૬ | | | | | | | ૧ | ૧૧૩ | ૬ |
| | | પ્રાંતિજ | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | તલોદ | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **સાબરકાંઠા કુલ** | | | | | | | | | | | | | | | **૧** | **૧૧૩** | **૬** | | | | | | | **૧** | **૧૧૩** | **૬** |
| **યૂજીવીસીએલ** | **અરવલ્લી** | મોડાસા | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | માલપુર | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | મેઘરજ | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | ભિલોડા | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | ધનસુરા | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | બાયડ | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| **અરવલ્લી કુલ** | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો

૧૬૨૯૮ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯
## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ –દ્વારકા જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે ? | • જામનગર જિલ્લામાં ૧ મોટા અને ૬ મધ્યમ ડેમ.<br>• દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૫ મધ્યમ ડેમ. |

---------

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( રા. ક.ના કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૧૪–૨૦૧૫ અને સન ૨૦૧૫–૨૦૧૬ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી બચુભાઈ મ. ખાબડ (રા. ક.ના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( રા.ક.ના પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો વાર્ષિક અહેવાલ**

શ્રી રમણભાઈ ના. પાટકર ( રા.ક.ના વન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના સન ૨૦૧૬–૨૦૧૭ અને સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત હાઉસિંગ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા**

શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪ના ગુજરાત માર્ગ વિક્રેતા (આજીવિકા સંરક્ષણ અને માર્ગ વેચાણનું વિનિયમન) અધિનિયમ અન્વયેનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના,

(૧) તા.૨૦/૧૨/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એચ/૨૦૧૬નો ૨૨૪/એન એલ એમ/ ૧૦૨૦૧૬/૩૦૨/એચ,

(૨) તા.૪/૧૨/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૮નો ૧૬૨/ એન એલ એમ/ ૧૦૨૦૧૬/૩૦૨/એચ,

તેમજ ઉક્ત બંને જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

***માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શ્રી નીતિનભાઇ ર. પટેલ નાયબ મુખ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ હું સને ૨૦૧૯-૨૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજ પત્રમાં સમાવિષ્ટ અનુદાનો માટેની માગણીઓ માટેની વિચારણા કરવા અંગે માનનીય રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવીશ.

" ભારતના બંધારણની કલમ-૨૦૩(૩) સાથે વાંચતા એની કલમ ૨૦૨ મુજબ પોતાને અપાયેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલશ્રી આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ સને ૨૦૧૯-૨૦૨૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજપત્ર માટેની ગ્રાન્ટ અંગેની માગણીઓની વિચારણા કરવા ગુજરાત વિધાનસભાને ભલામણ કરે છે. "

ઉક્ત અનુસૂચિમાં દર્શાવેલ ગ્રાન્ટ અંગેની માગણીઓ સને ૨૦૧૯-૨૦૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રના વર્ષની ઓગસ્ટ ૨૦૧૯થી માર્ચ ૨૦૨૦ સુધીની એટલે કે ૮ માસ માટેની વિનિયોગ અનુસૂચિની પુસ્તિકામાં દર્શાવેલ છે.

શિક્ષણ વિભાગ

**માગણી ક્રમાંક-૯**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૮૦,૫૬,૨૩,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪.૦૬,૫૫,૧૯,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : જે માનનીય સભ્યશ્રીઓ, આ માગણી પર પોતાની કાપ-દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

**માગણી ક્રમાંક-૯ ઉપરની કાપ-દરખાસ્તો**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કાંતિભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

ડૉ. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી લલિત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સન ૨૦૧૯-૨૦૨૦ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ–દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું .

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંકઃ ૪૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરવામાં આવી.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

**કાપ–દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ–દરખાસ્ત ક્રમાંક–૫૧ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૫૧ રજૂ કરવામાં આવી.**

શ્રી સુનિલભાઇ ૨. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૫૨ રજૂ કરવામાં આવી.**

**શિક્ષણ વિભાગ**

**માગણી ક્રમાંકઃ૧૦**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૦૪,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩૦,૬૬,૬૭,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૧૦ ઉપરની કાપ-દરખાસ્તો**

અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૫૪ રજૂ કરવામાં આવી.**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

**માગણી ક્રમાંકઃ ૮૯**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા **(**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો વધારાનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ અને સેવાને લગતી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૯૫,૨૩,૧૫,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૯ રજૂ કરવામાં આવી**

અધ્યક્ષશ્રી : જે માનનીય સભ્યશ્રીઓ આ માગણી ઉપર પોતાની કાપ-દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

**માગણી ક્રમાંક-૮૯ ઉપરની કાપ-દરખાસ્તો**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૫૫ જૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૫૫ રજૂ કરવામાં આવી**

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૫૬ રજૂ કરવામાં આવી**

કલાયમેટ ચેન્જ વિભાગ

**માગણી ક્રમાંકઃ ૧૦૭**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા** (કલાયમેટ ચેન્જ વિભાગનો વધારાનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલાયમેટ ચેન્જ વિભાગને સેવાને લગતી કલાયમેટ ચેન્જ વિભાગની, મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭૮,૫૨,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૧૦૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૧૦૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ-દરખાસ્તો**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૫૮ રજૂ કરવામાં આવી**

કાયદા વિભાગ

**માગણી ક્રમાંકઃ ૬૦**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા **(**રા.ક.ના કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રનો વહીવટ સેવાને લગતી, કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬,૩૮,૭૫,૩૪,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૬૦ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : જે માનનીય સભ્યશ્રીઓ આ માગણી ઉપર પોતાની કાપ-દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

**માગણી ક્રમાંક-૬૦ ઉપરની કાપ-દરખાસ્તો**

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૫૯ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૫૯ રજૂ કરવામાં આવી**

શ્રી લલિતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૬૦ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૬૦ રજૂ કરવામાં આવી**

તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૬૧ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૬૧ રજૂ કરવામાં આવી**

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૬૩ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૬૩ રજૂ કરવામાં આવી**

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ-દરખાસ્ત ક્રમાંક-૬૪ રજૂ કરું છું.

**કાપ-દરખાસ્ત ક્રમાંકઃ ૬૪ રજૂ કરવામાં આવી**

સન ૨૦૧૯-૨૦૨૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી શુક્રવાર, તા.૧૨મી જુલાઇ ૨૦૧૯ (પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી મૂકવી.

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | શિક્ષણ વિભાગ<br>માગણી નં. ૯ | | |
| ૧ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-EDN-7<br>પ્રાથમિક....બનાવવી<br>રૂ.૩,૭૬,૧૭,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૧૭ અને ૧૮ | ૧૦૦ | જીલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા નિયમિત રીતે શાળાઓની ચકાસણી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| ૨. | -- " -- | ૧૦૦ | કોમર્શિયલ દુકાનોની ઉપર પ્રાથમિક શાળાઓ કાર્યરત કરવા મંજુરી આપનાર જવાબદારો સામે પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તિભાઈ પરમાર |
| ૩. | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓ પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરવા છતાં વિદ્યાર્થીઓને વાંચતા લખતા આવડતું નથી તેવી ગંભીર બાબતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નથાભાઈ પટેલ |
| *૪. | -- " -- | ૧૦૦ | રાજ્યમાં ખાનગી શાળાઓની વધતી જતી સંખ્યા સામે સરકારી પ્રાથમિક શાળાઓનું પ્રમાણ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૫. | -- " -- | ૧૦૦ | રાજ્યમાં ટ્યુશન પ્રથા બંધનો કાયદો હોવા છતાં ખુલ્લે આમ તેનો થઇ રહેલ ભંગ સામે અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૬. | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના શિક્ષકોની બદલી કેમ્પોમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ નિવારવા તેમજ બદલી થયેલ શિક્ષકોને સત્વરે છુટા કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષિયારા |
| ૭. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-EDN-7<br>પ્રાથમિક....બનાવવી<br>રૂ.૩,૭૬,૧૭,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૧૭ અને ૧૮ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત પ્રવાસનું વલણ દુર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા |
| ૮. | -- " -- | ૧૦૦ | બિન તાલીમી શિક્ષકોની ભરતી બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૯. | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના ઓરડાઓ જર્જરીત હાલતમાં હોવા છતાં તેને મરામત કરવવા કે નવા બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૧૦. | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં મહત્વના વિષયોના શિક્ષકોની ખાલી જગ્યાઓ સત્વરે ના ભરાતા વિદ્યાર્થીઓના | શ્રી કાળાભાઇ ડાભી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અભ્યાસ પરા પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા। | |
| ૧૧. | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં ૧૩૩ તાલુકામાં ધો.૧ થી ૮માં બાળકોનો ડ્રોપઆઉટ રેશીયો વધતો જાય છે તેના કારણો ચકાસી યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૧૨. | _ _ " _ _ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં નાના બાળકો ઉપર અત્યાચાર કરતા શિક્ષકો સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૧૩. | _ _ " _ _ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં બાળકોને અભ્યાસ ઇત્તર સફાઇ કરાવનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી લલીત વસોયા |
| ૧૪. | _ _ " _ _ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના જર્જરીત ઓરડાઓની મરામત કામગીરી સમયસર કરાવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી ચિરાગભાઇ કાલરીયા |
| ૧૫. | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણની સવલતો વધારવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી સંજયભાઇ સોલંકી |
| ૧૬. | _ _ " _ _ | ૧૦૦ | શાળા પ્રવેશોત્સવમાં બાળકોને ફોટાવાળી બેગો અને ચીજવસ્તુઓ અપાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી જે.વી.કાકડિયા |
| *૧૭. | _ _ " _ _ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓ રમતગમતના મેદાનો તેમજ સલામતીની સુવિધાઓ ના હોવા છતાં આવી શાળાઓને મંજુરી આપનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી હર્ષદકુમાર રીબડિયા |
| *૧૮. | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–EDN-7<br>પ્રાથમિક....બનાવવી<br>રૂ.૩,૭૬,૧૭,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૧૭ અને ૧૮ | ૧૦૦ | રહેણાંક મકાનોમાં પ્રાથમિક શાળાઓ ચલાવવા માન્યતા આપનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી પ્રવિણભાઇ મુસડિયા |
| ૧૯. | _ _ " _ _ | ૧૦૦ | ગુણોત્સવ મૂલ્યાંકન પધ્ધતિમાં સમયાંતરે જરૂરી ફેરફારો કરાવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| ૨૦. | _ _ " _ _ | ૧૦૦ | ગેરકાયદેસર ચાલતી સ્કુલો સામે જીલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા અસરકારક પગલાં લેવડાવવામાં તંત્રની નિષ્ફળતા। | ડૉ. સી.જે.ચાવડા |
| ૨૧. | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રારંભિક શિક્ષણ<br>૧૧૧–સર્વ શિક્ષા અભિયાન<br>રૂ.૪,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૨૮ | ૧૦૦ | સર્વ શિક્ષા અભિયાનમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી ચંદનજી ઠાકોર |
| ૨૨. | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨– ગુજરાત....બનાવવું<br>રૂ.૪૯,૧૧,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૩૦ થી ૩૨ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડમાં પૂરતો સ્ટાફ ભરી કથળેલા વહીવટને પારદર્શક અને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા। | |
| ૨૩. | _ _ " _ _ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પુરતી સ્થળ ચકાસણી બાદા જ મંજૂરી અપાય તે જોવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૨૪. | _ _ " _ _ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિણામો સાથે ચેડા કરનાર કમ્પ્યુટર એજન્સીઓએ બ્લેક લીસ્ટમાં મુકવાને બદલે બોર્ડના રીઝલ્ટ બનાવવાની કામગીરી સોંપનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૫. | _ _ " _ _ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીમાં કર્મચારી/ | શ્રી સુખરામ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અધિકારીઓની વ્યાપક ગેરહાજરી અંગે ફરીયાદો કરવા છતાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૨- માધ્યમિક શિક્ષણ<br>૧૦૬-પાઠ્યપુસ્તકો<br>રૂ.૬૧,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૩૭ | ૧૦૦ | પાઠ્યપુસ્તકોના પ્રિન્ટીંના કાગળોની ખરીદીમાં થતું કૌભાંડ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| *૨૭. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૨- માધ્યમિક શિક્ષણ<br>૧૦૬-પાઠ્યપુસ્તકો<br>રૂ.૬૧,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૩૭ | ૧૦૦ | પાઠ્યપુસ્તકો માટે વપરાતા હલકાં પ્રકારના કાગળોની ક્વોલીટીની ગેરરીતિઓ માટે કેગ દ્વારા ઓડીટ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા |
| *૨૮. | _ _ " _ _ | ૧૦૦ | પાઠ્યપુસ્તકોમાં થતી ગંભીર ભુલો પ્રકાશમાં આવે છે છતાં પણ જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇમરાન ખેડાવાળા |
| *૨૯. | _ _ " _ _ | ૧૦૦ | શાળા ખુલ્યા બાદ લાંબા સમય સુધી વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મળતા નથી આ માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૩૦. | _ _ " _ _ | ૧૦૦ | શાળાઓના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો સમયસર મળતા નથી જે ખુલ્લા બજારમાં દુકાનોમાં વેચાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | પાઠ્યપુસ્તકોના ભાવોમાં વર્ષે- વર્ષે અસહ્ય વધારો થવાથી ગરીબ-મધ્યમ વર્ગના વિદ્યાર્થી-વાલીઓ ઉપર પડતો બોજો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ |
| *૩૨. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૨- માધ્યમિક શિક્ષણ<br>૧૦૯- સરકારી....શાળાઓ<br>૦૧-EDN-૧૯<br>સરકારી....શાળાઓ<br>રૂ.૧,૮૦,૯૧,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૩૮ અને ૩૯ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓનું અભ્યાસ સ્તર વ્યાપક રીતે નીચું જઇ રહ્યુ છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ |
| ૩૩. | _ _ " _ _ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં વિષવાર શિક્ષકોની ખાલી જગ્યાના અભાવે વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર પડતી ગંભીર અસરો નિવારવા અને ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૩૪. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૨- યુનિવર્સિટી... શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૪- અન્ય....અનુદાન<br>રૂ.૧૨,૨૩,૨૯,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૫૧ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં કરોડો રૂપિયાની ગેરરીતિઓ અને ભરતી કૌભાંડની લેખીત રજૂઆતો મળવા છતાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | ગેનીબેન ઠાકોર |
| *૩૫. | _ _ " _ _ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં ઉચ્ચ અભ્યાસના બદલે વધતું જતું રાજકારણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૩૬. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૨- યુનિવર્સિટી... શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨- અન્ય....અનુદાન<br>રૂ.૧૨,૨૩,૨૯,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૫૧ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં રાજકીય હસ્તક્ષેપના કારણે બિનાનુભવી કુલપતિઓની નિમણૂંકથી યુનિવર્સિટીઓનું શિક્ષણનું સ્તર કથળતું જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પીરઝાદા મહમદજાવીદ |
| ૩૭. | _ _ " _ _ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં ચાલતા આડેધડ વહીવટને અટકાવવા માટે લોકપાલની સત્વરે નિમણૂકો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૩૮. | _ _ " _ _ | ૧૦૦ | કોલેજોની મનમાની સામે યુનિવર્સિટીઓ દ્વારા અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |
| ૩૯. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ | ૧૦૦ | સરકારી કોલેજોમાં અપુરતા સંવર્ગ સ્ટાફના કારણે | શ્રી અનંતકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૩– યુનિવર્સિટી... શિક્ષણ<br>૧૦૩– સરકારી ...સંસ્થાઓ<br>૦૧–EDN-૨૮<br>સરકારી...વિકાસ<br>રૂ.૧,૬૫,૫૪,૨૦,,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૫૮ અને ૫૯ | | શિક્ષણ ઉપર પડતી અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૪૦. | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં નવી સરકારી કોલેજો ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભાવેશભાઇ કટારા |
| ૪૧. | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૮૦– સામાન્ય<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–EDN-૨૭<br>ઉચ્ચતર....કચેરી<br>રૂ.૮૭,૮૭,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૭૧ અને ૭૨ | ૧૦૦ | જીલ્લાઓમાં ડી.ઇ.ઓ.ની નબળી કામગીરીને કારણે ખાનગી શાળા દ્વારા કરાતા નિયમોના ઉલ્લંઘન સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમરિષભાઇ ડેર |
| *૪૨. | _ _ " _ _ | ૧૦૦ | ઉચ્ચ શિક્ષણમાં પ્રાધ્યાપકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી હોવાને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| *૪૩. | _ _ " _ _ | ૧૦૦ | ડી.ઇ.ઓ.ની કચેરીમાં ગેરરીતિ આચરનાર/જવાબદારો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| *૪૪. | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યની મોટાભાગની શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધાઓના અભાવે સર્જાતી દુર્ઘટનામાં થતા વિદ્યાર્થીઓના મોત સામે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૪૫. | ૨૨૦૩– તકનિકી શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–TED-1-<br>તકનિકી....બનાવવું<br>રૂ.૩,૪૬,૬૮,૭૩,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૯૧ અને ૯૨ | ૧૦૦ | ટેકનીકલ કોલેજોમાં પ્રાધ્યાપકો/આચાર્યોની લાંબા સમયથી ખાલીપડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૪૬. | ૨૨૩૬– પોષણ<br>૦૨– પોષણ...વિતરણ<br>૧૦૨–મધ્યાહન ભોજન<br>રૂ.૬,૮૯,૨૯,૯૨,,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં.૧૨૧ અને ૧૨૪ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને લઘુત્તમ વેતન જેટલુ વેતન ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| *૪૭. | _ _ " _ _ | ૧૦૦ | મધ્યાહન ભોજન અંતર્ગત ફરજ બજાવતા કર્મચારીઓને લાંબા સમયા સુધી પગાર ના ચૂકવતા જવાબદારો સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કનુભાઇ બારૈયા |
| ૪૮. | _ _ " _ _ | ૧૦૦ | મધ્યાહન ભોજન ચકાસણી કરવાના નામે શિક્ષકો ભોજન કરે છે જેથી વિદ્યાર્થીઓને મળવાપાત્ર ભોજનનો જથ્થો ઘટે | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| ૪૯. | _ _ " _ _ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં વિદ્યાર્થીઓને ઓછુ ભોજન આપી બાકીના અનાજનો જથ્થો બારોબાર કાળા બજારમાં વેચાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| *૫૦. | _ _ " _ _ | ૧૦૦ | મધ્યાહન ભોજનના ઓરડાઓ બનાવવા માટે કેન્દ્ર સરકાર તરફથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ અપાય છે છતા ઓરડાઓ બનતા જ નથી તેવા તેવા જવાદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ મારૂ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૧. | _ _ " _ _ | ૧૦૦ | મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત અપાતા હલકી કક્ષાના ભોજન બાબતે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૫૨. | _ _ " _ _ | ૧૦૦ | મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત ફાળવતા સડેલા અને બગડેલા અનાજના જથ્થા બાબ્તે અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુનિલભાઇ ગામીત |
| | | માગણી નં. ૧૦ | | |
| *૫૩. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ ૧૦૧–લલિત કલા શિક્ષણ ૦૧–સંગીત...અનુદાન રૂ.૪૫,૨૦,૦૦૦ અં.પ્ર.નં.૪,પાના નં.૧૧૫ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોની શાળાઓમાં કલા અને સંસ્કૃતિને ઉત્તેજન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી સંતોકબેન આરેઠીયા |
| ૫૪. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ ૧૦૧–લલિત કલા શિક્ષણ ૦૧–સંગીત...અનુદાન રૂ.૪૫,૨૦,૦૦૦ અં.પ્ર.નં.૪,પાના નં.૧૧૫ | ૧૦૦ | શાળાઓમાં કલા અને સંસ્કૃતિને ઉત્તેજન આપવા ફળવાતા નાણાનોયોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| | | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ<br>માગણી નં.૮૯ | | |
| ૫૫. | ૨૨૫૨–સચિવાલય...સેવાઓ ૦૯૦–સચિવાલય ૦૧–STP-12 વિજ્ઞાન.... વિભાગ રૂ.૧,૫૨,૮૬,૧૯,૦૦૦ અં.પ્ર.નં.૨૩,પાના નં.૪ | ૧૦૦ | સરકારી વેબ સાઇટ GSWANના ડેટા અધુરા હોવાનું અને અપડેટ માહિતીઓ સમયસર ઉપલબ્ધ કરવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |
| ૫૬. | _ _ " _ _ | ૧૦૦ | GSWANની નબલી કનેક્ટીવીટીથી પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અક્ષયકુમાર પટેલ |
| | | ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ<br>માગણી નં.૧૦૭ | | |
| *૫૭. | ૩૪૫૧–સચિવાલય...સેવાઓ ૦૯૦–સચિવાલય ૦૧– ક્લાઇમેટ...વિભાગ રૂ.૧,૧૭,૦૯,૦૦૦ અં.પ્ર.નં.૨૮,પાના નં.૯ | ૧૦૦ | જળ વાયુ પરિવર્તન અન્વયે યોગ્ય કાર્યવાહી કરવા તેમજ બિનજરૂરી ખર્ચાઓ થતાં અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૫૮. | _ _ " _ _ | ૧૦૦ | ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની કમગીરી પ્રસિદ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનમભાઇ પરમાર |
| | | કાયદા વિભાગ<br>માગણી નં.૬૦ | | |
| ૫૯. | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ ૧૦૫–સિવિલ....કોર્ટ ૦૧–જિલ્લા..જજ રૂ.૨,૦૭,૬૪,૪૨,૦૦૦ અં.પ્ર.નં.૧૬,પાના નં.૧૪ અને ૧૫ | ૧૦૦ | સેશન્સ કોર્ટોમાં જજોની ખાલી જગ્યાઓ સમયસર ના ભરાતાં કેસોનો ભરાવો થતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શીવાભાઇ ભુરીયા |
| ૬૦. | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ ૧૦૫–સિવિલ....કોર્ટ ૦૩–બજવણીદાર..વર્ગ રૂ.૫૨,૦૪,૬૦,૦૦૦ અં.પ્ર.નં.૧૬,પાના નં.૧૮ અને ૧૯ | ૧૦૦ | કોર્ટ સમન્સ બજાવવા જતા કર્મીઓને તેમની ફરજ પ્રત્યે બેદરકારી દાખવતાં અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લલીતભાઇ કગથરા |
| ૬૧ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ ૧૦૮–ફોજદારી કોર્ટ ૦૧–અદાલતી મેજિસ્ટ્રેટ રૂ.૩૮,૦૭,૧૧,૦૦૦ અં.પ્ર.નં.૧૬,પાના નં.૨૯ અને | ૧૦૦ | અરજદાર પોતે કોર્ટમાં ફરિયાદ કર્યા બાદ સમન્સની બજાવણી થવા છતાં કેસોની મુદતમાં હાજર રહેતા નથી જેથી કાર્યવાહીમાં વિલંબ થાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | ૩૦ | | | |
| *૬૨. | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૮–ફોજદારી કોર્ટ<br>૦૧–અદાલતી મેજિસ્ટ્રેટ<br>રૂ.૩૮,૦૭,૧૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬,પાના નં.૨૯ અને ૩૦ | ૧૦૦ | ફોજદારી કોર્ટોમાં જજોની ખાલી જગ્યાઓ સત્વરે ના ભરાતા ન્યાય મેળવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભીખાભાઇ જોષી |
| ૬૩. | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૪–કાનુની...ધારાશાસ્ત્રીઓ<br>૦૧– કાયદા અધિકારીઓ<br>રૂ.૯૭,૪૦,૩૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬,પાના નં.૩૨ અને ૩૩ | ૧૦૦ | બળાત્કાર–હત્યા પોસ્કો સહિતના સંખ્યાબંધ કેસોને આગલની કાર્યવાહી માટે સમયસર મોકલવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| ૬૪. | _ _ " _ _ | ૧૦૦ | ધારાશાસ્ત્રીઓ દ્વારા કોર્ટના ચુકાદાની સર્ટીફાઇડ કોપીઓ મુખ્ય સરકારી વકીલને કે જીલ્લા કલેક્ટરને સમયસર પહોચાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નૌશાદ સોલંકી |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી.એમ.પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા

* આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને તેના પર રજૂ થયેલ કાપદરખાસ્તોની ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી (શિક્ષણ) અને માનનીય મંત્રીશ્રી (કાયદા) જે માગણીઓ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું. બે દિવસ પહેલાં આ ગૃહની અંદર શિક્ષણની બહુ ચિંતા થઇ, બહુ ચર્ચા થઇ. આજે ગુજરાતની અંદર શિક્ષણની જે પરિસ્થિતિ છે એના માટે હું કોઇના ઉપર આક્ષેપો કરતો નથી. આ ગૃહની અંદર બેઠેલા આપણે સૌ જવાબદાર છીએ. આજે શિક્ષણ અને કાયદા બંનેની વાત છે એટલે કહીશ કે લોર્ડ મેકેલો જે વિશ્વનો મહાન શિક્ષણ શાસ્ત્રી અને કાયદા શાસ્ત્રી હતો, જેણે આઇ.પી.સી. બનાવ્યું છે. આપ તો કાયદાના નિષ્ણાત છો. એણે ૨જી ફેબ્રુઆરી, ૧૮૩૫ના દિવસે બ્રિટીશ પાર્લામેન્ટમાં એક લેક્ચર આપ્યું હતું અને આજે એ લેક્ચર એ દુનિયાના સારામાં સારા લેક્ચરોમાંનું એક છે. એ લેક્ચરમાં લોર્ડ મેકેલોએ કહ્યું હતું કે, "I have traveled across the length and breadth of India and I have not seen one person who is a beggar, who is a thief. Such wealth I have seen in this country, such high moral values, people of such calibre, that I do not think we would ever conquer this country, unless we break the very backbone of this nation, which is her spiritual and cultural heritage, and, therefore, I propose that we replace her old and ancient education system." એણે એવું કહ્યું હતું કે, આપણે ભારત ઉપર વિજય મેળવવો હશે તો એની એજ્યુકેશન સિસ્ટમ તોડી નાખવી પડશે અને બીજું એમ પણ કહ્યું હતું કે, "If we want to destroy any nation, we do not want war or atom bomb, only break its education system" એટલે કોઇ પણ દેશને તોડી પાડવો હોય તો એની એજ્યુકેશન સિસ્ટમ તોડી નાખવી પડે. જો આજથી ૧૦૦ વર્ષ પહેલાં ભારતની એજ્યુકેશન સિસ્ટમ આવી મજબૂત હતી અને અંગ્રેજો એના ઉપર વિજય મેળવી શકતા નહોતા તો આજે સમગ્ર દેશની અંદર જે એજ્યુકેશનની પરિસ્થિતિ થઇ છે એના માટે બધાંએ એકબીજા ઉપર આક્ષેપો કર્યા સિવાય ગંભીરતાથી વિચારવાની જરૂર છે. થોડા દિવસ પહેલાં આપણા આ જ ગૃહના નેતા આદરણીય મંત્રીશ્રી અને જેની વિદ્ધતાની સરાહના આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી કરે એવા શ્રી જયનારાયણ વ્યાસે પણ બે દિવસ પહેલાં કહ્યું કે યુનિવર્સિટીની સીધી રોજગારી આપી શકે તેવી શિક્ષણની વ્યવસ્થા રહી નથી અને જેના લીધે દેશની અંદર નકસલવાદની સમસ્યા ઉદભવશે. આ બાબતે બહુ વિચારવાની જરૂર છે. બજેટની અંદર પ્રાથમિક શિક્ષણમાં નવા ૫,૦૦૦ ઓરડાઓ બનાવવા માટે રૂ.૪૫૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે રાજ્યની અંદર ૧૭,૪૧૭ થી વધુ ઓરડાઓની ઘટ હોય ત્યારે માત્ર ૫,૦૦૦ ઓરડાઓની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. એના બદલે જો વધુ ઓરડાઓ બનાવવા માટે જોગવાઈ કરવામાં આવી હોત અને એના માટે માગણી કરી હોત તો એ વધુ સારું હોત. આર.ટી.ઇ.નો કાયદો લાવ્યા. હું સરાહના કરું છું કે, આર.ટી.ઇ.નો કાયદો ગરીબ વિદ્યાર્થીઓ માટે બહુ મહત્ત્વનો છે પરંતુ ૨,૭૦,૦૦૦ વિદ્યાર્થીઓને આર.ટી.ઇ. માટે ૩૪૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય શિક્ષણમંત્રીશ્રી, હમણાં બે દિવસ પહેલા જ મારી પાસે એક કિસ્સો આવ્યો કે જે વિદ્યાર્થીઓને આર.ટી.ઇ. હેઠળ પ્રવેશ આપવામાં આવે છે એ સ્કૂલો પાંચ વર્ષ પહેલાં બંધ થઇ ગઇ હતી એટલે આવા પ્રવેશ આપતી વખતે આ બાબતનું ધ્યાન રહે. બીજી બાબત કે, ૧,૩૦,૦૦૦ દિવ્યાંગો માટે ૪૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. દિવ્યાંગો પ્રત્યે, અંધ વિદ્યાર્થીઓ પ્રત્યે આપણને સૌને સદભાવના અને સંવેદના હોવી

જોઈએ પણ રાજ્યની પ્રજ્ઞાચક્ષુ શાળાઓની અંદર ૬૦૫ શિક્ષકોની જગ્યાઓ રદ કરી દેવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, અંધ વિદ્યાર્થીઓ માટે આપણા સૌને લાગણી હોવી જોઈએ. આ જે જગ્યાઓ રદ કરવામાં આવી છે એ ફરીથી ચાલુ કરીને એના માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવે તો આવા અંધ વિદ્યાર્થીઓને ફાયદો થશે. ટેટ અને ટાટની પરીક્ષા આપે તો એની જગ્યા ભરવામાં આવે છે. એ જગ્યાઓ ભરવામાં આવી નથી એના લીધે ટેટ અને ટાટ પાસ કરેલ વિદ્યાર્થીઓમાં હતાશા આવી જાય છે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ મેળવે છે ત્યાર પછી એ નાના કામો કરી શકતા નથી તો આ અંગેની જોગવાઈ પણ બજેટમાં કરવામાં આવે તેવી વિનંતી છે.

પ્રાથમિક વિભાગ તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પગારની વિસંગતતા છે એ માટે પણ બજેટમાં જોગવાઈ કરવામાં આવી હોત અને માગણી કરવામાં આવી હોત તો એને અમે સમર્થન કરત. આપણી સરકાર સોસીયો ઇકોનોમીની બૂક પ્રસિદ્ધ કરે છે એમાં પાના નંબર ૬૪ લખ્યું છે કે સન ર૯૧૬–૧૭માં ૨૬ લાખ ૯૨ હજાર વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવેશ લીધો હતો. સન ૨૦૧૭–૧૮માં ૨૮.૧૦ લાખ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો જ્યારે સન ૨૦૧૭–૧૮માં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓની સંખ્યા ૨૧૭૮ હતી એ સન ૨૦૧૮–૧૯માં ૨૩૯૦ થઇ ગઇ એની સામે હાલ શિક્ષણમાં પ્રવેશ લીધો એની અંદર વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૪.૫૬ લાખે પ્રવેશ લીધો. જ્યારે સન ૨૦૧૮–૧૯માં ૬ લાખ ૩૬ હજાર વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. આ એટલા માટે ગંભીરતાથી વિચારવું પડશે કે એક વર્ષમાં ૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં પ્રવેશથી વંચિત રહ્યા છે એના કારણો પણ શોધવા પડશે. હમણાં મારી પાસે પરિપત્ર આવ્યો રાજયની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રિન્સિપાલની જગ્યાઓ છેલ્લા છ વર્ષથી ખાલી છે. તા.૧૯–૧–૨૦૧૯ના દિવસે પરિપત્ર કરવામાં આવ્યો છે. એમાં સિનિયોરિટી યાદી મંગાવવામાં આવી એમાં ગંભીર પ્રકારની બેદરકારી કહી શકાય તે બાબત તરફ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. આ સિનિયોરિટી યાદી બનાવવામાં આવી છે એમાં ૧૯૫૦માં જે શિક્ષકો જન્મ્યાં હતા તેવા ૩૦૦થી વધારે શિક્ષકોનો યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે આ યાદી સુધારીને શિક્ષકોની ભરતી કરવામાં આવે તો એમના પગારમાં ફેર પડતો નથી. શિક્ષકોનો પગાર પ્રિન્સિપાલ કરતા વધુ છે. આ ભરતી કરવામાં આવે તો રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકને ફાયદો થશે. ઉચ્ચ શિક્ષણમાં હાયર એજ્યુકેશન હેઠળ મેં પેપરમાં વાચ્યું એ મુજબ કેન્દ્ર સરકારે એન.સી.ટી.ઇ.માં રાજ્યની જે બી.એડ કોલેજો ચાલે છે એના માટે બાયોમેટ્રિક પદ્ધતિ ફરજિયાત કરી છે અને એના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ગુજરાતમાં બી.એડ કોલેજો બાયોમેટ્રિક પદ્ધતિથી મોનીટરીંગ થાય તો બી.એડ કોલેજોમાં ભૂતિયા વિદ્યાર્થીઓનું કન્ટ્રોલીંગ થશે. તો આ જોગવાઈ દાખલ કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

સરકારે ખાસ કરીને યુનિવર્સિટીઓ માટે વિચારવાની જરૂર છે. કેન્દ્ર સરકાર દ્વારા રૂસાની ગ્રાન્ટ છે એ માત્ર ત્રણ પ્રકારે આપવામાં આવે છે. નવા બાંધકામ માટે, સમારકામ માટે અને સાધનો માટે આપવામાં આવે છે. હાલ એજ્યુકેશન પરિક્ષણ અને રિસર્ચ મહત્વનું છે એના માટે રૂસામાંથી ગ્રાન્ટ આપવામાં આવે અને એનો સમાવેશ કરવામાં આવે એ જરૂરી છે.

આપણે પ્રાઈવેટ યુનિવર્સિટીઓને મંજૂરી આપી દઈએ છીએ. અહીંયાં વાત કરવામાં આવે છે કે આટલી યુનિવર્સિટીઓ વધી. પરંતુ આ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી છે એના ઉપર સરકારનો કોઈ કન્ટ્રોલ નથી. એના ઉપર કન્ટ્રોલ લાવવા માટે એક ઓથોરિટીની રચના કરવામાં આવે અને એના માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવે એ જરૂરી છે. હાયર એજ્યુકેશનનું શિક્ષણનું સ્તર સુધરે એ પણ જરૂરી છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વાત કરું તો બે દિવસ પહેલા પેપરમાં આવ્યું હતું કે આખે આખી સપ્લીમેન્ટરી બદલી દેવામાં આવી. પી. એચ. ડી.ની પરીક્ષાની અંદર માર્કસ વધારી દેવામાં આવે, અને કુલપતિએ પણ આ બાબતે વિચાર્યું છે અને સ્વીકાર્યું છે એટલે રાજ્ય સરકાર દ્વારા એક સ્પેશિયલ ખાસ સમિતિ બનાવે અને આ બાબતે તપાસ કરવામાં આવે એવી વિનંતી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ (ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કલાઇમેટ ચેન્જ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારો વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી આજે વિશ્વ આખું પ્રદૂષિત પર્યાવરણથી ચિંતિત છે ત્યારે ગ્લોબલ વોર્મિંગ જેવી એક રાક્ષસી સમસ્યા આપણી સમક્ષ છે. સમસ્યા આપણે જ ઊભી કરેલી છે અને એના પરિણામો પણ આપણે જ ભોગવવાના છે. હમણાં જ કેટલાય દિવસથી આપણે બધા ન્યુઝ પેપર્સ વાંચતા હોઇએ છીએ એમાં આર્થિક વિકાસ દરની ઘણી બધી વાતો થતી હોય છે કે આર્થિક વિકાસ દર ૭ ટકા રહેશે, આઠ ટકા રહેશે, તો આર્થિક વિકાસ દરનો બહુ મોટો આધાર એ સારું ચોમાસું આવે તેના ઉપર પણ રહેતો હોય છે. આજે જુલાઇની ૧૧ તારીખ થઇ ગઇ છે અને આજે જોઇએ તો અડધાથી વધારે ગુજરાત હજુ પણ વરસાદથી વંચિત છે. ત્યારે ચિંતા થાય કે જળ એ જ જીવન છે. બધા સભ્યશ્રીઓને એક ઘટના કહેવા માગું છું કે ૧૯ જૂન ૨૦૧૯, ચેન્નાઇ, ભારતનું એક સૌથી મોટું શહેર, એની અંદર ચેન્નાઇની અંદર એ દિવસે ત્યાંના મ્યુનિસિપલ ઓફિસર પાણી આપી શક્યા નહીં. માત્ર આઠ જ ટકા પાણી એ ચેન્નાઇને એ દિવસે આપવામાં આવ્યું અને એ મોટા ન્યુઝ બન્યા, આટલું મોટું શહેર અને એમાં માત્ર આઠ જ ટકા પાણી, ચાર મોટા રીઝર્વ વીયર પર જ્યારે આખું ચેન્નાઇ નભતું હોય ત્યારે તપાસ કરવામાં આવી તો ચારે ચાર રીઝર્વ વીયર ખાલી હતા અને ત્યાંની જે નદી છે એ બધી સીવરેઝ જવાથી પ્રદૂષિત છે. ૨૦૧૭ની અંદર ૫૩ ટકા ડેફિસેટ હતું અને ૨૦૧૮ની અંદર ૨૩ ટકા હતું. મારું કહેવાનું તાત્પર્ય એ છે કે આ

આપણી સાથે પણ બની શકે છે. હમણાં પ્રશ્નોત્તરી દરમિયાન સુજલામ સુફલામના તળાવો ઊંડા કરવાનો માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હતા. હું હૃદયપૂર્વક અભિનંદન આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને આપું છું, કારણ કે આ ગયા વર્ષે હજારો તળાવો આ રાજ્ય સરકારે ઊંડા કર્યા, આ પરિસ્થિતિ આપણે પણ ભોગવી શકીએ એમ છીએ. આ તળાવ ઊંડા  કરીને કેટલા જળ તેની અંદર ગયા હશે અને કેટલા સ્તર ત્યાં ઉપર પણ આવ્યા છે. એટલે હૃદયપૂર્વક હું અભિનંદન માનનીય મુખ્યમંત્રીશ્રીને આપું છું. આ તળાવો ઊંડા કરવાનો હજુ એક કાર્યક્રમ આ વર્ષે પણ ચાલુ છે. કારણ કે આવા બધા એક્ઝામ્પલ આપણી સમક્ષ નહીં હોય તો આપણે કશું નહીં કરી શકીએ, ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને અને ઓફિસરોને એવું કહેવું છે કે એમ.એલ.એ. ની ગ્રાન્ટ જે આપણે રોડ, રસ્તા અને ગટરમાં વાપરીએ છીએ. પણ રેઇન વોટર હાર્વેસ્ટીગમાં પણ જો આપણને આ ગ્રાન્ટ વાપરવા માટેનું પ્રાવધાન કરવામાં આવે તો માનનીય અધ્યક્ષશ્રી, એમ.એલ. એ. ની ગ્રાન્ટ એમાં વપરાય તો હું માનું છું કે ઘણું મોટું કામ આપણે કરી શકીએ એમ છીએ. ઘણા બધા વિસ્તારોમાં સોસાયટીઓમાં મિટિંગમાં જઇએ, રેઇન હાર્વેસ્ટીંગની વાત કરીએ, પણ એ અગાશીનું પાણી બોરમાં ઉતારવાથી થતું નથી, પણ એક સાયન્ટીફીકલી જો એક કંપની કે બહાર આપણે જે ઇક્વીપમેન્ટ આવે છે એની સિસ્ટમ બેસાડવામાં આવે તો આ બહુ મોટું કામ થઇ શકે. આ જ પાણીની ચિંતાને લઇને હું જે જિલ્લામાંથી આવું છું ત્યાં અમારી નર્મદા નદી આજે આપણે જોવા જઇએ તો આખી સૂકાઇ ગઇ છે. પ્લેન મેદાન છે. ત્યાં ગોલ્ડન બ્રિજની નીચે ક્રિકેટ રમવું હોય તો રમાય તેવી પરિસ્થિતિ ઊભી થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, તેનું કારણ છે, કારણ કે જે તે સમયે નર્મદા ડેમ બન્યો ત્યારે ચાર રાજ્યો, એટલે મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશનો કરાર થયો, હવે એ ૨૫ વર્ષ પહેલા એવો કરાર થયો હતો કે નર્મદા નદીને જીવંત રાખવા માટે રોજના ૬૦૦ ક્યુસેક પાણી આપણે છોડીશું. આજની પરિસ્થિતિ એવી છે કે રોજના ૬૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવે તો રાજપીપળાની બહાર પણ એ પાણી નીકળતું નથી. જેથી કરીને નર્મદા નદીનો ભરૂચનો અમારો જે આખો વિસ્તાર છે ત્યાં સુધી એ પાણી પહોંચતું નથી. ભલું કરો આ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને આ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇનું કે અમારી વેદના સમજીને એમણે નર્મદા નદીની અંદર મહિનામાં ઓછામાં ઓછા ૮ દિવસ ૧૫૦૦ ક્યુસેક પાણી છોડવાનો નિર્ણય કર્યો છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. ત્યારે મારી એવી માગણી છે કે નર્મદા નદીની અંદર ૧૫૦૦ ક્યુસેક પાણી કાયમ માટે છોડાય, તેની પણ સરકારે જે કાર્યવાહી કરી છે તેમાં પણ ઝડપ કરે અને ૧૫૦૦ ક્યુસેક પાણી રોજ  છોડે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો બેઠાં છે ત્યારે મારે ખાસ કહેવું છે કે આ નર્મદા નદીને જીવંત રાખવાના ચાર રાજ્યોના કરાર છે. મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ. જ્યારે ૧૫૦૦ ક્યુસેક પાણી છોડવાનું કહેવામાં આવ્યું ત્યારે રાજસ્થાન અને મધ્યપ્રદેશ સરકારે એવું કહ્યું કે ગુજરાત પોતાના ભાગમાંથી પાણી  છોડે. અમે આપીએ નહીં. આ જેનું પાણી છે. આ સરકાર કોની છે મને ખબર છે. આ ચિંતા કરવાની જરૂર છે. વિચારવાની જરૂર આ છે. નર્મદાને જીવાડવા માટે ચાર સ્ટેટમાંથી બે સ્ટેટ એવું કહી દે કે ગુજરાત પોતાનું પાણી લે. અમે ન આપીએ.

ડો. સી. જે.  ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી,  માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે બજેટની જોગવાઈ લઇને આવ્યા છે તેને હું કેટલાક સુધારાઓ સાથે અનુમોદન તો આપું છું, કારણ કે ગ્રાન્ટની ફાળવણી શિક્ષણમાં રૂ.૧૮ હજાર કરોડ જેટલી કરી છે. આઝાદીના આટલા વર્ષો પછી અને ગુજરાતની સ્થાપના થયા પછી જે પ્રશ્નો પ્રાથમિક શિક્ષણમાં હતા એ ત્યાંના ત્યાં જ છે. સૌ પ્રથમ તો એક કહેવત છે કે ' એક માતા સો શિક્ષકની ગરજ સારે '. અત્યારે સરકારમાં બીજી કહેવત બની છે. 'એક શિક્ષક સો કામની ગરજ સારે'. તેને કામ આપ્યા જ કરો. એટલે મૂળ કામ ભૂલાઇ ગયું છે. ચૂંટણી આવે તો શિક્ષક, મધ્યાહ્ન ભોજન યોજના આવે તો  શિક્ષક, વસતિ ગણતરી આવે તો શિક્ષક, પશુધન ગણતરી આવે તો શિક્ષક, ધરતીકંપ, અછત ગમે તેવી કામગીરી આવે એ બધામાં શિક્ષક.

અધ્યક્ષશ્રી : આભાર. ૧૦૦ ન ગણાવ્યા.

ડો. સી. જે. ચાવડા : ૧૦૦ કામ કરવા પડે એટલે શિક્ષકનું જે મૂળ કામ છે દીકરા-દીકરીને ભણાવવાનું તેનો સમય જ નથી રહ્યો. જાપાન જ્યારે તહસ-નહસ થઇ ગયું, હિરોશીમા અને નાગાસાકી પર બોમ્બ ફેંકવામાં આવ્યા. આખું જાપાન નષ્ટ થઇ ગયું. જાપાનના તમામ લોકોએ બેસીને વિચાર કર્યો કે હવે દેશને બેઠો કરવા શું કરવું જોઇએ. કોઇએ ઔદ્યોગિક ક્રાંતિની વાત કરી, કોઇએ હરિયાળી ક્રાંતિની વાત કરી, કોઇએ શ્વેતક્રાંતિની વાત કરી. બધી વાતોના અંતે એવું નક્કી થયું કે પ્રાથમિક શાળાના શિક્ષક ફક્ત એક કલાક વધુ ભણાવે તો જાપાન બેઠું થઇ જાય. આ એક જ મુદ્દા ઉપર આખા જાપાનમાં ૨૫ વર્ષ સુધી પ્રાથમિક શાળાના શિક્ષકોએ એક કલાક વધારાનું કામ લીધું અને આખું જાપાન બેઠું થયું. અહીં આપણે શિક્ષક પાસેથી કામ લઇએ છીએ પણ શિક્ષણ સિવાય લોકમેળા કરો તો શિક્ષકને કહે પબ્લિક લઇને આવજો. ગરીબ મેળો થાય તો પણ શિક્ષકને કહે કે તમે ગામમાંથી ૧૦ માણસ લઇને આવજો. એટલે આના બદલે શિક્ષકનું કોન્સ્ન્ટ્રેશન શિક્ષણના કામમાં જ કરવામાં આવે તો આ ગ્રાન્ટ સાચા અર્થમાં વપરાયેલી ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણનું પ્રાઇવેટાઇઝેશન વધારે થતું જાય છે. સરળીકરણના બદલે વેપારીકરણ થતું જાય છે. જુનિયર કે.જી.થી માંડીને કોલેજ અને હવે યુનિવર્સિટીઓ પણ પ્રાઇવેટ બની છે. કેટલીક સારી પણ બની છે. વિશ્વની હરોળમાં રહેવા માટે જરૂરી પણ છે, પરંતુ તેનો મતલબ એ નથી કે તેનો રાફડો ફાટી નીકળે. એક સારી પ્રાઇવેટ યુનિવર્સિટી બને તેના ઓઠા નીચે બીજી ૧૦ યુનિવર્સિટીઓ લાભ લઇ જાય. એક સારી પ્રાઇવેટ કોલેજ ખૂલે કે પ્રાથમિક શાળા કે જુનિયર કે.જી. કે

બાળમંદિર બને તેના ઓઠા નીચે બીજી હજારોની સંખ્યામાં પ્રજાને લૂંટે એ ન ચલાવી લેવાય. સરકારે એક એફ.આર.સી.ની રચના કરી છે. હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટના જજમેન્ટોના અનુસંધાને, ફી રેગ્યુલેટરી કમિટી. તેના કારણે ફીનું નિયમન થાય છે અને માનનીય ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ તેનું મોનીટરીંગ પણ બહુ સારું કરે છે તેમ છતાં આજે પરિસ્થિતિ એવી ઊભી થઇ છે કે મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના લોકોની શહેરમાં પોતાના બાળકોને ભણાવી શકે એવી પરિસ્થિતિ રહી નથી. જુનિયર કે.જી.થી પ્રાથમિક શાળામાં પ્રાઇવેટ સ્કૂલોમાં મોટું ડોનેશન લેવામાં આવે છે. હું અમારી સરકારના વખાણ નથી કરતો પણ અમારી સરકાર હતી ત્યાં સુધી લોકો ગામડામાંથી પોતાના બાળકોને ભણાવવા માટે શહેરમાં લઇને આવતા. મકાન ભાડેથી રાખીને પોતાના બાળકોને ભણાવતા કારણ કે ભણાવી શકે એવી પોઝીશન હતી. અત્યારે પોઝીશન એવી થઇ છે કે શહેરમાં રહેતા લોકોને પોતાના બાળકોને ભણાવવા માટે ગામડે જવું પડે એટલે આની ગંભીરતાથી વિચારણા કરવાની જરૂર છે. ફી નિર્દેશન કમિટી વારંવાર મળે અને વાલીઓના જે આંદોલનો થાય છે, અમદાવાદ હોય, વડોદરા હોય, સુરત હોય કે રાજકોટ હોય એ શહેરી વિસ્તારોમાં એમના પ્રશ્નોના હાર્દને સમજવામાં આવે. ચુડાસમા સાહેબ, આપ તો સંત જેવા છો એટલે આપ એનું મૂલ્યાંકન કરી અને એનું નિયમન થાય એવી વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમને ભગવા ના પહેરાવતા.

અધ્યક્ષશ્રી : દાઢી–મૂછો તો ડોકટર રાખે છે.

ડો. સી. જે. ચાવડા : વિચાર એમના સંત જેવા છે. હવે ડ્રોપ આઉટ રેશિયાની વાત મારે કરવી છે. જ્યારે ગુજરાતની સ્થાપના થઇ ત્યારે પ્રાથમિક શાળામાંથી ધો.૧ થી ૫ સુધીનો રેશિયો ૨૦ ટકા હતો. ધો. ૬ થી ૭માં ડ્રોપ આઉટ રેશિયો ૪૦ ટકા હતો. જે તે વખતની સરકારો અને હાલની સરકારોએ આ ડ્રોપ આઉટ રેશિયો ઘટે એના માટે પ્રયત્ન કરતી હોય છે. કોંગ્રેસની સરકારમાં શ્રી માધવસિંહ સોલંકીની સરકારે મધ્યાહ્ન ભોજન યોજના દાખલ કરી. છેક સુધી ચર્ચા–વિચારણાના અંતે સુપ્રિમ કોર્ટે આખા દેશમાં એને લાગુ કરી. એના કારણે જે ડ્રોપ આઉટ રેશિયો હતો એ કોંગ્રેસની સરકાર હતી ત્યાં સુધી ૪૦ ટકાથી ઘટીને ૧૨ ટકા સુધી આવેલો અને ૧૮ ટકાથી ૨૦ ટકા હતો તે ડ્રોપ આઉટ રેશિયો ઘટીને ૭ ટકાએ આવેલો. આજે એ ડ્રોપ આઉટ રેશિયા માટે ભારતીય જનતા પક્ષની સરકાર એના રીતે પ્રયત્નો કરે છે. શાળા પ્રવેશ ઉત્સવ કરે છે એના કારણે એ લોકો કહે છે કે આ ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે. એ ઘટતો ઘટતો આજે ૫ ટકા અને ૪ ટકાની આજુબાજુ આવીને ઊભો છે. હજી આપણે બધા ભેગા થઇને આ ડ્રોપ આઉટ રેશિયો ઝીરો સુધી પહોંચે તેવા આયોજનો કરવા જોઇએ અને તો જ આપણે આ ગ્રાન્ટ મૂકીએ છીએ એ સાચા અર્થમાં વપરાયેલી ગણાશે. રાઇટ ટુ એજ્યુકેશન એકટની વાત કરીએ તો યુ.પી.એ.ની સરકારે એને બંધારણીય હક્ક રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ નીચે આપ્યો. એમાં બહુ ગંભીરતાની વાત છે કે જે બાળકોની ફાળવણી જે સ્કૂલોમાં થાય છે, આટલા મોટા તંત્રમાં અહીંયાં ખબર ના પણ રહે, અહીંયાં કાગળ ઉપર વહીવટ ચાલતો હોય ત્યાં શાળામાં કોઇ જોવા ના પણ જાય, પરંતુ જે ૫–૧૦ વર્ષથી બંધ પડેલી શાળાઓ છે એવા કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા છે અને એ કિસ્સાઓ અમે માનનીય શિક્ષણમંત્રીશ્રીને અમે રજૂ પણ કરીશું. એવી સ્કૂલોમાં જે બાળકોની ફાળવણી થાય છે એના લીધે એમની હાંસી ઉડે છે, એમને ધક્કા થાય છે, એ પાછા આવે છે અને સરકારે જે ગ્રાન્ટ આપવાની થાય બાળક દીઠ એ એવી સ્કૂલમાં આપી દે છે, આવું બન્યું છે એટલે અમે આપને ધ્યાન દોરીશું. એવા સંચાલકો સામે પગલા લેવાય અને ત્યાં ફાળવણી ના થાય એ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ધ્યાન રાખે એવી વિનંતી કરું છું. હજુ આજની તારીખે ૧ લાખ અને ૮૫ હજાર પ્રાથમિક શાળાના શિક્ષકો સરકારમાં કામ કરે છે જયારે આટલા શિક્ષકો કામ કરતા હોય ત્યારે તેમના પણ પ્રશ્નો ધ્યાનમાં લેવા જોઇએ. એમની જે મુશ્કેલીઓ છે એ પણ સમજવી જોઇએ. અત્યારે પ્રાથમિક શિક્ષણ છે એમાં પ્રાયમરી અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ એવા બે ભાગ કર્યા છે. ધો.૬,૭,૮ અને ધો. ૧ થી ૫. ધો. ૬,૭,૮માં બી.એડ ફરજીયાત છે એટલે માધ્યમિક જેટલી એની લાયકાત થઇ. ધો. ૧ થી ૫ માં જેટલા પ્રાથમિક શિક્ષકો છે એટલો જ પગાર એમને આપવામાં આવે છે. લાયકાત એમની બી.એડ કરેલું છે તેવા હાયર સેકન્ડરી પાસ છે તો એમનું પગાર ધોરણ ૯,૧૦ સમકક્ષ હોવું જોઇએ. સરકારામાં જોકે વિચારણા હેઠળ છે પણ ઘણા સમયથી એનો નિર્ણય નથી થયો. આ વિસંગતતાના કારણે શિક્ષણમાં ઊણપ ઊભી થાય છે તો આપ એની પોઝિટિવ વિચારણા કરો. એજ રીતે માધ્યમિક શિક્ષણ, ઉચ્ચતર શિક્ષણ અને કોલેજોમાં જે પ્રવાસી શિક્ષક અને પ્રવાસી પ્રોફેસરોની વાત છે એમાં પણ આપ સાહેબ નિર્ણય કરો. જે લાયકાત ધરાવે છે, પી.એચ.ડી. થયા છે એવા લોકોને પગારધોરણ બીજાની સમકક્ષમાં વધારે મળે એવું આયોજન કરો એવી વિનંતી કરું છું. શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગ એ સરકારના એવા વિભાગો છે કે પ્રજાની સેવા કરે છે અને આપ ભા.જ.પ.માં બેઠા હોય કે અમે કોંગ્રેસમાં બેઠા હોઇએ. કોઇ કુસેવા કરવા આવ્યા નથી. એ સેવા કરવામાં આપ આપની રીતે પ્રયત્ન કરો છો એમાં જયાં ઉણપો છે એ બતાવવાની અમારી ફરજ છે એટલે આ ઉણપો અમે આપને બતાવીએ છીએ એમાં સુધારા વધારા તમે કરશો એવી વિનંતી સાથે હું શિક્ષણ વિભાગ જે માગણીઓ લઇને આવ્યા છે એમને અનુમોદન આપું છું.

ડો. આશા પટેલ(ઊંઝા): માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાનનો અભ્યાસ એ ટેકનોલોજીનો જન્મ છે. વર્ષ ૨૦૧૯–૨૦ના બજેટમાં માનનીય મંત્રીશ્રીએ ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીની ડિમાન્ડ નં. ૮૯ હેઠળ ૧૯૫ કરોડ ૨૩ લાખ ૧૫ હજાર રૂપિયાની માગણી લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

Respected Sir, As per our visionary President late Dr. A.P.G. Abdul Kalam, for success of any vision it is necessary to have a creative leadership. Creative leadership is vital

for government, non-government organisations as well as induStries. એટલે કે બી.જે.પી. સરકાર એ વિઝનરી છે અને લિડરશીપના પૂર્ણ ગુણો ધરાવે છે ત્યારે સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં ગુજરાતે હરણફાળ ભરી છે. સરકારનો સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. જેમાં બાયોટેકનોલોજી, રિમોટ સેન્સનીંગ, સ્પેસ એપ્લીકેશન વગેરે ક્ષેત્રે સુંદર કામગીરી બજાવી છે. એટલા માટે હું માનનીય મંત્રીશ્રી અને સચિવશ્રીની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ગુજરાતની બી.જે.પી. સરકાર વિકાસલક્ષી પોલિસીઓ દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે હરણ ફાળ પ્રગતિ કરી છે અને વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ માટે આ વખતના બજેટમાં ૫૦૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે ખૂબ સરાહનીય છે. ગુજરાત સરકારની કેટલીક પ્રવૃત્તિઓ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની દેન છે. જે અત્રે જણાવતા મને આનંદ થાય છે. અમે પોતે જ્યારે પી.એચ.ડી. કરતા હતા ત્યારે ટેકનોલોજીમાં ગુજરાત પાછળ હતું. જ્યારે અમે સાયન્સ કોલેજની અંદર પ્રોફેસર બન્યા અને બી.જે.પી.ની સરકાર આવી ત્યારે *(xxx) ઉચ્ચ શિક્ષણ કમિશનર હતા અને એમણે ટેકનોલોજીની અંદર જે નવા નવા ફેરફારો કર્યા.

અધ્યક્ષશ્રી : વિધાનસભામાં કોઇ અધિકારીનું નામ ન લેવાય.

ડો. આશા પટેલ : સોરી સર, અમારે જે અમારું સંશોધન કરવું હતું એ વિશ્વ સાથે એને જોઇન્ટ કરીને અમારા સંશોધન ક્ષેત્રની અંદર આગળ વધારી રહ્યા હતા ત્યારે અમને ખૂબ આનંદ થતો હતો. આ પ્રવૃત્તિઓમાં ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર, ગુજકોસ્ટ, બાયસેગ, ગુજરાત ઇન્ફોર્મેટીક લિમિટેડ, સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ, ઇન્ક્યુબેટર, જીસ્વાન, ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ જે ભૂકંપ માટેનું છે. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી, ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર, સચિવાલય ઇન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક, ઇ–પ્રોક્યોર્મેન્ટ, સ્વાગત ઓન લાઇન, ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ, ઇ–ધરા, હોસ્પિટલ મેનેજમેન્ટ ઇન્ફર્મેશન, ઇ–સિટી, ઇ.ડબલ્યુ.એસ. અને એવી ઘણી અલગ અલગ સ્કીમો અને પોલિસીઓ દ્વારા ટેકનોલોજીનો આ ગુજરાત સરકારે વિકાસ કર્યો છે. Our fast developing country innovative ideas plans. It is the knowledge of science and technology of Techno-India. So, to support innovative ideas of students Government of Gujarat has laid foundation of student start-up Innovation Policy. મારે ખાસ આ પોલિસી વિશે કહેવું છે. આ એસ.એસ.આઇ.પી. પોલિસી છે એ ભારત દેશમાં ગુજરાતે પ્રથમવાર એસ્ટાબ્લિસ કરી છે અને એસ.એસ.આઇ.પી. આપણી સરકારની સમગ્ર દેશમાં પહેલી પોલિસી છે જે વિદ્યાર્થીઓના ઇનોવેટીવ આઇડિયાઓને સ્ટાર્ટ–અપ આપે છે. માનનીય સભ્યશ્રીએ એવું કહ્યું હતું કે, એક જંગલમાં સિંહોનું ટોળું હતું. મારે કહેવું છે કે જ્યાં કુપોષણ હોય તો પૌષ્ટિક આહાર આપીને એને પોષણક્ષમ બનાવી શકાય. પણ જ્યાં આગળ માનસિક અજ્ઞાનતા હોય ત્યાં એ પોતાના નકારાત્મક વલણના કારણે વિનાશ થતો હોય છે. *(xxx) એ બદલ ભારતીય જનતા પાર્ટીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : તમારા આ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

ડો. આશા પટેલ : સરકાર દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ઇનોવેશનને વેગ આપવા સાયન્સ એન્ડ ટેકનોલોજી ઇનોવેશન પોલિસી અંતર્ગત બે મહત્વની સ્કીમ આ સરકારે ડેવલપ કરી છે. Support the scheme for SSIP and secondly,

અધ્યક્ષશ્રી : તમારું વકતવ્ય પૂરું થાય છે. માનનીય રાજેશભાઇ ગોહિલ. તમે એવું કહી શકો કે હું સિંહોના ટોળામાં આવી છું પણ કોણ ક્યાંથી આવ્યા એવું કાંઇ કહેવાય નહીં, બેન? કોઇને ડિગ્રેડ કરીને વાત ના કરાય. (અંતરાય) બીજા સભ્યો માટે કહું છું.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રી જ્યારે કાયદા, ન્યાયતંત્રમાં માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

જ્યારે આપ પણ કાયદાની સાથે જોડાયેલા છો. મેં પણ કાયદાનો અનુભવ મેળવીને આજે આ વિધાનસભામાં આવ્યો છું અને માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને ઘણાં બધા મિત્રો કાયદા સાથે જોડાયેલા છે જે ખૂબ જ સારી બાબત છે. જ્યારે કાયદા મંત્રી ન્યાયતંત્ર અંગેની જે કોઇ માગણી લાવ્યા છે તેમાં હું મારા વિચારો કરું છું કે તાલુકા કોર્ટના ઘણાં નવા બિલ્ડિંગો બનાવવાના બાકી છે એ વહેલામાં વહેલી તકે નવા બિલ્ડિંગો સુવિધાયુક્ત, ટેકનોલોજીયુક્ત બનાવવામાં આવે એવી માગણી કરું છું. બીજું, કોર્ટમાં સ્ટાફની ઘણી બધી તકલીફો હોય છે. તમામ કોર્ટમાં સ્ટાફ પુરતો ભરવામાં આવે જેથી લોકોને ન્યાય ઝડપી અને સરળતાથી મળી રહે. માનનીય શિક્ષણ મંત્રી પણ કાયદાવિદ્ર છે ત્યારે મારે ધોલેરા વિષે પણ વાત કરવી છે કે નવી બિલ્ડિંગ માટે જે જમીન ફાળવવામાં આવી છે એ ખૂબજ અંદર છે તો ધોલેરા ચાર રસ્તાની બાજુમાં, હાઇસ્કૂલની બાજુમાં જગ્યા છે તેની બાજુમાં જગ્યા ફાળવવામાં આવે જેથી ગામડામાંથી આવતા લોકોને અનુકૂળતા રહે જેથી જગ્યા ટ્રાન્સફર કરવા માટે પણ હું મંત્રીશ્રીને વિનંતી કરું છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શિક્ષણની વાતમાં મંત્રીશ્રીને મારું સૂચન છે કે આપણો જૂના ધંધુકા તાલુકો છે એના અત્યારે ચાર તાલુકા થયા છે ત્યાં એક પણ સાયન્સ કોલેજ નથી તો વહેલામાં હવેલી તકે સાયન્સ કોલેજ થાય એવી મંત્રીશ્રીને વિનંતી કરું છું. આપણા ધોલેરા તાલુકાની પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘણી બધી ઘટ છે તો એ પણ વહેલી તકે પૂરી થાય. આપણો પછાત વિસ્તાર છે એ તમે જાણો છો ત્યાં શિક્ષણ સારુ મળી રહે. હું કાંઇ રાજકીય ટીકા-ટિપ્પણી કરવા નથી માગતો.. જ્યારે સ્ટાફ ક્વાટરો નવા બને. ન્યાયતંત્રમાં નોકરી કરતા હોય તેમના સ્ટાફ કવાર્ટર સારા ના હોવાના કારણે કર્મચારીઓને અપ-ડાઉન કરવું પડતું હોય છે, જેથી સુવિધાયુક્ત ક્વાર્ટરો દરેક કોર્ટની બાજુમાં બને જેથી સમયસર લોકો કામ કરી શકે એવી વિનંતી કરું છું. ન્યાયતંત્રની સાથે પોલીસ પણ જોડાયેલી હોય છે. મારા અનુભવ પ્રમાણે ડે ટુ ડે કામ થતું હોય તો કદાચ ન્યાયતંત્રમાં થાય છે. જે સવારે કામ હોય છે તે સાંજે દરેક કર્મચારીઓને પૂરું કરીને જવાનું હોય છે જેથી આવી જ કામગીરી દરેકે દરેક ક્ષેત્રમાં થાય તેવી મંત્રીશ્રીઓને વિનંતી કરું છું. ન્યાયતંત્રના કર્મચારીઓને રહેવાની ઘણી મુશ્કેલીઓ હોય છે અને અપ-ડાઉન કરતા હોય છે જેથી સમયસર કામ ના થાય. અત્યારે બાયોમેટ્રિક પદ્ધતિ ચાલુ છે એવી દરેક જગ્યાએ બાયોમેટ્રિક પદ્ધતિથી હાજરી પણ લેવામાં આવે. મારા રાણપુર તાલુકામાં તેમજ અન્ય તાલુકામાં પણ નવા બિલ્ડિંગ બનાવવાના હજુ બાકી છે. ઘણી જગ્યાએ જૂના ક્વાટર હોય છે, ભાડાના બિલ્ડિંગ હોય છે જેથી કરીને નવા બિલ્ડિંગો સારા બને. અમારા ધંધૂકા કોર્ટનું પણ બિલ્ડિંગ મંજૂર થયું છે પણ જમીનના અભાવે એમાં હજુ કાંઇ પ્રોગ્રેસ થયો નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જે અત્યારે ઉપલબ્ધ બિલ્ડિંગ છે ત્યાં ને ત્યાં જ બિલ્ડિંગ બનાવવામાં આવે એવી અમારી લાગણી અને માગણી છે. કારણ કે, હાલ ધંધૂકામાં કોઇ જગ્યા ઉપલબ્ધ નથી અને દરેક કોર્ટોની અંદર સરકારી વકીલોની ફૂલટાઇમ નિમણૂક કરવામાં આવે જેથી સમયસર તમામ કેસો પૂરા થાય એવી પણ આપ સરકારશ્રીને વિનંતી કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર આ રાજ્યમાં લીટીગન્સને ઘરઆંગણે ઝડપી અને બિનખર્ચાળ ન્યાયના નાગરિકના મૂળભૂત અધિકારને ફલિત કરવા હંમેશા કટિબદ્ધ રહેલી છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં પણ આજ વિઝનને આગળ ધપાવવાની નેમ સાથે કાયદા વિભાગની માગણી નંબર-૬૦ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું. આ સરકારની ન્યાયપ્રિય સરકાર તરીકેની યશકલગી તરીકેનું એક મોરપિચ્છ છે એમ કહું તો તે અતિશયોક્તિ નહીં ગણાય. મારે એક-બે તર્ક રજૂ કરવા છે. વિશ્વનું નિર્માણ થયું ત્યારે જરૂરથી એ કોઇ કુદરતના નિયમોથી નિર્માણ થયું હોય તેમ લાગે છે. વિશ્વનું નિર્માણ નિયમો વગર નહીં થાય એમ હું માનું છું. તમે માનો કે ન માનો કુદરતના નિયમો કુદરતે બનાવેલા છે અને એનો ભંગ કરવાનું દુઃસાહસ માણસ જગતે કર્યું છે એના પરિણામો આપણે ભોગવવા પડી રહ્યા છે. કુદરત પણ દંડ કરે છે. કાં અતિવૃષ્ટિ થઇ જાય, કાં દુકાળ પડે. આજે રણમાં પણ વરસાદ પડે છે એવું આપણે સાંભળ્યું છે. રણમાં પુર આવે અને ઇંગ્લેન્ડ અને ફ્રાન્સ જેવા કન્ટ્રીઓમાં ૪૫ ડિગ્રીથી પણ વધુ ગરમી આજે પડવા માંડી છે. પેરિસમાં તો મેઇન સ્ટ્રીટની અંદર ફુવારા મૂકવા પડ્યા છે અને કલાઇમેટ ઇમરજન્સી એમને લગાડાઇ છે. કાનૂન અને નિયમ કુદરતના હોય છે કે આપણે બનાવેલા હોય એને માનવા જ પડે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ બત્તુસાહેબે એક વાત કહી હતી કે કશા પણ ભય વિના કાયદાનું શાસન સ્થાપિત કરવાને સમર્થન આપે એવી અસરકારક અને બળવાન લીગલ સિસ્ટમ એ લોકશાહીના પાયા પૈકીનો એક આધારભૂત પાયો છે. પટણા હાઇકોર્ટમાં જ્યારે ૧૦૦ વર્ષ પૂરા થયા ત્યારે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ એક ચિંતા વ્યકત કરેલી કે નામદાર કોર્ટોની અંદર જે પડતર કેસોની પેન્ડીંગ ઘટાડવા માટે જુના પડતર કેસો અંગે એક બુલેટીન બહાર પાડીને જજો, વકીલો અને કોર્ટો એક ટાઇમબાઉન્ડ મેનેજમાં પડતા કેસોનો નિકાલ કરવાનો એક ટાર્ગેટ ફીટ કરે એવી પણ એમણે વાત કરેલી. સાથે એમણે એમ કહ્યું કે છેવાડાના માનવીને ઘરઆંગણે ન્યાય મળે એવી તજવીજ કરજો. મને આજે જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે ઘર આંગણે ન્યાય મળી રહે એ ભાવનાને મૂર્તિમંત કરવા ગુજરાત સરકાર હંમેશા કટ્ટર રહી છે. અત્યારે માનનીય સભ્યશ્રી કહેતા હતા કે તાલુકામાં કોર્ટો નથી. હું આપને જણાવતા આનંદની લાગણી અનુભવું છું કે આ ગુજરાત સરકારે દરેક તાલુકામાં કોર્ટ હોવી જોઇએ એ સંદર્ભમાં રાજયના છેવાડાના માનવીને ઘરઆંગણે ન્યાય મળે એની સાથે ગુજરાતમાં ૨૨૨ તાલુકાઓ અને નવા જે ૨૫ તાલુકાઓ બન્યા છે એમાં એક જોટાણા સિવાય તમામ તાલુકામાં કોર્ટો આપી છે. મારા ખેરગામ તાલુકામાં શ્રી નરેશભાઇ અહીંયા હાજર છે. ખેરગામ તાલુકામાં પણ છેલ્લા બે વર્ષથી છે. આદરણીય શ્રી પ્રદિપસિંહજીએ એનું ઉદઘાટન કર્યું છે. છેવાડાના માનવીઓ જયાં રહે છે તે જગ્યાએ એને કોર્ટ મળે છે. આપ તો છેલ્લા ૪૧ વર્ષથી અનેક કોર્ટોમાં એ સેલવાસ હોય, દમણ હોય, નવસારી હોય કે વાપી હોય આપને મેં કામ કરતા જોયા છે. આપ ૪૫ વર્ષથી વકીલાત કરતા આવ્યા છો. આપને ખબર છે કે આ અદાલતોમાં તે વખતની પરિસ્થિતિ અને આજની અદાલતોમાં ફેરફાર જાણો છો. આજે આપ અધ્યક્ષ તો છો જ પણ આજે જે ડ્રેસ કોડ છે એમાં ન્યાયાધીશ જેવા લાગો છો એમ કહું તો ખોટું નથી. જે અલગ અલગ કોર્ટો છે, એક જમાનામાં ઇવનીંગ કોર્ટ હોય, મોર્નિંગ કોર્ટ હોય, ફેમિલી કોર્ટ હોય, ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ હોય પરંતુ આ સરકારની મનસા તો જુઓ કે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની અંદર હંમેશા ગુજરાત અગ્રેસર રહ્યું છે. એમાં જે ડીસ્પ્યુટ થાય છે એની અંદર કોમર્શિયલ કોર્ટ પણ જાહેર કરવામાં આવી છે અને એ પણ મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર કોમર્શિયલ કોર્ટ પણ આવી છે. હું આપને એક વાત એટલા માટે કરવા માગું છું કે એક મીડીયેશન સેન્ટર સરકારે ઊભા કર્યા છે. લીટીગેશનને ઘટાડવા માટેના જે વૈકલ્પિક રસ્તાઓ છે એ પૈકી મીડીયેશન સેન્ટર એ ભારતીય સંસ્કૃતિમાં પૌરાણિક સમયથી ચાલી આવતી પરંપરા છે. સૌ પ્રથમ મીડીયેશનની તકરારનું નિવારણ લાવવાનો પ્રયત્ન ભગવાન

શ્રીકૃષ્ણએ મહાભારતના યુદ્ધકાળમાં કરેલો હતો એ આપણે સૌ જાણીએ છીએ. સમયાંતરે પંચ ત્યાં પરમેશ્વરનો સિદ્ધાંત ભારતીય સંસ્કૃતિએ સ્વીકાર્યો.

અધ્યક્ષશ્રી : માનનીય પિયુષભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. હું જજ જેવો લાગું છું નહિ, હું જજની ભૂમિકામાં જ છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મુખ્યમંત્રીશ્રી તેમજ કાયદા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, તેમને અનુમોદન સાથે મારાં સૂચનો રજૂ કરવા માગું છું. મારા પહેલાના ઘણા સભ્યોએ શિક્ષણ માટે ઘણી ચિંતાઓ વ્યક્ત કરી. કોઇપણ દેશનો કે કોઇપણ રાજ્યનો વિકાસ એનું યુવાધન કેવું છે એના ઉપરથી થતો હોય છે. જે દેશનું યુવાધન ખૂબ વિકસિત હોય તો તે દેશનો અને તે રાજ્યનો વિકાસ ઝડપભેર આગળ વધતો હોય છે. યુવાધન ઉપર આધારિત આખો વિકાસ બન્યો છે, ત્યારે હાઇટેક અને મહત્વનો દેશ બન્યો છે, ત્યારે દેશમાં યુવાધનને શિક્ષણ પ્રાપ્ત થાય તે ખૂબ જ જરૂરી છે. દુનિયાના વિકસિત દેશો યુ.એસ.એ. હોય કે યુ.કે. હોય એમણે આપણા ઉપર રાજ કર્યું છે. મને કહેતા ગૌરવ થાય છે કે શિક્ષણ માટે બધા પક્ષો, કોઇ એક પક્ષની વાત નહિ કરું, બધા પક્ષોએ ચિંતા કરી. ગાંધીજીના વિચારો આધારિત આ શિક્ષણ મળ્યું, એના કારણે બ્રિટન, અમેરિકા જેવા દેશો હોય એ દેશો પોતાના કમ્પ્યૂટર ભલે વાપરી શકતા હોય, પણ સોફ્ટવેર વાપરવા માટે આખા દુનિયામાં સોફ્ટવેર આપતો દેશ અને રાજ્ય બન્યું હોય તો તે ગુજરાત રાજ્ય બન્યું છે, તેનું ગૌરવ આપણે લઇ શકીએ તમે છીએ. એની પાછળનાં કારણો શિક્ષણ છે. ગામડાનો વિદ્યાર્થીઓ, આજે તો અમે ૫૮-૫૯ વર્ષે પહોંચ્યો છે, પણ તે વખતનું શિક્ષણ ગામડામાં હતું અને એના કારણે આ વિધાનસભા ગૃહમાં પણ મોટા ભાગના સભ્યો ભણેલા ગણેલા આવ્યા છે. પહેલી, બીજી, ત્રીજી વિધાનસભા ત્યારે તો કોઠાસૂઝના કારણે ચાલતી હતી. તેમાં આક્ષેપો, પ્રતિ આક્ષેપો થઇ શકે. હું જે વિસ્તારમાંથી આવું છું. એ ગોંડલ સ્ટેટનું મારું પોતાનું ગામ છે. તેમાં એટલું બધું શિક્ષણ હતું કે મહિલાઓને ફરજિયાત શિક્ષણ. મેં અગાઉ કહ્યું છે કે અમારા વડવાઓ, મારા ફૈબા અંગ્રેજીમાં વાંચી શકે છે. ૧૦૦ વર્ષની ઉંમર છે, ત્યારથી તેમને શિક્ષણ પ્રાપ્ત થયું હતું. તેના કારણે ગોંડલ સ્ટેટના ગામડાનો વિકાસ થયો છે એટલો વિકાસ બીજા નાના રજવાડાઓ હતા તેનો નથી થઇ શક્યો. શિક્ષણ બહુ મહત્વની બાબત છે. શ્રી ભુપેન્દ્રસિંહ બાપુ શિક્ષણ ખાતું સંભાળી રહ્યા છે, ત્યારે ડો. સી.જે. ચાવડા ચિંતા કરતા હતા. બીજા સભ્યોએ ચિંતા વ્યક્ત કરી. શિક્ષકો પાસેથી શિક્ષણ માટેનું કામ લેવાને બદલે અન્ય પ્રવૃત્તિ કરાવવાનો ટ્રેન્ડ વધ્યો છે, તેમાં કાપ મુકવાની જરૂર છે. બહુ જ જરૂરી બન્યું છે. તેના માટે અલાયદા સ્ટાફ કે બહારથી લાવીને પણ કામ કરાવવું પડે. આઉટસોર્સનાં કામ કરાવીએ છીએ. શિક્ષકોને શિક્ષણનું જ કામ આપવામાં આવે. વધારે પડતું કઇ ન આપો. કોઇ કામ નહિ સોંપીએ તેવું નહિ. ચીવટપૂર્વકનું કામ હોય તો તેમને પણ સોંપવું પણ પડે. પરંતુ બીજાં કામમાંથી એમને બાકાત રાખીને શિક્ષણ માટેનું કાર્ય બહુ જરૂરી છે. મધ્યાહન ભોજન યોજનાની ઘણી વખત ટીકાઓ થઇ છે અને ટીકાઓ થતી રહે છે. ગરીબ વિસ્તાર છે, એના દીકરા-દીકરીઓ એટલા માટે ભણવા જાય છે કે એનાં મા-બાપને એમ થાય છે કે મારો દીકરો ત્યાં જાય છે અને એને ભોજન મળશે તો એટલી મારી ચિંતા ઓછી થશે. એટલા માટે ભણવા જાય છે અને શિક્ષણ મેળવે છે. પૌષ્ટિક મધ્યાહન ભોજન એના માટે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત છે. ઘણા મધ્યાહન ભોજનના સંચાલકો કેન્દ્ર ચલાવે છે. એમાં ફરિયાદ મળે છે કે અનાજનો જથ્થો બારોબાર વેચી મારે છે. એમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવા માટે મારી શ્રી ભુપેન્દ્રસિંહ સાહેબને માનનીય અધ્યક્ષશ્રી મારફત વિનંતી કરું છું. મધ્યાહન ભોજન એટલે નાના કુટુંબો છે એનાં બાળકો માટેની યોજના છે. ત્યારે એના માટેની ચિંતા કરવાની જરૂર છે. ક્લાઇમેટ ચેઇંજ માટે ચિંતા થતી જાય છે. ક્લાઇમેટ આખા દુનિયામાં બદલાતું જાય છે. ક્લાઇમેટ ચેન્જ થયો છે, તેના કારણે વરસાદની પણ માત્રાઓ ઘટતી જાય છે. તાજેતરમાં અમારો અમરેલી જિલ્લો ભયભીત બન્યો હતો.

અધ્યક્ષશ્રી : ગૃહનો વિરામનો સમય થયો છે. ગૃહ બપોરે ૧૨-૦૦ કલાકે ફરી મળશે. માનનીય વિરજીભાઇ, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ સવારના ૧૧-૩૦ થી ૧૨-૦૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓની ચર્ચામાં હું બોલતો હતો, રિશેષ પડી ત્યારે ફરી વખત મને સમય આપ્યો છે ત્યારે સાહેબ આપનો ખૂબ જ આભાર માનું છું. ક્લાઇમેટ ચેન્જ માટેના વિષયની ચિંતા છે.

અધ્યક્ષશ્રી : તમારી હાજરી નોંધી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હું તો સાહેબ તેમને મંત્રી બનાવવા માગું છું પણ મેળ આવતો નથી.

અધ્યક્ષશ્રી : તમારા પ્રવચન પર આવો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : કલાઇમેટ એ માત્ર આપણો નહીં પણ સારી દુનિયાનો ચિંતાનો વિષય બન્યો છે. વરસાદના પ્રમાણમાં અને હું તો ખેડૂતનો દીકરો છું ત્યારે મને ખબર છે કે, રોહિણી નક્ષત્ર કહેવાય છે. તેને ગુજરાતીમાં અમારી કાઠિયાવાડી ભાષામાં રોયણ કહીએ છીએ. રોયણની અંદર વરસાદ હોય ત્યારે મારા દાદા અને મારા પિતા કહેતા હતા કે ઉથલ વળી જશે. કાઠિયાવાડમાં જે સાથી ચાલતા હોય તેમાં પચાસ વિઘાની જમીન હોય અને સાથી ચાલતા હોય અને રોયણમાં જ્યારે વરસાદ શરૂ થાય ત્યારે તેઓ કહેતા હતા કે તમે તમારા સાથી છોડી દેજો. સામે શેઢે પહોંચાતું નહીં અને સતત છત્રાધાર વરસાદ થતો.

છત્રાધાર એટલે પૂરા વિસ્તારમાં થતો. આખા ગુજરાતમાં એકસાથે વરસાદ પડે. આજે પરિસ્થિતિ કેવી થઇ છે. એક ગામની પૂર્વ બાજુની સીમમાં વરસાદ હોય તો ઉત્તર બાજુની સીમમાં વરસાદ ન હોય. પશ્ચિમ બાજુની સીમમાં હોય તો બાજુનું અડધું ખેતર ખાલી રહી જાય. આવી પરિસ્થિતિ નેશનલ કલાઇમેટમાં થઇ છે ત્યારે સરકાર તેના માટે ગંભીર બની છે. ઘણી જ ગંભીરતાપૂર્વક સરકારની કામગીરી ચાલી રહી છે. જાફરાબાદ અને રાજુલાના બોર્ડર વિસ્તારમાં વાવાઝોડાનો પવન આવતો હતો પરંતુ દ્વારકા તરફથી પાછો વળ્યો અને દ્વારકાને પણ આપણે બચાવી શક્યા. પરંતુ તંત્રએ જે કામગીરી કરી છે, મહેસૂલી અધિકારી, કલેક્ટર અને ડીડીઓએ ચિંતા કરીને આવી પરિસ્થિતિમાં જે કામ કર્યું છે, તેની મારે પણ નોંધ લેવી પડે. અમારા જાફરાબાદમાં માછીમારોનો એક રિવાજ હોય છે કે, તેઓ દરિયામાં જ્યાં બેઠા હોય અને વરસાદ આવે ત્યારે તેને ગમે તેટલું સમજાવવામાં આવે તો સમજે નહીં. તેની પોતાની માતાજીને માનનારા આ વર્ગના લોકો છે અને તેઓ કહે કે અમારી માતાજી અમને બચાવવાની છે. છતાં પણ કલેક્ટર અને મામલતદારશ્રીએ તેમને બચાવવા માટે, સ્થળાંતર કરાવવા માટેના જે પ્રયત્નો કર્યા તે ખરેખર સરાહનીય છે. મુખ્યમંત્રીશ્રીએ  આદેશ આપ્યા હશે પરંતુ મહેસૂલી તંત્રએ સારી કામગીરી કરી છે. આવા કલાઇમેટમાં જે કામગીરી થઇ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી માટેની વાત છે. તેમાં સોફટવેર આપતું આપણું રાજ્ય બન્યું છે. મોટાભાગના સોફટવેર નિકાસ કરતું ગુજરાત રાજ્ય બન્યું છે. મોટાભાગના સોફટવેર ગુજરાતીઓના વપરાતા થયા છે એટલા માટે  આ શિક્ષણ બહુ મહત્વનું બન્યું છે. મધ્યાહન ભોજનની ચિંતા કરી છે. અત્યારે કાયદો અને ન્યાય માટેની ઘણી બધી ચિંતા માનનીય મંત્રીશ્રી કરે છે. આપ વિધાનસભાગૃહના જજ છો. અમે વકીલ તરીકેની ભૂમિકામાં કામગીરી કરીએ છીએ ત્યારે હું એટલું જરૂરથી કહીશ કે ઘણા કેસમાં સરકારી વકીલ ન હોવાના કારણે અથવા પ્લીડર અને સરકારી વકીલ સતત તારીખો માગ્યા જ રાખે, માગ્યા જ રાખે તેમાં સરકારે  સરકારી વકીલોની સૂચના આપવી પડશે કે આવી તારીખ માગવાને બદલે ઝડપથી ન્યાય આવે તેના માટેના પ્રયાસો થાય. સરકારી વકીલ તે સરકાર તરફથી નિમાયેલ વકીલ છે. તે કોર્ટમાં સરકારની ભૂમિકા ભજવે છે. હાઇકોર્ટ હોય કે તાલુકા કે જિલ્લા કોર્ટ હોય ત્યાં પોતે નાની મોટી મુશ્કેલી નથી કરતા તે જોવા માટે કાયદામંત્રીશ્રી ચિંતા કરે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ...

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, અડધી મિનિટ આપો. મોટાભાગના કોર્ટ બિલ્ડીંગો તાલુકા મથકે બન્યા છે. માર્ગ અને મકાન વિભાગનો સવાલ છે. છતાં કાયદામંત્રીશ્રીને મારે વિનંતી કરવી છે કે, મકાનો બહુ સારા બન્યા છે પરંતુ સફાઇના અભાવે આપણે જઇએ તો એટલી બધી ડર્ટી સ્મેલ આવે છે તેના માટે પણ કાયદામંત્રીશ્રી માર્ગ મકાન વિભાગને સાથે રાખીને ચિંતા કરે તથા સફાઇની કાળજી લેવાય તેવી વિનંતી સાથે હું અનુમોદન આપું છું. આભાર.

અધ્યક્ષશ્રી : આપને અનુમોદન આપ્યું છે  .

શ્રીમતી મનીષા  વકીલ(વડોદરા શહેર) : Respected sir, today I have got opportunity to speak for the Demand No.9 which iS demanded by the Education Minister shri BhupendraSinh ChudaSamaji.  Respected Sir, education is perhaps one of the most important ingredients to be happy, successful and in constructive life. In fact, having access to good education during childhood and early adulthood, we can bring real difference later on in our life. As Nelson Mandela has well said - "Education iS the moSt powerful weapon which you can use to change whole world." In today's scenario of 21st Century, we can see that information and communication is playing a big role in the development of different sectors. Even in the field of education, we can find that the new technology is playing its role. Everybody is using smart phones these days and we can use it in education also. To get information about different topics, we always take help of Google. આજ કાલ આપણે ગુગલ પરથી ઘણી માહિતી મેળવતા હોઇએ છીએ ત્યારે આ મોબાઇલ ફોનનો ઉપયોગ આપણે સ્માર્ટ એજ્યુકેશનનો કેવી રીતે લઇ શકીએ એનું ઉત્તમ ઉદાહરણ આ સરકાર દ્વારા એક સ્માર્ટ text book લોન્ચ કરવામાં આવી છે. આપણી ગુજરાત સરકાર રોબર્ટ પેદા કરવામાં નથી માનતી, રોબર્ટ તો પથી ૫૦ વૈજ્ઞાનિકો ભેગા થઇને લેબોરેટરીમાં બનાવી શકે છે પણ જો સારો નાગરિક બનાવવો હોય તો એ દરેક ટીચરના હાથમાં હોય છે. એવી જ રીતે નર કરણી કરે તો નારાયણ થઇ જાય. એટલે જ્યારે આ સરકાર એક ઇનોવેશન ટેકનોલોજી એજ્યુકેશનમાં લાવી છે innovation in technology is need of the hour. હું એક નવા કન્સેપ્ટની વાત કરું છું એ છે energized text book.

માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૫૦ બાળકો ક્લાસમાં હોય એમાંથી બધા જ હોંશિયાર હોય એ જરૂરી નથી. ઘણી વાર ખૂબ હોંશિયાર છોકરા હોય, એવરેજ છોકરા હોય, બીલો એવરેજ છોકરા હોય. બીલો એવરેજ છોકરાઓને જ્યારે ટીચર કંઇ પણ સમજાવતા હોય ત્યારે એને તે જ ઘડીએ સમજમાં આવે એ પોસીબલ નથી હોતું અને એટલા માટે આ text bookમાં સરસ મજાની વાત કરવામાં આવી છે કે, લોકોએ QR કોડ, QR કોડ જે કોઇ ટોપિક હોય એની બાજુમાં મૂકવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપની પરમીશનથી હું આ QR કોડની એક નકલ બતાવવા માગું છું. It is on the paper with this QR code. એ text bookમાં એની બાજુમાં હોય એની ઉપર આપણે મોબાઇલ મૂકીએ એટલે એ સ્કેન થઇ જાય અને એ સ્કેન થાય

એટલે આખું ટોપિકનું એક્સ્પ્લેનેશન ઘરે એ બાળકને મળી જાય. એના મા બાપને પણ, એના માતા પિતા એ ફોન યુઝ કરી શકે છે અને બાળકને સમજાવવા માટેનું એકદમ ક્લીયર પિક્ચર એને ક્રીએટ કરી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, આખા દેશમાં ફકત ગુજરાત એવું રાજ્ય છે કે જે આ ઇનોવેશન લઇને આવ્યું છે, ટેકનોલોજીના માધ્યમ થકી એજ્યુકેશન આપવાનો પ્રયાસ કરલો છે. Ancient educationમાં આપણે માનીએ છીએ, ancient education જે હતું એના થકી ઘણાં બધા ઋષિઓ થયા એમણે અલગ અલગ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે ત્યારે શ્રી નરેન્દ્રભાઇએ કહ્યું છે કે એજ્યુકેશનમાં ઇનોવેશન અને ટેકનોલોજીની ખૂબ જરૂર છે અને એ ટેકનોલોજી દ્વારા આપણે બાળકોને સારું જ્ઞાન આપી શકીએ એના માટે ટેકનોલોજીની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે કોઇ બાળકને ભણાવતા હોય તો we make him learn પણ લર્નિંગની સાથે સાથે અન્ડરસ્ટેન્ડીંગ પણ એટલી જરૂરી છે. જો બાળક રોજ લર્નિંગ કરે, ખાલી ગોખી નાંખે તો એનો કોઇ મતલબ રહેતો નથી એટલે આ સ્માર્ટ ક્લાસીસની પણ જરૂર પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપના આજે ડ્રેસિંગની વાત ચાલી રહી છે, આજે સ્માર્ટ સ્પીકર છે, સાથે સાથે અહીં બેઠેલા બધા જ સ્માર્ટ MLA's ઓફ ગુજરાત છે ત્યારે હું આપ સૌને વિનંતી કરીશ કે આ સ્માર્ટ text book ને બધા જ MLA જુએ.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ૨૦૧૯-૨૦ની શિક્ષણ વિભાગની માગણી નં.૯ સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપવા ઊભો થયો છું તેમજ હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ રાજ્ય અને રાષ્ટ્રની પ્રગતિનો માપદંડ છે. વ્યક્તિના વિકાસ થકી સમાજનો વિકાસ અને સમાજના વિકાસ થકી રાજ્ય અને રાષ્ટ્રનો વિકાસ શક્ય છે અને એના પાયામાં શિક્ષણ રહેલું છે. બાળક તેની શરૂઆતની ઉંમરના વરસોમાં જે શિક્ષણ મેળવે છે તેની અસર તેના સમગ્ર જીવનકાળ દરમિયાન રહે છે. બાળકની શરૂઆતનું શિક્ષણ એટલે પ્રાથમિક શિક્ષણ. શિક્ષણ જીવનનું એક સપનું હોય છે. શિક્ષણ ગુણવાન થવા માટે છે. શિક્ષણ થકી સદગુરૂનું સિંચન થાય છે. શિક્ષણ એ વ્યવસાય નહિ પણ ધર્મ છે. શિક્ષણ થકી જ્ઞાન પામેલ માણસ અભય બને છે. શિક્ષણનો એક માત્ર સ્ત્રોત શાળા છે. આમ, વ્યક્તિના વિકાસમાં પ્રાથમિક શિક્ષણનું ખૂબજ મહત્વ રહેલું છે.

મારે આજે હર્ષ સાથે કહેવું પડે છે કે આપણા ગુજરાતના જે તે વખતના લોકલાડીલા મુખ્યમંત્રી તેમજ ભારત દેશના વર્તમાન પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે શિક્ષણનો દર વધે અને ગુજરાત શિક્ષણના ક્ષેત્રે અનેક સુવિધાઓ સાથે સંપન્ન થાય અને ગુજરાતનું નામ રોશન થાય એ માટે તેઓ રીતસર ગુજરાતના છેવાડાનું ગામ એટલે કે અમારા બનાસકાંઠાના ગામડાઓમાં આવેલ, અમીરગઢ વિસ્તારમાં આવ્યા અને ત્યાં રીતસર આમ કહેવાય કે ભિક્ષાની માગણી કરી, બન્ને હાથ ફેલાવીને કહ્યું કે મને ભિક્ષા આપો. આ રીતે ભિક્ષાની માગણી કરી હોય એવા પ્રથમ મુખ્યમંત્રી હતા અને તમારા દીકરા દીકરીઓને સ્કૂલોમાં મૂકો એ માટે તેઓએ ભિક્ષાની માગણી કરી અને આપણે સૌ જાણીએ છીએ કે ત્યારબાદ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ આ બધા કાર્યક્રમો ચાલુ થયા અને રીતસરનો એક મંગલ પ્રવેશ કહેવાય એ રીતનો પ્રવેશ ચાલુ થયો અને દરેક મા બાપ દીકરા-દીકરીઓને સ્કૂલોમાં ભણવા મૂકવા માટે આગળ આવ્યા. પરંતુ મારે એ પણ કહેવું છે કે જ્યારે અમે લોકો સ્કૂલોમાં ભણવા માટે જતા હતા ત્યારે ઝાડના છાંયડે બેસીને જે તે વખતની સરકારની મહેરબાનીથી ભણવું પડતું હતું પરંતુ અત્યારે અદ્યતન સુવિધાઓ આ શિક્ષણ ક્ષેત્રે આપી છે. એમાં આપણા ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને શિક્ષણનો જેઓ ભેખ ધારણ કરીને બેઠાં છે એવા આદરણીય બાપુ સાહેબ ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબે ગુજરાતના શિક્ષણના સ્તરમાં એટલો બધો વધારો કર્યો છે કે, એનો રેશિયો આપણે જોઇએ તો ખ્યાલ આવે. તેમજ અત્યારે અદ્યતન રૂમો આપવામાં આવે છે. અમારે ત્યાં ખેડૂતો જે એમના ખેતરમાં રહેતા હોય અને ત્રણ ચાર કિલોમીટર દૂર રહેતા હોય તો એમના દીકરા દીકરીઓને શાળાએ જવા તકલીફ પડતી હતી એ ના આવી શકે, એટલે એની બાજુના વિસ્તારમાં પણ અદ્યતન સ્કૂલો ચાલુ કરી છે. મૉડેલ સ્કૂલો આપી છે. મેડિકલ ક્ષેત્રે પણ અદ્યતન કોલેજો આપી છે. એન્જિનિયરીંગ કોલેજો પણ આપી છે. આ પ્રકારે અદ્યતન સુવિધાઓ આપી છે. અત્યારે સ્માર્ટ રૂમો પણ આપ્યા છે. કમ્પ્યુટર આધારિત કલાસરૂમો આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ, હું આપને એ કહેવા ઊભો થયો છું કે અત્યારે કમ્પ્યુટર પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે એમાં અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન જેવા મુખ્ય વિષયો પ્રોજેક્ટરો દ્વારા ભણાવવામાં આવે છે. આવી અદ્યતન સુવિધાઓ પહેલાં ન હતી. માનનીય શિક્ષણમંત્રીશ્રીને હું અભિનંદન આપવા માગું છું કે અમારા બનાસકાંઠા જિલ્લો એટલે એ છેવાડાનો જિલ્લો કહેવાય છે, સરહદી જિલ્લો કહેવાય છે ત્યાં અનેક રૂમો આપ્યા છે અને શિક્ષણમંત્રીશ્રીને હું એ માટે પણ અભિનંદન આપું છું કે અમારા કોંગ્રેસના મિત્રો કહેતા હતા કે રૂમોની ઘટ છે રૂમોની ઘટ છે. અરે ભાઇ પાંચ હજાર રૂમો હમણાં નવા આપ્યા છે, આને કહેવાય વિકાસ. વિકાસ જોઇ શકાય છે પરંતુ ધ્રુતરાષ્ટ બની ન જવાય. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એ કહેવા માગું છું કે શિક્ષણ ક્ષેત્રે, ખાસ કરીને મારા પરમ મિત્ર શ્રી વિરજીભાઇ જે વાતો કરતા હતા કે તમારા વખતનું શિક્ષણ જુઓ અને અત્યારનું શિક્ષણ તમે જુઓ કોઇ ફરક તમને લાગે છે કે નથી લાગતો!

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે માનનીય શ્રી ઋત્વિકભાઇ મકવાણા.

## તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એના અનુસંધાને હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૪ર વરસની નાની ઉંમરના વિદ્યાર્થી તરીકે, શિક્ષક તરીકે, આચાર્ય તરીકે, વાલી તરીકે, સંચાલક તરીકે, સેનેટ મેમ્બર તરીકે અને આજે આ હાઉસના સદસ્ય તરીકેનો અનુભવ જે પ્રાપ્ત કર્યો છે એના અનુસંધાને કેટલાક સૂચનો હું માનનીય મંત્રીશ્રીને કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગે છે કે માનનીય શિક્ષણ મંત્રીશ્રી હજુ થોડીક વધુ માગણીઓ લઇને આવ્યા હોત તો સારું હતું. મને એવું લાગે છે કે શિક્ષણ વિભાગમાં અત્યારે હાલમાં જે સ્ટ્રક્ચર છે. તેની અંદર રિસ્ટ્રકચરીંગ કરવાની ખાસ તાતી જરૂરિયાત હોય એવુ મને લાગે છે. મારી દ્રષ્ટિએ શિક્ષણ વિભાગ ખૂબજ વિશાળ છે વિભાગ છે. ટ્રાયબલ વિભાગ અને સોશિયલ વેલ્ફેર વિભાગ પણ તેની અંદર સાથે મળીને કામ કરે છે ત્યારે હું એક સૂચન એવું કરવા માગું છું કે, શિક્ષણ વિભાગની અંદર ત્રણેક વિભાગો એવા હોય એક વિભાગ જે માત્ર Human Resources and Time Management શિક્ષણ વિભાગમાં બે જ પ્રકારની પ્રવૃત્તિ કરે શિક્ષકોની પૂરતી ઉપલબ્ધિ હોય ઓછામાં ઓછાં ૨૦૦ દિવસ માત્ર અને માત્ર શિક્ષણ કાર્ય જ થાય એ સિવાયની ઇતર પ્રવૃત્તિઓ તેની અંદર ના થાય. બાકીના દિવસોની અંદર જે કંઇ કાર્યક્રમો કે જે કંઇ બીજી પ્રવૃત્તિઓ કે પ્રશ્નો હોય તે રજૂ થાય. શિક્ષણનું ટાઇમ ટેબલ વ્યવસ્થિત બને અને માત્ર શિક્ષણ ઉપર જ ભાર અપાય, શિક્ષકોને વર્ગની અંદર કામ કરવાની મોકળાશ મળે એ પ્રકારનો એક વિભાગ કાર્યરત થાય એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક વિભાગ તેની અંદર એવો હોય કે જે મટીરીયલ, ફિઝિકલ ડેવલપમેન્ટ, ફાયનાન્સની વ્યવસ્થા, એકેડેમિકની વ્યવસ્થા, શિક્ષકોના સંઘોના જે પ્રશ્નો છે તેમની જે માગણીઓ છે, વાલી મંડળોના જે પ્રશ્નો છે, તેની જે માગણીઓ છે તેના સંદર્ભે એક અલગથી વિભાગ તેનું કામ કરે. અને ત્રીજો વિભાગ એક એવો હોય કે જે માત્ર અને માત્ર અભ્યાસક્રમ નિશ્ચિત કરે. અભ્યાસક્રમ એટલો બધો જરૂરી છે કે અત્યારે આપણે એવું સમજીએ છીએ કે વિદ્યાર્થી એટલે જાણે કે કચરાની ટોપલી. જેને જે વિચાર આવે, જેને જે આઇડીયા આવે તે આપણે તેના ઉપર ઠાલવવાનો પ્રયત્ન કરીએ છીએ. તેની કક્ષા જોયા વિના આપણે બધા કાર્યક્રમો પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, કોલેજો સુધી પહોંચાડીએ છીએ. દરેકની કક્ષા નક્કી કરી અને તેના આધારે તેને પ્રવૃત્તિ અને અભ્યાસક્રમનો કાર્યક્રમ મળવો જોઇએ. એટલું જ મહત્વનું તેનુ મૂલ્યાંકન છે આજની આપણી શિક્ષણ વ્યવસ્થાની સૌથી મોટી કમનસીબી એ છે કે, શિક્ષણ વિભાગ જે મૂલ્યાંકન કરે છે તેના ઉપર આપણને પોતાને જ ભરોસો નથી. આજે આપણે તમામ પ્રકારની સરકારી ભરતીઓને લઇ લો, તમામ પ્રકારની નિમણૂકોને લઇ લો એક પણ નિમણૂક આજની તારીખે શિક્ષણ વિભાગ જે ડિગ્રી આપે છે તેના મૂલ્યાંકનના આધારે થતું નથી તે આપણા માટે ચિંતાનો વિષય હોવો જોઇએ. તેના ઉપર આપણે ભરોસો પેદા કરવો પડશે તેની મૂલ્યાંકન પદ્ધતિ નવેસરથી ડેવલપ કરવી પડશે અને એના માટે આપણે ચિંતિત થવું પડશે. એ સિવાય મહત્વનો જે ચિંતાનો વિષય છે આપણે ૨૦૦-૫૦૦ મેડિકલની સીટ વધી જાય, સો-બસ્સો એન્જિનિયરીંગની સીટ વધી જાય, હજાર બે હજાર એન્જિનિયરો તૈયાર થઇ જાય એને આપણે ઉપલબ્ધિઓ ગણાવીએ છીએ. ચિંતાનો વિષય જે છે તે એ છે કે, ધોરણ ૧૨ સુધી પહોંચતાં પહોંચતાં ૮૫ ટકા બાળકો શાળા છોડી જાય છે આ આપણા માટે ખરેખર ચિંતાનો વિષય એ હોવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અર્થતંત્ર હોય કે સમાજ જીવન હોય એ એવરેજ કે બિલો એવરેજ જે બાળકો છે તેના આધારે ધબકતું હોય છે આપણે તેને પ્રમોટ કરવાની જરૂર છે, તેની ચિંતા કરવાની જરૂર છે. હજુ થોડાં દિવસ પહેલાં જ દેશના વડાપ્રધાને ભારતીય જનતા પાર્ટીના તમામ સાંસદોને એક હાકલ કરી છે. ગાંધી ૧૫૦ની ઉજવણીની વાત ચાલી રહી છે અને એના અનુસંધાને ૧૫-૧૫ ગામોની પદયાત્રા કરવાની વાત માનનીય વડાપ્રધાને કરી છે તેના સંદર્ભે હું એક વાત કહેવા ઇચ્છું છું કે ખરેખર આપણને ગાંધી વિચાર ઉપર ભરોસો છે ? જો આપણને ગાંધી વિચાર ઉપર ભરોસો હોય તો આપણી શિક્ષણની વ્યવસ્થાની સૌથી શ્રેષ્ઠ કહી શકાય એવી શિક્ષણ પદ્ધતિ આપણી સંસ્કૃતિને અનુરૂપ હોય, આપણી માર્કેટને અનુરૂપ હોય, આપણી જરૂરિયાતને અનુરૂપ હોય એવી શિક્ષણ પદ્ધતિ મહાત્મા ગાંધીએ આપી છે જેની અંદર બાલમંદિરથી માંડીને પીએચડી સુધીના અભ્યાસક્રમની જોગવાઈ છે એવી નઇ તાલીમ. એક સમય હતો કે જ્યારે આ ગુજરાત રાજ્યની અંદર લગભગ ૧૬૦૦ જેટલી આવી શાળાઓ ચાલતી હતી અને તે શાળાઓનું મેઇન હાર્દ જો કોઇ હોય તો એ ઉદ્યોગ અને છાત્રાલય હતું. તે જ પદ્ધતિ કે તેની અંદર શાળા કક્ષાએથી જ બાળક શિક્ષણની સાથે સાથે કોઇ હુન્નર લઇને બજારમાં જાય. હું આ તબક્કે માનનીય શિક્ષણમંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે એ જે 'નઇ તાલીમ' ની શાળાઓ છે એને પુનર્જીવત કરવા માટે કે પ્રોત્સાહિત કરવા માટે એક ખાસ નવા પ્રકારની યોજના લઇને આવે. હું એક એવું પણ સૂચન કરું કે આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. કૃષિ એ આપણો મહત્ત્વનો ઉદ્યોગ છે. દેશની કૃષિ યુનિવર્સિટીઓ કે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓને એક છત્ર તળે ગુજરાતની તમામ આશ્રમ શાળાઓ, બુનિયાદી શાળાઓ, કૉલેજોને લઇને આવે અને વિષય શિક્ષણની સાથે-સાથે ઉદ્યોગોને વિષય તરીકે ભણાવવામાં આવે અને એ હુન્નર શાળા કક્ષાએથી જ આપવામાં આવે તો આ ૮૦-૮૫ ટકા બાળકો શાળા છોડીને જાય છે એ કોઇ હુન્નરને લઇને બજારમાં આવે. કદાચ એનું ગણિત નબળું રહ્યું હશે, એનું અંગ્રેજી નબળું રહ્યું હશે તો ચાલશે પણ એ માર્કેટમાં આવશે ત્યારે પશુપાલન, કૃષિ કે ફૂડ પ્રોસેસિંગ, ઇલેક્ટ્રીકની કે પ્લમ્બરની કોઇ આવડત કે હુન્નર લઇને બજારમાં આવશે. એને જો એક છત્રની નીચે લાવીને આ ૮૫ ટકા વિદ્યાર્થીઓની ચિંતા કરી અને બજારમાં મોકલીશું તો આવનાર દિવસોમાં ગુજરાતના અર્થતંત્રને અને સમાજ જીવનને પણ ખૂબ ઉપયોગી થશે. છાત્રાલય જીવન એ શિક્ષણનો એક ભાગ છે.

છાત્રાલયોની અંદર અત્યારે સમરસ છાત્રાલયો ચાલુ છે. ઘણા બધા છાત્રાલયો ચાલે છે. ગાંધીજીએ જે છાત્રાલયની સંકલ્પના આપી હતી એની વિભાવના ખૂબ જ ઊંચી હતી. એના ગૃહપતિને ત્રણ, ચાર હજારનો પગાર મળે એ બિલકુલ વાજબી નથી. એનો પગાર એક આચાર્યની કક્ષાનો હોવો જોઇએ. કારણ કે, એ બાળકનું ઘડતર કરે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી જે શિક્ષણ વિભાગની માગણીઓ અને ખર્ચને લઇને જે માગણી નં – ૧૦ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું. શિક્ષણ એ સુધરતા સમાજની જરૂરિયાત છે. શિક્ષણ એ એક એવો વિષય છે કે જે સમાજના દરેક વ્યક્તિને લાગુ પડે છે. એ પછી શ્રીમંત હોય કે ગરીબ હોય બધાના વિકાસના પાયામાં જો કોઇ હોય તો એ એણે પ્રાપ્ત કરેલ શિક્ષણ જ હોય છે. દરેક માનવી એ પ્રાણી તરીકે જન્મે છે પરંતુ આ પ્રાણીને માનવમાં રૂપાંતરિત શિક્ષણ જ કરે છે. સમાજમાં દરેક વ્યક્તિ ઉપર આ બંધન છે પણ માનવી અપાર સંભાવનાઓ સાથે જન્મે છે. શિક્ષણ એટલે માનવમાં રહેલ તમામ સંભાવનાઓનો વિકાસ છે. સમાજ, રાષ્ટ્ર, સંસ્કૃતિનું ઉત્થાન અને પતનનો આધાર તે કેવી શિક્ષણ વ્યવસ્થા ધરાવે છે તેની ઉપર રહેલ છે. ધર્મનો વિકાસ પણ જ્યાં ધર્મસ્થાનો વધુ છે ત્યાં નહી પણ જ્યાં શિક્ષણ સ્થાનો વધુ છે ત્યાં જ થાય છે. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત થયા છે. એટલે જ અમારી સરકારે અનેકલક્ષી યોજનાઓ થકી શિક્ષણનું સ્તર વધાર્યું છે ત્યારે મને એક પંક્તિ યાદ આવે છે.

अंधकार को दूरकर जो प्रकाश फैला दें,
बुझी हुई आस में विश्वास जो जगा दें,
जब लगे नामुमकिन कोई भी चीज,
उसे मुमकिन बनाने की राह जो दिखा दें,
वो शिक्षा ही हैं,
हो जो असभ्य, उसे सभ्यता का पाठ पढ़ा दें,
अज्ञानी के मन में जो ज्ञान का दीप जला दें,
हर दर्द की दवा जो बता दें वो शिक्षा हैं,
वस्तु की सही उपयोगिता जो समझाए
दुर्गम मार्ग को सरल जो बनाए,
चकाचोंध और वास्तविकता में अंतर जो दिखाए,
वो शिक्षा हैं,
जहॉ भी जली शिक्षा की चिंगारी,
नकारात्मकता वहॉ से हारी है ।
जिस समाज में है शिक्षित सभी नर -नारी,
सफलता ,समृध्दि खुद बने उनके पुजारी
इसलिए आओ शिक्षा का महत्व समझें हम,
आओ पूरे मानव समाज को शिक्षित करें हम ।।

માનનીય અધ્યક્ષશ્રી આજે જ્યારે હું શિક્ષણ વિભાગ ઉપર બોલી રહી છું ત્યારે ગુજરાત સરકાર દ્વારા જે મધ્યાહન ભોજન અંતર્ગત ધો.૧ થી ૮ના કુલ ૪૩ લાખ બાળકોને તાજો અને પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે એના માટે કુલ ૧૦૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન આપીને શાળાઓમાં ઉત્તરોત્તર વધારો કરવાનો છે. સાથે સાથે અધવચ્ચે છોડી જનાર બાળકોની સંખ્યામાં ઘટાડો થયો છે તેમજ શાળામાં ભણતા બાળકોની પોષણની સ્થિતિ સુધરી છે જેના લીધે શિક્ષણની ગુણવત્તા પણ વધી છે. મધ્યાહન ભોજન યોજના છેલ્લા ચાર વર્ષની જોગવાઈ અને ખર્ચ નીચે મુજબ છે. સન ૨૦૧૫–૧૬ માં ૯૫૨.૭૯ કરોડની જોગવાઇ કરી હતી એની સામે ૮૩૮.૭૯ કરોડનો ખર્ચ થયેલ છે. એ જ રીતે ૨૦૧૬–૧૭ના વર્ષમાં ૧૦૨૫.૫૩ કરોડની ફાળવણી કરવામાં આવી હતી એની સામે ૮૦૮.૪૮ કરોડનો ખર્ચ થયો હતો. સન ૨૦૧૭–૧૮માં ૧૦૬૭.૮૨ કરોડની ફાળવણી કરવામાં આવી હતી એની સામે ૭૭૨.૮૭ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. એવી રીતે સરકાર મધ્યાહન ભોજન પાછળ પારદર્શક રીતે ખર્ચ કરી

રહી છે. એટલે માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે કહ્યું હતું કે મધ્યાહન ભોજન યોજનામાં ગેરરીતિ થાય છે એ ખરેખર થતી નથી એ વાત મારે એમના ધ્યાને લાવવી છે. હું જે વિસ્તારમાંથી આવું છું એ મહારાષ્ટ્રીયન સમાજનો વિસ્તાર છે. આ લીંબાયત વિસ્તારમાં ૧થી ૧૦ ધોરણ સુધીની સરકારી શાળા આવેલી છે. જ્યારે ૧૧ અને ૧૨ ધોરણ માટે પ્રાઇવેટ શાળાઓ આવેલી છે. પરંતુ આગળ ભણવું હોય તો એ બાળક કે વિદ્યાર્થીને કાં અભ્યાસ છોડી દેવો પડે છે અથવા તો સીટીમાં જવું પડે છે. અમારો વિસ્તાર સ્લમ અને સામાન્ય કક્ષાનો હોવાથી બાળકોને વિદ્યાર્થીઓને સુરત સુધી જવું પડે છે. એમાં પણ ખાસ કરીને દીકરીઓ છે એમના મા-બાપને એ પોસાતું નહિ હોવાથી એ ભણવાનું છોડી દે છે. તેથી આ લીંબાયત વિસ્તારમાં સરકારી કોલેજ આવે જેમાં આટર્સ હોય, કોમર્સ હોય અને સાયન્સ હોય એવી મારી મંત્રીશ્રી પાસે માગણી છે. જો આ રીતે સરકારી કોલેજ આપે તો મારા વિસ્તારના બાળકો માટે એના માતા પિતાની ચિંતા દૂર થાય તેવી ખૂબસૂરત માગણી પૂરી કરવાની આશા રાખું છું. આપણે સરકારી શાળાઓમાં ભણતા બાળકોની ખૂબ ચિંતા કરીએ છીએ. હું માગણીઓને સમર્થન આપું છું.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી સિનિયર મંત્રીશ્રી માગણી નંબર-૯ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન કરું છું.

શિક્ષણ માટે ગુજરાત સરકાર ખૂબ જ ચિંતિત હોય તેવુ બજેટમાં પણ દેખાય છે. કારણ કે આ બજેટમાં શિક્ષણ પાછળ ૩૦ હજાર ૪૫ કરોડની જોગવાઇ કરી છે એ બદલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ જ્યારે એક અભિયાન લઇને નીકળેલા જેમાં કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ,બેટી બચાવો બેટી પઢાવો. આ કાર્યક્રમોની અંદર રાજ્યના ધારાસભ્યો હોય, સચિવો હોય, મુખ્યમંત્રીશ્રી સાથે મંત્રીશ્રીઓએ આ કાર્યક્રમમાં લાગીને લોકોમાં ઉત્સાહનું વાતાવરણ પૂરું પાડવામાં આવ્યું હતું. એના કારણે લોકોમાં ખૂબ જાગૃતિ આવી અને બાળકોને ભણાવવા જ જોઇએ એના માટે કમરકસી એના લીધે રાજયમાં સન ૨૦૦૦માં ડ્રોપ આઉટ રેશિયો ૩૮ ટકા હતો એ આ કાર્યક્રમના કારણે અત્યારે પાંચ ટકા ઉપર આવી ગયેલ છે. શાળાઓમાં જે બાળકો અભ્યાસ કરે છે એને સારું શિક્ષણ મળી રહે, સારી વ્યવસ્થા મળી રહે એના માટે થઇને શાળાના નવા પાંચ હજાર ઓરડાઓ બનાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે જે અભિનંદનને પાત્ર છે. આ ઓરડાઓ બનાવવા માટે ૪૫૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ શાળાઓના કાર્યક્રમોના કારણે લોકોમાં જાગૃતતા આવી છે અને લોકો સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે વધારે પ્રેરાય છે. મારા વિસ્તારનો દાખલો આપું તો ગયા વર્ષે એક મ્યુનિસિપલ સરકારી શાળા શરૂ કરવામાં આવી. એમાં બીજી મ્યુનિસિપલ શાળાના બાળકો નહીં લેવા એવું નકકી કરી અને સરદાર પટેલના નામથી આ શાળા શરૂ કરી, તો શાળામાં આજે મીડીયમ ઇંગ્લિશ અને ગુજરાતી મીડીયમમાં ભણતા બાળકોની સંખ્યા ૧૪૦૦ની થઇ છે. કારણ કે લોકોમાં જાગૃતતા આવી છે કે સરકારી શાળામાં બાળકને ભણાવવું અને આજે બીજી ૧૭૦૦ અરજીઓ તો પેન્ડીંગ છે, એ જ રીતે મુખ્યમંત્રી સ્વાવલંબ યોજના જે રીતે દાખલ થઇ છે અને એમાં જે લોકોને લાભ થાય છે એમાં ગામડાંની દીકરીઓ જે તાલુકા લેવલ ઉપર, જિલ્લા લેવલ ઉપર પોતે ભણવા જાય અને ભણીને ત્યાં રહેતી હોય ત્યારે એમના માટે ફૂડ બિલ પેટે પણ સરકાર તરફથી મહિને બારસો રૂપિયા, દર વર્ષે બાર હજાર રૂપિયા આપવાનું આયોજન છે, આનાથી ગામડાંમાં રહેતી દીકરીઓ શાળામાં વધારે અભ્યાસ કરવા લાગી છે અને સાથે સાથે એક દાખલો દઉં કે અમરેલીમાં લેઉવા પટેલ સમાજ કલ્યાણ અને કેળવણી ટ્રસ્ટ છે. એ ટ્રસ્ટમાં અત્યારે ૨૧૪૭ દીકરીઓ જે ભણે છે એમાં ૨૦૦૦ દીકરીઓને ૨ કરોડ અને ૪૦ લાખ રૂપિયા ફૂડ બિલ પેટે એના ખાતામાં જમા થઇ ગયા છે. આ રીતે દિવ્યાંગ બાળકો પણ ભણવાથી વંચિત ન રહે એના માટે સરકાર ૧ લાખ ૩૦ હજાર બાળકો માટે જે વધારે જરૂરિયાતવાળા દિવ્યાંગ બાળકો છે તેના માટે સરકારે ૪૬ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે તે બદલ માનનીય મુખ્યમંત્રી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમંત્રીશ્રી અનુદાન માટેની જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. ૨૧મી સદી જ્ઞાનની સદી છે, અને જ્યારે જ્ઞાનની સદી આપણે કહીએ ત્યારે સીધો ઇશારો ભારતની સદી તરફ છે. કારણ કે ભારતીય શિક્ષણ પદ્ધતિ વેદકાળથી વિશ્વને માર્ગદર્શન આપતી હોય છે. જેમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. આજના આપણા યશસ્વી વડાપ્રધાન જ્યારે આપણા મુખ્યમંત્રી હતા ત્યારે માનનીય મોદી સાહેબે દીર્ઘ દ્રષ્ટિથી કોઇ પણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય તેની ચિંતા કરી છે. ઉનાળાના ધોમધખતા તડકામાં ૪૫ ડિગ્રી તાપમાનમાં મુખ્યમંત્રીથી લઇ અને અધિકારી, પદાધિકારી, છેક છેવાડાના ગામે જઇને બાળકોનું નામાંકન કરાવ્યું હતું. શાળા પ્રવેશોત્સવના માધ્યમથી ચિંતા સેવી અને સફળતા મેળવી છે. જેના પરિણામે ૨૦૦૪-૦૫માં ૯૫.૨૩ ટકા બાલીકાઓના નામાંકનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. આજે ૨૦૧૮-૧૯માં ૯૯.૧૫ ટકા એ પહોંચ્યો છે અને પ્રવેશોત્સવથી સો ટકા સુધી કન્યાઓનું નામાંકન પહોંચવામાં છે. જેના માટે માનનીય રૂપાણી સાહેબની સરકાર અભિનંદનને પાત્ર છે. નામાંકન થાય એટલું જ નહીં પરંતુ નવીન પ્રવેશ મેળવવા માટે કન્યાઓ અધવચ્ચે અભ્યાસ ન છોડી દે એ માટે દરેક કન્યાને રૂપિયા ૨૦૦૦ના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપી ધોરણ ૮ પાસ થાય ત્યારે વ્યાજની રકમ સાથે આજ સુધીમાં ૯૯૧૬૦૭૭ કન્યાઓને લાભ આપેલ છે. નામાંકન બાદની પ્રક્રિયા છે ગુણવત્તાયુકત શિક્ષણ, જેના માટે રાજ્ય સરકારના યશસ્વી શિક્ષણ મંત્રીશ્રીએ મિશન વિદ્યા અભિયાન હેઠળ ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓને લેખન વાંચન ગણનમાં ઉપચારાત્મક વૃદ્ધિના નિર્ણયથી સફળતા મેળવી છે. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની સંકલ્પના બાળકના સર્વાંગી વિકાસની વિભાવનાને વ્યક્ત

કરતી પ્રક્રિયા છે અને તે માટે શાળાઓમાં આધુનિક ભૌતિક સુવિધાઓ વિકસાવવી અત્યંત અનિવાર્ય અંગ છે. જેના માટે રાજ્ય સરકારે નવા વર્ગખંડોના બાંધકામ માટે રૂ.૩૯૪.૨૪ કરોડની જંગી ફાળવણીની જોગવાઈ આ બજેટમાં કરી છે. જે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ૩૧૭૬ શાળાઓમાં ધોરણ-૭ અને ૮ના ૧૨,૦૦૦ જેટલા વર્ગખંડોમાં ''જ્ઞાનકુંજ'' પ્રોજેક્ટ અને ધોરણ-૫ થી ૮ના અભ્યાસક્રમના ''ઇ-કન્ટેન્ટ'' વિકસાવવાનો નિર્ણય માનનીય શિક્ષણ મંત્રીશ્રીની દુરંદેશીનો પરિચાયક છે. જેનાથી ૪ લાખ વિદ્યાર્થીઓને ''જ્ઞાનકુંજ'' પ્રોજેક્ટ અને '' ઇ-કન્ટેન્ટ''નો લાભ ૫૮ લાખ જેટલા વિદ્યાર્થીઓને મળતો થયો છે. રાજ્યની ૧૬૦૯ પ્રાથમિક શાળાઓમાં ૩૧૭૩ વર્ગોમાં સ્માર્ટ બોર્ડ, ઇ-કલાસ, વાઇફાઇ દ્વારા સ્કૂલ ડિઝીટાઇઝેશનનો અગત્યનો કાર્યક્રમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષક વિદ્યાર્થીઓની શૈક્ષણિક સજ્જતા-ક્ષમતા ચકાસવા શાળાનું શૈક્ષણિક સ્તર, વિદ્યાર્થીનું વાંચન-લેખન-ગણનમાં સુધારો થાય, ભૌતિક સુવિધા-સ્વચ્છતા ચકાસવા ''ગુણોત્સવ''ના કાર્યક્રમ મારફત જે ગ્રેડ પ્રાપ્ત કરે તે શાળાઓને પ્રોત્સાહનરૂપે શાળા દીઠ રૂ.૧૦,૦૦૦નો પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નૂતન અભિગમ દ્વારા ''મૉડેલ-ડે સ્કૂલ''માં શૈક્ષણિક રીતે અતિ પછાત એવા ૫૦ તાલુકાઓમાં કમ્પોઝીટ સ્કૂલની સુવિધા છે. હાલમાં ૨૦ જેટલી આવી સ્કૂલોમાં ૩૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેઓને મધ્યાહ્ન ભોજન ઉપરાંત રહેઠાણથી શાળાએ જવા-આવવા માટે ટ્રાન્સ્પોર્ટેશનની સુવિધા આપવામાં આવે છે. સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીની માગણી નં. ૮૯. ૧૯૫ કરોડ રૂપિયા અને કુલ રૂ.૨૯૫ કરોડ કરતા વધારે રકમની માગણી લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો પ્રસ્તુત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે આપણે સાયન્સ અને ટેકનોલોજીની વાત કરીએ ત્યારે આ સન્માનનીય ગૃહમાં આ ભારત દેશના આધુનિક ભારતના મહાન શિલ્પી પંડિત જવાહરલાલ નહેરુજીને યાદ કરી અને આ ગૃહ વતી તેમનો આભાર પણ વ્યક્ત કરીએ છીએ. ૧૯૪૭માં દેશ આઝાદ થયો. એ વખતે દેશની જે પરિસ્થિતિ હતી, એક તરફ ભારતના ભાગલા થયેલા. મોટા પ્રમાણમાં હિંસા થયેલી. દેશના ૮૦ ટકા લોકો નિરક્ષર હતા. ૫૦ ટકાથી વધારે લોકો ગરીબી રેખાથી નીચે જીવતા હતા અને ૯૦ ટકાથી વધારે ઔદ્યોગિક ઉત્પાદનો હોય કે પછી કોઇ પણ પ્રકારના ઉત્પાદનો હોય, આપણે વિદેશ ઉપર નિર્ભર હતા. એ પરિસ્થિતિમાંથી પંડિત જવાહરલાલ નહેરુજીએ આ દેશના આધુનિક પાયાના નિર્માણનું કામ કર્યું છે. આઝાદી પહેલાં ૧૯૩૪માં ધ ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ ઓસોશિએશનની ૨૬ ડિસેમ્બરની એક સભાની અંદર પંડિત જવાહરલાલ નહેરુ એ પહેલાં નોન સાયન્ટિસ્ટ હતા, જેમણે આ સભાનું અધ્યક્ષપદ કરી અને એ વખતે એમણે કહેલું કે ભૂખ અને ગરીબી તથા શિક્ષા અને અસ્વાસ્થ્ય, અંધવિશ્વાસ અને મૃત પ્રથાઓ તથા પરંપરાઓ, તદુપરાંત વિશાળ સંસાધનોની બરબાદી તેમજ જયાં ભૂખ્યા લોકો વસે છે તે સમૃદ્ધ દેશની સમસ્યા એક માત્ર વિજ્ઞાન જ હલ કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનની અંદર પંડિત જવાહરલાલ નહેરૂજીનો આત્મા વસે છે. પંડિત જવાહરલાલ નહેરૂજીએ ૧૯૫૪ની અંદર ટાટા ઇન્સ્ટીટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચની સ્થાપના કરી. એ વખતે પંડિતજીએ વાત કરી કે લોકોને ખબર નથી કે હું શા માટે વિજ્ઞાન ઉપર આટલો બધો ભાર મૂકું છું! શા માટે દૂર દિલ્હીથી તકલીફ ઉઠાવી અને અહીં આટલા બધા રૂપિયા ફાળવું છું! મોટા રાષ્ટ્રો ખૂબ શકિતશાળી છે. જ્યારે આપણે હજી પણ ગરીબ રાષ્ટ્ર છીએ. જો આપણે એક સશક્ત રાષ્ટ્રનું નિર્માણ કરવું હશે તો મજબૂત પાયાના કામો કરવા પડશે અને આવા કામો તાત્કાલિક પરિણામો નહીં આપે પરંતુ ભવિષ્યની અંદર આપણને આના પ્રચંડ ફાયદા થશે. નહેરૂજીએ જે વિજ્ઞાન અને તકનીકી ઉપર, શિક્ષણ ઉપર ખૂબ ભાર મૂક્યો. ૧૯૫૦-૫૧ની અંદર આ દેશની અંદર Indian InStitute of Technology (IIT) ની આખી શ્રૃંખલાની સ્થાપના કરી પછી એ ખડગપુરમાં હોય, મુંબઇ હોય, ચેન્નાઇ, કાનપુર અને દિલ્હીની અંદર આ આઇ.આઇ.ટી.ની સ્થાપના કરવામાં આવી. આ આઇ.આઇ.ટી.ની અંદરથી આ દેશના મહાન વૈજ્ઞાનિકો અને મહાન એન્જિનિયરો જે મળ્યા એમણે આજના આધુનિક ભારતનું નિર્માણ કર્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે આધુનિક ભારતની અંદર અને ખાસ કરીને અંતરિક્ષ વિજ્ઞાનની અંદર આપણા ગુજરાતના પનોતા પુત્ર શ્રી વિક્રમ સારાભાઇનું અતુલ્ય યોગદાન છે. પંડિત જવાહરલાલ નહેરૂજીની અતિ ઇચ્છાથી ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) જે આજે આપણને મળ્યું છે એના આધારે આપણે મંગળયાન હોય કે ચંદ્રયાન હોય કે આપણો પ્રથમ ઉપગ્રહ ભટ્ટાચાર્ય હોય, આર્યભટ્ટ જેને આપણે અંતરિક્ષમાં મોકલેલા. આ બધા જ કામો આઝાદીની એ સમયની પરિસ્થિતિની અંદર જ્યારે ભારતની અંદર નિર્માણ થયા એટલે એનું યોગદાન અનેકગણું છે. વિજ્ઞાનની સાથે સાથે ટેકનોલોજી પણ એટલી જ મહત્વની વસ્તુ છે અને એટલે જ પંડિત જવાહરલાલ નહેરૂજીના વિચારથી આ દેશની અંદર ઔદ્યોગિક ક્રાંતિનો પણ પાયો ટેકનોલોજીના સથવારે નાંખવામાં આવ્યો. આપણે સૌ જાણીએ છીએ કે SAIL(સ્ટીલ ઓથોરીટી ઓફ ઇન્ડિયા) અને એના અનેક કારખાનાઓ આ દેશની અંદર સ્થાપવામાં આવ્યા. સાથેસાથે તમે કૃષિ ક્રાંતિ જુઓ, કૃષિ ક્રાંતિની અંદર ફર્ટીલાઇઝરના કારખાનાઓ જેને ભારે ઉદ્યોગ કહી શકાય- હેવી ઇન્ડસ્ટ્રીઝ એની સ્થાપનાઓ થઇ અને એના આધારે આજના આ આધુનિક ભારતનું નિર્માણ થયું. હું આપને કહેવા માગું છું કે આજે આપણે વિશ્વ ગુરૂ થવાની વાત કરીએ છીએ. સમગ્ર વિશ્વની અંદર ભારત આજે વિશ્વ ગુરૂ થવા જઇ રહ્યું

છે, હું એ વાતને સમર્થન આપું છું કે સાચા અર્થની અંદર આજે ભારત વિશ્વ ગુરૂ થવા જઇ રહ્યું છે. હું તો ઘણી વખત એમ પણ માનું છું કે આ દેશના આજના વિશ્વ ગુરૂ તરીકે આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને પણ કહી શકાય. એટલા માટે કે ૧૯૯૦ની અંદર અમેરિકામાં કોડાક કંપનીએ ડીઝીટલ કેમેરો લોંચ કર્યો. ભારતની અંદર ૧૯૯૫ની અંદર આપણે ઇન્ટરનેટ વાપરતા થયા પરંતુ આપણા માનનીય વડાપ્રધાનશ્રી ૧૯૮૮ની અંદર એ સમયે ડીઝીટલ કેમેરો ધરાવતા હતા. મોબાઇલની શોધ તો હમણાં હમણાં થઇ. પરંતુ આપણા માનનીય વડાપ્રધાનશ્રી એ વખતે સીમ કાર્ડ, એ ડીઝીટલ કેમેરાની અંદર ભરાવી અને અમારા વિરમગામની અંદર માનનીય અડવાણીજીની સભાનો એમણે ફોટોગ્રાફસ લીધેલો અને એમને દિલ્હી ઇમેલ કરેલો. મને લાગે છે કે તમારા સોમદાદા એ વખતે વિરમગામના ધારાસભ્ય હશે કે નહીં હોય ખબર નથી પણ એ વિરમગામના હતા અને ભારતીય જનતા પાર્ટીના એ સમયના પદાધિકારી પણ હતા. દુનિયાએ શોધ કરી એ પહેલા ભારતની અંદર એ ડીઝીટલ કેમેરો આવ્યો હતો. હું આપના માધ્યમથી માનનીય વડાપ્રધાનશ્રીને વિનંતી કરવા માગું છું કે એ ડીઝીટલ કેમેરો ફરીથી શોધી કાઢવામાં આવે અને ભારતના મ્યુઝિયમની અંદર મૂકવામાં આવે જેથી કરીને આવનારી પેઢી આ ડીઝીટલ કેમેરાના દર્શન કરી અને ટેકનોલોજના ક્ષેત્રમાં અભ્યાસ કરે. હમણાં એક રાષ્ટ્રીય ટી.વી.માં માનનીય વડાપ્રધાનશ્રી એક ઇન્ટરવ્યુ આપી રહ્યા હતા એ જોતો હતો અને પુલવામામાં જે દુર્ભાગ્યપૂર્ણ બનાવ બન્યો અને એના ઉપર એર સ્ટ્રાઇક થઇ એના અનુસંધાનમાં માનનીય વડાપ્રધાનશ્રીએ વાત કરી કે એરફોર્સના અધિકારીઓ ના પાડતા હતા.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : મને ૧૦ મિનિટ આપવામાં આવી છે. મને કન્કલુડ કરી લેવા દો. અગત્યની વાત છે અને હું કોઇ ટીકા કરતો નથી. જે રડારની વાત કરી અને કહ્યું કે, આપણા ફાઇટર જેટે વાદળામાં છૂપાઇને પાકિસ્તાનમાં જઇને એર સ્ટ્રાઇક કરી. આ ટેકનોલોજી વિશ્વ સમક્ષ ભારત દેશે આપી છે. છેલ્લું એક સૂચન કરીને કન્કલુડ કરવા માગું છું કે, ભારતમાં અને ખાસ કરીને ગુજરાતની અંદર જે પ્રકારનું શિક્ષણ છે એમાં પ્રેકટિકલ જ્ઞાનનો અભાવ થઇ રહ્યો છે. શાળામાં વિદ્યાર્થીઓને પુસ્તકોનું જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. એ પુસ્તકના જ્ઞાન સાથે લેબોરેટરીમાં વધુને વધુ સમય વિતાવે, વધુમાં વધુ પ્રેક્ટિકલ કરાવવામાં આવે. આજે સાયન્સ સીટી અમદાવાદમાં છે. આ સાયન્સ સીટીમાં જે વિદ્યાર્થીઓ મુલાકાત લઇ રહ્યા છે એ નજીવી સંખ્યામાં લઇ રહ્યા છે. તમામ શાળાના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત સાયન્સ સીટીની મુલાકાત કરાવવામાં આવે અને સાયન્સ એન્ડ ટેકનોલોજીના દર્શન કરાવવામાં આવે. આ સાથે ૨૯૫ કરોડની દરખાસ્તને મારું અનુમોદન આપું છું.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ શિક્ષણ માટેની જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી અમારા મિત્રો દ્વારા શિક્ષણ માટેની ખૂબ સારી વાત થાય અને સામેના વિરોધપક્ષમાંથી શિક્ષણમાં અમે કાંઇ કર્યું નથી એવી કાયમના માટે વાતો થતી રહી છે. મિત્રો અહીંયાં વિધાનસભામાં તમે વિરોધ પક્ષની અંદર બેઠા છો એટલે બોલો. પણ રાત્રે ઉંઘો ત્યારે છાતી ઉપર હાથ મૂકીને હું કહું છું કે તમે મંથન કરજો, વિચાર કરજો કે ખરા અર્થમાં ભારતીય જનતા પાર્ટીએ શિક્ષણ માટે કંઇ કર્યું છે કે નહીં? ૨૫ વર્ષ પહેલાનું શિક્ષણ અને આજના શિક્ષણ વચ્ચે જમીન આસમાનનો ફરક છે એ આપણે બધા જાણીએ છીએ. હું જ્યારે મારા ગામમાં ભણતો હતો ત્યારે એક શાળાનો ઓરડો અને તૂટેલી નિશાળ હોય. એક જ શિક્ષક હોય. વરસાદ આવે એટલે અડધો વરસાદ શાળામાં આવે અને તરત જ શાળામાંથી રજા આપી દેવામાં આવે. એ વખતનું શિક્ષણ અને અત્યારનું અમારું આધુનિક બાંધકામ વાળા ઓરડા, શાળાના આલીશાન મકાનો એ પ્રકારની વ્યવસ્થા છે. આને આત્મસાત કરો તો ખ્યાલ આવશે કે ખરેખર સાચા અર્થમાં અત્યારે શિક્ષણમાં કેટલો સુધારો આવ્યો છે. શ્રી નરેન્દ્રભાઇ આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૦૨થી એમણે સતત શિક્ષણમાં ખૂબ ભાર મૂકીને શિક્ષણને સુધારવા માટે ખૂબ પ્રયાસ કર્યો છે. ૨૦૦૨થી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ દરમિયાન કન્યાઓનું શિક્ષણનું સ્તર વધે અને ૧૦૦ ટકા નામાંકન થાય એવી આશાથી એ કન્યા કેળવણી બોન્ડ, વિદ્યાલક્ષ્મી બોન્ડ નામની યોજના ત્યારથી અમલમાં આવી. આજે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇ એમાં વધારો કરીને ૨૦૧૮થી એમાં ૨ હજાર રૂપિયા કર્યા છે અને આઠમા ધોરણમાં અભ્યાસ પૂરો થાય એટલે તરત જ વ્યાજ સાથે રકમ મળે એ પ્રકારની વ્યવસ્થા આ સરકારમાં છે. હવે વ્હાલી દીકરી યોજના આવતાંની સાથે શિક્ષણ માટે કોઇ વાલી દીકરીઓને ભણાવશે નહીં એવું નહીં બને. કારણ કે આવનારા દિવસોમાં દિકરી એ ઘરની મૂડી બની રહેશે. દીકરી એ ઘરનું ઘરેણું બની રહેશે. દીકરીઓને ભણાવવી એ જ્યારે માતા-પિતા માટે બોજ નથી રહેવાનો ત્યારે ૧૦૦ ટકા એનું નામાંકન થાય અને દીકરીઓ ભણશે. ફરીવાર હું શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીમાં જાઉં ત્યારે એ બહેનો બોલતી હોય છે કે મને જન્મ લેવા દો. પપ્પા હું તમારું આમ કરીશ, મમ્મી તમારું આમ કરીશ. પણ આવનારા દિવસોમાં હવે એ જ દીકરીઓ બોલવાની છે કે હું તો જન્મીશ જ. એ જ માતા-પિતા હવે કહેવાના છે કે મારે ત્યાં દીકરી જન્મશે જ.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી કલાઇમેટ ચેન્જ વિભાગ ઉપર જે માગણીઓ લઇને આવે છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

## આષાઢ ૨૧, ૧૯૪૧ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, વારસો અને વિરાસતનો ભવ્ય ભૂતકાળ ધરાવતું ગુજરાત અને ભારત આજે આ દેશ અને આખા વિશ્વ સાથે ક્લાઇમેટ ચેન્જની જે વાત છે એમાં હાલાકી ભોગવી રહ્યું છે પણ જો આવનારા સમયની અંદર વધુ જો આ બાબતમાં તકેદારી નહીં રાખવામાં આવે તો હજુ પણ વધુ ગંભીર પ્રશ્નોનો સામનો ક્યાંક ને ક્યાંક આપણે કરવો પડશે. કારણ કે, ૧૯મી સદીથી આજની સદી સુધી અંદાજે ૬ ડિગ્રી જેટલું તાપમાન આ પૃથ્વી પર વધ્યું છે. ૨૦૦૯થી આપણું ગુજરાતે ક્લાઇમેટ ચેન્જ વિભાગ શરૂ કરનાર એશિયામાં પ્રથમ રાજ્ય હતું એ આવકાર્ય અને અભિનંદનને પાત્ર છે પણ મારી દૃષ્ટિથી GEDA એટલે કે ગુજરાત એનર્જી ડિપાર્ટમેન્ટ એજન્સી જે પહેલા અન્ય વિભાગમાં કામ કરતું હતું એને જ ક્લાઇમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ નામ આપ્યું હોય એવું લોક મૂખે ચર્ચાઇ રહ્યું છે. આજની પરિસ્થિતિએ આ ડિપાર્ટમેન્ટની કામગીરી એ કદાચ ઓછી હશે. લોકો સુધી એના પ્રચાર અને પ્રસારની વાત એના માધ્યમથી પહોંચવી જોઇએ એ પહોંચી નથી. ક્લાઇમેટ ચેન્જ થવાના મુખ્ય બે કારણો છે. આ બે કારણોની જો આપણે ચર્ચા કરીએ તો એક પ્રાકૃતિક અને એક માનવ નિર્મિત. પ્રાકૃતિક કારણોની જો વાત કરીએ તો દ્વીપ સમૂહોનું ખસવું, જ્વાળામુખી ફાટવા, સમુદ્ર તરંગોના હિસાબે વાવાઝોડા આવવા અને બરફના પહાડ ઓગળવા અને જો માનવ નિર્મિત કારણોની વાત કરીએ તો ક્યાંકને ક્યાંક કોલસા, તેલ, ગેસ, પ્લાસ્ટિક, પ્રેસ્ટીસાઇડ દવાઓનો વધુ ઉપયોગ, વાહનોનો વધુ ઉપયોગ જેના હિસાબે ઇંધણનો ખૂબ વપરાશ થાય છે અને જંગલોનો નાશ થઇ રહ્યો છે. કદાચ એના કારણે ક્યાંકને ક્યાંક માનવ નિર્મિત બાબતો પણ આમાં ચેલેન્જ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪થી ૨૦૧૮ સુધીમાં આ રાજ્યની બે નદીઓ ખૂબ પ્રદૂષિત હતી અને એના કારણે સાબરમતિ અને તાપી જેવી નદીને નવીનીકરણ અને સ્વચ્છ કરવા માટે પણ જે તે વખતે અંદાજે ૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. તેમ છતાં આજની પરિસ્થિતિમાં જો સર્વેની વાતને જો ધ્યાને લઇએ તો ૨માંથી ૨૦ જેટલી નદીઓ આજે વધુ પ્રદૂષિત થઇ છે અને હાલાકી આપણે બધા ભોગવી રહ્યાં છીએ. સદનસીબે ૧૬૬૬ કિમી જેટલો દરિયા કિનારો જ્યારે આ રાજ્યને સાંપડ્યો છે ત્યારે આગામી સમયની અંદર આ ક્લામેટ ચેન્જની વરવી સ્થિતિને જાણવા માટે અને એને ખાળવા માટે દરિયાઇ પટી ઉપર રિજિયોનલ મોનિટરીંગ સેન્ટર જો ઊભા કરવામાં આવશે તો આપણે આવનારા સમયમાં પરિસ્થિતિને વધુ સારી રીતે તારવી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી સમયમાં પ્રાકૃતિક ક્લાઇમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ સામેની જે લડાઇ લડવાની છે એમાં જો આપણે વાત કરીએ તો એટલું ચોક્કસણે છે કે પ્રાકૃતિક બાબત છે એને કદાચ આપણે ન પહોંચી વળીએ અને Prevention of Better than Cure. આ સૂત્ર ઉપર હું અને જો તમે સાથે કામ કરીશું તો ચોક્કસપણે એને ઘણી બધી માત્રામાં ખાળી શકીશું અને વાત કરીએ માનવ નિર્મિત ક્લાઇમેટ ચેન્જની તો એ બાબતમાં એટલું ચોક્કસ પણે કહેવું છે કે, કોલસો, તેલ, ગેસ, પ્લાસ્ટિક, પ્રેસ્ટીસાઇડ દવાઓનો ઉપયોગ, વાહનોનો વધુ ઉપયોગ અને જંગલોનો જે નાશ થઇ રહ્યો છે એમાં આપણે સૌ વિવેકબુદ્ધિથી આ બધી બાબતોનો ઉપયોગ કરીએ તો આવનારા સમયમાં આ બાબતને આપણે ખૂબ સારી રીતે ખાળી શકીશું. આપણી આવનારી પેઢીને પૈસો, ધન-દોલત, જમીન-જાયદાદ અને માલ-મિલકત જેવી બાબતો વારસામાં આપવામાં લોકો અત્યારે મથામણ કરી રહ્યાં છે ત્યારે આવનારા સમયની જે માંગ છે એ આવનારી પેઢીને સારી આબોહવા અને પર્યાવરણ જો આપવું હશે તો પણ આપણે બધાજ લોકોએ આબોહવા અને પર્યાવરણને બચાવવા માટે સરકારની સાથે કમર કસવી જોશે. કદાચ હું માનું છું કે, ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઇમેટ ચેન્જની અસરો જે છે એ દૂરોગામી છે. એ દુરોગામી છે એટલા માટે કદાચ આપણે એને ગંભીરતાથી લેતા નથી પણ આવનારા સમયની અંદર આવી બાબતો પણ આપણે ગંભીરતાથી આ લઇશું તો ચોકક્સ આવનારી પેઢી માટે ઘણું સારું કરી શકીશું. આભાર.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે શિક્ષણ મંત્રી જે માગણી લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરીશ. એક મહાન શિક્ષણવિદે કહ્યું છે કે કોઇપણ દેશનું ભવિષ્ય એની શાળાના ઓરડામાં ઘડાઇ રહ્યું છે તો આજે અત્યારે આપણે જોઇએ તો આપણા વિસ્તારમાં શાળાના ઓરડાઓ ખૂબજ જર્જરિત છે. અમારે ત્યાં વાંસદાની વાત કરીએ તો વાંસદામાં લગભગ ૧૩૭ જેટલા શાળાના ઓરડાઓ જર્જરિત છે. ચોમાસાની ઋતુમાં એટલે હાલની ઋતુમાં પાણી પડે છે. વિદ્યાર્થીઓ આમતેમ થઇ જાય છે. બીજી વાત આપણે કરીએ તો શાળાએ જતા રસ્તા એટલા બધા જર્જરિત છે તો હું અમારા શિક્ષણ મંત્રીને એટલું જ કહેવા માંગીશ કે અમારા વિસ્તારની અંદર જે ચીખલી તાલુકાનું ખરોલી ગામ છે એ ગામમાં શાળાએ જતો રસ્તો એકદમ જર્જરિત છે એવી જ રીતે મોળાઆંબા ગામની મધ્યમાં ફળીયાની અંદર જતો વર્ગશાળાનો રસ્તો એકદમ જર્જરિત છે. ત્યાં સાઇકલ લઇને પણ શાળાના બાળકોથી જઇ શકાતું નથી. શાળાના શિક્ષકોની વાત કરીએ તો વર્ગશાળાની કેટલી બધી શાળાઓની અંદર ૧થી ૫ ધોરણ ચાલે છે અને એક જ વર્ગ છે. એક જ વર્ગ છે એની સાથે શિક્ષકો છે પરંતુ એ શિક્ષકો જ્યારે મુખ્ય શાળામાં કંઇ કામ માટે જવાનું હોય છે ત્યારે એ શાળાના વિદ્યાર્થીઓને એકલા છોડીને જાય છે એવું ઘણી વખત એ શાળાની મુલાકાતે જઇએ છીએ ત્યારે જોયું છે. મારે એમને ખાસ કહેવું છે કે અમારા વિસ્તારની અંદર શાળાની ઘટ જે છે એ શાળાની ઘટ અને શિક્ષકોની જે ઘટ છે એ પૂરતા પ્રમાણમાં પૂરી કરે. અમારો વિસ્તાર જે બોર્ડર વિલેજ કહેવાય અને બોર્ડર વિલેજના વિસ્તારની અંદર ઘણાબધા શિક્ષકો કામ કરવા માટે આવે છે પરંતુ પાછા બદલી કરાવીને પરત ચાલ્યા જાય છે. એ વિસ્તારમાં લગભગ ૨૨ જેટલા શિક્ષકોની ઘટ છે એ શિક્ષકોની જગ્યા વહેલી તકે પૂરવામાં આવે એવી મારી શિક્ષણમંત્રીને ખાસ રજૂઆત છે અને માગણી છે. શિક્ષકોને એટલા બધા કામો આપી દેવામાં આવે, ઘણા બધા શિક્ષણ સિવાયના કામો

ઘટાડીને વિદ્યાર્થીઓને પૂરતું શિક્ષણ મળે એવી વિનંતી છે. સાથેસાથે સ્માર્ટ ક્લાસની વાત અહીં મારા મિત્રએ કરી. પરંતુ વાંસદાની અંદર, વાંસદા તાલુકાની અંદર એક ગામ અને ગામની અંદર જે પ્રાથમિક શાળા છે એના શિક્ષકે એમને ત્યાં પોતાની રીતે સ્માર્ટ ક્લાસ ઊભો કર્યો છે. એણે પોતાની વેબસાઇટ બનાવીને અમેરિકાની એક એન.જી.ઓ. એ દાનના સ્વરૂપમાં પૈસા આપ્યા છે અને એણે સ્માર્ટ ક્લાસ ચાલુ કર્યા છે ત્યારે એને દાખલા લઇને ઘણા બધાએ અમારા વિસ્તારમાં સ્માર્ટ ક્લાસ શરૂ કર્યા છે. વધારે ન આપો તો કંઇ નહીં પણ એક તાલુકામાં પાંચ સ્માર્ટ ક્લાસ આપશો તો એ દાખલારૂપ બીજી શાળાના વિદ્યાર્થીઓ પણ એનો ઉપયોગ કરી શકશે. એવી જ રીતે વાત કરીએ અત્યારે મારા બહેન બોલી ગયા કે મધ્યાહ્ન ભોજનની ગુણવત્તાની વાતો. મધ્યાહ્ન ભોજનની વાતો આવે એટલે મારે નવસારી જિલ્લાના બાળકો દયનીય પરિસ્થિતિમાં છે એમ કહેવાનું છે. ખાસ કરીને અમારા વિસ્તારની અંદર જે *(xxx)છે જે ખાવાનું મધ્યાહ્ન ભોજનમાં આપે છે એમાં એટલી બધી દયનીય સ્થિતિ છે કે અમે મેનુ પ્રમાણે ત્યાં ચેક કરવા જઇએ છીએ તો એમાં દાળની સાથે શાક ભેળવી દીધેલું હોય છે અને તે ભાતની સાથે આપે છે. રોટલી પર દાળની સાથેનું શાક અંદર નાખી દે છે અને એ ખાવા માટે આપે છે. મારા આદિવાસી વિદ્યાર્થીઓ (અંતરાય)...

અધ્યક્ષશ્રી : તમે જે નામ બોલ્યા છો એ નામ કાઢી નાંખવામાં આવે છે. (અંતરાય) નામ કાઢી નાખ્યું.

શ્રી અનંતકુમાર હ. પટેલ : સર, જે એન.જી.ઓ.ને કામ આપેલું છે એનું જ નામ બોલું છું. *(xxx)અંદર ખરેખર કામ હલકી કક્ષાનું છે. હાલની પરિસ્થિતિમાં તમે ચેક કરી લો અને ચેક કરીને ખોટું હોય તો મને તમે જણાવશો તો હું એની અંદર (અંતરાય)

શ્રી નરેશભાઇ મ. પટેલ : સાહેબ, વિડિયો ફરે છે. અમે પણ આ વિડિયો ઉતારીને મોકલાવીશું. સાહેબ, આ ગૃહમાં સારું લાગશે?

અધ્યક્ષશ્રી : આ વિડિયો જો ફરતો હોય તો (અંતરાય)

શ્રી નરેશભાઇ મ. પટેલ : કોઇ સાચી વાતો કરે તો વાંધો નથી. એ માંગવાનો અધિકાર છે પણ ગેરમાર્ગે દોરે છે. સાહેબ, અમારે જવાબ આપવો પડે છે.

અધ્યક્ષશ્રી : આ વિડિયો જો ફરતો હોય તો બહુ ગંભીર બાબત છે અને અહીં રેકોર્ડિંગ થતું હોય, કોઇ બહારથી કરતું હોય તો એનો જવાબ આપવો પડશે. અમે ગંભીરતાથી આની નોંધ લઇએ છીએ. હવે પછી જો આવું જાણવા, જોવા મળશે તો એની ફરિયાદ થશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી જાણકારીમાં આવ્યું છે. અગત્યનો પ્રશ્ન મૂક્યો છે. આપે ગંભીરતાથી લીધો છે. વિધાનસભામાં રેકરોર્ડિંગ થાય, નોટિંગ થાય, પછી સભ્યશ્રીઓને એની વિગતો મળે છે. ઘણા સભ્યશ્રીઓ પોતે જ્યારે દૂરદૂર બેસી પ્રવચન આપતા હોય, એમનો મોબાઇલ રેકોર્ડિંગ ચાલુ કરી ઓડિયો ટેપ સાથે વિડિયો ટેપ ચાલુ કરી અહીયાં બોલે. આપણને એમ લાગે કે હાઉસમાં બોલે છે. પછી કોઇના ઉપર આક્ષેપ કરે, કોઇના ઉપર બીજી રીતે ફરિયાદો કરે અને પછી મને બીક છે, ચિંતા એ છે કે એનો ઉપયોગ કરી, કોન્ટ્રાક્ટરોને, સરકારી અમલદારોને, કર્મચારીઓને પછી બ્લેકમેઇલ કરવામાં આવે. જો તમે મને આમ નહિ કરો તો હું તમારા વિષે સરકારમાં વિધાનસભામાં આવી ફરિયાદ કરીશ. આ એક નવા પ્રકારનું બ્લેકમેઇલિંગ કરવાનું. હું એમ નથી કહેતો અત્યારે થઇ રહ્યું છે. નવું બ્લેક મેઇલિંગ કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી આ નવું ચાલુ થઇ રહ્યું છે, તે ખૂબ જોખમી છે. કદાચ શકય છે કે ભવિષ્યમાં એવો પણ નિર્ણય લેવો પડે.

અધ્યક્ષશ્રી : આ બધા મોબાઇલ બંધ કરાવવા પડે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બહાર મુકીને આવવું પડે તેવો અધ્યક્ષશ્રીએ નિર્ણય કરવો પડશે, એટલે સભ્યશ્રીઓ મર્યાદા રાખે. સસ્તી લોકપ્રિયતા, ખોટી લોકપ્રિયતા એ કોઇ જગ્યાએ કામમાં આવતી નથી. સાચા કરેલાં કામો જ કામમાં આવે, એટલે આનો દુરુપયોગ ન કરો, તેવી મારી વિનંતી. આને ગંભીરતાથી આપ સાહેબ લો.

અધ્યક્ષશ્રી : ના, ના હું આની તપાસ કરાવું છું અને ચેક કરાવું છું. કોઇએ અહીયાથી કર્યો છે કે કેમ? અહીંથી નથી કર્યો તો બહારથી થયો. બહારથી થયો તો દંડક ઓફિસેથી થયો કે ક્યાંથી થયો આ એક ગંભીર બાબત છે. આની બહુ કાળજી લેવાની જરૂર છે. માનનીય અનંતભાઇ બોલો. (અંતરાય)હમણાં કશું સાંભળવું નથી, પ્લીઝ. એમનો સમય જાય છે. પ્લીઝ, પ્લીઝ.

શ્રી અનંતકુમાર હ. પટેલ : મારા સાથી સભ્યશ્રી બહેને જે વાત કરી હતી કે મધ્યાહન ભોજનની ગુણવત્તા બાબતે તો હું અત્યારે જ આ ગૃહમાં આ વાત કરું છું. મેનું પ્રમાણે અમારા વિસ્તારમાં હજુ સુધી એન.જી.ઓ. કંપની અને એન.જી.ઓ. જે ખાવાનું આપે છે તે હલકી ગુણવત્તાનું હોય છે અને હું જાહેરમાં કહું છું કે સારી ગુણવત્તાનું હશે તો કોઇ દિવસ ગૃહમાં પ્રવેશીશ નહિ. જો અમારા આદિવાસી વિસ્તારના છોકરાઓને ખરાબ કક્ષાનું ખાવાનું આપતું હોય અને અમારે સાંભળવાનું હોય અને અમારે એનો જવાબ નહિ આપવાનો હોય તો પદ છોડી દેવું જોઇએ એવું મને લાગે છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## આષાઢ ૨૧, ૧૯૪૧ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : અત્યારે અહીંયાં સવાલ જવાબ નથી. પ્લીઝ, તમારે ખાલી વક્તવ્ય આપવાનું છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : આ શ્રી નરેશભાઇ મારી વિરુદ્ધમાં બોલીને એવું કહેતા કે વિસ્તારમાં જઇને જુઓ તમે.

અધ્યક્ષશ્રી : શ્રી અનંતભાઇ, વિડિયો સંદર્ભે વાત ચાલે છે..

શ્રી અનંતકુમાર હ. પટેલ : સદસ્યશ્રી બહેને જે વાત કરી. અમારા વિસ્તારના એન.જી.ઓની...

અધ્યક્ષશ્રી : એ સાંભળી એમણે. કોઇ એમને વાંધો નથી. એ કોઇ બોલ્યું નથી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : અમારા વિસ્તારમાં હલકી પ્રકારનું આપે છે અને એની તપાસ કરાવડાવો તો ખબર પડે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એનો કોઇ બચાવ નથી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : એમાં સાહેબ તપાસ કરાવે તેવી મારી નમ્ર વિનંતી છે. હવે પછી વાત કરી શિક્ષકોની...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થઇ ગયું. માનનીય પ્રદીપસિંહ જાડેજાજી.(અંતરાય) આટલો મહત્વનો મુદ્દો ઊભો થયો છે. કોઇ રેકોર્ડીંગ કરીને બતાવે તે ચાલતું હશે? આપણે એ બાબતમાં જરાય ચલાવી લેવા માગતા નથી અને પછી વિભાગની માગણીઓ આવે. મંત્રીશ્રી, શ્રી પુંજાભાઇ, પ્લીઝ. માનનીય પુંજાભાઇ, પ્લીઝ. આપ તો સિનિયર સભ્ય છો. માગણીઓ સમયસર પૂરી કરવી પડે.(અંતરાય) કોઇને વ્યક્તિગત કહ્યું નથી.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : મંત્રીશ્રીનો આ રીતે સમય બગાડે છે. આપે મંત્રીશ્રીને ઊભા કર્યા છે.

અધ્યક્ષશ્રી : શ્રી પુંજાભાઇ, પ્લીઝ, બેસી જાવ. (અંતરાય) અરે, બધુ અટકાવી શકાય, જરૂર પડે બધુ કરી શકાય. જેની જરૂર પડશે, વાત કરવી પડશે. (અંતરાય)પ્લીઝ, આપ બેસી જાવો.(અંતરાય) પછી શું વાંધો છે? બધુ અટકાવીશું. જે અટકાવવું હોય તે અટકાવીશું. જરૂર પડશે બધુ કરીશું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રા.ક.ના કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૯-૨૦નું ફેરફાર કરેલ અંદાજપત્રમાં કાયદા વિભાગની રૂ.૧૬૫૩.૩૫ કરોડની બજેટની જે જોગવાઈ છે એ જોગવાઇઓ અંગે મારા વિચારો વ્યક્ત કરું છું. તો બજેટની અંદર. ( સતત અંતરાય )

અધ્યક્ષશ્રી : માનનીય અનંતભાઇ, આપ આપનું સ્થાન લો. શાંતિથી બેસો. આપને જો બહાર જવું હોય તો મને વાંધો નથી. તમારી સાથે જીભાજોડી ન થઇ શકે. સારુ ચાલો.

( આ તબક્કે સભ્યશ્રી અનંતકુમાર પટેલ ગૃહ છોડી ગયા )

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃ માનનીય અધ્યક્ષશ્રી, હાલની સરકારના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી માટે કહી શકાય કે A man is known by his deeds, not by birth. માણસ તેના કામના આધારે જાણીતો છે. ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળની આ સરકારે કાયદા વિભાગને આ વખતના બજેટમાં પ્રાધાન્ય આપ્યું છે. ચાણક્યના સિદ્ધાંત મુજબ રાજાનું પ્રથમ કાર્ય પ્રજાને સુરક્ષિત રાખવાનું છે અને પ્રજા સુરક્ષિત રહે ત્યારે રાજા ન્યાયની દિશામાં સખત અને કઠોળ પગલાં ભરે છે. ઋગ્વેદમાં પણ એવું કહેવાયું છે કે, દંડો દમિયતા દમઃ સાશકે ગુનેગારને વિના વિલંબે દંડ કરવો જોઇએ. તે મંત્રને ચરિતાર્થ કરવા માટે અત્યારે રાજ્ય સરકાર કાર્યરત છે. સામાન્ય રીતે આપણે જાણીએ છીએ તેમ ભારતના સંવિધાનના અનુચ્છેદ-૨૩૫ હેઠળ ન્યાયતંત્ર ઉપરનું નિયંત્રણ અને સુપરવિઝન તે નામદાર હાઇકોર્ટ દ્વારા વિહીત થયેલ હોય છે. રાજ્ય સરકાર તેના ન્યાયિક વહીવટ ઉપર કંટ્રોલ ધરાવતી નથી. છતાં પણ રાજ્ય સરકારે શું કરવાનું છે તો રાજ્ય સરકારે પેન્ડન્સી વધતી અટકાવવા માટે નામદાર હાઇકોર્ટ દ્વારા આપણને ભલામણ કરવામાં આવે તે નવી કોર્ટોની સ્થાપના કરવાની હોય છે. જ્યુડિશિયલ ઓફિસર્સ અને સ્ટાફ મેમ્બર્સની નિમણૂક કરવાની હોય છે. કોર્ટ બિલ્ડીંગના ઇન્ફ્રાસ્ટ્રકચર્સ પૂરા પાડીને જ્યુડિશિયલ ઓફિસર્સ માટે અને સ્ટાફ માટે રહેણાંકના મકાનો પૂરા પાડવાના હોય છે. જરૂરિયાત પૂરતા સરકારી વકીલોની નિમણૂક કરીને તેના સ્કીલ અપગ્રેડેશન માટે કામ કરીને ન્યાયતંત્ર માટે ફાઇનાન્સિયલ પ્રોવિઝન કરવાનું હોય છે. આ બધું કરવા પાછળનું કારણ માત્ર એટલું છે કે, ગુજરાતમાં આ સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના ન્યાયને વરેલી આ સરકાર છે. લોકોને સસ્તો અને ઝડપી ન્યાય મળે ઘરઆંગણે ન્યાય મળે તેવા એક આશયથી આ રાજ્ય સરકાર કાર્યરત છે. આપણે જાણીએ છીએ કે, આ ન્યાયની આખી પ્રક્રિયા તે લોકશાહીનો એક આધારસ્તંભ છે. જ્યારે સમાજની અંદર અનેક પ્રકારની ગુનાખોરી તથા નવા દૂષણો આવતા જાય છે ત્યારે તે ગુનેગારને પકડી જેલને હવાલે કરી તેને કન્વિક્ટ કરી સજા અપાવીએ તો સમાજની અંદર ગુનો કરતાં પહેલાં તે પ્રમાણેનો ભય ઊભો થશે અને તેના કારણે નવા ગુના કરવા માટે પ્રેરાશે નહીં અને તેના કારણે સમાજમાં સલામતી અને શાંતિ રહેશે. તેના કારણે ગુજરાતમાં ઉદ્યોગો આવશે અને તેના જ કારણે ગુજરાતની સમૃદ્ધિ વધશે. આખી વ્યવસ્થાનો કોઇ મૂળ આધાર હોય તો તેમાં આવી પરિસ્થિતિ ઊભી થાય. તેમાં કાયદો અને કાયદાના આધાર ઉપર દંડ આપવાની પ્રક્રિયામાં રાજ્ય સરકારે અગ્રિમતા આપવી જોઇએ. રોમન વિચારક માર્ક સિચેરોએ કહ્યું છે કે, Safety of people shall be the highest law. પ્રજાની સલામતી તે સર્વોચ્ચ કાયદો છે. જ્યારે પ્રજાની સલામતી સર્વોચ્ચ કાયદો હોય ત્યારે રાજ્ય સરકારે ૨૦૦૩-૦૪ની અંદર આ વિધાનસભામાં રૂ.૧૪૯ કરોડનું બજેટ આપ્યું હતું તે ચાલુ વર્ષે માનનીય નાણામંત્રીશ્રીએ રૂ.૧૬૪૯ કરોડનો તેમાં વધારો કરીને કાયદાને પ્રાધાન્ય આપ્યું છે. આજે આપણે ડૉ.બાબાસાહેબ આંબેડકરજીને યાદ કરીએ, ભારતીય બંધારણ એ દુનિયાના શ્રેષ્ઠ બંધારણ

પૈકીનું એક આગવું બંધારણ છે. આ બંધારણની અંદર કોઇપણ વ્યક્તિની સામે અત્યાચાર થાય ત્યારે આપણને બંધારણમાં મળેલી સત્તાઓના આધાર ઉપર સરકાર પોતે ફરિયાદી બનીને પીડિતને ન્યાય અપાવવા માટેનું કામ આ સરકાર પોતે કરે છે. કાયદાના કેસ ચાલે અને તેમાં કોઇ એક્વિટલ થાય તો એક્વિટલ થયા પછી જજ સાહેબે તેમાં લો પોઇન્ટસ ધ્યાન પર લીધા છે કે નહીં, આમાં અરજદારને અન્યાય તો નથી થયોને અને અન્યાય થયો હોય, લો પોઇન્ટ ધ્યાન પર ન લેવાયા હોય તો તેને ફરીથી પડકારવાનો સરકાર નિર્ણય લેતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે જ્યારે આવશ્યકતા પડી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ કાયદા વિભાગના બજેટને અથવા કોઇ પણ જરૂરિયાતને અગ્રિમતા આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા કેબિનેટ સિનિયર મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ વખતો વખત નામદાર હાઇકોર્ટની સાથે પરામર્શ કરીને ગુજરાતમાં કાયદાની પ્રક્રિયા ઉત્તમ પ્રમાણે વ્યવસ્થા થાય એના માટેની વ્યવસ્થા કરી છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે જેણે ગુજરાતની અંદર pendency reduction માટે એક આદર્શ વ્યવસ્થા ઊભી થાય એના માટે સ્ટેટ લિટિગેશન પોલિસી બનાવી છે અને આ સ્ટેટ લિટિગેશન પોલિસીના અનેક નિર્ણયો લીધા છે. આ ચૂકાદો સ્વીકારવાલાયક છે, પડકારવાલાયક છે, આ ચૂકાદામાં લેન્ડ એક્વિઝેશનના કેસો હોય એમાં ૫ લાખ રૂપિયા સુધીના ચૂકાદાને petty cash કરીને અપીલ ન કરવા માટેનું અને પાંચ વર્ષથી જૂના કેસોની pendency reduction માટેનું આખું અભિયાન લીધું છે. આખો મોનીટરીંગ સેલ બનાવ્યો છે અને મોનીટરીંગ સેલની અંદર નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ જજની નિમણૂક કરી છે. ૧૦ નવા લિગલ અક્ઝીક્યુટીવની નિમણૂક કરીને અને આગામી દિવસોમાં બીજા ૧૦ની નિમણૂક કરવાના છીએ. કોઇ પણ ચૂકાદાનો અભ્યાસ કરે, એફિડેવિટ ફાઇલ કરાવે, જે ડિલેના ઇસ્યુમાં ક્યારેક કેસો નીકળી જતા હોય છે અથવા કેસ દાખલ થવા બાબતે કોઇ ઊભી થયેલી તકરાર હોય એનું નિરાકરણ પણ આમના માધ્યમથી કરી શકાય. આમ મોનીટરીંગ સેલના દ્વારા હવે આપણે pendency reduction કરી શકીશું. The Right of Persons with Disabilities Act, 2016 એ સંસદમાં પસાર થયો અને ૨૦૧૬માં ગુજરાતની તમામ કોર્ટો કે જે કોર્ટોને આપણે ન્યાયનું મંદિર કહીએ છીએ, ન્યાયનું મંદિર એટલા માટે કહીએ છીએ કોઇ પણ અરજદાર જ્યારે દુઃખી હોય, પોતે ત્યાં ન્યાય લેવા માટે આવે ત્યારે પૂરી શ્રદ્ધા અને આસ્થા જેમ મંદિરમાં જોડાયેલી હોય છે એવી શ્રદ્ધા અને આસ્થા એ ન્યાયાલય સાથે જોડાયેલી હોય છે તો આવા ન્યાય મંદિરમાં પણ કોઇ દિવ્યાંગ આવે તો એ દિવ્યાંગને કોઇ તકલીફ ન પડે એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની પણ નિમણૂકની દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે. આના પાછળનો આશય ડિલિવરી ઓફ ધ જસ્ટિસ સિસ્ટમ ઝડપી બને અને ગુનેગારને ઝડપથી કન્વિકશન મળે એના માટે રાજ્ય સરકાર આની અંદર ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની શરૂઆત કરવાની છે. પોલીસને પુરાવા એકત્રિત કરવામાં મદદ કરશે, ગુનેગારને યોગ્ય અને ઉચિત સજા પણ થઇ શકશે. pendency reduction પણ થઇ શકશે, ઇન્વેસ્ટીગેશન તેમજ કોર્ટની ન્યાયીક કામગીરીમાં પણ ઝડપ આવશે. પ્રોસિક્યુશનની કામગીરી તથા એ.પી.પી. ઉપર દેખરેખ રહેશે. આપ તો ગુજરાતના એક નામાંકિત વકીલ તરીકે વર્ષોથી આ આખી પ્રક્રિયામાં આપે પણ ગુજરાતની અંદર એક મોટું યોગદાન આપ્યું છે. પણ આજે મને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાતની અંદર ગુજરાતની સ્થાપનાથી આજ દિન સુધી માત્ર ૩૨૫ જેટલા એ.પી.પી. હતા, ગત વર્ષે નવા ૩૭૪ એ.પી.પી.ની નિમણૂક કરીને આજે રાજ્યમાં ૬૯૯ જેટલા એ.પી.પી. છે અને આ એ.પી.પી.ની નિમણૂક પછી એને ધ લો નામનું સોફ્ટવેર આપવામાં આવ્યું છે અને એના Skill upgradation માટે નામાંકિત નિષ્ણાતોને બોલાવીને એના ઉપરાંત સંસદ હોય કે વિધાનસભા હોય જે નવા કાયદા બને અને આજનો ગુનેગાર એ બદલાયેલા સમયમાં વાઇ–ફાઇનો ઉપયોગ કરે છે એવા હાઇ–ફાઇ ગુનેગારને પણ જેલના હવાલે કરવા માટે Skill upgradation આવશ્યક છે. એના માટે સ્કીલ અપગ્રેડેશન એ.પી.પી.વર્ગ–૨ની અંદર કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બ્રિટનના વડાપ્રધાન George Canning એકવાર કહ્યું હતું કે, "Indecision and delays are the parents of failure....." અનિર્ણાયક તા અને વિલંબ એ નિષ્ફળતા ના જનક છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા સંસ્કૃતમાં પણ એક જાણીતી ઉક્તિ છે–વિલંબે નહ ન્યાય અન્યાય. Justice delayed is justice denied. સમયસર ન મળતો ન્યાય એ અન્યાય બરાબર છે. રાજ્ય સરકારની એ પ્રાથમિકતા છે કે, કોઇ પણ અરજદારને ન્યાય મળે. મેં મારી વાત કરતા શરૂઆતમાં જ કહ્યું કે, નંબર ઓફ કોર્ટની વ્યવસ્થા કરવી. હું ૨૦૧૫ની સ્થિતિએ કહું તો રાજ્યમાં જુદી જુદી તાબાની ૮૯૪ કોર્ટ હતી. ચાર વરસમાં નવી ૧૩૪ કોર્ટો કરી એટલે આજે સમગ્ર રાજ્યની અંદર ૧૦૨૮ જેટલી જુદી જુદી કોર્ટો છે અને પંદર જેટલી સ્પેશ્યલ કોર્ટો પણ છે. માત્ર એકલી નવી કોર્ટની સ્થાપના કરી એમ નહિ એને મેન પાવર મળે એટલા માટે નામદાર હાઇકોર્ટ દ્વારા રાજ્ય સરકાર પાસે જ્યારે પણ જે આવશ્યકતાની માગણી કરી છે એ આઇધર જ્યુડિશિયલ ઓફિસરની હોય કે સ્ટાફની હોય, આજની તારીખમાં અમારી પાસે નામદાર હાઇકોર્ટની આજ દિવસ સુધીની તમામ રીક્રુટમેન્ટની અમે સંપૂર્ણપણે મંજૂરીઓ આપી દીધી છે અને બજેટમાં પણ એનું પ્રોવિઝન કર્યું છે. ૨૦૧૫ સુધીમાં રાજ્યની તાબાની અદાલતો માટે ૮૪૩૬ જગ્યાઓ મંજૂર કરી હતી અને છેલ્લાં બે વરસમાં બીજી ૨,૫૦૦ કરી, એટલે આજે રાજ્યની અદાલતોના મહેકમની સંખ્યા ૧૧૦૩૦ જેટલી છે. રીક્રુટમેન્ટ થવાના કારણે રોજબરોજની કામગીરી, નકલો તૈયાર કરવી, નાણાકીય લેવડદેવડ, ન્યાયાધીશ સાહેબોને કાર્યવાહીમાં મદદ કરવી, સાહેદો તથા પક્ષકારો, ડેટાસંગ્રહ, અલ્ટીમેટલી એનો સપોર્ટીંગ સ્ટાફ પણ જ્યુડીશીયલીની

પ્રોસેસ ફાસ્ટ કરવામાં મદદ કરે છે. આ સભાગૃહની અંદર મેં અનેક વખત સાંભળ્યું છે કે મુદતો વધારે પડવાના કારણે, કોર્ટો ઓછી હોવાના કારણે ક્યારેક સમસ્યા થાય છે, આ સરકારે મહિલાઓના છૂટાછેડાના કેસ, ભરણપોષણના કેસ, બાળકોની કસ્ટડીના કેસ એમાં ૨૫ વરસે કોઇ બહેને છુટાછેડાનો કેસ કરેલ હોય એનો ૩૫ વરસે ચુકાદો આવે, એની જુવાની ખલાસ થઇ ગઇ હોય, એના દાગીના કસ્ટડીમાં હોય અને એવામાં પૂરી સંવેદનાથી રાજ્ય સરકારે અત્યારે કુલ ૩૮ જેટલી કોર્ટો એ ગુજરાતમાં ચાલે છે અને એના કારણે મહિલાઓ પ્રત્યેની સંવેદના વધી છે. આ રાજ્યના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારે એમણે મોટા જિલ્લામાંથી નાના જિલ્લા કર્યા, મોટા તાલુકામાંથી નાના તાલુકા કર્યા અને સાથે સાથે જ્યુડિશિયલ સિસ્ટમમાં પણ ગીર સોમનાથ, અરવલ્લી, મોરબી, છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, મહીસાગર અને બોટાદ જિલ્લો એ માત્ર જિલ્લો નહિ પરંતુ જ્યુડિશિયલ જિલ્લો ચાલુ કર્યો અને એ અત્યારે કાર્યરત છે. એ પ્રમાણે તાલુકાના વ્યક્તિને જિલ્લાના સ્થાન ઉપર આવવું પડે એમ બે જિલ્લા ભેગા કરીને એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટોમાં પણ રાજ્ય સરકારે બહુ અગ્રિમતા આપી છે અને છેલ્લાં વરસમાં વંથલી, પેટલાદ, ધારી, કોડીનાર, થરાદ અને રાધનપુર આ જગ્યાએ એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ કરી છે અને આ કોર્ટ થવાના કારણે તાલુકાના એ વ્યક્તિને જિલ્લા સુધી નહિ જવું પડે એમ રાજ્યની અંદર છેલ્લાં ત્રણ વરસમાં ૧૮ કોર્ટો કરી છે અને આ વખતના બજેટમાં પણ બોડેલી, વાપી, ધર્મપુર, દ્વારકા, ભચાઉ, કરજણ, ડભોઇ, સાવરકુંડલા, ખંભાત અને તળાજાની અંદર એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટોની શરૂઆત થવાની છે. એ પ્રમાણે સિનિયર સિવિલ જજની જે કોર્ટ છે જેને પાંચ લાખ રૂપિયા સુધીની મર્યાદાવાળા દાવાઓ આ કોર્ટમાં ચાલે છે એ સિનિયર સિવિલ જજની કોર્ટો પણ તાલુકા કક્ષાએ શરૂ કરી છે અને આ વખતના બજેટમાં ઉપલેટા, માંગરોળ અને વાગરા એ ત્રણ જગ્યાએ સિનિયર સિવિલ કોર્ટનું આયોજન છે. સવારે શ્રી પિયુષભાઇએ પોતાના પ્રવચનમાં કહ્યું કે ગુજરાતમાં એક જોટાણા સિવાયનો કોઇપણ તાલુકો એ કોર્ટ સિવાયનો નથી. એ ભાડાના મકાનનો થોડોક પ્રશ્ન છે, (અંતરાય) કોર્ટ ચાલુ છે પણ એના ભાડાનો ઇશ્યુ છે. આગામી દિવસોમાં ગર્વથી આપણે કહી શકીશું કે આખા ગુજરાતના તમામે તમામ તાલુકામાં જે.એમ.એફ.સી. કોર્ટ ચાલુ છે. આપણે જાણીએ છીએ કે તાલુકા નાના છે. નાના તાલુકા હોવાના કારણે એને ઘર આંગણે ન્યાય મળે એમને ત્યાં જ લોક અદાલતનો લાભ મળે, લિગલ સર્વિસ ઓથોરિટીનો લાભ મળે અને પોલીસ અધિકારીને છેક જિલ્લા મથકે જવું પડે એના કરતાં તાલુકા કક્ષાએ પ્રોટેકશન કરી શકે. ગુજરાત, એ ગ્રોથ એન્જીન ઓફ ઇન્ડિયા છે. આજે ગુજરાતમાં ઉદ્યોગો વધતા જાય છે અને એના કારણે ગુજરાતમાં રોજગારી પણ વધી છે. મહાન વિચારક આચાર્ય ચાણક્યે કહ્યું છે કે, ઉદ્યોગે નાસ્તિ દારિદ્રમ, વેપાર અને ઉદ્યોગોને પ્રોત્સાહન મળતું રહેશે તે વિસ્તારમાં રહેતી પ્રજાની દરિદ્રતા દૂર થશે. આ સૂત્રને શ્રી નરેન્દ્રભાઇ મોદી સારી રીતે સમજયા હતા. તેમણે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ કર્યો. સ્વાભાવિક છે કે ઔદ્યોગિક વિકાસની સાથે ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ હોય તેમાં કામ કરતા મજૂરોના કોઇ પ્રશ્નો હોય તો એમાં આજે રાજ્યમાં ૨૨ જેટલી જિલ્લા ખાતે મજૂર અદાલતો કાર્યરત છે અને તેમાં મજૂરોના જે પ્રશ્નો છે તે પ્રશ્નોનું આપણે અસરકારક રીતે નિરાકરણ લાવી શકીએ છીએ. સવારના પ્રવચનમાં શ્રી રાજેશભાઇએ ધંધુકાની કોર્ટ માટે કહ્યું. પણ એ ધંધુકાની કોર્ટના સંદર્ભમાં ધંધુકામાં ઓલરેડી જે.એમ.એફ.સી.કોર્ટનું મકાન છે, પોતાનું મકાન છે. વલ્લભીપુર રોડ ઉપર ઘણાં સમયથી નવી જગ્યા માટે આપણાં પ્રયાસો ચાલુ છે. ધંધુકામાં સ્ટાફ કવાર્ટર ઉપલબ્ધ છે, ધંધુકામાં એસ.ડી.ની એક કોર્ટ છે, ધંધુકામાં APP છે, એટલે એ ધંધુકા તાલુકાનો બીજો ભાગ રાણપુર તેમાં અમે ૭–૭–૨૦૧૮ના રોજ મંજૂરી આપીને ૬.૪૪ કરોડની કોર્ટ પણ રાણપુર જેવા નાના તાલુકામાં બનાવવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિરજીભાઇએ સફાઇના સંદર્ભમાં કહ્યું તે સફાઇના સંદર્ભમાં મેં કહ્યું કે આપણે ડાયરેકટ તેની અંદર નથી પડી શકતા પણ તેના સંદર્ભમાં પણ ત્યાંના જે judicial officer હોય છે. તેને આઉટ સોર્સીંગથી તેના અધિકાર આપેલા હોય છે. આ ઉપરાંત કેટલીક સ્પેશ્યલ કોર્ટો હોય છે, એસ.સી., એસ.ટી., POCSO, Negotiable Instruments, NDPS, Electricity, Health and Sanitation, Drugs and Cosmetics - જ્યારે જ્યારે આવશ્યકતા ઊભી થઇ આપણે સ્પેશિયલ કોર્ટોના માધ્યમથી એમાં ઝડપથી ન્યાય મળે તેના માટેનો આપણે પ્રયત્ન કરીએ છીએ. આ સરકાર સમાજના કોઇ પણ ભાગની ચિંતા કરે છે અને ખાસ કરીને દલિત સમાજના જે અત્યાચારો ગુજરાતના કોઇપણ છેડે થાય તો એની અંદર Atrocitie Amended Act પ્રમાણે ગુનો દાખલ કરી અને તેના માટે રાજ્યની અંદર ૧૬ જેટલી exclusive courts અને ૧૭ જેટલી સ્પેશ્યલ કોર્ટ તેમાં Special PP આપીએ છીએ અને આના કારણે તેમાં પણ આપણે ઝડપથી ન્યાય અપાવી શકીશું. આટલું જ નહીં પરંતુ પ્રવર્તમાન સંજોગોમાં ડિજીટલાઇઝેશનના માધ્યમથી ૧૭ લાખ ૬૧ હજાર ૫૧૭ જેટલાં રેકોર્ડોનું ડિજીટલાઇઝેશન કર્યું છે અને હવે તમારા કેસનું સ્ટેટસ તમને એસ.એમ.એસ. દ્વારા ઓન લાઇન મળી શકે એવી પણ આપણે E-court Mission Project હેઠળ વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુનેગારને જેલથી લાવવો, કોર્ટમાં લાવવો, માથાભારે ગુનેગાર હોય અને રસ્તામાં ભાગી જાય, જાપ્તો રાખવો, વાહન રાખવા, સમય જાય એટલે રાજ્યની ૨૪ જેટલી જિલ્લા કક્ષાની જેલોમાં વિડિયો કોન્ફરન્સી ૩૪ જેટલી કોર્ટોની અંદર આપણે ઉપલબ્ધ કરાવી છે અને વિડિયો કોન્ફરન્સની ટેકનોલોજીના ઉપયોગના અનેક ફાયદાઓ આપણને જોવા મળ્યાં છે. રાજયમાં એક મોટું ૫૩ કરોડ રૂપિયાના ખર્ચે રાજયની ૩૪૩ કોર્ટોના ૧૩૪૫ રૂમોની અંદર આપણે સી.સી.ટી.વી.કેમેરા મૂકયાં છે અને સી.સી.ટી.વી. કેમેરાના માધ્યમથી આ આખે આખી કોર્ટની ન્યાયિક પ્રક્રિયામાં પારદર્શકતા વધે, કોઇ શંકા કુશંકા ના રહે, કોર્ટમાં ક્યાંય કોઇ દુર્વ્યવહાર ના થાય અને કોર્ટની ગરિમા જળવાય તેના માટે સી.સી.ટી.વી.નું

આપણે કર્યું છે. ના કોઇની હાર, ના કોઇની જીત લોક અદાલતના માધ્યમથી રાજ્યની અંદર આપણે કાર્યરત છીએ. અને Mediation Center થી પણ આપણને અનેક રીતે ઉપયોગી થયું છે. Skill Upgradation of Judicial Officers માટે Judicial Academy માટે ૧૦૦ કરોડ કરતા વધારે ખર્ચ કરીને આપણી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની અંદર પણ તેમને જુદી જુદી તાલીમ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ કહેતાં આનંદ થાય છે કે જે કોર્ટની બિલ્ડીંગો બની તે નાની નહીં પરંતુ બરોડાની અંદર જ્યાંથી માનનીય અધ્યક્ષશ્રી, આપે વર્ષો સુધી પ્રેક્ટિસ કરી છે બરોડામાં રૂ.૧૫૧ કરોડના ખર્ચે બિલ્ડિંગનું લોકાર્પણ થયું. અમદાવાદમાં રૂ.૧૨૮ કરોડના ખર્ચે, સુરતમાં રૂ.૪૮ કરોડના ખર્ચે, મહેસાણામાં ૬૨ કરોડ રૂપિયાના ખર્ચે, હિંમતનગરમાં રૂ.૪૦ કરોડના ખર્ચે કામ ચાલુ છે. હાઇકોર્ટમાં કાયદા ભવન રૂ.૩૦ કરોડના ખર્ચે, રૂ.૮૯ કરોડના ખર્ચે જ્યુડિશિયલ એકેડમી હાઈકોર્ટ પ્રિમાઇસીઝમાં અને તેનું ઓડિટોરિયમ પણ રૂ.૪૩ કરોડના ખર્ચે કર્યું છે. આમ, છેલ્લાં ૩ વર્ષમાં ૨૫૧ કામો જેની અંદર ૧૧૦૦ કરોડ કરતા વધારે રૂપિયાનો ખર્ચ કર્યો છે. રાજ્યનું તંત્ર એટલે ચૅરિટી તંત્ર અને ચૅરિટી તંત્રમાં આપણા ઘણાં ધારાસભ્યો મને મળતાં હોય છે. એમાં તકરારી નોંધોનો ઝડપથી નિકાલ થાય એમાં પણ આપણે ૪ કરોડ જેટલા ડોક્યુમેન્ટેશનનું ડિજીટલાઇઝેશન કર્યું છે અને ઝુંબેશ ચલાવીને ૧૨,૦૦૦ જેટલા કેસોનો નિકાલ કર્યો છે. એમાં પણ આપણે નવી રીક્રુટમેન્ટ કરી છે. સમગ્ર દેશમાં જે ગુજરાતની ઓળખ છે એમાં આગામી દિવસોમાં જેના માધ્યમથી આપણી ઓળખમાં વધારો થવાનો છે એવી નેશનલ લૉ યુનિવર્સિટી છે. દેશના અનેક લોકો આપણે ત્યાં ભણવા આવે છે અને એ એક એવી યુનિવર્સિટી છે જ્યાં સ્નાતકની, એલ.એલ.એમ., ૭૧૦ જેટલી ઇ–કોપી અને એના ફેકલ્ટીઓમાં ૭૯ ટકા ડોક્ટરેટ ફેકલ્ટી આપણને ભણાવે છે. સૌથી અગત્યનું કહેવાનું એ છે કે આ ન્યાયતંત્ર એ રાજ્યનો ત્રીજો સ્તંભ છે અને આ ત્રીજા સ્તંભમાં લોકોના મૂળભૂત અધિકારો આપણે સુરક્ષિત રીતે જાળવી શકીએ અને ગરીબો અને વંચિતોને સરળ અને સસ્તો ન્યાય મળે, સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય આપવા માટે રાજ્ય સરકાર એક સંરક્ષકની ભૂમિકા ભજવે એના માટે રાજ્ય સરકાર કામ કરે છે. ન્યાયતંત્ર એ કોઇ પણ નાગરિક, સમાજનો આધાર છે અને નિષ્પક્ષ ન્યાય હોય એટલા માટે ન્યાયતંત્ર એ લોકશાહીના આ અંગને સરકારની કાર્ય રક્ષા વધારવા માટેનો એક ઉપાય છે. મેં અગાઉ કહ્યું તેમ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌને ન્યાય એ અમારું સ્વપ્ન છે. માનનીય પ્રધાનમંત્રીએ જે સંકલ્પના સિદ્ધિનો મંત્ર આપ્યો હતો અને એ સંકલ્પના સિદ્ધિ સાકાર કરવા માટે રાજ્યનું ન્યાયતંત્ર પણ અસરકારકતાથી ભૂમિકા ભજવે. છેલ્લે હું એટલું જ કહીશ કે સમગ્ર રાજ્યની અંદર વસતી વધી છે. ગુજરાતમાં સમૃદ્ધિ વધી છે. ગુજરાતમાં લોકોની ન્યાય મેળવવા માટેની જાગૃતિ પણ વધી છે. પહેલા કોઇને અન્યાય થાય તો લોકો કોર્ટ સુધી પહોંચતા નહોતા. પરંતુ હવે આવા સંજોગોમાં ૨૦૦૫માં રાજ્યમાં ૩૮.૪૬ લાખ જેટલા પડતર કેસો હતા. જે ૨૦૧૮માં ફાઇવ પ્લસ ઝીરો પેન્ડેન્સી રીડક્શન માટે નવી રીક્રુટમેન્ટ, નવી કોર્ટોનું એસ્ટાબ્લીસમેન્ટ, નવી કોર્ટમાં વકીલોની નિમણૂક, કોર્ટનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર આ બધાના માધ્યમથી આજે ગુજરાતમાં ૨૦૦૫ના ૩૮ લાખ કેસો ૨૦૧૮માં ૧૭ લાખ સુધી પહોંચાડવામાં આપણે સફળ રહ્યા છીએ. આગામી દિવસોમાં પણ જે વર્ષની અંદર કેસ થાય એ જ વર્ષની અંદર એને ન્યાય મળે એ રાજ્ય સરકારનો સંકલ્પ છે. વખતોવખત આપે પણ રાજ્યના એક ઉચ્ચ કાયદાવિદ તરીકે અમને માર્ગદર્શન આપ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય હિતુભાઇ, આપ પાણીની બોટલ લઇને બહાર જતા રહો અને બોટલ બહાર મૂકીને આવો અને અહીં અધ્યક્ષની પરવાનગી વિના પાણી પીવાય નહિ અને લવાય પણ નહિ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આપે જે માર્ગદર્શન આપ્યું છે અને માનનીય ભૂપેન્દ્રસિંહજીના નેતૃત્ત્વમાં રાજ્યનો કાયદા વિભાગ એ રાજ્યના વિકાસની સામે અગ્રિમતાથી કામ કરી રહ્યો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના મારા ત્રણેય વિભાગમાં શિક્ષણ, સાયન્સ અને ટેકનોલોજી અને ક્લાયમેટ ચેન્જમાં શાસક પક્ષના ૯ અને ૮ સાથી મિત્રો એમ ૧૭ લોકોએ ભાગ લીધો છે. આ બાજુથી સમર્થન આપે એ તો સ્વાભાવિક છે પણ સામેથી સમર્થન મળવું એ શિક્ષણ વિભાગની સિદ્ધિ અને સંતોષ બતાવે છે. એના માટે હું આભાર વ્યક્ત કરું છું. શ્રી સી.જે.ચાવડા, શ્રી વિરજીભાઇએ એમનું સીધેસીધું સમર્થન આપ્યું છે, સૂચન ચોક્કસ કર્યા છે અને બાકી બધાં મિત્રોએ પણ સૂચન કર્યા છે. કોઇએ પણ આનો હું વિરોધ કરું છું એવું રેકર્ડ ઉપર નથી કહ્યું એટલા માટે હું આ ગૃહનો ખૂબ–ખૂબ આભાર માનું છું. શ્રી કિરીટભાઇએ ઓરડાની વાત કરી હતી. મારે શ્રી નીતિનભાઇનો આભાર માનવો છે, માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનવો છે કે ગયા વખતે રૂ.૨૭,૦૦૦ કરોડનું બજેટ હતું. આ વખતે રૂ.૩૦,૦૦૦ કરોડનું બજેટ આપ્યું છે અને એમાં પાંચ હજાર ઓરડા માટે આયોજન કર્યું છે. આ પાંચ હજાર વધતા હાલમાં ૪૫૨૯ ઓરડા બાંધવાની કાર્યવાહી પ્રગતિમાં છે. બાકી રહેતા ૭૮૮૮ ઓરડાનું આયોજન તબક્કાવાર ચાલી રહ્યું છે. માનનીય કિરીટભાઇએ કહ્યું હતું કે સરકારી માધ્યમિક અને અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં પગાર ભેદ છે. પણ માનનીય નીતિનભાઇએ છેલ્લા પંદર દિવસમાં એ ભેદ દૂર કર્યો છે એની એમને ખબર નહિ હોય. એમણે ભરતી બાબતે વાત કરી. ઇડબલુએસના કારણે અત્યારે આપણે અટકયા છીએ પણ કુલ મળીને સરકારી માધ્યમિક શાળામાં ૮૯૯, ઉચ્ચતરમાં ૪૩૬ અને અનુદાનીતકમાં ૧૯૬૪,અનુદાનીત ઉચ્ચતર માધ્યમિકમાં ૩૨૬૨ એમ કરીને ૫૫૬૧ આવતા દિવસોની ભરતી થવાની છે. માનનીય ઋત્વિકભાઇ અને શ્રી વિરજીભાઇએ શિક્ષણ પદ્ધતિ અંગે પણ સૂચન કર્યા છે. હમણાં જ નજીકના ભવિષ્યમાં દેશની નવી શિક્ષા નીતિ આવી રહી છે. ભૂતકાળમાં ટેકસટાઇલ, એજ્યુકેશન, ઈરિગેશન આ બધી પોલિસી પાછળ

યુપીએ, એનડીએ, કોંગ્રેસ, બીજેપી એવું નામ લખવામાં આવતું હતું. આ ટેક્સટાઈલ પોલિસી યુપીએ, આ એજ્યુકેશન પોલિસી બીજેપી. આ ઈરિગેશન પોલિસી એન.ડી.એ. એવી ઓળખ આપવામાં આવતી હતી. પણ શ્રી નરેન્દ્રભાઈએ એવું કહ્યું છે કે આવતી નવી શિક્ષા નીતિ ભાજપની નહિ હોય ભારતની હશે. ૨૦૧૧થી અત્યાર સુધીમાં ટેટ પરીક્ષામાં ૧૦૧૦૧ની ભરતી કરવામાં આવી છે. આરટીઈ માટે પણ ઘણા મિત્રોએ ચિંતા વ્યકત કરી છે. બંધ શાળામાં પ્રવેશ આપવામાં આવે છે પણ અમે એક વેબ પોર્ટલ તૈયાર કર્યું છે એ વેરીફાઈ કરે છે અને એ વેરીફિકેશનમાં બંધ શાળા આવે તો એ બાળકને બાજુની નજીકની શાળામાં અમે મૂકી દઈએ છીએ.

એમ.ડી.એમ.માં માનનીય આનંદભાઈની લાગણી ઉગ્ર હતી એ નાયબ ફાઉન્ડેશન છે એની કામગીરી વિશે ચેક કરાવ્યું કવોલિટી સંબંધે કલેક્ટર સમક્ષ કે રાજ્ય સમક્ષ કોઈ ફરિયાદ નથી. એટલા માટે ફરિયાદ નથી અને તબક્કાવાર અવારનવાર ન્યુટ્રીશન અંગે તજજ્ઞોની મિટિંગ કરીને આ બાળકોને કેવું અનાજ અને કેવી રસોઈ બનાવીને આપી શકાય જેનાથી એની તંદુરસ્તી જળવાય રહે એટલા માટે આની ફરિયાદ નથી આવી આ મારી આખી પદ્ધતિ છે.

એક સરવે મારે આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકવો છે. સમગ્ર દેશની અંદર એક પરફોર્મન્સ ગ્રેડીગ ઈન્ડેક્ષ એ અવારનવાર નક્કી કરવામાં આવે છે. ૨૦૧૭-૧૮માં થયો હતો અત્યારે પ્રદર્શિત થયો છે. એના ૭૦ ઈન્ડીકેટર હોય છે. Learning outcome, quality outcome, assess outcome, infrastructure facility, equity outcome, governance, processes આ સમગ્રમાં કેન્દ્ર સરકારની MHRD વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ સમગ્ર ઓવરઓલ ગુજરાતનો ત્રીજો ક્રમ છે અને એમાંનો એક ઈન્ડીકેટર એટલે ગવર્નસ પ્રોસેસ એમાં ગુજરાત પહેલા નંબરે છે. આમ કેટલીકવાર સમાચાર પત્રમાં આવતું હોય છે અને ખાનગી એન.જી.ઓ. દ્વારા કરવામાં આવે છે એમાં બે પાંચ હજાર કે પાંચસો લોકોનો સરવે કરીને રિપોર્ટ બહાર પાડે છે પણ હું જે કહું છું એ કેન્દ્ર સરકાર દ્વારા ડિટેઈલમાં પ્રોસીઝર કરીને કરવામાં આવેલ છે એ આ પીજીઆઈ અને MI S એમાં ગુજરાત સરકારની કામગીરીની સરાહના થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં હોય કે બહાર હોય, એક ચર્ચા થઈ કે શિક્ષણમાં ગુણવત્તા, આપણે બધા સંમત છીએ અને આ બાબતને ધ્યાનમાં રાખીને અમે ખૂબ ચિંતા કરી છે. પાંચેક વર્ષ પહેલા હું એજ્યુકેશન ફોરમમાં લંડન ગયો હતો, આ ચિંતા માત્ર આપણા દેશના પુરતી નથી. વિશ્વની ચિંતા છે. કવોલીટી એજ્યુકેશન, એમાં મેં ગુજરાત તરફથી વિચાર રજૂ કર્યો હતો કે કવોલીટી એજ્યુકેશન એટલે, કવોલીટી એજ્યુકેશન નીડ કવોલીટી ટીચર્સ, શિક્ષકોની કવોલીટી, એના આધારે કવોલીટી એજ્યુકેશન અને એના ઉપર ભાર મૂકીને મારા વિભાગે જે કામગીરી કરી છે તેમાં ધોરણ ૬થી ૮ના બાળકોને વાંચન, લેખન અને ગણનના સુધારા માટે, તમે સાંભળ્યું હશે, છાપામાં વાંચ્યુ હશે, મિશન વિદ્યા, મારો શિક્ષક શાળા શરૂ થયા પહેલા અને શાળા પૂરી થયા બાદ, પહેલા બે કલાક એ વાંચન ગણન અને લેખનની અંદર અને એમાં જે નબળા વિદ્યાર્થીઓ, અમે સમાજના બાળકોનું ધ્યાન કેટલું રાખીએ છીએ, અમે એને નબળો, અમે એને ઠોઠ એવો શબ્દો પ્રયોગ કર્યો નથી, અમે એને કહીએ છીએ કે આ પ્રિય વિદ્યાર્થી છે, આખા વર્ગમાં આ પ્રિય વિદ્યાર્થી છે, મતલબ એ કે નબળો છે પણ નબળો કહેતા નથી અને પ્રિય કહીએ છીએ, અને એને વાંચન લેખન કે ગણનમાં શેમાં પ્રિય છે એના માટે મિશન વિદ્યામાં નવેમ્બર ૨૦૧૮થી આ પ્રક્રિયા ચાલે છે તેમાં પરિણામાના આંકડાના આધારે વાંચનમાં ૯૧ ટકાનો સુધારો, લેખનમાં ૭૮ ટકાનો અને ગણનમાં સો ટકાનો સુધારો. આપણો સ્વભાવ કેવો છે, કોઈ વિદ્યાર્થીના કલાસમાં ગયા અને કોઈ વિદ્યાર્થીને ઊભો કરીએ અને માની લો કે એ કાચો છે એટલે આપણે માની લઈએ કે આખો વર્ગ કાચો છે, પણ ના, એવું નથી. પણ છતાંય અમે આ ટીકા કે આ ઓબ્ઝર્વેશન સમાજનું, મિડીયાનું કે વિપક્ષનું જ્યારે આવે ત્યારે અમે એ ઓબ્ઝર્વેશનને હકારાત્મક લઈને, ગુણવત્તાને ધ્યાનમાં રાખીને આ મિશન વિદ્યાની અમે આખી કામગીરી હાથ ઉપર લીધી છે. પાઠયક્રમને સમય મર્યાદામાં યોગ્ય પદ્ધતિ પ્રમાણે શીખવાડવામાં આવે, સમયપત્રકનું અમલીકરણ કરવામાં આવે, પ્રાથમિક અને માધ્યમિકમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની નિયમિત હાજરી, આપણા બધાની ફરિયાદ છે કે શિક્ષકો ગેરહાજર રહે છે, વિદ્યાર્થીઓ પણ, શિક્ષક ન આવે એટલે વિદ્યાર્થી ન આવે, પણ અમે એને નિયમિત કરવા માટેના અમારા પ્રયાસોમાં માત્ર ત્રણ મહિનાની અંદર જે શાળાની અંદર ૮૫-૯૦ એ પ્રમાણેની હાજરી હતી, આજે મને કહેતા આનંદ થાય છે કે મારા વિભાગની આ કામગીરીના કારણે આજે કન્ટ્રોલ રૂમ અમે ઊભો કર્યો અને મારા લેવલે, માનનીય મુખ્યમંત્રીના લેવલે આખા રાજ્યની અંદર આજે કેટલા શિક્ષકો કેટલા પ્રમાણમાં ત્યાં હાજર છે તે અમને અહીંયાં ખબર પડે છે. એટલે પહેલા આપણે શુદ્ધ ગુજરાતીમાં ગાપચી કહેતા હતાં તેવું ચાલતું નથી, તે જ રીતે વિદ્યાર્થીઓની પણ હાજરી, અને આ સો ટકા હાજરીના મોનીટરીંગ માટે ગુજરાત આખા દેશની અંદર પહેલા નંબરે આવે છે. ઓન લાઈન એટેન્ડન્સની સાથે સાથે ગુણવત્તા સુધારવા માટે ૩થી ૮ના તમામ વિદ્યાર્થીઓને દર શનિવારે એકમ કસોટી લઈએ છીએ. ખાનગી સ્કૂલમાં જે રીતે થાય છે, ખાનગી સ્કૂલમાં તો તૈયાર બાળકો જાય છે, અહીંયાં હું અનેકવાર કહી ગયો છું. કે એના માતા પિતા ભણેલા, પાડોશી ભણેલા, કુટુંબ ભણેલું, બધી વ્યવસ્થા, એ. સી. રૂમ, લેવા-મૂકવા જવાની વ્યવસ્થા, અને મારું બાળક છે મેં પહેલા કહ્યું હતું કે એ સીધું ઝૂંપડામાંથી આવે છે અને એવા બાળકોને ભણાવવા માટે એકમ કસોટી લઈ, એ ક્યાંય કાચું રહેતું હોય તો એને દર શનિવારે, એ વિષયમાં કેવી રીતે વધારે એ સક્ષમ બને તેના માટેના અમારા પ્રયત્નો છે. અમે સમાજને ટહેલ કરી આ વખતે મારા વિભાગે, કે આ પરિસ્થિતિ છે, માત્ર અમે જ જવાબદાર છીએ? આપણે બધા જ જવાબદાર છીએ. તો અમારી ટહેલને સમાજે જે સહકાર આપ્યો, ઉનાળુ વેકેશનમાં ૧૧૩૩૯ જેટલી શાળાઓમાં ૧૨૫૫૩ જેટલા સ્વયંસેવકોએ એક લાખ જેટલા બાળકો માટે સમય દાન આપ્યું. જેણે જેણે

સમયદાન આપીને મારા બાળકોને ભણાવ્યા છે એમનો આ ફ્લોર ઉપર હું આભાર માનું છું. જેણે જેણે સમયદાન આપીને મારા બાળકોને ભણાવ્યા છે, આ ફ્લોર ઉપરથી હું તેમનો આભાર માનું છું. ધો. ૩થી ૮ની સત્રાંત વાર્ષિક પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં એક પ્રશ્નપત્ર. એટલા માટે કે એકસુત્રતા જળવાઈ રહે. આર.ટી.ઈ. માટેના પ્રવેશ ૩૫૨ કે ૩૫૪થી ૨૦૧૪માં શરૂ કરેલું. ૧ લાખ ૮ હજાર જેટલા બાળકોને અને ખાલી માહિતી માટે કે મને ન મળ્યું. એ માતા–પિતાની આવક. એ પાત્રતા ધરાવતા હોય પણ અમે નક્કી કરેલા, કેન્દ્ર સરકારે ૨૦૦૯માં નક્કી કરેલા જે પેરામીટર્સ છે કે માં–બાપ ન હોય એ બાળકનું પહેલું સ્થાન. બેમાંથી એક ન હોય તો તેનું બીજું સ્થાન. દલિત આદિવાસી હોય તો તેનું ત્રીજું સ્થાન. આવક મર્યાદા તેનું ચોથું સ્થાન. એટલે પાત્રતા ધરાવતા હોય પણ આ ક્રાઈટેરિયામાં ન આવતા હોય, માત્રને માત્ર આવકની જ પાત્રતા ધરાવતા હોય પણ બાકીની પાત્રતા ન ધરાવતા હોય, પેરામીટર્સમાં ન આવતા હોય તો ન પણ મળે. એટલે આપણે ઘણાં સમાચાર વાંચીએ. આટલા બાળકો રહી ગયા. પણ આમાં કોઇ પણ પ્રકારે ક્યાંય ગેરરીતિ થતી નથી. રાજ્ય સરકારે આ રીતે જે નવો અભિગમ અપનાવ્યો તેનો ઓન રેકોર્ડ ફાયદો થયો છે. દેખીતો ફાયદો થયો છે. હું મિડિયાનો આભાર માનું છું કે મિડિયાએ પણ છેલ્લા મહિનાની અંદર આને સકારાત્મક રીતે લીધી છે. એ બાબત એવી છે અને આની હાકલ હું છેલ્લા પાંચ–છ વર્ષથી જ્યાં આગળ મારા પરિવારને મળું છું. હું મારા શિક્ષકોને કોઇ દિવસ શિક્ષકો કહેતો નથી. હું મારો પરિવાર કહું છું. હું મારા પરિવારને કહું છું કે આપણે ખાનગી–સેલ્ફ ફાયનાન્સની સાથે હરિફાઇ કરવાની છે. હું સમજું છું કે આપણું બાળક એકદમ પ્રિય, પથારીમાંથી બ્રશ કર્યા સિવાય શાળામાં આવે એ પ્રકારનું હોય છે. આપણે તેને ભણાવવાનું છે. મને એ વાત કહેતા આનંદ થાય છે કે વારંવાર મારા પરિવારને ટકોર કરી અને આજની સ્થિતિએ શું થયું છે? જે સમાજની માનસિકતા બની હતી કે કામવાળી પણ એમ કહે કે મારે સરકારી શાળામાં નથી જવું. હું દેવું કરીશ પણ મારે સરકારી નહીં પણ ખાનગી શાળામાં જવું છે એ માનસિકતા આંશિક રીતે તોડવામાં પણ મારો વિભાગ સફળ થયો છે તેના આંકડા આપું તો છેલ્લા છ વર્ષમાં ખાનગી શાળામાં અભ્યાસ કરતા ૩,૧૬,૫૯૮ બાળકો સરકારી શાળામાં આવ્યા છે.

માધ્યમિક શાળાઓમાં આચાર્યની ઘણા લાંબા સમયથી ખાલી રહેલી ૨૨૦૦ જગ્યા. એ પણ અત્યારે પ્રક્રિયા બહુ સિસ્ટેમેટીક રીતે ચાલુ છે. સમગ્ર દાહોદ જિલ્લાની નવી ૧૪ સરકારી માધ્યમિક શાળાઓમાં એસ્પીરેશન ડિસ્ટ્રિક્ટ છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ લોકસભાની ચૂંટણીમાં ૧૧૫ એસ્પીરેશન ડિસ્ટ્રિક્ટ પસંદ કર્યા કે જે પ્રિય હોય, કયાંકને કયાંક કંઇક ખૂટતું હોય. રાજ્ય સરકારે, માનનીય શ્રી વિજયભાઇએ અને શ્રી નીતિનભાઇએ તમામ વિભાગોમાં પૂરી ગ્રાન્ટ આપીને, એમાં મારા વિભાગમાં પણ વ્યવસ્થા કરી આપી તેના આધારે અમે જરૂરી માધ્યમિક શાળાઓ આપી. ૧૦ વર્ષ પહેલાં આપણે ગ્રાન્ટેડ શાળાઓ આપવાનું બંધ કર્યું. અનેક કારણો હતા. બે–ત્રણ વર્ષના અનુભવ પછી એવું લાગ્યું કે ગામડાંમાં જે સ્વનિર્ભર શાળાઓ છે તેને તકલીફ પડે છે. જેતે વખતે માનનીય નરેન્દ્રભાઇએ શ્રી નીતિનભાઇ, હું, શ્રી સૌરભભાઇ અને શ્રીમતી આનંદીબેન. અમે કમિટી રચી અને રસ્તો કાઢ્યો કે બાળક દીઠ ૭૫૦૦ રૂપિયા વર્ષે આપવાના એટલે ટેકો રહે. આ પ્રોત્સાહક યોજના હેઠળ ૩૮૨ શાળાઓમાં અભ્યાસ કરતા ૪૫ હજાર વિદ્યાર્થીઓને રૂ.૨૫ કરોડની સહાય આપવામાં આવી છે. કેન્દ્રીય રીતે સમગ્ર રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૨૧૩ શિક્ષણ સહાયકોની ભરતી પણ કરવામાં આવી છે. રાજ્યના ગ્રાન્ટ ઇન એઇડ અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા વર્ગો તેમજ સળંગ એકમો મળીને ૨૧૭૦ વર્ગોને પણ મંજૂરી આપવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં ૧૩૩ નવી માધ્યમિક શાળાઓને પણ મંજૂરી આપવામાં આવી છે. ધોરણ–૧૦ અને ૧૨ ની પરીક્ષા, આપણે બધા એના સાક્ષી છીએ. ગેરરીતિ, મિડિયામાં આવે, કયાંક કોથળા ભરાય, કયાંક ટ્રક ભરાય. બે વર્ષ પહેલાં જ દેશના એક રાજ્યનું ચિત્ર આપણે જોયું હશે, ચાર માળનું બિલ્ડીંગ અને માનવ સાંકળ બનાવેલી. નીચેથી ચિઠ્ઠી જાય, જ્યાં પહોંચાડવી હોય ત્યાં પહોંચે અને ખુલ્લેઆમ ચોરી થાય. આવું બાળક એ દસમા ધોરણમાં ૮૦–૮૫ ટકા લાવે. આમ ગેરરીતિ કરીને, મેનેજમેન્ટ કરીને બારમા ધોરણમાં પણ ટકા લાવે અને પછી મેડિકલમાં કે એન્જિનિયરીંગમાં જાય તો શું થાય? એની સાથે જ કોઇ મહેનતું કુટુંબ હોય, એ મા–બાપ રજા મૂકે, દિવસ રાત ૧૫મી જૂનથી વાંચવાની શરૂઆત કરે, પરીક્ષા સુધી વાંચે, એને ખબર હોય કે આના મા–બાપે મેનેજ કર્યું છે, હું મહેનત કરીને ભણું છું અને જ્યારે પરિણામ આવે ત્યારે પેલાને ૯૦ ટકા આવે અને એ મેડિકલમાં ગયો અને મને ૮૫ ટકા મહેનતના આવ્યા અને હું મેડિકલમાં ના જઇ શક્યો. એ બાળકની માનસિકતા જોઇને અમે છેલ્લા ચાર વર્ષથી સી.સી.ટી.વી. કેમેરા મૂકીને એ પ્રયોગમાં અમે સફળ રહ્યા છીએ. કયાંક રિઝલ્ટ ઉપર અસર થઇ હશે પણ હવે વિદ્યાર્થી પણ વાંચે છે અને મા–બાપ પણ કહે છે કે હવે ગેરરીતિ નહીં ચાલે. આ પ્રયોગ કરવામાં દેશમાં આપણે પહેલા નંબરે છીએ. નરેન્દ્રભાઇને જે અનેક ભેટ છે એમાં બાયસેગ, ભાસ્કરાચાર્ય સ્પેસ ઇન્સ્ટીટયૂટ છે એનો પણ અમે ઉપયોગ કરીએ છીએ. ત્યાં ''વંદે ગુજરાત'' નામની ચેનલ ધોરણ– ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને માટે ચાલે છે, આપણે કહીએ છીએ કે નીટની પરીક્ષામાં ખૂબ મોંઘું શિક્ષણ છે. મફત અને આખા રાજ્યમાં શ્રેષ્ઠતમ શિક્ષકો હોય, અમે એને બાયસેગ ઉપર લાવીએ છીએ, રેકોર્ડ કરીએ છીએ અને સવારથી રાતના દસ વાગ્યા સુધી, અમે કહીએ કે આજે નવમા ધોરણનું ગણિત, આવતી કાલે નવમા ધોરણનું ગણિત અને વિજ્ઞાન, અંગ્રેજી, એ જ રીતે વંદે ચેનલ દ્વારા નીટની પરીક્ષા માટે અમે મફત આ વ્યવસ્થા કરી છે. સામાજીક દાયિત્વ પણ અમે નીભાવીએ છીએ. આપણે જાણીએ છીએ કે પરિણામ આવ્યા પહેલાં કે પરિણામ આવ્યા પછી આ સમાજનું બાળક કોઇ પંખે લટકી જાય, કોઇ પાટા ઉપર આવી જાય, કોઇ કેનાલમાં પડી જાય એ આ સમાજને ના પોસાય. આ પરીક્ષા કોઇ અંતિમ પરીક્ષા નથી. આ

પરીક્ષા બીજી પણ આવી શકે છે. એને મોટીવેટ કરવા માટે સમાજના ધાર્મિક, સામાજિક, પત્રકાર, કટાર લેખક, સમાજના બધાજ મોટીવેટ કરી શકે એને અમે લાવીને, જીવનમાં આવું ના કરાય એવું સમજાવીએ છીએ અને મને કહેતા આનંદ છે કે ૨૦૧૩-૧૪માં જે આપઘાતનો આકડો હતો, આ પ્રયત્નને કારણે, મા-બાપને પણ અમે ઠપકો આપ્યો કે તમે ઇજનેર બન્યા અને તમે ડોકટર બન્યા એટલે એ જરૂરી નથી કે તમારું બાળક ડોકટર અને ઇજનેર જ બને કારણ કે એને ક્રિકેટર થવામાં રસ હોય. ઉચ્ચ શિક્ષણમાં રાજ્યની દસ સ્ટેટ યુનિવર્સિટિમાંથી ૮ યુનિવર્સિટિને એ ગ્રેડ મળ્યો છે. અમે પ્રીસીન સ્કૂલ પ્રોજેકટ કરીએ છીએ કે જેમાં પ્લેસમેંટ માટે એને તાલીમ આપવામાં આવે. મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં દીકરી એટલે કન્યાઓને ડોકટર થવા માટે સાડા ચાર વર્ષમાં ૨૭ લાખ રૂપિયા જેટલી રકમ આપીએ છીએ. અત્યારે હાલ ૧૪૭૦૧ કુમાર અને ૨૮૪૧ કન્યાઓને કુલ રૂ.૨૭૦ કરોડની રકમ આપી છે. એજ્યુકેશન લોન ઉપર સબસિડી. બેંકમાંથી તમે લોન લો, પાંચ લાખ, દસ લાખ એનું વ્યાજ સરકાર ભરશે. ખાલી જગ્યાઓની પણ સમયાંતરે ભરતીની પ્રક્રિયા ચાલુ છે. શિક્ષણ પ્રવાહની કોલેજો ૭૭ અને કાયદા પ્રવાહની ૪૬, હમણાં જ ૬-૭ તારીખે કાર્યક્રમ કરીને અમે નિમણૂકપત્રો પણ આપ્યા છે. સામાજિક દાયિત્વના ભાગરૂપે રાષ્ટ્રીય સેવા યોજના, ગામને દત્તક લેવું, સ્વચ્છતા અભિયાન, રક્તદાન કેમ્પનું આયોજન, એન.સી.સી., વિશ્વ એઇડ દિવસ, સુજલામ સુફલામ વગેરે છે. ટેકનિકલ શિક્ષણમાં એક-બે બાબતો રજૂ કરવાની છે. આખા દેશમાં વસતિના પ્રમાણમાં શ્રી નરેન્દ્રભાઇએ અભ્યાસ કર્યો. ૬૫ ટકા વસતિની ઉંમર ૩૫ વર્ષ છે. એમાંથી એમને વિચાર આવ્યો કે ૬૫ ટકા યુવાનો છે એના માટે કંઇક તો કરવું પડે. સ્ટેન્ડ-અપ, સ્ટાર્ટ-અપ, ડિજિટલ, મેઇક-ઇન-ઇન્ડિયા, આ માત્ર સ્લોગન નથી રહ્યા. રેકોર્ડ કહે છે. એની પાછળના કોઇક હેતુ છે અને એ વિદ્યાર્થીઓ માટે સમાજની સમસ્યાઓ છે. વીજળી, પાણી બચાવવું, ખેતીની સમસ્યા, મેડિકલની સમસ્યા, શિક્ષણની સમસ્યા એમ ઘણી સમસ્યાઓ છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર હેકેથોન રાખે છે. સમસ્યાઓ વિદ્યાર્થીઓને આપી દેવાની. ૩૬-૩૬ કલાક સુધી રાજ્યમાં અને દેશમાં દીકરા-દીકરીઓ બેસીને ઇનોવેટિકલી કે આનો ઉપાય શું હોય? એવી અનેક સકસેસ, એના ઉકેલો આ સમાજને આપે છે. આ ઇનોવેટીવ કામ કરનારા દીકરા-દીકરીઓને કેન્દ્ર અને રાજ્ય સરકાર સારું પ્રોત્સાહન પણ આપે છે. એના માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ ઇનોવેશન પોલિસી પણ કરી છે. મેં પોતે એનું ગુજરાતી પણ કર્યું છે. સમસ્યાનું સુવિધા સાથે સમાધાન. સમસ્યા છે તો એનું સમાધાન કેવી રીતે? સગવડતા સાથે સમાધાન એનું નામ સ્ટાર્ટ-અપ. નવી બાબતો જે છે એમાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ૨૦૧૯-૨૦થી ધોરણ પથી ૮માં પરીક્ષા લેવામાં આવશે. નાપાસ થનારને ફરી એકવાર પુનઃ તક આપવામાં આવશે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ અમે કરવા જઇ રહ્યા છીએ. રાજ્યના પ્રાથમિક શાળાઓમાં જરૂરી જણાશે ત્યાં સી.સી.ટી.વી. કેમેરા પણ મૂકવાના છીએ. આગામી દિવસોમાં સરકારી માધ્યમિક શાળાઓ જ્યાં જરૂરી છે ૫ કિલોમિટરના અંતરમાં જ્યાં કેન્દ્ર સરકારનો નિયમ છે એ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકાર કરવા જઇ રહયા છે. જે કાંઇ કોલેજો છે એમાં નવી કોલેજો, મરામત આ બધી બાબતો સામેલ છે. બીજી એક જાહેરાત ખૂબ અગત્યની છે. શ્રીમતી આશાબેન બેઠા હશે તો એમણે ડોકટરેટ કર્યું ત્યારે સરરકારી સહાય કંઇ નહીં મળી હોય. આજે જાહેરાત કરું છું કે આવતા દિવસોમાં પી.એચ.ડી. કરશે એને મહિને ૧૫ હજાર રૂપિયા અમે સ્ટાઇપેન્ડ તરીકે આપવાના છીએ. આ ૧૫ હજાર ઉપરાંત બીજા વાર્ષિક ૨૦ હજાર વધારાના આપવા માટે શ્રી નીતિનભાઇએ મને ૨૦ કરોડ રૂપિયા આપ્યા છે. રાજ્યમાં નેકમાં વધારે સુધારો થાય એના માટે પણ ઇનોવેશન હબ બનાવવા જઇ રહ્યા છીએ. જી.ટી.યુ. દ્વારા ટેકનિકલ લેબની વ્યવસ્થા, સ્ટેમ, સાયન્સ ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને મેથેમેટિક્સ આ બધી બાબતોને પ્રાધાન્ય મળે એ દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો વિભાગ સાયન્સ એન્ડ ટેકનોલોજીનો છે. છેલ્લા દસેક વર્ષમાં આમ તો શ્રી નરેન્દ્રભાઇ હતા ત્યારથી આ વિભાગ ખૂબ સુંદર કામગીરી કરી રહ્યો છે. એક લેટેસ્ટ એમની કામગીરી છે એ ૨૦૧૮-૧૯માં રોબોટિક્સની કામગીરી, આ બધું જોવા માટે, સાયન્સ ટેકનોલોજી જોવા માટે ૭ લાખ લોકોએ સાયન્સ સીટીની મુલાકાત લીધી છે. આગામી દિવસોમાં એક્વેટીક ગેલેરીનું નિર્માણ ૨૫૭ કરોડ રૂપિયાના ખર્ચે કરવા જઈ રહ્યા છીએ. આ ઉપરાંત રાજ્યમાં ૪ જગ્યાએ પ્રાદેશિક સાયન્સ મ્યુઝિયમ રાજકોટ, ભુજ, ભાવનગર અને પાટણ કરવા જઈ રહ્યા છીએ. ક્લાઇમેટ ચેન્જ અંગે બધા ખૂબ ચિંતા કરે છે. ક્લાઇમેટ ચેન્જની બધાએ ખૂબ ચિંતા વ્યક્ત કરી છે. ક્લાઇમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ બિન જરૂરી ધુમાડો, મિલ-કારખાનાના ધુમાડા, ચૂલાનો ધુમાડો, બિનજરૂરી કાર્બન (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી મારે મતદાન કરાવવાનું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : બે જ મિનિટ,

અધ્યક્ષશ્રી : બે મિનિટ મારી પાસે નથી. એક મિનિટમાં જે કહેવું હોય તે કહી દોને. પ્લીઝ, હું દીલગીર છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અમેરિકાના તત્કાલીન વાઇસ પ્રેસિડન્ટ અલગારે એક પુસ્તક લખ્યું, Inconvenient Truth. એનો કોઇએ દેશમાં જવાબ આપ્યો હોય તો આપણા પ્રધાનમંત્રીએ આપ્યો છે. Convenient Action નામનું પુસ્તક માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ અહીંયાં હતા ત્યારે તેમણે આ પુસ્તક લખેલું. દેશને અને દુનિયાને આ દિશામાં માર્ગદર્શન આપ્યું હતું. મારી આપ સૌને નમ્ર અપીલ છે કે જે રીતે ચર્ચામાં પણ સહકાર આપ્યો છે એમ મતદાનમાં પણ આપ સૌનો સહકાર મળે એવી વિનંતી સાથે સૌનો આભાર.

તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**કાપ–દરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૫, ૪૬, ૪૮, ૪૯ ૫૧, ૫૨, ૫૪, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૩ અને ૬૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૯, ૧૦, ૮૯, ૧૦૭ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું ગૃહનો ખૂબ ખૂબ આભાર માનું છું.

**અધ્યક્ષશ્રીનું અવલોકન**

અધ્યક્ષશ્રી : અહીં વિડિયો રેકોર્ડીંગ કરવું કે ઓડિયો રેકોર્ડીંગ કરવું એ ગૃહના વિશેષાધિકારનો ભંગ થાય એવું લાગે છે. માનનીય નરેશભાઇ આપની પાસે ફરિયાદ હોય તો લેખિત ફરિયાદ આપો. પુરાવો હોય તો પુરાવા સાથે મૂકો, એની પોલીસ તપાસ કરાવવાની પણ મારી ફરજ બને છે અને તમામ સભ્યો આ બાબત ધ્યાનમાં લે કે ગૃહમાં પાણીની બોટલ અંદર લાવવી એ યોગ્ય નથી. ટ્રેઝરી બેંચને પણ ક્યારેક પાણી પીવું હોય તો અગાઉથી પરવાનગી લેતા હોય છે. માનનીય સભાગૃહને, મને એવી ફરિયાદ આવી છે કે ઘણા બધા ધારાસભ્યો પાણીની બોટલ લઇને અંદર આવે છે. નવા ધારાસભ્યો હોય તો આ બાબત ધ્યાન પર લે એટલા માટે જાણ કરવાની રહે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૩–૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર તા.૧૫મી જુલાઈ, ૨૦૧૯ ના રોજ સવારના ૧૧–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર, તા. ૧૫મી જુલાઈ, ૨૦૧૯**

**આષાઢ ૨૪, ૧૯૪૧ શાકે,**

**સભાગૃહ સવારના ૧૧-૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**બારડોલી એ.આર.ટી.ઓ. કચેરી ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત**

*૧૪૪૪૦ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત પશ્ચિમ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બારડોલી એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા, અને | (૧) બારડોલી એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૬,૦૯૦ નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા, |
| (૨) તે પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ? | (૨) તે પેટે આ ગાળા દરમિયાન રૂ.૮૦.૬૪ લાખની આવક થઈ. |

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બારડોલી આર.ટી.ઓ. કચેરીમાં તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ એક વર્ષ દરમિયાન પ્રકારવાર કાચા અને પાકા લાઈસન્સ માટેની કેટલી અરજીઓ મળી ? તે પૈકી કેટલા પાસ અને કેટલા નાપાસ થયા અને તેની કેટલી આવક થઇ ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બારડોલી એ.આર.ટી.ઓ. કચેરીમાં તા: ૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ એક વર્ષ દરમિયાન ૮૦૬૬ કાચા લાઈસન્સની અરજીઓ મળી જે પૈકી ૭૬૬૫ અરજદારો વર્ષના અંતે પાસ થયા જ્યારે ૪૦૧ અરજદારો વર્ષના અંતે નાપાસ થયા. વર્ષ દરમિયાન જૂની અને નવી અરજીઓ મળી ૭૬૬૫ કાચા લાઈસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા.

ઉપરોક્ત કાચા લાઈસન્સ માટેના અલગ અલગ પ્રકારના લાઈસન્સ મેળવવા માટેની કુલ ૮૦૬૬ અરજીઓ થયેલ હતી જે માટેની વર્ગવાર રૂપિયા ૨૫.૫૮ લાખની આવક થયેલ હતી. કલાસવાર લાઈસન્સ મેળવવામાં અરજી કરનાર અરજદારોની સંખ્યા તે મોટર સાઈકલ ગિયર વગરની તેમાં ૬૨૫ અરજદારોએ અરજી કરેલ હતી. કલાસવારની સંખ્યા તેમાં ૧૧૪૭ લાઈસન્સની સંખ્યા છે અને આવક ૨ લાખ ૨૯ હજાર અને ૪૦૦ રૂપિયાની થયેલ છે. મોટર સાઈકલ ગિયર સાથે તેમાં ૨૮૧૦ અરજદારોએ અરજી કરી ૫૧૫૭ જેટલાં લાઈસન્સની સંખ્યા થઈ અને ૧૦ લાખ ૩૧ હજાર ૪૦૦ રૂપિયાની આવક થઈ. તે જ રીતે એલએમવી ફોર વ્હીલર તેમાં ૩૭૮૧ અરજદારોએ અરજી કરી અને ૬૯૪૦ લાયસન્સ આપવામાં આવ્યા અને રૂ.૧૦ લાખ ૪૧ હજારની આવક થઈ. એ જ રીતે થ્રી વ્હીલર નોન ટ્રાન્સફર વ્હીકલની વાત કરી. તેમાં ૭૩ જેટલાં અરજદરોની સંખ્યા હતી અને લાઈસન્સની સંખ્યા ૧૩૪ હતી જેમાં ૨૦૧૦૦ રૂપિયાની આવક થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાન્સપોર્ટની વાત કરું તો એમાં ૧૪૫ અરજદારો હતા અને ૨૬૬ લાઈસન્સની સંખ્યાથી તેમાં રૂ.૩૯૯૦૦/-ની આવક થઇ. પેસેન્જર બસ તેમાં ૧૨૫ અરજદારોની સંખ્યા હતી ૨૩૦ લાઈસન્સની સંખ્યા છે અને રૂ.૩૪૫૦૦/-ની તેમાં આવક થઇ. તે જ રીતે એલએમવી ટ્રાન્સપોર્ટ તેમાં ૧૦૨ જેટલાં અરજદારોની સંખ્યા હતી અને ૧૮૭ જેટલા લાઈસન્સની સંખ્યા હતી ૨૮૦૫૦ રૂપિયાની તેમાં આવક થઇ. એલએમવી કેબ તેમાં ૭૮ જેટલા અરજદારોની સંખ્યા હતી ૧૪૩ લાઈસન્સની સંખ્યા હતી અને ૪૧૪૫૦ રૂપિયાની આવક થઇ. થ્રી વ્હીલર કેબ તેમાં ૧૩ જેટલા અરજદારોએની સંખ્યા હતી ૨૪ લાઈસન્સની સંખ્યા હતી અને ૩૬૦૦ રૂપિયાની તેમાં આવક થઇ. તે જ રીતે ટ્રેક્ટરમાં ૬૫ જેટલા અરજદારોએ અરજી કરી ૧૧૯ જેટલા લાઈસન્સની સંખ્યા થઇ અને રૂ.૧૭૮૫૦ની આવક થઈ. અન્ય ૨૪૯ અરજદારોની સંખ્યા અને ૪૫૮ લાઈસન્સ આમ મળીને ૯૧૬૦૦ રૂપિયાની આવક થઇ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન જ લાંબો છે તો શું કરીએ.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૮૦૬૬ જેટલા અરજદારોએ અરજી કરી ૧૪૮૦૫ લાઈસન્સ થયા અને રૂ.૨૫ લાખ ૯૮ હજાર ૮૫૦ની આવક થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, પાકા લાઈસન્સની વાત કરું તો બારડોલી એ.આર.ટી.ઓ કચેરીમાં તા.૩૧-૩-૧૯ની સ્થિતિએ એક વર્ષ દરમિયાન ૬૭૩૭ પાકા લાઇસન્સોની અરજીઓ મળી જે પૈકી ૬૦૯૦ અરજદારો પાસ થયા જ્યારે ૬૪૭ અરજદારો નાપાસ થયા. આમ, વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન કુલ ૬૦૯૦ અરજદારોને પાકા લાઈસન્સ આપવામાં આવ્યા. ઉપરોક્ત પાકા લાઈસન્સ માટેની ૬૦૯૦ અરજીઓની વર્ગવાર આ મુજબ રૂપિયા ૫૫ લાખ ૫ હજારની આવક થયેલ હતી. મોટર સાઈકલ ગિયર વગરના તેમાં ૩૦ પાકા લાઈસન્સની સંખ્યા અને તેમાં રૂ.૩૦ હજારની આવક થઈ. મોટર સાઈકલ ગિયર

સાથે ૧૫૬ જેટલા પાકા લાઇસન્સ થયા અને રૂ.૭૮ હજારની આવક થઇ. એલએમવી ફોર વ્હીલર તેમાં ૧૨૦ લાઇસન્સની સંખ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ઘણું આવી ગયું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખાસ કરીને સરકારશ્રી તરફથી ટ્રાયબલ વિસ્તારમાં લાઇસન્સ આપવા માટેના રોજગાર માટે ટ્રેઇનિંગ ચલાવવામાં આવે છે તો આ વિસ્તારમાંથી કેટલા લોકોએ અરજી કરી છે અને કેટલા લોકોને લાઇસન્સ મળ્યા છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે શ્રી આનંદભાઇએ વાત કરી એમાં જે તે વ્યક્તિને લાઇસન્સ જોઇતું હોય એમને મોટર વ્હીકલ એક્ટ–૧૯૮૮ મુજબ સેન્ટ્રલ મોટર વ્હીકલ રુલ્સ, એમ.સી.વી.આર. – ૧૯૮૯ના નિયમ–(૪)માં જોગવાઇ થઇ છે એમાં કોઇ પણ લાઇસન્સ મેળવવા માટે શિખાઉ લાઇસન્સ માટે ફોર્મ નં – ૧ અને ફોર્મ નં – ૨, પાકા લાઇસન્સ માટેનું ફોર્મ નં – ૪ આ ભારત સરકારના તા.૨૯/૧૨/૨૦૧૬ના નવા જાહેરનામાથી લાઇસન્સ તથા વાહનના રજિસ્ટ્રેશન માટે ભરવામાં આવે છે. એમાં આપશ્રીએ જે જાતિવાર પ્રશ્ન કર્યો છે એમાં અત્યારે મારી પાસે પૂરતી માહિતી નથી. આપ નવી અરજી કરશો એટલે આપને માહિતી પૂરી પાડીશું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આપણા ગૃહમંત્રીશ્રી સર્વશ્રેષ્ઠ કામગીરીમાં પ્રથમ નંબરે આવ્યા છે એમને અભિનંદન આપીશું. મારો પ્રશ્ન એ છે કે શિખાઉ લાઇસન્સ તેમજ પાકું લાઇસન્સ મેળવવા માટેની પ્રક્રિયા શું છે?

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ, તમારી પાસે લાઇસન્સ છે?

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : હા છે.

અધ્યક્ષશ્રી : તો તમારો પ્રશ્ન નામંજૂર કરવામાં આવે છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ડ્રાઈવિંગ લાઇસન્સ મેળવવા માટેની પ્રક્રિયા શું છે? લર્નિંગ લાઇસન્સ ..

અધ્યક્ષશ્રી : માનનીય ઝંખનાબેન એક મિનિટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આપણે બધા જ્યારે ડ્રાઈવિંગ લાઇસન્સ લેતાં હતાં ત્યારે પદ્ધતિ બિલકુલ જુદી હતી. હવે માનનીય મોહનભાઇએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં અત્યારે નવી વૈજ્ઞાનિક પદ્ધતિથી ડ્રાઈવિંગ લાઇસન્સ આપવામાં આવે છે. એ બધાને જાણવાની જરૂર છે માટે એનો જવાબ આપવા દો.

અધ્યક્ષશ્રી : ખરેખર બધાંને જાણવું છે હોય તો મંત્રીશ્રી મોહનભાઇને જવાબ આપો.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, શિખાઉ લાઇસન્સ મેળવવા માટે અગાઉના ભારત સરકારના જે નીતિ – નિયમો હતા એમાં પણ ઘણો બદલાવ થયો છે. એ જ રીતે શિખાઉ લાઇસન્સ મેળવવા માટે અરજદારે ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલ સારથી – ૪ ઉપર parivahan.gov.inમાં ઓનલાઇન અરજી કરવાની હોય છે. અરજી વખતે અરજદારે રહેઠાણ, ઉંમરના પુરાવા, ફોટા વગેરે ઓનલાઇન રજૂ કરવાના હોય છે. અરજદારને અનુકૂળતા મુજબના તારીખ અને સમય ફાળવવામાં આવે છે. અરજદારે તે સમય અને સ્થળે શિખાઉ લાઇસન્સ માટેની પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનું હોય છે. આ પરીક્ષામાં નિયત કરવામાં આવેલા ૪૩૬ જેટલા પ્રશ્નો હોય છે. જેની અંદર અરજદારને રેન્ડમલી ૧૫ પ્રશ્નો કોમ્પ્યુટર દ્વારા ફાળવવામાં આવે છે. આ ૧૫ પ્રશ્નો પૈકી ૧૧ પ્રશ્નો સાચા હોય તો અરજદારને તરત જ પાસ જાહેર કરવામાં આવે છે. એમાં એમણે ૪૮ સેકન્ડમાં એક પ્રશ્નનો જવાબ આપવાનો હોય છે. એ જ રીતે પાકું લાઇસન્સ મેળવવા માટે અરજદારે લર્નિંગ લાઇસન્સ મેળવ્યાના ૩૦ દિવસ પછી અને ૧૮૦ દિવસ પહેલાં પાકા લાઇસન્સ માટે ઓનલાઇન એપોઇન્ટમેન્ટ લઇને ટેસ્ટ આપવાનો રહે છે. એમાં દ્વિચક્રિય વાહન માટે અરજદારે અંગ્રેજીમાં આઠ આકારનો ટેસ્ટ આપવાનો હોય છે અને આ ટેસ્ટની અંદર અરજદારનું બૅલેન્સ, સ્ટીયરીંગ કંટ્રોલ, વળાંકનું જજમેન્ટ વગેરેનો ટેસ્ટ લેવાનો હોય છે જ્યારે ફોર વ્હીલર માટે આઠ અંગ્રેજી આકારનો ટેસ્ટ અને રીવર્સ S નો ટેસ્ટ આપવાનો રહે છે. આ ટેસ્ટ દરમિયાન અરજદારે બૅલેન્સ, સ્ટીયરીંગ કંટ્રોલ, રીવર્સ, પૅરેલલ પાર્કિંગ વગેરેનો ટેસ્ટ લેવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આ વિધાનસભા પણ અષ્ઠકોણીય છે અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની જન્મતારીખ ૧૭ એટલે કે એનો આંકડાઓનો સરવાળો પણ આઠ છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બારડોલી એ.આર.ટી. કચેરી ખાતે તા.૩૧/૩/૨૦૧૯ની સ્થિતિએ નવા ડ્રાઈવિંગ લાઇસન્સની સંખ્યા ૬૦૯૦ છે. તેની સામે આવકની મર્યાદા બતાવેલ છે તે ૮૦.૬૪ લાખ થયેલ છે. તો મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ નવા ડ્રાઈવિંગ લાઇસન્સની આવક ગણવામાં આવે તો ૧૩૨૪ રૂપિયા થાય છે. ૬૦૯૦ની સામે ટોટલ સરેરાશ ગણીએ તો ૧૨૪ થાય છે. તો આ લાઇસન્સ ૬૦૯૦ની સામે આવકમાં વિસંગતતા કેમ છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : આમાં અલગ અલગ કેટેગરી છે. મેં હમણાં જ કહ્યું તેમ ટુ વ્હીલરનું લાઇસન્સ લીધું હોય એમાં સાથે ટ્રકનું લે, બસનું જોઇતું હોય તો એ લે એ રીતે થઇને સંખ્યા વધારે દર્શાવેલ છે.

## તારાંકિત પ્રશ્નો

ડો. સી. જે. ચાવડા : કોલેજ, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને લાઇસન્સની જરૂર પડતી હોય છે. લાઇસન્સ લેવાનો ટાઇમ છે એ દરમિયાન જ કોલેજ ચાલતી હોય છે તેથી કોઇ ઝુંબેશના રૂપે કોલેજના વિદ્યાર્થીઓ માટે ત્યાં જઇને લાઇસન્સ આપવાની પ્રથા છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : જે તે વ્યકિતને સમય બચાવવા માટે ઓન લાઇન અરજી કરવાની હોય છે. અને પોતાની અનુકૂળતા મુજબનો સમય આર. ટી.ઓ. કચેરી પાસેથી મેળવી લઇને એ પ્રમાણે ટેસ્ટ વગેરે આપે છે અને એમને લાઇસન્સ આપવામાં આવે છે.

### રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય અરજીઓ

*૧૩૭૨૮ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સને ૨૦૧૮ના વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ આવી, | (૧) ૧૩૨ અરજીઓ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૩ અરજીઓ |
| (૩) તે પૈકી ઉક્ત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૮૩.૦૦/– લાખ. |

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં સન ૨૦૧૮ના વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાયની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે. તાલુકાવાર કેટલી નામંજૂર અને કેટલી પડતર અરજીઓ છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એમાં કુલ ૧૩૨ અરજીઓ મળી હતી એમાંથી ૮૩ અરજીઓ મંજૂર કરીને ૮૩ લાખ રૂપિયા સહાય ચૂકવવામાં આવ્યા છે. જ્યારે બાકી ૩૧ અરજીઓ છે અને ૧૮ નામંજૂર કરવામાં આવી છે. તાલુકાવાર જોઇએ તો ઉપલેટા તાલુકામાંથી કુલ ૮ અરજી મળી એમાંથી પાંચ મંજૂર કરવામાં આવી પાંચ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. બે પૂર્તતા માટે બાકી છે પડતર એક. કોટડા સાંગાણીમાં પાંચ અરજી મળી એમાંથી બે મંજૂર કરવામાં આવી છે એની સામે ચૂકવેલ સહાય બે લાખ, પૂર્તતા માટે બે અરજી અને એક નામંજૂર. ગોંડલ તાલુકામાંથી ૧૯ અરજીઓ મળી એમાંથી ૧૧ મંજૂર અને ૧૧ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા, પાંચ પૂર્તતા માટે બાકી અને ત્રણ નામંજૂર. જસદણ તાલુકામાંથી ૧૬ અરજી મળી છે એમાંથી ૧૩ મંજૂર કરી છે અને ૧૩ લાખ ચૂકવવામાં આવ્યા છે. એક પૂર્તતા માટે બાકી છે જયારે બે નામંજૂર. જામકંડોરણામાં ૧૨ મળી એમાંથી ૭ મંજૂર, ચૂકવેલ સહાય સાત લાખ પૂર્તતા માટે ચાર અને એક નામંજૂર. જેતપુર કુલ ૨૦ અરજી મળી એમાંથી મંજૂર દસ, દસ લાખ ચૂકવ્યા, સાત પૂર્તતા માટે ત્રણ નામંજૂર. ધોરાજી તાલુકામાંથી ૯ અરજી મળી એમાંથી ૭ મંજૂર કરવામાં આવી છે. સાત લાખ ચૂકવ્યા અને બે પૂર્તતા માટે બાકી છે. પડધરીમાંથી પાંચ મળી, ત્રણ મંજૂર, ત્રણ લાખ ચૂકવ્યા, એક પૂર્તતા માટે અને એક નામંજૂર કરી છે. રાજકોટમાં ૩૦ અરજી મળી એમાંથી ૧૬ મંજૂર, ૧૬ લાખ ચૂકવ્યા, પાંચ પૂર્તતા માટે બે નામંજૂર. લોધીકામાંથી પાંચ અરજી મળી, બે મંજૂર કરી એની સામે બે લાખ ચૂકવવામાં આવ્યા છે. જયારે બે પૂર્તતા માટે બાકી છે અને એક નામંજૂર કરી છે. વિંછિયા તાલુકામાંથી ૯ અરજી મળી છે એમાંથી સાત મંજૂર કરવામાં આવી છે એની સામે સાત લાખ ચૂકવ્યા અને બે નામંજૂર આ રીતે વિગત છે.

શ્રી લાખાભાઇ સાગઠિયા : મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાની શરૂઆતમાં સહાયનું ધોરણ શું હતું અને તબક્કાવાર સહાયમાં કેટલો વધારો થયો અને આજની તારીખે સહાય કેટલી આપવામાં આવે છે? તાજેતરમાં આ યોજનામાં કોઇ સુધારો કરવામાં આવ્યો છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રીએ ચાર પ્રશ્નો પૂછ્યા છે એમાંથી ત્રણ પ્રશ્નનો જ જવાબ આપજો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ યોજના છે એમાં તબક્કાવાર સહાયમાં સુધારો કરવામાં આવ્યો છે. મને આ સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે હમણાં જ ફેરફાર કરીને સારી એવી રકમ મળે એના માટે અત્યારે તા.૧૩–૧૧ થી નવો પરિપત્ર રજૂ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૬–૧–૧૯૯૬ના રોજ આ યોજના અમલમાં આવી. એમાં અકસ્માતના કારણે મૃત્યુ, કાયમી સંપૂણ અપંગતા બે અંગ અને બે આંખ, બે અંગ અથવા હાથ પગ ગુમાવવાના કિસ્સામાં એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં સો ટકા એટલે કે ૨૦ હજાર રૂપિયા. અને અકસ્માતાના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦ હજાર રૂપિયા. માનનીય અધ્યક્ષશ્રી, તા.૧–૨–૨૦૦૦થી આ યોજનામાં મૃત્યુ કાયમી સંપૂર્ણ અપંગતા અથવા બે આંખ કે એક અંગ અથવા હાથ પગ

ગુમાવાવના કિસ્સામાં અને એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં સો ટકા એટલે કે ૫૦ હજાર રૂપિયા હતા, અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં રૂ.૨૫ હજાર હતા. માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૬-૧-૨૦૦૨થી આ યોજનામાં મૃત્યુ કાયમી સંપૂર્ણ અપંગતા, બે આંખ અને બે અંગ ગુમાવવાના અને હાથ પગ ગુમાવવાના કિસ્સામાં અથવા એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧ લાખ રૂપિયા. અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં રૂ.૫૦ હજાર સહાય ચૂકવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી એ પ્રમાણે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજનામાં સુધારો ક્ર્યો. તા.૧૩.૧૧.૨૦૧૮થી આ યોજનામાં અકસ્માતના કારણે મૃત્યુ કાયમી સંપૂર્ણ અપંગતા અથવા બે આંખ કે બે અંગ હાથ પગ ગુમાવવાના કિસ્સામાં અથવા તો એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં સો ટકા એટલે કે ૨ લાખ રૂપિયા, અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં સો ટકા એટલે ૧ લાખ રૂપિયા. માનનીય અધ્યક્ષશ્રી, આ તા.૧૩-૧૧ ના ઠરાવમાં ત્રણ સુધારા કર્યા. એમાં ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાનને બદલે પહેલાં પ્રથમ હયાત સંતાનને આ યોજનાનો લાભ મળતો હતો, એના બદલે ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન પુત્ર કે પુત્રીનો આ યોજનામાં સમાવેશ પણ કરવામાં આવેલ છે. બીજું, સહાયમાં વધારો. જેમ મેં વાત કરી એમ ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન પુત્ર - પુત્રી અથવા ખાતેદાર ખેડૂતના પતિ - પત્નીનું અકસ્માતમાં મૃત્યુ થાય કે કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં સો ટકા લેખે રૂ.૧ લાખને બદલે ૨ લાખ રૂપિયા સહાય આપવામાં આવે છે. અકસ્માતના કારણે બે આંખ, બે અંગ કે હાથ અને પગ અને એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં સો ટકા લેખે રૂ.૧ લાખને બદલે રૂપિયા ૨ લાખ અને અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં અને ૫૦ ટકાના લેખે ૫૦ હજાર રૂપિયાના બદલે ૧ લાખ રૂપિયાનો સહાયમાં વધારો કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માતથી મૃત્યુ કે કાયમી અપંગતાની તારીખે મહેસૂલી રેકર્ડમાં પાકી નોંધ પ્રમાણિત થયેલ હોય તેવા તમામ ખાતેદાર ખેડૂતોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે.

શ્રી લલિતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં જે ૧૩૨ અરજીઓ આવી, એમાંથી ૮૩ મંજૂર કરી અને ૪૯ પેન્ડીંગ રહી છે. એમાંથી ૧૮ ના મંજૂર કરી છે, તો ૩૧ અરજીઓ પૂર્તતાના કારણે પડી છે તો, પૂર્તતાના કારણો શું, શું કામ લોકોને ધક્કા ખવડાવવામાં આવે છે. એવી સિસ્ટમ ન હોઇ શકે કે લોકોને એકી સાથે પૂરી અરજી અને તેના પૂરા કાગળો લઇને લઇ શકાય, લોકો ધક્કા ખાય છે અને એક એક વર્ષ સુધી ૩૧ અરજીઓની હજી પણ પૂર્તતા ન થઈ હોય તો એના કારણો શું અને શું કામ લોકોના આ પ્રશ્નોનું સૉલ્યુશન ન થાય?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં આ યોજનામાં જે અરજી કરવાની હોય છે ખેડૂત ખાતેદાર કરે અને જે દિવસે અરજી કરે તે દિવસે તેની સાથે પૂરતા પ્રમાણમાં પુરાવા એની પાસે હોતા નથી, આ ખાતેદાર પાસે, એ અરજી કરે છે એને સમય મળે, દાખલા તરીકે આપને કહું કે આજની તારીખે આ ૩૧ અરજીઓ પેન્ડીંગ છે, એમાં ઈફેક્ટિવ વેલીડ ડ્રાઈવિંગ લાઇસન્સ તેના માટે ૮ છે, જે તે સમયે આ ડ્રાઈવિંગ લાઇસન્સ આપ્યું ન હતું. એમને કહ્યું કે તમે ડ્રાઈવિંગ લાઇસન્સ સમય મર્યાદામાં આપો તો એમને વીમો મળે, પ્રાથમિક તબક્કે જો નામંજૂર કરી દઇએ તો એને અન્યાય થાય.

અધ્યક્ષશ્રી : તો એવો પ્રશ્ન આવે કે ના મંજૂર કેમ કરો છો એવો પ્રશ્ન આવે. રાહ કેમ નથી જોતા.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બીજું, પોલીસ તપાસનો પોસ્ર્ટમોટમનો આખરી અહેવાલ એસ.બી. એમ રિપોર્ટ, પોલીસ તપાસનો આખરી અહેવાલ આવતાં સમય લાગે એવી લગભગ ૮ અરજીઓ છે. તમામ સંતાનોના જન્મ તારીખના પુરાવા એવી ૪ અરજીઓ પેન્ડીંગ છે. હક્કપત્રકની ૬ અને બેંક પાસ બુકની નકલ એવી ૨ અરજીઓ છે. ફાઇનલ પી.એમ. રિપોર્ટ એવી ૨ અરજીઓ છે.

અધ્યક્ષશ્રી : એવું નથી પૂછયું. એ તો ખાલી કારણ પૂછતા હતા, આવી ગયું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : સાહેબ, આ બધા કારણો જ છે.

ડો. અનિલ જોષિયારા : મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે, આ ખેડૂત અકસ્માત વીમા યોજનામાં ૧૩ નવેમ્બર, ૨૦૧૮થી સુધારો કરવામાં આવ્યો, તો તે પછી કેટલી અરજીઓ આવી, કેટલા ખેડૂતોની અરજીઓ તમે મંજૂર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૩-૧૧ પછી એટલે જે અરજીઓ આવી એમાં જયારે આ ૧૩-૧૧એ જે નિર્ણય રાજય સરકારે કર્યો એ પહેલાની, તા.૧૩-૧૧ પહેલાની જે અરજીઓ હતી એને મળવાપાત્ર એક લાખ રૂપિયા હતા, તા.૧૩-૧૧ પછી જે અરજીઓ મળે એને નવા જી. આર. પ્રમાણે લાભ મળે, મેં જે વાત કરી તે તા.૩૧-૩ પ્રમાણેની હતી. તા.૩૦-૬ પ્રમાણે જોવા જઇએ તો કુલ ૧૩૧ અરજીઓ મળી, એમાંથી એક અપંગતાની અરજી (અંતરાય), હા, એ જ કહું છું. તા.૩૧-૩ એ ૮૩ અરજીઓ મંજૂર હતી અને તા.૩૦-૬ની દ્રષ્ટિએ ૯૩ અરજીઓ મંજૂર થઇ એમાં ૯૨ મૃત્યુની અને એક અપંગતાની. એમાં જે લાભ મળ્યો એમાં કોટડાસાંગાણી ગામમાં એક લાભાર્થીને આ રૂ.૨ લાખની સહાય તા.૧૩-૧૧ પછીની અરજી હતી એમાં મળી છે અને તા.૩૦-૬ની દષ્ટિએ ૧૮ અરજીઓ નામંજૂર થઇ અને પૂર્તતા માટે ૨૧ પડતર છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતની અકસ્માત વીમા યોજના અગાઉ કેટલાક માર્કેટીંગ યાર્ડો લેતા હતા, રાજ્ય સરકારે આ યોજના અપનાવીને સમગ્ર ખેડૂત સમાજ માટે મોટું આવકારદાયક પગલું લીધું છે. એમાં પણ એક લાખ રૂપિયાની હતી અને હવે બે લાખ રૂપિયા થયા છે તે પણ ખૂબ અભિનંદનને પાત્ર છે. હું એ જાણવા માગું છું કે આમાં કોણ અરજી કરી શકે છે અને કોને એડ્રેસ કરીને અરજી કરી શકે છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ કૃષિ વિભાગની યોજના છે એટલે એમાં જે ખાતેદાર ખેડૂત, ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન પુત્ર કે પુત્રી, ખાતેદાર ખેડૂતના પત્ની–પતિના અકસ્માતે મૃત્યુના કિસ્સામાં ખાતેદાર ખેડૂત અકસ્માતના સહાયની આ યોજનામાં સહાય મેળવવા તેમના મૃતકના વારસદારે અરજી કરવાની હોય છે. વારસદાર તરીકે જે વ્યક્તિઓ અરજી કરી શકે એમાં પતિ અથવા પત્ની, એમની ગેર હયાતીમાં એમના બાળક પુત્ર કે પુત્રી, તેમની ગેર હયાતીમાં માતા–પિતા, તેમની ગેર હયાતીમાં તેમના પૌત્ર–પૌત્રી, પુખ્ત, આ પ્રકારે છે. મેં કીધું તેમની ગેર હયાતીમાં લાભાર્થી ઉપર આધારિત અને તેમની સાથે અપરણિત અથવા વિધવા અથવા ત્યક્તા બહેન, ઉપરોક્ત કિસ્સા સિવાયના તથા વિવાદિત કેસમાં સંબંધિત લાભાર્થીને લાગુ કરતા વારસાધારા હેઠળ જાહેર થયેલ વારસદારો, ઉપરોક્ત કિસ્સામાં જો વારસદાર સગીર હોય તો તેમના નેચરલ ગાર્ડીયન, કાયદેસરના વાલીને વીમા રકમનું ચૂકવણું કરવાનું રહેશે. પણ તેઓને ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એક્ટ નીચે નિમણૂક થયેલ અદાલતનો હુકમ રજૂ કરવાનો રહેશે. અકસ્માતે કાયમી અપંગતાના કિસ્સામાં અરજદારે પોતે અરજી કરવાની રહેશે. ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં સહાય મેળવવા માટે અરજદારે અકસ્માતે મૃત્યુ થયાની અથવા અપંગતા થયાની તારીખથી ૧૫૦ દિવસ સુધીમાં સંબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીને અરજી કરવાની રહેશે.

### નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ

*૧૭૦૪૦ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કેટલી વખત રેડ કરવામાં આવી,

(૨) તે અન્વયે ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કેટલી વ્યક્તિઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૩) કેટલા વ્યક્તિઓ સામે પીબીએમ કેસો કરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૭–૧૮ | વર્ષ ૨૦૧૮–૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | નર્મદા | ૨૦૨ | ૧૬૨ | ૩૬૪ |
| ૨ | છોટાઉદેપુર | ૫૪૭ | ૪૦૭ | ૯૫૪ |
| | **કુલ** | **૭૪૯** | **૫૬૯** | **૧૩૧૮** |

(૨) ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કુલ ૪૫ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ.૧,૧૫,૪૩૧/– નો પુરવઠો રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૨) રૂ.૨,૪૫,૫૫૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૩) રૂ.૯,૬૨,૧૨૪/– નો દંડ કરવામાં આવેલ છે.

(૪) ૨૧ (એકવીસ) પરવાના મોકુફ કરવામાં આવેલ છે.

(૫) ૨ (બે) પરવાના રદ કરવામાં આવેલ છે.

(૩) કોઈપણ વ્યક્તિ સામે પીબીએમ કેસ કરવામાં આવેલ નથી.

શ્રી પ્રેમસિંહભાઇ વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નર્મદા જિલ્લામાં કુલ કેટલી વ્યાજબી ભાવની દુકાન છે અને એ દુકાનોમાંથી ગેરરીતિ કરવા બદલ લગભગ ૩૫ દુકાનો સામે પગલાં લીધા છે. તો મારે એ જાણવું છે કે નર્મદા જિલ્લાના એવા ઘણા બધા ગામડાંઓ ઊંડાણ વિસ્તારના છે જ્યાં લાઇટની લગભગ સગવડ નથી તો તમારે બાયોમેટ્રીક સિસ્ટમ છે તેમાં જો લાઇટ નહીં હોય અને ઇન્ટરનેટની કનેકટીવીટી નહીં મળતી હોય તો લાભાર્થીઓ દુકાને અનાજ લેવા આવવાના છે એમને વારંવાર ધક્કા ખાવા પડશે, બે બે ત્રણ ત્રણ કિલોમીટર ચાલીને આવવું પડશે એટલે એ સિસ્ટમમાંથી મુક્તિ આપવા માગો છો કે કેમ અથવા તેના અવેજીમાં બીજી સિસ્ટમ અપનાવવા માગો છો કે કેમ? અને બીજું, ગોડાઉનમાંથી જ્યારે અનાજ જાય છે. માનનીય મંત્રીશ્રીને મારે જણાવવું છે કે દુકાન સુધી એ અનાજ ઘણાં કિસ્સામાં પહોંચતું

જ નથી, તો તેના માટે પુરવઠા તંત્ર શું કરવા માગે છે અને ગોડાઉનમાંથી જે અનાજ આવે છે એ કચરાવાળું અને ઘણું બધું ખરાબ અનાજ આવે છે, સડેલું આવે છે, તો જ્યાંથી એ અનાજ આવે છે તેની સામે પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સાચા લાભાર્થી ઓળખ માટે આધાર આધારિત વિતરણ વ્યવસ્થા ખૂબ જરૂરી છે. પરંતુ અમુક અંતરિયાળ વિસ્તારો કે જયાં ક્યારેક ઇન્ટરનેટ, નેટવર્કના પ્રશ્નો ઊભા થાય ત્યારે પણ લાભાર્થીને રાષ્ટ્રીય અન્ન સલામતી ધારા ૨૦૧૩ની જોગવાઇને ધ્યાનમાં લઇ અનાજથી વંચિત રાખી શકતા નથી. આધાર કાર્ડ ન હોય તો આ લાભાર્થીને ૧૩ પ્રકારના અન્ય પુરાવાના આધારે ઓળખ કરી મળવાપાત્ર જથ્થો આપવામાં આવે છે. અન્ય પુરાવામાં ચૂંટણી ઓળખ કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સ,

અધ્યક્ષશ્રી : બધા જ વાંચજો.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : ફોટો સાથે બે પાસબુકની નકલ, પાસપોર્ટ, મનરેગા કાર્ડ, કિસાન ફોટો પાસબુક, મામલતદાર દ્વારા આપેલ ઓળખ કાર્ડ, રાજયપત્રિત દ્વારા અપાયેલ ઓળખકાર્ડ, પોસ્ટલ વિભાગ દ્વારા આપેલ એડ્રેસ કાર્ડ, એલ.પી.જી. ગેસ ગ્રાહકની બુક, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર, જન્મનું પ્રમાણપત્ર, રાજય સરકાર દ્વારા અન્ય ઓળખકાર્ડ માન્ય હોય તે. આવા ૧૩ અલગ અલગ પુરાવા છે. આ ગૃહના માનવંતા સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં મને જણાવતા આનંદ થાય છે કે રાજયમાં નેટવર્ક સારું મળે તેમજ પી.ડી.એસ.ની કમ્પ્યુટરાઇઝ વ્યવસ્થાના પ્રયાસ અને પરિણામરૂપે નર્મદા જિલ્લામાં માર્ચ–૨૦૧૮માં આધાર વેરીફાઇ કરી આધાર આધારિત અનાજનું વિતરણ ૬૯ ટકા થયેલ હતું, જે વધીને જૂન–૨૦૧૯માં ૮૯.૩ ટકા થયેલ છે. છોટાઉદેપુરમાં ૨૦૧૮માં આધાર વેરીફાઇ કરીને આધાર આધારિત અનાજ વિતરણ ૬૯ ટકા થયેલ હતું, જે વધીને જૂન–૨૦૧૯માં ૮૯.૭ ટકા થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન ગોડાઉનનો હતો. ભારત સરકારમાંથી રાજ્યને પૂરતો જથ્થો ફાળવવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ લાભાર્થીને પૂરેપૂરો જથ્થો ફાળવવામાં આવે છે. આ જથ્થો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનમાંથી વ્યાજબી ભાવની દુકાન પર ડોરસ્ટેપ ડિલિવરી મારફત પહોંચાડવામાં આવે છે. જેમાં અનાજના કટ્ટા–૫૦ કિલો દુકાનો પર પહોંચાડવામાં આવે છે. જેને દુકાનદારો વજન કરી, ચેક કરી સ્વીકારે છે. જેથી પૂરતો જથ્થો ન હોવાનું કોઇ કારણ નથી અને બગાડનું કોઇ કારણ રહેતું નથી.

અધ્યક્ષશ્રી : સડેલા અનાજનો એમનો પ્રશ્ન બાકી રહ્યો, તેમાં સુધારો કરવા માગો છો**?** હા પાડો ને, સૂચન છે. સારું સૂચન છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : કોઇ ફરિયાદ હાલમાં મળેલ નથી. ફરિયાદ આવશે તો સૂચન આવકારદાયક છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ ગંભીર પ્રશ્ન છે. આદિવાસી વિસ્તારમાં ખાસ કરીને દુકાનો આવેલી છે ત્યાં માનનીય શ્રી પી.ડી. સાહેબે કહ્યું તેમ વીજળીની વ્યવસ્થા નથી. તમે બાયોમેટ્રિક સિસ્ટમથી જે અંગુઠા પડાવો છો તેના માટે સાહેબ, ૧૦ કિલોમીટર દૂર જવું પડે. ત્યાં ઓન લાઇન ન થતું હોય તો પાછું આવવું પડે. ફરી પાછું બીજા દિવસે જવું પડે. ત્રણ–ત્રણ દિવસનો સમય જાય છે. તો તેના માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા માગો છો કે કેમ**?** સરકારને ખબર હશે, બીજું, નસવાડીમાં પુરવઠા નિગમના ગોડાઉનમાં ૧૧ હજાર બોરી અનાજ નાગરિક પુરવઠા નિગમના ચેરમેને હાઇજેક કરી છે. આવું જો સરકારી તંત્રમાં જ ચાલતું હોય, સરકારમાં જ આવું થતું હોય તો સસ્તા અનાજની દુકાનવાળા શું કરતા હશે**?** મને ખબર છે સાહેબ, આ જે આપણાં વાહનો છે તેના ઉપર તમે જે માલ મોકલો છો તે વાહનો ઉપર જી.પી.એસ. સિસ્ટમ લગાવીને ત્યાં જે માલ તોલવામાં આવે છે એ તોલાય છે કે કેમ એ મારે જાણવું છે.

અધ્યક્ષશ્રી : ઓલ્ટરનેટીવ વ્યવસ્થા હોય તો કહો. કેવી**?**

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે અંતરિયાળ વિસ્તારમાં કયાંય અનાજની મુશ્કેલી થતી નથી. ૬૯ ટકા જે આધાર આધારિત વિતરણ જે જુલાઇ–૨૦૧૯માં ૮૯–૯૦ ટકા સુધી પહોંચાડ્યું છે. એ સિવાય ઓન લાઇન જેનું રજિસ્ટ્રેશન ન થતું હોય એના માટેના પુરાવાના ૧૩ વિકલ્પો આપ્યા. તેના આધારે પણ માલ આપવામાં આવે છે. ઓફ લાઇનથી પણ એવા ગરીબ પરિવાર વંચિત ન રહે તેના માટે પુરવઠા વિભાગની આખી પ્રક્રિયા છે અને એ પ્રમાણે પણ માલનું વિતરણ કરીએ છીએ. નસવાડી ગોડાઉનનું કહ્યું કે યોગ્ય પુરાવા મળ્યા નથી અને તપાસ ચાલુ છે એટલે તેનો હું જવાબ આપી શકું તેમ નથી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી,નસવાડીના ગોડાઉનમાં ઘઉ અને ચોખાની મોટા પ્રમાણમાં ગેરરીતિ પકડાઇ છે.

અધ્યક્ષશ્રી : જવાબ તો આપ્યો, એ બોલ્યા તો ખરા.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ તપાસ હેઠળ છે. તપાસ પૂર્ણ થયા પછી એનો જવાબ આપીશ.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજયમાં કેરોસીન તથા અનાજના કાળાબજારના નિવારણ માટે કાયદાકીય તપાસ માટે શું જોગવાઈ છે તથા પગલાં લેવા બાબતે શું કાર્યપદ્ધતિ છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આવશ્યક ચીજ વસ્તુઓ અધિનિયમ ૧૯૫૫ હેઠળ હાલમાં તાલુકા તથા જિલ્લામાં રાજ્ય કક્ષાએ તપાસણીની સત્તાઓ આપવામાં આવેલી છે. જિલ્લા પુરવઠા અધિકારી તેમાં જોવા મળેલ ક્ષતિના ગુણદોષના આધારે તેના ઉપર પગલાં લે છે જેમાં દંડ, પરવાના ડિપોઝીટ જપ્ત કરી પરવાનો મોકૂફ કરવો કે પરવાનો રદ કરવો જેવા ખાતાકીય પગલાં લઇ શકે છે. જિલ્લા પુરવઠા અધિકારીશ્રીના નિર્ણય સામે નારાજ દુકાનદાર કલેકટરશ્રી સામે અપીલ કરી શકે છે તથા કલેકટરશ્રીના હુકમથી નારાજ દુકાનદાર સરકારશ્રીમાં અપીલ કરે છે. રાજ્યમાં કેરોસીન, અનાજ કાળા બજાર નિવારણ માટે કાળા બજાર નિવારણ અને પુરવઠા જાળવણી અધિનિયમ ૧૯૮૦ની કલમ–૭ (૧) અને કલમ–૭ (૧)(અ) ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ કોંગ્રેસનું હવે રહ્યું નથી. તમે અમારા કોંગ્રેસમાંથી ગયેલા એમ કહી શકો. એ રાજીનામું આપીને ગયા છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સાહેબ, કમળના નિશાન ઉપર ચૂંટાયેલા ભા.જ.પ.ના મંત્રી છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે ઉજ્જ્વલા યોજના નીચે જે ગેસના સિલિન્ડરો આપીને ગરીબ માણસોને મફતમાં, ઓછા દરે સિલિન્ડરો મળશે એવા *(xxx) એમણે આ યોજના મૂકીને સિલિન્ડરો આપ્યા છે એ અત્યારે રીફીલ કરી શકતા નથી તો એ લોકોને કેરોસીન આપવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : *(xxx) આ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના આ દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના ગરીબોના લાભ અર્થે શરૂ કરી હતી. મારે ગૌરવ સાથે કહેવું પડે કે આ પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનામાં અત્યાર સુધીમાં ૨૭ લાખ ગેસ કનેકશનો ગામડાના ગરીબ લોકો સુધી શ્રી નરેન્દ્રભાઇની પ્રેરણાના હિસાબે મળ્યા છે. આ દેશની અંદર પ્રથમ વખત એવું બન્યું કે વડાપ્રધાનશ્રી અપીલ કરે કે ગામડાના ગરીબ લોકો સુધી આપણે ગેસ કનેકશન આપી શકીએ, એમને ધુમાડામાંથી મુક્તિ આપી શકીએ એના માટે આ દેશના કરોડો લોકોએ ગેસમાં મળતી સબસિડી છોડી એના હિસાબે ગુજરાત રાજ્યની અંદર ૨૭ લાખ ગેસ કનેકશન આપ્યા. આપણા બધા માટે આ આનંદની વાત છે કે ગરીબ પરિવારને એક વખત ગેસ સિલિન્ડર આપ્યા પછી આ ગેસ કનેકશન બંધ કરી દેતા નથી. આપણે એનું કેરોસીન બંધ કરીએ છીએ પણ ગૌરવ સાથે મારે કહેવું પડે કે ૨૭ લાખ ગેસ કનેકશનમાંથી પહેલી વખત ગેસ ભર્યા પછી ૨૨ લાખ લોકોએ ફરી પાછું બે સિલિન્ડરથી લઇને પાંચ સિલિન્ડર સુધી આનો ઉપયોગ કર્યો છે એટલે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાએ ગુજરાત સહિત સમગ્ર દેશ માટે આશીર્વાદરૂપ છે અને એના કારણે કેરોસીનનો ઉપાડ બંધ થયો છે. જ્યાં પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનામાં ગેસ સિલિન્ડર આપ્યા છે ત્યાં આજની તારીખમાં પણ કેરોસીનનું વિતરણ ચાલુ છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી વ્યાજબી ભાવની દુકાનો આવેલી છે? તાલુકાવાર કુલ કેટલી તપાસો છેલ્લા બે વર્ષ દરમિયાન કરવામાં આવેલ છે તથા તેમાં કયા પ્રકારની ક્ષતિઓ જોવા મળેલ છે?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લાના તાલુકાઓની દુકાનો અને તપાસણીની વિગતો જણાવું તો તિલકવાડામાં ૨૭ દુકાનો પૈકી છેલ્લા બે વર્ષમાં ૬૬ તપાસણી કરેલ છે. સભ્યશ્રી પી.ડી. વસાવાના નાંદોદમાં ૬૩ દુકાનોમાં ૮૪ તપાસ થયેલ છે. ડેડિયાપાડામાં ૫૪ દુકાનોમાં ૧૧૫ તપાસણી થયેલ છે. સાગબારામાં ૩૮ દુકાનોમાં ૧૦૦ની તપાસ કરવામાં આવેલ છે. ગરૂડેશ્વરમાં ૩૫ દુકાનોમાં ૩૮ તપાસ થયેલ છે. નર્મદા જિલ્લામાં કુલ ૨૨૧ દુકાનો આવેલ છે અને ૨ વર્ષ દરમિયાન ૩૬૪ તપાસણી કરવામાં આવેલ છે. છોટાઉદેપુર તાલુકામાં પાવી જેતપુરમાં ૬૪ દુકાનો છે એમાં ૧૪૬ની તપાસણી થયેલ છે.

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમારા આખા આદિવાસી વિસ્તારમાં કેરોસીનની સમસ્યા છે. સાથે સાથે આગળ પણ મેં વાત કરી હતી પરંતુ હમણાં ત્યાં ગયો ત્યારે અમારે અંતિમક્રિયા કરવા માટે પલળેલા લાકડાં સળગાવીને અમે થાકી ગયા છતાં લાશ સળગી ન હતી. કેરોસીન લાવ્યા એ ૧૦ લિટરના ૮૦૦થી ૯૦૦ રૂપિયા લીધા. આ ગંભીર બાબત છે. હું વિનંતી કરું છું કે, આદિવાસી વિસ્તારમાં કેરોસીન આપો. વીજળી ન હોય તેવા સમયમાં છોકરાઓને ભણવામાં ચાલે એટલે મહેરબાની કરીને વીજળીના બદલે કેરોસીન આપવા માગો છો કે કેમ? કેરોસીન આપવું જ જોઇએ એમ હું માનું છું.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ પરિવારોને જરૂર જણાય ત્યારે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનામાં કનેકશન ન મળ્યું હોય ત્યાં કેરોસીન પૂરું પાડીએ છીએ. છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં એ.પી.એલ. અને બી.પી.એલ.ના લાભાર્થીઓને એના નિયમ મુજબ કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવી રહ્યો છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ઉજ્જવલા યોજનામાં ગરીબોને ગેસ કનેકશન આપવામાં આવે છે. એક બાજુ ગેસનું કનેકશન આપવામાં આવે છે અને સાથે કેરોસીન બંધ કરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એના બદલે કેરોસીન પણ આપવા માગો છો કે કેમ? બીજું, ગરીબોને જે ગેસ કનેકશન આપવામાં આવ્યું છે તે એમની સબસિડી કાપીને ગેસ આપવા માગો છો કે કેમ? અને જે આપો છો એની અંદર સબસિડી ખાતામાં જમા થાય છે એ ગરીબ લાભાર્થીઓને સબસિડી મળી છે કે નહીં એ ચકાસણી કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનામાં ગરીબોને જે સિલિન્ડર આપવામાં આવે છે એમાં પણ એક વખત સિલિન્ડર અપાઇ ગયા પછી વધારાના સિલિન્ડર માટે એને સબસિડી એના ખાતામાં ડાયરેક્ટ જમા થઇ જાય છે અને સાથોસાથ હજુ પણ કહું છું કે જે લાભાર્થીઓને ગેસ કનેકશન નથી મળ્યું એવા લાભાર્થીઓને આજની તારીખે કેરોસીનનો જથ્થો નર્મદા અને છોટાઉદેપુર જિલ્લા માટે જ નહીં પણ સમગ્ર રાજ્યમાં ફાળવવામાં આવી રહ્યો છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, ગેસ કનેકશન આપવામાં આવે છે એ લાભાર્થીઓને ગેસ આપો છો એની સબસિડી ગરીબ લાભાર્થીઓના ખાતામાં જમા કરાવીએ છીએ પણ હકીકતમાં એ ગરીબ લાભાર્થીઓના ખાતામાં સબસિડી જમા થતી નથી.

અધ્યક્ષશ્રી : તમારા ધ્યાનમાં હોય તો આપજો, મંત્રીશ્રી ચકાસણી કરાવી લેશે.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : જી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ નર્મદા અને છોટાઉદેપુર બે જિલ્લા મથકોએ જે કેરોસીન પહોંચાડવામાં આવે છે અને જિલ્લામાંથી તાલુકામાં પહોંચાડવામાં આવે છે એ કોની કોની એજન્સીઓ ચાલે છે તે મારે જાણવું છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : કેરોસીન સસ્તા અનાજની દુકાનો ઉપરથી ફાળવવામાં આવે છે. એ સિવાય ફેરિયા અને વિક્રેતાઓ છે એ ૩૦૦થી વધારેનું લિસ્ટ છે. કહેતા હોય તો એક એકના નામ આપું.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને માહિતી પહોંચાડી દેજો.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય સભ્યશ્રીને માહિતી પહોંચાડી દઇશ.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું કે અન્ય પુરાવામાં પાસપોર્ટ આપવામાં આવે છે.
*(xxx)

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### સાધુ–સંતોને બદનામ કરવા અંગે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એવું બોલ્યાં કે *(xxx) જેવા લઇ જાય છે. સાહેબ, આ કાંઇ સમજણ ના પડી. (અંતરાય) શ્રી પરેશભાઇ એમને સ્પષ્ટ કરવા દોને. એ શું બોલ્યા છે? એ એમને સ્પષ્ટ કરવા દોને. તમે ક્યાં બોલ્યા છો? (અંતરાય) (આ તબક્કે શ્રી પરેશભાઇ ઊભા થઇ જતા) સાહેબ, જે બોલ્યા હોય એ જ સ્પષ્ટ કરે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમને કેવી રીતે ખબર પડે કે એ શું બોલ્યા? એમને બોલવા દોને.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષ સાહેબ, (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નહિ, સાહેબ, એમણે *(xxx) નામ દીધું છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, (અંતરાય) એક મિનિટ (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ તમે ખુલાસો કરો. (આ તબક્કે સતાધારી પક્ષ અને વિપક્ષના તમામ સભ્યો ઊભા થઇ જતા )

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમે બધા સભ્યશ્રીઓ બેસી જાવ. શ્રી આનંદભાઇ તમે શું કહેવા માગો છો? કોનું નામ દીધું?

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : *(xxx)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇ સાહેબ, સાંભળો મારા સભ્યની લાગણી રાજ્યના ગરીબ લોકોના હિતમાં છે. ભૂતકાળમાં પણ આ વાત ધ્યાન ઉપર આવી હતી. સસ્તા અનાજની દુકાનેથી ઇલેક્ટ્રોનિક થંબનો મીસયુઝ કરીને *(xxx) સહિત એવા ઘણાં બધા લોકો હતા કે જેના નામે બારોબાર રાશનકાર્ડની દુકાનેથી રાશન અને કેરોસીન ઉપડી ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારની સામે અમે લેખિત ફરિયાદ પણ આપી હતી. કહો તો મારી પાસે એના આધાર પુરાવા છે. માનનીય નીતિનભાઇ જ્યારે કહે ત્યારે અને જ્યાં કહે ત્યાં નામજોગ ચર્ચા કરવા તૈયાર છીએ. (અંતરાય)

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : આમાં આ પ્રશ્ન આવતો નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન માત્ર એટલો છે કે, આ રીતે ખોટો ઇલેક્ટ્રિક થંબનો ઉપયોગ *(xxx) સહિત રાજ્યમાં જે કાંઇ લોકોના નામે ખોટી રીતે અનાજ અને કેરોસીન ઉધારીને જે લોકોએ કાળા બજારી કરી છે એની સામે સરકાર પગલાં ભરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ ગંભીર બાબત છે. સભ્યશ્રીએ *(xxx) નામે ત્યાં રેશન કાર્ડ ચાલે છે એ સભ્યશ્રીએ ગૃહને રજૂ કરવું જોઇએ તો જ સાહેબ આ વાત આગળ ચાલે. બાકી હેફાઝાર્ડ વાત કરે કે આના નામે લઇ લેવાય છે. એમના વિસ્તારમાં આવું નામ ચાલે છે કે નહિ એ કહો? સાહેબ, પછી (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે સાબિતી આપો. (અંતરાય) ગૃહમાં કોઇનું નામ આપો તો એની સાબિતી આપવી પડશે. સાબિતી રેકર્ડ ઉપર રજૂ કરે તો તેઓ સાચા. ભલે નકલી રેશન કાર્ડ હોય પણ રજૂ કરો. તમને *(xxx) જ યાદ આવે છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : ગૃહમાં કોઇનું પણ નામ લઇને આ રીતે વાત ના કરી શકાય. (અંતરાય) આપ નામ ના લો તો ના ચાલે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એમણે *(xxx) નામ દીધું છે. (અંતરાય) શ્રી પરેશભાઇ સાબિતી આપોને? (અંતરાય)

અધ્યક્ષશ્રી : સંતના નામનો ઉપયોગ કરો છો માનનીય આનંદભાઇ, આપે પૂછેલો પ્રશ્ન કાઢી નાખવામાં આવે છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : *(xxx) નામનો ઉલ્લેખ કરો છો, (અંતરાય) ખોટા અંગૂઠા મારી જતા હોય તો સાહેબ એની સાબિતી આપવી પડે. સંતોને બદનામ કરવાનું આ લોકોનું, મિશનરીઝનું કાવતરું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રીમતી વિભાવરીબેન તમે બેસી જાવને પણ (અંતરાય) (સતત ઘોંઘાટ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, હિંદુ સંતોને ખોટી રીતે બદનામ કરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, માનનીય નીતિનભાઇ ઊભા તો છે ને? (અંતરાય) શા માટે બધા ઊભા થઇ જાવ છો? (બંને પક્ષના સભ્યો ઊભા થઇ જતા) બધા બેસી જાવ, પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હિંદુ સાધુ, સંતોને, પૂજનીય વ્યક્તિઓને આ લોકો બદનામ કરે છે. સાહેબ, એમને કહો (અંતરાય) શા માટે *(xxx) નામ આપે છે?

અધ્યક્ષશ્રી : માનનીય આનંદભાઇ, (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, માફી માગવી પડે કાં તો રેકર્ડ રજૂ કરવું પડે. સાહેબ, આપ આદેશ આપો.

અધ્યક્ષશ્રી : મેં આનંદભાઇનો પ્રશ્ન કાઢી નાખ્યો છે. આપ માફી માગવાનું કહો.(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, માફી માગે અથવા પુરાવા રજૂ કરે. બે માંથી એક કરે સાહેબ, અને તમે શું સમજો છો? તમે સાધુ-સંતોને બદનામ કેમ કરો છો?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી પરેશભાઇ, આપ બેસી જાવ. બધા બેસી જાવ. પ્લીઝ, આપ બધા બેસી જાવ. પ્લીઝ, એક-બે મિનિટ માટે બેસી જાવ માનનીય પરેશભાઇ પ્લીઝ, ચાવડાજી પ્લીઝ, તમે બધા હિંદુ છો, હિન્દુસ્તાનમાં રહે એ બધા હિંદુ છે. માનનીય આનંદભાઇ હું આપને વિનંતી કરું છું કે, આપનો પ્રશ્ન પાછો ખેંચી લો અને દિલગીરી વ્યક્ત કરો. કોઇ સંતના નામનો આવા પ્રશ્નમાં ઉપયોગ કરાય નહીં. શ્રી આનંદભાઇ, મારે સભ્યશ્રીને વિનંતી કરવી છે. (અંતરાય) મારી વચ્ચે ન આવશો પ્લીઝ. મારે સભ્યશ્રીને વિનંતી કરવી છે. આપ બેસી જાવ. બેસી જાવ પ્લીઝ. (અંતરાય) શા માટે પણ? આ પ્રશ્નને ઇશ્યૂ ન બનાવો તમે બેસી જાવ. બેસી જાવ પ્લીઝ. શ્રી આનંદભાઇ, (અંતરાય) ગૃહના નેતાશ્રી ઊભા થયા છે. એમને કહેવા દો. માનનીય ગૃહના નેતાશ્રી ઊભા થયા છે. તમે બધા બેસો.(અંતરાય, સતત અંતરાય)

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : એમને ચોખવટ કરવાનો મોકો તો આપો સાહેબ.

અધ્યક્ષશ્રી : તક તો આપીને આપણે? તક આપી છે.(અંતરાય) એમણે ઘણી બધી વાત કીધી છે. બેસી જાવ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી સાદી સરળ વાત છે. માનનીય સભ્યશ્રીએ *(xxx) અનાજ લેવાય છે એવું કીધું છે એના પુરાવા રજૂ કરે અથવા માફી માંગે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બેસશો તો તમને બોલવા દઇશ પણ તમે બેસો તો ખરા. વિપક્ષના નેતાશ્રીને બોલવા દઇશ પહેલા બેસો તો ખરા. (અંતરાય) એમના પછી તમારું માઇક ચાલુ થશે. બેસો.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯
તારાંકિત પ્રશ્નો (ક્રમશઃ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પુરાવા રજૂ કરો.

શ્રી વિજય રૂપાણી : આ બધી દાદાગીરી છે. સાહેબ, આવું ચાલે કેવી રીતે? ગમે તેના નામે કહે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો બધા. બેસો તો ખરા, માઇક ચાલુ કરાવું છું. બેસવું નથીને આપને? બેસી જાવ બધા પ્લીઝ. પ્લીઝ બેસી જાવ. આપ પણ બેસી જાવ. ગૃહને જરા શાંત તો થવા દો. (અંતરાય) મેં પહેલા જ કીધું કે માનનીય ગૃહના નેતાશ્રી ઉભા થયા છે બોલવા દો. પછી તમને પણ તક મળશે. શું કરવા ઉભા થઇ જાવ છો પ્લીઝ.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, વાત ખાલી એટલી જ છે કે અહીંયા કોઇપણ આપણે વાત કરીએ *(XXX) જેવા (અંતરાય) સાંભળો, તમે બધા બેઠા બેઠા બોલો છો. (અંતરાય) મારું એટલું જ કહેવું છે કે સભ્ય જયારે પ્રશ્ન પૂછી રહ્યા છે. *(XXX) સમગ્ર ગુજરાત અને ભારતભરના એક મુખ્ય સંત છે. વૈશ્વિક સંત છે. એ એમ કહે છે કે *(XXX) અનાજ ઉપાડયું. વિપક્ષના નેતા એમ કહે છે કે એમના નામે અનાજ ઉધારાયું તો આ બધી વાત આપણે કરીએ છીએ તો એના નક્કર પુરાવા હોવા જોઇએ નહીંતર આ શબ્દો પાછા ખેંચવા જોઇએ આટલી જ વાત છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય ગૃહના નેતાને પણ વિનંતી કરવા માંગું છું આ ટીકા ટીપ્પણીનો વિષય નહોતો. (અંતરાય) હું ફરી એ જ બાબત ઉપર આવું છું. માનનીય *(XXX) પણ જે ઇલેક્ટ્રોનિક ફીંગર પ્રિન્ટ છે એનો દુરુપયોગ કરી અને એમના નામે સસ્તા અનાજની દુકાનેથી રાશનનો કે કેરોસીનનો જથ્થો ઉપાડવામાં આવ્યો હતો. માનનીય સાંસદ દર્શનાબેન જરદોશના નામે સુરતમાં પણ બારોબાર ફીંગર પ્રિન્ટનો દુરુપયોગ કરીને જથ્થો ઉપાડવામાં આવ્યો હતો. માનનીય દર્શનાબેને ફરિયાદ પણ કરી હતી અને અમે આ ગૃહમાં કીધું હતું કે આવા એક લાખ કરતા વધુ લોકોના નામે ઇલેક્ટ્રોનિક થમ્બ પ્રિન્ટથી બારોબાર આવો જથ્થો જે કોઇ કાળા બજારીયાઓ છે, અનાજ માફિયાઓ છે એ ઉપાડી સસ્તા અનાજનો જથ્થો એ મોંઘા ભાવે બજારમાં વેચી રહ્યા છે. મેં માનનીય મંત્રીશ્રીને ભૂતકાળમાં પત્ર પણ લખ્યો હતો અને વિધાનસભામાં કહ્યું હતું. આજે પણ મારી ગૃહના નેતાને વિનંતી છે, મારી પાસે ઇલેક્ટ્રોનિક ડેટા ઉપલબ્ધ પડ્યો છે. માનનીય નેતાશ્રી તૈયાર હશે તો આપ જ્યાં કહેશો ત્યાં આપની ઓફિસમાં આવી જઇશ. અમે ઇચ્છીએ કે સસ્તા અનાજનો જથ્થો જેમાં સરકાર સબસિડી આપે છે. ગરીબના ચૂલામાંથી કોળિયો ઝૂંટવનાર જે કોઇ લોકો હોય એની સામે સરકાર કાર્યવાહી કરવા માગે છે કે કેમ? અમારો આટલો જ પ્રશ્ન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇ વિદ્વાન છે.(અંતરાય) તમને શાંતિથી સાંભળ્યા છે. અમારી બહુ સરળ વાત છે. ગૃહમાં કોઇપણ આક્ષેપ થાય તો આપણા નિયમો છે, એ નિયમ પ્રમાણે આક્ષેપ કરનારે પુરાવા રજૂ કરવા જોઇએ. માનનીય મુખ્યમંત્રીશ્રીની આટલી સાદી વાત છે. *(XXX) એમના જિલ્લામાં અનાજ ઉપડ્યું હોય તો પુરાવા રજૂ કરે અથવા માફી માગે બેમાંથી એક વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના અધિકારની વાત છે. આપ પુરાવા માગો એવી અમારી નમ્ર વિનંતી છે. સમયસર પુરાવા ન આપે તો એમને ગૃહમાં માફી મંગાવો એવી અમારી વિનંતી છે. આ પ્રશ્નને અહીંયાં પૂરો કરો સાહેબ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ નિર્ણય લો. અમે પુરાવા આપવા માટે ગૃહના નેતાને પણ વિનંતી કરી છે અને ગરીબના ઘરે ચૂલો સળગશે. અનાજ માફિયાઓને જેર કરવાની સરકારની જવાબદારી છે. અનાજ માફિયાઓને જેર કરવાના બદલે વિરોધ પક્ષ ઉપર દબાણ ઊભું કરવા શા માટે મથી રહ્યા છો? અમે પુરાવા આપવા માટે તૈયાર છીએ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં દબાણની વાત આવતી નથી. તમે બધા સક્ષમ છો. કોઇ દબાણ નથી.

શ્રી વિજય રૂપાણી : મારી વાત આટલી જ છે. પ્રશ્ન જનરલ કોઇપણ ગરીબના નામે કોઇપણ માફિયા અનાજ લઇ જાય એની ચર્ચા માટે અમે ખુલ્લા મનથી તૈયાર જ છીએ. શ્રી પરેશભાઇ વારંવાર વાત કરે છે. મૂળ વાતથી વાતને ડીફર કરે છે. અમારો વાંધો એટલો જ છે કે *(XXX) શ્રીમતી દર્શનાબેન જેવા દસ નામ આપોને અમને વાંધો નથી. પણ *(XXX) નામની વાત કરે છે. પુરાવા આપવા જોઇએ અને પછી વાત કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નને ગંભીરતાથી લેવો જોઇતો હતો. હું નિર્ણય લઇશ.(અંતરાય) બેસી જાઓ. પ્લીઝ, આમાં કોઇ જવાબની જરૂરિયાત રહેતી નથી. પ્રશ્ન ક્રમાંકઃ૪ શ્રી અમરીષ ડેર. (અંતરાય) ગૃહ જરા શાંત થાય. શ્રી અમરીષભાઇનો પ્રશ્ન રહી જશે.

તારાંકિત પ્રશ્નો (ક્રમશઃ)

**રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં પેકેજીંગ અને પ્રોસેસીંગ પ્લાન્ટ ન હોવા બાબત**

*૧૬૯૯૭ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી | (૧) હા, જી. |

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં મત્સ્ય ઉત્પાદનના પેકેજીંગ અને પ્રોસેસીંગ પ્લાન્ટ ન હોવાના કારણે માછીમારોને દૂરના સ્થળે પેકેજીંગ અને પ્રોસેસીંગ કરવા જવું પડે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો ઉક્ત તાલુકાઓમાં પેકેજીંગ અને પ્રોસેસીંગ પ્લાન્ટ સ્થપાય તે માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) રાજ્યમાં દરિયાઈ સાધનો પૂરા પાડવા અન્ય પૂર્વ જરૂરી સવલતો પૂરી પાડવા અંગેની યોજના હેઠળ મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ દ્વારા નવા પ્રોસેસીંગ યુનિટની સ્થાપના કરવા માટેનો ઘટક અમલમાં છે. આ યોજનામાં પ્રોસેસીંગ યુનિટની સ્થાપના માટેની યુનિટ કોસ્ટ રૂ.૧૦૦૦.૦૦ લાખના ૫૦% રૂ.૫૦૦.૦૦ લાખ અથવા ખરેખર ખર્ચની સામે મહત્તમ રૂ.૫૦૦.૦૦ લાખની સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મધ્યમથી માનનીય મંત્રીશ્રીને બે પ્રશ્નો પૂછવા ઇચ્છું છું કે કોઇ સહકારી સંસ્થા આ યોજનાનો લાભ લેવા માટે આગળ ન આવતી હોય તો કોઇ ખાનગી સાહસિકોને આ લાભ સરકાર આપવા ઇચ્છે છે કે કેમ? બીજો પ્રશ્ન જાફરાબાદ બંદર ઉપર મોટા ભાગે સૂકવેલી માછલીઓનો ધંધો વધુ છે તો આ બાબતે સૂકવેલી માછલીનો ધંધો વધુ છે તો એને વેગવંત બનાવવા માટે કોઇ યોજના અમલમાં લાવવા ઇચ્છો છો કે કેમ?

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીના પ્રશ્ન અંગે ધ્યાને લઇને રાજ્ય સરકારે ૨૦૧૯–૨૦ના બજેટને નવી બાબતો તરીકે ખાનગી સાહસિકોને પ્રોસેસિંગ યુનિટ સ્થાપવાની ૫૦ ટકા સહાય આપવાની યોજના ચાલુ વર્ષના બજેટમાં રજૂ કરેલ છે. જે બાબતે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તેમના બજેટ પ્રવચનમાં આ નવી બાબતોનો સમાવિષ્ટ કરી આ માછીમારોના ઉદ્યોગમાં વિકાસ માટે સીમાચિહ્નરૂપ જાહેરાત કરેલ છે. જે સૌ માટે ગૌરવ સમાન છે. રાજુલા, જાફરાબાદમાં બોમ્બે ડક અને કોઇલી જાતની ૮૦ ટકા માછલીઓ પકડાય છે. જેની સૂકવણી માટે સરકારશ્રીના સોલર ડ્રાયરની ખરીદી માટે સહાય આપવાની યોજના અમલમાં છે. નાની સોલર ડ્રાયરની ખરીદી ઉપર યુનિટ કોસ્ટ રૂ.૧.૫ લાખના ૫૦ ટકા લેખે મહત્તમ રૂ.૭૫,૦૦૦/– અથવા ખરેખર ખરીદ કિંમતના ૫૦ ટકા બેમાંથી જે ઓછું હોય તે આપવાની યોજના છે. મોટા સોલર ડ્રાયરની ખરીદી ઉપર યુનિટ ઉપર કોસ્ટ રૂ.૨૦/– લાખના ૫૦ ટકા લેખે રૂ.૧૦ લાખ અથવા ખરેખર ખરીદ કિંમતના ૫૦ ટકા લેખે બેમાંથી જે ઓછું હોય તે આપવાની યોજના છે.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મત્સ્ય ઉત્પાદક પેકેજિંગ અને પ્રોસેસીંગ યુનિટની સ્થાપના માટે અરજી કોને કરવાની હોય છે અને અરજી સાથે કયા કયા સાધનિક કાગળો જોડવાના હોય છે અને અરજી મંજૂર કરવાની સત્તા કોને હોય છે?

શ્રી જવાહરભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, આ યોજનાનો લાભ લેવા ઇચ્છતી મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીએ સંબંધિત જિલ્લાની મત્સ્યોદ્યોગ કચેરીને અરજી કરવાની રહે છે. આ અરજી સાથે રજૂ કરવાના સાધનિક કાગળોની વિગતો જણાવું તો આ અરજી સાથે સહકારી મંડળીએ જે તે વર્ષનો ઓડિટ વર્ગ–અ અથવા બ વર્ગ ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. માલિકીની જમીન ધરાવતા અંગેનો ૭–૧૨ના ઉતારાની તથા ૮–અની નકલ સાથે જોડવી જરૂરી હોય છે અથવા મત્સ્યોદ્યોગ મંડળી પાસે ગામતળની જમીન હોય તો નમૂના નં.૨ની નકલ સાથે જોડવી ફરજિયાત છે. માલિકીની જમીન ન હોય તો દસ વર્ષનો ભાડા કરાર દસ્તાવેજ સાથે રજૂ કરવાનો હોય છે. પ્રોજેક્ટ રિપોર્ટ અને પ્લાન એસ્ટીમેટની નકલ સાથે જોડવાની હોય છે. આ ઉપરાંત જિલ્લા મત્સ્યોદ્યોગ અધિકારીના અભિપ્રાય સાથેની અરજી સ્ક્રુટીની પછી રાજ્ય સહાય સમિતિએ મંજૂર કરવાની થાય છે. જેની મંજૂરી રાજ્યના મત્સ્યોદ્યોગ કમિશનર આપે છે.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે, રાજુલા અને જાફરાબાદમાં પ્રોસેસીંગ અને પેકેજીંગ યુનિટ માટેની વાત છે. રાજુલા જાફરાબાદને અડીને મારો વિસ્તાર આવે છે. ૧૬૦૦ કિલોમીટરના દરિયામાં જયાં દરિયો ખૂબ ઊંડો છે અને માછીમારીની ખૂબ શક્યતાઓ રહેલી છે. તેવો દરિયા કિનારો મારા વિધાનસભા વિસ્તારમાં છે ત્યારે ખૂબ મોટા પ્રમાણમાં સાગરખેડૂઓ માછીમારીનો ધંધો કરે છે તેવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મત્સ્યોદ્યોગના પ્રોસેસીંગ અને પેકેજીંગનું યુનિટ બનાવવું હોય તો તેના માટેની સહાય ચૂકવવાની પદ્ધતિ શું છે?

શ્રી જવાહરભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જે તે મંડળી માટે મંજૂર કરવામાં આવનાર બાંધકામ માટેના માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર.ના નકશા મુજબ અંદાજો રજૂ કરીને જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના સક્ષમ અધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહે છે. સિવિલ વર્કના દરેક તબક્કે સ્થાનિક માર્ગ અને મકાન વિભાગના એન્જિનિયર અથવા સરકારશ્રીના માન્ય ઇજનેરનું પ્રમાણપત્ર મેળવવાનું રહે છે. આ સહાય છ તબક્કામાં ચૂકવવામાં આવે છે.

પ્રથમ તબક્કામાં પ્લિન્થ લેવલ સુધીની કામગીરી માટે પાંચ ટકા સહાય, બીજા તબક્કામાં સ્લેબ લેવલની કામગીરી માટે પચ્ચીસ ટકા, ત્રીજા તબક્કામાં બાંધકામ પૂર્ણ થયેથી વીસ ટકા, ચોથા તબક્કામાં મશીનરી સ્થળ ઉપર આવ્યેથી દસ ટકા, પાંચમા તબક્કામાં મશીનરીનું ઇન્સપેકશનની કામગીરી પૂર્ણ થાય એટલે પંદર ટકા અને છઠ્ઠા તબક્કામાં મશીનરીનું સંપૂર્ણ ઇન્સ્ટોલેશન થાય ત્યારે અને પ્લાન્ટ તૈયાર થાય ત્યારે પચ્ચીસ ટકા સહાય આપવામાં આવે છે. નિયમાનુસાર સહાયની ચૂકવણી મહત્તમ રૂ.પાંચ કરોડની મર્યાદામાં જે તે લાભાર્થી મંડળીના બેન્ક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ ધંધા સાથે જે માછીમારો સંકળાયેલા છે અને પ્રોસેસીંગ યુનિટ માટે મંડળીઓને સહાય આપવાની વાત છે તેની જગ્યાએ સરકાર પોતે સો ટકા પ્રોસેસીંગ યુનિટ જાફરાબાદમાં કરવા માગે છે કે કેમ? જેથી કરીને સરકાર આવું કરે તો સ્થાનિક લોકોને સારી રોજગારી મળી રહે અને તેમને બહાર જવું ન પડે.

શ્રી જવાહરભાઇ ચાવડા : માનનીય સભ્યશ્રીનું સારુ સૂચન છે.

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં સીમતલાવડીઓ બનાવવા માટે મળેલ અરજીઓ**

*૧૬૯૦૭ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર સીમતલાવડીઓ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર અરજીઓ પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) મળેલ અરજીઓ

| અ.નં. | તા.૦૧–૦૬–૧૭થી તા.૩૧–૦૫–૧૮ | તા.૦૧–૦૬–૧૮થી તા.૩૧–૦૫–૧૯ | કુલ |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૧૮૫ | ૦ | ૧૮૫ |
| કચ્છ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| **કુલ** | **૫૫૯** | **૦** | **૫૫૯** |

નોંધઃ ઉપર દર્શાવેલ અરજીઓની સંખ્યા એ મળેલ અરજીઓની સંખ્યા દર્શાવે છે.

(૨) મંજૂર અને નામંજૂર કરેલ અરજીઓઃ

| અ.નં. | તા.૦૧–૦૬–૧૭થી તા.૩૧–૦૫–૧૮ | | તા.૦૧–૦૬–૧૮થી તા.૩૧–૦૫–૧૯ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | **મંજૂર** | **નામંજૂર** | **મંજૂર** | **નામંજૂર** | **મંજૂર** | **નામંજૂર** |
| બનાસકાંઠા | ૨૬ | ૧૫૯ | ૦ | ૦ | ૨૬ | ૧૫૯ |
| કચ્છ | ૪૯ | ૦ | ૬ | ૦ | ૫૫ | ૦ |
| **કુલ** | **૭૫** | **૧૫૯** | **૬** | **૦** | **૮૧** | **૧૫૯** |

**નોંધઃ** મળેલી કુલ અરજીઓ પૈકી તેની પાત્રતા અને બિન–પાત્રતા નિયત થયા બાદ કામગીરીની પાત્રતા ધરાવતી અરજીઓ પૈકીની મંજૂર/નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા ઉપર દર્શાવેલ છે. બિનપાત્રતા ધરાવતી અરજીઓ ઉપરોક્ત આંકડાકીય માહિતીમાં બાકાત રહેવા પામે છે.

વધુમાં, અગાઉના વર્ષની અરજી કેરી–ફોરવર્ડના કાન્સેપ્ટ

(૩) ચૂકવેલ સહાયઃ

| અ.નં. | તા.૦૧–૦૬–૧૭થી તા.૩૧–૦૫–૧૮ | તા.૦૧–૦૬–૧૮થી તા.૩૧–૦૫–૧૯ | કુલ ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૧૦૩.૪૩ | ૦.૦૦ | ૧૦૩.૪૩ |
| કચ્છ | ૧૯૩.૦૭ | ૦.૦૦ | ૧૯૩.૦૭ |
| **કુલ** | **૨૯૬.૫૦** | **૦.૦૦** | **૨૯૬.૫૦** |

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેત તલાવડી વાત પરમ દિવસે ઘણી થઇ ગઇ છે અને જવાબ આપ્યો છે તે બરાબર છે. પરંતુ પેટા પ્રશ્ન એવો છે કે, બનાસકાંઠા જિલ્લામાં ખેત તલાવડીનો જે રિપોર્ટ મોકલ્યો છે તેમાં જે ભ્રષ્ટાચાર થયેલ છે તો તેના ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના ધ્યાને મૂકું કે આ સવાલ ખેત તલાવડીનો નથી સીમ તલાવડીનો છે. સીમ તલાવડીમાં વાત કરી તો તેમાં જે કેસો મંજૂર કર્યા છે અને સહાય ચૂકવી છે તેનાથી સભ્યશ્રીને

સંતોષ છે. તે કહે છે કે બધુ બરાબર છે. આ સરકાર આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ ક્યાંય કોઇ કચાશ રાખવા માગતી નથી. આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જે કોઇ લાગતા વળગતા અધિકારીઓ હોય તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની વાત કરી છે અને તેની સામે પોલીસ ફરિયાદો પણ કરી છે. તેની મિલકત ટાંચમાં લેવાની પણ કાર્યવાહી કરી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીકાળનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ**

૧૬૯૯૦ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કેટલી વખત રેડ કરવામાં આવી,

(૨) તે અન્વયે ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કેટલી વ્યક્તિઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૩) કેટલા વ્યક્તિઓ સામે પીબીએમ કેસો કરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૭–૧૮ | વર્ષ ૨૦૧૮–૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૪૧ | ૬૭ | ૧૦૮ |
| ૨ | ભાવનગર | ૨૯૩ | ૩૧૫ | ૬૦૮ |
| | **કુલ** | **૩૩૪** | **૩૮૨** | **૭૧૬** |

(૨) ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કુલ ૧૫૭ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ.૯,૩૪,૦૫૧/– નો પુરવઠો રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૨) રૂ.૨,૦૩,૫૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૩) રૂ.૨૫,૬૮,૬૪૭/– નો દંડ કરવામાં આવેલ છે.

(૪) ૨૯ (ઓગણત્રીસ) પરવાના મોકુક કરવામાં આવેલ છે.

(૫) ૧૮ (અઢાર) પરવાના રદ કરવામાં આવેલ છે.

(૬) ૯ (નવ) કોર્ટકેસ

(૩) ૫ (પાંચ) વ્યક્તિ સામે પીબીએમ કેસ કરવામાં આવેલ છે.

---------

**તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના**

૧૩૭૨૪ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત તાપી જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા,

(૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી છે, અને

(૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) ૨૦૮૬

(૨) રૂ. ૮૩,૪૩,૭૦૦/–

(૩) સહાય ચૂકવવાની બાકી નથી.

---------

**પાટણ એ.આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો**

૧૪૪૨૮ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ એ.આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં કેટલા નવા વાહનો નોંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) પાટણ એ.આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં ૨૪,૯૭૫ નવા વાહનો નોંધવામાં આવ્યા.

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ?

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન રૂ. ૧૮.૭૯ કરોડની આવક થઈ.

---------

**દાહોદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ**

૧૩૭૦૧ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૨૫

(૨) રૂ. ૧૩,૨૦,૧૦૦/-

---------

**ખેડા અને નવસારી જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ**

૧૭૦૨૩ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કેટલી વખત રેડ કરવામાં આવી,

(૨) તે અન્વયે ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કેટલી વ્યક્તિઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૩) કેટલા વ્યક્તિઓ સામે પીબીએમ કેસો કરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ખેડા | ૩૭૪ | ૮૭૯ | ૧૨૫૩ |
| ૨ | નવસારી | ૨૪૬ | ૧૮૪ | ૪૩૦ |
| | **કુલ** | **૬૨૦** | **૧૦૬૩** | **૧૬૮૩** |

(૨) ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કુલ ૬૨૨ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ.૬,૫૨,૧૮૨/- નો પુરવઠો રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૨) રૂ.૧૦,૧૧,૮૧૯/- પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૩) રૂ.૧૬,૮૭,૨૩૫/- નો દંડ કરવામાં આવેલ છે.

(૪) ૧૨ (બાર) પરવાના મોકુક કરવામાં આવેલ છે.

(૫) ૫ (પાંચ) પરવાના રદ કરવામાં આવેલ છે.

(૩) કોઈપણ વ્યક્તિ સામે પીબીએમ કેસ કરવામાં આવેલ નથી.

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ/બગાડ થતો અટકાવવા બાબત**

૧૬૯૧૯ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર અનાજ સંગ્રહ કરવાના ગોડાઉનોમાં કેટલા અનાજનો નાશ થયો અને કેટલું બગડી ગયું કે બિનઉપયોગી થયું,

(૨) તેના કારણો શાં છે અને તે માટે જવાબદારો સામે શાં પગલા લીધા, અને

(૩) સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ/બગાડ

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં અનાજ સંગ્રહ કરવાના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. હસ્તકના સરકારી ગોડાઉનોમાં અનાજના કોઈ જથ્થાનો નાશ, બગાડ થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.

થતો અટકાવવા શી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે?

હસ્તકના સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ બગાડ અટકાવવા નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- સરકારી ગોડાઉનોનું બાંધકામ વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે છે, જેમાં અનાજનો સંગ્રહ સાયન્ટીફીક પધ્ધતિથી કરવામાં આવે છે.
- ગોડાઉનોને જંતુનાશક દવાના છંટકાવ કરીને તેના ભોંયતળીયાને જંતુમુક્ત કરવામાં આવે છે.
- ભોંયતળીયે ડનેજશીટને પાથર્યા બાદ જ અનાજના જથ્થાનું સ્ટેકીંગ કરવામાં આવે છે. ડનેજનો ઉપયોગ ગોડાઉનોમાં ખૂબ જ આવશ્યક હોઈ ડનેજ પુરા પાડતા સપ્લાયરની નિમણુક ટેંડર પધ્ધતિ દ્વારા નિગમ દ્વારા નિમણુક કરવામાં આવે છે, જ્યાંથી જીલ્લાઓ તેમની જરૂરીયાત મુજબથી ડનેજની ખરીદી કરે છે.
- આજુબાજુથી સાફ સફાઈ તથા સેમ્પલ લઈ શકાય તે રીતે સ્ટેકીંગ દીવાલથી તથા બે સ્ટેક વચ્ચે ૨ થી ૩ ફૂટનું અંતર રાખવામાં આવે છે.
- અનાજનો સ્વીકૃત જથ્થાને પૂરતી હવા ઉજાસ મળી રહે તથા ભેજ ના રહે તે માટે ગોડાઉનના બારી બારણાં ચોમાસા સિવાયની ઋતુમાં દિવસે ખુલ્લા રાખવામાં આવે છે.
- ગોડાઉનમાં નિયમિત સાફ સફાઈ તથા બાવાજાળા દૂર કરવાની કામગીરી કરવામાં આવે છે.
- ગોડાઉનમાં પક્ષીઓના માળા તથા તેમના થકી નુકસાન ના થાય તે માટે બર્ડ ગાર્ડ જાળીઓ મૂકવામાં આવે છે.
- ગોડાઉનની આજુબાજુથી નકામી ઊગી નીકળેલા ઝાડી–ઝાંખરાને નિયમીત દૂર કરીને સફાઈ રાખવામાં આવે છે.
- અનાજની ગુણવત્તા જળવાઈ રહે તે માટે તેને જરૂરીયાત મુજબથી પેસ્ટ કંટ્રોલની ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. આ કામગીરી માટે નિગમ દ્વારા પેસ્ટ કંટ્રોલની કામગીરી માટે થર્ડ પાર્ટીની નિમણુક ટેંડર પધ્ધતિથી કરવામાં આવે છે.
- ગોડાઉનોમાં ઉંદરના દરને બરો ફ્યુમીગેશનની પ્રક્રીયા દ્વારા દૂર કરીને અનાજને થતું નુકસાન અટકાવવાની કામગીરી કરવામાં આવે છે.
- વરસાદી ઋતુમાં અનાજના જથ્થાની જાળવણી માટે વિશેષ માવજતની જરૂરીયાત રહે છે, જે માટે ગોડાઉન મેનેજરોને વખતો વખત સુચનાઓ તથા માર્ગદર્શન આપવામાં આવે છે.
- ગોડાઉનોમાં અનાજની આવક થાય ત્યારે અને જાવક થાય ત્યારે અનાજના જથ્થાની હેરફેર વખતે વેરામણ ના થાય તે માટે કાળજી રાખવામાં આવે

છે, છતાં થયેલા વેરામણને પાલાબેગમાં રાખવામાં આવે છે.

- ગુણવત્તાયુક્ત અનાજ અંતિમ વપરાશકારને મળી રહે તે માટે FIFO (First In First Out) પધ્ધતિથી અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.
- દરેક જીલ્લામાં નાયબ જીલ્લા મેનેજરશ્રીઓ તથા ડીજીઆઈશ્રીઓ દ્વારા જીલ્લાના ગોડાઉનોની નિયત પધ્ધતિથી મુલાકાત લઈને ગુણવત્તાની જાણકારી તથા તેના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) રૂ. ૨૭.૮૧ લાખ

(૨) રૂ. ૨૭.૮૧ લાખ

**કાળાબજાર અટકાવવા કરેલ રેડ**

અતારાંકિત પ્રશ્નો

૧૭૦૨૭ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેરોસીન/ અનાજના કાળાબજાર અટકાવવા કેટલી વખત રેડ કરવામાં આવી,

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૭– ૧૮ | વર્ષ ૨૦૧૮– ૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૧૮ | ૫૨૬ | ૭૪૪ |
| ૨ | ભરૂચ | ૫૨૪ | ૪૮૫ | ૧૦૦૯ |
| | **કુલ** | **૭૪૨** | **૧૦૧૧** | **૧૭૫૩** |

(૨) તે અન્વયે ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કેટલી વ્યકિતઓ સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કુલ–૬૯૯ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ.૧,૬૩,૧૦૬/– નો પુરવઠો રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૨) રૂ.૪,૭૦,૬૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૩) રૂ.૪૦,૧૮,૮૪૦/– નો દંડ કરવામાં આવેલ છે.

(૪) ૧૬ (સોળ) પરવાના મોકુફ કરવામાં આવેલ છે.

(૫) ૪ (ચાર) પરવાના રદ કરવામાં આવેલ છે.

(૩) કેટલા વ્યકિતઓ સામે પીબીએમ કેસો કરવામાં આવ્યા ?

(૩) કોઈપણ વ્યકિત સામે પીબીએમ કેસ કરવામાં આવેલ નથી.

---------

**રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાની સહાય અરજીઓ**

૧૩૭૨૯ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સને ૨૦૧૮ના વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ આવી, | (૧) ૧૩૨ અરજીઓ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૩ અરજીઓ |
| (૩) તે પૈકી ઉક્ત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૮૩.૦૦/– લાખ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ માટે સહાય**

૧૩૭૧૪ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) લાભાર્થીઓની સંખ્યા – ૪૧<br>ચૂકવેલ સહાય – ૩૮,૩૪,૮૦,૮૦૫<br>(અંકે રૂપિયા આડત્રીસ કરોડ ચોત્રીસ લાખ એંસી હજાર આઠસો પાંચ પૂરા) |

---------

**સાવરકુંડલા તાલુકામાં બાકી પાક વીમો ચુકવવા બાબત**

૧૬૯૯૪ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં ખરીફ–૨૦૧૮નો પાક વીમો કેટલા ખેડૂતોને ચૂકવવાનો બાકી છે, | (૧) ઉક્ત સ્થિતિએ ખરીફ–૨૦૧૮ના ચુકવવાપાત્ર દાવા ચુકવવામાં આવેલ છે. |
| (૨) આ બાકી પાક વીમો ન ચૂકવવાના કારણ શા | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

છે, અને

(૩) ક્યાં સુધીમાં બાકી પાક વીમો ચૂકવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં આજવામાં થીમપાર્ક વિકસાવવા બાબત**

૧૪૪૬૧ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જિલ્લા ખાતે પ્રવાસનના ભાગરૂપે આવેલ આજવામાં થીમપાર્ક વિકસાવવાની વાત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો રાજ્ય સરકારએ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવી,

(૨) વડોદરા જિલ્લા ખાતે પ્રવાસનના ભાગરૂપ આવેલ આજવા થીમ પાર્કને વિકસાવવા માટે પી.પી.પી ધોરણના ભાગરૂપે રૂપિયા ૮૮.૦૪ કરોડ ફાળવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ થયેલ ખર્ચ નીચે મુજબ છે.

(રૂપિયા કરોડમાં)

| **ક્રમ** | **સ્થળનું નામ** | **તા.૦૧–૦૪–૧૭ થી ૩૧–૩–૧૮** | **૧–૪–૧૮ થી ૩૧–૩–૧૯** |
|---|---|---|---|
| ૧ | આજવા ગાર્ડન | ૫૭.૮૫ | ૫૬.૪૫ |

(૪) તેમાં કઈ સુવિધાઓ વિકસાવવાની છે?

(૪) તેમાં નીચે મુજબની સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે.

(૧) એમ્યુઝમેન્ટ પાર્ક– જુદી જુદી કેટેગરીની ૪૩ રાઈડ્સ સાથે.
(૨) વોટર લેસર શો.
(૩) મ્યુઝીકલ ફાઉન્ટેન.
(૪) સી.સી.ટીવી કેમેરા.
(૫) પાર્કિંગ.
(૬) વૃન્દાવન ગાર્ડનનો વિકાસ.
(૭) શૌચાલય
(૮) ટીકીટ બારી.
(૯) સમગ્ર એરિયામાં મ્યુઝીકલ સીસ્ટમ.
(૧૦) ડેકોરેટીવ ગેટ.
(૧૧) રેસ્ટોરન્ટ.
(૧૨) પીવાના પાણીની સુવિધા.
(૧૩) ગાર્ડન.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં માનવદિન રોજગારી**

૧૪૩૬૮ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગાર ઉપલબ્ધ કરાવવાની હતી,

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી,

| ક્રમ | નાણાંકીય વર્ષ | ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૩૧,૧૨,૩૧૫ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૨૭,૯૩,૪૨૯ |
| | કુલ | ૫૯,૦૫,૭૪૪ |

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| ક્રમ | નાણાંકીય વર્ષ | ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૨૫,૮૩,૬૨૧ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૨૮,૫૪,૯૭૩ |
| | કુલ | ૫૪,૩૮,૫૯૪ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ક્રમ** | **નાણાંકીય વર્ષ** | **મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૯,૦૪,૫૭૧ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૦,૬૪,૪૯૩ |
| | **કુલ** | **૧૯,૬૯,૦૬૪** |

---------

**સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ**

૧૬૯૫૩ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર જંતુનાશક દવાઓના લેવામાં આવેલ નમુનાઓ પૈકી કેટલા નમુનાઓ બિનપ્રમાણિત થયા, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **જિલ્લાનું નામ** | |
|---|---|---|---|
| | | **સુરેન્દ્રનગર** | **પોરબંદર** |
| ૧ | તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ | ૨ | ૧ |
| ૨ | તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ | ૬ | ૨ |

(૨) બિનપ્રમાણિત દવાઓ વેચનાર અને દવા બનાવવનાર કંપની સામે શા પગલાં લેવામાં આવ્યા?

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં ૭ કોર્ટકેસ કરેલ છે, અને ૧ ની સામે કાર્યવાહી પ્રગતિમાં છે, જ્યારે પોરબંદર જિલ્લામાં ૨ કોર્ટકેસ કરેલ છે, અને ૧ની સામે કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

**રાજ્યમાં વાહનવ્યવહાર માટે મીની બસો ખરીદવા બાબત**

૧૭૮૭૨ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાહન વ્યવહાર માટે કેટલી મીની બસો ખરીદવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાહન વ્યવહાર માટે નીચે મુજબ મીની બસો ખરીદવામાં આવેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **ખરીદેલ મીની બસો** |
|---|---|---|
| ૧ | ૦૧-૦૬-૧૭ થી ૩૧-૦૫-૧૮ | ૫૭૫ |
| ૨ | ૦૧-૦૬-૧૮ થી ૩૧-૦૫-૧૯ | ૨૫૦ |

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) તેની પાછળ વર્ષવાર કરેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | કરેલ ખર્ચની વિગતો (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૦૧-૦૬-૧૭ થી ૩૧-૦૫-૧૮ | ૧૧૧.૦૦ |
| ૨ | ૦૧-૦૬-૧૮ થી ૩૧-૦૫-૧૯ | ૪૮.૦૦ |

---------

**અમદાવાદ શહેરમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાડવા માટેના કાર્યરત સેન્ટરો**

૧૬૩૬૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં વાહનોમાં હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન પ્લેટ નંબર પ્લેટ લગાડવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ શહેરમાં આવી નંબર પ્લેટ લગાડવા માટેના સેન્ટરો કેટલા કાર્યરત છે,

(૩) ખાનગી સેન્ટરો પર એચએસઆરપી નંબર પ્લેટ લગાડવા માટે વધારે પૈસા લેવામાં આવતી હોવાની કેટલી ફરિયાદ સરકારને મળી, અને

(૪) ખાનગી સેન્ટરો દ્વારા સરકાર દ્વારા નક્કી કરેલ ભાવ લઈ જ એચએસઆરપી નંબર પ્લેટ લગાડવા માટે સરકારે શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આર.ટી.ઓ. અમદાવાદ, એ.આર.ટી.ઓ વસ્ત્રાલ ઉપરાંત ખાનગી ડીલરો ખાતે ૧૫૦ સેન્ટરો કાર્યરત છે.

(૩) ખાનગી સેન્ટરો પર એચએસઆરપી નંબર પ્લેટ લગાડવા માટે વધારે પૈસા લેવામાં આવતી હોવાની ૩ (ત્રણ) ફરિયાદ મળી.

(૪)

(૧) તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીઓ ખાતે નોડલ ઓફીસરની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૨) નોડલ અધિકારી મારફતે દરરોજ વાહનો પર લાગતી પ્લેટો પૈકી ૫% પ્લેટોનું ચેકીંગ થાય તે બાબતની સૂચના આપવામાં આવેલ છે.

(૩) દરેક કચેરીએ મોટરીંગ પબ્લીકની નજર સમક્ષ રહે તે મુજબ ફરિયાદ રજીસ્ટર નિભાવવા માટે સુચના આપવામાં આવેલ છે.

---------

**વિરપુર બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૧૩૬૯૬ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લાની વિરપુર બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) ''૦'' (શૂન્ય)

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં સીમતલાવડીઓ બનાવવા મળેલ અરજીઓ**

અતારાંકિત પ્રશ્નો

૧૭૦૧૨ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર સીમતલાવડીઓ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૧) મળેલ અરજીઓ

| અ.નં. | તા.૦૧/૦૬/૧૭ થી તા.૩૧/૦૫/૧૮ | તા.૦૧/૦૬/૧૮ થી તા.૩૧/૦૫/૧૯ | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૪ | ૦ | ૪ |
| ખેડા | ૫૯ | ૦ | ૫૯ |
| **કુલ** | **૬૩** | **૦** | **૬૩** |

**નોંધઃ** ઉપર દર્શાવેલ અરજીઓની સંખ્યા એ મળેલ અરજીઓની સંખ્યા દર્શાવે છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર અને નામંજૂર અરજીઓઃ

| અ.નં. | તા.૦૧/૦૬/૧૭ થી તા.૩૧/૦૫/૧૮ | | તા.૦૧/૦૬/૧૮ થી તા.૩૧/૦૫/૧૯ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| આણંદ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ખેડા | ૨૪ | ૦ | ૦ | ૦ | ૨૪ | ૦ |
| **કુલ** | **૨૫** | **૦** | **૦** | **૦** | **૨૫** | **૦** |

**નોંધઃ** મળેલી કુલ અરજીઓ પૈકી તેની પાત્રતા અને બિન–પાત્રતા નિયત થયા બાદ કામગીરીની પાત્રતા ધરાવતી અરજીઓ પૈકીની મંજૂર/નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા ઉપર દર્શાવેલ છે. બિનપાત્રતા ધરાવતી અરજીઓ ઉપરોક્ત આંકડાકીય માહિતીમાં બાકાત રહેવા પામે છે.

(૩) મંજૂર અરજીઓ પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) ચૂકવાયેલ સહાય (રૂ.લાખમાં)

| અ.નં. | તા.૦૧–૦૬–૧૭ થી તા.૩૧–૦૫–૧૮ | તા.૦૧–૦૬–૧૮ થી તા.૩૧–૦૫–૧૯ | કુલ ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| આણંદ | ૧૪૦.૯૬ | ૦.૦૦ | ૧૪૦.૯૬ |
| ખેડા | ૨૩.૧૨ | ૦.૦૦ | ૨૩.૧૨ |
| **કુલ** | **૧૬૪.૦૮** | **૦.૦૦** | **૧૬૪.૦૮** |

**નોંધઃ** આણંદ જિલ્લામાં થયેલ ૩૪ સીમતલાવડીના ચુકવણા પૈકી ૩૩ સીમતલાવડીની મંજૂરી અગાઉના સમયમાં આપેલ હોઈ, જેની કામગીરી કરેલ હોવાથી તેના ચુકવણા આગળના વર્ષની મંજૂરી આધારે કરેલ છે.

**મોરબી અને રાજકોટ જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ**

૧૬૯૫૮ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેરોસીન/ અનાજના કાળાબજાર અટકાવવા કેટલી વખત રેડ કરવામાં આવી,

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૭– ૧૮ | વર્ષ ૨૦૧૮– ૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મોરબી | ૪૧ | ૧૪૧ | ૧૮૨ |
| ૨ | રાજકોટ | ૧૨૦ | ૧૦૭ | ૨૨૭ |
| | **કુલ** | **૧૬૧** | **૨૪૮** | **૪૦૯** |

(૨) તે અન્વયે ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કેટલી વ્યકિતઓ સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કુલ–૬૬ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ.૨.૯૫,૧૪૬/- નો પુરવઠો રાજ્યસાત કરવામાં આવેલ છે.
(૨) રૂ.૧,૯૯,૩૦૦/- પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવેલ છે.
(૩) રૂ.૬૦,૧૭૪/- નો દંડ કરવામાં આવેલ છે.
(૪) ૪ (ચાર) પરવાના મોકુફ કરવામાં આવેલ છે.
(૫) ૩ (ત્રણ) પરવાના રદ કરવામાં આવેલ છે.

(૩) કેટલા વ્યકિતઓ સામે પીબીએમ કેસો કરવામાં આવ્યા ?

(૩) કોઈપણ વ્યકિત સામે પીબીએમ કેસ કરવામાં આવેલ નથી.

---------

**મહેસાણા જિલ્લામાં ચૂકવેલ કેપીટલ ગોડાઉન સહાય**

૧૩૭૧૧ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં ૨૫ ટકા કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) તેનાથી રાજ્યની સંગ્રહ સંખ્યામાં કેટલો વધારો થયો?

**જવાબ**

(૧) રૂ. ૦૭,૨૩,૨૫૦/-

(૨) ૩ ગોડાઉનનો.

**બનાસકાંઠા જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય**

૧૩૭૪૦ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૮-૧૯ માં બનાસકાંઠા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૩,૯૧,૦૯,૭૮૪/- (અંકે રૂપિયા ત્રણ કરોડ એકાણું લાખ નવ હજાર સાતસો ચોર્યાસી પુરા)

**મહેસાણા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ**

૧૩૬૯૯ **ડૉ. આશાબેન પટેલ** (ઉંઝા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૫૮

(૨) રૂ.૪૮,૮૧,૦૦૦/-

**આણંદ અને ખેડા જિલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી**

૧૭૦૦૩ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી મનરેગા યોજના અન્વયે કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી મનરેગા યોજના અન્વયે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ રકમ રાજ્ય સરકારને મળી.

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | નાણાકીય વર્ષ | લેબર ગ્રાન્ટની વિગત | મટિરિયલ ગ્રાન્ટની વિગત | કેન્દ્ર તરફથી મળેલ કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૬૦૨૮૮.૩૨ | ૨૨૨૧૬.૭૫ | ૮૨૫૦૫.૦૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૨૦૧૮-૧૯ | ૭૭૨૩૩.૫૧ | ૨૮૮૪૬.૪૮ | ૧૦૬૦૭૯.૯૯ |
| ૩ | ૨૦૧૯-૨૦ તા.૩૧-૦૫-૧૯ ની સ્થિતિએ | ૨૨૨૭૯.૭૦ | ૧૧૮૦.૫૨ | ૨૩૪૬૦.૨૨ |

(૨) તે પૈકી આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ ફાળવણી, અને

(૨) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાંટ અન્વયે અત્રેની કચેરીએ થી કોઈ પણ પ્રકારની ગ્રાંટ જીલ્લાવાર ફાળવવામાં આવતી નથી. પરંતુ જે તે લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ એફટીઓ (FTO) થી જમા થાય છે,

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી જિલ્લાવાર કેટલા માનવદિનની રોજગારી માટે કેટલો ખર્ચ થયો?

(૩) રાજ્ય સરકાર દ્વારા જીલ્લાવાર ગ્રાંટની ફાળવણી કરવામાં આવતી નથી પરંતુ જે તે લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ FTO થી જમા થાય છે જેનો ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | આણંદ | | ખેડા | |
|---|---|---|---|---|---|
| | | માનવદીન (લાખમાં) | રોજગારી માટે થયેલ ખર્ચ (રકમ રૂ.લાખમાં) | માનવદીન (લાખમાં) | રોજગારી માટે થયેલ ખર્ચ (રકમ રૂ.લાખમાં) |
| ૧ | ૨૦૧૭-૧૮ | ૭.૫૨ | ૧૪૨૨.૩૮ | ૧૩.૧૬ | ૨૪૩૨.૩૪ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૫.૧૫ | ૮૪૬.૪૯ | ૬.૩૬ | ૧૧૨૭.૬૪ |
| ૩ | ૨૦૧૯-૨૦ તા.૩૧-૦૫-૧૯ ની સ્થિતિએ | ૦.૩૧ | ૪૧.૪૧ | ૦.૪૭ | ૭૮.૦૫ |

---------

**વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના**

૧૩૭૨૨ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા,

(૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) ૧૯૬૧

(૨) રૂ. ૭૮,૪૪,૦૦૦/-

(૩) સહાય ચુકવવાની બાકી નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં માનવદિન રોજગારી**

૧૪૩૭૧ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી, અને

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી.

| ક્રમ | નાણાંકીય વર્ષ | ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૨૩,૭૬,૮૭૨ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૫,૮૦,૦૦૦ |
| | **કુલ** | **૩૯,૫૬,૮૭૨** |

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા

(૨) તેની સામે ઉકત સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે

માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| ક્રમ | નાણાંકીય વર્ષ | ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૪,૬૮,૪૫૩ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૯,૦૧,૦૧૦ |
| | **કુલ** | **૩૩,૬૯,૪૬૩** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| ક્રમ | નાણાંકીય વર્ષ | મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૬,૪૩,૯૯૫ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૮,૪૯,૦૦૧ |
| | **કુલ** | **૧૪,૯૨,૯૯૬** |

---------

**પંચમહાલ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમ**

૧૩૭૧૯ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો,અને

(૨) તે પૈકી કેટલા મહિલા તાલીમાર્થી અને પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો?

**જવાબ**

(૧) ૯૬૦ ખેડૂતો

(૨) ૫૭૦ મહિલા અને ૩૯૦ પુરુષ તાલીમાર્થીઓ

**નર્મદા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના**

૧૩૭૨૭ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા,

(૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી છે, અને

(૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) ૩૩૪૫

(૨) રૂ.૧,૨૮,૦૦,૬૧૧/-

(૩) સહાય ચુકવવાની બાકી નથી.

**વલસાડ અને નવસારી જિલ્લામાં પાક વીમા અંતર્ગત ખેડૂતોને ચૂકવેલ રકમ**

૧૫૮૯૭ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર પાક વીમા અંતર્ગત કેટલા ખેડૂતોને કેટલી રકમની ચૂકવણી કરી,

**જવાબ**

(૧)

- ઉક્ત સ્થિતિએ ખરીફ-૨૦૧૭, રવિ-ઉનાળુ-૨૦૧૭-૧૮ અને ખરીફ-૨૦૧૮માં વલસાડ જિલ્લામાં દાવા ચૂકવવાપાત્ર થતા નથી.
- ઉક્ત સ્થિતિએ નવસારી જિલ્લામાં ખરીફ-૨૦૧૭ અને રવિ-ઉનાળુ-૨૦૧૭-૧૮ના દાવા ચૂકવવાપાત્ર થતા નથી. ખરીફ-૨૦૧૮માં તાલુકાવાર પાક વીમા અંતર્ગત દાવા ચૂકવાયેલ ખેડૂતોની સંખ્યા અને રકમની માહિતી નીચે મુજબ છે.

| તાલુકા | દાવા ચૂકવાયેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવાયેલ દાવાઓની રકમ (રૂ.) |
|---|---|---|

| | | |
|---|---|---|
| જલાલપોર | ૧ | ૩૬,૯૦૦ |
| નવસારી | ૨ | ૨૨,૪૧૭ |
| **કુલ** | ૩ | **૫૯,૩૧૭** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને કેટલી રકમની ચૂકવણી કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કોઈ ખેડૂતને ચુકવવા પાત્ર દાવા ચુકવવાના બાકી નથી.

(૩) આ પાક વીમામાં કયા પાકોનો સમાવેશ કરવામાં આવેલ છે?

(૩) આ પાક વીમામાં નીચે મુજબના પાકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| વર્ષવાર | નોટીફાઈડ થયેલ પાકનું નામ | |
|---|---|---|
| | વલસાડ | નવસારી |
| ખરીફ-૨૦૧૭ | ડાંગર(પિયત), ડાંગર (બિન પિયત), નાગલી, તુવેર અને અડદ. | ડાંગર(પિયત), ડાંગર (બિન પિયત), તુવેર અને અડદ. |
| રવિ-ઉનાળુ ૨૦૧૭-૧૮ | ચણા | ચણા |
| ખરીફ-૨૦૧૮ | ડાંગર(પિયત), ડાંગર(બિન પિયત), નાગલી, તુવેર અને અડદ. | ડાંગર(પિયત), ડાંગર(બિન પિયત), તુવેર અને અડદ. |
| રવિ-ઉનાળુ | ચણા | ચણા |

## સુરત અને તાપી જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ

૧૭૦૪૬ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર જંતુનાશક દવાઓના લેવામાં આવેલ નમુનાઓ પૈકી કેટલા નમૂનાઓ બિનપ્રમાણિત થયા, અને

(૧)

| ક્રમ | વર્ષ | જિલ્લાનું નામ | |
|---|---|---|---|
| | | સુરત | તાપી |
| ૧ | તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ | ૨ | ૦ |
| ૨ | તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૪ | ૧ |

(૨) બિનપ્રમાણિત દવાઓ વેચનાર અને દવા બનાવનાર કંપની સામે શાં પગલાં લેવામાં આવ્યા?

(૨) સુરત જિલ્લામાં ૪ કોર્ટ કેસ કરેલ છે, ૧ બિનપ્રમાણીત નમૂનો ફેર-પૃથ્થકરણમાં પ્રમાણીત થયેલ છે અને, ૧ ની સામે કાર્યવાહી પ્રગતિમાં છે, જ્યારે તાપી જિલ્લામાં ૧ કોર્ટ કેસ કરેલ છે.

## તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના

૧૩૭૨૫ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત તાપી જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા,

(૧) ૨૦૮૬

(૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી છે, અને

(૨) રૂ. ૮૩,૪૩,૭૦૦/-

(૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે?

(૩) સહાય ચૂકવવાની બાકી નથી.

---------

## મોડાસા ખાતે પીપીપી ધોરણે એસટી બસ ડેપો બાંધવાની કામગીરી

૧૬૯૨૮ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી

(૧) મોડાસા ખાતે પીપીપી ધોરણે એસટી બસ ડેપો

જિલ્લાના મોડાસા ખાતે પીપીપી ધોરણે એસટી બસ ડેપો બાંધવાની કામગીરી કોને આપવામાં આવેલ છે,

બાંધવાની કામગીરી સ્પર્ધાત્મક રીતે ઓનલાઈન ઓફરો મંગાવી એચ-૧ ઓફર બીડર ''વ્યાપનીલા ટર્મીનલ્સ (મોડાસા) પ્રા.લી.'' ને તા.૧૪-૦૩-૨૦૧૭ થી આપવામાં આવેલ.

(૨) ઉક્ત કામગીરી સૂચિત ઝોનમાં મળવાપાત્ર એફએસઆઈ અને મળવાપાત્ર ઉપયોગને ધ્યાનમાં લીધા સિવાય, એપ્રોચ રસ્તાઓનું આયોજન કર્યા સિવાય અને જીડીસીઆરની જોગવાઈઓ વિરુદ્ધ બાંધકામ થાય છે તે ગેરકાયદેસર બાંધકામની પરવાનગીઓ આપનાર જવાબદારો સામે પગલાં લેવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાહનવ્યવહાર વિભાગને કેટલી ફરિયાદો મળી, અને

(૨) એક ફરીયાદ મળેલ છે.

(૩) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે જવાબદારો સામે શું પગલાં લેવામાં આવ્યા?

(૩) મોડાસા પીપીપી પ્રોજેક્ટમાં જી.ડી.સી.આર.ની જોગવાઈઓથી વિરુધ્ધ કોઈપણ પ્રકારનું આયોજન કે બાંધકામ થતું ન હોય કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી**

૧૭૦૦૯ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી મનરેગા યોજના અન્વયે કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી મનરેગા યોજના અન્વયે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ રકમ રાજ્ય સરકારને મળી,

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | નાણાકીય વર્ષ | લેબર ગ્રાન્ટની વિગત | મટિરિયલ ગ્રાન્ટની વિગત | કેન્દ્ર તરફથી મળેલ કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૬૦૨૮૮.૩૨ | ૨૨૨૧૬.૭૫ | ૮૨૫૦૫.૦૭ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૭૭૨૩૩.૫૧ | ૨૮૮૪૬.૪૮ | ૧૦૬૦૭૯.૯૯ |
| ૩ | ૨૦૧૯-૨૦ તા.૩૧-૦૫-૧૯ ની સ્થિતિએ | ૨૨૨૭૯.૭૦ | ૧૧૮૦.૫૨ | ૨૩૪૬૦.૨૨ |

(૨) તે પૈકી આણંદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાંટ અન્વયે અત્રેની કચેરીએ થી કોઈ પણ પ્રકારની ગ્રાંટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી. પરંતુ જે તે લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ એફટીઓ (FTO)થી જમા થાય છે.

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી જિલ્લાવાર કેટલા માનવદિનની રોજગારી માટે કેટલો ખર્ચ થયો?

(૩) રાજ્ય સરકાર દ્વારા જિલ્લાવાર ગ્રાંટની ફાળવણી કરવામાં આવતી નથી પરંતુ જે તે લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ FTO થી જમા થાય છે જેનો ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | આણંદ | | પંચમહાલ | |
|---|---|---|---|---|---|
| | | માનવદિન (લાખમાં) | રોજગારી માટે થયેલ ખર્ચ (રકમ રૂ.લાખમાં) | માનવદિન (લાખમાં) | રોજગારી માટે થયેલ ખર્ચ (રકમ રૂ.લાખમાં) |
| ૧ | ૨૦૧૭-૧૮ | ૭.૫૨ | ૧૪૨૨.૩૮ | ૨૯.૩૮ | ૫૪૬૮.૪૧ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૫.૧૫ | ૮૪૬.૪૯ | ૩૨.૭૪ | ૪૭૩૮.૩૧ |
| ૩ | ૨૦૧૯-૨૦ તા.૩૧-૦૫-૧૯ ની સ્થિતિએ | ૦.૩૧ | ૪૧.૪૧ | ૬.૧૭ | ૭૮૫.૪૫ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં આજીવિકા વિકાસ માટેના કામો**

૧૪૪૧૧ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આજીવિકા વિકાસ માટે કયા કામો હાથ ધરવામાં આવેલ છે,

(૧)

| વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ |
| --- | --- |
| મંડપ ડેકોરેશન, રસોઈના સાધનો, સિલાઈ મશીન, અનાજ દળવાની ઘંટી, મિક્ષર મશીન, સેન્ટીંગના સાધનો અને રિવોલ્વીંગ ફંડ | મંડપના સાધનો, રસોઈના સાધનો, અનાજ દળવાની ઘંટી, કેટરીંગના સાધનો, મિક્ષર મશીન, સેંન્ટીગ સાધનો દિવેલા થ્રેસર અને મરઘા ઉછેર |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા સ્વસહાય જૂથને લાભ આપવામાં આવેલ છે, અને

(૨)

| વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ |
| --- | --- |
| ૩૪ સ્વસહાય જુથ | ૧૧ સ્વસહાય જુથ |

(૩) ઉક્ત સ્થિતિએ સ્વસહાયજૂથને યોજના અંતર્ગત કેટલી રકમનો લાભ આપવામાં આવેલ છે?

(૩)

| વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ |
| --- | --- |
| રૂ.૪૪.૫૮ લાખ | રૂ.૧૭.૦૦ લાખ |

---------

**મહેસાણા અને રાજકોટ જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ**

૧૬૯૨૩ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર બીપીએલ યાદીમાં સમાવેશ કરવા માટેની કેટલી અરજીઓ મળી,

(૧)

| જિલ્લા | તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર બી.પી.એલ ચાદીમાં સમાવેશ કરવા માટેની મળેલ અરજીઓની સંખ્યા | |
| --- | --- | --- |
| | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ |
| મહેસાણા | ૬૨ | ૧૯ |
| રાજકોટ | ૧૧૯૯૮ | ૬૪૩૯ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા કુટુંબોનો બીપીએલ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લા | સમાવેશ કરેલ કુટુંબોની સંખ્યા | |
| --- | --- | --- |
| | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ |
| મહેસાણા | ૦૦ | ૦૦ |
| રાજકોટ | ૭૬૬૩ | ૪૭૨૩ |

(૩) બાકીના કુટુંબોનો કયાં સુધીમાં સમાવેશ કરવામાં આવશે?

(૩)

| જિલ્લા | બાકીના કુટુંબોનો સમાવેશ કયાં સુધીમાં કરવામાં આવશે | રીમાકર્સ |
| --- | --- | --- |
| મહેસાણા | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ ના સમયગાળા દરમ્યાન ૬૨(બાસઠ) અને તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ ના સમયગાળા દરમ્યાન ૧૯(ઓગણીસ) અરજીઓ રદ કરવામાં આવેલ છે. |
| રાજકોટ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ ના સમયગાળા દરમ્યાન ૪૩૩૫(ચાર હજાર ત્રણસો પાત્રીસ) અને |

| | | |
|---|---|---|
| | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ ના સમયગાળા દરમ્યાન ૧૭૧૬(એક હજાર સાતસો સોળ) અરજીઓ ૨૧-૫૨ ના સ્કોરમાં સમાવેશ કરવામાં આવેલ છે. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં સરકારી યોજના હેઠળ શૌચાલય બનાવવામાં નાણા ચૂકવવા બાબત**

૧૬૨૩૯ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં સરકારની યોજના હેઠળ કેટલા શૌચાલય બનાવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં સરકારની યોજના હેઠળ નીચે મુજબ શૌચાલય બનાવવામાં આવેલ છે.

(સંખ્યામાં)

| ક્રમ | યોજના | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ દરમિયાન બનેલા શૌચાલયોની સંખ્યા | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ દરમિયાન બનેલા શૌચાલયોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) | ૪૪૩૭ | ૦ | ૪૪૩૭ |
| ૨ | મહાત્મા ગાંધી નરેગા યોજના | ૬૪૬૪ | ૦ | ૬૪૬૪ |
| ૩ | વર્લ્ડ બેંક આસી.ગ્રાન્ટ | ૦ | ૨૬૬૯ | ૨૬૬૯ |
| ૪ | લેફ્ટ આઉટ બેનીફીશીરી (LOB) | ૦ | ૮૩૯૦ | ૮૩૯૦ |
| | **કુલ** | **૧૦૯૦૧** | **૧૧૦૫૯** | **૨૧૯૬૦** |

(૨) તે પૈકી કેટલા શૌચાલયોના નાણા ચૂકવાયા છે અને કેટલાના ચૂકવાના બાકી છે, અને

(૨) તે પૈકી નીચે મુજબ શૌચાલયોના નાણાં ચૂકવાયા છે અને નાણાં ચૂકવવાના બાકી છે તેવા શૌચાલયોની સંખ્યા.

(સંખ્યામાં)

| ક્રમ | યોજના | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ દરમિયાન ચુકવણા થયેલ શૌચાલયોની સંખ્યા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ દરમિયાન ચુકવણા બાકી શૌચાલયોની સંખ્યા | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ દરમિયાન ચુકવણા થયેલ શૌચાલયોની સંખ્યા | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ દરમિયાન ચુકવણા બાકી શૌચાલયોની સંખ્યા | કુલ ચુકવણા બાકી શૌચાલયોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | સ્વચ્છ ભારત મિશન (ગ્રા) | ૪૪૩૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | મહાત્મા ગાંધી નરેગા યોજના | ૬૪૬૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | વર્લ્ડ બેંક આસી.ગ્રાન્ટ | ૦ | ૦ | ૨૬૬૯ | ૦ | ૦ |
| ૪ | લેફ્ટ આઉટ બેનીફીશીરી (LOB) | ૦ | ૦ | ૬૪૮૬ | ૧૯૦૪ | ૧૯૦૪ |
| | કુલ | ૧૦૯૦૧ | ૦ | ૯૧૫૫ | ૧૯૦૪ | ૧૯૦૪ |

(૩) ઉક્ત નાણાં ચૂકવવાના બાકી હોય તો તેના કારણો શું છે?

(૩) ઉક્ત વિગતે લેફ્ટ આઉટ બેનીફીશીરી(LOB)હેઠળ તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ૧૯૦૪ શૌચાલયો ચકાસણી હેઠળ હોઈ ચુકવણી બાકી રહેવા પામેલ હતા. પરંતુ તા.૨૫-૦૬-૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત વિગતે બાકી રહેલ ચુકવણીની કામગીરી પૂર્ણ થયેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટેની અરજીઓ**

અતારાંકિત પ્રશ્નો

૧૩૭૧૬ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ટ્રેકટરમાં સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં ટ્રેકટરમાં સહાય મેળવવા માટે નીચે મુજબ તાલુકાવાર અરજીઓ મળેલ છે. |

**કચ્છ**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અબડાસા | ૨૦૮ |
| ૨ | અંજાર | ૨૮૩ |
| ૩ | ગાંધીધામ | ૧૪ |
| ૪ | નખત્રાણા | ૧૬૮ |
| ૫ | ભચાઉ | ૬૧૫ |
| ૬ | ભુજ | ૩૪૩ |
| ૭ | માંડવી | ૨૪૨ |
| ૮ | મુંદ્રા | ૧૧૭ |
| ૯ | રાપર | ૯૫૫ |
| ૧૦ | લખપત | ૪૩ |
| | **કુલ** | **૨૯૮૮** |

| | |
|---|---|
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓમાં કેટલા રૂપિયાની સહાય ચૂકવી, અને | (૨) ઉક્ત પૈકી કુલ ૧૭૫૩ અરજીઓમાં કુલ રૂ.૮૮૪.૮૫ લાખ સહાય ચૂકવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? | (૩) ઉક્ત સ્થિતિએ સહાય ચૂકવવા પાત્ર કોઈ પણ અરજી પડતર નથી. |

---------

**ભૂજ ખાતે એસટી ડેપો, વર્કશોપ અને ઓફિસ બાંધકામના ટેન્ડરને મંજૂરી**

૧૫૯૭૪ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભૂજ ખાતે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને એસટી ડેપો, વર્કશોપ અને ઓફિસ બાંધકામ માટે કુલ જમીન ૧૨,૫૬૫ ચો.મી. માં ૨૫ ટકા કપાત બાદ મળવાપાત્ર ૯,૯૪૧ ચો.મી. માં ૧.૫ એફએસઆઈ મુજબ ૧૪,૯૪૧ ચો.મી.ના બદલે ૨૫,૧૩૦ ચો.મી.માં બાંધકામ કરવા માટે ના ટેન્ડરની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો મળવાપાત્ર એફએસઆઈના બદલે વધુ ચો.મી.માં બાંધકામના ટેન્ડરને મંજુર કરવાના શા કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા અને વલસાડ જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ**

૧૭૦૩૩ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર | (૧) |

બીપીએલ યાદીમાં સમાવેશ કરવા માટેની કેટલી અરજીઓ મળી,

| જિલ્લા | તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર બી.પી.એલ યાદીમાં સમાવેશ કરવા માટેની મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|
| | તા.૧–૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮ | તા.૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯ |
| વડોદરા | ૦૮ | ૦૦ |
| વલસાડ | ૧૩૯ | ૨૫૭ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા કુટુંબોનો બીપીએલ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો, અને

(૨)

| **જિલ્લા** | **સમાવેશ કરેલ કુટુંબોની સંખ્યા** | |
|---|---|---|
| | **તા.૧–૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮** | **તા.૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯** |
| વડોદરા | ૦૨ | ૦૦ |

(૩) બાકીના કુટુંબોને ક્યાં સુધીમાં સમાવેશ કરવામાં આવશે ?

(૩) વડોદરા જિલ્લામાં બાકીના કુટુંબોને સમાવેશ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ તા.૧–૬–૨૦૧૭ થી
તા.૩૧–૫–૨૦૧૮ વર્ષ દરમ્યાન ૩(ત્રણ) અરજીઓ રદ થયેલ છે, ૧(એક) અરજી અગાઉથી બીપીએલ લીસ્ટમાં સામેલ છે, ૨(બે) અરજદારોને સરદાર આવાસનો લાભ મળેલ છે અને વલસાડ જિલ્લામાં બાકીના કુટુંબોને સમાવેશ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ તા.૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯ વર્ષ દરમ્યાન ૫૬(છપ્પન) અરજીઓ ૨૧–૫૨ સ્કોર મળેલ છે.

**કલોલ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ**

૧૩૬૯૨ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાની કલોલ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૨૭.૮૧ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ.૨૭.૮૧ લાખ. |

---------

**પાટણ જિલ્લામાં ચૂકવેલ કેપીટલ ગોડાઉન સહાય**

૧૩૭૧૩ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂ.૦૮,૧૭,૭૨૫/– |
| (૨) તેનાથી રાજ્યની સંગ્રહ સંખ્યામાં કેટલો વધારો થયો ? | (૨) ૫ ગોડાઉનનો. |

---------

અતારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમ**

૧૩૭૩૩ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત ભરૂચ જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને | (૧) ૧૩૨૦ ખેડૂતો |
| (૨) તે પૈકી કેટલા મહિલા તાલીમાર્થી અને પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો ? | (૨) ૬૬૦ મહિલા અને ૬૬૦ પુરૂષ તાલીમાર્થીઓ |

---------

**રાણપુર તાલુકામાં પાક વીમાની પૂરતી રકમ ચૂકવવા બાબત**

૧૬૯૪૩ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરીફ-૨૦૧૭ અને ખરીફ-૨૦૧૮માં બોટાદ જિલ્લાના રાણપુર તાલુકામાં પાક વીમો તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલા ટકા લેખે કેટલી રકમ ચુકવવામાં આવી, | (૧) ઉક્ત સ્થિતિએ ખરીફ-૨૦૧૭માં રૂ.૩૬,૨૪,૩૪૭/- અને ખરીફ-૨૦૧૮માં રૂ.૩,૯૬,૭૦,૩૪૮/- પાક વીમાના દાવા પેટે ચુકવાયેલ છે. દાવાની ગણતરી થ્રેસોલ્ડ યીલ્ડની સાપેક્ષમાં સરેરાશ ઉત્પાદનમાં થયેલ ઘટના આધારે કરવામાં આવે છે. જેથી વીમાની ટકાવારી હોતી નથી. |
| (૨) ઉક્ત પાક વિમાની પુરતી રકમ ચુકવવામાં ન આવી હોય તેવી ફરીયાદો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને | (૨) તેવી કોઇ ફરિયાદો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને મળેલ નથી. |
| (૩) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર અને નર્મદા જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ/બગાડ થતો અટકાવવા બાબત**

૧૭૦૦૦ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર અનાજ સંગ્રહ કરવાના ગોડાઉનોમાં કેટલા અનાજનો નાશ થયો અને કેટલું બગડી ગયું કે બિનઉપયોગી થયું. | (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને નર્મદા જિલ્લામાં અનાજ સંગ્રહ કરવાના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. હસ્તકના સરકારી ગોડાઉનોમાં અનાજના જથ્થાનો નાશ થયેલ નથી/બગાડ થયેલ નથી કે બિનઉપયોગી થયેલ નથી. |
| (૨) તેના કારણો શા છે અને તે માટે જવાબદારો સામે શા પગલાં લીધા, અને | (૨) ઉક્ત ખંડ-(૧)ના જવાબની વિગતોએ માહિતી શૂન્ય છે. |
| (૩) સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ બગાડ થતો અટકાવવા શી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે? | (૩) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. હસ્તકના સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ બગાડ અટકાવવા નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>• સરકારી ગોડાઉનોનું બાંધકામ વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે છે, જેમાં અનાજનો સંગ્રહ સાઇન્ટીફીક પધ્ધતિથી કરવામાં આવે છે.<br>• ગોડાઉનોને જંતુનાશક દવાના છંટકાવ કરીને તેના ભોંયતળીયાને જંતુમુક્ત કરવામાં આવે છે.<br>• ભોંયતળીયે ડનેજશીટને પાથર્યા બાદ જ અનાજના જથ્થાનું સ્ટેકીંગ કરવામાં આવે છે. ડનેજનો ઉપયોગ ગોડાઉનમાં ખૂબ જ આવશ્યક |

હોઈ ડનેજ પૂરા પાડતા સપ્લાયરની નિમણુક ટેંડર પધ્ધતિ દ્વારા નિગમ દ્વારા નિમણુક કરવામાં આવે છે, જ્યાંથી જિલ્લાઓ તેમની જરૂરીયાત મુજબથી ડનેજની ખરીદી કરે છે.

- આજુબાજુથી સાફ સફાઈ તથા સેમ્પલ લઈ શકાય તે રીતે સ્ટેકીંગ દીવાલથી તથા બે સ્ટેક વચ્ચે ૨ થી ૩ ફૂટનું અંતર રાખવામાં આવે છે.
- અનાજનો સ્વીકૃત જથ્થાને પૂરતી હવા ઉજાસ મળી રહે તથા ભેજ ના રહે તે માટે ગોડાઉનના બારી બારણાં ચોમાસા સિવાયની ઋતુમાં દિવસે ખુલ્લા રાખવામાં આવે છે.
- ગોડાઉનમાં નિયમિત સાફ સફાઈ તથા બાવાજાળા દૂર કરવાની કામગીરી કરવામાં આવે છે.
- ગોડાઉનમાં પક્ષીઓના માળા તથા તેમના થકી નુકસાન ના થાય તે માટે બર્ડ ગાર્ડ જાળીઓ મૂકવામાં આવે છે.
- ગોડાઉનની આજુબાજુથી નકામી ઊગી નીકળેલા ઝાડી–ઝાંખરાને નિયમીત દૂર કરીને સફાઈ રાખવામાં આવે છે.
- અનાજની ગુણવત્તા જળવાઈ રહે તે માટે તેને જરૂરીયાત મુજબથી પેસ્ટ કંટ્રોલની ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. આ કામગીરી માટે નિગમ દ્વારા પેસ્ટ કંટ્રોલની કામગીરી માટે થર્ડ પાર્ટીની નિમણુક ટેંડર પધ્ધતિથી કરવામાં આવે છે.
- ગોડાઉનોમાં ઉંદરના દરને બરો ફ્યુમીગેશનની પ્રક્રીયા દ્વારા દૂર કરીને અનાજને થતું નુકસાન અટકાવવાની કામગીરી કરવામાં આવે છે.
- વરસાદી ઋતુમાં અનાજના જથ્થાની જાળવણી માટે વિશેષ માવજતની જરૂરીયાત રહે છે, જે માટે ગોડાઉન મેનેજરોને વખતો વખત સુચનાઓ તથા માર્ગદર્શન આપવામાં આવે છે.
- ગોડાઉનોમાં અનાજની આવક થાય ત્યારે અને જાવક થાય ત્યારે અનાજના જથ્થાની હેરફેર વખતે વેરામણ ના થાય તે માટે કાળજી રાખવામાં આવે છે, છતાં થયેલા વેરામણને પાલાબેગમાં રાખવામાં આવે છે.
- ગુણવત્તાયુક્ત અનાજ અંતિમ વપરાશકારને મળી રહે તે માટે FIFO (First In First Out) પધ્ધતિથી અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.
- દરેક જિલ્લામાં નાયબ જિલ્લા મેનેજરશ્રીઓ તથા ડીજીઆઈશ્રીઓ દ્વારા જિલ્લાના ગોડાઉનોની નિયત પધ્ધતિથી મુલાકાત લઈને ગુણવત્તાની જાણકારી તથા તેના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે છે.

ઉક્ત મુજબની કામગીરી કરવા માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા વખતો વખત સૂચનાઓ/પરીપત્રો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ**

૧૬૯૧૩ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર જંતુનાશક દવાઓના લેવામાં આવેલ નમુનાઓ પૈકી કેટલા નમુનાઓ બિનપ્રમાણિત થયા, અને

**જવાબ**

(૧)

| ક્ર. | વર્ષ | જિલ્લાનું નામ | |
|---|---|---|---|
| | | બનાસકાંઠા | કચ્છ |
| ૧ | તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮ | ૭ | ૦ |
| ૨ | તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | ૮ | ૩ |

(૨) બિનપ્રમાણિત દવાઓ વેચનાર અને દવા બનાવનાર કંપની સામે શા પગલાં લેવામાં આવ્યા?

(૨) બનાસકાંઠા જિલ્લામાં ૧૨ કોર્ટકેસ કરેલ છે, ૨ ફેર–પૃથ્થકરણમાં પ્રમાણીત થયેલ છે, અને ૧ ની સામે કાર્યવાહી પ્રગતિમાં છે, જ્યારે કચ્છ જિલ્લામાં ૨ કોર્ટકેસ કરેલ છે, અને ૧ ની સામે કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

**ગીરસોમનાથ અને રાજકોટ જિલ્લામાં સીમતલાવડીઓ બનાવવા મળેલ અરજીઓ**

૧૬૯૮૨ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગીરસોમનાથ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર સીમતલાવડીઓ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) મળેલ અરજીઓ

| અ.નં. | તા.૦૧/૦૬/૧૭ થી તા.૩૧/૦૫/૧૮ | તા.૦૧/૦૬/૧૮ થી તા.૩૧/૦૫/૧૯ | કુલ |
|---|---|---|---|
| ગીર–સોમનાથ | ૧૯ | ૦ | **૧૯** |
| રાજકોટ | ૧૯૨ | ૦ | **૧૯૨** |
| **કુલ** | **૨૧૧** | **૦** | **૨૧૧** |

**નોંધઃ** ઉપર દર્શાવેલ અરજીઓની સંખ્યા એ મળેલ અરજીઓની સંખ્યા દર્શાવે છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર અને નામંજૂર અરજીઓઃ

| અ.નં. | તા.૦૧/૦૬/૧૭ થી તા.૩૧/૦૫/૧૮ | | તા.૦૧/૦૬/૧૮ થી તા.૩૧/૦૫/૧૯ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ગીર–સોમનાથ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ |
| રાજકોટ | ૧૫ | ૩૦ | ૦ | ૦ | ૧૫ | ૩૦ |
| **કુલ** | **૨૦** | **૩૦** | **૦** | **૦** | **૨૦** | **૩૦** |

**નોંધઃ** મળેલી કુલ અરજીઓ પૈકી તેની પાત્રતા અને બિન–પાત્રતા નિયત થયા બાદ કામગીરીની પાત્રતા ધરાવતી અરજીઓ પૈકીની મંજૂર/નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા

ઉપર દર્શાવેલ છે. બિનપાત્રતા ધરાવતી અરજીઓ ઉપરોક્ત આંકડાકીય માહિતીમાં બાકાત રહેવા પામે છે.

(૩) મંજૂર અરજીઓ પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) ચૂકવાયેલ સહાય

| અ.નં. | તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૮ | તા.૦૧-૦૬-૧૮ થી તા.૩૧-૦૫-૧૯ | કુલ ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ગીર-સોમનાથ | ૧૪.૯૮ | ૦.૦૦ | ૧૪.૯૮ |
| રાજકોટ | ૨૦.૭૯ | ૦.૦૦ | ૨૦.૭૯ |
| **કુલ** | **૩૫.૭૭** | **૦.૦૦** | **૩૫.૭૭** |

---------

**અમરેલી એ.આર.ટી.ઓમાં કચેરી ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત**

૧૪૪૪૩ **શ્રી કાંતિભાઇ બલર** (સુરત ઉત્તર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ માં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા, અને

(૨) તે પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) અમરેલી એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ માં ૫૩૯૪ નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા.

(૨) તે પેટે આ ગાળા દરમિયાન રૂ.૩૯.૫૯ લાખની આવક થઈ.

---------

**પાટણ જિલ્લામાં ચૂકવેલ કેપીટલ ગોડાઉન સહાય**

૧૩૭૦૮ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં ૨૫ % કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) તેનાથી રાજ્યની સંગ્રહ સંખ્યામાં કેટલો વધારો થયો?

**જવાબ**

(૧) રૂ. ૦૮,૧૭,૭૨૫ /-

(૨) ૫ ગોડાઉનનો.

---------

**મોરબી અને માળિયા (મી) તાલુકામાં કપાસનો પાક વીમો ચૂકવવા બાબત**

૧૬૫૦૮ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લાના મોરબી અને માળીયા (મી) તાલુકાના ખેડૂતોને સને ૨૦૧૮-૧૯ના વર્ષનો કપાસનો પાક વીમો કેટલા ખેડૂતોને કેટલો ચૂકવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ ખેડૂતોને ૨૦૧૮-૧૯ના વર્ષના કપાસ પાકના ચુકવવામાં આવેલ પાક વિમાની વિગત નીચે મુજબ છે.

| તાલુકા | પાક | દાવા ચુકવાયેલ ખેડૂતોની સંખ્યા | ચુકવાયેલ દાવાઓની રકમ (રૂ.) |
|---|---|---|---|
| મોરબી | કપાસ પિયત | ૧૨,૯૭૪ | ૧૧,૮૩,૧૬,૨૭૪ |
| | કપાસ બિનપિયત | ૨૬૫ | ૧૨,૯૦,૨૩૮ |
| માળીયા (મી) | કપાસ પિયત | ૬૪૪ | ૭૧,૨૮,૬૯૮ |
| | કપાસ બિનપિયત | ૧૧૪ | ૭,૧૦,૭૭૮ |
| | **કુલ** | **૧૩,૯૯૭** | **૧૨,૭૪,૪૫,૯૮૮** |

(૨) ઉક્ત સ્થિતિએ પાક વીમો ચૂકવવાનો બાકી હોય તો તેના કારણો શાં છે?

(૨) ઉક્ત સ્થિતિએ ચુકવવાપાત્ર દાવા ચુકવવામાં આવેલ છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ માટે સહાય**

૧૩૭૩૯ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા

(૨)

| | | |
|---|---|---|
| લાભાર્થીઓની સંખ્યા | : | ૦૫ |
| ચૂકવેલી સહાય | : | ૬,૫૨,૪૪,૫૬૧ (અંકે રૂપિયા છ કરોડ બાવન લાખ ચુમ્માલીસ હજાર પાંચસો એકસઠ પુરા) |

---------

**બારડોલી એ.આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો**

૧૪૪૩૨ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બારડોલી એ.આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં કેટલા નવા વાહનો નોંધવામાં આવ્યા, અને

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) બારડોલી એ.આર.ટી.ઓ કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં ૨૭,૯૧૩ નવા વાહનો નોંધવામાં આવ્યા.

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન રૂ.૩૦.૯૦ કરોડની આવક થઇ.

---------

**દવાઓના નમૂનાઓ**

૧૬૯૨૬ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર જંતુનાશક દવાઓના લેવામાં આવેલ નમુનાઓ પૈકી કેટલા નમુનાઓ બિનપ્રમાણિત થયા, અને

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | જિલ્લાનું નામ | |
|---|---|---|---|
| | | સાબરકાંઠા | અરવલ્લી |
| ૧ | તા. ૧–૪–૧૭ થી તા. ૩૧–૩–૧૮ | ૩ | ૧૦ |
| ૨ | તા. ૧–૪–૧૮ થી તા. ૩૧–૫–૧૯ | ૮ | ૮ |

(૨) બિનપ્રમાણિત દવાઓ વેચનાર અને દવા બનાવનાર કંપની સામે શા પગલાં લેવામાં આવ્યા?

(૨) સાબરકાંઠા જિલ્લામાં ૫ કોર્ટ કેસ કરેલ છે, ૧ ની સામે વહીવટી પગલા લીધેલ છે. ૩ ની સામે કોર્ટકેસની મંજુરી આપેલ છે. ૧– નમુના માટે નામદાર કોર્ટ દ્વારા ફેરપૃથ્થકરણ માટે મોકલી આપેલ છે અને ૧– ની સામે કાર્યવાહી પ્રગતિમાં છે.

અરવલ્લી જિલ્લામાં ૧૪– કોર્ટ કેસ કરેલ છે, ૩–ની સામે કોર્ટકેસની મંજુરી આપી, ૧– ની સામે વહીવટી પગલા લીધેલ છે.

તા. ૧૫મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**રાજ્યમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનો અમલ**

૧૬૨૪૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોએ આ યોજનાનો લાભ લીધો. | (૨) યોજના હેઠળ લાભ લીધેલ ખેડૂતોની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | વિમિત ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૧૭,૫૭,૫૬૧ |
| ૨૦૧૮–૧૯ | ૨૦,૮૭,૨૯૨ |

| | |
|---|---|
| (૩) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલું વીમા પ્રિમિયમ લેવામાં આવ્યું, અને | (૩) ખેડૂતો દ્વારા ભરેલ પ્રિમિયમની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | ખેડૂતો દ્વારા ભરેલ પ્રિમિયમ (રૂ.) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૩,૯૭,૭૦,૯૦,૫૦૩ |
| ૨૦૧૮–૧૯ | ૪,૦૧,૬૮,૩૨,૫૧૮ |

| | |
|---|---|
| (૪) ખેડૂતોને પાકની નુકસાની પેટે કુલ કેટલું વળતર વર્ષવાર ચૂકવવામાં આવ્યું? | (૪) ખેડૂતોને ચૂકવવામાં આવેલ દાવા નીચે મુજબ છે. |

| વર્ષ | ચુકવાયેલ દાવાની રકમ (રૂ.) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૧૦,૬૯,૩૨,૫૯,૮૨૮ |
| ૨૦૧૮–૧૯ | ૨૦,૫૦,૧૯,૨૦,૮૦૯ |

---------

**ભાવનગર જિલ્લામાં બી.પી.એલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલયો**

૧૪૩૮૪ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ બેઝલાઈન સર્વે મુજબના છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કુટુંબો માટે વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને | (૧) ભાવનગર જીલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ બેઝલાઈન સર્વે મુજબના છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ બી.પી.એલ. કુટુંબો માટે વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવ્યા. |

(સંખ્યામાં)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮ બી.પી.એલ. કુટુંબો | તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ બી.પી.એલ. કુટુંબો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૦ | ૦૨ | ૧૨ |
| ૨ | ગારીયાધાર | ૦૧ | ૦ | ૧ |
| ૩ | ઘોઘા | ૦ | ૦ | ૦ |
| ૪ | જેસર | ૩૮ | ૦ | ૩૮ |
| ૫ | મહુવા | ૫૩ | ૦ | ૫૩ |
| ૬ | પાલીતાણા | ૫૬ | ૦ | ૫૬ |
| ૭ | સિહોર | ૦ | ૦ | ૦ |
| ૮ | તળાજા | ૫૪ | ૧૦ | ૬૪ |
| ૯ | ઉમરાળા | ૦૧ | ૦ | ૧ |
| ૧૦ | વલ્લભીપુર | ૦૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૨૧૩** | **૧૨** | **૨૨૫** |

| | |
|---|---|
| (૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તે માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો. |

(રૂ઼ા.લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮ | તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ | કુલ |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૧.૨૦ | ૦.૨૪ | ૧.૪૪ |
| ૨ | ગારીયાધાર | ૦.૧૨ | ૦.૦૦ | ૦.૧૨ |
| ૩ | ઘોઘા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | જેસર | ૪.૫૬ | ૦.૦૦ | ૪.૫૬ |
| ૫ | મહુવા | ૬.૩૬ | ૦.૦૦ | ૬.૩૬ |
| ૬ | પાલીતાણા | ૬.૭૨ | ૦.૦૦ | ૬.૭૨ |
| ૭ | સિહોર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | તળાજા | ૬.૪૮ | ૧.૨૦ | ૭.૬૮ |
| ૯ | ઉમરાળા | ૦.૧૨ | ૦.૦૦ | ૦.૧૨ |
| ૧૦ | વલ્લભીપુર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૨૫.૫૬** | **૧.૪૪** | **૨૭.૦૦** |

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં કેરોસીન/ અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ**

૧૬૯૭૪ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેરોસીન/ અનાજના કાળાબજાર અટકાવવા કેટલી વખત રેડ કરવામાં આવી,

(૨) તે અન્વયે ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કેટલી વ્યકિતઓ સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) કેટલા વ્યકિતઓ સામે પીબીએમ કેસો કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૭– ૧૮ | વર્ષ ૨૦૧૮– ૧૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૪૪ | ૨૨૦ | ૩૬૪ |
| ૨ | ગીર સોમનાથ | ૧૩૬ | ૨૧૧ | ૩૪૭ |
| | **કુલ** | **૨૮૦** | **૪૩૧** | **૭૧૧** |

(૨) ગેરકાનુની પ્રવૃત્તિ બદલ કુલ–૬૧૫ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ.૧,૬૪,૦૬૬/– નો પુરવઠો રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૨) રૂ.૪,૭૨,૪૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૩) ૫ (પાંચ) પરવાના મોકુફ રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૫) ૧ (એક) પરવાનો રદ કરવામાં આવેલ છે.

(૩) કોઈપણ વ્યકિત સામે પીબીએમ કેસ કરવામાં આવેલ નથી.

---------

**બારડોલી એ.આર.ટી.ઓ કચેરી ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત**

૧૪૪૪૧ **શ્રી અરવિંદ રાણા** (સુરત–પૂર્વ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બારડોલી એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા, અને

(૨) તે પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) બારડોલી એ.આર.ટી.ઓ કચેરી ખાતેથી તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬,૦૯૦ નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા.

(૨) તે પેટે આ ગાળા દરમિયાન રૂ. ૮૦.૬૪ લાખની આવક થઈ.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ**

૧૩૬૯૫ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી સેવા સહકારી

**જવાબ**

(૧) ૧૧

મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે?

(૨) રૂ. ૪,૯૫,૪૦૦ /-

---------

**રાજ્યમાં ખેત ઉત્પાદન બજારોમાં માર્કેટ શેષ ફી નાબૂદ કરવા બાબત**

૧૬૯૯૧ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના ખેત ઉત્પન્ન બજારોમાં લેવામાં આવતી માર્કેટ સેસ ફી નાબુદ કરવા માટે કેટલી રજુઆતો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) જો હા, તો મળેલ રજુઆતો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના ખેત ઉત્પન્ન બજારોમાં લેવામાં આવતી માર્કેટ સેસ ફી નાબુદ કરવા માટે ધી બરોડા ગ્રેઈન મર્ચન્ટ એસોસીએશન વડોદરાની તા.૨૯-૧૧-૨૦૧૮ની એક સરખી સમાન વિષયની રજુઆત જુદી જુદી ૨૧ જગ્યાએથી સરકારશ્રીને છેલ્લા બે વર્ષમાં મળેલ છે.

(૨) ધી બરોડા ગ્રેઈન મર્ચન્ટ એસોસીએશન વડોદરા દ્વારા તા. ૨૯-૧૧-૨૦૧૮ના રોજ વડોદરા તેમજ ગુજરાતના વિવિધ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ખેત ઉત્પન્ન બજારોમાં લેવામાં આવતી માર્કેટ શેષ ફી નાબુદ કરવા રજુઆત કરવામાં આવેલ જેમાં (૧) મલ્ટીપલ માર્કેટ શેષ નાબુદ કરવા અને (૨) વડોદરા શહેર તથા બીજી મહાનગરપાલીકામાં આવેલ APMC/સબ માર્કેટયાર્ડમાં લેવાતી શેષ નાબુદ કરવા અન્વયે નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તા.૯-૧-૨૦૧૯ ના રોજ નાયબ નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાને અરજદારશ્રીની રજુઆત પરત્વે નિયમાનુસાર કાર્યવાહી કરવા અને કરેલ કાર્યવાહીનો આધાર પુરાવા સહ અભિપ્રાય મોકલી આપવા જણાવવામાં આવેલ જે અન્વયે જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા દ્વારા તા.૨૨-૧-૨૦૧૯ ના રોજ અહેવાલ મોકલી આપેલ છે. તે અહેવાલ ને ધ્યાને લઈ બજારધારાની જોગવાઈઓ ટાંકી બજારધારાની જોગવાઈ સાથે સુસંગત ન હોઈ રજુઆત દફતરે કરેલ છે. અને તે મુજબ અરજદારશ્રીને તા.૦૧-૫-૨૦૧૯ ના રોજ પ્રત્યુત્તર પાઠવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ**

૧૩૭૦૨ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૨૫

(૨) રૂ. ૧૩,૨૦,૧૦૦/-

---------

આષાઢ ૨૪, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગના વિકાસ યોજના માટે સહાય**

૧૩૭૫૪ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ભાંભરાપાણીમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા તો યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) વિગત દર્શાવતું પત્રક–૧ સામેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) વિગત દર્શાવતું પત્રક–૨ સામેલ છે. |

**પત્રક–૧**

**યોજના હેઠળ આપવામાં આવતી સહાય**

| | |
|---|---|
| ૧ | આ યોજના હેઠળ નવા તળાવોના બાંધકામ માટે ૫ હેક્ટર સુધીના જળવિસ્તાર (વોટર સ્પ્રેડ એરિયા) નાં ફાર્મ માટે પ્રતિ હેક્ટર કેપીટલ કોસ્ટની સામે ૨૫% સહાય અથવા વધુમાં વધુ રૂ.૬૦,૦૦૦/– અને મહત્તમ રૂ.૩.૦૦ લાખની લાભાર્થી દીઠ નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે. |
| ૨ | ફાર્મ રીનોવેશન / સુધારણા માટે ૫ હેક્ટર સુધીના જળવિસ્તાર (વોટર સ્પ્રેડ એરિયા) નાં ફાર્મ માટે પ્રતિ હેક્ટર કેપીટલ કોસ્ટની સામે ૨૫% સહાય અથવા વધુમાં વધુ રૂ.૨૦,૦૦૦/– અને મહત્તમ રૂ.૧.૦૦ લાખની લાભાર્થી દીઠ નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે. |
| ૩ | બર્ડ ફેન્સીંગ યુનિટ કોસ્ટના ૫૦% અથવા રૂ.૫૦૦૦/– બે માંથી જે ઓછું હોય તે (પ્રતિ હેક્ટર) |
| ૪ | ડોગ ફેન્સીંગ યુનિટ કોસ્ટના ૫૦% અથવા રૂ.૧૨,૫૦૦/– બે માંથી જે ઓછું હોય તે (પ્રતિ હેક્ટર) |
| ૫ | ઍરેટરની ખરીદી પર ૫૦% લેખે વધુમાં વધુ રૂ.૨૫,૦૦૦/–ની સહાય ચૂકવવામાં આવે છે. |
| ૬ | શ્રીમ્પ સીડ હેચરીની સ્થાપના માટે રૂ.૪૦૦.૦૦ લાખના યુનિટ કોસ્ટના ૫૦% લેખે સહાય આપવામાં આવે છે. |

**પત્રક–૨**

| **તાલુકા** | **તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર બીપીએલ યાદીમાં દાખલ થવા માટે મળેલ અરજીઓની સંખ્યા** | |
|---|---|---|
| | **૧–૪–૨૦૧૭ થી ૩૧–૩–૨૦૧૮** | **૧–૪–૨૦૧૮ થી ૩૧–૩–૨૦૧૯** |
| ગાંધીનગર | ૨૯ | ૨૨ |
| માણસા | ૧૬ | ૦૬ |
| કલોલ | ૧૧ | ૦૩ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ગાંધીનગર તાલુકામાં ૨ (બે) અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૩)

| **તાલુકા** | **રદ કરેલ અરજીઓની સંખ્યા** | | **રીમાકર્સ** |
|---|---|---|---|
| | **૧–૪–૨૦૧૭ થી ૩૧–૩–૨૦૧૮** | **૧–૪–૨૦૧૮ થી ૩૧–૩–૨૦૧૯** | |
| ગાંધીનગર | ૨૪ | ૨૧ | તા.૧–૪–૨૦૧૭ થી તા.૩૧–૩–૨૦૧૮ વર્ષ દરમ્યાન બાકીની ૩ (ત્રણ) અરજીઓનો સ્કોર ૨૧–૫૨ છે ૧–૪–૨૦૧૮ થી ૩૧–૩–૨૦૧૯ વર્ષ દરમ્યાન બાકીની ૧ (એક) અરજીઓનો |
| માણસા | ૧૬ | ૦૬ | |
| કલોલ | ૧૧ | ૦૩ | |
| દહેગામ | ૦૧ | ૦૦ | |

---------

## અમદાવાદ (ગ્રામ્ય)માં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમની મંજૂર જગ્યાઓ

૧૪૪૪૮ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, અમદાવાદ (ગ્રામ્ય) વર્ગવાર કેટલી જગ્યા મંજુર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

**જવાબ**

(૧) મંજુર જગ્યાઓ

| **પ્રમુખ** | **સભ્ય** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** | **કુલ** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | ૫ | ૧ | ૧૦ |

(૨) ભરાયેલ જગ્યાઓ

| **પ્રમુખ** | **સભ્ય** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** | **કુલ** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | ૪ | ૧ | ૯ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે?

(૩) ખાલી જગ્યાઓ

| પ્રમુખ | સભ્ય | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|---|---|
| – | – | – | ૧ | – | ૧ |

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ**

૧૬૯૧૫ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માટેની કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| **જિલ્લા** | **તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર બી.પી.એલ યાદીમાં સમાવેશ કરવા માટેની મળેલ અરજીઓની સંખ્યા** | |
|---|---|---|
| | **૧–૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮** | **૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯** |
| બનાસકાંઠા | ૧૨૦૧ | ૧૩૫૨ |
| કચ્છ | ૫૫ | ૬૨ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા કુટુંબોનો બીપીએલ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો, અને

(૨)

| **જિલ્લા** | **સમાવેશ કરેલ કુટુંબોની સંખ્યા** | |
|---|---|---|
| | **૧–૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮** | **૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯** |
| બનાસકાંઠા | ૫૬ | ૨૫૮ |
| કચ્છ | ૫૫ | ૬૨ |

(૩) બાકીના કુટુંબોનો ક્યાં સુધીમાં સમાવેશ કરવામાં આવશે?

(૩) બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં બાકીના કુટુંબોનો સમાવેશ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ બનાસકાંઠા જિલ્લામાં તા.૧–૬–૧૭ થી તા.૩૧–૫–૧૮ સુધીમાં ૧૦૮૮ (એક હજાર અઠયાસી) અરજીઓ રદ કરવામાં આવેલ છે. જ્યારે ૫૭ (સત્તાવન) અરજીઓનો સ્કોર ૨૧ થી ૫૨ માં આવેલ છે અને ૧–૬–૧૮ થી ૩૧–૫–૧૯ સુધીમાં ૧૦૭૯ (એક હજાર ઓગણએંશી) અરજીઓ રદ કરવામાં આવેલ છે જ્યારે ૧૫ (પંદર) અરજીઓનો સ્કોર ૨૧ થી ૫૨ માં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં કલામહાકુંભમાં ભાગ લીધેલ સ્પર્ધકો**

૧૪૪૭૩ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કલા મહાકુંભની યોજના ક્યારથી અમલમાં મૂકવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) રાજ્યમાં કલામહાકુંભની યોજના તા.૦૧–૦૭–૨૦૧૭ થી અમલમાં મૂકવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા સ્પર્ધકોએ નોંધણી કરાવી અને કેટલા લોકોએ ભાગ લીધો?

(૨)

| **વર્ષ** | **અમદાવાદ જિલ્લામાં નોંધણી કરાવેલ સ્પર્ધકોની** | **અમદાવાદ જિલ્લામાં ભાગ લેનાર લોકોની સંખ્યા** |
|---|---|---|

અતારાંકિત પ્રશ્નો

| | સંખ્યા | |
|---|---|---|
| સને-૨૦૧૭/૧૮ | ૧૬૬૧૪ | ૧૬૨૧૩ |
| સને-૨૦૧૮/૧૯ | ૩૪૦૭૦ | ૩૦૬૬૩ |

---------

**મોરબી અને માળીયા(મી) તાલુકામાં બીપીએલ કાર્ડ મેળવવાની માંગણી**

૧૬૫૧૦ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લાના મોરબી અને માળીયા(મી) તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બીપીએલ કાર્ડ મેળવવા માટેની કેટલી માંગણીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને કેટલા બીપીએલ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) બીપીએલ કાર્ડ ઈસ્યુ કરવાની કામગીરી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ કરે છે, જ્યારે બીપીએલ કુટુંબોના સર્વે અને યાદીની કાર્યવાહી ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. જેના અનુસંધાને તાઃ ૩૧-૦૫-૨૦૧૯ની મોરબી જિલ્લાના મોરબી અને માળીયા(મી) તાલુકામાં બીપીએલ કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકા | કુટુંબની સંખ્યા |
|---|---|
| મોરબી | ૮૩૧૪ |
| માળીયા(મી) | ૭૮૬૩ |

(૨) બીપીએલ કાર્ડની વિગતો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ પુરી પાડી શકે છે. પરંતુ ૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ૨૦૧૯ની મોરબી જિલ્લાના મોરબી અને માળીયા(મી) તાલુકામાં બીપીએલ કુટુંબોમાં થયેલ વધારા ઘટાડાની વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | કુટુંબની સંખ્યા |
|---|---|
| મોરબી | ૧૧૧ કુટુંબનો વધારો થયેલ છે. |
| માળીયા(મી) | ૩ કુટુંબનો વધારો થયેલ છે. |

(૩) બીપીએલ સર્વેમાં કુટુંબોની ગણતરી થાય છે, વ્યક્તિઓની ગણતરી થતી નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**હિંમતનગર આર.ટી.ઓ કચેરી ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત**

૧૪૪૪૭ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હિંમતનગર આર.ટી.ઓ. કચેરી ખાતેથી તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા, અને

(૨) તે પેટે આ ગાળા દરમ્યાન કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) હિંમતનગર આર.ટી.ઓ. કચેરી ખાતેથી તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૬,૫૯૩ નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા.

(૨) તે પેટે આ ગાળા દરમ્યાન રૂ. ૨૧.૯૦ લાખની આવક થઈ.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં માનવદિન રોજગારી**

૧૪૩૭૪ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી.

| ક્રમ | નાણાંકીય વર્ષ | ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૫,૫૦,૦૨૨ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૫,૧૨,૭૦૫ |
| | **કુલઃ** | **૩૦,૬૨,૭૨૭** |

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| ક્રમ | નાણાંકીય વર્ષ | ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૦,૭૭,૮૧૬ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૬,૦૩,૩૦૯ |
| | **કુલઃ** | **૨૬,૮૧,૧૨૫** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| ક્રમ | નાણાંકીય વર્ષ | મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૩,૨૩,૩૫૯ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૫,૪૦,૨૩૮ |
| | **કુલઃ** | **૮,૬૩,૫૯૭** |

---------

**અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ**

૧૬૯૯૩ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર બીપીએલ યાદીમાં સમાવેશ કરવા માટેની કેટલી અરજીઓ મળી,

(૧)

| જિલ્લા | તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર બીપીએલ યાદીમાં સમાવેશ કરવા માટેની મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|
| | **તા.૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮** | **તા.૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯** |
| અમરેલી | ૫૬૦૮ | ૩૮૫૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા કુટુંબોનો બીપીએલ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લા | સમાવેશ કરેલ કુટુંબોની સંખ્યા | |
|---|---|---|
| | **તા.૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮** | **તા.૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯** |
| અમરેલી | ૨૫૪૬ | ૧૬૨૮ |

(૩) બાકીના કુટુંબોનો ક્યાં સુધીમાં સમાવેશ કરવામાં આવશે?

(૩) અમરેલી જિલ્લામાં ૧૩૦૨ અરજીઓ પરત્વે નિયમાનુસાર કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ વિચારણા કરવામાં આવશે. જ્યારે ૩૯૮૫ અરજીઓનો ૨૧ થી ૫૨ ના સ્કોરમાં સમાવેશ કરેલ છે અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૭ (સત્તર) અરજીઓ પરત્વે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે જ્યારે ૮૫ (પંચ્યાસી) અરજીઓનો ૨૧ થી ૫૨ ના સ્કોરમાં સમાવેશ કરેલ છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**આણંદ આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો**

૧૪૪૨૫ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા વાહનો નોંધવામાં આવ્યા, અને

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) આણંદ આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૭,૨૨૬ નવા વાહનો નોંધવામાં આવ્યા.

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન રૂ.૪૬.૦૯ કરોડની આવક થઈ.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં માનવદિન રોજગારી**

૧૪૩૭૩ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી,

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી.

| **ક્રમ** | **નાણાંકીય વર્ષ** | **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૧૫,૫૦,૦૨૨ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૧૫,૧૨,૭૦૫ |
| | **કુલઃ** | **૩૦,૬૨,૭૨૭** |

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ક્રમ** | **નાણાંકીય વર્ષ** | **ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૧૦,૭૭,૮૧૬ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૧૬,૦૩,૩૦૯ |
| | **કુલઃ** | **૨૬,૮૧,૧૨૫** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ક્રમ** | **નાણાંકીય વર્ષ** | **મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૩,૨૩,૩૫૯ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૫,૪૦,૨૩૮ |
| | **કુલઃ** | **૮,૬૩,૫૯૭** |

---------

**અમદાવાદ જિલ્લામાં કલામહાકુંભમાં ભાગ લીધેલ સ્પર્ધકો**

૧૪૪૭૪ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કલા મહાકુંભની યોજના ક્યારથી અમલમાં મૂકવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા સ્પર્ધકોએ નોંધણી કરાવી અને કેટલા લોકોએ ભાગ લીધો?

**જવાબ**

(૧) રાજ્યમાં કલા મહાકુંભની યોજના તા.૦૧–૦૭–૨૦૧૭ થી અમલમાં મૂકવામાં આવેલ છે.

(૨)

| **વર્ષ** | **અમદાવાદ જિલ્લામાં નોંધણી કરાવેલ** | **અમદાવાદ જિલ્લામાં ભાગ લેનાર લોકોની** |
|---|---|---|

| | સ્પર્ધકોની સંખ્યા | સંખ્યા |
|---|---|---|
| સને-૨૦૧૭/૧૮ | ૧૬૬૧૪ | ૧૬૨૧૩ |
| સને-૨૦૧૮/૧૯ | ૩૪૦૭૦ | ૩૦૬૬૩ |

---------

**રાજ્યમાં બીચ ફેસ્ટિવલ પાછળ કરેલ ખર્ચ**

૧૪૪૬૫ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર-ગ્રામ્ય) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ક્યા સ્થળે બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવેલ, અને

(૨) ઉક્ત ફેસ્ટિવલ પાછળ સ્થળદીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નીચે મુજબના સ્થળે બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવેલ.

| ક્રમ | તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ | તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ |
|---|---|---|
| ૧. | તિથલ | તિથલ |
| ૨. | માંડવી | સુવાલી |
| ૩. | | માધવપુર |

(૨) ઉક્ત ફેસ્ટિવલ પાછળ સ્થળ દીઠ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

(રૂપિયા લાખમાં)

| ક્રમ | તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ | | તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ | |
|---|---|---|---|---|
| ૧. | તિથલ | ૭૫.૫૩ | તિથલ | ૮૬.૪૩ |
| ૨. | માંડવી | ૭૮.૩૩ | સુવાલી | ૭૩.૩૫ |
| ૩. | | | માધવપુર | ૭૨.૦૯ |

**દાહોદ જિલ્લામાં પાયકા કેન્દ્ર માટે ફાળવેલ સ્થળ**

૧૬૦૮૭ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય રમત ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર રમતગમત સંકુલ (પાયકા કેન્દ્ર) ક્યા-ક્યા સ્થળે ફાળવવામાં આવેલ છે,

(૨) ઉક્ત પાયકા કેન્દ્રોમાં ઉક્ત સ્થિતિએ કઈ-કઈ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૩) પાયકા કેન્દ્રમાં જે-તે રમત માટે કોચની નિમણુંક કેવી રીતે કરવામાં આવે છે?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર રમતગમત સંકુલ (પાયકા કેન્દ્ર) માટે કોઈ પણ સ્થળે જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નડીયાદ આર.ટી.ઓ. કચેરી ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત**

૧૪૪૪૪ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નડીયાદ આર.ટી.ઓ. કચેરી ખાતેથી તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા, અને

(૨) તે પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) નડીયાદ આર.ટી.ઓ. કચેરી ખાતેથી તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૯,૫૯૦ નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા.

(૨) તે પેટે આ ગાળા દરમિયાન રૂ.૨૭.૪૫ લાખની આવક થઈ.

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ**

૧૬૯૬૯ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર જંતુનાશક દવાઓના લેવામાં આવેલ નમુનાઓ પૈકી કેટલા નમુનાઓ બિનપ્રમાણિત થયા, અને

**જવાબ**

(૧)

| ક્ર | વર્ષ | જિલ્લાનું નામ | |
|---|---|---|---|
| | | જામનગર | દેવભૂમિ દ્વારકા |
| ૧ | તા.૧-૪-૧૭ થી તા. ૩૧-૩-૧૮ | ૧ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | તા.૧-૪-૧૮ થી તા. ૩૧-૫-૧૯ | ૬ | ૦ |
| | **કુલ** | **૭** | **૦** |

(૨) બિનપ્રમાણિત દવાઓ વેચનાર અને દવા બનાવનાર કંપની સામે શા પગલાં લેવામાં આવ્યા?

(૨) જામનગર જિલ્લામાં ૨ કોર્ટ કેસ કરેલ છે, ૫ ની સામે કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સીમતલાવડીઓ બનાવવા મળેલ અરજીઓ**

૧૬૯૭૨ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર સીમતલાવડીઓ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૧) મળેલ અરજીઓ

| **અ.નં.** | **તા.૦૧/૦૬/૧૭ થી તા.૩૧/૦૫/૧૮** | **તા.૦૧/૦૬/૧૮ થી તા.૩૧/૦૫/૧૯** | **કુલ** |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૬૫ | ૦ | ૬૫ |
| જામનગર | ૧૨૩ | ૦ | ૧૨૩ |
| **કુલ** | **૧૮૮** | **૦** | **૧૮૮** |

**નોંધઃ** ઉપર દર્શાવેલ અરજીઓની સંખ્યા એ મળેલ અરજીઓની સંખ્યા દર્શાવે છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર અને નામંજૂર અરજીઓઃ

| **અ.નં.** | **તા.૦૧/૦૬/૧૭ થી તા.૩૧/૦૫/૧૮** | | **તા.૦૧/૦૬/૧૮ થી તા.૩૧/૦૫/૧૯** | | **કુલ** | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| દેવભૂમિ દ્વારકા | ૫ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ |
| જામનગર | ૭ | ૦ | ૦ | ૦ | ૭ | ૦ |
| **કુલ** | **૧૨** | **૦** | **૦** | **૦** | **૧૨** | **૦** |

**નોંધઃ** મળેલી કુલ અરજીઓ પૈકી તેની પાત્રતા અને બિન-પાત્રતા નિયત થયા બાદ કામગીરીની પાત્રતા ધરાવતી અરજીઓ પૈકીની મંજૂર/નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા ઉપર દર્શાવેલ છે. બિનપાત્રતા ધરાવતી અરજીઓ ઉપરોક્ત

(૩) મંજૂર અરજીઓ પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) ચૂકવાયેલ સહાય (રૂ.લાખમાં)

| **અ.નં.** | **તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૮** | **તા.૦૧-૦૬-૧૮ થી તા.૩૧-૦૫-૧૯** | **કુલ ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૪.૯૮ | ૦.૦૦ | ૪.૯૮ |
| જામનગર | ૨૬.૨૦ | ૦.૦૦ | ૨૬.૨૦ |
| **કુલ** | **૩૧.૧૮** | **૦.૦૦** | **૩૧.૧૮** |

---------

તા. ૧૫મી જુલાઈ, ૨૦૧૯

પોઈન્ટ ઓફ ક્લેરીફીકેશન

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી**

૧૬૯૧૨ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી મનરેગા યોજના અન્વયે કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી જિલ્લાવાર કેટલા માનવદિનની રોજગારી માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી મનરેગા યોજના અન્વયે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ રકમ રાજ્ય સરકારને મળી,

**(રકમ રૂપિયા લાખમાં)**

| ક્રમ | નાણાકીય વર્ષ | લેબર ગ્રાન્ટની વિગત | મટિરિયલ ગ્રાન્ટની વિગત | કેન્દ્ર તરફથી મળેલ કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૬૦૨૮૮.૩૨ | ૨૨૨૧૬.૭૫ | ૮૨૫૦૫.૦૭ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૭૭૨૩૩.૫૧ | ૨૮૮૪૬.૪૮ | ૧૦૬૦૭૯.૯૯ |
| ૩ | ૨૦૧૯–૨૦ તા.૩૧–૦૫–૧૯ ની સ્થિતિએ | ૨૨૨૭૯.૭૦ | ૧૧૮૦.૫૨ | ૨૩૪૬૦.૨૨ |

(૨) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાંટ અન્વયે અત્રેની કચેરીએ થી કોઈપણ પ્રકારની ગ્રાંટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી. પરંતુ જે તે લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ એફટીઓ (FTO)થી જમા થાય છે.

(૩) રાજ્ય સરકાર દ્વારા જિલ્લાવાર ગ્રાંટની ફાળવણી કરવામાં આવતી નથી પરંતુ જે તે લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ FTO થી જમા થાય છે જેનો ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | બનાસકાંઠા | | પાટણ | |
|---|---|---|---|---|---|
| | | માનવદિન (લાખમાં) | રોજગારી માટે થયેલ ખર્ચ (રકમ રૂ.લાખમાં) | માનવદિન (લાખમાં) | રોજગારી માટે થયેલ ખર્ચ (રકમ રૂ.લાખમાં) |
| ૧ | ૨૦૧૭–૧૮ | ૨૫.૦૮ | ૪૪૨૪.૭૧ | ૧૦.૬૨ | ૧૭૩૩.૪૦ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૨૫.૨૩ | ૪૪૧૮.૪૭ | ૧૨.૦૮ | ૧૯૧૫.૧૯ |
| ૩ | ૨૦૧૯–૨૦ તા.૩૧–૦૫–૧૯ ની સ્થિતિએ | ૩.૦૪ | ૪૯૬.૯૫ | ૧.૧૧ | ૧૪૫.૬૭ |

**ગોધરા આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો**

૧૪૪૨૧ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા વાહનો નોંધવામાં આવ્યા, અને

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) આણંદ આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૨,૬૧૩ નવા વાહનો નોંધવામાં આવ્યા.

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન રૂ.૨૩.૭૩ કરોડની આવક થઈ.

પોઈન્ટ ઓફ ક્લેરીફીકેશન

**પ્રશ્ન ક્રમાંકઃ ૧૬૨૫૪માં ઉપસ્થિત થયેલ સિંચાઈ વિસ્તાર બાબત**

શ્રી નીતિનભાઈ ર. પટેલ **(** નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ક્લેરીફીકેશનનો મુદ્દો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભામાં ગયા અઠવાડિયે તારાંકિત પ્રશ્નોતરી દરમ્યાન મારા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૬૨૫૪ જે નર્મદાનો હતો એમાં મેં જે જવાબ આપ્યા એ જવાબમાં માનનીય સભ્યશ્રીઓએ પ્રશ્ન પૂછેલો કે, અત્યારે ગુજરાતમાં નર્મદાનું કેટલા વિસ્તારમાં સિંચાઈ થાય છે? એ વખતે મેં જે જવાબ આપ્યો હતો એ જવાબમાં જુદા જુદા જિલ્લાઓમાં કેટલા

પોઈન્ટ ઓફ કલેરીફીકેશન

હેક્ટરમાં નર્મદાની સિંચાઇ થાય છે એમ કરીને કુલ ૧૮ લાખમાંથી ૧૬ લાખ હેકટરમાં સિંચાઇ થાય છે એવી બાબત મેં સન્માનનીય ગૃહમાં જણાવેલી. ત્યાર પછી માનનીય વિપક્ષના નેતા શ્રી પરેશભાઇ ધાનાણીએ એમના મુદ્દામાં એવું કહ્યું એ હું વાંચી સંભળાવું છું, "માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇએ જવાબ આપ્યો એ મુજબ ૧૬,૫૧,૪૩૨ હેકટરમાં સિંચાઇનું પાણી પહોંચાડવા આપણે સક્ષમ બન્યા છીએ, પણ સામાજિક આર્થિક સર્વેક્ષણના આંકડા છે એ વિગતો મુજબ જો મારી ભૂલ ન થતી હોય તો અંદાજીત આપણે ૬ લાખ હેકટરમાં સિંચાઇનું પાણી પહોંચાડી શકીએ છીએ. એટલે સાહેબ, મારી જો ભૂલ ન થતી હોય તો માનનીય નીતિનભાઇ સુધારો કરી દે, સામાજિક આર્થિક સર્વેક્ષણના આંકડાઓ અને માનનીય મંત્રીશ્રીએ આપેલા આંકડાઓ વચ્ચે ૧૦ લાખ હેકટરનો તફાવત શું કામ છે? " આવું નિવેદન અને પ્રશ્ન આ ગૃહમાં માનનીય વિરોધપક્ષના નેતા શ્રી પરેશભાઇ ધાનાણીએ કરેલો. એ વખતે સ્વાભાવિક છે કે મારી પાસે ગુજરાત સરકારની આપણી જે આ આર્થિક સામાજિક સમીક્ષા વર્ષ ૨૦૧૮-૧૯ અંદાજપત્રનું પ્રકાશન નં.૩૪ જેનો ઉલ્લેખ કરી વિપક્ષના નેતા માનનીય પરેશભાઇએ જે આક્ષેપ કર્યો હતો કે મારા ૧૬ લાખ હેકટરના આંકડા ખોટા છે અને ફકત ૬ લાખ હેકટરમાં આ પ્રમાણેનું ઈરિગેશન થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહ પૂરું થયા પછી મારી ઓફિસમાંથી મેં બધી માહિતી મેળવી અને આ જે આપણું પ્રકાશન નં.૩૪ છે એના પાન નં.૨૦ ઉપર જે મુદ્દો છે એમાં નર્મદાની જે વિગતો આવે છે એમાં જે મુદ્દો છે એ હું વાંચી સંભળાવું છું. "નહેર માળખાના પ્ર-શાખા સુધી પૂર્ણ થયેલ નહેર થકી કુલ આયોજીત ૧૭.૯૨ લાખ હેકટરની સામે ૧૬.૩૮ લાખ હેક્ટર સિંચાઇ ક્ષમતા હાંસલ થયેલ છે." આ સામાજિક આર્થિક સમીક્ષામાં સ્પષ્ટ રીતે જણાવેલું છે. હવે હું માનનીય પરેશભાઇ પાસે જાણવા માગું છું કે, આમાં ૬ લાખ હેકટરનો આંકડો તમે આ સરકારી પુસ્તકનો જે સરકારી પ્રકાશન છે, અધિકૃત પ્રકાશન છે એનો હવાલો આપીને બતાવો છો તો એ આંકડો તમે ક્યાંથી લાવ્યા? એટલા માટે હું કહું છું કે, જુદી જુદી રીતે ગૃહને ગેરમાર્ગે દોરવું, ભ્રમિત કરવું, ખોટા આંકડા આપવા અને સરકારને ભીંસમાં મૂકવાનો પ્રયત્ન કરવો અને બહાર ગુજરાતમાં એવું ચિત્ર ઊભું કરવું કે આ ગુજરાત સરકાર ખોટા આંકડા આપે છે અને અમારી સરકારને બદનામ કરવા માટેનો આ એક વ્યવસ્થિત રીતે શ્રી પરેશભાઇ મારફતે અપાયેલો આંકડો છે. શ્રી પરેશભાઇ એમને એમ બોલ્યા હોત તો મને કોઇ વાંધો નહોતો, પરંતુ તેઓશ્રીએ એમ કહ્યું કે, આ સામાજિક આર્થિક સમીક્ષાના પ્રકાશનનો ઉલ્લેખ કરીને કહ્યું અને ૬ લાખ હેક્ટર કહ્યું તો હું શ્રી પરેશભાઇને વિનંતી કરું કે કાં તો તમે મને સાબિતી આપો, એટલે માનનીય અધ્યક્ષશ્રીને સાબિતી આપો કે આ પુસ્તકનો જે આપે ઉલ્લેખ કર્યો છે એમાં ક્યાંય ૬ લાખ હેક્ટર હોય, ૧૪ લાખ હેકટરનો સિંચાઇ વિસ્તાર આપણે હાંસલ કર્યો છે એમ સ્પષ્ટ બતાવ્યું છે અથવા આપની ભૂલ થઇ ગઇ છે તો શ્રી પરેશભાઇને ક્ષમા માગવાનો, માફી માગવાનો અધિકાર છે એટલે તેઓ માફી માગે એવી મારી વિનંતી છે. નહિતર મારી આપશ્રીને વિનંતી છે કે, આવી રીતે ગૃહને ગેરમાર્ગે દોરવા બદલ માનનીય વિપક્ષના નેતા જો માફી ન માગે તો આપના તરફથી એમને ગૃહમાં ઠપકો આપવામાં આવે અને ભવિષ્યમાં મીડિયાને ગેરમાર્ગે દોરતા આવા ખોટા આંકડા પ્રજાને, ગૃહને, સભ્યશ્રીઓને ન આપે એવી મારી વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, કલાસમાં પરીક્ષા આપનારા લોકો સફળ કે નિષ્ફળ થતાં હોય છે અને નિષ્ફળ થાય ત્યારે કંઇ ભૂલ થઇ હોય તો માફી માંગવામાં જરાપણ ક્ષોભ ન હોય અને આપ તો સરકાર છો, આખું તંત્ર છે, વિરોધપક્ષનો દરેક ચૂંટાયેલો જન પ્રતિનિધિ એની જાત મહેનતથી અભ્યાસ કરીને અને ક્યાંક સરકાર સુધી કે પ્રજા સુધી સત્ય લાવવાનો પ્રયાસ કરતો હોય છે. માનનીય નીતિનભાઇને હું વિનંતી કરું કે આ ૨૦૧૮-૧૯ની આખો સમીક્ષા અહેવાલ છે, એના અર્થતંત્રના વિહંગાવલોકનના પેરા ૨.૨.૬ જળ સંશાધન વિકાસ, સરકારે એમાં કહ્યું કે ભૂતળ જળ સપાટી દ્વારા સંભવિત સિંચાઇ ક્ષમતા ૪૭.૭૯ લાખ હેક્ટર આકારવામાં આવી છે, જેમાં સરદાર સરોવર નર્મદા પરિયોજના મારફતે થનાર ૧૭.૯૨ લાખ હેકટરનો પણ સમાવેશ થાય છે. આપણી ક્ષમતા અને વાસ્તવિક સિંચાઇને લગતો આખો પેરા માનનીય નીતિનભાઇ સાહેબ વાંચશે. માનનીય અધ્યક્ષશ્રી, મેં તે વખતે બહુ સ્પષ્ટપણે કહ્યું હતું...

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : તમે જ આખું વાંચો.

શ્રી પરેશ ધાનાણી : એમાં છે, ઊભી કરાયેલી સિંચાઇ ક્ષમતાની સરખામણીએ અધિકત્તમ ઉપયોગમાં લેવાયેલ સિંચાઇ ક્ષમતાની ટકાવારી ૬૬.૦૮ ટકા થાય છે, આ જ પેરાની છેલ્લી ત્રણ લાઇન છે. મેં તે દિવસે પણ બહુ સ્પષ્ટ કહ્યું હતું કે, ઊભી કરેલી સિંચાઇની ક્ષમતા અને સિંચાઇ પૂરી પાડવામાં આવેલ હોય એવા ક્ષેત્રફળ વચ્ચે તફાવત છે, આ ૨૦૧૮-૧૯નો આર્થિક સમીક્ષા અહેવાલ છે, માનનીય નીતિનભાઇએ આ મુદ્દો ઉપસ્થિત કર્યો છે તો મને થોડોક સમય આપવામાં આવે એટલે આની પહેલાંનો આર્થિક સામાજિક સમીક્ષા અહેવાલ પણ છે અને એમાં સરકારે સ્પષ્ટ નોંધ્યું છે કે, આપણે કેટલા લાખ હેક્ટર વિસ્તારને સિંચાઇનું પાણી પૂરું પાડી શક્યા? એટલે માનનીય અધ્યક્ષશ્રી, હું આપને વિનંતી કરું છું, હું હજી કહુ છું...

અધ્યક્ષશ્રી : હવે ના કહેશો, હવે ખાલી એટલું જ કહોને કે આપને સમય જોઇએ છે ને?

શ્રી પરેશ ધાનાણી : હા.

અધ્યક્ષશ્રી : સમય આપવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : મારો આંકડો પણ, સામાજિક, આર્થિક સમીક્ષા ...

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્લીઝ સર, આ એમનું... (અંતરાય) સાંભળો,

શ્રી પરેશ ધાનાણી : મને સાંભળી તો લ્યો.

## તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯
## પોઇન્ટ ઓફ ક્લેરીફીકેશન

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે બોલી લો,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક તો અર્થતંત્રનું વિહંગાવલોકન એના પેરા ૨.૨.૬ને હું કોડ કરી રહ્યો છું, સરકારે ત્યાં સ્વીકાર્યું છે કે કુલ ઊભી કરાયેલી સિંચાઇ ક્ષમતાની સામે ૬૬.૦૮ ટકા જ આપણે અધિકતમ ઉપયોગ કરી શક્યા છીએ. માનનીય નીતિનભાઇએ પેજ નંબર–૨૦ ઉપર જે મુદ્દાને ટાંક્યો, નહેર માળખાના પ્રશાખા સુધી પૂર્ણ થયેલ નહેર થકી કુલ આયોજિત ૧૭.૯૨ લાખ હેક્ટર સામે ૧૬.૩૮ લાખ હેક્ટર સિંચાઇની ક્ષમતા હાંસલ કરેલ છે. અમે હાંસલ કરેલ સિંચાઇની ક્ષમતા, માનનીય નીતિનભાઇ આપ બીજી વખત વાંચી જોજો, ક્યારેય પણ એમાં સવાલ નથી ઉઠાવ્યો, પણ હાંસલ કરેલ સિંચાઇની ક્ષમતા છે એ પૈકી કેટલા વિસ્તારને આપણે સિંચાઇનું પાણી નર્મદા થકી પૂરું પાડ્યું? આ મારો ખૂબ સ્પષ્ટ પ્રશ્ન છે (અંતરાય) તમે ક્ષમતા ઊભી કરી છે પણ માનનીય અધ્યક્ષશ્રી, કૂવામાં હોય તો હવાડામાં આવે, નર્મદામાં પાણી જ નથી અને આજે પણ હું ફરીથી કહું છું શ્રી નીતિનભાઇ, કે ઉભી કરેલી સિંચાઇ ક્ષમતા સામે નર્મદા આધારિત સિંચાઇના પાણીથી કેટલા લાખ હેક્ટર જમીનને સિંચાઇનું પાણી પૂરું પાડ્યું? આ ગૃહ મારફતે ગુજરાતની જનતાને જણાવવાની સરકાર કૃપા કરે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બધાની સમજની પણ પરીક્ષા થઇ જાય છે. હું કંઇ કહેતો નથી, હું કંઇ જ બોલતો નથી માનનીય પરેશભાઇએ જે વિધાનસભામાં નિવેદન કર્યું, જે તેમણે પ્રવચન કર્યું તેની આપના તરફથી, આપના કાર્યાલય તરફથી દરેક સભ્યોને પોતે શું બોલ્યા તેની કોપી મળે છે અને પછી વિધાનસભા તરફથી પાકું પુસ્તક આજીવન ઉપયોગમાં લેવાય એવું છાપવામાં આવે છે અને ગુજરાત વિધાનસભામાં મૂકવામાં આવે છે.

હવે સાહેબ, હું મારો કોઇ શબ્દ મૂકતો નથી શ્રી પરેશભાઇએ પોતે એમ કહ્યું છે અને પાછું આ પ્રકાશનનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે સામાજીક, આર્થિક સર્વેક્ષણના આંકડા છે તે મુજબ પાછું તેમને ખબર તો હતી કે જો મારી ભૂલ ના થતી હોય તો એટલે ભૂલ કરી રહ્યાં છે એવો તો મનમાં વહેમ હતો પણ રાજકારણમાં સરકાર ઉપર ટીકા કરવી હોય તો પહેલેથી પાણી પહેલાં પાળ બાંધી અને બે વખત બોલ્યાં છે. સાહેબ, મારી ભૂલ ના થતી હોય તો ફરી પાછું બોલ્યાં કે મારી ભૂલ ના થતી હોય તો ૬ લાખ હેકટરમાં સિંચાઇ આપવામાં આવી છે.

અધ્યક્ષશ્રી: માણસ માત્ર ભૂલને પાત્ર પછી તે અહીંથી હોય કે અહીંથી હોય અને તમારી ભૂલ છે એવું આપણે નથી કહેતાં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ પ્રશ્ન એટલા માટે ઊભો કરવો પડયો કે એક દૈનિક પત્રએ એવું છાપ્યું કે નાયબ મુખ્યમંત્રી, નર્મદા મંત્રી નીતિનભાઇ દશ લાખ હેકટરનો જવાબ પણ આપી શકયા નહીં. એ વખતે જવાબ આપવાની તક નહોતી, સમય નહોતો બધુ કંઇ અમે અહીંયાં જોડે અને જોડે લઇને ફરતાં હોઇએ એવું પણ ના બને એટલે જેવું ગૃહ પૂરું થયું મારી ઓફિસમાંથી બધુ મટીરિયલ્સ મંગાવી અને આ કર્યું કે શ્રી પરશોભાઇને સંતોષ આપવાનું કામ મારું નથી. મારે તો ગુજરાતના ખેડૂતોને, છ કરોડની જનતાને અમારે બતાવવું છે કે શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વવાળી અમારી સરકારે આ ૧૬ લાખ હેકટરમાં શ્રી નરેન્દ્રભાઇના આશીર્વાદથી પાણી પહોંચાડયુ છે અને શ્રી પરેશભાઇ ગુજરાતના ખેડૂતોને ખોટી રીતે, ખોટાં આંકડા આપી અને ગેરમાર્ગે દોરી રહ્યાં છે અને મીડિયા મારફતે ખોટો મેસેજ આપી રહ્યાં છે એટલે મારે આ કહેવું પડે બાકી અમે ના બોલીએ સાહેબ, આવી વાતમાં ના બોલીએ. આ *(XXX) ના બોલ્યા હોત અને પેલા શ્રીમતી દર્શનાબેનનું નામ બોલ્યા હોત તો અમે ઊભાં ના થઇ ગયા હોત. પણ તમે અમારા હ્દયમાં ઘા કરો છો, એ હ્દયમાં ઘા અમે સહન નહીં કરીએ. અમે હ્દયના ઘા સહન નહીં કરીએ અને તે દિવસે શ્રી વિરજીભાઇએ પણ કહેલું કે નર્મદાની મેઇન કેનાલનું કામ ૧૯૯૪માં પૂરું થયું. મેં રેકર્ડ ઉપર સાબિત કર્યું કે ૧૯૯૪માં તો શરૂ થયું હતું. અમે અહીંયાં બેસીએ છીએ સત્ય બોલીએ છીએ અને સત્યમેવ જયતે તે અમારા પક્ષનો, અમારી સરકારનો એક મંત્ર છે, દેશનો મંત્ર છે. શ્રી પરેશભાઇ, મહેરબાની કરીને વિવાદ કરવાના બદલે તમે એવું કહો કે મારા ધ્યાન બહાર ગયું હું આવી રીતે સમજ્યો હતો પણ હકીકત આ છે. ૬ લાખ નહીં પણ ૧૬ લાખ છે એટલું સ્વીકારો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના ઉપનેતા, વિદ્વાન માનનીય નીતિનભાઇએ પોઇન્ટ ઓફ કલેરીફિકેશનથી એક દૈનિક પત્રએ ઉઠાવેલા પ્રશ્નનો જવાબ આપવા આપણે ફલોરમાં પૂરતો સમય આપ્યો છે અને સાંભળ્યા છે. આપના મારફતે મારે સીધું કહેવું નથી આપના મારફત માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે તે દિવસે પણ મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો કે સરકારે જે ૧૬.૩૮ લાખ હેક્ટર સિંચાઇ ક્ષમતા હાંસલ કરી છે પણ ૬ લાખ અને સમથીંગ પ્લસ હેક્ટર વિસ્તારમાં જ આના મારફત આપણે સિંચાઇનું પાણી પહોંચાડી શક્યા છીએ. આજે પણ હું એ વાત સાથે જોડાયેલો છું અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે જો મારી ભૂલ થતી હોય તો એક વખત નહીં ગુજરાતના ખેડૂતોના હિતમાં તમે એ કહો કે ૧૬ લાખ ૩૮ હજાર હેકટરમાં અમે સિંચાઇનું પાણી પૂરું પાડ્યું એટલે હું ઊઠબેસ કરવા પણ તૈયાર છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આપ દયાળું છો ઊઠબેસ ના કરાવશો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૬ લાખ ૩૮ હજાર હેકટરની સિંચાઇ ક્ષમતા સામે આજની તારીખે સિંચાઇનું પાણી ખેડૂતના ખેતર સુધી પહોંચાડવામાં સરકાર નિષ્ફળ નીવડી છે અને એ શું કામ નિષ્ફળ નિવડી એ અમારો સવાલ હતો. આપણે જો ક્ષમતા ઉપલબ્ધ કરી લીધી હોય તો એ ક્ષમતાનો સદ્ઉપયોગ કરીને એ પાણી ખેડૂતોના ખેતર સુધી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પહોંચાડ્યું હોત તો ખેડૂતનો દીકરો સરકાર સામે હાથ ન લંબાવતો હોત, ખેડૂતનો દીકરો આત્મહત્યા કરવા મજબૂર ન થયો હોત. ખાલી તમે કોઇ દૈનિક પત્રમાં ઊભા થયેલા પ્રશ્નનો જવાબ આપવા માટે પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન લાવો એનો વાંધો નથી પણ તમે જે ક્લેરિફિકેશન કર્યું છે એ ૧૬,૩૮,૦૦૦ હેક્ટરમાં સિંચાઇનું પાણી તમે પહોંચાડ્યું? માનનીય અધ્યક્ષશ્રી, એમણે ગૃહ સમક્ષ કહ્યું છે ત્યારે સરકારે એ સાબિત કરવું જોઇએ અને ન સાબિત કરે તો ગૃહને ગેરમાર્ગે દોરવા બદલ શ્રી નીતિનભાઇને ઠપકો આપવો જોઇએ.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ તો *(xxx) એવી વાત કરે છે. સવાલ એટલો જ છે કે ગૃહના રેકર્ડ ઉપર આ બધા શબ્દો નોંધાયેલા છે, ગૃહના રેકર્ડ ઉપર આ બધા શબ્દો નોંધાયેલા છે. શ્રી પરેશભાઇના શબ્દો છે કે ''શ્રી નીતિનભાઇ તમે ૧૬ લાખ હેક્ટર કહો છો, સામાજિક, આર્થિક સમીક્ષા, આ બુકનો હવાલો આપી'' આ બધા શબ્દો અંદર છે સાહેબ. આપ ચેક કરો.

શ્રી પરેશ ધાનાણી : એક મિનિટ.

શ્રી વિજય રૂપાણી : શ્રી પરેશભાઇ, આપ પહેલાં મને સાંભળી લો. તમે કહો છો કે ૬ લાખ હેક્ટરમાં જ નર્મદાની સિંચાઇ પ્રાપ્ત થઇ છે. શ્રી નીતિનભાઇ કહે છે કે આમાં ૧૬ લાખ હેક્ટર સ્પષ્ટ લખ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આખી બુકમાંથી ૬ લાખ હેક્ટર શબ્દ શ્રી પરેશભાઇ શોધીને આપે નહિંતર શ્રી પરેશભાઇએ માફી માગવી પડે. એ વાતનું વતેસર કરી રહ્યા છે. અગાઉ પણ સરદાર માટે 'ભંગાર' શબ્દ વાપરીને *(xxx) અત્યારે પણ એવું જ *(xxx) બોલીને સમય બગાડી રહ્યા છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : ગૃહના નેતાનો હું ખૂબ આદર કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય લલિતભાઇ. (અંતરાય)

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કીધું છે સાહેબ. એ બુકમાંથી ૬ લાખ શબ્દ શોધીને બતાવે. બાકી બધી વાતો *(xxx) વાત છે.

અધ્યક્ષશ્રી : તમે બંને જણા મારી વાત સાંભળો. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાની લાગણીને એની ભાવનાને હું સમજું છું. શ્રી નીતિનભાઇ, *(xxx) તમને ખૂબ દુ:ખ લાગ્યું. અમે પણ ગુજરાતી છીએ અને એ તો અમારા મહુવાના છે. અમને પણ દુ:ખ થયું. (અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસનો સમય બગડે છે. પાછળ માગણીઓ છે, ૧૧૬ની નોટીસ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું રેશન કાર્ડ છે. *(xxx) (અંતરાય)

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમને રોકો. અહીંયા નર્મદાની વાત ચાલે છે અને એ રેશનકાર્ડની વાત કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે શું કરવા ઊભા થાવ છો. શ્રી અમરીષભાઇ. શ્રી ઠુમ્મરજી આપ બેસો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બીજું...

અધ્યક્ષશ્રી : એક મિનિટ. હવે હું મારું રુલિંગ જ આપી દઉં છું. આપ બેસો પ્લીઝ. (અંતરાય) આપ બેસી જાઓ, આપ બેસી જાઓ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અત્યારે આ વિષયની વાત છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, (અંતરાય) માનનીય પરેશભાઇ, (અંતરાય) માનનીય પરેશભાઇ આપ બેસી જાઓ. (અંતરાય) બે મિનિટ બેસી જાઓ. હું આપને વિનંતી કરું છું આપ બેસી જાઓ પ્લીઝ. શ્રી અમરીષભાઇ પ્લીઝ. તમને એક વખત પહેલાં પણ કીધું હવે ફરી વાર કહું છું. શું કરવા ઊભા થાવ છો? અહીં વાત ચાલે છે ને. આપ આમને તમારા નેતા ગણતા નથી? એમની સાથે વાત ચાલે છે. અધ્યક્ષ એમની સાથે વાત કરી રહ્યા છે. તમે ડિસ્ટર્બ કેમ કરો છો? પ્લીઝ બેસો. માનનીય પરેશભાઇ, આપને સમય જોઇતો હતો. આપ સમય માગો હું સમય આપીશ. સમય આપવામાં આવે છે. હું પછી નિર્ણય આપીશ. હું લેખિતમાં નિર્ણય જાહેર કરીશ. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સાહેબ એક મિનિટ. છેલ્લા અહેવાલનો અહીંયાં ઉલ્લેખ કરે છે અને આધાર રાખે છે અગાઉના અહેવાલનો, તો કેવી રીતે સમય આપી શકાય? (અંતરાય) (કૉંગ્રેસના સભ્યો ઊભા થતાં)

અધ્યક્ષશ્રી : આપ શેના માટે ઊભા થાવ છો? શેના માટે ઊભા થાવ છો. એમણે સમય માગ્યો, મેં આપ્યો. આપ બેસી જાઓ પ્લીઝ. શ્રી શૈલેષભાઇ, આપ બેસી જાઓ પ્લીઝ. (અંતરાય) શ્રી પરેશભાઇ હવે કશું બોલશો નહિ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અહીંયા ઉલ્લેખ કરે છે છેલ્લા અહેવાલનો અને આધાર રાખે છે એના અગાઉના અહેવાલનો, સાહેબ, મારું એટલું જ કહેવું છે.

અધ્યક્ષશ્રી : એમણે સમય માગ્યો. આપણે સમય તો આપીએ. આમાં હું થોડું ધ્યાન દોરું છું. (અંતરાય) આ વિષયને આગળ ખેંચવો નથી અહીંયા પૂરો થાય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ગૃહના રેકર્ડ ઉપર ખોટી માહિતી આવી છે એટલે મારી વાત તો સાંભળો.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર શેના ઉપર છે એ તો કહો?

શ્રી અમિત ચાવડા : આપ સાહેબ સાંભળો તો આગળ કહું. મારી સ્પષ્ટ વાત છે. માનનીય નીતિનભાઇએ મુદ્દો ઉઠાવ્યો અને એના ઉપર જે ચર્ચા થઇ એમાં સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી એમાં એમણે શબ્દો વાપર્યા કે *(xxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિત ચાવડા : બીજી વાત માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ કરી હતી કે માનનીય પરેશભાઇ દ્વારા આવી વાત કરીને *(xxx) તો ગૃહમાં કોઇપણ સભ્યશ્રી કોઇપણ વાત કરતા હોય તો એ એની રીતે રજૂઆત કરતા હોય છે એટલે *(xxx) એ શબ્દો પણ દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ શબ્દો પણ કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે. (અંતરાય)

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પણ પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી કે *(xxx) હું કોટવાલ છું.

અધ્યક્ષશ્રી : માનનીય અશ્વિનભાઇ, મેં એના ઉપર નિર્ણય આપી દીધો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

શ્રી પરેશ ધાનાણી : માનનીય નીતિનભાઇ, કોઇની સામે આગળી ચીંધીયે ત્યારે એક આંગળી સામે તરફ હોય છે અને બાકીની આંગળીઓ આપણી સામે હોય છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે અમદાવાદ શહેરમાં કાંકરીયા વિસ્તારમાં બનાવો બન્યો એમાં બે લોકોના મૃત્યુ થયા છે.

અધ્યક્ષશ્રી : અત્યારે એની ચર્ચા નહિ થઇ શકે કારણ કે નિયમ-૧૧૬ની નોટિસ મારી પાસે વિચારણામાં છે જ.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)

## તીડનાં ટોળાથી ઊભા પાકમાં થતા નુકસાનને બચાવવા અંગે

શ્રી પુંજાભાઇ વંશ (ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં પાકિસ્તાનથી આવેલ તીડનાં ટોળા બનાસકાંઠા જિલ્લાના ખેતરો ઉપર ત્રાટકતા ખેડૂતોમાં ગભરાટ ફેલાયેલ છે. આ તીડો દ્વારા ખેતરોમાં ઇંડા મૂકવાથી હજારો તીડોનો જન્મ થશે અને ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન કરશે. જેથી આવા તીડોનો સત્વરે નાશ કરવા અને ખેડૂતોમાં ફેલાયેલ ગભરાટ દૂર કરવા સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં''

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ(કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, "રણતીડ" એક આંતરરાષ્ટ્રીય જીવાત છે અને ખેતીનો જૂનામાં જૂનો દુશ્મન છે. રણતીડનો ઉછેર પ્રદેશ તથા હુમલાગ્રસ્ત વિસ્તાર દુનિયાના કેટલાક દેશોમાં પથરાયેલ છે. જે લગભગ ત્રણ કરોડ ચોરસ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલ ૬૦ દેશો તેના હુમલાગ્રસ્ત પ્રદેશમાં આવી જાય છે.

રણતીડનો મુખ્યત્વે ઉછેર, યમન, ઓમાન, સાઉદી અરેબીયામાંથી ઈરાન, પાકિસ્તાનના હુમલાગ્રસ્ત વિસ્તારમાંથી ભારતમાં પ્રવેશ કરે છે. જેમાં રાજસ્થાન, ગુજરાત અને પંજાબના અમુક પ્રદેશો મળીને ૮૦,૦૦૦ ચોરસ માઇલ જેટલો વિસ્તાર તેના ઉછેર પ્રદેશ નીચે આવે છે. ગુજરાતમાં રણતીડનો ઉપદ્રવ છેલ્લે વર્ષ ૧૯૯૩-૯૪માં થયેલ હતો.

રણતીડ આવતા પહેલા લીધેલ આગમચેતીના પગલાં

કેન્દ્ર સરકારે તા.૦૮.૦૫.૨૦૧૯ના રોજ પત્રથી અગમચેતીના પગલાં લેવા જણાવેલ તા.૧૩.૦૫.૨૦૧૯ના રોજ ખેતી નિયામક કક્ષાએથી રણતીડ માટે રણ વિસ્તાર ધરાવતા પાંચ જિલ્લાઓ (કચ્છ, જામનગર, દ્વારકા, પાટણ, બનાસકાંઠા)ના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓને ફિલ્ડ સ્ટાફને ટીમ બનાવીને સર્વે કરવા અને તીડની જાણકારી મળે તો તેની જાણ કેન્દ્ર

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત

સરકારશ્રીના તીડ નિયંત્રણ એકમ અને ખેતી નિયામકશ્રીની કચેરીને કરવા તેમજ ક્ષેત્રીય કક્ષાના સ્ટાફને તાલીમ આપવા સૂચના આપવામાં આવી.

- સામાન્ય રીતે તીડ માટેની ક્ષમ્ય માત્રા ૧ હેક્ટરે ૧૦૦૦૦ તીડની હોય છે અને તેના કરતા વધુ જોવા મળે તો તાત્કાલિક નિયંત્રણના પગલાં લેવાનાં થાય તે ધ્યાને લઈ બનાસકાંઠા જિલ્લાના ખેતી અધિકારી, વિસ્તરણ અધિકારી, ગ્રામ સેવક, આત્મા યોજનાનો સ્ટાફ, ફાર્મર ફ્રેન્ડ તથા પ્રગતિશીલ ખેડૂતોને તીડ નિયંત્રણ બાબતેની તાલીમ ગોઠવી.
- બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકાઓના ગામોના લોકોને તીડ માટે જાગૃત કરવા માટે તાલીમ આપવામાં આવી.
- કેન્દ્ર સરકારશ્રી મારફતે પાલનપુર ખાતે તા:૨૪/૦૫/૨૦૧૯ના રોજથી ૨૪ કલાકનો કંટ્રોલ રૂમ ચાલુ કરવામાં આવેલ તેમજ ખેતી નિયામકશ્રીની કક્ષાએ ગાધીનગર ખાતે કંટ્રોલ રૂમ ચાલુ કરવામાં આવ્યો.
- સમયસર માહિતીના આદાન પ્રદાન તેમજ મોનીટરીંગ માટે તમામ સંલગ્ન અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓનું Whatsapp ગ્રુપ બનાવવામાં આવ્યું. અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ) દ્વારા પત્ર પાઠવી સબંધિત કલેક્ટરશ્રીઓને /જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ /જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓને સર્વે/ જાગૃતિ/તાલીમ/નિયંત્રણ કરવા તેમજ વાહનો/વાહન સંચાલીત સ્પ્રેયર તૈયાર રાખવા સૂચના આપવામાં આવી.
- ખેતી નિયામકશ્રી કક્ષાએથી કેન્દ્ર સરકારશ્રીના તીડ નિયંત્રણ એકમ સાથે તેમજ કૃષિ વૈજ્ઞાનિકો સાથે તીડના સમયસર નિયંત્રણ માટે જરૂરી બેઠક કરી.
- ખેતી નિયામકશ્રી કક્ષાએથી રાજ્યના જંતુનાશક દવાના ઉત્પાદકો સાથે જંતુનાશક દવાની ઉપલબ્ધતા અને જરૂરી સાધન સામગ્રી બાબતે બેઠક યોજી ચર્ચા કરી.
- સબંધિત જિલ્લા દ્વારા તીડ નિયંત્રણ બાબતે તકેદારી તેમજ માર્ગદર્શન અંગે સ્થાનિક દૈનિક પેપર માં પ્રેસ નોંધ આપવામાં આવી.
- ખેતી નિયામકશ્રી કક્ષાએથી રણતીડ નિયંત્રણ અંગેના ૧ લાખ લીફલેટ છપાવી ક્ષેત્રીય કક્ષાએ કૃષિ મહોત્સવમાં વિતરણ કરવામાં આવ્યું.
- ખેતી નિયામકશ્રી કક્ષાએથી રણતીડના લોકેશન બાબતે વેબસાઇટ (www.fao.org) પર સતત દેખરેખ રાખવામાં આવે છે.
- ખેતી નિયામકશ્રી કક્ષાએથી કેન્દ્ર સરકારશ્રીના તીડ નિયંત્રણ એકમની પ્રાદેશિક કચેરીઓ ભુજ અને પાલનપુર સાથે સતત સંપર્કમાં રહી માહિતી મેળવવામાં આવે છે અને અત્રેથી જિલ્લાઓને પૂરી પાડવામાં આવે છે.
- તીડ નિયંત્રણ એકમ દ્વારા સરહદ પર તીડની દેખરેખ માટે બોર્ડર સિક્યુરિટી ફોર્સ સાથે સતત સંપર્કમાં રહી જાણકારી મેળવવામાં આવે છે.
- રણતીડ અને તેનું નિયંત્રણ અંગેની દસ્તાવેજી ફિલ્મ બનાવી સંલગ્ન જિલ્લાઓમાં મોકલવામાં આવેલ છે.

રણતીડ આવ્યા બાદ લીધેલ પગલાં

- તા.૨૭.૦૬.૧૯ના રોજ સૌપ્રથમ બનાસકાંઠાના સરહદી વિસ્તારમાં રણતીડની હાજરી જોવા મળેલ.
- તા.૨૮.૦૬.૧૯ના રોજ બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકાઓના છેવાડાના ગામોમાં તીડની હાજરી જોવા મળતા ખેતી નિયામકશ્રીએ સ્થળ ઉપર પ્રત્યક્ષ મુલાકાત લઈ માહીતિ મેળવી ફીલ્ડ સ્ટાફને જરૂરી સુચના આપવામાં આવેલ હતી.
- તા.૦૯.૦૭.૧૯ના રોજ બનાસકાંઠા જિલ્લાના તીડ જોવા મળેલ તે ગામોમાં મંત્રીશ્રી (કૃષિ, ગ્રામવિકાસ, વાહનવ્યવહાર), ખેતી નિયામકશ્રી તેમજ સ્થાનિક અધિકારીશ્રીઓની ટીમ સાથે સ્થળ ઉપર પ્રત્યક્ષ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું અને અત્યાર સુધીમાં થયેલ કામગીરી બદલ સમગ્ર ટીમને અભિનંદન આપ્યા અને આ જ પ્રકારની કામગીરી ચાલુ રહે તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી.
- ભારત સરકારશ્રી તીડ નિયંત્રણ એકમ અને ગુજરાત સરકારશ્રીના ખેતીવાડી ખાતાના ફીલ્ડ સ્ટાફ દ્વારા બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના લોદ્રાણી, બુકણા, અસારાવાસ અને નાળોદર ગામોમાં તેમજ સુઇગામ તાલુકાના સુઇગામ, મેઘપુરા અને પાડણ ગામોના ૩૯૫ હેક્ટર વિસ્તારમાં જંતુનાશક દવા (મેલાથીઓન 96% ULV) છાંટવાની કામગીરી કરવામાં આવેલ છે.અને દવાનો છંટકાવ કરતાં તીડ નિયંત્રણ થવા પામેલ છે.

ભાવિ આયોજન

(૧) ખાતાના ક્ષેત્રીય સ્ટાફને સતત મોનીટરીંગ કરવા સૂચના આપેલ છે અને તીડની હાજરી જોવા મળે તો તરતજ અક્ષાંશ, રેખાંશ સાથેનુ લૉકેશન મેળવી રિપોર્ટ કરવા જણાવેલ છે.

(૨) દવા છાંટવાના સાધનો સાથેનું વાહનો તૈયાર રાખવામાં આવેલ છે.

(૩) હાલમાં LCO (Locust Circle Office) પાલનપુર કચેરી ખાતે જંતુનાશક દવાનો ૪૦૦ લીટરનો સ્ટોક રીઝર્વ રાખવામાં આવેલ છે.

આમ, બનાસકાંઠા જિલ્લામાં જે તીડની હાજરી જોવા મળેલ હતી તેમની સંખ્યા ઓછી છે અને વધુ ગામ અસરગ્રસ્ત નથી અને ભવિષ્યમાં ઇંડા મૂકવાથી તીડની વસ્તી વધે નહિ અને તીડના ઉપદ્રવથી નુકસાન ન થાય તે માટે નિયંત્રણના તાત્કાલિક અસરથી પગલા લેવામાં આવેલ છે. તેમજ તીડ માટે સંવેદનશીલ ગણાતા વિસ્તારોના ખેડૂતોને જાગૃત કરવામાં આવેલ છે તથા જિલ્લા તંત્રને નિયંત્રણ માટેની તૈયારીઓ રાખવા તેમજ તે અંગેના જરૂરી વાહનો અને વાહન સંચાલિત સ્પ્રેયર તૈયાર રાખવા સૂચના આપવામાં આવેલ છે. આમ, સરકારશ્રી દ્વારા તીડ નિયંત્રણ માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મેં જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. વરસાદ ખેંચાય છે તેના કારણે જે સ્થિતિ પેદા થાય છે અને ખેડૂતો બેહાલ છે, અને જે પ્રકારે તીડનું આક્રમણ થયું છે તેના કારણે ખેડૂતોને થતું નુકસાન, જેમાં રણતીડ આવતાં પહેલાં અગમચેતીના પગલાં સરકારે લીધેલાં પગલાં માટે નિવેદનમાં જે વાત કરી છે તે અને રણતીડ આવ્યા બાદ લીધેલાં પગલાંની જે વાત કરી છે આ બન્નેમાં માનનીય અધ્યક્ષશ્રી વિરોધાભાસ દેખાય છે. આ જવાબ પરથી તો સ્પષ્ટ લાગે છે કે રાજય સરકાર ખેડૂતો માટે ગંભીર કે સંવેદનશીલ નથી ખેડૂતો માટેની સંવેદનશીલતા ગુમાવી દીધી છે. આટલાં બધાં અગમચેતીનાં પગલાં લીધા પછી જે તીડ આવ્યાં શરૂઆતના તબક્કે જે તારીખે પ્રવેશ કર્યો ત્યારે એ માત્ર એક–બે ગામોમાં જ હતાં. આ પગલાં લીધાં પછી આજની તારીખની અંદર ૧૩–૧૪ ગામોમાં આ તીડનો પ્રવેશ થઇ ચૂકયો છે તો તમે અગમચેતીના પગલાં કયા પ્રકારનાં લીધાં હતાં કે જેને કારણે એક–બે ગામમાંથી આ તીડનો ૧૪ ગામમાં વધારો થયો.

બીજો પ્રશ્ન એ છે કે જે દવાનો છંટકાવ કરવામાં આવે છે. તમે જાહેરાતો દ્વારા બનાસકાંઠા જિલ્લામાં તીડની હાજરી જોવા મળી હતી તેમાં તીડની સંખ્યા ઓછી હતી અને વધુ ગામો અસરગ્રસ્ત નથી, આવો જવાબ બહુ સ્પષ્ટ આપ્યો છે, તો એના કારણોની અંદર સ્થાનિક કક્ષાએ કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કર્યો છે તેની લાંબી વાત નથી કરતો, કેન્દ્ર સરકાર અને રાજય સરકાર આટલાં ગંભીર પ્રકારનાં પગલાં લેતા હોવા છતાં તીડની સંખ્યામાં વધારો થવાના મૂળમાં શું કારણો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પાકિસ્તાનને પૂછવું પડે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : પાકિસ્તાનને પૂછવું પડે તો માનનીય અધ્યક્ષશ્રી, સીમાઓ આજની તારીખે...

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આતંકવાદીઓ તો બંધ થયા. ત્રાસવાદીઓ તો બંધ થયા.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : બધી સીમાઓ આ સરકાર પાસે છે. બી.એસ.એફ પણ આ સરકાર પાસે છે. સિક્યુરિટી પણ સરકાર પાસે છે આ બધું સરકાર પાસે હોવા છતાં પાકિસ્તાનમાંથી એ આવે છે. પુલવામાં હુમલો કેમ થયો હતો. (અંતરાય) આમાં ઘણું બધું આવે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પુલવામાં ૩૦૩ થયું.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી આમ જોઇએ તો આ રણતીડ એ આંતરરરાષ્ટ્રીય કક્ષાની જીવાત છે અને ખેતીનો જૂનામાં જૂનો દુશમન છે. આજે ભયાનકતા બતાવી છે અને સભ્યશ્રી પુંજાભાઇએ જે ગંભીરતા દાખવી છે તેનાથી અનેક ઘણી ગંભીરતા ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે દાખવી છે.

આ રણતીડ છે એ મારા નિવેદનમાં, છાપેલા જવાબમાં પણ કહ્યું છે કે ૬૦ દેશને પ્રભાવિત કરતું આ રણતીડનું આક્રમણ છે. ૩ કરોડ સ્કવેર મિટર એરિયાની અંદર આ પ્રભાવિત છે. ઓમાન અને સાઉદી અરેબીયા જે સૂકા પ્રદેશો છે એ એના પ્રભાવિત વિસ્તાર છે અને તેના પ્રજનન ક્રિયાનો પણ વિસ્તાર છે. એમાં ભારત પણ આવી જાય છે. ભારતમાં પંજાબ, રાજસ્થાન અને ગુજરાત આ ત્રણ એના પ્રભાવ ક્ષેત્રની હેઠળ આવે છે. જયાં સૂકો એરિયા છે, પંજાબના આપણા પશ્ચિમ બોર્ડના જિલ્લાઓ આનાથી પ્રભાવિત છે અને એ જ રીતે રાજસ્થાનનો રણ વિસ્તાર પણ પ્રભાવિત છે, ગુજરાતનો પણ આપણો બનાસકાંઠા જિલ્લો અને કચ્છ જિલ્લો અને એ રીતે પાટણ જિલ્લો, જામનગર અને દેવભૂમિ દ્વારકા આ બોર્ડરનો વિસ્તાર છે એ પ્રભાવિત છે.

એમણે ગંભીરતા બાબતમાં વાત કરી છે કેટલાક આક્ષેપો પણ કર્યા છે, તેનો કોઇ જવાબ મારે નથી આપવા, મારા વિભાગે જે કામગીરી કરી છે તે જ મારે કહેવું છે. રણતીડની ભયાનકતાને દ્રષ્ટિમાં રાખીને વર્લ્ડ ક્લાસ લેવલની એક ઓર્ગેનાઇઝેશન આને નિયંત્રણમાં રાખવા માટે કામ કરે છે. કેમ કે એક વખતે આ ઝુંડ જો ૧૦ હજારથી વધારે સંખ્યામાં આવી જાય તો અને કોઇ ખેતીવાડી વિસ્તારની અંદર ઉતરી જાય તો બધું સાફ કરી દે. ૧૯૯૩–૯૪ની અંદર આ પ્રકારે પાકિસ્તાનની સરહદેથી રણતીડના ઝુંડે પ્રવેશ કર્યો હતો અને એ વખતે ખાસું એવું નુકસાન પણ આપણને થયું હતું. આ વખતે તા.૮–૫એ

## આષાઢ ૨૪, ૧૯૪૧ શાકે

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત

ભારત સરકારે ગુજરાત સરકારને જાણ કરી કે પાકિસ્તાન વિસ્તારમાંથી આ રણતીડનું ઝુંડ છે એ જુદું પડી અને ગુજરાતમાં પ્રવેશ કરી શકે છે. પંજાબ સુધી જઈ શકે છે, રાજસ્થાનના અમુક ભાગમાં પણ ગયું છે, ત્યાં પણ રાજસ્થાનની સરકારે અને ભારત સરકારે સંયુક્ત રીતે ઓપરેશન કરીને એમને નિયંત્રિત કર્યું છે. તા.૮–૫ ના રોજ ભારત સરકારે જાણ કરી, સેઇમ ડે, અમારા કૃષિ નિયામકશ્રીની અધ્યક્ષતામાં એક બેઠક થઇ અને બેઠક થયા પછી સંભવિત પ્રભાવિત જે જગ્યા છે ત્યાંના અમારા કૃષિ અધિકારીઓને, જિલ્લાના ખેતીવાડી અધિકારીઓને જાણ કરી અને એમને અહીંયાં બોલાવી અને બેઠક નિયામકશ્રીની કક્ષાએ થઇ અને આને રોકવા માટેના શું ઉપાયો હોઇ શકે તે આંતરરાષ્ટ્રીય આપણી સંસ્થાના માર્ગદર્શન હેઠળ આપણે ભારત સરકારના અધિકારીઓને પણ બોલાવી લીધા, અમે તા.૮–૫ના જેવી જાણ થઇ, તા.૧૩–૫ એ નિયામક કક્ષાએ રણ તોડ અને રણ વિસ્તાર ધરાવતા પાંચ જે પ્રભાવિત જિલ્લાઓ છે, બનાસકાંઠા, પાટણ, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, ત્યાં આગળ આગમચેતીના ભાગ સ્વરૂપે જાહેરાતો પણ કરી, ૧ લાખ જેટલા પેમ્ફલેટ છાપી અને એ વિસ્તારની અંદરના લોકોને આ વિસ્તારની અંદર એના ગામોમાં આવી જાય કે ખેતીવાડી વિસ્તારમાં રણ તીડ આવી જાય તો શું કરવું તેના ઉપાયો પણ બતાવ્યા અને એ જ રીતે તા.૨૪–૫ ના રોજ કેન્દ્ર સરકાર તરફથી પાલનપુર ખાતે ૨૪ કલાકનો કન્ટ્રોલ રૂમ પણ ખોલવામાં આવ્યો અને આજની તારીખે એ કાર્યાન્વિત છે. અને એ જ રીતે ૩૦મી તારીખે અધિક મુખ્ય સચિવ કૃષિ, એની અધ્યક્ષતામાં પણ બેઠક બોલાવી સંબંધિત અધિકારીઓને બોલાવવામાં આવ્યા, જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. તા.૧૦–૬ના રોજ નિયામકશ્રી કક્ષાએથી કૃષિ વૈજ્ઞાનિકો અને તીડના નિયંત્રણ માટેના અધિકારીઓને તાલીમ આપવામાં આવી કે કેવી રીતે કન્ટ્રોલ કરવું. સિલસિલાબંધ એક રીતે આ કામગીરી છેક તા.૨૯–૬ સુધી અલગ અલગ તારીખે જે કંઇ કરવું ઘટે તે બધું કર્યું છે. હવે મૂળ વાત એમણે જે કરી છે, આ ઇંડાઓ મૂકે છે. આપણું ગુજરાત અને સુકા જેટલા પ્રદેશો છે ત્યાં મોન્સુન સીઝનમાં મોટાભાગે એમની પ્રજનની ક્રીયા થતી હોય છે અને તે પાકિસ્તાનના કેટલાક ભાગમાં, ગુજરાતના કેટલાક ભાગમાં અને એ જ રીતે ઓમાન અને સાઉદી અરેબીયાના દેશોમાં પણ એની પ્રજનની ક્રિયા થતી હોય છે, વસતિ વધારો થતો હોય છે. ગુજરાતની અંદર આ ૨૭ તારીખે આપણને પ્રથમ દેખા થઇ અને એ વખતે વાવ અને સૂઇના બે ગામની અંદર આની દેખા થઇ, સેઇમ ડે બેઠક બોલાવી અને દવાની જોગવાઈ અગાઉથી કરી રાખી હતી અને દવાનો છંટકાવ બે વાહનો દ્વારા શરૂ કર્યો. આ આખીયે ઘટના તા.૨૭–૬ના રોજ લોદ્રાણી ખાતે ૪૦ પ્રભાવિત હેકટરમાં (અંતરાય) દવાનો છંટકાવ કર્યો. સરકારે શું કામગીરી કરી આ બાબતે, માનનીય અધ્યક્ષશ્રી ગૃહના રેકોર્ડ ઉપર રાજ્ય સરકારે આ તીડને કન્ટ્રોલ કરવા માટે શું કર્યું એ તો મારે કહેવું પડે. તા.૨૮–૬ના રોજ બુકણા ખાતે ૨૫ હેક્ટર વિસ્તારમાં દવાનો છંટકાવ કર્યો, તા.૧–૭ના રોજ સૂઇ ગામના મેઘપુરા ખાતે ૭૫ હેક્ટર વિસ્તારમાં દવાનો છંટકાવ કર્યો અને એ જ રીતે તા.૨–૭ના રોજ વાવના અસારાવાસમાં પણ દવાનો છંટકાવ કર્યો, એ રીતે તા.૪–૭ના રોજ મેઘપુરામાં ફરીથી પાછો ૬૦ હેક્ટર વિસ્તારમાં દવાનો છંટકાવ કર્યો. તા.૬–૭ના રોજ પ્રોપર સૂઇ ગામમાં પણ ખેતીવાડી વિસ્તારમાં થોડું ઝુંડ આવ્યું હતું તેમાં પણ ૨૦ હેક્ટર વિસ્તારની અંદર દવાનો છંટકાવ કરીને નાશ કર્યો અને એ જ રીતે સૂઇ ગામના મેઘપુરા અને પાડણ વિસ્તારની અંદર એમાં ૫૦ હેકટરની અંદર દવાનો છંટકાવ કર્યો. અને આ રીતે તા.૧૧–૭ના રોજ અસારાવાસમાં ફરીથી બીજા રાઉન્ડમાં પણ દવાનો છંટકાવ કર્યો. અગાઉથી જે પહેલા રાઉન્ડમાં જે રણતીડ આવી ગયા હોય અને આ પ્રજનનો પીરીયડ છે. એટલે જયાં જયાં માદાએ ઇંડા મૂક્યા હોય તેનો નાશ કરવા માટે પણ જે કંઇ પગલાં લેવા જોઇએ એ પણ લીધા. કેટલાક ઇંડાઓ જીવમાં પરિવર્તીત થઇ ગયા અને નાના–નાના એક સેન્ટિમીટરથી લઇને બે સેન્ટિમીટરના થયા કે તરત જ આપણા ધ્યાનમાં આવ્યા. તેનો પણ નાશ કરવા માટે તા.૧૨–૭–૧૯ના રોજ સુઇગામ પ્રોપરમાં બે હેક્ટર વિસ્તારમાં દવાનો છંટકાવ કર્યો. તા.૧૩–૭–૧૯ના રોજ અસારાવાસમાં આઠ હેક્ટર વિસ્તારમાં દવાનો છંટકાવ કરી તેના બચ્ચાંનો નાશ કર્યો. તા.૧૩–૭–૧૯ના રોજ બોકણા ખાતે બે હેક્ટર વિસ્તારમાં દવાનો છંટકાવ કરી નાશ કર્યો. મેલાથિયોન–૯૬ પર્સન્ટેજની માત્રામાં દવાનો છંટકાવ કર્યો છે અને એ જ રીતે તા.૧૪–૭–૧૯ના રોજ મેઘપુરા ખાતે છ હેક્ટર વિસ્તારમાં દવાનો છંટકાવ કર્યો. એ જ રીતે તા.૧૪–૭–૧૯ના રોજ સુઇ તાલુકાના મેઘપુરા ગામે ૧૦ હેક્ટર વિસ્તારની અંદર દવાનો છંટકાવ કરીને બિલકુલ અન્ડર કંટ્રોલ કરી લીધું છે. લાખો તીડોનો આપણે નાશ કરી નાખ્યો છે. કોઇ ચિંતાનું કારણ નથી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૬ અન્વયે માનનીય મંત્રીશ્રીએ બનાસકાંઠામાં અને મારા મતવિસ્તારમાં જે તીડ પાકિસ્તાન અને ત્યાંથી રાજસ્થાન અને ત્યાંથી સૂઇગામ તાલુકો અને વાવ તાલુકાના ૧૦ ગામોની અંદર આવ્યા તેના માટેની વાત કરી. મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે સૌ પ્રથમ તા.૨૭–૬–૧૯એ લોદરાણી ગામે દેખાયા. તેમાં તા.૧૩–૭–૧૯ ના રોજ મેં પોતે એ ગામડાંમાં જઇને વિસ્તારની મુલાકાત લીધી. ખાસ કરીને પ્રશ્ન એ છે કે તા.૨૭–૬–૧૯થી આજ ૧૫ તારીખ થઇ. એટલે ૧૮ દિવસથી એ તાલુકાની અંદર તીડ નાશ માટેની કામગીરી ચાલુ છે. તેમાં કેન્દ્ર સરકારની એક ટીમ છે અને રાજ્ય સરકારની છ ટીમ છે. પહેલાં દિવસે એક જ ગામની અંદર દેખાયા હતા. આજે ૧૦ ગામો તીડથી પ્રભાવિત છે. તો આપણે તેને કંટ્રોલ કરવા માટે જે પ્રયત્નો કરવા જોઇએ એ કર્યા છે પણ હજુ સુધી કંટ્રોલ થતું નથી, તો એ કયાં સુધીમાં કંટ્રોલ થશે? બીજું, જે ખેડૂતોને નુકસાન થયું છે તેનો સરવે કરીને જે તે ખેડૂતોને અને પશુપાલકોને નુકસાન થયું તેમાં સરકાર વળતર આપવા માગે છે કે કેમ? આનો જે પ્રભાવ છે તેમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. એટલે આ બાબતને કોઇ રાજકીય રીતે

ધ્યાને ન લેતાં આ ખેડૂતો માટે ખૂબ ગંભીર બાબત છે. એક ગામમાંથી ૧૦ ગામમાં થયું છે, ૧૦ ગામમાંથી ૧૫ ગામમાં થશે. શક્ય હોય તો મારી વિનંતી છે કે ટીમો વધારવામાં આવે અને કંટ્રોલ કરીને શક્ય હોય એટલું ઝડપી નાશ કરવામાં આવે અને નાશ કરવા માટે સરકાર વધારાના પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી રણછોડભાઈ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય..

અધ્યક્ષશ્રી : બહેને આભાર તો માન્યો નહીં કે અમારા ગામમાં શરૂઆત થઈ, સારું થયું, એટલું તો કહો.

શ્રી રણછોડભાઈ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઈ, શ્રીમતી ગેનીબેન અને અમારા ભારતીય જનતા પાર્ટીના સભ્યશ્રી શશીકાંતભાઈનો આભાર માનીએ છીએ કે આવી ગંભીર પ્રકારની બાબત નિયમ-૧૧૬ની નોટિસથી ગૃહના ધ્યાન ઉપર લાવવામાં આવી છે. મારે એટલું જ કહેવું છે કે આજે સવારે છેલ્લા રાઉન્ડમાં દવાનો છંટકાવ થઈ ગયો છે. કોઈ ચિંતાનું કારણ નથી. આની ગંભીરતા કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે પૂરેપૂરી લીધી છે. પળેપળ ૨૪ કલાક પહેરો ત્યાં સતત ચાલુ છે. ત્યાં આગળ ગ્રામ પંચાયતોને આપણે જાણ કરી છે. ક્યાંય પણ દેખા દે એટલે આપણને તરત જ જાણ કરવામાં આવે. માલધારીઓ સાંઢિયા લઈ અને સીમ વિસ્તારમાં વાસ કરતા હોય છે. તેમના ધ્યાનમાં પણ આપણે મૂક્યું છે. કોઈ ચિંતાનું કારણ નથી.

અધ્યક્ષશ્રી : આપ જાતે જઈને આવ્યા, રાતોરાત ગયા, અમને ખબર પડી. એ વાત તો આપ ધ્યાનમાં મૂકતા નથી.

શ્રી રણછોડભાઈ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી ગેનીબેનનો વિસ્તાર છે. શ્રીમતી ગેનીબેને ગંભીરતા રાખી છે અને પોતે પણ વાવના બે ગામની અંદર ગયા છે અને એમણે પણ આની ગંભીરતા લીધી છે. અધિકારીઓ અમારા સતત સંપર્કમાં હતા. બહેનજી, હું આપને અભિનંદન આપું છું, ધન્યવાદ આપું છું. રણતીડ અંગે સરહદી વિસ્તારોમાં સરહદના સૈન્યને અને સરહદના જવાનોને પણ આપણે જાણ કરી છે. પાકિસ્તાન તરફથી હવે કોઈ ઝુંડ આવે તો અમને તરત જ ઈન્ફોર્મ કરજો. અમે સંપૂર્ણ રીતે એલર્ટ છીએ. કૃષિમંત્રી હોવાને નાતે મારું પણ એ કર્તવ્ય છે. એકે એક પોઈન્ટનું કલેરીફીકેશન થઈ જાય એ જરૂરી છે. ખેતીવાડી વિસ્તારમાં હજુ સુધીમાં ક્યાંય કોઈ નુકસાની થઈ નથી અને મંત્રી તરીકે મારી ફરજનો ભાગ છે એમાં મારે કંઈ કહેવાની જરૂરત હોતી નથી.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

જાહેર સાહસો માટેની સમિતિના છઠ્ઠા, સાતમા અને આઠમા અહેવાલની રજૂઆત

શ્રી બાબુભાઈ ભી. બોખીરીયા (જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો છઠ્ઠો, સાતમો અને આઠમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

**માગણી ક્રમાંક- ૧૨**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

શ્રી સૌરભ પટેલ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ) સેવાને લગતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૬,૪૧,૬૭,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૧૨ ઉપરની કાપદરખાસ્તો**

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઈ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

**માગણી ક્રમાંકઃ૧૩**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

શ્રી સૌરભ પટેલ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાઓ સેવાને લગતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૬૩,૫૧,૮૧,૭૪,૦૦૦/-અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૩,૮૩,૧૦,૦૧,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક- ૧૩ ઉપરની કાપદરખાસ્તો

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

માગણી નં. ૪૯

ઉદ્યોગ અને ખાણ વિભાગ

શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૮,૫૦,૮૯,૫૭, ૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૫,૮૫,૫૪,૭૮,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૪૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક- ૪૯ ઉપરની કાપદરખાસ્તો

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી લલિત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક - ૫૦**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૪૯,૫૫,૨૭,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૮,૦૫,૬૭,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૫૦ ઉપરની કાપદરખાસ્તો**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક - ૭૫**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

શ્રી સૌરભ પટેલ (બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો વધારાનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતા અન્ય ખર્ચ સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની

આષાઢ ૨૪, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪૦,૨૧,૫૨,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩,૬૦,૬૮,૦૦૦/–ની માગણી ક્રમાંક – ૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૭૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૭૫ ઉપરની કાપદરખાસ્તો**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક – ૫૪**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(માહિતી અને પ્રસારણ વિભાગનો વધારાનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૮,૭૨,૪૧,૦૦૦/–ની માગણી ક્રમાંક – ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૫૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૫૪ ઉપરની કાપદરખાસ્તો**

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫૮ રજૂ કરવામાં આવી.**

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫૯ રજૂ કરવામાં આવી.**

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૬૦ રજૂ કરવામાં આવી.**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૬૩ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૬૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૬૫ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૯–૨૦૨૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી સોમવાર, તા.૧૫મી જુલાઇ ૨૦૧૯(બીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં. ૧૨** | | |
| ૧ | ૨૦૪૫–ચીજવસ્તુઓ...શુલ્ક<br>૧૦૩–વસૂલાત...શુલ્ક<br>૦૧–વીજળી...નિરીક્ષક<br>રૂ.૨૪,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫,પાના નં.૬ અને ૭ | ૧૦૦ | વીજ કંપનીઓ સામેની ફરિયાદોમાં અરજદારને ન્યાય અપાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અક્ષયકુમાર પટેલ |
| ૨ | ––– " ––– | ૧૦૦ | વીજ પાવર પ્લાન્ટ બંધ હોવા છતાં તેનો ચાર્જ વીજ ગ્રાહકો ઉપર નાંખી પૈસા વસૂલાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નૌશાદ સોલંકી |
| ૩ | ––– " ––– | ૧૦૦ | વીજ ઉત્પાદક કંપનીઓ અને સરકારી વીજ કંપનીના અધિકારીઓના પરસ્પરના ફાયદાના ભોગે | ડૉ. સી.જે.ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | વીજ ગ્રાહકોને ભાવ વધારો ભોગવવો પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪ | --- " --- | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ શુલ્કમાં રાહતો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૫ | --- " --- | ૧૦૦ | ઘરવપરાશના વિજળીના બીલોમાં ખરેખર વપરાશ ઉપર જ શુલ્ક વસૂલાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| **માગણી નં. ૧૩** | | | | |
| ૬ | ૨૮૦૧-વિજળી શક્તિ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત...સહાય<br>રૂ.૧૭,૯૫,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫,પાના નં.૯ થી ૧૧ | ૧૦૦ | વિજળીના ઓવરહેડ વાયરો તૂટતા માણસો અને પશુઓના થતા મોત માટે જવાબદારો સામે પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૭ | ૨૮૦૧-વિજળી શક્તિ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત...સહાય<br>રૂ.૧૭,૯૫,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫,પાના નં.૯ થી ૧૧ | ૧૦૦ | વિદ્યુત બોર્ડને સહાય આપવા છતાં તેની વીજ પાવર ક્ષમતા કરતા વીજ ઉત્પાદન ઓછુ થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સંજયભાઈ સોલંકી |
| *૮ | --- " --- | ૧૦૦ | રાજ્યમાં વીજ ઉત્પાદન વધ્યુ હોવા છતાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી ઉંચા દરે વિજળીની ખરીદી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઈ જોષી |
| ૯ | --- " --- | ૧૦૦ | ખેડૂતોને વીજ કનેકશનો સમયસર તેમજ પૂરતા પ્રમાણમાં આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| *૧૦ | --- " --- | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તાર અને શહેરોમાં વારંવાર વીજ પૂરવઠો ખોરવાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડિયા |
| ૧૧ | --- " --- | ૧૦૦ | વીજ ચેકીંગ દરમ્યાન વીજ કર્મચારીઓ ઉપર થતા હુમલા સામે પૂરતું રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૧૨ | --- " --- | ૧૦૦ | વીજળીના વધારાના પૂરવઠાના કારણે વણવપરાયેલ ઉત્પાદનના ખર્ચનો બોજ ગ્રાહકો પર પડતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| *૧૩ | --- " --- | ૧૦૦ | ઉદ્યોગો અને અન્યો પાસેથી વિજળીના બાકી રહેતા બીલો સમયસર વસૂલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીતભાઈ કગથરા |
| *૧૪ | --- " --- | ૧૦૦ | સરકારી વીજ કંપનીઓની વીજ સેવાઓ કથળતી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૧૫ | --- " --- | ૧૦૦ | ગામોમાં વરસાદના સામાન્ય ઝાપટામાં જ વિજળી વિના અંધારપટ છવાઈ જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| *૧૬ | --- " --- | ૧૦૦ | નિયમિત રીતે વીજ કનેકશનોના મુખ્ય વાયરોની ચકાસણી ન થવાથી આગ , શોર્ટ સર્કીટના બનાવો બને છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| *૧૭ | --- " --- | ૧૦૦ | વિદ્યુત બોર્ડના વીજ ટ્રાન્સફોર્મરો વારંવાર બળી જવાથી આગના બનાવો બનતાં અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સોમાભાઈ કોળીપટેલ |
| ૧૮ | --- " --- | ૧૦૦ | ફાયર સેફ્ટી અંતર્ગત ઈલેક્ટ્રીક ઈન્સ્પેકશન દરમિયાન ખોટા વેરીફીકેશન સર્ટીફિકેટસ અપાય છે તે સામે | શ્રી પુંજાભાઈ વંશ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તપાસ કરી જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯ | ૨૮૦૧–વિજળી શક્તિ<br>૮૦–સામાન્ય<br>૧૦૧–વિદ્યુત...સહાય<br>રૂ.૧૭,૯૫,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫,પાના નં. ૯ થી ૧૧ | ૧૦૦ | વીજ કંપનીઓમાં આવતી નવા વીજ લોડ કનેકશન વધારવા અંગેની રજૂઆતોને વીજ કોન્ટ્રાકટરો દ્વારા ચકાસણી વગર જ મંજૂરી અપાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૨૦ | --- " --- | ૧૦૦ | ચોમાસા પહેલા તમામ વીજ થાંભલાઓનું ચેકીંગ કરાવી આમજનતા અને પશુઓના વીજકરંટથી થતાં મૃત્યુ અટાકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૨૧ | --- " --- | ૧૦૦ | વીજ ગ્રાહકોના કન્ઝ્યુમર ફોરમમાં વીજ કંપનીના જ અધિકારીઓની નિમણૂક કરાતા વીજ ગ્રાહકોને યોગ્ય ન્યાય મળતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| | | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>માગણી નં. ૪૯ | |
| ૨૨ | ૨૮૫૧–ગ્રામ...ઉદ્યોગ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૫,૩૧,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં.૨૭ થી ૨૯ | ૧૦૦ | ગ્રામોદ્યોગને પૂરતા પ્રમાણમાં નાણાકીય સહાયો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૩ | --- " --- | ૧૦૦ | વાયબ્રન્ટ સમિટોમાં કાર્યરત થયેલ ઉદ્યોગોની જરૂરી વિગતો ઇન્ડેકસ–બી દ્વારા વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| ૨૪ | --- " --- | ૧૦૦ | રાજ્યમાં બંધ હાલતમાં પડેલ કુટીર ઉદ્યોગોની જીલ્લાવાર માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઈ ડાભી |
| ૨૫ | --- " --- | ૧૦૦ | લઘુ ઉદ્યોગો પાસેથી સસ્તા ભાવે સારુ મટીરીયલ્સ મળતુ હોવા છતા વિદેશથી થતી આયાત બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૨૬ | --- " --- | ૧૦૦ | લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તે માટે જરૂરી બજાર વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૨૭ | --- " --- | ૧૦૦ | લઘુ ઉદ્યોગો અને નાના વ્યવસાય રોજગારને ઓછા વ્યાજની બેંકેબલ લોંન માટે સરકારે પોતે જામીનગીરી આપેલ હોવા છતા બેંકો દ્વારા લોન અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| *૨૮ | --- " --- | ૧૦૦ | જીલ્લા ઉદ્યોગ કેન્દ્રોની નબળી કામગીરી અને અપૂરતા સ્ટાફના કારણે પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૨૯ | --- " --- | ૧૦૦ | જીલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં પડતર અરજીઓનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લલીત વસોયા |
| *૩૦ | ૨૮૫૧–ગ્રામ....ઉદ્યોગ<br>૧૦૨– લઘુઉદ્યોગો<br>૧૫-IN D -7 મીઠા...વિકાસ<br>રૂ.૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પાના નં.૩૫ | ૧૦૦ | મીઠા ઉદ્યોગો માટે જમીન ફાળવણીમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૩૧ | --- " --- | ૧૦૦ | મીઠા ઉદ્યોગોના વિકાસ માટે નાણા ખર્ચાતા હોવા છતાં તેમાં કામ કરતા અગરીયાઓને પીવાના પાણી | શ્રી કનુભાઈ બારૈયા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સહિતની અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૨ | ૨૮૫૨–ઉદ્યોગો<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–IN D-2 ઉદ્યોગ…શાખા<br>રૂ.૧૬,૨૫,૮૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં.૫૪ અને ૫૫ | ૧૦૦ | રાજ્યમાં બંધ હાલતમાં પડેલ નાના અને મોટા ઉદ્યોગોની જીલ્લાવાર માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઈ રાઠવા |
| ૩૩ | --- " --- | ૧૦૦ | વાયબ્રન્ટ સમિટો પછી અત્યાર સુધીમાં થયેલ એમ.ઓ.યુ.માંથી કાર્યરત થયેલ ઉદ્યોગો તેના કામોની પ્રગતિ અને ખસી ગયેલ ઉદ્યોગોની વિગતો પ્રસિદ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષિયારા |
| ૩૪ | --- " --- | ૧૦૦ | ઉદ્યોગ કમિશનર કચેરીની વેબ સાઇટો ઉપર અદ્યતન માહિતીઓનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહ વસાવા |
| ૩૫ | --- " --- | ૧૦૦ | રાજ્યમાં નવા સ્થપાતા ઉદ્યોગોમાં સ્થાનિક યુવાનોને ફરજીયાત ૮૫ ટકા ભરતી કરવાના કરારો કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૩૬ | --- " --- | ૧૦૦ | રાજ્યના તમામ તાલુકાઓમાં જી.આઇ.ડી.સી. ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર |
| ૩૭ | --- " --- | ૧૦૦ | ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહન અપાય છે પરંતુ આવા ઉદ્યોગો સરકારી લાભો લઈ થોડા જ વરસોમાં બંધ થઈ જાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| ૩૮ | --- " --- | ૧૦૦ | ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક સ્વરોજગાર મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| | | **માગણી નં. ૫૦** | | |
| ૩૯ | ૨૮૫૩–બિનલોહ…ઉદ્યોગ<br>૦૨–ખાણોનું…વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૧,૧૫,૪૮,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં.૬૮ અને ૬૯ | ૧૦૦ | રાજ્યમાં ગેરકાયદેસર વધી રહેલી ખાણ ખનીજની પ્રવૃત્તિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૪૦ | ૨૮૫૩–બિનલોહ…ઉદ્યોગ<br>૦૨–ખાણોનું…વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૧,૧૫,૪૮,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં.૬૮ અને ૬૯ | ૧૦૦ | ડ્રોન દ્વારા ખનીજ ચોરી પકડવાના બનાવો નોંધાયાની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અંબરીષ ડેર |
| ૪૧ | --- " --- | ૧૦૦ | રાજ્યમાં વહીવટી તંત્રની ઢીલી નીતિના કારણે ખાણ ખનીજ ચોર બેફામ બન્યા છે. આથી વધતી જતી વ્યાપક ખનીજ ચોરીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૪૨ | --- " --- | ૧૦૦ | ખનીજ ચોરી કરતાં પકડાયેલ ઇસમો પાસેથી લાંબા સમય સુધી દંડની રકમ વસૂલાતી નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૪૩ | --- " --- | ૧૦૦ | નદીઓમાં બેફામ રેતીની ચોરીના કારણે પાણીના | શ્રી વિમલભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સ્તર નીચા જવાથી તેમજ નદીઓમાં ખાડા પડતા અકસ્માતના બનાવો બનતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ચુડાસમા |
| ૪૪ | --- " --- | ૧૦૦ | ખનીજની ક્વોરીઓ પાસે આવેલ વે-બ્રિજમાં ટ્રકોમાં ખનીજના માલના ખોટા વજનોની થતી કાર્યવાહી માટે વે-બ્રિજ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૪૫ | --- " --- | ૧૦૦ | યુઝર આઇ.ડી. પાસવર્ડ બદલીને વે-બ્રિજોમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા |
| ૪૬ | --- " --- | ૧૦૦ | ખનીજચોરી કરનાર તત્વો અધિકારીઓ ઉપર હુમલાઓ કરે છે ત્યારે તેમને પૂરતુ રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૪૭ | --- " --- | ૧૦૦ | ખનીજચોરી અન્વયે ધારાસભ્યોએ કરેલ લેખિત રજૂઆતો પછી પણ અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિંરજન પટેલ |
| ૪૮ | --- " --- | ૧૦૦ | ખનીજ રોયલ્ટીની રકમોમાંથી પંચાયતોને મળવાપાત્ર રકમ સમયસર અપાતી નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| *૪૯ | --- " --- | ૧૦૦ | ખાણોમાં થતા ખોદકામનું નિયમિત રોજકામ થતુ નથી તે નિવારવામાં અને જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુનિલભાઇ ગામીત |
| ૫૦ | --- " --- | ૧૦૦ | ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીઓમાં ચાલતી ગેરરીતિઓ રોકવા અને ઉચ્ચ કક્ષાએથી નિયમિત ચેકીંગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૫૧ | --- " --- | ૧૦૦ | જે વિસ્તારમાંથી ખનીજચોરી પકડાય છે તે વિસ્તારના જવાબદાર અધિકારીઓ સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા |

* આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તોની ભેગી ચર્ચા કરવામાં આવશે. નેકસ્ટ, માનનીય શૈલેષભાઇ પરમાર

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા, ઉદ્યોગ અને ખાણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે દરેક નાગરિકને વીજળીની જરૂરિયાત હોય એ મુજબ વીજળીની જરૂરિયાત પૂરી કરવાનું કામ એ રાજ્ય સરકારનું હોય છે. રાજ્ય સરકારના સરકારી વીજ એકમો હોય, ખાનગી વીજ એકમો હોય કે કેન્દ્ર શાસિત વીજ એકમો હોય એના દ્વારા વીજળી પૂરી પાડવામાં આવે છે. ગતિશીલ ગુજરાતની ગતિ એ સરકારી વીજ મથકોમાં નબળી પડેલી છે. જે રીતે સરકારના વીજ મથકો ચાલે છે એ સરકારના વીજ મથકોની જે ૨૦૦૧ અને ૨૦૦૨ના પ્રમાણમાં ૪૫૮૪ મેગાવોટની એની ક્ષમતા હતી એ ક્ષમતાની સામે ૨૩૩૨૭ મિલિયન યુનિટ વીજળી સરકારી વિભાગના વીજ મથકોએ પેદા કરી આ ૨૦૦૧ અને ૨૦૦૨ની સ્થિતિ છે. ૨૦૧૭ અને ૨૦૧૮માં આ સરકારી વીજ મથકોની મેગાવોટમાં ૫૫૧૭ મેગાવોટ થઇ. એટલે કે ૨૦૦૧ અને ૨૦૦૨ના પ્રમાણમાં ૨૦૧૭ અને ૨૦૧૮માં ૯૩૩ મેગાવોટ વધારો થયો અને એ વધારાની સામે ૨૦૦૧ અને ૨૦૦૨માં જે વીજ ઉત્પાદન આવ્યું હતું ૨૩૩૨૭ મિલિયન યુનિટની સામે ૨૦૧૭ અને ૨૦૧૮માં ૨૩૬૮૩ મેગા યુનિટ આવ્યું. એટલે કે ફક્ત ૨૦૦૧ અને ૨૦૦૨માં અને ૨૦૧૭ અને ૨૦૧૮માં ૧૮ વર્ષની અંદર માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર દ્વારા જે સરકારી વીજ મથકોમાં જે વીજ ઉત્પાદન કરવામાં આવી એમાં ખાલી ૩૫૬ મિલિયન યુનિટનો જ વધારો થયો છે. આની સામે જે ખાનગી વીજ ક્ષેત્ર આવેલા છે ૨૦૦૧ અને ૨૦૦૨માં ૧૫૦૨ મેગાવોટ ક્ષમતા હતી એની સામે ૨૦૧૭ અને ૨૦૧૮ માં ૫૨૦૭ થઇ છે એટલે કે ૫૭૦૨ મેગાવોટ ખાનગી ક્ષેત્રની અંદર મેગાવોટનો વધારો થયો છે.

**( માનનીય સભાપતિ ડો નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને )**

ખાનગી ક્ષેત્રે જે વીજ પેદા કરવી જોઇએ એ ૨૦૦૧ અને ૨૦૦૨માં ૮૨૩૩ મિલિયન યુનિટ વીજળી પેદા કરી, એની સામે ૨૦૧૭ અને ૨૦૧૮માં ૪૮૩૮૭ મિલિયન યુનિટ વીજળી પેદા થઇ. માનનીય અધ્યક્ષશ્રી, એનો મતલબ એ થયો કે,

ખાનગી વીજ ક્ષેત્ર દ્વારા ૨૦૦૧ અને ૨૦૦૨ના પ્રમાણમાં ૨૦૧૭ અને ૨૦૧૮માં ૪૦૧૫૪ મિલિયન યુનિટનો વધારો કરવામાં આવ્યો છે. એની સામે રાજ્ય સરકારનો મેગાવોટમાં ફક્ત ૩૫૬ મિલિયન યુનિટનો વધારો કરવામાં આવ્યો છે. મને એવું લાગે છે કે ખાનગી વીજ ક્ષેત્રની અંદર રાજ્ય સરકાર વીજળી ઓછી પેદા કરીને એ કોઇ પણ કારણ હોઇ શકે છે. કોલસાનું કારણ હોઇ શકે છે, વીજ મથકના રિપેરીંગનું કામ હોઇ શકે છે. અન્ય કોઇ કારણોને આગળ કરીને આ રાજ્ય સરકાર ખાનગી વીજ ક્ષેત્ર મારફતે કરોડો રૂપિયાની વીજળી એ લોકો પાસેથી ખરીદે છે. ૨૦૦૮-૦૯થી ૨૦૧૭-૧૮ સુધી આ રાજ્ય સરકારે ખાનગી વીજ ક્ષેત્રો પાસેથી ૨૮૮૫૯૮ કરતા પણ વધારે મિલિયન યુનિટ વીજળી ખરીદી છે અને આ ખરીદેલી વીજળી સામે આ રાજ્ય સરકારે રૂ.૮૦૭૨૮ કરોડ કરતા પણ વધારે રકમ આ ખાનગી વીજ ક્ષેત્રોના જે ઉદ્યોગપતિઓ છે એ ઉદ્યોગપતિઓને ચૂકવી છે એ સરકારને હું કહેવા માગું છું. ખેડૂતોના વીજ જોડાણની સરકાર વાત કરે છે, આજની તારીખની અંદર પણ મારી માહિતી મુજબ ૧૯૬૮૬૦ કરતા પણ વધારે ખેત વીજ જોડાણ આપવાના બાકી છે. સરકારશ્રીએ એ જાહેરાત કરી છે કે આ વર્ષમાં તમામ ખેડૂતોને વીજળી જોડાણ આપી દેવામાં આવશે. ખૂબ ગતિશીલ ગુજરાતની અંદર ૧૦૦ ટકા ઉદ્યોગો વધવા જોઇએ. રાજ્ય સરકારે ૨૦૦૩થી ૨૦૧૭ સુધીમાં કુલ ૮ વાઇબ્રન્ટ ગુજરાત કર્યા. ૨૦૦૩ના વાઇબ્રન્ટ ગુજરાતમાં જેના પાર્ટનર દેશ તરીકે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ચીન અલગ અલગ મોટી કંપનીના લોકો આવતા હતા. આ વખતના વાઇબ્રન્ટ ગુજરાતમાં આપણે જોયું કે ઘણા દેશના લોકો પાર્ટનરશીપ તરીકે જોડાયા નહોતા. ૨૦૦૩થી ૨૦૧૭માં છેલ્લા ૮ વાઇબ્રન્ટ ગુજરાતની અંદર ૭૬૫૧૨ એમ.ઓ.યુ. પ્રોજેકટો થયા. એની સામે કમિશન પ્રોજેકટની અંદર ૪૭૫૯૪ જ ગયા એનો મતલબ એ થયો કે ૨૮૯૧૮ પ્રોજેકટો આ ૮ સમિટની અંદર ડ્રોપ થયા. વાઇબ્રન્ટ ગુજરાતની અંદર જે સમિટો થઇ એ સમિટોમાં રૂ.૧,૦૭,૧૭,૩૨૨/-નું મૂડી રોકાણ અપેક્ષિત હતું એની સામે ૮ વાઇબ્રન્ટ ગુજરાતની અંદર ફકત રૂ.૧૩૧૪૮૭૩/- કરોડનું જ મૂડીરોકાણ આવેલું છે. એનો મતલબ એ થયો કે સરકારે વાઇબ્રન્ટ ગુજરાત કરીને કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો. ઉદ્યોગો લાવવા ખૂબ જરૂરી છે. પણ અગાઉ જે એમ.ઓ.યુ થયા એની અંદર સરકારે જે રકમો મીડિયા દ્વારા જાહેર કરી હતી એમાં રૂ.૯૩૭૮૪૪૯/- કરોડનું મૂડીરોકાણ આ ૮ સમિટની અંદર આવેલું નથી. સરકારે વાત કરી કે આ રાજ્ય સરકારની અંદર આ રાજયમાં જે વાઇબ્રન્ટ સમિટો થશે એ વાઇબ્રન્ટ સમિટોના માધ્યમથી ગુજરાતના લોકોને રોજીરોટી મળી શકશે. સરકારી આંકડાને આધીન કહું છું કે છેલ્લા ૮ વાઇબ્રન્ટની અંદર ફકત ૨૨,૮૨,૦૦૦ લોકોને જ રોજગારી મળી છે અને સરકારે સ્વીકાર્યું છે. હું ફકત ૨૦૧૫ અને ૨૦૧૭ના વાઇબ્રન્ટની જ વાત કરું છું. ૨૦૧૫ અને ૨૦૧૭ના વાઇબ્રન્ટની અંદર સરકારે એમ કીધું હતું કે ૨૦૧૫ની અંદર અમે ૨૯લાખ લોકોને રોજગારી આપવાનો અમારો લક્ષ્ય છે. ૨૦૧૭માં એમ કીધું હતું કે ૪૩૦૦૦ કરતા પણ વધારે લોકોને રોજગારી આપવાની અમારી યોજના છે. ૮ સમિટની અંદર ફકત ૨૨ લાખ લોકોને રોજગારી આપવામાં આવી છે. વાઇબ્રન્ટ ગુજરાતને બાદ કરતા આ રાજ્ય સરકારની અંદર માઇક્રો, સ્મોલ અને મિડીયમ એમ.એસ.એમ.ઇ.ના ઉદ્યોગો આવેલા છે. ૨૦૦૬થી માંડી ૨૦૧૫ સુધીમાં ૩૭૬૧૮૯ એકમો નોંધાયા હતા અને એના થકી ૨૮,૩૫,૦૦૦ લોકોને રોજી મળી હતી. તા.૧૯-૪-૨૦૧૭ના રિપોર્ટ મુજબ માઇક્રો એકમો ૨,૦૮,૩૬૪, સ્મોલ એકમો ૪૭,૩૨૪ અને મિડિયમ એકમો ૧૭૦૫ એટલે કે ૨૫૭૩૯૩ એકમો નોંધાયા છે. ૨૦૧૫ના પ્રમાણમાં ૨૦૧૭માં જે આંકડાકીય માહિતી છે એના આધારે ૧,૧૮,૦૦૦ કરતા પણ વધારે સ્મોલ, માઇક્રો અને મિડિયમ એકમો બંધ થયેલા છે. ઇકોનોમિક્સ ગુજરાતના આધારે આપણે જોવા જઇએ તો રાજ્ય સરકારનો જી.ડી.પી. ગ્રોથ ૧૩.૩ ટકા છે. જી.ડી.પી. સેક્ટર પ્રમાણે એગ્રિકલ્ચર સેક્ટર ૧૯ ટકા છે. ઇન્ડસ્ટ્રિયલ સેક્ટર ૪૫ ટકા છે. જી.ડી.પી. પરની કેપિટલ રેંક જોઇએ તો આ રેંકમાં ગુજરાતનો દસમો નંબર છે. બેરોજગારી ૨૦૧૭-૧૮માં ૪.૮ ટકાનો વધારો થયો છે. ભારતના હાઇએસ્ટ ગ્રોથની વાત કરીએ તો ગુજરાતનો છઠ્ઠો નંબર છે. પહેલા નંબરે મહારાષ્ટ્ર, દિલ્હી આવે છે. એન.સી.ડી.પી.ના કેપિટલના આધારે જોઇએ તો ગુજરાતનો ૧૪મો નંબર આવે છે. જે રીતે રાજ્ય સરકાર દ્વારા ખાણ-ખનીજ વિભાગ દ્વારા જે ખનીજો આપવામાં આવી છે. એ ખનીજોના આધારે જે કેસો પકડાયા છે એની રકમ ૯૧,૮૧૨ લાખ રૂપિયાની થાય છે. એની સામે રાજ્ય સરકારે ૫ વર્ષ માટે...

સભાપતિશ્રી : શ્રી શૈલેષભાઇ આપનું પ્રવચન પૂરું થયું.

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૯-૨૦ના અનુદાન માગણી નં.૪૯માં માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું.

Why people are coming to Gujarat and why investors are investing money in Gujarat. આનંદની વાત એ છે કે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ વાળી સરકાર માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને આ ગૃહના નેતાશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેજા હેઠળ રાજ્ય સરકારની અંદર ઇન્વેસ્ટરોને ખૂબ મોટો સંતોષ મળે છે. જે ફેસિલિટી ગુજરાતમાં મળી રહે છે, એ બીજા રાજ્ય કરતા અમારા અધિકારીઓ અને સરકાર દ્વારા ખૂબ મોટીવેશનલ સપોર્ટ મળી રહે છે, ત્યારે જ અહીંયાં ઇન્વેસ્ટર આટલી મોટી સંખ્યામાં આવે છે અને ઉદ્યોગોને અગ્રીમતા આપવામાં આવે છે, ત્યારે Ease of doing business માટે અને ઇન્વેસ્ટર્સ ફેસિલિટી સેલ બનાવવામાં આવ્યો છે. ઇ ગવર્નન્સ હેઠળ એક સિંગલ વિન્ડો સિસ્ટમ ક્રિએટ કરવામાં આવી છે. એમાં જે ઇન્વેસ્ટર્સ અહીંયાં આવે અને ગુજરાતમાં ઇન્વેસ્ટ કરે અને ઉદ્યોગો આવે એની સરળતા માટે ખૂબ સરસ સિસ્ટમ ડેવલપ કરવામાં આવી છે, ત્યારે આ અમારી વિઝનરી સરકાર દ્વારા ગુજરાતના છેવાડાના માનવી સુધી દરેકે દરેક વિસ્તારમાં ઇન્ડસ્ટ્રિઝ ડેવલપ થાય એ અંતર્ગત જીયોગ્રાફિકલ ડિસ્ટ્રિબ્યુશન કરવામાં આવ્યું છે. બધા જ ઇન્ડસ્ટ્રિયલ સેક્ટર્સને જે સ્પ્રેડ કરવામાં આવ્યું છે. મને આનંદ થાય છે કે ગુજરાતની અંદર લગભગ

૨૧૨ જેટલા જીઆઇડીસી એસ્ટેટો આવેલ છે. એમ વાત કરું તો અમદાવાદમાં ૭૧૮૮ યુનિટો છે, અંકલેશ્વરમાં ૫,૮૮૭ બરોડા, ભાવનગર, ભૂજ, ગાંધીધામ, જામનગર, ગાંધીનગર, જૂનાગઢ, મહેસાણા, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વાપી આમ જીયોગ્રાફિકલ એન્ટાયર ગુજરાતની અંદર અલગ અલગ જગ્યાએ જીઆઇડીસીઓ સ્થાપવામાં આવી છે. આના કારણે આજે ગામડામાંથી સ્થળાંતર થઇને શહેરી તરફ આવતા હતા એ ત્યાં જ અટકી જાય અને આજુબાજુના વિસ્તારોમાં એને રોજીરોટી મળે એના માટે વિકસાવવામાં આવેલ છે. આ સિવાય મહિલાઓ પોતાના પગ ઉપર ઊભી થઇ શકે એના માટે સરકાર દ્વારા મહિલાઓને પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. ૫૦ ટકા જેવી રાહત મહિલાઓને પણ આપવામાં આવે છે. આજે આનંદની વાત એ છે કે જે મલ્ટીનેશનલ કંપનીઓ, ઇન્ડિયાની મોટી મોટી કંપનીઓ છે એ આ જીઆઇડીસીની અંદર આવેલ છે. જેવી કે રિલાયન્સ, ટાટા મોટર્સ, હિન્દાલ્કો, ઓપેલ, ઓ.એન.જી.સી, ગેઇલ, એલ.એન.જી., એ.બી.જી., ગેઇલ, એસઆરએફ, વેલસ્પન, ગોદરેજ, ટોયેટા, એશિયન પેઇન્ટ, બ્રિટાનિયા બિસ્કિટ, નેસ્લે,બોસ, કોકાકોલા, હિટાચી આ બધી મોટી ઇન્ડસ્ટ્રીઝના કારણે નાની નાની ઇન્ડસ્ટ્રીઝને અને સુક્ષ્મ ઉદ્યોગો દ્વારા ખૂબ મોટી સંખ્યામાં રોજગારી પૂરી પાડવામાં આવે છે. આનાથી અગત્યની વાત એ છે કે સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવે છે કે આ મોટી કંપનીઓ દ્વારા મોટા ઉદ્યોગો સ્થપાય છે ત્યાં આગળ એન્જિનિયરોની ઘટ પડે છે. બી.ઇ. મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ માટે સરકારના સહયોગથી પ્લેસમેન્ટનું મેનેજમેન્ટ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પોતે રસ લઇ એન્જિનિયરોની ભરતી કરીને ડાયરેક્ટ પ્લેસમેન્ટ કરવામાં આવે છે. સાથે આનંદની વાત એ છે કે, આ જે ઇન્ડસ્ટ્રીઝ ડેવલપ થઇ રહી છે તેમાં વિગતે વાત મૂકું તો છેવાડાના માનવી માટે ગુજરાત સરકારના પ્રયાસો દ્વારા એમએસએમઇને ખૂબ જ વેગ મળ્યો છે. નાની ઇન્ડસ્ટ્રીઝને જે સહાય આપવામાં આવે છે તેની વિગતો અહીં મેજ ઉપર મૂકવામાં આવે તો ગુણવત્તા સુધારણા માટેની યોજના છે. જે ફોરેન ઇન્વેસ્ટરો અહીં આવે છે અને આપણે અહીંથી જે એકસપોર્ટ કરીએ છીએ તેના માટે કવોલિટીની જરૂર પડે છે. કવોલિટી સુધારણા માટે પણ સરકાર નાના નાના ઇન્ટેસ્ટરોને સહાય આપે છે. મેન્યુફેક્ચરીંગ પોલિસી પણ સુધારવામાં આવી છે. વ્યાજ સહાય પણ આપવામાં આવે છે. જે કંપની આઇએસઓ ૯૦૦૦નું સર્ટિફિકેટ લેતી હોય અથવા એ–ગ્રેડનું કામ કરતી હોય તેવી કંપનીને પણ સહાય આપવામાં આવે છે. ટેકનોલોજી અને એક્ઝિબીશન માટે નાના ઉદ્યોગોને સહાય આપવામાં આવે છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી પુંજાભાઇ વંશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે પોતાના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી બંદરો માટેની જે માગણીઓ લઇને આવ્યા છે તે સંદર્ભે મારી વાત કરતાં કહું તો ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં રાષ્ટ્રપતિ દ્વારા જૂનાગઢના માંગરોળ ખાતે એક કાર્યક્રમ રાખીને માંગરોળ, વેરાવળ, સૂત્રાપાડા, માધવાડ અને મારા વિસ્તારના નવા બંદરની જેટીઓના કામો માટે ત્યાં જાહેરમાં ઉલ્લેખો કર્યા હતા અને બટન દબાવીને ખાતમુહૂર્ત પણ કરાવેલા તેમાં માંગરોળનું એક કામ ચાલુ છે. આ સિવાયના કોઇ બંદરે આજની તારીખે કોઇપણ વહીવટી પ્રક્રિયા કર્યા સિવાય રાષ્ટ્રપતિના હાથે ખાતમુહૂર્ત કરાવ્યા પછી ૨૦૧૭ પછી આજે ૨૦૧૯ ચાલે છે તેમ છતાં આટલો લાંબો સમય થવા છતાં કોઇપણ પ્રકારની કાર્યવાહી જાહેરાત કરેલા અન્ય બંદરો માટે થતી નથી. મંત્રીશ્રી આ બાબતે વાસ્તવિક સ્થિતિ શું છે તે ગૃહના માધ્યમ દ્વારા જણાવશે તો આનંદ થશે. સૂત્રાપાડા બંદરની પણ તેમાં જાહેરાત કરવામાં આવેલી પણ તેની જે જમીન છે તે આજની તારીખે જીઆઇડીસી પાસે છે. વિભાગને આજની તારીખે તે જમીન સોંપવામાં આવેલી જ નથી. આ કાર્યવાહી જ નથી થઇ તો તે બંદરનું કામ કયારે થશે? જ્યારે જ્યારે ચૂંટણીઓ આવે ત્યારે ત્યાં જઈ જાહેરાત કરવામાં આવે કે ચૂંટણી પૂરી થાય પછી તમારી કામગીરી ચાલુ કરી દેવામાં આવશે, પણ તેમાં મેં કહ્યું તેવી વાસ્તવિક સ્થિતિ છે. હકીકતલક્ષી હકીકત હોય તે જણાવવા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. તે જ પ્રમાણે મારા વિસ્તારના નવા બંદરની વાત છે. જાહેરાત આપી દીધી છે, ટેન્ડર બહાર પડી ગયા છે. તે ટેન્ડર બહાર પડવાને પણ લાંબો સમય થયો છે તો આજની તારીખે રેકર્ડ ઉપર શું સ્થિતિ છે તેની હકીકત મંત્રીશ્રી જણાવે તેવી આપના મારફત વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૦૦૦ મેગાવૉટનું પાવર સ્ટેશન ઉનાની અંદર સ્થાપવા માટેના રાજ્ય સરકાર દ્વારા ભૂતકાળની અંદર પ્રયત્નો કરવામાં આવેલા. મેમ્બર ઓફ પાર્લામેન્ટ દ્વારા અધિકારીઓને સ્થળ ઉપર લઇ જઇને મુલાકાત કરાવવામાં આવી હતી. સંસદસભ્ય દ્વારા અનેક લોકોને ભેગા કરીને જાહેરાત કરવામાં આવેલી કે અમારી સરકાર દ્વારા અહીં ૪૦૦૦ મેગાવૉટનું પાવર સ્ટેશન સ્થાપવાનું છે અને તેની ગતિવિધિ આગળ ચાલે છે. આ બધી જાહેરાતો કર્યા પછી આ પાવર સ્ટેશનની શું સ્થિતિ છે, હકીકતલક્ષી શું છે, જમીન આપી છે કે નથી આપી, તમે ત્યાં પાવર સ્ટેશન સ્થાપવાના છો કે નથી સ્થાપવાના અને ના કરવાના હોવ તો તમારે સ્પષ્ટ કરી દેવું જોઇએ કે જેથી કરીને લોકોને લાંબા સમય સુધી *(xxx) જોઇએ નહીં આવી રાજ્ય સરકારને હું વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ લાંબા સમય સુધી *(xxx) જોઇએ...

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : જે હકીકત છે..

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ના ના ના.

સભાપતિશ્રી : શ્રી પુંજાભાઇ એક મિનિટ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : શબ્દો કાઢી નાખો પણ મને બોલવા દો. જે હકીકત છે તે...

સભાપતિશ્રી : *(xxx) તે શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગની અંદર ગુજરાતમાં ૨૦૦૩ની અંદર ખનીજ નીતિ ઘડવામાં આવી અને ૨૦૦૩ની અંદર ખનિજ નીતિ ઘડવામાં આવ્યા પછી ભારત સરકાર દ્વારા ૨૦૧૦માં રાજયની આદર્શ ખનિજ નીતિ બનાવવામાં આવી અને એ ખનિજ નીતિમાં જે સુધારા વધારા કરવાના હતા એ લાંબા સમય સુધી સુધારા વધારા ન થવાના કારણે રાજ્યની જે આવક હતી એ આવકમાં સમયાંતરે સતત ઘટાડો થઇ રહ્યો છે અને એ ઘટાડાની અંદર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ રાજયની સંપત્તિ છે એ સંપત્તિ મારફત જે આવક થાય છે એ ખનિજોના આધારે થાય છે અને એ ખનિજોમાં જે પ્રકારે રાજ્યમાં બેફામપણે જે ગેરકાયદેસર ખનન થઇ રહ્યું છે એ અંગે વ્યાપકપણે આ ગૃહમાં અન્ય સભ્યશ્રીઓ દ્વારા પણ સરકારશ્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છે અને એમાંય ખાસ કરીને રાજ્ય સરકાર ગેરકાયદેસર ખનન રોકવામાં સદંતર નિષ્ફળ ગઇ છે એમ કહું તો ખોટું નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારા ગીર સોમનાથ જિલ્લામાં, જૂનાગઢ જિલ્લામાં વ્યાપક પણે ગેરકાયદેસર ખનન સતત થઇ રહ્યું છે. રેકર્ડ ઉપર રજૂઆત કરીએ છીએ, અહીંયા મંત્રીશ્રીઓને કાંઇક અમે રજૂઆત કરીએ, કાંઇ વાત કરીએ એટલે તરત જ ટ્રેઝરી બેંચ ઊભા થઇને એમ કહે કે તમે પુરાવા આપો. આ ગૃહમાં પુરાવા આપ્યા પછી પણ, લેખિત રજૂઆત કર્યા પછી પણ રાજ્ય સરકાર જે ગેરકાયદેસર ખનન ચાલી રહ્યું છે એ રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઇ છે ત્યારે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું તમારી ટીમ બનાવો, જેટલી લીઝો ગીર સોમનાથ જિલ્લામાં આપવામાં આવી છે એમાં એક ગોવિંદપુરા, જંગલ કામદાર મંડળી, હું રેકર્ડ ઉપર કહું છું કે એની ગેરકાયદેસર ખનન કરવાની વારંવાર રજૂઆતો કર્યા પછી કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. આ મંડળીના કનેકશન સરકારમાં સ્વર્ણિમ-૨માં અથવા સ્વર્ણિમ-૧માં ક્યાંક ડાયરેક્ટ હોય એવું ફલિત થાય છે. રેકર્ડ આધારિત કહું છું, તમારે પુરાવા જોઇતા હોય તો હું પુરાવા આપવા પણ તૈયાર છું. ભૂતકાળમાં જ્યારે જ્યારે જે રજૂઆતો કરી છે એના પુરાવા રજૂ કર્યા છે. ગયા સત્રમાં પ્રવાસન વિભાગમાં એક રજૂઆત કરી હતી ત્યારે શ્રી નીતિનભાઇ ઊભા થઇ ગયા, ધાર્મિકતાની વાત કરી, એક આશ્રમની વાત કરી એટલે માનનીય મંત્રીશ્રી તરત ઊભા થઇને, "ખોટી રજૂઆત કરે છે, ખોટી વાત છે, ગૃહને ગેરમાર્ગે દોર્યું છે, શ્રી પુંજાભાઇ પુરાવા આપે." મેં માનનીય મંત્રીશ્રીને પુરાવા આપ્યા, એ પુરાવા આપ્યા પછી આજની તારીખે પણ એમાં કોઇ પણ પ્રકારના પગલાં લેવામાં આવ્યા નથી. એ કામ આજે પણ ચાલુ છે ગેરકાયદેસર રીતે નીતિ નિયમોને નેવે મૂકીને કરોડો રૂપિયા તમારા નજીકના લોકો હોય, તમને મદદ કરનારા લોકો હોય એ પ્રજાના પૈસે તાગડધિન્ના કરે છે એ વાત રેકર્ડ ઉપર રજૂઆત કર્યા પછી આ સરકાર એમાં કાંઇ આગળની કાર્યવાહી કરતી નથી. ત્યારે ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સરકાર પોતે મદદરૂપ થતી હોય, વારંવાર માનનીય ધારાસભ્યશ્રીઓ આ ગૃહમાં રજૂઆત કરતા હોય, એ રાજુલા હોય, સૌરાષ્ટ્ર હોય, જામનગર હોય જૂનાગઢમાં સ્ટૉરેજનું લાયસન્સ લેવામાં આવે, જામનગરમાંથી મટિરિયલ્સ લઇ આવવામાં આવે આટલી હદે ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોય અને સરકારમાં રજૂઆત કરવામાં આવે છતાં સરકાર કક્ષાએ કોઇ પણ પ્રકારના પગલાં લેવામાં ન આવે તો એનો અર્થ એવો થાય અને અમારે એ જ કહેવું પડે કે *(xxx) ચાલે છે? અને એ વાત કરીએ એટલે સરકારને તકલીફ થાય *(xxx) તમે રોકોને, શા માટે પગલાં લેતા નથી? એકલ દોકલ એકાદ પગલાઓ લઇ..(અંતરાય) અહીંયાં હું જે વાત કરું છું એના તમામ ડોક્યુમેન્ટ્સ-પુરાવા આપવા હું તૈયાર છું અને પુરાવા આપવા તૈયાર છું એટલું જ નહીં પણ આ જે વાત કરું છું એ વાત સરકારના રેકર્ડ ઉપર છે. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય પુંજાભાઇ, આપે જે *(xxx) વાત કરી છે એ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તમે પુરાવા આપજો અમે તપાસ કરાવીશું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પુરાવા આપેલા છે. માનનીય ભૂપેન્દ્રસિંહ, પુરાવા આપેલા છે. તમારા રેકર્ડમાં છે, તમારી સરકાર આ કામગીરીની તપાસ કરતી નથી, તમે *(xxx) તમે ગીર સોમનાથ જિલ્લામાં સંપૂર્ણપણે તપાસ કરાવો, જૂનાગઢમાં તપાસ કરાવો, જામનગરમાં તપાસ કરાવો, અમરેલીમાં તપાસ કરાવો, તપાસ કરાવો કોણ ના પાડે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તમે *(xxx) એમ ન કહી શકો.

સભાપતિશ્રી : માનનીય પુંજાભાઇ, *(xxx)એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. આવા શબ્દો ના બોલો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : તપાસ તમારે કરવી નથી અને પછી એમ કહો છો કે આક્ષેપો કરો છો. રેકર્ડ ઉપર હોવા છતાં શા માટે તમે પગલાં લેતાં નથી, પગલાં લેતા નથી એનો અર્થ એવો થયો કે તમારા નજીકના છે. *(xxx) એમ ન કહીએ તો બીજું શું કહીએ?

સભાપતિશ્રી : *(xxx) એ શબ્દ રેકર્ડ પરથી ફરીથી દૂર કરવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશઃ (અંતરાય) શા માટે રેકર્ડ ઉપર લેવાતા નથી?

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સભાપતિશ્રી : *(xxx) એ શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશઃ શબ્દ કાઢી નાંખો, શ્રી ભુપેન્દ્રસિંહજી, શબ્દ કાઢી નાંખો પણ આ હું જે ગેરકાયદેસર ખનનની વાત રજૂ કરું છું, જે ચાલે છે, ગીર સોમનાથ જિલ્લામાં અને જૂનાગઢ જિલ્લાની અંદર જેટલી માઇનીંગ લીઝો આપવામાં આવી છે એ માઇનીંગ લીઝોની સરકાર દ્વારા કમિટીની રચના કરીને માપણી કરાવવામાં આવે, દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે, તમે તપાસ કરાવડાવો.

સભાપતિશ્રી : આપની બે મિનિટ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : તમે તપાસ કરાવડાવો, દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે અને કોણ ક્યાં ભાગીદાર છે એ પણ તમને સ્પષ્ટ થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, મેરીટાઇમ બોર્ડને લાગે વળગે છે ત્યાં સુધી રાજ્યની આવકમાં મેરીટાઇમ બોર્ડનો મોટો હિસ્સો છે. મેરીટાઇમ બોર્ડ દ્વારા જે ૧૯૯૪થી ખાનગી બંદરોને વિકસિત કરીને જે આવક મેળવવા માટેના આપણે પ્રયત્નો કર્યા એમાં આવક મળી પણ મેરીટાઇમ બોર્ડમાં આ નીતિ નક્કી થયા પછી, શિડ્યુલ ઓફ પોર્ટ ચાર્જીસ એટલે કે એસ.ઓ.પી.એસ.ની પદ્ધતિ ૧૯૯૪માં દાખલ કરવામાં આવી. એ વખતે દર ત્રણ વરસે ભાવમાં ૨૦ ટકા વધારો કરવાનો હતો ત્યારે સરકારને હું વિનંતી કરું છું કે સમયાંતરે ગુજરાત મેરીટાઇમ બોર્ડે આ ૨૦ ટકા વધારો કરવાના બદલે એમાં ભાવો ઘટાડ્યા અને એ ભાવો ઘટાડવાના કારણે ગુજરાત મેરીટાઇમ બોર્ડને અને રાજ્ય સરકારને ભરપાઇ ન થઇ શકે તેવું નુકસાન થયું છે ત્યારે સરકારને હું વિનંતી કરું છું કે ૨૦૦૩થી લઇને આજ સુધી મેરીટાઇમ બોર્ડની જે આવકો હતી એ આવકો રાજ્ય સરકારની અને ભારત સરકારની જે નીતિ હતી એ નીતિના આધારે એક એસ.આઇ.ટી. ની નિમણૂંક કરવામાં આવે અને એ કરીને ૨૦૦૩ થી લઇને આજ સુધી આ મેરીટાઇમ બોર્ડ દ્વારા જે કોઇ પ્રકારની કામગીરી કરવામાં આવી છે એમાં રાજ્ય સરકારને કેટલા રૂપિયાનું નુકસાન થયું છે એ જો આ એસ.આઇ.ટી.ની ટીમ બનાવીને તપાસ કરવામાં આવે તો વાસ્તવિકતા ધ્યાનમાં આવશે. આ પણ મેરીટાઇમ બોર્ડની અંદર આપને અનુકૂળતા હોય એવા લોકોની નિમણૂકો કરવામાં આવે છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય કનુભાઇ દેસાઇ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી...

સભાપતિશ્રી : પોઇન્ટ ઓફ કલેરીફિકેશન.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કારણ કે આજની કાર્યવાહી દરમિયાન માનનીય નીતિનભાઇ સાહેબે પોઇન્ટ ઓફ કલેરીફિકેશનનો મુદ્દો ઊભો કરેલ અને મને ઠપકો આપવા માટે કહ્યું હતું.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એના ઉપર ચર્ચા ના થઇ શકે. અત્યારે માગણીઓ ઉપરની ચર્ચા ચાલી રહી છે એની ઉપર ચર્ચા થઇ શકે નહિ.

સભાપતિશ્રી : એ ના થઇ શકે શ્રી પરેશભાઇ આપ બેસો,

શ્રી પરેશ ધાનાણી: હું ચર્ચા કરતો નથી.

સભાપતિશ્રી : શ્રી પરેશભાઇ આપ બેસો, એની ચર્ચા અત્યારે ના થઇ શકે. માનનીય શ્રી કનુભાઇ દેસાઇ. ના, શ્રી પરેશભાઇ તમે પોઇન્ટ ઓફ કલેરીફિકેશન કહ્યું એટલે મને એમ લાગ્યું કે તમે આમના માટે કહો છો, જે ચર્ચા થઇ ગઇ છે એનું પોઇન્ટ ઓફ કલેરીફિકેશન અત્યારે થઇ શકે નહિ. માનનીય શ્રી કનુભાઇ દેસાઇ,

શ્રી કનુભાઇ મો. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી...

સભાપતિશ્રી : આપને સમય આપેલો છે, એ સમયમાં આપને જે કલેરીફિકેશન કરવું હોય તે કરજો. પ્લીઝ, આપ બેસો, પ્લીઝ, આપ બેસો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, આપણા યશસ્વી મુખ્યમંત્રી ઉદ્યોગ ખાતાનો પણ હવાલો સંભાળે છે અને સૌરભભાઇ મંત્રીશ્રી જેઓ ..

સભાપતિશ્રી : આપ બેસો આપને સમય ફાળવવાનો છે, એ સમય ફાળવવામાં આવશે ત્યારે આપને જે ક્લેરીફિકેશન કરવું હોય તે કરજો અત્યારે નહિ, માનનીય કનુભાઇ, માનનીય પિયુષભાઇ, પ્લીઝ આપ બેસો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર–૪૯માં મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨૮,૫૦,૮૯,૫૭,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૫,૮૫,૫૪, ૭૮,૦૦૦/–ની માગણી લઇને આવ્યા છે.

સભાપતિશ્રી : આપ બેસો એની કોઇ ચર્ચા અત્યારે કરીને તમે ડિસ્ટર્બ ના કરો. જે સભ્યશ્રી પોતાની વાત રજૂ કરી રહ્યા છે એને ડિસ્ટર્બ અત્યારે ના કરો, ક્રોસ ટોકીંગ કરીને. પ્લીઝ, શ્રી કનુભાઇ આપ વાત કરો, નહિ.

શ્રી પરેશ ધાનાણી : આપે આદેશ કર્યો હતો કે આ માહિતી રજૂ કરો.

સભાપતિશ્રી : મેં આદેશ કર્યો જ નથી આપે પોઇન્ટ ઓફ કલેરીફિકેશન કહ્યું એટલે મને થયું કે આ ખાણ–ખનિજવાળા ઇશ્યુમાં આપો છો. (અંતરાય) ના, જેનો સમય તમને ફાળવાઇ ગયો હોય એનું પોઇન્ટ ઓફ કલેરીફિકેશન થઇ શકે નહીં. આપ બેસો શ્રી પરેશભાઇ, પ્લીઝ. શ્રી કનુભાઇ આપ ચાલુ રાખો. (અંતરાય) આપ બેસો પ્લીઝ. આપને સમય આપેલો છે આપ બેસો, શ્રી કનુભાઇ આપ બોલો.

## તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રી કનુભાઇ  મો. દેસાઇ : ઉદ્યોગ માટેની જે માગણી લઇને આવ્યા છે તે ઉદ્યોગો અને વેપાર ધંધાના વિકાસ માટે ..(અંતરાય)

સભાપતિશ્રી   : સમય આપ્યા પછી તમે ખાલી ખાલી અહીંયાં હાઉસને ડિસ્ટર્બ કરો છો. જે વાતની ચર્ચા થઇ ગઇ હોય તેની અહીંયાં તમે ચર્ચા ના કરી શકો. (અંતરાય ) બિલકુલ નહીં, આપ બેસો તમને સમય આપ્યો છે તેમાં તમે ચર્ચા કરજો. આપ સમય લઇ લેજો પ્લીઝ હવે તેની અત્યારે ચર્ચા નહીં થાય. આપ બેસો ખોટી રીતે હાઉસને ડિસ્ટર્બ ના કરો. તમે આવા સિનિયર નેતા થઇને આ રીતે હાઉસને ડિસ્ટર્બ કરો છો એ આપને શોભતું નથી.

શ્રી પરેશ ધાનાણી :  This is my right.

સભાપતિશ્રી  :  .This is not your right.  To disturb the House is not your right.  You have asked for time and you can discuss at that time.  પ્લીઝ, શ્રી કનુભાઇ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ :  માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીને હું સમર્થન આપું છું. તત્કાલીન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇની સરકારે ઉદ્યોગોના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે અનેક પગલાં ભર્યા છે અને વાયબ્રન્ટ ગુજરાત તે તેનું ઉત્તમ ઉદાહરણ છે. શ્રી શૈલેષભાઇનો હું ખાસ આભાર માનીશ  કે તેમણે ૪૭ હજાર એમ.ઓ.યુ. કાર્યાન્વિત થયા છે એવું કન્ફર્મ કર્યું અને ૨૨ લાખને રોજગારી મળી છે. વાયબ્રન્ટ ગુજરાતની સફળતાનું આ એક ઉત્તમ ઉદાહરણ છે. જ્યારે ગુજરાત બહારના મૂડીરોકાણ આવે.

સભાપતિશ્રી :  આપ એક મિનિટમાં પૂરું કરો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ :  માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના અનેક ઉદ્યોગોને મૂડી રોકાણની સાથે નવી સિસ્ટમ, નવી ટેકનોલોજીની જાણકારી મળે તેના માટે જે રીતે સરકાર પ્રયત્નો કરી રહી છે જીઆઇડીસીમાં પણ અનેકવિધ સુધારાઓ કર્યા છે. જીઆઇડીસીએ ઓન લાઇન જે ડિજિટલ સિસ્ટમ કરી છે તેના લીધે ઘણી ટ્રાન્સફરન્ટ કામગીરી થઇ છે. જીઆઇડીસીએ મહિલા ઉદ્યોગકારોને સહાય આપવા માટે જે શેડ માટેની યોજના બનાવી છે. ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે, કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે સરકારે જે રૂ.૧૫૦૦ કરોડની યોજના બજેટમાં બનાવી છે અને કાપડ ઉદ્યોગના નાના ઉદ્યોગોને ૬ ટકા વ્યાજ સહાય અને જે રીતે મોટા ઉદ્યોગો જો રોજગારી વધુ આપે તો એને પણ ૪ થી ૬ ટકા વ્યાજ સહાય આપવાનો જે પ્રયત્ન કર્યો છે તે સરકાર નાના અને મોટા બધા ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને કામ કરે છે. તે જ રીતે ઉદ્યોગોના વિકાસની સાથે પર્યાવરણને નુકસાન ના થાય તેના માટે સરકારે જેતપુર, અમદાવાદ અને વડોદરા ખાતે જે રીતે પાઇપ લાઇન ડીપ-સી સુધી શુદ્ધ કરીને મોકલાવાનો પ્રયત્ન કર્યો છે તે પણ આવકારદાયક છે અને શ્રી નીતિનભાઇને ખાસ અભિનંદન આપીશ કે આના માટે રૂ.૫૦૦ કરોડની જે જોગવાઇ કરી છે તેવી જ જોગવાઇ વાપી અને સરી ગામ માટે પણ કરવામાં આવે.

સભાપતિશ્રી: માનનીય સી.જે.ચાવડા, (અંતરાય) પ્લીઝ, ઓલ રેડી આમાં આપણો સમય બગડયો છે અને હવે બધાની ૨-૨ મિનિટ કાપવામાં આવે છે.

ડો. સી. જે.  ચાવડા ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી જે રૂ.૮૫ કરોડનું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહમાં જે ચાલી રહ્યું છે એ જોતાં મારું એક મંતવ્ય છે અને માહિતી અને પ્રસારણ વિભાગ ૮૫ કરોડ રૂપિયા જેટલું બજેટ લઇને આવ્યો છે ત્યારે આ જે વિધાનસભા ચાલે છે એનો દર મિનિટે ગુજરાતની પ્રજા ઉપર ખર્ચ પડતો હોય છે. મને એમ લાગે છે કે આનું જીવંત પ્રસારણ થવું જોઇએ. લોકસભા અને રાજયસભાનું જીવંત પ્રસારણ આખા દેશના લોકો જોઇ શકે છે કે અમારા સાંસદ, અમારા પ્રતિનિધિ દિલ્હી જઈ અને અમારી શું રજૂઆત કરે છે. એમ ગુજરાતના દરેક નાગરિકને ખબર પડે અમારા પ્રતિનિધિ વિધાનસભામાં શું રજૂઆત કરે છે અને અમારું મંત્રીમંડળ, અમારી સરકાર જેને અમે બહુમતીથી ચૂંટીને મોકલી છે એ સરકાર અમારા માટે શું કામ કરે છે? અમારા મંત્રીઓ જે વિભાગ સંભાળે છે એ શું કરે છે? એનાથી લોકો ટચમાં રહી શકે એ માટે આનું જીવંત પ્રસારણ થવું જોઇએ એવી મારી માંગ છે અને મને વિશ્વાસ છે કે માનનીય મંત્રીશ્રી જીવંત પ્રસારણની મારી વાતને અનુમોદન આપશે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજાશાહી હતી ત્યારે પણ માહિતી અને પ્રસારણ વિભાગ જેવું હતું જ. કેટલાક સમાજો જેવાં કે ગઢવી સમાજ, બારોટ સમાજ, ચારણ સમાજ ગામે-ગામ ડાયરા મારફતે અને રાજા-મહારાજાઓના મહેલમાં જઇને શ્લોક દ્વારા અને સંવાદ દ્વારા પોતાની વાતની પ્રજા અને રાજા વચ્ચે આપ-લે કરતા હતા. ડાયરાઓ દ્વારા એનું જીવંત પ્રસારણ થતું હતું તો આજે આપણે એનાથી શું કામ ડરીએ છીએ? મને એમ લાગે છે કે આ પક્ષ કે પેલો પક્ષ ભૂલી જાવ. સત્તાધારી કે વિપક્ષ ભૂલી જાવ. આપણે બધાં ભેગા થઇને ગુજરાતની પ્રજાનું હિત જ કરવા આવ્યા છીએ ત્યારે એનું જીવંત પ્રસારણ કરવામાં વાંધો શું છે? માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશું કે રાજ્ય સરકારમાં મારી આ વાત મૂકીને આવતી વખતથી આપણે કહીએ છીએ કે  ગુજરાત સર્વમાં પ્રથમ, ગુજરાત સર્વમાં પ્રથમ તો આમાં પણ ગુજરાત આખા દેશની વિધાનસભામાં જીવંત પ્રસારણ કરવામાં સર્વ પ્રથમ કરે એવી રજૂઆત હું કરું છું. માહિતી અને પ્રસારણ અને ખાસ કરીને પ્રેસ અને મીડિયા એ પ્રજા અને સરકાર વચ્ચેનો જોડતો સેતુ છે. જે મીડિયા અને પ્રેસ છે એ લોકોને પ્રોત્સાહિત પણ કરવા જોઇએ. કારણ કે, એ લોકો સાચી વાત પ્રજા સમક્ષ અભ્યાસ કરીને મૂકે. માનનીય નીતિનભાઇ કહેતા હતા કે આ ૧૦ લાખ હેક્ટરની ગેપ પડી અને પ્રજા સમક્ષ મૂકાઇ એ બાબતનું દુ:ખ થયું છે. એમને પણ દુ:ખ

થાય બધાને દુઃખ થાય. ૧૬ લાખ અને ૬ લાખ એવું છે કે નથી કે શું છે એનું જો જીવંત પ્રસારણ થતું હોત તો બધા જ અભ્યાસ કરીને આવતા અને મીડિયા અને પ્રેસે પણ આ વાત અભ્યાસ કરીને પ્રજા સમક્ષ મૂકી હોત. માનનીય માહિતી અને પ્રસારણ મંત્રીશ્રીને હું વિનંતી કરું કે આપણે ગાંધીનગરમાં જે ડાયરો કરે છે, ગુજરાતની, સરકારની, પ્રતિનિધિઓની કરે છે. ગુજરાત સરકાર અને પ્રજા વચ્ચે ડાયરા દ્વારા, નાટકો દ્વારા, મીડિયા દ્વારા આપની વાત પ્રજા સમક્ષ મૂકે છે એવા પ્રેસ અને મીડિયાના લોકોને આપે કેટલાક પ્રોત્સાહન આપવા જોઇએ. એ લોકોને ગાંધીનગરમાં રહેવા માટે પ્લોટની ફાળવણી કરવી જોઇએ. એ લોકો ડાયરો કરે છે અને ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિ જાળવે છે એવા જાણીતા કલાકારો, ગુજરાતના મોરારિબાપુ જેવા જે ખ્યાતનામ કથાકારો છે એવા લોકોને પણ ગાંધીનગરમાં વસાવીશું તો ગુજરાતની અસ્મિતા વધશે, સંસ્કૃતિનું વાતાવરણ ઊભું થશે એવી વિનંતી કરું છું. આ સિવાય જે – જે વિભાગો છે એમાં મારે અત્યારે વિશેષ વાત નથી કરવી. કારણ કે, ઉદ્યોગમાં શું ચાલે છે, ઊર્જામાં શું ચાલે છે. દરેક સરકાર પોતાની રીતે પ્રગતિ કરવા માટેના પ્રયત્નો કરતી જ હોય છે પણ જે ખામીઓ છે એ તમે જેવું ધારો છો એવું રિઝલ્ટ નથી મળતું ત્યાં અમે તમારું ધ્યાન દોરીશું તો તમે વધુ સારુ કરી શકશો અને તમારું વધુ સારું દેખાશે. બાકી તો અમારી પ્રજાએ અમને જે જવાબદારી સોંપી છે વિપક્ષ તરીકે દિશા આપવાની, તમારી ખામીઓ જણાવવાની અને પ્રજા સમક્ષ જઇને સેવા કરવાની વધુ તકો ઉજળી કરવાની એ તો અમે નિભાવીશું પણ તમે ફક્તને ફક્ત અભિમાનમાં રાચ્યા કરશો તો મને એમ લાગે છે કે પ્રજાએ જે અપેક્ષા તમારી ઉપર મૂકી છે એ તમે પરિપૂર્ણ કરી શકશો નહિ અને ૨૦૨૨માં એનો જવાબ આપવો પડશે. ઉદ્યોગ–ખાણના એમ.ઓ.યુ.ની વાત થઇ, વાયબ્રન્ટ ગુજરાતની વાત થઇ. ગુજરાત ઉદ્યોગોમાં બીજા ક્રમાંકે હતું એ ગુજરાત આજે આઠમા ક્રમે છે.

**(વિરામ ૧:૩૦ થી ૨૦:૩૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રગતિશીલ અને વણથંભ્યા વિકાસને આગળ ધપાવવા માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન કરું છું.

સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એ મુખ્ય માપદંડ છે. રાજ્યના વિકાસ માટે સમતોલ વિકાસ માટે વેરો પણ અગત્યની બાબત છે. ગુજરાત એ પ્રગતિશીલ રાજ્ય છે. પ્રજાજનોને સતત વીજળી મળી રહે એ માટે આંતરમાળખાકીય વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રજાજનોની ભૌતિક સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે પરિણામે સુખાકારી વધી છે. પહેલા વીજળી ઓછી મળતી હતી એ સ્થિતિ આજે દૂર થઇ ગઇ છે. રાજ્યમાં વધારાની આવક ઊભી કરવા માટે વેરો અતિ મહત્વની બાબત છે. આવકની વૃદ્ધિ કરવી અને એ જાળવી રાખવું ખૂબ જરૂરી છે. ૧૯૮૩ પછી ક્યારેય વીજળીના કર ઘટ્યા નથી. ભારતીય જનતા પાર્ટીની સરકારે સન ૨૦૦૨થી જે ૪૦ ટકા વીજળી ઉપર કર હતો એ ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યો છે. ગામડાંની અંદર સાત ટકા જ્યારે શહેરોમાં ૧૫ ટકા કરી વસૂલ કરવામાં આવે છે. આ વીજળીના લીધે ગામડાંનો વિકાસ થયો છે અને એ ઝળહળતા થયા છે અને ગામ આજે શહેર સમોવડીયું બન્યું છે. એ ક્યારે બન્યું તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બન્યું છે. પહેલાની વાત કરું તો હું અમદાવાદની અંદર ભૂયંગદેવમાં રહેતો હતો ત્યારે મારા ગામના ભાઇઓ મારી પાસે આવ્યા હતા. આ ૧૯૮૩–૮૪ની વાત છે અને તે વખતે કોંગ્રેસનો સુરજ મધ્યાહને તપતો હતો. મને ગામ લોકોએ વાત કરી કે શ્રી બાબુભાઇ તમારે આપણા ગામના સરપંચ બનવું પડશે. ઘાટલોડીયામાં તે વખતે હું સરપંચ હતો અને વિરોધપક્ષનો નેતા પણ હતો. હું ત્યાં ગયો અને બે ત્રણ મહિના થયા એટલે વારિગૃહનું લાઇટ બિલ આવ્યું, મેં કહ્યું કે ભરી દો ને? પંચાયત પાસે પૈસા હોત તો તમને સરપંચ શું કામ બનાવીએ? અત્યારે તમે પૈસા ભરી દો એટલે બાવળની હરાજી કરીને પૈસા ભરવા પડે એવી દશા કોંગ્રેસના રાજમાં હતી. તે વખતે કોઇ સરપંચ થવા તૈયાર નહોતું આજે સરપંચ થવા માટે લોકો દોડે છે. કારણ કે આ સરકારના રાજમાં ગામડાના વિકાસ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે. ૧૯૮૩માં વીજળી ઉપર ૪૦ ટકા કર હતો એ ૨૦૦૦ની સાલમાં ૨૦ ટકા કર ઓછો કરી દીધો છે. ૧૯૮૩માં રહેણાકના દર ૪૦ ટકા હતો એ ભાજપની સરકારે ૧૫ ટકા ઓછો કર્યો છે. આ રીતે વેરામાં ઘણો બધો ફાયદો થયો છે. અમારી પ્રમાણિકતા અને નિષ્ઠા એના લીધે અમારી સરકાર ખૂબ સારા કામો કરી રહી છે. કોંગ્રેસના રાજમાં આ બધી વ્યથા હતી. પાણી ન મળે, વીજળી ન મળે. વીજળી આવે તો કોંગ્રેસના રાજમાં સમાચાર બનતા હતા. જ્યારે ભાજપના રાજમાં વીજળી જાય તો સમાચાર બને. કોંગ્રેસના રાજમાં વ્યથા, વ્યથા અને વ્યથા જ હતી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વ્યવસ્થા કરી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી કનુભાઇ પટેલ.

શ્રી બાબુભાઇ જ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે વ્યવસ્થા ઊભી કરી છે, વ્યથા નહીં.

શ્રી કનુભાઇ ક. પટેલ**(**સાણંદ**)** : માનનીય અધ્યક્ષશ્રી, અનુદાનની માગણીઓ પરની ચર્ચામાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ પર મારા વિચારો રજૂ કરું છું, ત્યારે આપણા સૌના લોકપ્રિય વડાપ્રધાને એક સંકલ્પ કર્યો હતો, દરેક ગામની અંદર વીજળી પહોંચાડવી અને એ સંકલ્પ પરિપૂર્ણ કર્યો છે. અત્યારે દેશની અંદર જ્યારે તેઓશ્રી વડાપ્રધાન છે ત્યારે દેશની અંદર પણ આ ઊર્જામાં એક પણ ગામ કે એક પણ ઘર વીજળી વગર ન રહી જાય, તેના માટે સંકલ્પ કર્યો છે અને આપણે સૌ જાણીએ છીએ કે આ પાંચ વર્ષની અંદર એમણે એ પરિપૂર્ણ પણ કર્યો છે.

## તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

આ વખતના બજેટમાં અષાઢી બીજના દિવસે આપણા સૌના લાડીલા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે બજેટમાં જણાવેલ છે કે આવતી અષાઢી બીજ સુધીમાં ૧.૨૫ લાખ ખેતીવાડીના જે વીજ કનેકશનો છે એ આવતી અષાઢી બીજ સુધીમાં ખેતીવાડીના આ વીજ કનેકશનો ખેડૂતોને મળી રહેશે, માનનીય અધ્યક્ષશ્રી, આટલા ૧.૨૫ લાખ કનેકશનો એક વર્ષની અંદર આપવાં એ ખૂબ જ મોટી વાત છે. એ જ રીતે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજનાની વાત કરીએ તો વિસ્તારના હવામાન અને રહેલી આદતોના કારણે આ વિસ્તારના જે વીજ વાયરો હતા એને કાટ લાગી જાય છે અને થાંભલાઓ ખવાઇ જાય અને ડીસકનેક્ટિવ ઇન્યુલેટર ફેઇલ થવાના કારણે ઘણી બધી કમ્પ્લેઇનો આવતી હતી, આના લીધે ઘણા બધા માનવ અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતો પણ બન્યા હતા. આપણી સરકાર સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અમલમાં લાવ્યા અને છેલ્લા પાંચ વર્ષની સિદ્ધિ ગણાવીએ તો ૨૦૧૫–૧૬માં દરિયાકાંઠાના વિસ્તારોમાં આ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પવન અને વીજ વિતરણ ડિસ્ટ્રિબ્યુશન હેઠળના શુદ્ધિકરણ માટે ૨૩૦૨ કિલોમીટર કંડકટર, ૧૧૨૩૩ પોલ, ૯૧૩ કિલોમીટરની સર્વિસ લાઇન ૧૧૬૦ કિલોમીટર એ.બી.સી કેબલ વગેરે માટે રૂ.૬૫.૦૫ કરોડના ખર્ચે બદલવામાં આવ્યા છે. ત્યારબાદ ૧૨૭૬૧ કૂવાનું વીજળીકરણ, ૧૩ નવાં સબસ્ટેશનો માટે રૂ.૩૬૦/– કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. ૨૦૧૬–૧૭માં રૂ.૬૫.૧૮ અને ટોટલ ખર્ચ રૂ.૩૬૦/– કરોડ ખર્ચવામાં આવ્યા હતા. ૨૦૧૭ની વાત કરીએ તો આ કેબલ અને એ બધા બદલવા માટે રૂ.૬૪.૩૬ કરોડ ખર્ચવામાં આવ્યા હતા અને સબસ્ટેશનોના નવા બોર અને કૂવાની લાઇટો માટે રૂ.૩૬૦.૬૪ કરોડ ખર્ચવામાં આવ્યા હતા. ૨૦૧૮–૧૯માં રૂ.૬૫.૧૪ કરોડ ખર્ચવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કનુભાઇ ક. પટેલ: સાહેબ, હજુ ત્રણ મિનિટ થઇ છે. તેમજ મારા વિસ્તારની વાત કરું તો શિયાવાડા, ચરલ અને વાસોદરા જે ગામ છે એમાં જયોતિગ્રામ યોજનામાં એ ગામોમાં ૨૫–૩૦ ઘર છે અને તે ગામોની આજુબાજુમાં ખેતીવાડીના વીજ કનેકશનો છે, પણ ૫૦૦ મીટરની અંદર છે તો આવા જે ખેડૂતો ગામની બહાર રહેતા હોય ૨૫–૩૦ ઘર હોય અને રહેતા હોય તો એમની પણ ખેતીવાડી વીજ કનેકશનની માગ હોય તો એમને પણ આ ખેતીવાડી વીજ કનેકશન આપવામાં આવે તેવી મારી રજૂઆત છે.

ગામતળની વાત કરીએ તો ગામતળ પહેલાં જે પોપયુલેશન હતી અને અત્યારે એ પોપ્યુલેશનમાં વધારો થયો છે તો આ પોપ્યુલેશનને ધ્યાનમાં લઇ ૫૦૦ મીટરની જગ્યાએ એને ૧ હજાર મીટરમાં આપવા જોઇએ, આવાં ૨૫–૩૦ ઘર હોય તો એમને પણ જૂથ યોજનામાં સમાવેશ કરીને કનેકશન આપવામાં આવે તેવી મારી રજૂઆત છે.

ગ્રીન અને કલીન એનર્જી માટે લાંબાગાળાનું જે આ વખતનું આયોજન છે. એમાં ૨૦૧૩માં આપણે ૪૧૨૬ મેગાવોટ હતા, આજ દિન સુધી ૮૮.૮૫ મેગાવોટનું ઉત્પાદન કરે છે અને ૨૦૨૨ સુધીમાં સરકારે જે સંકલ્પ કર્યો છે એ પ્રમાણે ૩૦ હજાર સુધીના મેગાવોટ પેદા કરવા અને તેમાંથી ૨૦ હજાર મેગાવોટ ગુજરાત સરકાર રાખશે અને બાકીના ૧૦ હજાર મેગાવોટ બીજા રાજયોમાં પણ આપી શકાશે. આના માટે ૧૩ હજાર કરોડનું બજેટ છે. એમાંથી રૂ.૧૨ હજાર અને ૫૦૦ કરોડનું મૂડી રોકાણ થશે. આપણે સૌ વાત કરીએ તો આ સરકારે ગ્રામ પંચાયતો છે એ ગ્રામ પંચાયતની વોટર વર્કસના લાઇટ બિલ આવે તે પણ વિના મૂલ્યે આપવા માટે આયોજન કર્યું છે તે માટે પણ સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, એક શાયરી કહીને મારી વાત પૂરી કરીશ. ''આજ ઇન રોશની મેં, મોદી સાહબ કા સંદેશ આયા હૈ, આજ ઇન રોશની મેં મોદી સાહબકા સંદેશ આયા હૈ, ઉજ્જવલ ભવિષ્ય કા સપના કરીબ આયા હૈ, નઇ કિરણ સે હોગી એક અનોખી પહલ, ઊર્જા કા તન મનમે એક નયા સંચાર આયા હૈ.''

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનિજની અંદર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના વિષે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. ખાણ ખનિજની અંદર આખા ગુજરાતની અંદર જે ચોરીઓ થાય છે એનો ઉલ્લેખ હમણાં એક કોર્ટના જજમેન્ટમાં, અમિત જેઠવાના જજમેન્ટમાં મેં છાપામાં વાંચ્યું કે આને પનપવા દેવા માટે પણ કયાંક ખાણ ખનિજ ખાતું જવાબદાર છે. જયારે કોર્ટ ટકોર કરે છે ત્યારે આપના માધ્યમથી હું મંત્રીશ્રીને જણાવવા માગું છું કે મારા વિસ્તારની અંદર બોક્સાઇટની ખાણો છે. બેસુમાર ચોરીઓ થાય છે. ત્રણ–ચાર દિવસ પહેલા મંત્રીશ્રીએ જાહેરમાં એમ કહ્યું હતું કે આપ ફરિયાદ કરો એટલે હું બીજે દિવસે રેડ મોકલીશ, મંત્રીશ્રીને માલુમ થાય કે મારા ભત્રીજાના નામે ચાર ઓન લાઇન ફરિયાદ મેં પોતે કરાવી છે. એના પછી આખા જામનગર જિલ્લામાં આખા વર્ષમાં ફકત એક અને એમાં પણ નીલ, શા માટે આ થઇ રહ્યું છે હું સમજતો નથી. પરંતુ જે કંપની પાસે માલ નથી, રોયલ્ટી છે, નિકાસ કેવી રીતે કરે છે? સરકારી ખરાબા ખોદાય છે, ગાયોના ગૌચર ખોદાય છે અને ગાયોના ગૌચર અને સરકારી ખરાબા જે ખોદાય છે તેનો માલ બે નંબરનો માલ એક નંબર થઇને જાય છે. પછી રોયલ્ટીના રૂપમાં એનું વિદેશ નિકાસ થાય છે. સિમ્પલ વાત કરું તો એક ખાણના ખાડામાં એક લાખ ટન માલ નીકળતો હોય, બે લાખ ટન માલ નીકળતો હોય, પણ જે લીઝો ખોદાણી નથી, અને છેલ્લા પાંચ વર્ષમાં સરકારી આંકડે વિદેશની અંદર નિકાસ થઇ હોય છે, જો આ કંપનીઓના આંકડા મેળવવામાં આવશે તો ખબર પડશે કે કયાંક ને કયાંક ગફલત છે. આ હાઉસની અંદર આપણે ૧૮૨ ધારાસભ્યો બેસી શકે, વધારે કોશીશ કરીએ તો ૩૦૦ ધારાસભ્યો બેસી શકે, પણ કોઇ એમ કહે કે આ હાઉસમાં ૫૦૦૦ ધારાસભ્યો બેઠા હતા તો એ હસવા જેવી વાત છે. આપના માધ્યમથી હું મંત્રીશ્રીને જણાવવા માગું છું કે ચોરી થઇ ગઇ કદાચ ન પકડાય, કારણ કે પકડાતી એકેય નથી. ખાણ ખનિજ કયારે પકડે છે,

જથ્થો પડયો છે તે કયારે પગ કરી ગયો? ચોરોને પકડવાની કાર્યવાહી ચાલુ છે, શા માટે નથી પકડાતી મને નથી ખબર. પણ હવે જે ગામોમાં ચોરી થવાની છે એનું ગુજરાત વિધાનસભાની અંદર જાહેરની અંદર એ ગામના નામ આપું છું. મેં કલેકટરશ્રીને પણ લેખિત આપ્યા છે. મારું સજેશન છે કે કોઇક અને કોઇકની જવાબદારી ફીકસ કરો, ચાહે તલાટી–કમ–મંત્રીની હોય, ચાહે સર્કલની હોય, એની જવાબદારી ફીકસ કરો કે આ ગામોની અંદર ચોરી થવાની છે, સરકારી ખરાબાઓમાં ગાયોના ગૌચરમાં, આ જ ખનિજ માફીયાઓ છે એ કોઇની સાડીબાર રાખ્યા વગર ગમે એટલો કડક બંદોબસ્ત રાખ્યા પછી પણ ચોરી કરે છે. કલ્યાણપુર તાલુકાના ગામોના નામ બોલું છું. હડમતીયા, બાંકોડી, કેનેડી, સતાપર, લાંબા, ભાટીયા, નંદાણા, મહાદેવિયા, પીંડારા, વિરપુર, મેવાસા, રાણ, મોટા આસોટા, ગાંધવી, મણીપુર કાબરડી, આ ગામોના નામ એડવાન્સમાં પણ આપ્યા છે, અત્યારે પણ જાહેરમાં એટલે આપું છું કે ઓન રેકોર્ડ આવે. જે કંપનીઓ પાસે સરકારે પૈસા લેવાના છે અને ભૂતકાળમાં આ ગૃહમાં કંપનીના નામજોગ આરોપ લગાવ્યા છે અને ચેલેન્જ કરી છે કે હું ખોટો હોઉં તો મારા પર બદનક્ષીનો કેસ કરો તો હું સાબિત કરી દઉં. આજે પણ કહું છું કે બોમ્બે મિનરલ્સ ઉપર રૂ.૪૪ કરોડ ૭૭ લાખ ૬૨ હજારનો દંડ થયો છે ચેનકેન કોઇ અને કોઇ કાનૂની પ્રોસીઝરની અંદર આપણે શું કરી શકીએ, કેવી રીતે આ લોકો પાસેથી આપણે તે પૈસા લઇ શકીએ તેના માટેના જો પ્રયત્નો આપણે કરીશું તો ચોકકસ મને લાગે છે કે આ કંપનીઓ ઉપર જે કેસ કરીએ છીએ તે વર્ષો સુધી આ કેસ કયારે પૂરા જ થતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હમણાં મેં જે બોમ્બે મિનરલ્સની વાત કરી. એ આશાપુરા માઇક્રોન મોટા ભાગના એના સરવે નંબરમાંથી માલ કાઢે છે. માલ બીજેથી કાઢે છે. રવાના બીજેથી કરે છે. એમણે જે બોક્સાઇટ નિકાસ કર્યો છે. તેની ૬૮૨ હેક્ટર પૈકીની સરવે નં. ૩૫૨,૩૬૫, ૩૭૨, ૨૭૧ના જે સરવે નંબર છે એમાંથી માલ નહીં, માલ બીજેથી કાઢીને મેં કહ્યું એમ આ ચોરાઉ માલ છે એ પોતાની હદની અંદર નાખી દઇને જે રાતોરાત નિકાસ કરે છે. એમની જે લીઝો છે એ માપવામાં આવશે. મને સરકારે ત્રણ દિવસ પહેલાં જવાબ આપ્યો મારા એક પ્રશ્નની અંદર. ૧૧૩ જેટલી લીઝ છે. ૧૦ મહિના થયા. મેં રાઈટીંગમાં માગણી કરી છે કે એમનો સ્ટોક કેટલો છે, મને માપી આપો. જો સ્ટોક મપાશે તો ખબર પડશે કે એમની પાસે આટલો સ્ટોક છે. સ્ટોક નથી. પરવાનગી છે. રોયલ્ટી છે અને એટલા માટે સ્ટોક કયાંકથી આવે છે, રોયલ્ટી કયાંક પગ કરી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે કર્મચારીઓની જી.એમ.આર.ડી.એસ. આના દ્વારા ભરતી કરવામાં આવે છે. ૧૧ મહિનાના કરાર ઉપર. મને સમજાતું નથી. કરોડોની ચોરી થતી હોય અને ટેમ્પરરી માણસ નોકરી કરતો હોય તો આપણે સમજી શકીએ છીએ. એમને ખબર છે મારી નોકરી જ ૧૧ મહિનાની છે. ૧૧ મહિના પછી તો મારું કોઇ ભવિષ્ય નથી. એટલા માટે એ લોકો યા તો મીઠી નજર રાખે છે. યા તો પૈસા લઇ લે છે અથવા તો જે કંઇ થતું હોય, મારે સરકાર ઉપર કે કોઇ વ્યક્તિ ઉપર એલીગેશન નથી કરવા પણ તેની ભરતી કોણ કરે છે? વર્ષો થયા ત્યાં રેવન્યુના જે અધિકારીઓ છે. કલ્યાણપુર તાલુકામાં ચેનકેન પ્રકારે વર્ષો થયા રેવન્યુના અધિકારીઓ ચાહે ખાણ ખાતાના અધિકારીઓ હોય એ વર્ષો થયા એક જ જગ્યાએ શા માટે છે? શા માટે તેની બદલીઓ નથી થતી? ગાંધીનગરમાં પણ ઘણાં અધિકારીઓ એવા છે કે એમની બદલીઓ નથી થતી. યા તો અહીંથી મીઠી નજર હોય છે. અહીંથી રેડ જાય છે તો એડવાન્સ ખબર પડી જાય છે. મારે જાહેર ન કરવું જોઇએ પણ હમણાં એક પ્રક્રિયા ગયા શુક્રવારે થઇ. બહુ ગુપ્ત પ્રક્રિયા હતી. એડવાન્સમાં ત્રણ જગ્યાએથી મને મેસેજ આવી ગયા કે શ્રી વિક્રમભાઇ, શુક્રવારે, પાંચ તારીખે ગાંધીનગરથી રેડ આવવાની છે. મને નથી સમજાતું કે કેવી રીતે ખબર પડી જાય છે. કોણ લીકેજ કરે છે? શેના માટે લીકેજ કરે છે. જો આપણી આ બધી પ્રક્રિયાઓ ગુપ્ત ન રહી શકતી હોય કયાંક કયાંક ઓફિશિયલી ન કહી શકાય. મને એક અધિકારીએ વાત કરી કે શ્રી વિક્રમભાઇ, તમે રાજકારણીઓ તો પાંચ વર્ષે આવશો અને જશો. અમે તો ૫૮ વર્ષ ભેગા છીએ. અમારે તો એક બીજાંનું સાચવવાનું ને? મને નથી સમજાતું, કોણ કોનું સાચવે છે અને શા માટે સાચવે છે? પણ વાસ્તવિકતા છે એ વાસ્તવિકતાને આપણે કયાંકને કયાંક નજરઅંદાજ ન કરી શકીએ. એ વાસ્તવિકતા છે. દેવભૂમિ દ્વારકાની અંદર. મારા બે વિસ્તારો છે. એક છે સપારા અને બીજી છે ભોપામઢી. આ ખાણ–ખનિજ માટે બે ફેમસ જગ્યાઓ છે. આ જગ્યાઓ ખાણ ખનિજના અધિકારીઓ તો રાત્રે જતા જ નથી. રાત્રે જાય, લાઇટ જોઇ. આ લોકોની મોડસ ઓપરેન્ડી એવી છે કે રાત્રે લાઇટ જૂએ એટલે લગભગ એ જગ્યાએ પહોંચવામાં અડધી કલાક જેવો સમય થઇ જાય. બધું સગેવગે થઇ જાય. જેવા નીકળી જાય પછી પાછું એ જ કામ ચાલુ થઇ જાય. આપણા કરતા ખનિજ માફિયાઓ કેટલા હોંશિયાર છે. અમારા અધિકારીશ્રી ખંભાળીયામાં હોય, જામનગર આવે તેના ઉપર માણસો બેઠાં હોય કે અધિકારી નીકળ્યા, જામનગર પહોંચી ગયા, એના રૂમમાં જતા રહ્યા. લાઇટ બંધ થઇ ગઇ. ચાલુ કરો, કારણ કે મોબાઇલ ટેક્નોલોજી એટલી બધી છે. જો આપણા કરતા ચોર અને ખનિજ માફિયા આટલા બધા એલર્ટ હોય, આપણે આપણી આ જગ્યા બચાવવા માટે, આપણે ખનિજ ચોરોને કંટ્રોલ કરવા માટે આપણી પાસે એનાથી વધારે આગળ કોઇ ટેક્નોલોજી હોવી જોઇએ. સરકાર જ જો આ ન કરી શકે તો આપણે કેવી રીતે પહોંચી શકીએ અને એટલા માટે આપના માધ્યમથી મારી સરકાર પાસે માગણી છે કે સીટની રચના કરવામાં આવે. જવાબદાર માણસોને જવાબદારી આપવામાં આવે તો આ ખનિજ ચોરી અટકશે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી વાત. મારે લાંભા બંદરની બાજુમાં નાવદ્રા ગામ છે. હર્ષદ માતાનું પવિત્ર ચાત્રાધામ છે. ત્યાં ગામના લોકોએ ૧૫૦–૨૦૦ ખેડૂતોએ જાહેરમાં રેલી કાઢી કે દરિયો આગળ વધી રહ્યો છે.

અમારા ખેતરો ધોવાઇ રહ્યા છે અને છતાં ખનિજ માફિયાઓ કોઇ સંજોગોમાં રોકાતા નથી. જો આની અંદર કંઇક કરવામાં આવશે તો ચોકક્સ મને આનંદ થશે. આ ખનિજ માફિયાઓને કોઇપણ સંજોગોમાં સરકારે કંટ્રોલમાં કરવા જોઇશે. થેંકયુ.

અધ્યક્ષશ્રી : ધન્યવાદ, આપે સમયસર પૂરું કર્યું.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૯-૨૦ના વર્ષના અનુદાનની માગણીઓ અંગેની ચર્ચામાં હું બંદરોના વિભાગ માટે મારા વિચારો રજૂ કરું છું. દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટરનો સમુદ્રતટ છે એના ઉપર આવેલ વિવિધ બંદરોનું સફળતાપૂર્વક સંચાલન કરવા માટે રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ગુજરાતે પોતાના આયોજનબદ્ધ અને ક્રમિક વિકાસની કડીઓથી રાજ્યના તમામ વર્ગોને સાંકળ્યા છે એના લીધે ગત બે દાયકાથી ''સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ'' સાચા અર્થમાં ચરીતાર્થ થયો છે. રાજ્યના અર્થતંત્રમાં બંદરો મારફત થયેલ લોકોની સુખાકારીમાં આગવું સ્થાન આ ગુજરાત રાજયએ મેળવ્યું છે. ગુજરાત દેશમાં મેરીટાઇમ ક્ષેત્રે અગ્રિમ સ્થાન ધરાવતું રાજ્ય છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ ભારતનું સૌપ્રથમ મેરીટાઇમ બોર્ડ છે. રાજ્યમાં એક સમાન સામાજિક, આર્થિક વિકાસને સુનિશ્ચિત કરી સખાયતી હેતુથી ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ફકત કાર્ગો પરિવહન ઉપર ધ્યાન કેન્દ્રિત ન કરી અને અનેકવિધ બંદરોની નીતિ થકી તમામ નોન એકટીવ બંદરો ઉપર કાર્ગો આધારે રાજ્યના સમુદ્ર તટના સર્વાંગી વિકાસ કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રમાં પ્રથમ બંદરોની નીતિ ઘડી કાઢવામાં આવેલ છે અને રાજ્યના દરિયાકાંઠા ઉપર બંદરીય સુવિધા તથા તમામ માળખાકીય સુવિધા વિકસાવવામાં આવી છે. ગુજરાતના બંદરો ઉપર કાર્ગો પરિવહન દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં અંદાજે રૂ.૧૧૪૩.૪૭ કરોડની આવક થઇ છે. બંદર અને દરિયાના અભ્યાસ અને વ્યવસ્થાપન ક્ષેત્રે માનવબળ તૈયાર કરવા માટે રાજ્ય સરકારે મેરીટાઇમ બોર્ડ દ્વારા ગુજરાત રાજ્યમાં પ્રથમ વિશ્વસ્તરીય મેરીટાઇમ યુનિવર્સિટીની સ્થાપનાનું આયોજન કરવામાં આવેલ છે તે બદલ રાજ્ય સરકારને અભિનંદન આપું છું. ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષથી સ્કૂલ ઓફ મેરીટાઇમ લો પોલિસી એન્ડ એડમિનિસ્ટ્રેશન હેઠળ બે એલ.એલ.એમ. કોર્ષની શરૂઆત કરવામાં આવેલ છે. જે યુનિવર્સિટીની હાલ જમીન સંપાદનની કાર્યવાહી ચાલે છે તેમાં હાલ જમીન સંપાદન ન થાય ત્યાં સુધીમાં ગાંધીનગર સ્થિત નેશનલ લો યુનિવર્સિટી ખાતે આ કાર્યરત કરવામાં આવેલ છે. ઘોઘા દહેજ રો-રો ફેરી સેવાના પ્રથમ તબક્કામાં સફળતાપૂર્વક અમલીકરણ બાદ બીજા તબક્કામાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ દ્વારા તા.૨૭-૧૦-૨૦૧૮ના રોજ લોકાર્પણ કરવામાં આવેલ જેમાં તા.૩૧-૫-૨૦૧૯ સુધીમાં ૫૩,૧૫૧ જેટલા વાહનો તથા ૨,૨૪,૩૧૨ જેટલા પેસેન્જરોએ આ સુવિધાનો લાભ લીધો છે. આ પ્રકારની સેવાઓનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકારે કચ્છના અખાતમાં માંડવી બંદરથી ઓખા બંદર અને રોજી બંદરથી ઓડવિરા બંદર સુધી તેમજ ખંભાતના અખાતમાં ઘોઘાથી હજીરા સુધીના રો-રો પેસેન્જર ફેરી સેવાના ઓપરેટરની પસંદગી કરી ઓન લાઇન ટેન્ડર માગવામાં આવેલ છે. અમારા ઉમરગામ જેવા વિસ્તારમાંથી ૪૦,૦૦૦ કરતા વધારે લોકો માછીમારી સાથે સંકળાયેલા છે અને જે અમારા દરિયા કાંઠાના વિસ્તારમાં વસતા લોકો માટે જે દરિયાનું પાણી આવે એને રોકવા માટે જે ચાલી બનાવવામાં આવેલી છે એનાથી આ વિસ્તારના લોકોને ખૂબ ફાયદો થયો છે. આ સરકારને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

**અધ્યક્ષશ્રીનું અવલોકન**

**સભાગૃહમાં અંદરોઅંદર વાતચીત કરવા બાબત.**

અધ્યક્ષશ્રી : કેટલાક માનનીય સભ્યો સાથોસાથ વાત તો કરે છે. પછી એક્રોસ ધ ટેબલ જઇને પણ વાતો કરે છે. પ્રવિણભાઇ મારૂ સુધી જતા રહે છે. ફરીવાર વિનંતી કરું છું કે, મારે નામ દઇને બોલવું પડશે. પ્લીઝ, આપણે શાંતિ રાખીએ. રસ ન પડતો હોય તો થોડીવાર બહાર જઇ આવો.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ અને ખનિજ માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ અનુદાન માટેની માગણી નં. ૫૦ લઇને આવ્યા છે તેને મારું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ સૂત્રને નજર સમક્ષ રાખીને રાજ્યના નાગરિકોની સુખાકારી અને વિકાસ માટે રાજ્ય સરકારના મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રી આદરણીય શ્રી નીતિનભાઇના નેતૃત્વ હેઠળ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે પારદર્શિતા, પ્રગતિશીલતા, નિર્ણાયકતા અને સંવેદનશીલતાના સિદ્ધાંતો સાથે રાજ્યના લોકોની આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા બજેટમાં અનેક જોગવાઇઓ કરી છે. ખાણ અને ખનિજ વિભાગ હેઠળ મહેસૂલ માટે રૂપિયા ૧૪૯ કરોડ ૫૫ લાખ ૨૭ હજાર અને મૂડી માટે રૂપિયા ૮ કરોડ ૫ લાખ ૬૭ હજારની નાણાકીય જોગવાઈ કરી છે. જળ વ્યવસ્થાપન, ગ્રીન એન્ડ કલીન એનર્જી, પર્યાવરણ, કૃષિ અને ખેડૂત કલ્યાણ તેમજ રોજગારીના આ પાંચ ક્ષેત્રોમાં રાજ્ય સરકાર વિશેષ ભાર મૂકે છે. ગુજરાતમાં ખાણ અને ખનિજ ઉદ્યોગને પણ વિશેષ મહત્વ આપવામાં આવે છે. રોજગારી માટે કે વધુ આવક માટે અમારા ઉદ્યોગ મંત્રી, ખાણ અને ખનિજના મંત્રી સૌરભભાઇ દ્વારા પારદર્શિતા લાવવા માટે ઇ-ઓક્શન પદ્ધતિ અપનાવવામાં આવી છે. લીઝની ફાળવણી ઝડપી, પારદર્શક, સ્પર્ધાત્મક તથા બીન ભેદભાવયુક્ત થાય એ માટે કુલ ૬૮૬ બ્લોકની ફાળવણીનું આયોજન કરી ૧૮૬ બ્લોકની સફળતાપૂર્વક હરાજી કરી છે. આ પેટે આશરે રૂ.૪૯૩/- કરોડ જેવી રકમ સરકારશ્રીમાં જમા કરવામાં આવી છે. મને જણાવતા આનંદ થાય છે કે વર્ષ ૨૦૧૭-૧૮માં ખાણ ખનિજની આવક રૂપિયા ૧૨૦૦/- કરોડની જ હતી. ૨૦૧૮-૧૯માં રૂપિયા ૧૫૬૭/- કરોડ થવા

પામી છે. એમ ચોક્કસ કહેવાય કે એક જ વર્ષમાં ૩૧ ટકાનો ગ્રોથ એ નોંધપાત્ર ગ્રોથ છે. આ અમારી સરકારનો ભ્રષ્ટાચારમુક્ત વહીવટનો એક નમૂનો અમે પુરવાર કર્યો છે. આ કિંમતી અને દુર્લભ ખાણ અને ખનિજના સંશોધન માટે ગુજરાત સરકારમાં સંશોધન વિભાગ ચાલતો હોય છે. આના માટે રાજ્ય સરકારે ચાલુ વર્ષે ૩ કરોડની ફાળવણી કરીને એમાં પ્રેરણારૂપ બનવાની કોશિશ કરી છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર સંવેદનશીલ સરકાર છે. રાજ્યમાં ખાણ ખનિજ સાથે સંકળાયેલા લોકોના કલ્યાણ અર્થે ડિસ્ટ્રિક્ટવાઇઝ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ ઊભું કરવામાં આવ્યું છે. આ લીઝ હોલ્ડરોથી પટેદારો પાસેથી વસૂલાય છે તેના પેટે રાજ્ય સરકારે રૂ.૫૩૫.૪૫ કરોડ ફંડ ભેગું કર્યું છે. સરકાર દ્વારા અસરગ્રસ્ત ૩૨ જિલ્લાને ૪૬૪ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જે પણ મહેસૂલી રોયલ્ટીની આવક થાય છે એમાંથી રાજ્ય સરકાર દ્વારા ૯૫ ટકા જેવો હિસ્સો જિલ્લા પંચાયતો દ્વારા ગામડાના જે તે અસરગ્રસ્ત વિસ્તાર માટે વાપરવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે મારો વિસ્તાર પણ સાબરમતી નદીના કિનારે આવેલો છે ત્યારે ત્યાં પણ રેતીના પ્લોટ ફાળવવામાં આવ્યા છે. રેતીની રોયલ્ટીની આવક થાય એમાંથી અમારા ૧૫ ગામોને સારી એવી રોયલ્ટી મળે છે. જેના થકી માળખાકીય સુવિધા ઊભી કરી શકાય છે. આ ગામડાઓ શહેરના સમોવડા બનવા માટે આગળ વધી રહ્યા છે. આ અમારી સરકારની એક ઉપલબ્ધિ છે. આ પદ્ધતિથી ખનિજ ચોરી ન થાય એના માટે, હમણાં શ્રી વિક્રમભાઇ ખનિજ ચોરીની વાત કરતા હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય રમણભાઇ આપનું વકતવ્ય પૂરું થાય છે. બધાને પાંચ મિનિટ આપેલી છે. તમારા દંડકશ્રી જે મિનિટ આપે છે તે જ છે ભાઇ. એટલે મને કહેશો નહિ. માનનીય બાબુભાઇ.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

મારો વિસ્તાર માગરોળ અને માળિયા મોટાભાગનો જંગલ, બેટ અને બગીચા વિસ્તારમાં આવેલો છે અને આ વિસ્તારમાં ૬૦ થી ૭૦% લોકો વાડી વિસ્તારમાં રહે છે અને અવારનવાર વીજળી પુરવઠો બંધ થાય છે તો આપ વીજળી કંપની વ્યવસ્થિત રીતે કામ કરે અને એ કામ માટે જે માણસો રાખવાના હોય એ માણસો વ્યવસ્થિત રીતે કામ કરે એ બાબતમાં પણ મારું મંતવ્ય છે. જ્યારથી ડાર્કઝોન હટાવવામાં આવ્યો ત્યારથી આ વિસ્તારમાં ૬૬ કે.વી. સબસ્ટેશનો ચાલુ ના થવાના કારણે દિવસે અને રાત્રે ખૂબ જ સમસ્યા વધવા પામી છે. અમુક ખેતીવાડી વીજ ફિડરો જેવા કે, ખોડાદા, હુસેનાબાદ, શેપા અને નાગરવેલમાં સતત ૮ કલાક વીજ પુરવઠો મળતો નથી અને માંગરોળ, ચોરવાડના ગામડામાં જ્યોતિગ્રામનો વીજ પુરવઠો પૂરેપૂરો મળતો નથી. હાલ અમારા દરિયા કિનારાના વિસ્તારમાં માંગરોળ તથા ગડુવામાં બે જ ૬૬ કે.વી. વીજ મથકો કાર્યરત છે. એ બંને સબસ્ટેશનો વચ્ચે ખૂબ જ લાંબુ અંતર હોવાના કારણે આ બંને વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઇ જાય છે તો એના માટે પણ માનનીય મંત્રીશ્રી કાંઇક માર્ગદર્શન એના સ્ટાફને આપે અને એમાં કાંઇક કરે એવું હું માનું છું. હું ગત મધ્ય ચૂંટણીમાં ચૂંટાયો ત્યારે મેં ઊર્જા મંત્રીશ્રીને વાત કરેલી એમાં આપે બે ફિડરો આપ્યા છે. એક ચોરવાડ અને બીજું એક બાજુમાં સબસ્ટેશન છે એનો મેળ નથી ખાધો તો ચોરવાડમાં અત્યારે કામ ચાલે છે, જે વીજ પુરવઠો લઇ જવાનો છે એના પોલ ઊભા કરવા માટે લાંબા અંતરથી લઇ જવામાં આવે તો લગભગ પચ્ચીસેક પોલ થાય અને ગડુથી જો ડાયરેક્ટ ૧૦થી ૧૫ પોલ નદી ઉપર નાંખવામાં આવે તો તાત્કાલિક લાઇન ચાલુ થઇ જાય એના માટે પણ થોડુંક ધ્યાન આપો એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરેણા ખાતે ૬૬ કે.વી.નું સબસ્ટેશન મંજૂર થયેલું છે પણ જમીન નહીં મળવાના કારણે એ વિસ્તારમાં અંતર ટૂંકું કરવાનું છે એનો પણ લાભ અમને મળતો નથી. એટલે કોઇ ખાનગી જમીન મળતી હોય એમાં આ ૬૬ કે.વી. સબસ્ટેશન નાંખવામાં આવે તો પણ અમને જે વીજ પુરવઠો લાંબા અંતરેથી મળતો હોવાથી અનેકવાર ફોલ્ટ થાય છે એ ફોલ્ટ ના થાય અને ખેડૂતોને ટાઇમસર અને વ્યવસ્થિત વીજળી મળે એના માટે પણ આ આરેણા ખાતે એક ૬૬ કે.વી.નું સબસ્ટેશન નાંખવામાં આવે એવી મારી માગણી છે.

અધ્યક્ષશ્રી : તમે રસ લઇને ખાનગી જગ્યા અપાવડાવોને.

શ્રી બાબુભાઇ કા. વાજા : સાહેબ, વાત કરેલી હતી કે ખાનગી હોય તો પણ ચાલશે.

અધ્યક્ષશ્રી : નહીં, તમે પણ એમાં રસ લો.

શ્રી બાબુભાઇ કા. વાજા : હા, જી. અમારે ત્યાં નારીયેળીના બગીચા છે એ બગીચામાં જૂના વીજ વાયરોના કારણે ઘણાં ફોલ્ટ થાય છે તો એ વીજ વાયરોને વ્યવસ્થિત કરવામાં આવે અને કોટેડ કન્ડક્ટર વીજ વાયરો જો તમે એક વખતમાં કે એક વર્ષે નાખી દો એવું નથી કહેતો પણ આ વાયરો નાખવામાં આવે તો ખેડૂતો જે ખેતર વિસ્તારમાં રહે છે એમને વીજ પુરવઠો સતત મળે. અમારા દરિયા કિનારાના વિસ્તારમાં વધારેમાં વધારે માણસો ખેતીવાડીમાં રહે છે તો એને જે લાભ મળવો જોઇએ એ સારામાં સારો મળે એના માટે પણ આપ થોડુંક વિચારો. પછી મારા વિસ્તાર ભંડુરી તથા... (અંતરાય)

અધ્યક્ષશ્રી : થોડુંક વિચારવાનું કેમ કહો છો? પૂરેપૂરું વિચારવાનું એમ કહોને.

શ્રી બાબુભાઇ કા. વાજા : ભંડોરી અને શાંતિપરા પીડીવાવના બે નવા ૬૬ કે.વી.ના સબસ્ટેશનો આપવા માટે મંત્રીશ્રી પાસે માગણી કરું છું. જેથી કરીને અમારા વિસ્તારમાં જે તકલીફો છે. અમારો વિસ્તાર છે એ નાળીયેરીનો વિસ્તાર છે અને લાંબા અંતરે હોય તો નાળીયેરીનું તાલુ પડે અને તાલુ પડે એટલે તુટી જાય અને તુટી જાય એને હિસાબે આ લોકોને એક અઠવાડિયું કે ૧૫ દિવસમાં એકાદી વખત આવો ફોલ્ટ આવતો હોય અને ટૂંકું અંતર થાય તો એનાથી ઘણો ફાયદો થાય તેમ છે.

પીડીવાવ અને શાંતિપુરા ભંડેરી અને આ ભંડેરીમાં તો જગ્યા પણ ફાળવેલી છે તો એમાં પૂરતું વિચારો એવી અપેક્ષા રાખું છું. અમારા વિસ્તારમાં દરિયા કિનારો એટલે વેરાવળથી માંડીને...

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી ધનજીભાઇ પટેલ(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારું સમર્થન છે અને હું ઉદ્યોગ વિશે મારા વિચારો રજૂ કરું છું. આપણું રાજ્ય ઉદ્યોગ બાબતમાં દેશના ગ્રોથ એન્જીન તરીકે પ્રખ્યાત છે તેનું કારણ શું? તો તેનું મુખ્ય કારણ હોય તો આપણું રાજ્ય જે વિશેષતા છે તે ઉજાગર કરવા માટે તે વખતના માનનીય મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી મોદી સાહેબે વાઇબ્રન્ટ ગુજરાત ચાલુ કરેલું તેના થકી દેશ અને દુનિયાને ખબર પડી કે ગુજરાત પાસે શું છે! કોઇપણ ઇન્ડસ્ટ્રીઝ ચાલુ કરવી હોય તો તેમાં અમુક બાબતનું ખાસ ધ્યાન રાખવું પડે છે. જેમ આપણા શરીરને ઓક્સિજન વગર ટકવું મુશ્કેલ છે તેમ ઇન્ડસ્ટ્રીને વીજળી વગર ટકવું મુશ્કેલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારી ભાઇબંધી છૂટી પાડવાની છે. શ્રી પ્રતાપ દૂધાતની અને શ્રી અમરીષભાઇની જગ્યા બદલવાની છે.

શ્રી ધનજીભાઇ પટેલ : પાવર સપ્લાય પૂરા વોલ્ટેજથી ૨૪ કલાક વીજળી મળે છે. અગાઉ કોંગ્રેસની સરકારમાં વીજળી કેટલી આવે અને વોલ્ટેજ કેટલા આવે એ રામભરોસે. એ જ પ્રમાણે રોડ, રસ્તા, પાણી, બંદરો, ઇન્ડસ્ટ્રીને જરૂરી માલસામાનની હેરાફેરી થાય તે બાબતમાં ગુજરાત રાજ્ય આગળ છે. ઇન્ડસ્ટ્રી માટે સૌથી અગત્યની બાબત હોય તો તે શાંતિ છે. જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી કર્ફ્યુ અને ઉદ્યોગની હડતાલે વિદાય લીધી છે. અગાઉ કોંગ્રેસના શાસનમાં કયારે કર્ફ્યુ થાય અને કયારે હડતાલ પડે તે નકકી ન હતું જેના લીધે ઇન્ડસ્ટ્રી ચલાવવી ઘણી મુશ્કેલ હતી. વાઇબ્રન્ટ ગુજરાતને કારણે દેશ અને દુનિયામાં કોઇને હાલ ઇન્ડસ્ટ્રી ચાલુ કરવી હોય તો ગુજરાત રાજ્યને પ્રથમ પસંદગી આપે છે એ આપણા બધા માટે બહુ આનંદની વાત છે. એના કારણે ગુજરાત ઓટોમોબાઇલ ક્ષેત્રે ધમધમે છે. એટલું જ નહીં પરંતુ તેના કારણે નાના અને મધ્યમ ઉદ્યોગોને ઘણું કામ મળે છે કારણ કે ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી અને ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રી એમાં જે કાંઇ બેરીંગ, નટબોલ્ટ, નાના મોટા સ્પેરપાર્ટની જરૂર હોય તો નાના અને મધ્યમ ઉદ્યોગો પાસેથી મેળવે છે. હું સુરેન્દ્રનગરની વાત કરું તો કોઇપણ ટ્રેક્ટર, ટ્રક, ગાડી, સ્કૂટર કે નાના કે મોટા વાહન કે જે સાધનો એવા નહીં હોય કે જેમાં સુરેન્દ્રનગરની બનેલી બેરીંગ, નટબોલ્ટ કે સ્પેરપાર્ટ ન હોય. આના જ કારણે ઉદ્યોગોને કામ મળે છે અને માણસોને રોજગારી મળે છે. આપને જણાવતા આનંદ થાય છે કે ગુજરાત કોટન ઇન્ડસ્ટ્રી, મોરબી સિરામીક ઉદ્યોગ, થાન સેનેટરીવેર, રાજકોટ ઓઇલ એન્જિન, જામનગર બાંધણી તેમજ બ્રાસ, સુરત હીરા અને ટેક્સટાઇલ, ભાવનગર શીપબ્રેકીંગ, અમદાવાદ તેમજ બરોડા ફાર્મ હબ બનેલ છે. દેશ અને દુનિયામાં ગુજરાતે નામના મેળવેલ છે. વિદેશોમાં ખૂબ મોટા પ્રમાણમાં ગુજરાત એક્સપોર્ટ કરે છે. સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરું તો ખારાઘોડા ખાતે મીઠાના અગરો આવેલ છે જે સમગ્ર દેશ અને દુનિયાને મીઠું પૂરું પાડે છે. દેશની અંદર મીઠાનું પ્રોડકશન ગુજરાતની અંદર ૮૧.૨૨ ટકા જેટલું છે. મીઠાનું ઉત્પાદન કરતા ૧૦ એકર અગરીયાઓ સોલાર કંપની સિસ્ટમ ખરીદવા માટે ૮૦ ટકાની સહાય યોજના છે. જે અગરીયાઓને માટે ખૂબ આવકારદાયક છે. એના માટે રૂ.૫૮૨.૧૦ લાખની સહાય આપવામાં આવેલ છે. મીઠું પકવતા અગરિયાઓ તેમના ઉપર આકાશ અને નીચે ધરતી અને નીચે ખારું પાણી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમને પણ ભૂલ્યા નથી. અગરીયાઓ માટે પાણીના ટેન્કરો, અનાજ માટે મોબાઇલ વાન અને મેડિકલ વાન થકી વિનામૂલ્યે દવાખાના જેવી વિવિધ સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. એના માટે ૨૦ ધન્વંતરી રથની મંજૂરી આપવામાં આવેલ છે. એ વેરાન જગ્યા છે. લાઇટ પણ શક્ય નથી. માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ તેમના માટે સોલાર પાવરની યોજના લાવી ૮૦ ટકા સબસિડી આપેલ છે. ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ મારફતે ૨૫,૦૦૦ જેટલા અગરીયા...

અધ્યક્ષશ્રી : ધનજીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. આપે અગરીયા અને મીઠાની વાત કરી. હવે મીઠું એટલે ગળ્યુંની વાત કરું તો શ્રી નારણભાઇ ધારાસભ્ય તરીકે ઊંઝાથી આવતા હતા અને ૫-૫ વર્ષ અમને રોજ ચોકલેટ આપતા હતા. તમારી તો ચોકલેટની ફેક્ટરી છે. આ બધાને ચોકેલટ ખવડાવો. વાંચીને બોલ્યા એનો આ દંડ.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા બંદરો અને વાહન વ્યવહાર બાબતે જે પોતાની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઇચ્છું છું. સદનસીબે કુદરતની કૃપાએ આ રાજ્યને અંદાજે ૧૬૬૬ કિ.મી. જેટલો દરિયા કિનારો મળ્યો છે. ચોક્કસપણે હું કહીશ કે Sea shore is the real gateway of India for further development. એટલા માટે આ વિશ્વ જે ૯૦ ટકા વેપાર કરે છે, એમાંથી સૌથી મોટો હિસ્સો બંદરો ઉપરથી થાય છે. વાત સ્પષ્ટ છે કે આજના સમયમાં બંદરો કેટલા મહત્વના છે. એક નાનો એવો દેશ દરિયાઇ પટ્ટી મળવાથી, સી-શોર મળવાથી કેટલી પ્રગતિ કરી શકે છે એનું સારામાં સારો દાખલો આપવા ઇચ્છું છું. હું વાત કરું છું ડેન્માર્કની. માત્ર ૫૭ લાખની વસતિ ધરાવતો આ દેશ વિશ્વની અંદર આજે સૌથી મોટી મોક્ષ નામની કન્ટેનર કંપની ધરાવે છે. આખા વર્લ્ડમાં ૮૨ જેટલા પ્રાઇવેટ પોર્ટો આજે એમની પાસે છે. આવનારા સમયમાં ૮૨ જેટલા પોર્ટો એમની પાસે હજુ પાઇપ લાઇનમાં છે. એ જ વસ્તુ સૂચવે છે કે આપણી દરિયાઇ પટ્ટીનો ઉપયોગ ગંભીરતાથી, યોગ્ય રીતે કરવામાં આવે તો કયાંકને કયાંક ગુજરાત રાજ્ય આવી બધી બાબતોમાં પણ ખૂબ અસરકારક રીતે કામ કરી શકે એમ છે. દરિયાઇ ટ્રાન્સપૉર્ટ સાથે સંકળાયેલ લોકો એટલે કે સર્વિસ

પ્રોવાઇડરો આજે પણ જુદા જુદા ૩ ટેક્સ માળખાથી ચિંતિત છે. કયાંકને કયાંક અસ્પષ્ટ વ્યાખ્યાને લીધે ટેક્સ ભરવામાં કયાંકને કયાંક અઘરી પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છે. આ ૩ બાબતોને આપની સાથે અને ગૃહ સાથે ચર્ચા કરું: જી.ટી.એ. ગુડ્સ ટ્રાન્સપોર્ટસ, સી.એચ.સી. કાર્ગો હેન્ડલિંગ સર્વિસ, ત્રીજું, એમ.એમ.ટી. મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ. આ ત્રણેય સર્વિસમાં સરકારશ્રી દ્વારા જો યોગ્ય માર્ગદર્શન સાથે સ્પષ્ટ નિર્ણયો ટેક્સના આપવામાં આવે તો કયાંકને કયાંક બધા સર્વિસ પ્રોવાઇડરો વધુ સારી રીતે કામ કરી શકે એમ છે. ગુજરાતની દરિયાઇ પટ્ટી ઉપર ગુજરાત મેરી ટાઇમ બોર્ડના હસ્તકની દરિયાઇ પટ્ટી છે, ત્યારે આપના માધ્યમથી ગૃહનું ધ્યાન દોરવા ઇચ્છું છું કે જે નાના નાના પોર્ટો છે એમાં બર્થિંગ અને અનબર્થિંગ માટે ટગનો ઉપયોગ કરવામાં આવે છે. કયાંકને કયાંક જી.એમ.બી. પાસે ઓછા અથવા નહિવત અથવા ચાલુ કન્ડીશનમાં નથી. એના હિસાબે પ્રાઇવેટ પ્લેયરો ખૂબ મોટા પ્રમાણમાં પૈસા કમાઇ રહ્યા છે. આપના માધ્યમથી જી.એમ.બી.ને વિનંતી છે કે આગામી સમયમાં પોતાની ટગો વસાવવામાં આવે અથવા જે ટગો કાર્યરત નથી તેને કયાંકને કયાંક શરૂ કરવામાં આવે. પોર્ટ ડેવલપમેન્ટની સાથે સાથે એવી બે–ચાર બાબતોને પણ જોડવામાં આવે, જેથી કરીને બંદરો કાયમી માટે ધમધમતા રહે. એના માટેની વાત કરીએ તો એસ.આઇ.આર. એટલે કે સ્પેશિયલ ઇકોનોમિક રિજિયન, એસ.ઇ.ઝેડ એટલે કે સ્પેશિયલ ઇકોનોમિક ઝોન અને જી.આઇ.ડી.સી. ગુજરાત ઇન્ડસ્ટ્રિઝ ડેવલપમેન્ટ કોર્પોરેશન, એફટીડબલ્યુ એટલે ફ્રી ટ્રેડ વેરહાઉસ ઝોન. આ બાબતોમાં ગંભીરતાથી નિર્ણય લઇ કશુંક કરવામાં આવે તો આગામી સમયમાં આપણા બંદરો હજુ વધુ સારી રીતે ધમધમી શકે તેમ છે. બંદરો ઉપરથી જ દરિયાઇ પરિવહન માટે એટલે કે લોકોના ટ્રોન્સપોર્ટેશન માટે અત્યારે જે ઘોઘા અને દહેજ રો–રો ફેરી સર્વિસ શરૂ કરી છે અને હું અનુદાનમાં વાંચતો હતો કે મારા વિસ્તારનો ઉલ્લેખ તેમાં કરવામાં આવેલ નથી. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પોતાના ભાષણની અંદર લાસ્ટ ટાઇમ એવું કહેલું હતું કે પીપાવાવથી એટલે કે સૌરાષ્ટ્રની સાથે સાથે દક્ષિણ ગુજરાતને જોડવા માટે પીપાવાવ અથવા તો જાફરાબાદથી હજીરા સુધીની રો–રો ફેરી સર્વિસ શરૂ કરવામાં આવે તો પણ પરિસ્થિતિ સારી થઇ શકે તેમ છે અને ઘણું બધું હૂંડિયામણ લોકો અને સરકાર કમાઇ શકે તેમ છે. મારા વિસ્તારમાં હમણાં જ છાપામાં આવેલી બાબતો મુજબ આલ્કોક એશડાઉન નામની કંપની મૃતપ્રાયઃ અવસ્થામાં પડેલી છે. આપના માધ્યમથી આ ગૃહનું ધ્યાન દોરવા ઇચ્છું છું કે, ખૂબ સારા પ્રમાણમાં ત્યાં પ્રોપર્ટી પડી રહેલી છે તેનો યોગ્ય રીતે નિર્ણય કરવામાં આવે, સરકાર શરૂ કરે અથવા તો કોઇ ખાનગી પ્લેયરને આપવામાં આવે તો ઘણું સારુ થઇ શકે તેમ છે. આગામી સમયની અંદર તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રી જે સાગરમાલા પ્રોજેક્ટ લઇને આવ્યા હતા તેમાં ગુજરાતથી મહારાષ્ટ્ર, મહારાષ્ટ્રથી ગોવા, ગોવાથી કર્ણાટક, કર્ણાટકથી કેરાલા, કેરાલાથી તામિલનાડુ, તામિલનાડુથી આંધ્રપ્રદેશ અને આંધ્રપ્રદેશથી બંગાળની જે સેવાઓ છે તેમાં પણ સારું એવું કામ થઇ શકે તેમ છે. એટલે વધુ કોઇ વાત ન કરતાં આવનારા સમયમાં ગુજરાતના દરિયાઇ પટ્ટીનો વિશેષ ઉપયોગ કરવામાં આવશે તો હું એમ માનું છું કે, આપણે બધાએ જે સપનું જોયું છે તે બાબતમાં હંમેશા આપણે અગ્રેસર રહીશું એટલું કહીને વિરમું છું. આપ સૌનો આભાર.

અધ્યક્ષશ્રી : સમયસર પૂરું કર્યા બદલ આપનો આભાર. માનનીય દુષ્યંતભાઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ઉદ્યોગ પરની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાય ગુજરાતથી લઇને ઓન્લી ગુજરાતની આપણી સફળ યાત્રાની અંદર અમુક સારા સૂચનો અને માગણી છે તે હું કરવા માગું છું. આ ગૃહની અંદર ત્રીજી વખત કહું છું કે, જે નાના ઉદ્યોગો છે તેને એક વખત એડજોઇનિંગ પ્લોટનો લાભ મળે છે, મેં વારંવાર અહીંથી કહ્યું છે કે જો પ્લોટની ઉપલબ્ધતા હોય તો તેને બીજી વખત એડજોઇનિંગ પ્લોટનો લાભ મળવો જોઇએ તેવી મારી નમ્ર વિનંતી છે. જેથી કરીને અને હું એવા જિલ્લામાંથી આવું છું કે, જયાં ખૂબ સારા ઉદ્યોગો છે અને મોટા ભાગે સૌથી વધારે સ્થાનિક બેરોજગારોને રોજગારી આપતા હોય તો તે નાના ઉદ્યોગો છે. એટલા માટે ઘણા બધા લોકોની માગણી હોય છે કે, નાના ઉદ્યોગોને એક વખત લાભ મળે છે પણ બીજા એડજોઇનિંગ પ્લોટનો લાભ મળે તો તેઓ ખૂબ સારો વિકાસ કરી શકે છે. બીજી મહત્વની અને અગત્યની બાબત એ છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એપ્રન્ટિસ યોજના શરૂ કરી. આઇટીઆઇ અને ડિપ્લોમા થયેલા ગુજરાતના જેટલા લોકો છે તે લોકોને એપ્રન્ટિસ યોજનાનો ખૂબ મોટો લાભ મળ્યો. આ તબક્કે માનનીય મુખ્યમંત્રીશ્રીનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. કારણ કે જે તે જિલ્લાઓમાં જે રોજગાર મેળા યોજાય છે અને તેમાં જે એપ્રન્ટિસ યોજનાનો લાભ મળે છે તેમાં તે વિદ્યાર્થીને કોઇપણ સારી કંપનીનો અનુભવ મળે છે. જેથી કરીને તે પોતાનું ભવિષ્ય બનાવે છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ગુજરાતમાં સ્થપાયેલા બધા જ ઉદ્યોગોને બોટ્સમાં કમ્પલસરી એન્ટ્રી કરાવે. બોટ્સ એટલે બેચલર ઓફ એપ્રન્ટિસ ટ્રેઇનિંગ સ્કીલની અંદર ઇમ્પ્લીમેન્ટ કરવામાં આવે તો ગુજરાતની અંદર જે ડિગ્રી થયેલા છોકરા જેમાં બી.ઇ. ઇલેક્ટ્રીકલ, બી.ઇ. મિકેનીકલ, બી.ઇ. કેમિકલ થાય છે તેમને આવા ઉદ્યોગોની અંદર ટ્રેનિંગ મળે. આજની સ્થિતિ શું છે કે, જ્યારે ઉદ્યોગમાં આપણે કોઇની ભલામણ કરીએ છીએ તો તે લોકો કહે છે કે નવા છે, તે ફ્રેશ કમર છે. ધારો કે તે એન્જિનિયર હોય અને બોટ્સમાં અમૂક ઇન્ડસ્ટ્રીઝ એપ્લાય કરે છે અને અમુક નથી કરતી. ગુજરાતની બધી જ ઇન્ડસ્ટ્રીઝનું મોટાભાગે બોટ્સની અંદર રજીસ્ટ્રેશન કરવામાં આવે તો હું માનું છું કે ગુજરાતના આવા વિદ્યાર્થીઓ છે તેને તેમાં ટ્રેનિંગ મળી શકે. ત્રીજી મહત્વની બાબત એ છે કે, દરેક મોટી ઇન્ડસ્ટ્રીઝને સીએસઆર એક્ટિવીટી હોય છે. સીએસઆરમાં ઘણાબધા કામો કરે છે. મારી નમ્ર વિનંતી છે અને મારા મત વિસ્તારનો અનુભવ કરીને અહીં વિનંતી

કરું છું કે, અત્યારના આપણે સૌ જાણીએ છીએ કે આપણું ગ્રીન કવર ઓછું થતું જાય છે. તો જે ઉદ્યોગ છે તેમને વૃક્ષો ઉછેરવાનું કહેવામાં આવે તો મોટા પાયે વૃક્ષારોપણ કરીને આપણે લાખો અને કરોડો વૃક્ષો ઉછેરી શકીએ એમ છીએ. મારા મત વિસ્તારમાં યુ.પી.એલ. કંપનીએ ૪૦ હજાર વૃક્ષ ઉછેરીને આજે મોટા કર્યા છે અને એને પાંચ વર્ષ થઇ ગયા છે તો એનો ખર્ચ સી.એસ.આર. એક્ટિવિટીમાં લેવામાં આવતો નથી તો આ પ્રકારનું એક સજેશન એવું છે કે જો સી.એસ.આર.માં એનો ખર્ચ એડ કરવામાં આવે તો સી.એસ.આર. એક્ટિવિટીની અંદર ઘણી બધી મોટી ઇન્ડસ્ટ્રીઝ એવી તૈયાર છે કે જે આ કાર્ય કરવા તૈયાર છે. ચોથી મહત્વની બાબત એ છે કે દહેજમાં અમારો ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે જ્યાંથી ઇન્ડસ્ટ્રીઝનું ગંદુ પાણી ટ્રીટ કરીને દરિયામાં અઢી કિલોમીટર સુધી દૂર જઇને છોડવામાં આવે છે આ પરિસ્થિતિ બહુ ગંભીર છે. અમારા વિસ્તારમાં અને વાગરા વિધાનસભા વિસ્તારના શ્રી અરુણસિંહભાઇને પણ મોટો પ્રશ્ન છે. અત્યારના બેક વોટર છેક નર્મદા ગોલ્ડન બ્રિજની આગળ સુધી આવે છે તો જે ટ્રીટેડ વોટર દરિયામાં છોડવામાં આવે છે એ બધું જ પાણી ગોલ્ડન બ્રિજની નીચે પણ ઘણા સમય અંતરે જ્યારે મહિનામાં બે વખત અમાસ અને પુનમ વખતે ભરતી ખૂબ મોટી હોય છે તો ત્યાં એ વખતે આ કેમિકલયુક્ત પાણી આપણને જોવા મળે છે તો મારી વિનંતી છે કે, આની અંદર અઢી કિલોમીટરથી વધારીને હજુ બીજા ત્રણ ચાર કિલોમિટર અંદર સુધી દરિયામાં એ પાઇપ લાઇન લઇ જવામાં આવે તો અમારે ભરુચમાં જે મુશ્કેલી પડે છે એ દૂર થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે વાત કરી કે વાય ગુજરાતથી ઓન્લી ગુજરાત. આપણે સૌ જાણીએ છીએ કારણ કે, શ્રી નરેન્દ્ર મોદી સાહેબનો આ જે મંત્ર છે ઇન્ડેન્ટ ટુ આઇડિયા, આઇડિયાથી ઇનોવેશન અને ઇનોવેશનથી ન્યૂ ભારત. એટલે નવા ભારતના સ્વપ્નને સાકાર કરવા સરકારે ઘણી બધી સારી પોલિસી ઇમ્પ્લીમેન્ટ કરી છે. નવી પોલિસી એ ટેક્સટાઇલની હોય, નવા ઉદ્યોગની હોય, સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રઝની હોય કે ઘણી બધી ઇન્ડસ્ટ્રીઝમાં ઘણો મોટો લાભ આપણને પ્રાપ્ત થયો છે. વધુ સમય ન લેતા પણ આ જે માગણી છે તો એની અંદર આપ પૂરતું ધ્યાન આપીને અને ખાસ કરીને એડજોઇનીંગ પ્લોટ પર વિશેષ ફોકસ થાય તો ઘણું સારું થઇ શકે એમ છે. "આભાર"

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર વાઇબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા ઉદ્યોગોને આકર્ષવા માટેના પ્રયાસો સરકાર મારફત કરવામાં આવ્યા. મોટી મોટી જાહેરાતો, મોટી મોટી પેપર–અખબારોમાં વાતો, આ વાતમાં શ્રી બી.જે.પટેલ સાહેબે જે વાત કરી કે, કોંગ્રેસ શાસનમાં પરિસ્થિતિ બહુ કપરી હતી, કોંગ્રેસ શાસનમાં ગુજરાતની હાલત બહુ ખરાબ હતી. પણ શ્રી બી.જે.પટેલ સાહેબ, અમને એમ હતું કે વાઇબ્રન્ટ ગુજરાતને કારણે ગુજરાતનો ઉદ્યોગમાં પ્રથમ ક્રમે આવશે. આપ જરા ભૂતકાળને જોઇ લો કે ઉદ્યોગમાં કોંગ્રેસ શાસનમાં ગુજરાત બીજા ક્રમ ઉપર હતું, કોંગ્રેસ શાસનમાં ઉદ્યોગમાં સચિન જી.આઇ.ડી.સી. સુરતને આપવામાં આવી, કોંગ્રેસ શાસનમાં ઉદ્યોગમાં એશિયાની સૌથી મોટી જી.આઇ.ડી.સી. અંકલેશ્વરને આપવામાં આવી અને મધ્યમ વર્ગના લોકોને ઉદ્યોગ કરીને એની રાહ બતાવવાનું કામ કોંગ્રેસના શાસનના સમયમાં થયું અને મધ્યમ વર્ગ એના પોતાના પગ ઉપર ઊભો રહ્યો હોય તો એ કોંગ્રેસનું પુણ્ય છે. શ્રી બી.જે. પટેલ સાહેબે જે વાત કરી કે કોંગ્રેસ શાસનની સામે હાલની સરકાર વાઇબ્રન્ટ ગુજરાત કરે છે પણ આજે ગુજરાત ૮માં ક્રમે ધકેલાયું છે. એમાં કંઇને કંઇ સરકારની નીતિ, સરકારની કરણી અને કથનીમાં ફરક દેખાઈ રહ્યો છે. ઉદ્યોગ માટેની જો આપ વાત કરતા હોય તો સૌ પ્રથમ ઉદ્યોગ માટે વીજળી, ઉદ્યોગ માટે જમીન અને ઉદ્યોગ માટે એમને પાણી મફત મળી રહેવું જોઇએ અને એના ભાગરૂપે જે મેં વાત કરી તે પ્રમાણે ફરી વખત દોહરાવું કે સુરતથી પધારેલા ૧૨ ધારાસભ્યો ઉદ્યોગ સાથે જોડાયેલા છે, ૧૨ ધારાસભ્યો લોકો સાથે રહે છે, ૧૨ ધારાસભ્યો લોકોની વચ્ચે ઊભા રહે છે ત્યારે એમને ખબર છે કે, જે આ જી.આઇ.ડી.સી. નાંખી છે એમાં કાપડનો કોઇ ઉદ્યોગ ધમધમતો થયો હોય તો એ કોંગ્રેસના પૂણ્યના કારણે થયો છે. આજે ફરી વખત આ પ્રકારની જી.આઇ.ડી.સી. બનાવવાનો સમય પાકી ગયો છે. મોટા વાઇબ્રન્ટ ગુજરાતની જરૂરિયાત નથી, વાઇબ્રન્ટ ઉદ્યોગની જરૂરિયાત નથી પણ મિડલ ક્લાસ માટે જી.આઇ.ડી.સી. બનાવવામાં આવે, મિડલ ક્લાસને જો સસ્તી જમીન આપવામાં આવે તો આવનાર દિવસોમાં ફરી વખત ગુજરાત ૮માં ક્રમેથી પ્રથમ ક્રમે આવી શકશે. આપ ઉદ્યોગની જો અહીંયાં વાત કરતા હોય અથવા ઉદ્યોગની નીતિની વાત થતી હોય તો ઉદ્યોગમાં અત્યારે કરુણતા એ પ્રકારની છે કે, મેં ભૂતકાળમાં કહ્યું છે એ પ્રમાણે સૌથી મોટી રોજી રોટી કોઇ આપતું હોય તો મિડલ ક્લાસ ઉદ્યોગપતિઓ આપતા હોય છે. ડાયમંડ ઉદ્યોગ હોય, ચાહે કાપડ ઉદ્યોગ હોય કે એને લગતા કોઇ પણ ધંધા હોય એ સૌથી વધુ રોજગારી આપે છે. અહીંયાં ભૂતકાળની વાત થઇ અહીંયાં કાપડની સાથે જોડાયેલા એક મિત્રએ મને બહાર નીકળીને વાત કરી કે, મારો બધો જ ધંધો સુરત સાથે જોડાયેલો છે, ત્યારે આજે સૌથી કપરી પરિસ્થિતિ મિડલ ક્લાસ ઉદ્યોગની થઇ છે. શું કામ થઇ? આજે મિડલ ક્લાસને જી.આઇ.ડી.સી.માં ક્યાંય પ્લોટ મળતા નથી. એને પ્રાઇવેટ કંપનીઓ પાસે પ્લોટ લેવો પડે. ૨૫,૦૦૦ રૂપિયા કે ૩૦,૦૦૦ રૂપિયે વારની જમીન લે અને એની લાગટ લાગે તો એની લાગટ લગતા પોતાના ધંધાને જે વળતર મળવું જોઇએ એ વળતર મળતું નથી અને જે પ્રમાણે જે જી.આઇ.ડી.સી.ની અંદર જે એકમો ચાલતા હતા એ એકમો સરકારની નીતિના કારણે આજે કમસેકમ ૮૦,૦૦૦ જેટલા રોજગાર એકમો બંધ થઇ રહ્યા છે એટલે કે ૮૦૦૦૦ લોકોના રોજગાર બંધ થવાથી યુવાનો બેરોજગાર થયા છે. યુવાનો બેરોજગાર થવાની વાત એટલા માટે કરું કે સરકાર એમ કહેતી હોય કે ઉદ્યોગને કારણે રોજીરોટી મળે છે. તો એક લોકરક્ષકની પરીક્ષામાં ૯,૦૦,૦૦૦ લોકો ફોર્મ ભરતા હોય, આ કરૂણ

પરિસ્થિતિ આપણા ગુજરાતની અંદર નિર્માણ થઇ હોય તો એ કેવું કહેવાય! આપણે એક બાજુ બીજી વાત કરીએ છીએ. ઉદ્યોગની આપણે જો વાત કરતા હોઇએ તો જે પ્રમાણે કૃષિ યુનિવર્સિટીની જમીન હતી, જે પ્રમાણે જાહેરાતો થઇ હતી, જે પ્રમાણે ઉદ્યોગ નીતિની વાત થઇ અને વાયબ્રન્ટ ગુજરાતમાં નેનો કંપની માટે જાજમ પાથરવામાં આવી અને કૃષિ યુનિવર્સિટીની જમીન હતી એ જમીન આપી અમે બધા રાહ જોતા હતા કે લાખ્ખો લોકોને, હજ્જારો લોકોને રોજગારી મળશે, નેનો ક્યાંય રસ્તા ઉપર જોવા મળતી નથી. આ પરિસ્થિતિ આ સરકારમાં નિર્માણ થઇ છે ત્યારે ઉદ્યોગ તમારે સ્થાપવા હોય તો કિંમતી જમીન ઉપર નહિ, વાઇબ્રન્ટ ગુજરાત મારફતે તમે આવો અમારા અમરેલી જિલ્લામાં, અમારે ત્યાં નાંખો ઉદ્યોગ. હું ઉદ્યોગ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારે ત્યાંના ખારાપાટની અંદર હજારો વાર જમીન પડી છે. અમે તમને આવકારીએ છીએ કે વાઇબ્રન્ટ ગુજરાતની અંદર કોઇ એવું એમ.ઓ.યુ. કરાવડાવો કે અમારી અમરેલી જિલ્લાની બંજર જમીન ઉપર ઉદ્યોગ સ્થપાય અને ઉદ્યોગ મારફતે અમારા અમરેલી જિલ્લાના લોકોને રોજીરોટી મળી રહે એના માટેનો કંઇક પ્રયાસ કરવો જોઇએ. ઉદ્યોગની સાથે ખેડૂતોને લગતા કામ માટે એ લોકોને ઉદ્યોગ લગતી યોજનાઓમાં, આપ કૃષિને લગતી યોજનાઓમાં એમને ફાયદો થાય તેવું કરો.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે માનનીય સભ્ય શ્રી વી.ડી. ઝાલાવાડિયા.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કર વસૂલાત ખર્ચ ઉપર મારા વિચાર રજૂ કરવાનો મને અવસર સાંપડ્યો છે ત્યારે આપના માધ્યમથી આ ગૃહ સમક્ષ મારા વિચારો રજૂ કરતા આનંદ અનુભવું છું.

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ હેઠળ ઘડાયેલા નિયમોને લાગુ કરી કામગીરી કરવામાં આવે છે. વીજ વપરાશ કરનાર તમામ કક્ષાના ગ્રાહકોને વિદ્યુત શુલ્કનો યોગ્ય દર લાગે અને તે મુજબની વસૂલાત કરી અને રાજ્યની તિજોરીમાં રકમ નિયમિત જમા થવાની દેખરેખ રાખે છે. આ વિભાગ જેવી રીતે રાજ્યની તિજોરીમાં વિદ્યુત શુલ્ક દ્વારા માતબર રકમ જમા કરાવવામાં ચીવટ રાખે છે તેવી જ રીતે વિદ્યુત શુલ્કમાં માફી આપવામાં પણ ઉદારતા દાખવી છે. આ સમતુલિત વ્યવહાર ભારતીય જનતા પાર્ટીની વ્યવહારુ કુશળ સરકારમાં જ શક્ય બન્યું છે. બાકી તો આખું ગુજરાત જાણે છે કે, કોંગ્રેસના શાસનમાં નિયમિત વીજળી જ નહોતી મળતી તો વિદ્યુત શુલ્કની માફીની વાત તો ક્યાંથી કરવાની? આ તબક્કે ઊર્જા અને પેટ્રોલિયમ મંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો હું હૃદયપૂર્વક આભાર માનું છું કે તેઓશ્રીએ વિદ્યુત શુલ્ક માફી અંગેનું માળખું તૈયાર કર્યું છે. વિદ્યુત શુલ્કના ઘટાડા દ્વારા જાહેર જનતા ઉપર વેરાનું ભારણ ઓછું કરવાનો ઉમદા પ્રયત્ન કર્યો છે. અગાઉની સરકારમાં વિદ્યુત શુલ્કનો મહત્તમ દર ૬૦ ટકાનો હતો તે ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૦થી આજ દિન સુધીમાં અંદાજે રૂપિયા ૧૩,૦૦૦/– કરોડ જેટલી માતબર રાહતો ગ્રાહકોને વિવિધ કક્ષાએ વિદ્યુત શુલ્ક માફી દ્વારા આપવામાં આવી છે. રાજ્યમાં નવા સ્થપાતા તેમજ ચાલુ ઉદ્યોગોના વધારાના નવા સ્થપાતા એકમો માટેના વીજ દર મુક્તિ માટે પાંચ વરસની જોગવાઈ કરવામાં આવી છે. આ સંવેદનશીલ સરકાર સમાજના નાનામાં નાના વર્ગનું એટલે કે ધોબીના ધંધામાં રાહતનો દર ૧૦ ટકા જેટલો રાખવામાં આવ્યો છે. જ્યારે પોલ્ટ્રી ફાર્મમાં ૨૦ ટકાના દરે વીજ શુલ્ક લેવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માન્ય શૈક્ષણિક સંસ્થાઓને રહેણાક માટે વીજ શુલ્ક લાગુ કરવામાં આવે છે, જેથી શૈક્ષણિક સંસ્થાઓ ઉપર બોજો ના આવે. નોંધાયેલા પાંજરાપોળ ઉપર પાંચ ટકા જેટલો એકદમ સામાન્ય વિદ્યુત શુલ્ક લઇને મુંગા પશુઓની સેવા આ સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ઉદ્યોગોના વિકાસ માટે નોંધાયેલ પ્રવાસન ક્ષેત્રના એકમોને વિદ્યુત શુલ્ક માફી પાંચ વર્ષ માટે આપવામાં આવે છે એ ખરેખર ખુશ્બુ ગુજરાત કી સાર્થક થાય છે. પ્રવાસનની જેમ પ્રદુષણની ચિંતા કરતી યશસ્વી સરકાર પ્રદૂષણ દૂર કરતા Common Effluent Treatment Plantને પણ પાંચ વર્ષ માટે વીજ કર માફી આપવામાં આવી છે જે સરાહનીય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદનશીલ સરકાર દિવ્યાંગો, વૃદ્ધો અને અનાથોની પણ એટલી જ ચિંતા કરે છે. દિવ્યાંગો માટે ચાલતી સંસ્થાઓ, વૃદ્ધાશ્રમો, અનાથાશ્રમો કાયમી ધોરણે વિદ્યુત શુલ્ક માફી આપવામાં આવે છે તે માટે હું રાજ્ય સરકારનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે જે પ્રજાને પાયાની સુવિધાઓ પૂરી પાડે છે તેમને વિદ્યુત શુલ્ક માફી આપવામાં આવે છે. આ સરકાર સમાજના તમામ વર્ગોની ચિંતા કરતી હોય ત્યારે બિમાર વ્યક્તિઓ કેવી રીતે બાકાત રહી શકે ? સરકાર સાર્વજનિક હોસ્પિટલોને પણ વિદ્યુત શુલ્ક માફી આપે છે. જે સરકાર માનવ જીવનની સેવા કરવા માટે જ રચાયેલી હોય તે શિક્ષણ, આરોગ્ય, અનાથો, વૃદ્ધો, દિવ્યાંગો, નિરાધાર પશુઓ તમામની સેવા તો કરે જ છે પણ માનવ જીવનને અંતે અંતિમ સંસ્કારની પણ ચિંતા કરતા સ્મશાન ગૃહોની માત્ર ઇલેક્ટ્રિક ભઠ્ઠીમાં પણ વપરાતી વિદ્યુત શુલ્કની માફી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં બિનપરંપરાગત સ્ત્રોતમાંથી જેવા કે bio-mass, wind farm અને સોલાર તેમજ tidal સહિતના બિનપરંપરાગત સ્ત્રોતમાંથી થતા વીજ વપરાશને પણ વિદ્યુત શુલ્કમાંથી માફી આપવામાં આવે છે. આમ, બિનપરંપરાગત ઊર્જાને પ્રોત્સાહન મળે તેવા પ્રયત્નો સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે. આ બધુ ભાજપ છે તો શકય છે બાકી કોંગ્રેસના શાસનમાં પૂરતી વીજળી જ નહોતી મળતી તો વીજ શુલ્ક માફીની વાત તો કયાં કરવાની ?

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ મંત્રીશ્રી તેમના વિભાગની જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

## તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મને કયાંક અને કયાંક એવું લાગી રહ્યું છે કે ઉદ્યોગની વ્યાખ્યા ચેન્જ થઇ ગઇ છે. આપણે ફકત સાત આઠ ઉદ્યોગ ગૃહોની જ વાત કરતા હોઇએ અને અંબાણી, અદાણી, રિલાયન્સ, એસ્સાર આ બધામાં જ ઉદ્યોગો સીમિત થઇ જતાં હોય એવું લાગી રહ્યું છે. કારણ કે મોરબીની અંદર ૫૦૦ સિરામિકના ઉદ્યાગો છે અને એક સિરામિકના ઉદ્યોગ પાછળ ૫૦ કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. એવા ૫૦૦ સિરામિકના ઉદ્યોગો એટલે ૨૫ હજાર કરોડ રૂપિયા ડેડ થઇ ગયા છે. એવા ૫૦૦ ઉદ્યોગો એક જ ઝાટકે બંધ થઇ જાય, એક લાખ યુવાનોને રોજી રોટી મળતી બંધ થઇ જાય, કરોડો અને અબજો રૂપિયાની સરકારની આવક બંધ થઇ જાય તો પણ ઉદ્યોગ ખાતાની કોઇ ચિંતા ના થતી હોય અને pollution create થતું હોય તો એને ઓલ્ટર્નેટીવ ફ્યુઅલ આપવાની પણ કોઇ વ્યવસ્થા ના થતી હોય અને ૫૦૦–૫૦૦ ઉદ્યોગો એક જ ઝાટકે બંધ થઇ જતાં હોય. નાના સ્મોલ ઉદ્યોગો તો શું આપણે માત્ર ટાટા, બિરલા કે અદાણી, અંબાણીની ચિંતા કરવા જ અહીંયાં બેઠાં છીએ. એસ્સાર કંપની જેણે તમારી સાથે કરાર કર્યો અને વીજળી સપ્લાય કરવાની વાત હતી તે એસ્સાર કંપની તમને વીજળી સપ્લાય ના કરે તેના ૨૦૨ કરોડ રૂપિયા બાકી હોય અને તમે તેને ૩૬ મહિનાના હપ્તા કરી દો અને ૨૦૨૨ સુધી એ કંપનીને પૈસા ભરવાની રાહત આપો તો નાના ઉદ્યોગકારોનો શું વાંક છે ? નાનો ઉદ્યોગકાર એક દિવસ વીજળીનું બિલ ના ભરે તો એનું જોડાણ કપાઇ જાય. ૫૦૦–૫૦૦ ઉદ્યોગો બંધ થઇ જાય તો પણ આપણને તેની કંઇ ચિંતા ના હોય એટલે મને આમાં કયાંક એવું લાગે છે કે આપણે માત્ર અને માત્ર ટાટા–બિરલા, અંબાણી કે અદાણી એ જ ઉદ્યોગકારો છે? શું એના માટે જ આપણે ચર્ચા કરી રહ્યાં છીએ? જે આપણાં મૂળ ઉદ્યોગકારો કે જે રોજી રોટી પ્રોવાઇડ કરે છે. હમણાં શ્રી દુષ્યંતભાઇએ બહુ સાચી વાત કરી કે જે નાના ઉદ્યોગકારો ખરેખર નાના માણસોને ખરેખર રોજી રોટી આપે છે તેના ઉપર આપણે કયાંક અને કયાંક દુર્લક્ષ્ય સેવતા હોય એવું હું સ્પષ્ટપણે માનું છું. હું પણ એક નાનો ઉદ્યોગકાર છું મને ખબર છે કે આ સરકારશ્રી તરફથી આજે એક જમાનામાં કોંગ્રેસના શાસનમાં તાલુકા બેકવર્ડ ડિકલેર કરવામાં આવતા. મારા વડીલ મુરબ્બીશ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબ અહીંયા બેઠાં છે. સાહેબ, વિંછીયા તાલુકામાં આપ જાવ ત્યાં માનવધન એમને એમ પડયુ છે. ત્યાં બહેન ૨૫ રૂપિયામાં સાડીમાં ટીકા ચોડીને ફકત ૨૫ રૂપિયા કમાય છે. હવે ૨૫ રૂપિયામાં આ જમાનામાં ઘર કેમ ચાલે? ત્યાં ઉદ્યોગો નથી. આ વિસ્તારને ડેવલપ કરવા માટે ત્યાં જી.આઇ.ડી.સી. હોવી જોઇએ. એ બાબતે ક્યાંકને ક્યાંક આપણે દુર્લક્ષ સેવી રહ્યા છીએ. હું ગર્વ સાથે કહીશ કે કૉંગ્રેસના શાસનમાં તાલુકા બેકવર્ડ ડિકલેર કરવામાં આવતા હતા. રાજકોટની બાજુમાં લોધિકા તાલુકો, સાપર, વેરાવળમાં આજે ઉદ્યોગો ધમધમે છે. કૉંગ્રેસના શાસનમાં એને બેકવર્ડ ડિકલેર કરવામાં આવ્યા હતા એના કારણે ધમધમે છે. આપણે કહીએ કે એવી નીતિ લઇ આવો કે જેના લીધે સમતોલ ઉદ્યોગો સ્થાપી શકાય. ગામડાની અંદર યુવાનોને રોજી–રોટી મળે. જે તાલુકા ડેવલપ ન હોય એ તાલુકાઓને ઉદ્યોગ ઝોન તરીકે ડિકલેર કરો. જેના લીધે શહેર તરફ આંધળી દોટ અટકાવી શકાશે અને ગામડાંના યુવાનોને ઘરઆંગણે રોજી–રોટી મળી શકે એના માટે વ્યવસ્થા કરવા હું ઉદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. બીજું, મારે એ કહેવું છે કે આપણે વિદ્યુતમાં જે વાત કરી એમાં અત્યારે કોઇ પણ જાતના સરવે વગર, વિન્ડ ડિરેક્શન જોયા વગર, વેલોસીટી જોયા વગર આડેધડ વિન્ડ ફાર્મના જંગલો ઊભા થઇ રહ્યા છે. જેના હિસાબે ખેડૂતના હૃદય જેવા ખેતરો ચીરી–ચીરીને થાંભલા જાય છે. ખેડૂતના એક–એક ખેતરમાં ચાર–ચાર લાઇન જતી હોય ચાર એકર જગ્યા હોય એમાં એ માણસ ખેતી કેવી રીતે કરે! આપ વિન્ડ ફાર્મની પરમીશન આપો છો એમાં કોઇ ધારા–ધોરણ નથી. મન પડે એમ કલેક્ટરશ્રી એને ખરાબો આપી દે છે. એમાં વિન્ડ ફાર્મ ઊભા કર્યા પછી એની લાઇન તો સબ સ્ટેશન પાસે ખેંચી જવાની છે. એમાં થાંભલા નાખવા માટે ગામડામાં ખેડૂતોને દબાવી દે. અસામાજિક તત્ત્વો હોય એવા લોકોને કોન્ટ્રેક્ટ આપીને દાદાગીરીથી થાંભલા નંખાવે છે. આવી વીજળી ઉત્પન્ન કરવાની આ સરકારને જો જરૂર હોય તો તમારા ત્રણ–ત્રણ વિદ્યુત–મથકો કોલસાના અભાવે શું કામ બંધ છે. મારા હડાળા ગામમાં ૧૩૨ કે.વી.નું સબ–સ્ટેશન છે. એક પણ ખેતર એવું નહિ હોય કે ત્યાં બે–બે, ત્રણ–ત્રણ લાઇનો ન નીકળી હોય. ખેડૂત બિચારો ખેતી કરી શકે એવી પરિસ્થિતિ નથી એટલે આપને કહીશ કે જે વિન્ડ ફાર્મની પરમીશન આપી રહ્યા છો, કલેક્ટર લેવલે જે જમીન આપવામાં આવે છે પણ એ વિચારતા નથી કે આનો પાવર સબ સ્ટેશન સુધી લઇ જવા માટે કેટલા ખેતરો ચીરીને જાય છે અને ખેડૂત એમાં કેવી રીતે ખેતી કરશે. આપ સાહેબશ્રીને મારી વિનંતી છે કે આવું બધું લક્ષમાં આવે અને તાત્કાલિક ગામડામાં જી.આઇ.ડી.સી. ઊભી કરે અને યુવાનોને રોજી–રોટી આપવામાં આવે એવી મારી અભ્યર્થના. જય હિંદ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની માગણી લઇને આવ્યો છું. રાજ્ય સરકારના પ્રજાલક્ષી અને સંવેદનશીલ, ઝડપી નિર્ણયની વહીવટી પ્રતિતી કરાવવા માટેનો આ એક વિભાગ છે, એક માધ્યમ છે અને આ વિભાગે ગુજરાતમાં રાજ્ય સરકારની તમામે તમામ પ્રજાલક્ષી, પ્રજાકીય માહિતીને પ્રજા સુધી પહોંચાડવાનું સુપેરે ખૂબ સારું કામ કર્યું છે. માનનીય નરેન્દ્રભાઇનો ૨૦૦૨થી ૨૦૧૪ સુધીનો જે સમય રહ્યો એની જાણ આખા દેશમાં અને આખા વિશ્વમાં થઇ હોય તો એ આ વિભાગની કામગીરીના કારણે થઇ છે. ગુજરાતની આન, બાન, શાન અને શ્રી નરેન્દ્રભાઇ જે કહેતા હતા કે, 'ગુજરાત મારો આત્મા છે અને ભારત મારો પરમાત્મા છે' એ વાતને પણ આ વિભાગે દુનિયા સુધી પહોંચાડી છે. એ વાત અત્યારે મીડિયાના માધ્યમથી મારા વિભાગે દેશ અને દુનિયામાં પહોંચાડી છે. પરંપરાગત માધ્યમથી માંડીને પ્રિન્ટ મીડિયા, દ્રશ્ય–શ્રાવ્ય માધ્યમથી, ઈન્ટરનેટ, ફેસબુક, યુ–ટ્યુબ, સોશ્યલ મીડિયા જેવા પ્રચાર અને પ્રસાર માધ્યમોનો સમુચિત ઉપયોગ કરીને આ વિભાગે સુચારું કામ કર્યું છે. આ

વિભાગનો જનહિતના કામો અને યોજનાઓને ખૂબ સારી રીતે પહોંચાડવાનું કામ અને હેતુ છે. કેટલીક વખત અંતરીયાળ વિસ્તારમાં રાજય સરકારના નિર્ણયો અને કામગીરીની જાણ નથી હોતી એ પહોંચાડવાનું કામ કરે છે. દા.ત. રાજ્ય સરકારે સન ૨૦૦૦માં માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ગરીબ કલ્યાણ મેળા ચાલુ કર્યા હતા. એમાં હાથો હાથ કોઇ મંત્રી કે મુખ્યમંત્રીશ્રી એને પોતાને ઉપયોગી એવી યોજનાનું રોકડ કે ચેક કે સાધનો હાથોહાથ આપતા. આ આખી વાતને વણી લઇને વિભાગે ગરીબ કલ્યાણ મેળા ઉપરાંત લોકોપયોગી સેવા સેતુના કાર્યક્રમને લોકો સુધી પહોંચાડ્યો. દરેક વિભાગના આવા કાર્યક્રમો છે. હમણાં પરમ દિવસે મારા વિભાગનો નિર્ણય જાહેર કર્યો હતો કે પી.એચ.ડી. કરનારને માસિક રૂ.૧૫ હજાર અને વાર્ષિક બીજા રૂ.૨૦ હજાર એમ કરીને આ આખી વાતને માહિતી અને પ્રસાર વિભાગે લોકો સુધી પહોંચાડી છે. એજ રીતે ઉજાલા અને ઉજ્જવલા યોજનાનો ૨૭ લાખ લાભાર્થીઓએ લાભ લીધો છે. જેઓ જિંદગી આખી ચૂલાને ફૂંકી ફૂંકીને ફેફસાના રોગના ભોગ બન્યા છે, ટી.બી. રોગના ભોગ બન્યા છે એ બાબતમાં આ વિભાગની સારી કામગીરીને કારણે આજે ચૂલામાંથી કે ધૂમાડામાંથી મુક્ત થયા છે અને એમના ઘેર આજે ગેસ કનેકશન પહોંચી ગયા છે. આ વિભાગે આવા કામો કરીને લોકોના આશીર્વાદ મેળવવાનું કામ કર્યું છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી આમ ત્રણેય ભાષામાં સરળતાથી અને ઝડપથી માધ્યમો દ્વારા સરકારની વિવિધ કામગીરીને પહોંચાડી છે. આમ આ સરકારનું કામ છે. પરંતુ માત્ર સરકાર માટે જ કરે છે તેવું નથી. ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એટલે માત્ર ભારતીય જનતા પાર્ટી માટે એક સાઇડ માટે નથી રાજ્ય સરકારના કાર્યક્રમોમાં સાથી મિત્રો પણ આવે છે ત્યારે એ ગુજરાત નામના પાક્ષિક કે જેને દોઢથી બે લાખ લોકો વાંચે છે અને એટલું એનું વેચાણ છે એટલા એના ગ્રાહકો છે. એમાં પણ વિરોધપક્ષના નેતા હોય કે બીજા સાથી ધારાસભ્યો હોય, અહીંયાં પણ આ ગૃહમાં મારા સાથી ધારાસભ્યો કોઇપણ વિભાગ કે વિષય ઉપર પોતાનું ભાષણ મંતવ્ય આપ્યું હોય તો ફોટા અને નામ સાથે ટૂંકી વિગતો પણ ગુજરાત નામના પાક્ષિકમાં લેવામાં આવે છે. આ પાક્ષિક દેશ વિદેશમાં જાય છે. સૌથી શ્રેષ્ઠ કામગીરી હોય તો અત્યારે આપણે આખા દિવસ માટે કામ કરી રહ્યા છીએ ત્યારે જે એક કલાકનો પ્રશ્નોત્તરી કાળ છે એ આખા ગુજરાતને જોવા મળે એટલા માટે લોકશાહીના દબકારા એ કાર્યક્રમ હેઠળ બીજી ચેનલો ઉપર બતાવાય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કોંગ્રેસના હોય તો બતાવવામાં આવતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજી, આપની એ વાત ખોટી છે. મેં જોયું છે બધાને બતાવવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એક કલાકની પ્રશ્નોત્તરી હોય છે એમાં નામ સાથે પ્રશ્ન પૂછનાર ધારાસભ્યને અને એનો જવાબ આપનાર મંત્રીશ્રીને બતાવવામાં આવે છે. આ રીતે પ્રશ્ન પૂછનાર અને જવાબ આપનાર મંત્રીશ્રીને લોકશાહીના ધબકારામાં પ્રશ્નોત્તરી કાળને આપણે બતાવીએ છીએ. આ માહિતી અને પ્રસારણ વિભાગે વંચિતોને તેમના હક્ક અને અધિકારો માટે સુપેરે વાકેફ કર્યા. (અંતરાય) (કોઇ સભ્યશ્રીએ બેઠાં બેઠાં લાઇવ કરોને એવા શબ્દોનું ઉચ્ચારણ કરતાં)

અધ્યક્ષશ્રી : લડવાની મજા આવશે. ફ્રી ફાઇટ થશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સી.જે. ચાવડા અને માનનીય પુંજાભાઇ આજે જ સવારે અમારા સિનિયર મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અમને એમાં કોઇ વાંધો નથી. ભવિષ્યમાં માનનીય અધ્યક્ષશ્રી જે નિર્ણય કરે તે. અહીંયાં કેટલીકવાર આપણો વાણી, વિલાસ અને વ્યવહાર જે હોય છે ને (અંતરાય– કોઇ સભ્યશ્રી બેઠાં બેઠાં એમાં સુધારો થશે) સારું, એમાં સુધારો થશે.

મને મારી સમયની મર્યાદા મારા દંડકશ્રીએ આપી છે એટલા માટે આ વિભાગે અત્યાર સુધી કરેલી કામગીરી એ કોઇ એક પક્ષે કરેલ કામગીરી નથી, સરકારની અને ગુજરાતની કામગીરી કરી છે. ગુજરાતનું નામ રોશન કર્યું છે અને ગુજરાત માટે માહિતી અને પ્રસારણ વિભાગે કર્યું છે, માટે મારી આ સભાગૃહના સભ્યશ્રીઓને વિનંતી છે કે સર્વાનુમતે આ વિભાગની માગણીઓ મંજૂર કરવામાં આવે.

શ્રી સૌરભ પટેલ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી જુદા જુદા વિભાગની માગણીઓ લઇને હું આજે વિધાનસભામાં આવ્યો છું અને ઘણા બધા મિત્રોએ પણ વિચારો રજૂ કર્યા છે.

શરૂઆતમાં હું ઊર્જા વિશેની વાત કરું તો આ વખતના બજેટની અંદર એક નવા જ વિઝન અને નવો જ જુસ્સો રિન્યુએબલ એનર્જી માટે આપણે કરવા જઇ રહ્યા છીએ. થોડા વર્ષો પહેલાં આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીએ પેરિસની અંદર એક કન્વેન્શનની અંદર રિન્યુએબલ એનર્જીને કેવી રીતે પ્રાધાન્ય આપવું એની લીડ લીધી હતી. આ લીડ લઇને ઘોષણા કરી હતી કે ૨૦૨૨ સુધીમાં ૧૭૫ ગીગાવોટ એટલે કે ૧ લાખ ૭૫ હજાર મેગાવોટ રિન્યુએબલ ભારત દેશની અંદર થશે. આપણે જાણીએ છીએ કે એન્વાયરમેન્ટના ઇશ્યુ છે, કલાઇમેટ ચેન્જના ઇશ્યુ છે, ઓઇલ આપણે આટલા મોટા પ્રમાણમાં ઇમ્પોર્ટ કરીએ છીએ અને કોલસો દૂર દૂરથી લાવવો પડે છે અને ખાસ કરીને ભવિષ્યની પેઢીની ચિંતા કરતા આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ દિલ્હીની અંદર આના માટે સોલર એલાયન્સની બેઠક રાખી હતી. આ બેઠકની અંદર દુનિયાના બધા દેશો અને ફ્રાન્સના પ્રેસિડન્ટ પણ હાજર રહ્યા હતા. આ કન્વેશનની અંદર આવતા દિવસોમાં આખી દુનિયાની અંદર કેવી રીતે કામગીરી કરવી એની ચર્ચા થઇ હતી તે ધ્યાનમાં રાખીને આજે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજીએ ગુજરાત આની અંદર પહેલ કેમ કરે અને આ પહેલની અંદર આપણે ટાર્ગેટ કેવી રીતે એચિવ કરીએ એના માટેનો આ બજેટની અંદર બહુ જ ઉંડાણપૂર્વકનો આખો રોડ મેપ આપણે આગળ કરી રહ્યા છીએ.

## તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

હાલની તારીખમાં આપણને ૯ હજાર મેગાવોટ મળે છે, આ ૯ હજાર મેગાવોટ આપણી વર્ષોની મહેનત પછી રિન્યુએબલ થયું છે પણ ૨૦૨૨ સુધીમાં ગુજરાતની ધરતી પર બીજા ૨૦ હજાર મેગાવોટનું ઉત્પાદન થાય એ પ્રમાણેનું આયોજન કર્યું છે. આમાં કઇ જાતનું આયોજન કર્યું છે એની આપને સૌને માહિતી આપવા માગું છું. સૌથી પહેલાં તો બે જાતનું આપણે કર્યું છે એક આપણા લોકો માટે અને બીજું અન્ય રાજ્યો માટે. હવે આપણે ૧૦ હજાર મેગાવોટનું આયોજન ૨૦૨૨ સુધીમાં આપણા લોકો માટે ગોઠવણ કર્યું છે. આપણે બે રીતે કર્યું છે એક પાર્ક અને બીજું નોન- પાર્ક કર્યું છે. પાર્કની અંદર બે સાઇટો સિલેકટ કરી છે એક ધોલેરા અને ધોલેરાની અંદર આપણે ૧ હજાર મેગાવોટ આપણા માટે રાખીએ છીએ અને ૪ હજાર મેગાવોટ સેકી જે કેન્દ્ર સરકારની કંપની છે અને એન.ટી.પી.સી એ પણ કેન્દ્ર સરકારની કંપની છે, એ લોકો વીજ ઉત્પાદન કરી વીજળી બીજા રાજયોમાં લઇ જવા માટેના કરાર તો થઇ ગયા છે અને એ લોકો આવતા દિવસોમાં પ્રયાસો કરે છે. હવે આપણું જે ૧ હજાર મેગાવોટ છે એમાં ૨૫૦ મેગાવોટના બીડ નિકળી ગયા છે, રૂ.૨.૭૫નો ભાવ આવ્યો છે. ૭૫૦ મેગાવોટના બીડ પણ બહાર નિકળી ગયા છે એ ૨૪મી જુલાઇએ બીડ ઓપન થવાનું છે. એમ કરીને ૧ હજાર મેગાવોટનું આપણું ધોલેરાનું પ્લાનીંગ છે.

બીજું, રાધાનેશન નેશનલ પાર્ક એ ૭૦૦ મેગાવોટનું પ્લાનીંગ કરેલ છે, એમાં ૫૦૦ મેગાવોટના બીડ આપાઇ ગયા છે. રૂ.૨.૬૫ અને રૂ.૨.૬૯ના ભાવે ૨૦૦ મેગાવોટના બીડ અત્યારે બહાર છે. જે ૨૪મી જુલાઇએ ઓપન થવાના છે. એટલે આ બન્નેના પાર્ટને જોવા જઇએ તો ૧૭૦૦ મેગાવોટ આવતા બે અઢી વર્ષમાં આપણે ત્યાં ઉત્પાદન થશે. બીજું, આપણે પ્રાઇવેટ લાઇન દ્વારા બીડ કરીએ છીએ, એટલે વ્યક્તિ પોતે જમીન લે, પોતે સોલાર પેનલ નાખે અને આપણને વીજ ઉત્પાદન આપે, આપણે બે બીડ ૫૦૦-૫૦૦ મેગાવોટના બહાર પાડી દીધા છે. બન્ને બીડો આવી ગયા છે અને એ રૂ.૨-૪૪ અને રૂ.૨-૬૫ના આવ્યા છે. જે આવતા દોઢ બે વર્ષમાં આપણને વીજળી મળતી થઇ જશે. એટલે બીજું, એક હજાર મેગાવોટનું વીજ ઉત્પાદન આપણને એમને ત્યાંથી મળશે. પહેલી વખત એક નવો જ પ્રયોગ કરીએ છીએ જેટલા જેટકોના સબ સ્ટેશન છે, આશરે બે હજાર સબ સ્ટેશન છે, તેની આજુ-બાજુમાં સરકારી ખરાબો પડ્યો હોય છે, આપણે એવા ઘણા સબ સ્ટેશનોના સર્વે કર્યા, ૮૨૨ સબ સ્ટેશનોના સર્વે કર્યા, આ સર્વેમાં ૨૭૧ સાઇટ નક્કી કરી છે અને ૨૭૧માં આવતા દિવસોમાં આપણે સોલર નાખી શકીશું. તે સરકાર પોતાના ખર્ચે પોતાના બજેટમાં ૫૦ ટકા જોગવાઇ કરી આવતા દિવસોમાં ટેન્ડર પદ્ધતિથી નાખવા માગે છે. એટલે અઢી હજાર મેગાવોટનું પ્લાનિંગ છે, તેના આધાર ઉપર રૂ.૫૦૦ કરોડની બજેટની જોગવાઇ આદરણીય નીતિનભાઇએ આ વર્ષની અંદર કરેલી છે. હવે આના બે લાભ થવાના છે. પહેલું કે સબ સ્ટેશનની બાજુમાં હોય એટલે દૂરથી વીજળી લાવતા હોઇએ તો સંપૂર્ણપણે પાંચ થી ૭ ટકા ટેકનિકલ લોસ બચશે અને બીજું કે ગુણવત્તાવાળી વીજળી ખેડૂતોને આપવી હોય તો સબ સ્ટેશન ઉપર ઉત્પાદન થતું હોય અને દિવસે જ વીજળી ઉત્પન્ન થતી હોય એટલે આપણે ખેડૂતોને એ પ્રમાણે ગુણવત્તાવાળી વીજળી આપી શકીએ. ઓલરેડી ૫૧ જગ્યાઓ ફાઇનલ કરી નાખી છે અને આવતા વીસેક દિવસની અંદર આના ટેન્ડર પણ નીકળશે. આ કન્ટીન્યુઅસ પ્રોસેસમાં છે. બે વર્ષમાં આપણે અઢી હજાર મેગાવોટ ઉત્પાદન કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક નવી પહેલ પણ કરી છે. કોઇ પણ વ્યક્તિ, એ વ્યક્તિ હોય, ખેડૂત હોય, સોસાયટી હોય, કંપની હોય, પાર્ટનરશીપ પેઢી હોય કે મંડળી હોય, કોઇ પણ વ્યક્તિ ૫૦૦ કિલોવોટથી ૪ મેગાવોટ સુધી આપણી ૧૧ કે.વી. લાઇન ઉપર કે ૬૬ કે. વી. લાઇન ઉપર વીજળીનું ઉત્પાદન કરે તો રાજય સરકાર ૨૫ વર્ષ માટે એ વીજળી ખરીદશે. અત્યાર સુધી અમે ટેન્ડરની પ્રક્રિયા કરતા હતા એમાં મોટી કંપનીઓ જ આવતી હતી. એટલે નાના નાના ઉદ્યોગકારો કે વ્યક્તિઓને આની અંદર લાભ મળતો નહોતો એટલે આપણે આ પોલિસી બહાર પાડી. બે ચાર દિવસમાં રેગ્યુલેટરની અંદરથી મંજૂરી પણ આવી જશે. એનો ભાવ શું? કે જે છેલ્લો ટેન્ડરનો ભાવ નીકળ્યો હોય તેના ઉપર વીસ પૈસા વધારે આપવાની જોગવાઇ કરી છે. એટલે કોઇ પણ જે ભાવ આપણને મળ્યો હોય, દા. ત. રૂ.૨-૬૬નો મળ્યો હોય, તો જમીન ખેડૂતની છે, એ માલિકીની છે એના ઉપર ૨૦ પૈસા આપણને મળે છે અને એણે આપણને ૬૬ કે. વી. ઉપર જોડાણ કરી આપવાનું. આના કારણે મારા ખ્યાલ પ્રમાણે ખૂબ મોટી સંખ્યામાં નાના નાના ઉદ્યોગો એક મેગાવોટનું ઉત્પાદન કરવું હોય તો ૪ કરોડ રૂપિયા, એમાં ૨૫-૩૦ ટકા પોતે રોકવા પડે, બાકીના બેંકો રોકે અને બેંકો પાસેથી પૈસા લે તો અમે લોકો એના હપતામાં પૈસા આપવાના હોય તો એ પૈસા આપીને હપતાની પણ વ્યવસ્થા આપણે કરી આપીશું. એટલે આ પહેલી વખત આપણા દેશમાં થયું છે. એટલે એક કરોડ રૂપિયા, પચાસ લાખ રૂપિયા આવા ઘણા મોટા પ્રમાણમાં પોતાની હાલની જગ્યામાં મૂડી રોકાણ કરી શકશે. એક આ નવી જ સ્કીમ આપણે કરવા જઇ રહ્યા છીએ. આ ઉપરાંત સૌથી ઇમ્પોર્ટન્ટ અને સૌથી મોટો લક્ષ્યાંક જો આપ્યો હોય તો એ સોલાર રુફ ટોપનો આપ્યો છે. અત્યાર સુધી ૫૦ હજાર લોકોને આપણે રુફ ટોપમાં આપ્યા છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીનો ટારગેટ છે કે ૩ વર્ષમાં આઠ લાખ ઘરોને આપવું છે અને આઠ લાખ ઘરોમાં આ ૬-૭ મહિનામાં બે લાખનો ટારગેટ આપ્યો છે. બે લાખના ટારગેટમાં ૬૦૦ મેગાવોટ આવશે. એની અંદર ખૂબ મોટા પ્રમાણમાં લોકોને એમ્પેનેલ કરવા જઇ રહ્યા છીએ. સૌથી મહત્વનું ૩ કિલો વોટ સુધી જે કોઇ નાખે તેને ૪૦ ટકા સબસિડી આપીશું. ૪ કિલો વોટથી દસ કિલો વોટ સુધી ૨૦ ટકા સબસિડી આપીશું અને ૧૦ કિલો ઉપરાંત નાખવું હોય તો છૂટ છે. પણ એમને ૧૦ કિલો ઉપર સબસિડી નહીં મળે, આ પ્રમાણેની આખી વ્યવસ્થા કરી છે. આ વર્ષે બજેટમાં એક હજાર કરોડ રૂપિયાની એની અંદર જોગવાઇ છે અને જો એ વીજળી વધે તો રાજય સરકાર એ વીજળી ખરીદી લેશે. એ પ્રમાણેની આખી સ્કીમ બનાવી છે. આ ઉપરાંત સૂર્ય શકિત કિસાન યોજના આપણે બનાવી છે. આ રીતે આપણે ધીમે ધીમે આગળ વધી રહ્યા છીએ એમાં પણ રૂ.૫૨૪/- કરોડની આ વખતે જોગવાઇ છે. ખેડૂતના જનરેશન

ઉપર, ખેડૂત પોતે કરીને વાપરે અને સરકારને વેચી શકે છે. વિન્ડ પોલિસીમાં પણ આપણે ૫૦૦ મેગાવોટના બીડ કાઢ્યા છે. ૨૩૩ આવ્યા છે. બીજાં ૫૦૦ મેગાવોટ આપણે હમણાં ટેન્ડર ઓપન કર્યા છે. એમ કરીને સોલાર ઈન્ડસ્ટ્રીમાં આપણે નવી નીતિ બહાર પાડવા જઇ રહેલ છીએ કે જેથી ઈન્ડસ્ટ્રી પોતે પણ હાલમાં જે વીજ ઉત્પાદન કરે છે એનો વધારો કરીને પોતે કેવી રીતે વાપરે એના માટે પણ આવતા થોડા દિવસોમાં હું મોસ્ટ પ્રોબેબલી હાઉસમાં જ એ નીતિ લઇને આવવા માગું છું. આ ઉપરાંત સ્ટેટની બહાર માટેની વાત કરી લઉં. આપણે હાઈબ્રીડ પોલિસી કાઢી. હાઈબ્રીડ એટલે સોલર અને વિન્ડ બન્ને એક જ જગ્યાએ આવે. તેમાં આખા કચ્છની અંદર એક એરિયા સિલેક્ટ કર્યો છે કે જેની અંદર એક જ જગ્યાએ ૩૦ હજાર મેગાવોટ વીજ ઉત્પાદન થાય અને કેન્દ્ર સરકાર સાથે ચર્ચા થઇ ગઇ છે. ત્યાં વીજ ઉત્પાદન થાય અને એ વીજ ઉત્પાદન આપણે જોઇતું હોય તો આપણે રાખવાનું અને સંપૂર્ણપણે અહીંથી બહાર જાય એ પ્રમાણેની આખી વ્યવસ્થા ગોઠવી છે. આની અંદર હાઈબ્રીડ પાર્ક કરીએ છીએ. હાઈબ્રીડ પાર્કની પણ પોલિસી કરી છે. હાઈબ્રીડ પાર્કની અંદર સરકારની કંપનીઓ SECIએ પણ ઈન્ટરેસ્ટ બતાવ્યો છે. એપ્લીકેશન કરી છે. એન.ટી.પી.સી.એ પોતે એપ્લીકેશન કરી છે. એટલે આ બધી કંપનીઓ કરે અને રણની અંદર એક જ જગ્યાએ ૩૦ હજાર મેગાવોટ થાય એ પ્રમાણે આપણે આગળ વધી રહ્યા છીએ. એટલે મેં એમ કહ્યું કે ૧૦ હજાર આપણા માટે ઇમીડીયેટલી અને બાકીનું આવતા દિવસોમાં બહાર લઇ જવા માટેની આપણે આખી વ્યવસ્થા કરી છે. ગુજરાતે દેશની અંદર રીન્યુએબલ એનર્જીમાં આદરણીય પ્રધાનમંત્રીનું સ્વપ્ન પૂરું કરવા માટે જે લીડ લીધી છે એ લીડમાં ચોક્કસ સફળતા મેળવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગની બીજી વાત કરી લઉં. ૨૦૦૨ અને આજની થોડી સરખામણી આપું એટલે આપને પિક્ચર કલીયર થાય કે આટલા વર્ષોમાં કેટલી પ્રગતિ કરી છે. એ વખતે ૮,૭૫૬ જનરેશન હતું આજે ૨૭,૫૦૯ જનરેશન છે. ૩૧૪ ટકાનો વધારો. ટ્રાન્સમિશન સબ સ્ટેશન ૭૩૦ હતા અને આપના સમયમાં તો વર્ષે ૧૦ અપાતા હતા અને ઈતિહાસ કાઢો. ઘણાં જિલ્લાઓમાં અને તાલુકાઓમાં તો એક એક સબસ્ટેશનો. આજે ૧૯૬૯ સબસ્ટેશનો છે. ૨૭૦ ટકા ટ્રાન્સમિશન નેટવર્ક. તમે ગુણવત્તાવાળી વીજળીની વાત કરો છો તેમાં ટ્રાન્સમિશન નેટવર્ક એ તેનો પાયો છે. લો વોલ્ટેજ દૂર કરવો હોય તો સબ સ્ટેશન અને ટ્રાન્સમિશન નેટવર્ક જોઇએ. ૩૧,૦૧૨ની જગ્યાએ ૬૩,૦૦૦ કિલોમીટરની લાઇન થઇ છે. ૩૦,૦૦૦ કિલોમીટરની લાઇન નવી નાખી છે. એટલે આપ વિચાર કરો કે દર વર્ષે ૧૫૦૦થી ૨૦૦૦ કિલોમીટરની નવી લાઇનો નખાય છે.

બીજું, ડિસ્ટ્રીબ્યુશન લાઇન ૩,૫૧,૦૦૦ તેની ૭,૫૧,૦૦૦ કિલોમીટર થઇ છે. ટ્રાન્સફોર્મર ૨,૦૦,૦૦૦ હતા. તેના ૧૪,૦૦,૦૦૦ થયા છે. વિચારો, કેટલા ટ્રાન્સફોર્મર થયા. કેટલું મોટું મેઇન્ટેનન્સ કરવું પડે. કેટલું ધ્યાન રાખવું પડે. આપ બેસીને ખાલી કલ્પના કરજો કે કેટલું મોટું કામ છે. ફીડર ૪૯૦૦ હતા. અત્યારે ૧૫,૬૦૦ ફીડર છે. પહેલાં ૭૦,૦૦,૦૦૦ ગ્રાહક હતા અત્યારે ૧,૫૩,૦૦,૦૦૦ ગ્રાહક છે. ૨૦૦૨માં એગ્રીકલ્ચર કનેકશન ૬,૦૦,૦૦૦ હતા. ૨૦૦૨માં તો અમારા પાંચ વર્ષ આવી ગયા. એટલે આપ વિચાર કરો તમારા સમયમાં કેટલા ખેડૂતોને કનેકશન આપ્યા? આજે ૧૬,૫૪,૦૦૦ કનેકશનો છે. પહેલાં જી.યુ.વી.એન.એલ.નું, જી.ઇ.બી.નું બધું ટર્ન ઓવર ગણીએ તો ૨૦૦૨માં રૂ.૭,૨૦૦/– કરોડ હતું. ગયા વર્ષે રૂ.૪૯,૯૩૧/– કરોડનું છે. એટલે રૂ.૫૦,૦૦૦/– કરોડનું ટર્નઓવર થયું. એટલે આપ કલ્પના કરી શકો છો કેટલી મોટી આપણી સંસ્થા થઇ છે અને આ સંસ્થા આખા દેશમાં છેલ્લા ૭–૮ વર્ષમાં બધા પેરા મીટર્સમાં એ પ્લસ, એ પ્લસ આવ્યા છે અને કોઇ નજીક પણ આવ્યું નથી. એટલે આપણે પહેલ કરી છે અને પહેલ કરવા માગીએ છીએ. શ્રી શૈલેષભાઇએ વાત કરી. હું બે–ત્રણ વસ્તુ ઉપર ધ્યાન દોરું. સ્ટેટનું આજની તારીખમાં ૨૮ ટકા શેર છે. ૮,૧૨૧ મેગાવોટ. સેન્ટ્રલનું ૧૫ ટકા છે એ ૪,૩૭૯ છે અને પ્રાઇવેટનો ૬૯૮૬ છે. એ ૨૪ ટકા છે. પ્રાઇવેટ ઓછો છે. હું આપને વિગતવાર આપીશ કે પ્રાઇવેટની વીજળી કેમ વધારે વપરાય છે! એટલે આપને ચોકકસપણે ખ્યાલ આવશે કે રાજય સરકાર જે કરી રહી છે એ બરાબર કરી રહી છે. મારે ખાસ કરીને બે–ત્રણ વિષયની વાત કરવી છે. સભ્યશ્રીએ એગ્રીકલ્ચર કનેકશનની વાત કરી. શ્રી શૈલેષભાઇએ વાત કરી કે કેટલા વીજકનેકશન બાકી છે? અમે જે વચન આપીએ એ વચન પૂર્ણ કરીએ છીએ. આજની તારીખમાં આવતી અષાઢી બીજની જે વાત કરી હતી, આદરણીય નીતિનભાઇએ વાત કરી એ કામ પૂરું કરવાના છીએ. ટોટલ પેન્ડીંગ કનેકશન આજની તારીખમાં ૧,૪૫,૪૩૩ છે. આ જૂન–૩૦ની વાત કરું છું. પછી જુલાઇની અંદર આવે એ કન્ટીન્યુઅસ પ્રોસેસ છે. ૧ લાખ ૪૫ હજાર કનેકશનમાં ૩૧,૫૫૧ના પૈસા લઇ લીધા છે એટલે એને વીજળીના કનેકશનો આપવાનું કામ ચાલુ છે. બીજું, પેમેન્ટો માટે નોટીસ આપી છે એ ૭૦૪૮ છે. કુલ નોટીસ આપવાથી માંડી બધું બાકી હોય એવા ૧,૦૬, ૬૩૪ કનેકશન છે. આ ૧,૦૬, ૬૩૪માં ૨૦૧૯ના એટલે આ સાલના ૫૨,૮૨૧ છે એટલે આ કરંટ ઈયર થઇ ગયું કે નહીં. આમાંથી તમે ૨૦૧૮ના કાઢી નાખો તો માત્ર ૪૯,૬૭૭ છે. ૨૦૧૮ પહેલાના જોવા જઇએ તો ૨૦૧૭ના કોઇકને કોઇક કારણસર કયાંકને કયાંક વિવાદ હોય એ કુલ ૪૧૩૫ છે. આમ જોવા જઇએ તો ૨૦૧૭ સુધીની કામગીરી પૂર્ણ કહેવાય કે ના કહેવાય? આનું અમને ગૌરવ છે અને એટલે વર્ષોથી આપ બોલતા હતા કે કનેકશન નથી આપવાના? એ આવતી સભાની અંદર તમે બોલી નહીં શકો. આ ખેડૂતો માટેની સરકાર છે. મારે બીજી વાત કરવી છે. (અંતરાય) અરે દિવસે વીજળી આપીને બતાવીશું. આ વિધાનસભા પૂરી થાય એ પહેલા જાવ. આ વિધાનસભાના ત્રણ વર્ષ બાકી છે ને આ ત્રણ વર્ષ જાય, તમે આવતી વખતે અહીંયાં અડધા હશો એ અડધા પાસે આ

વિષય રહેવાનો નથી. ચાલો, એ પણ તમને અહીંયાં ચેલેંજ આપીએ છીએ બોલો. મંજૂર? (અંતરાય) અરે તમે હારવાના જ છો. અડધા જ થવાના છો. આ વીજળીના કરંટ તો તમને જ લાગવાના છે એટલે અડધા થવાના છો સમજયા.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ, આપ પહેલાં તો આપની જગ્યાએ જ બેસો. કદાચ બોલવું હોય તો ત્યાંથી બેસીને બોલો.

શ્રી સૌરભ પટેલ : બીજી એક વસ્તુ માનનીય સભ્યશ્રીઓને કહેવી છે. કાયમ હું અહીંયાં વિધાનસભામાં એમને સાંભળું છું કે ખાનગી વીજળી ખરીદી, ખાનગી વીજળી ખરીદી. મારે આપને કહેવું છે કે કેન્દ્ર સરકાર ઇલેક્ટ્રિસિટી એકમમાં કાયદો લાવ્યા. કાયદો શું લાવ્યા કે ખાનગી લોકો વીજ ઉત્પાદન કરીને બીડ કરી શકે. એટલે સરકાર બીડ કરે અને ખાનગી લોકો ભાગ લે. આ લાવવાનું કારણ શું હતું, દા.ત. આજની તારીખે ગુજરાતમાં ૧૫૦૦-૨૦૦૦ મેગાવોટની વીજ માગણી વધે એટલે દર વર્ષે ૮૦૦૦ કરોડ રૂપિયા રોકવાના. હવે રૂ.૮૦૦૦/- કરોડ ગુજરાત સરકાર દર વર્ષે રોકે તો નાણામંત્રી પ્રોવિઝન શું કરે? બીજા વિભાગોને શું આપે? એટલે આ દૂર કરાવવા માટે યુ.પી.એ. સરકારની અંદર આ કાયદો આવ્યો. યુ.પી.એ. સરકારની અંદર એક ટેન્ડર ડોકયુમેન્ટ બનાવ્યા. યુ.પી.એ. સરકારના એ ટેન્ડર ડોકયુમેન્ટ સ્ટેટોમાં આવ્યા. સ્ટેટોએ આ ડોકયુમેન્ટનું અમલીકરણ કર્યું અને એના પ્રમાણમાં અમે બીડ બહાર કાઢયા. સૌથી પહેલું બીડ કોણે બહાર કાઢયું? કેન્દ્ર સરકારમાં યુ.પી.એ.માં શ્રી મનમોહનસિંહજીએ બહાર કાઢયું. અલ્ટ્રા મેગાના નામથી કાઢયું અને આપણું મુંદ્રા ચાર હજાર મેગાવોટનું છે. એ ચાર હજાર મેગાવોટમાં આપણે બે હજાર લીધી બીજી બે હજાર મેગાવોટ ગુજરાતની બહાર જાય છે. તો આ પ્રાઇવેટનું કોણે કાઢયું? અમે કાઢયું કે તમે કાઢયું? બીજું, આપને સમજાવું (અંતરાય) સાંભળો, સાંભળો, હજુ આગળની વાત કરું. હવે વીજળી ખરીદવાની વાત કરું, વીજળી ખરીદવામાં રેગ્યુલેટરનો સ્પષ્ટપણે નિર્ણય છે અને આ આપણા ગુજરાત માટે નથી, આખા દેશ માટે છે કે આજે મારે વીસ હજાર મેગાવોટ જોઇતું હોય તો મારે નીચેથી સૌથી સસ્તી વીજળી ખરીદવાનું ચાલુ કરવું પડે. આગલા દિવસે કહી દેવું પડે કે હું તમારી વીજળી ખરીદવાનો છું. કાલે ખરીદવાની હોય તો આજે કહેવું પડે. ૨૦ હજાર મેગાવોટ સસ્તી આવે એવું પ્લાન કર્યું હોય તો તેથી અટકી જાય. ૨૧ હજાર મેગાવોટની જરૂર હોય તો એનાથી વધારે કેન્દ્ર હોય, રાજ્ય હોય કે ખાનગી હોય પણ વધારે વીજળી ન લઇ શકાય. થયું એવું કે દૂરથી કોલસો આવે છે. દૂરથી આવતો હોવાથી ભાડું વધારે આપવું પડે છે. એ ભાડાના કારણે ઘણી વખત આપણા સ્ટેટના જી.સેકના પ્લાન્ટની મોંઘી વીજળી ખરીદી શકતા નથી. એવું નથી કે જાણી જોઇને બંધ રાખીએ છીએ. સસ્તી વીજળી ખરીદવી ફરજિયાત હોવાના કારણે આપણે ખાનગી પાસેથી લઇએ છીએ. જો મોંઘી હોય તો લેતા નથી. આજની તારીખે ખાલી ૩ કંપનીઓ અલ્ટ્રા મેગા કેન્દ્ર સરકારની, ટાટા, અદાણી અને એસ્સારની લઇએ છીએ. જે દિવસથી અદાણી, ટાટાએ વીજળી મથકો ચાલુ કર્યા અને આપણને વીજળી આપવાનું ચાલુ કર્યું એના ભાવ અને બીજી બાજુની બધી વીજળી ખરીદી એના ભાવ એનો ડિફરન્સ કાઢ્યો તો કુલ ૨૩૫૦૮ કરોડ રૂપિયાની વીજળી એવરેજ કરતા સસ્તી પડી છે. આજની તારીખમાં કહેવાનો વિષય એવો છે કે ૭૫ પૈસા પ્રતિ યુનિટથી માંડીને ૧.૫૦ રૂપિયા સમયથી સમય અને મથકથી મથક બીજી ખરીદી કરતા આ ખરીદીની કિંમત ઓછી છે. એટલે આપણે ખાનગી વીજળી ખરીદીએ છીએ. આ સ્પષ્ટતા એટલા માટે કરું છું કે આપ સંદેશો આપવા માગો છો કે રાજ્ય સરકાર ખાનગી લોકો જોડે પ્રેમ કરે છે અને એ પ્રેમના કારણે ખરીદે છે. અમે તો માત્રને માત્ર પ્રજાને પ્રેમ કરીએ છીએ અને પ્રજાને પ્રેમ કરવા માટે આ નિર્ણયો લઇએ છીએ. એના માટે તાકાત જોઇએ. જેના દિલમાં પાપ ન હોય એ આ નિર્ણય લઇ શકે, નહીં તો ન લઇ શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજા વિભાગની વાત કરવી છે. સમય ઓછો છે. ગેસની અંદર પેટ્રો કેપિટલ ઓફ ધી નેશન, આદરણીય શ્રી નરેન્દ્રભાઇના દિલમાં હતું. એના કારણે આજે ૧૦૦ ટકા ગુજરાતનો વિસ્તાર આવરી લીધો છે. બધા જિલ્લામાં આપણને પરમિશન મળી ગઇ છે. શ્રી શૈલેષભાઇ આપ હાજર ન હતા, તત્કાલીન વિપક્ષના નેતાશ્રી શક્તિસિંહ હતા ત્યારે મેં એમને હાઉસમાં વિનંતી કરી હતી કે ભાવનગરની મંજૂરી લઇ આપો અને એ કહેતા હતા કે બે દિવસમાં લાવી આપું પણ દોઢ વર્ષ સુધી લાવી શક્યા નહીં. પહેલા પાંચ કે સાત જિલ્લા હતા, માનનીય નરેન્દ્રભાઇના ગયા પછી બધા જિલ્લાને આપી દીધી. આજની તારીખમાં ગુજરાતમાં ડોમેસ્ટિક પી.એન.જી. ૨૦ લાખ ૧૩ હજાર કનેકશનો છે. આખા હિન્દુસ્તાનમાં ૫૧ લાખ છે એટલે ૪૦ ટકા કનેકશનો ઘેર ઘેર આપ્યા છે. એક ઘરમાં પાંચ જણા હોય તો એક કરોડ લોકોને ત્યાં નળમાં ગેસ આપીએ છીએ. આ ગુજરાતની તાકાત છે. આ ગુજરાતે કરી બતાવ્યું છે. હમણાં આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી કે સી.એન.જી. સ્ટેશનોનો ઢગલો કરી નાખો. ૩૦૦નું તો કહી દીધું છે. પરંતુ અધિકારીઓને ત્યાં સુધી છૂટ આપી છે કે કોઇપણ વ્યક્તિ ઓનલાઇન અરજી કરે તો આપણી નીતિ બતાવી દો. એની પાસે જમીન હોય, આપણી નીતિ પ્રમાણે એ ખર્ચ કરે, બાકીનો ખર્ચ આપણે કરીશું અને સી.એન.જી. સ્ટેશન કરી નાખો. કોઇપણ વ્યક્તિ ગમે ત્યાં, પછી મેં અહીંયાં નાખ્યું અને બાજુમાં ગણપતભાઇએ નાખ્યું તો હરિફાઇમાં છૂટ છે. (અંતરાય) નાખીશું. શ્રી શૈલેષભાઇ આપ માગો તો પ્રેમથી આપીશું. આપણે કોઇને કોઇ છૂટછાટ આપતા નથી. આપણે આઉટ ઓફ ધ વે જઇને આપતા જ નથી. આપણે પોલિસી મુજબ આપીશું. પૈસા તમારે રોકવાના છે, જમીન તમારી અને રિસ્ક ફેકટર પણ તમારું. સબ સ્ટેશન ન ચાલે તો તમને મોંઘું પડે. કોમર્શિયલ કનેકશનો આજે દેશમાં ૨૬ હજાર છે. એની અંદર ગુજરાતના ૧૮૦૦૦ એટલે ૭૦% ફાળો છે. ઇન્ડસ્ટ્રીયલ કનેકશન ૮૦૦૦ આખા દેશમાં છે અને ગુજરાતમાં ૪૮૭૧ છે એટલે ૬૦% ફાળો છે અને સ્ટીલ નેટવર્ક પાઇપ લાઇનમાં ૩-૩ એલ.એન.જી. ટર્મિનલના કારણે ગુજરાતની પેટ્રો હબ તરીકે ઓળખાણ થઇ છે. એટલે કોઇ પણ સી.એન.જી. હોય કે ઘર વપરાશમાં પણ ખૂબ

મોટો ટાર્ગેટ આપ્યો છે. ડિપોઝિટ પણ ઓછી કરવાનો આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આદેશ આપ્યો છે. એટલે આવતા દિવસોમાં દરેક વસ્તુ વધે અને આજે આપણને ગૌરવ થાય કે ૯મી જુલાઇનું સેલ મંગાવ્યું એ ગઇકાલે ૧૦.૦૪૪ મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટર પર ડે આપણે ત્યાં થયું છે. આટલું મોટું પેટ્રો કેપિટલ of the world. એટલે આજની તારીખમાં આવતા દિવસોની અંદર એકે એક જિલ્લાની અંદર જે પ્રમાણે લાઇસન્સ ઇશ્યુ કર્યા છે. તમારા શહેરો અને નગરપાલિકાની અંદર અને જો કદાચ રોડ ઉપરથી ગામ જતું હોય અને તમારે પાઇપ લાઇન હોય તો તમે કહેજો તો અમે પાઇપમાં સીધા ગામડાની અંદર કનેકશન આપીશું. આજે ગુજરાતના ૧૦૦૦ ગામડાની આસપાસ ગેસના કનેકશનો આપેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાણ-ખનીજની વાત કરું તો ખાણ ખનીજ વિષયની ઘણાં બધા મિત્રોએ અહીંયા રજૂઆત કરી હતી. મારે ખાસ કરીને કહેવું છે કે, છેલ્લા ૨ વર્ષમાં ખાણ ખનીજ વિભાગે ખૂબ મહેનત કરી છે. નો-ડાઉટ થોડા સ્ટાફના ઇશ્યુ અને હવે રૂલ્સ અને બધું બદલાયું છે એટલે ઘણાં મોટા પ્રમાણમાં અત્યારે ભરતી કરવાનું ચાલુ કર્યું છે. પરંતુ આ બધું જ ઓવર ઓલ જોવા જઇએ તો આજની તારીખમાં ૨૦૧૬-૧૭માં રૂ.૯૯૬/- કરોડ હતું એ ૨૦૧૭-૧૮માં રૂ.૧૨૦૦/- થયું અને ૨૦૧૮-૧૯માં રૂ.૧૫૬૭/- કરોડની આવક થઇ છે. એટલે ગઇ સાલ કરતા આ સાલ ૩૦% નો વધારો આની અંદર થયો છે. ખાણ-ખનીજે સૌથી important role જે કર્યો હોય તો એ transparencyનો કર્યો છે. Transparency એટલે પહેલા તમે જાણતા જ હશો અને આમાંથી ઘણાં બધા મિત્રોને ખાણ-ખનીજની માઇનો છે. સરકારમાં પણ કહે કે તમે આપી દો એટલે અમે જેમ ક્વોરીઝ અપાય હતી તેમ ક્વોરીની લીઝ, રેતી અને ઘણી બધી લીઝો આપણે ત્યાં અપાતી હતી. હવે આ બધુ બંધ થઇ ગયું છે અને એ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. Completely transparent અને લાભ તમને કહું major mineralsમાં આપણે ઘણી જ ઓકશન માટે કાઢી હતી એમાંથી ખાલી ૩ જ ઓકશન થઇ. ૩ લીઝો જે ઓકશન થઇ એમાં લીઝ પિરિયડની અંદર રોયલ્ટી રૂ.૬૦૧૨/- કરોડ મળી છે. જે નોર્મલ કોર્સમાં ના મળત. પરંતુ સૌથી important કે એની ઉપર additional રોયલ્ટી રૂ.૯૪૬૮/- કરોડ મળત. આ પારદર્શક નીતિના ઓકશનના કારણે રૂ.૯૦૦૦/- કરોડની આવતા ૩૦ વર્ષના પિરિયડની અંદર એકવાર પ્રોડકશન ચાલુ થઇ જાય એટલે આ આવક ચાલુ થઇ જશે. એટલે આવતી સરકારોને આનો ખૂબ મોટો લાભ ઇન્કમમાં થશે. હવે આ ત્રણ કરી છે એ આવતા દિવસોમાં ધીમે ધીમે major mineralsમાં વધારીએ છીએ અને બીજી પણ આપણે ઓકશન કરીએ છીએ અને આજની તારીખમાં LOI પણ અપાય ગઇ છે. આ ત્રણેયમાં અને એ LOI અપાય પછી એ લોકોને મંજૂરીઓ લેવી પડે છે અને એ મંજૂરી લીધા પછી એનું કામ ચાલુ થશે. માનનીય અધ્યક્ષશ્રી, minor mineralsની વાત કરું તો હાઉસમાં પહેલા પણ કીધું હતું કે ૬૮૬માંથી ૨૦૦ પૂરી થઇ ગઇ છે. આ ૨૦૦ પૂરી થઇ ગઇ છે એના ઉપર આપણે કુલ રૂ.૧૦૦૦/- કરોડની રોયલ્ટી મળવાની છે અને નોર્મલ રોયલ્ટી ઉપરાંત ઓકશનના કારણે વધારે આવક રૂ.૧૩૫૦/- કરોડ એ life cycle ઉપર આપણને મળવાની છે. એટલે આ ૨૦૦માં છે, ૬૮૬ના બીજા અત્યારે ઓકશન ચાલે છે. આ ઉપરાંત બીજા ૭૦૦થી ૮૦૦ પ્લોટો અત્યારે exploration and સરવેમાં છે. એટલે ચોક્કસ કહી શકાય કે આવતા ૩ વર્ષની અંદર ગુજરાતમાં માઇનોર મિનરલન્સની અંદર આપણે ખૂબ મોટા પ્રમાણમાં લીઝના ઓકશનો કરી શકીશું. ચેકિંગ ડ્રાઇવો ખૂબ પ્રમાણમાં થઇ રહી છે. એનફોર્સમેન્ટ વધી રહ્યું છે. Identification કરીએ છીએ. ડ્રોનથી સર્વેલન્સ ચાલુ કર્યું છે અને ડ્રોનથી સર્વેલન્સથી આપણે ખૂબ મોટા પ્રમાણમાં ચેકિંગ કરીએ છીએ. ૫૨ કેસો પકડ્યા અને રૂ.૧૯.૨૬ કરોડની પેનલ્ટી ડ્રોનના કારણે લાગી છે. એટલે આપણી આ કામગીરી હજુ ચાલે છે. બીજી જુદી જુદી પોલિસીઓ બનાવી રહ્યા છીએ. અત્યારે લાસ્ટ સ્ટેજ ઉપર છે. Gujarat Granite Policy, Gujarat china-clay policy, Gujarat Bentonite Policy અને આ પોલિસી બનશે પછી આખું ખાણ ખનીજ ડિપાર્ટમેન્ટ પોલિસી આધારીત ચાલે એ પ્રમાણેનો પ્રયાસ છે. ઘણાબધા સવાલો પૂછાયા હતા, સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી હતી. ખાસ કરીને થોડા જિલ્લાઓની વાત કરું તો જૂનાગઢની અંદર ૧૯૪ની સામે ૨૦૨ કેસો કર્યા. રૂ.૧,૧૦,૦૦,૦૦૦/- ની સામે રૂ.૩,૧૬,૦૦,૦૦૦ની રીકવરી કરી. દેવભૂમિ દ્વારકાની ચિંતા કરી. ૮૭ કેસોની સામે ૧૯૦ કેસ કર્યા. રૂ.૯૬,૦૦,૦૦૦ની સામે રૂ.૧,૨૪,૦૦,૦૦૦ની રીકવરી કરી. ૧૦ એફ.આઇ.આર. ફાઇલ કરી. આવી રીતે ગીર સોમનાથમાં પણ કર્યું. રૂ.૭૩ લાખની રીકવરી સામે ૧,૩૯,૦૦,૦૦૦ રીકવર કર્યા એટલે ખૂબ સારી રીકવરી એની આવકમાં ખાણ ખનીજ વિભાગ આગળ ધમધમતું થઇ રહ્યું છે અને મને ચોકકસ વિશ્વાસ છે કે જે ચિંતા અને જે સૂચનો સભ્યશ્રીએ કર્યા એ આવતા દિવસોમાં આપણે વધારેમાં વધારે ટેકનોલોજીનો ઉપયોગ કરીશું અને ટેકનોલોજીના ઉપયોગને કારણે કોઇપણ વિસ્તાર હોય. ધારાસભ્યશ્રી વિક્રમભાઇએ ચિંતા વ્યકત કરી. ચિંતા વ્યકત કર્યા પછી આપણે એમના ઘણા બધા વિસ્તારોમાં ચેકીંગ ડ્રાઇવ પણ ચાલુ કરી છે અને ચેકીંગ ડ્રાઇવ કરવાને કારણે પકડાયા પણ છે. પરંતુ એમણે જે વિષયની વાત કરી કે ખબર પડી જાય છે એના માટે આપણે આવતા દિવસોમાં વધારે જાગૃતિ રાખીશું. ઉદ્યોગની વાત કરું તો ચોકકસ કહીશ કે ગ્રોથ એન્જિન છે અને ગ્રોથ એન્જિન ઘણા બધા વિષયોમાં છે. ગ્રોથ એન્જિન આપણે જોવા જઇએ તો ૧૦ ટકા ઉપર ફેકટરીઓ આપણે ત્યાં છે. આખા ભારત દેશની ફેકટરીઓમાં ૧૦ ટકા ફેકટરીઓ આપણે ત્યાં છે. આખા દેશનું ઉત્પાદન જોવા જઇએ તો ૧૬.૮૨ ટકા છે. એટલે ઘણા બધા સેક્ટર કેમિકલ, પેટ્રોકેમિકલ્સ, ડેરી, ફાર્માશ્યુટીકલ, જેમ્સ એન્ડ જવેલરી, સિમેન્ટ, ટેક્સટાઇલ, એન્જિનિયરીંગ આપણે આ બધાની અંદર ખૂબ સારું કામ કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સમય ન હોવાથી સીધા વિષય ઉપર આવું છું. વાઇબ્રન્ટ ગુજરાત સફળ રહ્યું છે અને સફળ રહેશે. આપે એમ કીધું કે કમિશન પ્રોજેકટ થયા નથી. મારે આપને ખાલી આંકડા જ આપવા છે. ૨૦૧૫ની અંદર ૨૧૩૦૪ કમિશન પ્રોજેકટમાંથી ૧૫૦૫૫ પ્રોજેકટ કમિશન થયા. ૭૨.૮૭ ટકા. ૨૦૧૭ના વાઇબ્રન્ટમાં ૨૪૭૭૪માંથી ૧૫૪૨૫ કમિશન થયા. ૭૩ ટકા થયું. ૨૦૧૩માં ૬૩.૧૪ ટકા થયું. આમ જોવા જઇએ તો ૨૦૧૫, ૨૦૧૭ ના કમિશનોનું પ્રમાણ બહુ સારું છે. હમણાં જે વાઇબ્રન્ટ થઇ એના પણ પ્રોજેકટનું કમિશન ચાલુ થઇ ગયું. એની અંદર પણ આંકડો ઓલરેલી ૧૦ ટકાની ઉપર પાર થઇ ગયો છે. એટલે આપ કલ્પના કરો કે જે સ્પીડે આપણે આગળ વધી રહ્યા છીએ એ સ્પષ્ટપણે બતાવે છે કે ઉદ્યોગની અંદર પણ આપણે આગળ વધીશું. (અંતરાય) સમય નથી નહીંતર દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેત. કોટેજ ઇન્ડસ્ટ્રીની અંદર (અંતરાય) નાના માણસોની વાત સાંભળો. નાના માણસો માટે ગામડે ગામડે રોજગારી આપવા માટે કોટેજ ઇન્ડસ્ટ્રીમાં રૂ.૬૧૪/- કરોડની જોગવાઇ કરેલી છે. એની અંદર વધારેને વધારે સેલ્ફ એમ્પ્લોયમેન્ટ કેમ થાય, આમાં એ લોકોને ટ્રેનિંગ આપવામાં આવે છે. જુદી જુદી સ્કીમો કરવામાં આવે છે. ખાસ કરીને હેન્ડલૂમ અને હેન્ડીક્રાફટને કેવી રીતે આપણે પ્રાધાન્ય આપી શકીએ એ લોકોને રો-મટીરીયલ આપીને પણ આપણે લઇએ છીએ. આપણે આપણી દુકાનોમાં પણ વેચીએ છીએ. એ લોકોનું માર્કેટ ડેવલપ કરવા માટે ઓનલાઇન પણ એ લોકો માલ વેચી શકે છે. આપણે વેબસાઇટ ઉભી કરી છે. એ વેબસાઇટના આધાર ઉપર એ લોકો એમની ડિઝાઇન મૂકે અને એ ડિઝાઇનોના આધારે ભાવ મૂકે અને એના કારણે પરદેશથી કોઇને લેવું હોય તો ઓનલાઇન ખરીદી શકે એ પ્રમાણેની વ્યવસ્થા કરી. બાજપાઇ બેંકેબલ યોજના માટે રૂપિયા ૩૦૪/- કરોડ મૂકયા છે. આની અંદર ૩૭૦૦૦ લાભાર્થીઓ છે અને માનવ કલ્યાણ યોજનાની જે ટુલ કીટ છે એનો લાભ બધા લે છે અને નાનામાં નાનો વ્યકિત લે છે. ૨૮,૦૦૦ ટૂલ કિટ્સ માટે ૪૮ કરોડ રૂપિયાની જોગવાઇ આ વર્ષે કરવામાં આવી છે. એટલે આપણે જોવા જઇએ તો નાના નાના લોકોને આ વર્ષના બજેટની અંદર આદરણીય નીતિનભાઇએ ખૂબ સારી રીતે પ્રાધાન્ય આપ્યું છે. પોર્ટની વાત કરું તો ઘણા બધા મિત્રોએ અહીયા પોર્ટસની વાત કરી હતી. સભ્યશ્રી અમરીષભાઇએ વાત કરી દરિયાઇ પટ્ટીનો ઉપયોગ કરવામાં આવે.

મારા સાહેબ, ૧૬૦૦ કિ.મી. પટ્ટીનો જો સૌથી વધારે આખા દેશમાં ઉપયોગ કરી શકાતો હોય તો તે ગુજરાત કરે છે. આપને એનું કારણ કહું, ગુજરાતે પોતાની પ્રાઇવેટ પોલિસી બનાવી હતી. આપણે એ પ્રાઇવેટ પોલિસીના કારણે આજની તારીખની અંદર જે ઇન્વેસ્ટમેન્ટ લાવ્યા છીએ એ ખાનગી વાળાનું જ ઇન્વેસ્ટમેન્ટ છે. એ ખાનગીવાળાની અંદર કરેલું છે. એ આટલા બધા પોર્ટસ કર્યા એ બધા પોર્ટસ માઇનોર પોલિસીની અંદર ધમધમે છે અને દેશનો ૩૫ ટકા જેટલો કાર્ગો ગુજરાતની કોસ્ટ લાઇનમાં જાય છે. આ લાભ થયો કે ન થયો? બીજું, આવતા દિવસોની અંદર આપણે વધારે કરવા માગીએ છીએ. એમાં કોઇ સવાલ નથી. આજે ગુજરાતે બધી જગ્યાએ પહેલ કરી છે. ફર્સ્ટ કેમિકલ પોર્ટ આપ્યો છે. સૌથી વધારે એલએનજી ટર્મિનલ હોય તો ગુજરાતમાં છે. સૌથી મોટી ગ્રાસ રૂટ રિફાઇનરી પોર્ટ બેઇઝ રિફાઇનરી એ ગુજરાતમાં થયેલી છે. આજની તારીખે આપણી પાસે કોસ્ટ લાઇનમાં ૪૯ પોર્ટસ છે. એમાં એક મેજર અને ૪૮ નોન મેજર પોર્ટસ, એટલે મેજર કંડલા અને બાકીનું બધું નોન મેજર પોર્ટસ. એમાં જી.એમ.બી. અને આપણી પોલિસી દ્વારા કરવામાં આવેલ છે એ છે. આપણું મેરી ટાઇમ બોર્ડ જે પ્રમાણે કાર્ગો હેન્ડલિંગ કરે છે. નવા નવા વિચારો આવે છે. રો-રો પસેન્જરી સર્વિસ ચાલુ કરી. કોઇપણ વિષય હોય તો ડ્રેજિંગ ટ્રબલ આવે. એનો અર્થ એ નહિ કે આપણે પાછળ જતા રહેવાનું. એનો અર્થ નહિ કે આપણે ગભરાઇ જવાનું. આપણે એ પ્રમાણે ધમધમતું કરી રહ્યા છીએ. રો-રો ફેરી ઘોઘાથી દહેજની તો ચાલુ કરી નાખી છે. જેનો આજની તારીખમાં ૨ લાખ પેસેન્જરોએ લાભ લીધો છે અને ૪૭,૦૦૦ વ્હીકલોએ લાભ લીધો છે. હવે એટલી કલ્પના કરો કે આ લોકો ફરીને ૮ કલાકથી જતા હોય અને અત્યારે આ લોકો ૨ કલાકમાં પહોંચે છે. આપણે જેટલું થયેલું હોય એના વખાણ કરો તો અમારો ઉત્સાહ વધે. બરાબર! પણ તમે ટીકા જ કરો છો કે બંધ થઇ ગયું, બંધ થઇ ગયું. આ ઠીક નથી.

આ વિધાનસભાની અંદર તમારા સૂચનો અમે સાંભળીએ છીએ અને સાચવીએ છીએ. માનનીય સભ્યશ્રીઓએ આ ઉપરાંત પોર્ટની બાજુમાં લોજિસ્ટિક પાર્ક કેવી રીતે ઊભું થાય એના માટે કરી રહ્યા છીએ. બીજું, એક્ઝિસ્ટિંગ પોર્ટ ફેસિલિટી છે એનો સુધારો લાવી રહ્યા છીએ. શીપ બિલ્ડિંગ રિપેર પણ કરી રહ્યા છીએ. ક્રુઝનું ટુરિજમ કેવી રીતે વધે એની ચિંતા કરી રહ્યા છીએ અને સૌથી વધારે અગત્યનું ગુજરાત મેરી ટાઇમ યુનિવર્સિટી બનાવી અને ચાલુ કરીએ છીએ અને કોર્સિસ ઓફર થયા છે એ આ વર્ષથી ચાલુ પણ થશે. એની અંદર બધી જ ટાઇપના મરીન કોર્સિસ આપણે ચાલુ કરવા જઇ રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીએ ટગની વાત કરી. પ્રાઇવેટ ટગ ચોક્કસ કહી શકાય કે અમે લોકો ટેન્ડરિંગ પ્રોસેસમાંથી લઇને કરીએ છીએ. ટગનો વધારો કરવા માગતા નથી. ખોટો ખર્ચો કરવા માગતા નથી. ભાડે ટગ કરીએ એ વધારે લાભ જ છે. ઘોઘાથી હજીરા, જામનગરથી ઓલ્ડ મુંદ્રા અને ઓખાથી માંડવી આ ત્રણેયના આરએફકયુ ડોક્યુમેન્ટ બહાર નીકળી ગયા છે. સિલેક્શન ઓપરેટ

થશે પછી આપણે ચાલુ કરીશું. જે એસઓપીસીની વાત કરી. એમાં મારે એટલું જ કહેવું છે કે આજની તારીખમાં મેરી ટાઇમ બોર્ડની આવકમાં ૨૦ ટકાનો વધારો થયો છે. જે તમે દર ૩ વર્ષની વાત કરતા હતા. એની જગ્યાએ હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્ષની જોડે લીંક કરી નાખ્યું છે. એટલે દર વર્ષે હોલ સેલ પ્રાઇસ ઇન્ડેક્ષમાં એ પ્રમાણે વધારો થાય ખરો. એટલે કોઇ ઇશ્યુ ન રહે. આ વર્ષે રૂ.૯૫૨/– કરોડની સરકારની આવક થઇ હતી જે રૂ.૧૧૫૩/– કરોડની થવા જઇ રહી છે અને મેરી ટાઇમ બોર્ડની રૂ.૫૨૩/– છે, એ રૂ.૫૮૭/– એટલે કુલ રૂ.૧૪૭૫/–ની જગ્યાએ રૂ.૧૭૩૦/– કરોડની આની આવક થશે. ફિશરીઝ અને હાર્બર માટેની વાત કરી. જી.આઇ.ડી.સી. રહી ગયું. એના માટે મારે એટલું જ કહેવું છે કે બધી જગ્યાએ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી છે એ બધાં કામો થઇ રહ્યાં છે, ચાલુ છે. મલ્ટીપ્લક્સના ધોરણે થઇ રહ્યા છે. ૫૦ ટકા ડિસ્કાઉન્ટની સભ્યશ્રીએ વાત કરી. ૫૦ ટકા ડિસ્કાઉન્ટે પ્લોટો આપવામાં આવે છે. જી.આઇ.ડી.સી. શરૂ કરી છે એટલે ચિંતા ન કરતા.

કાપદરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૨, ૧૫, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૫, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૩, ૬૪ અને ૬૫ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક– ૧૨, ૧૩, ૪૯, ૫૦, ૭૫ અને ૫૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪.૨૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૧૬મી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક-૬૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષયકુમાર પટેલ | વડોદરા અને અમદાવાદ જિલ્લામાં નકલી પોલીસ બનીને લાંચ ઉઘરાવતા ઇસમો | ૫૦ |
| | વડોદરા અને અમદાવાદ જિલ્લામાં ફ્લાઇંગ સ્ક્વોડ દ્વારા લીઝોનું ચેકીંગ | ૧૨૭ |
| | વડોદરા અને ગીર-સોમનાથ જિલ્લામાં સેલ્સટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત | ૩૦૦ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં સીમતલાવડીઓ બનાવવા મળેલ અરજીઓ | ૪૩૭ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો | ૨૧૮ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ | ૩૭૩ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૨૬૨ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો | ૯૮ |
| અજીતસિંહ ચૌહાણ | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો | ૨૨૦ |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત | ૩૦૨ |
| | મહિસાગર જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ | ૨૬૪ |
| | મહીસાગર અને ડાંગ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ | ૪૬૩ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ/બગાડ થતો અટકાવવા બાબત | ૪૦૨ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને ડાંગ જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ | ૯૫ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો | ૪૮ |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ | ૩૭૬ |
| | નવસારી અને ભરૂચ જિલ્લામાં દારૂ વેચાણના કેસો | ૧૨૫ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો | ૨૪૩ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ કે જીએસટીની વસૂલાત | ૨૮૩ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં સીમતલાવડીઓ બનાવવા મળેલ અરજીઓ | 438 |
| | નવસારી જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૧૯૩ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૩૭ |
| | કાયદા વિભાગ | ૩૩૦ |
| અનિલ જોષીયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગનું મંજૂર મહેકમ | ૧૨૩ |
| | ખેડૂતોની જમીન સમતલની બંધ કરેલ કામગીરી | ૪૪૨ |
| | રાજ્યનું જાહેર દેવું | ૨૨૪ |
| | રાજ્યમાં વાહનવ્યવહાર માટે મીની બસો ખરીદવા બાબત | ૩૮૧ |
| | વર્ગ-૪ના કર્મચારીઓ માટે કાયમી સરકારી ભરતી | ૪૪ |
| | વીજ ચોરીના બિલો માફ કરવા બાબત | ૨૬૮ |
| | સચિવાલય કક્ષાએ સેક્શન ઓફિસર અને ઉપસચિવ વર્ગની જગ્યાઓ | ૯૨ |
| અંબરીષ ડેર | અમરેલી અને બોટાદ જીલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી | ૪૧૨ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ | ૪૬૯ |
| | અમરેલી જિલ્લામાં ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા જમીન ભાડે આપવા બાબત | ૪૯ |
| | અમરેલી જિલ્લામાં દરિયાના ખાર પાણીને અટકાવવાના કામ બાબત | ૧૯૯ |
| | અમરેલી જિલ્લામાં દરિયાના ખારાપાણીને અટકાવવાના કામો | ૨૮૮ |
| | અમરેલી જિલ્લામાં ધાતરવાડી-૧ ના સ્પીલ વે, બાબત | ૨૪૮ |
| | કાયદા વિભાગ | ૩૩૦ |
| | ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક, ૨૦૧૮ | ૧૫૧ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ | ૫૨૭ |
| | રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં પેકેજીંગ અને પ્રોસેસીંગ પ્લાન્ટ ન હોવા બાબત | ૩૪૯ |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં આજીવિકા વિકાસ માટેના કામો | ૪૭૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૨૮૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં માનવદિન રોજગારી | ૪૨૫ |
| | દાહોદ જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો | ૨૪૪ |

| પુસ્તક-૬૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | નર્મદા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ | ૫૧ |
| | નર્મદા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ | ૯૮ |
| | ભરૂચ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ | ૩૬૪ |
| | વડોદરા ગ્રામ્ય અને છોટાઉદેપુર જિલ્લામાં સીસીટીવી લગાવવાનું આયોજન | ૧૨૭ |
| | શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકો | ૧૯૪ |
| અમિત ચાવડા | આણંદ અને વડોદરા જિલ્લામાં સુજલામ સુફલામ યોજનામાં તળાવો ઊંડા કરવા બાબત | ૧૭૬ |
| | નર્મદા યોજના અંતર્ગત કેનાલોની કામગીરી | ૨૭૪ |
| | આણંદ અને નર્મદા જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ | ૪૬૮ |
| | આણંદ અને વડોદરા જીલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી | ૪૧૧ |
| | વાસદ-બગોદરા રોડ છ માર્ગીય બનાવવા બાબત | ૨૩૧ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ | ૧૯૨ |
| | ખેડા જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમ | ૪૦૬ |
| | ખેડા જિલ્લામાં બી.પી.એલ. કુટુંબો માટે વ્યકિતગત શૌચાલયો | ૪૬૫ |
| | ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો | ૨૪૨ |
| | નડીયાદ આર.ટી.ઓ. કચેરી ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત | ૪૯૮ |
| | વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭ અંતર્ગત વોટર રીસોર્સીસ સેક્ટરમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન | ૩૨ |
| | સાયબર ક્રાઈમના ઉકેલ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં અદ્યતન ટેક્નોલોજી | ૮૧ |
| અરવિંદ કુમાર પટેલ | મહિસાગર જિલ્લામાં ઊંડા કરેલ તળાવો | ૨૧૮ |
| | અમદાવાદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ | ૩૦૦ |
| | પાટણ એ.આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો | ૩૫૨ |
| | બારેજા શહેરની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી | ૨૪ |
| | શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો | ૨૬૨ |
| અરવિંદ છો. પટેલ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૫૨૪ |
| | તાપી જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૩૬૩ |
| | નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના નોંધાયેલ કેસો | ૨૦૬ |
| | વલસાડ આર.ટી.ઓ.એ કરેલ ડીટેઈન વાહનો | ૪૭૪ |
| | વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ | ૧૪ |
| | વલસાડ જિલ્લામાં જળસંગ્રહ માટેના કામો | ૪૨૪ |
| | વલસાડ જિલ્લામાં મેન્યુફેકચરીંગ પોલિસી અંતર્ગત અરજીઓ | ૬૨ |
| | વલસાડ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો | ૨૯૩ |
| | શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો | ૨૫૩ |
| અરવિંદ રૈયાણી | રાજકોટ જિલ્લામાં ડીટેઈન વાહનો | ૪૦૪ |
| અરવિંદ રાણા | આર.બી.આઇ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફ્ટ | ૨૨૭ |
| | પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ.ની અરજીઓ | ૧૭૧ |
| | ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં દસ્તાવેજોની ચકાસણીને લગતા કેસોનું પૃથક્કરણ | ૧૩૦ |
| | બારડોલી એ.આર.ટી.ઓ કચેરી ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત | ૩૯૯ |
| | રાજ્યમાં કાર્યરત કેપ્ટીવ જેટીઓ | ૫૬ |
| | એલ.એન.જી. કાર્ગો માટે એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજના | ૧૦૨ |
| | સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૨૭૧ |
| અશ્વિનભાઈ કોટવાલ | દવાઓના નમૂનાઓ | ૩૯૭ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ | ૪૮ |
| | એસ્સાર પાવર કંપનીએ પાવર સપ્લાય ન કરતાં દંડ ની વસૂલાત | ૨૨૮ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો | ૯૬ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો | ૧૭૨ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેરોસીન/અનાજના કાળા બજાર અટકાવવા કરેલ રેડ | ૪૫૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૨૭૨ |

| પુસ્તક-૬૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| આનંદભાઈ ચૌધરી | સુરત અને તાપી જિલ્લામાં નકલી પોલીસ બનીને લાંચ ઉઘરાવતા ઇસમો | ૨૩ |
| | સુરત અને તાપી જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ કે જીએસટીની વસૂલાત | ૧૭૦ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો | ૭૪ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૩૫ |
| | સુરત અને તાપી જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ | ૪૪૭ |
| | સુરત અને તાપી જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ | ૩૮૬ |
| | સુરત અને ભરૂચ જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો | ૨૬૯ |
| | સુરત જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૨૨૬ |
| આર. સી. મકવાણા | ભાવનગર જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ | ૧૦૦ |
| | ભાવનગર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | ૫૪ |
| | ઉમરાળા તાલુકામાં આવેલ રંઘોળા જળાશય યોજનામાં નહેર સુધારણાના કામો | ૨૦૦ |
| | ભાવનગર આર.ટી.ઓ. કચેરી ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત | ૪૬૭ |
| | ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલયો | ૪૦૮ |
| આશાબેન પટેલ | કાયદા વિભાગ | ૩૨૦ |
| | પાટણ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો | ૨૫૧ |
| | મહેસાણા જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | 47 |
| | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ | ૯૪ |
| | મહેસાણા જિલ્લામાં ચેકડેમ રીપેરીંગનો ખર્ચ | ૨૦૫ |
| | મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૨૯૧ |
| | મહેસાણા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના કામો | ૪૪૬ |
| | મહેસાણા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ | ૩૮૩ |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | ખેડા અને અમદાવાદ જિલ્લામાં થયેલ કસ્ટોડિયલ ડેથ | ૩૪ |
| | અમદાવાદ અને ખેડા જિલ્લામાં પેટ્રોલપંપો ઉપર ભેળસેળ/વજન બાબતની તપાસો | ૩૬૮ |
| | એ.સી.બી. દ્વારા અપ્રમાણસર મિલકત હેઠળ નોંધાયેલ ગુના | ૮૨ |
| | ખેડા અને આણંદ જિલ્લાની હોસ્પિટલોમાં ડૉક્ટરો અને પેરામેડીકલની ખાલી જગ્યાઓ | ૨૧૩ |
| | રમશે ગુજરાત હેઠળ કરેલ ખર્ચ | ૪૩૦ |
| | ખેડા જિલ્લામાં સબમાઈનોર કેનાલના અધુરા કામ બાબત | ૨૫૮ |
| ઇમરાન ખેડાવાલા | અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં હોટલોને દારૂ વેચાણના પરવાના | ૬૮ |
| | અમદાવાદ જિલ્લામાં ઈજાગ્રસ્તોને મફત સારવાર | ૨૫૭ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં મોબ લિન્ચીંગ | ૧૮ |
| | ખાનગી કંપનીઓ સાથે પાવર પરચેઝ એગ્રીમેન્ટ બાબત | ૨૯૬ |
| | ખાનગી વીજ કંપનીઓ સાથે ખરીદીના કરારો બાબત | ૨૧૧ |
| | રાજ્યમાં નવરાત્રી મહોત્સવ, પંતગોત્સવ, અને રણોત્સવ પાછળ ખર્ચ | ૪૦૪ |
| | વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ અને ૨૦૧૯માં કરેલ ખર્ચ | ૧૦૯ |
| ઈશ્વરભાઈ ૨. પરમાર | ગુજરાત અશકત વ્યકિત (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયક, ૨૦૧૮ | ૧૪૭ |
| | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ | ૩૦૭ |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક, ૨૦૧૮ | ૧૫૨ |
| ઋત્વિકભાઈ મકવાણા | રાજ્યનું જાહેર દેવું | ૨૭૭ |
| | વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૯માં થયેલ એમ.ઓ.યુ. | ૭૯ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી | ૪૪૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં જળાશયો, ડેમોને સૌની યોજનામાં સમાવેશ | ૧૮૩ |
| | કાયદા વિભાગ | ૩૨૫ |
| | ટાટા મોટર્સ લિ.એ નેનો મોટર્સનું ઉત્પાદન બંધ કરવા બાબત | ૨૯ |
| | સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ | ૩૮૦ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ફુલ ટાઇમ ટ્રેઝરી બાબત | ૨૩૫ |
| ઋષિકેશ પટેલ | પાટણ જિલ્લામાં પોલીસ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો | ૧૧૮ |

| પુસ્તક-૬૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | મહેસાણા જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | ૩૫ |
| | મહેસાણા જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો | ૨૭૭ |
| | મહેસાણા જિલ્લામાં ચેકડેમ રીપેરીંગનો ખર્ચ | ૧૮૩ |
| | મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૨૩૫ |
| | મહેસાણા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજનાના કામો | ૪૩૯ |
| | મહેસાણા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ | ૩૭૬ |
| | વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૭ અંતર્ગત વોટર રીસોર્સીસ સેકટરમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન | ૮૨ |
| કેતનભાઇ મ. ઇનામદાર | ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક, ૨૦૧૮ | ૧૪૯ |
| કનુભાઇ ક. પટેલ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૫૨૨ |
| | અમદાવાદ (ગ્રામ્ય) માં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમની મંજૂર જગ્યાઓ | ૪૬૩ |
| | અમદાવાદ જિલ્લામાં કલામહાકુંભમાં ભાગ લીધેલ સ્પર્ધકો | ૪૯૮ |
| | અમદાવાદ જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | ૨૩ |
| | અમદાવાદ જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય | ૪૦૧ |
| | અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ મેલેરીયાના કેસો | ૧૭૫ |
| | અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ | ૭૫ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને નર્મદા જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ/બગાડ થતો અટકાવવા બાબત | ૩૯૨ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો | 187 |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત | ૨૭૯ |
| | ભાવનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૨૩૭ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૩૪ |
| કનુભાઇ મો. દેસાઇ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૫૧૯ |
| | આર.બી.આઇ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફ્ટ | ૨૪૪ |
| | વલસાડ જિલ્લામાં જળસંગ્રહ માટેના કામો | ૪૨૫ |
| | વલસાડ આર.ટી.ઓ.એ કરેલ ડીટેઈન વાહનો | ૪૭૫ |
| | વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના | ૩૬૪ |
| | વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૭ અંતર્ગત ટેક્સટાઈલ સેક્ટરમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન | ૫૮ |
| | વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ | ૧ |
| | વલસાડ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો | ૧૯૪ |
| કુબેરભાઇ ડીંડોર | નર્મદા જિલ્લામાં સેવા સેતુ કાર્યક્રમ | ૨૨ |
| | મહિસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી | ૭૪ |
| | દાહોદ જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો | ૨૮૭ |
| | પંચમહાલ જિલ્લામાં ગોમા નદીમાંથી ચોમાસામાં વહી જતું પાણી રોકવા બાબત | ૧૯૮ |
| | પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ. ની અરજીઓ | ૨૪૭ |
| | ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં દસ્તાવેજોની ચકાસણીને લગતા કેસોનું પૃથ્થકરણ | ૧૧૨ |
| | મહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૪૮૮ |
| | મહીસાગર જિલ્લામાં માનવદિન રોજગારી | ૪૪૩ |
| | વિરપુર બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ | ૩૮૨ |
| કરશનભાઇ સોલંકી | મહેસાણા જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો | ૨૮૩ |
| | મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઇ બેન્કેબલ યોજનાની અરજીઓ | ૪૮૨ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | ૫૭ |
| | પાટણ જિલ્લામાં પોલીસ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો | ૧૦૪ |
| | પાટણ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો | ૨૪૨ |
| | મહેસાણા જિલ્લામાં ચેકડેમ રીપેરીંગનો ખર્ચ | ૧૯૩ |
| | મહેસાણા જિલ્લામાં ચૂકવેલ કેપીટલ ગોડાઉન સહાય | ૩૭૩ |
| | મહેસાણા જિલ્લામાં જળસંગ્રહ માટેના કામો | ૪૩૬ |

| પુસ્તક-૬૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| કેશુભાઇ નાકરાણી | ભાવનગર જિલ્લાના રસ્તા સુધારણા બાબત | ૨૭૯ |
| | ભાવનગર જિલ્લામાં એમએસએમઇ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ | ૭૮ |
| | શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો | ૧૮૪ |
| | ઉમરાળા તાલુકામાં આવેલ રંઘોળા જળાશય યોજનામાં નહેર સુધારણાના કામો | ૨૩૬ |
| | ભાવનગર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | ૨૯ |
| | ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલયો | ૩૬૮ |
| કેસરીસિંહ સોલંકી | અમદાવાદ જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | ૮૫ |
| | અમદાવાદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ | ૧૭૦ |
| | આણંદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ | ૨૨૭ |
| | ખેડા જિલ્લામાં બી.પી.એલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલયો | ૩૫૬ |
| | ગાંધીનગર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | ૩૭ |
| કાંતિભાઇ ખરાડી | દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં રસ્તાઓ મંજૂર કરવા બાબત | ૧૮૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ પ્રાથમિક / સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૨૭૮ |
| | દાંતા અને અમીરગઢમાં આવેલ ચેકપોસ્ટવાર થયેલ આવક | ૪૧૦ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન તથા કેસો | ૪૬૭ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી | ૫૦૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં લીઝધારક તરફથી ફાઉન્ડેશનમાં જમા થયેલ રકમ | ૩૦ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નહેરોના કામ બાબત | ૨૩૫ |
| કાંતિભાઇ બલર | અમરેલી એ.આર.ટી.ઓમાં કચેરી ખાતે નવા ડ્રાઇવીંગ લાયસન્સ આપવા બાબત | ૩૯૫ |
| | સુરત જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો | ૧૬૨ |
| | અમરેલીમાં પ્રમુખશ્રી અને નોન જ્યુડિશિયલ સભ્યશ્રીઓની મંજૂર જગ્યાઓ | ૪૫૭ |
| | આર.બી.આઇ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફ્ટ | ૨૨૫ |
| | એલ.એન.જી. કાર્ગો એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજના | ૧૦૧ |
| | ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં દસ્તાવેજોની ચકાસણીને લગતા કેસોનું પૃથક્કરણ | ૧૨૯ |
| | રાજ્યમાં કાર્યરત કેપ્ટીવ જેટીઓ | ૫૬ |
| | સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૨૬૯ |
| કાંતિભાઈ સોઢા પરમાર | આણંદ અને અમદાવાદ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો | ૨૮૯ |
| | આણંદ અને જૂનાગઢ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત | ૨૪૯ |
| | આણંદ અને ડાંગ જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ/બગાડ થતો અટકાવવા બાબત | ૪૪૯ |
| | આણંદ અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજનામાં રકમ ફાળવણી | ૩૮૭ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો | ૧૦૫ |
| | આણંદ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૨૦૧ |
| | છોટાઉદેપુર અને આણંદ જિલ્લામાં બાળ તસ્કરી | ૫૯ |
| | મે. લાર્સન એન્ડ ટુબ્રો લિ.ને સેઝ પાર્ક સ્થાપવાની મંજૂરી | ૬ |
| કાંતીભાઈ પરમાર | મે. નીપીઆમ ઇન્ફોટેક પ્રા.લિ. ને સેઝ પાર્ક સ્થાપવાની મંજૂરી | ૪૧ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ | ૩૭૧ |
| | ખેડા અને ભરૂચ જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ/બગાડ થતો અટકાવવા બાબત | ૪૭૯ |
| | ખેડા અને અમદાવાદ જિલ્લામાં દારૂ વેચાણના કેસો | ૮૯ |
| | ખેડા અને તાપી જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો | ૨૫૪ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ | ૪૩૩ |
| | ખેડા અને મહિસાગર જિલ્લામાં ફ્લાઇંગ સ્કવોડ દ્વારા લીઝોનું ચેકીંગ | ૧૨૧ |
| | ખેડા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૨૦૮ |
| કાળાભાઇ ડાભી | ખેડા અને મહિસાગર જિલ્લામાં દારૂ વેચાણના કેસો | ૧૦૯ |
| | ખેડા અને જામનગર જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત | ૨૬૬ |

| પુસ્તક-૬૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | ખેડા અને નવસારી જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ | ૩૫૩ |
| | ખેડા અને મહિસાગર જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો | ૭૦ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં ઊંડા કરેલ તળાવો | ૩૦૨ |
| | ખેડા જિલ્લાના તળાવોમાં પાણીના સંગ્રહ બાબત | ૨૨૧ |
| | મે. નીપીઆમ ઈન્ફોટેક પ્રા. લિ.ને સેઝ પાર્ક સ્થાપવાની મંજૂરી | ૧૯ |
| કિર્તિસિંહ વાઘેલા | બનાસકાંઠા જિલ્લામાં ઘર વપરાશનાં વીજ જોડાણો | ૨૭૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો | ૨૩૧ |
| | પાલનપુર આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો | ૪૮૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં કૃષિ ઉત્પાદન વધારવા માટેના કામો | ૪૪૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ | ૪૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય | ૩૮૩ |
| | શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો | ૧૭૬ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં કલામહાકુંભમાં ભાગ લીધેલ સ્પર્ધકો | ૪૯૪ |
| | અરવલ્લી જિલ્લામાં માનવદિન રોજગારી | ૪૫૭ |
| | પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ.ની અરજીઓ | ૨૫૦ |
| | પાટણ જિલ્લામાં ચૂકવેલ કેપીટલ ગોડાઉન સહાય | ૩૯૫ |
| | શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો | ૨૦૪ |
| કીરીટકુમાર પટેલ | પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ | ૪૨૯ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો | ૩૦૧ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ | ૩૬૭ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ | ૧૦૫ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો | ૫૯ |
| | પાટણ જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૨૬૩ |
| | પાટણ શહેરની ટી.પી. સ્કીમોની ડ્રાફ્ટ સ્કીમોને મંજૂરી આપવા બાબત | ૭ |
| | કાયદા વિભાગ | ૩૧૬ |
| | રાજ્યમાં લિગ્નાઈટ આધારીત વીજ પ્લાન્ટ ક્ષમતા બાબત | ૨૧૮ |
| ગજેન્દ્રસિંહ પરમાર | ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો | ૧૯૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો | ૯૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં આજીવિકા વિકાસ માટેના કામો | ૪૫૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટૌરેજ માટે સહાય | ૩૯૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખનીજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ | ૪૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો | ૨૮૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડા તળાવો | ૨૪૦ |
| | હિંમતનગર આર.ટી.ઓ કચેરી ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત | ૪૯૫ |
| ગેનીબેન ઠાકોર | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો | ૨૪૫ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ | ૩૬૫ |
| | બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો | ૧૧૫ |
| | બનાસકાંઠા અને મહિસાગર જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ | ૭૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૧૯૬ |
| | સુરતમાં ટયુશન કલાસમાં આગ લાગવાની ઘટના | ૩૦ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૩૧ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ જિલ્લા/શહેરમાં 'મા કાર્ડ' આપવા બાબત | ૨૬૦ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં કુટિર ઉદ્યોગ અન્વયે લોન સહાય | ૪૮૭ |
| | અમદાવાદ શહેરમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાડવા માટેના કાર્યરત સેન્ટરો | ૩૮૧ |
| | અમદાવાદ શહેરમાં ગુનાહિત કૃત્યો | ૧૨૫ |
| | અમદાવાદ શહેરમાં બાકી વીજ બિલ બાબતે ડીફોલ્ટરો પાસેથી વસૂલાત | ૨૧૬ |

| પુસ્તક–૬૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | અમદાવાદ શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે કામો | ૪૭ |
| | અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનોનું ચેકિંગ | ૪૪૩ |
| | વાઇબ્રન્ટ સમિટ–૨૦૧૯માં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા બાબત | ૯૪ |
| ગીતાબા જાડેજા | જૂનાગઢ જિલ્લામાં એમએસએમઇ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ | ૧૯ |
| | જામનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયરો | ૨૦૦ |
| | રાજકોટ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૨૪૮ |
| | રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય અરજીઓ | ૩૪૨ |
| | રાજકોટ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૪૧૨ |
| | રાજકોટ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાની અરજીઓ | ૪૬૮ |
| | સીસીટીવી ફૂટેજમાં વ્યક્તિના ધૂંધળા ચહેરા અને વાહનના નંબર પ્લેટને સુસ્પષ્ટ કરવા બાબત | ૭૦ |
| ગોવિંદભાઇ પટેલ | ગુજરાત અશકત વ્યકિત (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયક, ૨૦૧૮ | ૧૪૬ |
| | રાજકોટ જિલ્લામાં ડીટેઇન વાહનો | ૪૪૦ |
| | સીસીટીવી ફૂટેજમાં વ્યક્તિના ધૂંધળા ચહેરા અને વાહનના નંબર પ્લેટને સુસ્પષ્ટ કરવા બાબત | ૧૦૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ માટે સહાય | ૩૭૮ |
| | રાજકોટ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૨૩૩ |
| | રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ | ૧૪ |
| | રાજકોટ જિલ્લામાં શ્રી વાજપાઇ બેન્કેબલ યોજનાની અરજીઓ | ૪૮૫ |
| | રાજકોટ જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ | ૬૩ |
| | રાજકોટ મહાનગરપાલિકામાં મંજૂર કરેલ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૧૮૦ |
| ગોવિંદભાઈ પરમાર | આણંદ આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો | ૪૭૫ |
| | શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો | ૧૬૭ |
| | સાયબર ક્રાઇમના ઉકેલ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં અદ્યતન ટેકનોલોજી | ૭૫ |
| | આણંદ જિલ્લામાં કૃષિ ઉત્પાદન વધારવા માટેના કામો | ૪૨૫ |
| | આણંદ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ | ૨૨૬ |
| | ગાંધીનગર જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | ૨૪ |
| | રાજ્યના માછીમારોને બાયોમેટ્રીક કાર્ડ આપવા બાબત | ૩૬૪ |
| ચંદનજી ઠાકોર | પાટણ અને મહેસાણા જિલ્લામાં ઊંડા કરેલ તળાવો | ૨૯૩ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ | ૪૧૫ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ/બગાડ થતો અટકાવવા બાબત | ૩૫૩ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૨૫૪ |
| | પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો | ૯૯ |
| | વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૯માં થયેલ એમ.ઓ.યુ. | ૫૩ |
| | સોલાર પાવર પોલિસી અન્વયે વીજળી ખરીદી બાબત | ૨૦૭ |
| ચંદ્રિકાબેન બારીયા | દાહોદ જિલ્લામાં નોંધાયેલ ગુનાઓ | ૩૨ |
| | દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના અન્વયે નવા રોડ બનાવવાનો ખર્ચ | ૧૯૬ |
| | દાહોદ જિલ્લામાં આયુર્વેદ દવાખાનાના મંજૂર મહેકમ બાબત | ૨૪૬ |
| | દાહોદ જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી. | ૮૦ |
| | દાહોદ જિલ્લામાં કાર્યરત વીજ સબ સ્ટેશન | ૨૮૫ |
| | દાહોદ જિલ્લામાં પાયકા કેન્દ્ર માટે ફાળવેલ સ્થળ | ૪૯૮ |
| | દાહોદ જિલ્લામાં ફીંગર પ્રિન્ટ મેચ ન થવાના કારણે ગ્રાહકોને પડતી મુશ્કેલી | ૪૦૫ |
| | દાહોદ જિલ્લામાં હાઈબ્રીડ બીજના રાસાયણિક ખાતરના આવેલ ડેપો | ૪૬૪ |
| ચિરાગભાઇ કાલરીયા | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફ્લાઇંગ સ્કવોડ દ્વારા લીઝોનું ચેકીંગ | ૯૭ |
| | એસ્સાર પાવર ગુજરાત સાથે થયેલ વીજ ખરીદીના કરારો | ૨૨૫ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો | ૩૦૭ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ | ૪૦૭ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ | ૪૯૯ |

| પુસ્તક-૬૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ | ૪૬૬ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર | ૨૬૮ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો | ૫૦ |
| જે. વી. કાકડીયા | અમરેલી અને પોરબંદર જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ દ્વારા લીઝોનું ચેકીંગ | ૧૨ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં આવેલા મધ્યમ અને મોટા ડેમો | ૨૩૬ |
| | અમરેલી અને પોરબંદર જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો | ૧૦૬ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેરોસીન/અનાજના કાળાબજાર અટકાવવા કરેલ રેડ | ૩૫૨ |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં દારૂ વેચાણના કેસો | ૬૦ |
| | અમરેલી અને રાજકોટ જિલ્લામાં સેલ્સ ટેક્સ, વેટ, કે જીએસટીની વસૂલાત | ૨૭૯ |
| | અમરેલી જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૧૮૫ |
| જગદીશ પંચાલ | અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ મેલેરીયાના કેસો | ૨૬૩ |
| | અમદાવાદ શહેરમાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ | ૩૨ |
| | અરવલ્લી જિલ્લામાં માનવદિન રોજગારી | ૩૮૫ |
| | આર.બી.આઈ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફ્ટ | ૩૦૧ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ | ૫૧૬ |
| | શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બીમારી ધરાવતા બાળકો | ૨૧૯ |
| જેઠાભાઈ ભરવાડ | પંચમહાલ જિલ્લામાં ખનીજ ચોરીના દંડની વસૂલવાની બાકી રકમ | ૧૪ |
| | પંચમહાલ જિલ્લામાં નવીન પોલીસ ચોકીની માંગણીઓ | ૬૨ |
| | પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક/સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમ | ૧૭૫ |
| | પંચમહાલ જિલ્લામાં રાહતદરે તુવેરદાળના જથ્થાનું વિતરણ | ૪૦૧ |
| | શહેરા તાલુકામાં અન્નપુર્ણા યોજના હેઠળના નોંધાયેલ લાભાર્થી | ૪૬૨ |
| જયદ્રથસિંહજી ચં. પરમાર | ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૩૦૭ |
| | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ | ૩૦૭ |
| જશપાલસિંહ પઢિયાર | મની લોન્ડરિંગ સેલની કામગીરી | ૪૭ |
| | વડોદરા અને આણંદ જિલ્લામાં સીઆરપીસી ૧૭૪ હેઠળ બનાવો | ૯૫ |
| | વડોદરા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સેલ્સટેક્સ, વેટ કે જીએસટીની વસૂલાત | ૧૯૯ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી વસૂલવાની દંડની બાકી રકમ | ૧૨૫ |
| | વડોદરા અને નવસારી જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુનાઓ | ૪૫૨ |
| | વડોદરા અને ભરૂચ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો | ૨૮૭ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ | ૩૯૧ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં અનાજનો નાશ/બગાડ થતો અટકાવવા બાબત | ૪૯૧ |
| | વડોદરા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ | ૨૪૭ |
| જિજ્ઞેશકુમાર મેવાણી | અમદાવાદ અને વડોદરા શહેર અને જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૧૨૧ |
| | બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૩૬૧ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં સીઆરપીસી કલમ-૧૭૪ અન્વયે ગુના | ૯૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ બાબત | ૨૬૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં નવા ઘર વપરાશના વીજ જોડાણ બાબત | ૩૦૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં પાકવાર પ્રિમિયમ ચૂકવવા બાબત | ૪૭૪ |
| | રાજકોટ અને અમદાવાદ જિલ્લામાં ખેડૂતોના આપઘાતના બનાવો | ૪૨૩ |
| | રાજ્યમાં વીજ ઉત્પાદન માટે કોલસાની જરૂરિયાત | ૨૧૯ |
| | અમદાવાદ અને સુરત શહેર અને જિલ્લામાં પકડાયેલ દારૂ | ૪૧ |
| જીતેન્દ્ર સુખડીઆ | પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર જી.પી.એફ.ની અરજીઓ | ૨૮૦ |
| | વડોદરા (એડિશનલ) ખાતે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના દાખલ કેસો | ૩૬૯ |
| | વડોદરા જિલ્લામાં આજવામાં થીમપાર્ક વિકસાવવા બાબત | ૪૩૦ |
| | વડોદરા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમ | ૨૧ |
| | સ્ટેચ્યૂ ઓફ યૂનિટી ખાતે મુલાકાત લીધેલ પ્રવાસીઓ | ૧૮૮ |

| પુસ્તક–૬૩ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | આર.બી.આઇ. પાસેથી મેળવેલ ઓવર ડ્રાફ્ટ | ૨૩૭ |
| જીતેન્દ્રભાઇ સ. વાઘાણી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૩૨ |
| જીતુભાઇ ચૌધરી | દહેજ–ભાવનગર રો–રો ફેરી સર્વિસ | ૧૦૮ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ માટે કાર્યરત સેન્ટરો | ૩૦૦ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં એગ્રો સેન્ટર દ્વારા દવાઓના વેચાણ પર દરોડા | ૪૪૭ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં તળાવો ઊંડા કરવા બાબત | ૨૬૦ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં નોર્મલ ડેવલપમેન્ટ (એન.ડી.) યોજના અંતર્ગત ગામોનો સમાવેશ | ૨૧૭ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં પાક વીમા અંતર્ગત ખેડૂતોને ચૂકવેલ રકમ | ૩૮૬ |
| | વલસાડ જિલ્લામાં ઉમરગામ ખાતે બંદર બનાવવાની કામગીરી | ૧૭ |
| | વલસાડ જિલ્લામાંથી પકડાયેલ બૂટલેગરો | ૬૬ |
| ઝંખના પટેલ | અનાજ અને અન્ય ખાદ્યસામગ્રીની ગુણવત્તાની ચકાસણી માટે સવલત | ૬૬ |
| | તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના | ૩૫૨ |
| | ભરૂચ જિલ્લામાં ઊંડા કરેલ તળાવો | ૧૮૦ |
| | રાજ્યમાં ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગના વિકાસ યોજના માટે સહાય | ૪૧૪ |
| | સુરત જિલ્લામાં ગૌણ ખનીજનો જાહેર હરાજીથી નિકાલ | ૧૭ |
| | સુરત જિલ્લામાં બીપીએલ યાદીમાં દાખલ થવા માટેની અરજીઓ | ૪૬૯ |
| દેવાભાઇ માલમ | પોરબંદર જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ | ૧૨૦ |
| | ઉમરાળા તાલુકામાં આવેલ રંઘોળા જળાશય યોજનામાં નહેર સુધારણાના કામો | ૨૧૮ |
| | જૂનાગઢ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ | ૪૦ |
